વર્ષ : ૨ ● અંક - ૧ ● તા. ૧૬-૧-૧૯૯૧ Regd. No. MH. BY / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂ. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## સ્વ. અમૃતલાલ યાજ્ઞિક

આપણા શિક્ષણ, સાહિત્ય અને સંસ્કારના ક્ષેત્રની એક અગ્રગણ્ય વ્યકિત આચાર્ય શ્રી અમૃતલાલ યાજ્ઞિકનું ૭૮ વર્ષની વયે મુંબઈમાં અવસાન થયું છે. એમના સ્વર્ગવાસથી આપણને એક મિલનસાર, મધુરભાષી શિક્ષણશાસ્ત્રીની ખોટ પડી છે.

છેલ્લા ચાર દાયકા કરતાં વધુ સમયથી મુ. યાજ્ઞિક સાહેબ સાથે એક અનુસ્નાતક વિદ્યાર્થી તરીકે, કોલેજના અધ્યાપક તરીકે અને મુંબઇ યુનિવર્સિટી ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે મારે અંગત ગાઢ સંબંધ રહ્યો હતો.

યાજ્ઞિક સાહેબ છેલ્લાં કેટલાંક વર્ષથી પ્રતિવર્ષ ઓકટોબર માસમાં હરદ્વાર જતા. આ વર્ષે પણ તેઓ ત્યાં ગયા હતા. કેટલાક સમયથી એમની તબિયત જોઇએ તેટલી સારી રહેતી નહોતી. હરદ્વારમાં અચાનક તેમને કિડનીની તકલીફ વધી ગઇ અને તેમની સ્મૃતિ ચાલી ગઇ. તેમને મુંબઇ લાવવામાં આવ્યા અને પાર્લાની નાણાવટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. ડાયાલિસિસ અને દવાઓને કારણે તેમની તબિયતમાં સુધારો થયો. એ વખતે અમે એમને હોસ્પિટલમાં જોવા ગયા હતા ત્યારે પૂરી સ્વસ્થતાથી એમણે અમારી સાથે ઘણી વાતો કરી. પોતે ધ્રાંગધ્રાના વતની એટલે ધ્રાંગધ્રાનાં કેટલાંક સ્મરણો પણ તાજાં કર્યાં. પરંતુ એ વખતે વાતચીત કરતાં તેઓ થોડી થોડી વારે ભાવવશ બની ગળગળા થઇ જતા કે રોઇ પડતા. એમની આંખોનું તેજ ઓછું થઇ ગયું હતું. અશક્તિ ઘણી આવી ગઇ હતી. અમે એમને વધુ શ્રમ ન લેવા વિનંતી કરી.

યાજ્ઞિક સાહેબની કારકિર્દી એટલે શૂન્યમાંથી સર્જન. ગામડાંની સાધારણ સ્થિતિમાંથી ઉત્તરોત્તર પ્રગતિ કરતા જઇ તેમણે પોતાના જીવનને આનંદમંગલરૂપ બનાવ્યું. યાજ્ઞિક સાહેબનો જન્મ ૧૯૧૩ માં થયો હતો. એમણે મેટ્રિક સુધીનો અભ્યાસ પોતાના વતન ધ્રાંગધ્રામાં કર્યો હતો. ત્યાર પછી તેઓ ભાવનગરની શામળદાસ કોલેજમાં દાખલ થયા હતા અને ત્યાંની હોસ્ટેલમાં રહીને એમણે એમ. એ. સુધીનો અભ્યાસ કર્યો હતો. એમ. એ. માં એમણે મુખ્ય વિષય ગુજરાતી લીધો હતો અને તે વખતના ભાવનગરના ગુજરાતીના સુપ્રસિદ્ધ પ્રાધ્યાપક શ્રી રવિશંકર જોશીના –(જોશી સાહેબના) તેઓ પ્રિય વિદ્યાર્થી હતા. વિવેચક અનંતરાય રાવળ (મિત્રો તેમને અંતુ રાવળ કહેતા.) તેમની સાથે કોલેજમાં ભણતા. એમ. એ. થયા પછી સારી નોકરી મેળવવાનો પ્રશ્ન ત્યારે ઘણો મોટો હતો. જયાં નોકરી મળે ત્યાં જઇને રહેવું પડતું. યાજ્ઞિક સાહેબને મુંબઇની ગોકળીબાઇ હાઇસ્કૂલમાં નોકરી મળી, થોડો સમય એમણે ત્યાં કામ કર્યું. તે દરમિયાન રૂઇયા કોલેજના ગુજરાતીના તે સમયના અધ્યાપક કવિ મનસુખલાલ ઝવેરી રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કોલેજમાં જોડાયા એટલે યાજ્ઞિક સાહેબને રૂઇયા કોલેજમાં પ્રો. ધીરુભાઇ પરીખના મદદનીશ અધ્યાપક તરીકે સ્થાન મળી ગયું. વર્ષો સુધી એ કોલેજમાં એમણે નિષ્ઠાપૂર્વક અધ્યાપનકાર્ય કર્યું.

યાજ્ઞિક સાહેબ સાથે મારે એમના એક અનુસ્નાતક વિદ્યાર્થી તરીકે સંપર્કમાં આવવાનું થયું. ૧૯૪૮–૫૦નાં વર્ષોની આ વાત છે. તે સમયે મુંબઇ યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગ નહોતો. બીજા પણ ઘણા વિષયોના વિભાગો નહોતા. યુનિવર્સિટી તરફથી અનુસ્નાતક વર્ગો માટે આયોજન થતું. એમ. એ. માં ગુજરાતી વિષય લેનાર વિદ્યાર્થીને જુદી જુદી કોલેજોમાં પરિભ્રમણ કરવું પડતું. જે જે અધ્યાપકોને એમ. એ. ના અધ્યાપન માટે માન્ય કરવામાં આવ્યા હોય તેઓ પોતપોતાની કોલેજમાં પોતાની કોલેજના સમયપત્રકની અનુકૂળતા અનુસાર પિરિયડ લેતા. રૂઇયા કોલેજમાં સવારે સાત વાગે; સિદ્ધાર્થમાં અગિયાર વાગે, ઝેવિયર્સમાં એક વાગે, એલ્ફિન્સ્ટનમાં બપોરે ત્રણ વાગે, વિલસનમાં સાંજે પાંચ વાગે એમ રોજ વારાફરતી કોલેજ અને જુદો જુદો સમય આવે. એક ને બદલે બીજી કોલેજમાં કે બીજા જ સમયે પહોંચી જવાના બનાવો વિદ્યાર્થીઓમાં વારંવાર બનતા. માનાર્હ અધ્યાપનકાર્ય હોવાને કારણે અધ્યાપક પિરિયડ ન લેવાના હોય એવા પણ પ્રસંગો ઘણીવાર બનતા. રૂઇયા કોલેજમાં સવારે સાત વાગે અમે પહોંચી ગયા હોઇએ ત્યારે યાજ્ઞિક સાહેબ અમારો પિરિયડ નિયમિત લેતા. તેઓ અમને ભાષાશાસ્ત્ર શીખવતા, ત્યારે ભાષાવિજ્ઞાનનો કોર્સ અત્યારે છે તેવો નહોતો. નરસિંહરાવના વ્યાખ્યાનો ઉપર આધારિત જૂની પદ્ધતિનો કોર્સ રહેતો. યાજ્ઞિક સાહેબ એ કોર્સ સારી રીતે કરાવતા. વર્ગમાં તેઓ આત્મકથા કહેવામાં સમય બગાડતા નહિ. એમના અધ્યાપનથી વિદ્યાર્થીઓને સંતોષ રહેતો. ત્યારે યાજ્ઞિક સાહેબને માથે બીજી કોઇ વહીવટી જવાબદારી નહોતી અને યુનિવર્સિટીની કોઇ સમિતિમાં નહોતા. એટલે અધ્યાપન કાર્યમાં તેઓ પૂરો રસ લઇ શકતા અને પૂરી સજજતા સાથે વર્ગમાં આવતા.

અનુસ્નાતક કક્ષાએ વર્ગ નાનો રહેતો. ઓછા વિદ્યાર્થીઓમાં પણ વર્ગમાં નિયમિત હાજર રહેનારની સંખ્યા એથી પણ થોડી ઓછી રહેતી એટલે અધ્યાપકો ઘણાખરા વિદ્યાર્થીઓને નામથી ઓળખતા. વર્ગ પછી પણ કંઇ પૂછવું કે સમજવું હોય તો યાજ્ઞિક સાહેબ ઉત્સાહથી તરત સમય આપતા. એમની રૂઇયા કોલેજમાં વર્ગ ઉપરાંત અન્ય સમયે પણ એમની પાસે અભ્યાસ કરવાનો લાભ મળ્યો હતો. પોતાને કામ હોય કે ન હોય, ઘડિયાળ બતાવી પોતે બહુ કામગરા છે એવો દેખાવ યાજ્ઞિક સાહેબે જીવનપર્યંત ક્યારેય કર્યો હોય એવું સ્મરણ નથી. મળનારને તેઓ મુક્ત મનથી સમય આપતા.

૧૯૫૯–૬૦ ની આસપાસ ગુજરાત અને મુંબઇમાં નવી નવી કોલેજો સ્થપાવા લાગી. ગુજરાતમાં તો ઘણી કોલેજોમાં ગુજરાતી વિષયોના અધ્યાપકને કોલેજના આચાર્ય થવા મળતું. શિક્ષણનું માધ્યમ ગુજરાતી અને યુનિવર્સિટી સાથેનો તથા કોલેજનો પોતાનો વહીવટ ગુજરાતી ભાષામાં એટલે ગુજરાતી વિષયના કુશળ અધ્યાપક ભાષાપ્રભુત્વને કારણે, એ કાર્ય વધુ સારી રીતે કરી શકે. મુંબઇમાં કોલેજો અને યુનિવર્સિટીમાં મુખ્ય ભાષા અંગ્રેજી, માધ્યમ અંગ્રજી અને વહીવટ પણ અંગ્રેજીમાં. એટલે ગુજરાતી વિષયના અધ્યાપકને આચાર્યના સ્થાન સુધી પહોંચવાનો અવકાશ ઓછો. આમ છતાં ગુજરાતી સંસ્થાઓએ જયારે પોતાની કોલેજો મુંબઇમાં શરૂ કરી ત્યારે કોલેજના આચાર્યનું સ્થાન મેળવનાર યાજ્ઞિક સાહેબ પ્રથમ હતા.

# ભારતીય કથાસાહિત્યમાં અહલ્યા – કથાનકનાં રૂપાંતરો

□ ડૉ. બળવંત જાની

ભારતીય કથાસાહિત્યના કેટલાંક કથાનકોના અનેક રૂપાંતરો ભારતીય કથાસાહિત્યની કૃતિઓમાંથી જ પ્રાપ્ત થતા હોય છે. આ તમામ રૂપાંતરોનો એક સાથે અભ્યાસ કરવાથી જ ખ્યાલ આવે કે કથાનકમાં કેવા પ્રકારના ફેરફારો શક્ય બનતા હોય છે. આ ફેરફારો પાછળ સ્થાનિક લોકમાનસ – નીતિ – રીતિના – માન્યતાના ખ્યાલો કારણભૂત હોય છે.

આમાંથી અત્યંત પ્રચલિત કથાનકને બદલે જુદા પ્રકારનું કથાનક મધ્યકાલીન ગુજરાતી કે ભારતીય ભાષાની કૃતિઓમાં ઉપલબ્ધ થાય એટલે કર્તાએ કથાનકને મૌલિક રીતે વળાંક આપીને નવેસરથી પ્રયોજ્યું એવું અર્થઘટન કરવામાં આવે છે. પરંતુ હકીક્તે કર્તાની નજર સામે એ સમયે પ્રચલિત રૂપાંતર હોય છે. એટલે સર્જકે દૃષ્ટિબિંદુથી કથામાં ફેરફારો કર્યો છે એવું વિધાન કરી શકાય નહી.

શિવ.–ભીલડી અને નળકથાનક અન્વયે આપણે ત્યાં આ પ્રકારના અર્થઘટનો થયા છે. મૂળકથામાં સમયાંતરે અનેક દંતકથાઓ અને માન્યતાઓ ભળતી જાય છે. અને અવનવા રૂપે રૂપાંતર પામીને એ કથાઓ પ્રચલિત થતી હોય છે.

મધ્યકાલીન ગુજરાતીમાં રામકથા વિષયક આખ્યાનોમાં ગૌતમ–અહલ્યા કથાનક આડકથા રૂપે કેટલીક જગ્યાએ પ્રયોજાયેલ છે. હમણાં ભાલણના 'રામવિવાહ' આખ્યાન વિષયે સ્વાધ્યાય કરવાનું બન્યું ત્યારે એમાં વિશ્વામિત્ર રામને અહલ્યાની કથા કહે છે, એ ધ્યાનમાં આવી. આ કથાનક અંગે કેટલાક સંશોધકોનું માનવું એવું છે કે રામને અવતારપુરુષ તરીકે સ્થાપિત કરવા માટે આ પ્રસંગ ક્ષેપકરૂપનો છે. કેટલાંક સંશોધકો માને છે કે ઉત્તર ભારતીય પ્રાંતોની પ્રતોમાં પણ આ કથાનક પ્રાપ્ત થતું હોઇને એને રામાયણનો ક્ષેપક ભાગ ગણી શકાય નહી.

રામાયણનાં ઊંડા અભ્યાસી અને ભારતખ્યાત સંશોધક પ્રોફે. ડૉ. કામિલ બુલ્કેનો 'રામકથા –ઉત્પત્તિ ઔર વિકાસ' (બી. આ. ઇ. સ. ૧૯૬૨) ગ્રંથ પ્રકાશિત થયો છે. અહી તમામ કાંડના અન્ય ભારતીય ભાષામાં જે રૂપાંતરો મળે છે એ તથા આડકથા વિષયક કથાનક ભારતીય કથાસાહિત્યમાં જયાં–જયાં ઉપલબ્ધ છે એ નોંધ્યા છે. એને આધારે અહલ્યા અને ગૌતમ કથાનકનાં (પૃ. ૩૦૧–૩૧૨) પરના રૂપાંતરો અત્રે નોંધ્યા છે.

શતપથ બ્રાહમણથી માંડીને વૈદિક સાહિત્યનાં અનેક ગ્રંથોમાં ઇન્દ્ર અને અહલ્યાની કથાનાં બીજ ઉપલબ્ધ છે. વૈદિક સાહિત્યની ટીકાઓમાં આ કથાને રૂપક માનીને અહલ્યાનો અર્થ જેમાં હળ નથી ચલાવાયુ એ ભૂમિ એવો કરવામાં આવ્યો છે. અને ઇન્દ્રને અહલ્યાચાર તરીકે ઓળખાવાયેલ છે. પછીના સાહિત્યમાં અહલ્યાની કથા વિકસતી ગઇ અને એનો સંબંધ રામની સાથે જોડવામાં આવ્યો. 'હરિવંશ પુરાણ', 'પઉમચરિય' વગેરેમાં અહલ્યાની વંશાવળી પણ મળે છે. મહાભારત વગેરેમાં ચિરકારી અને શતાનંદનો અહલ્યાના પુત્રો તરીકે ઉલ્લેખ છે. પંજાબમાં અંજનીને અહલ્યાની પુત્રી તરીકે તથા વાલી–સુગ્રીવને પુત્ર તરીકે ઉલ્લેખેલ છે.

અહલ્યાના પતિ તરીકે ગૌતમનો ઉલ્લેખ મહાભારતમાં છે. શતપથ અને જૈમિનીય બ્રાહ્મણમાં ઇન્દ્ર પોતે પોતાને ગૌતમ કહેરાવતો એવો ઉલ્લેખ છે. 'ષડ્વિંશબ્રાહ્મણ' માં આ માટે એવી કથા મળે છે કે દેવતાઓ અને અસુરો વચ્ચે યુદ્ધ ચાલતું હતું. એમાં ગૌતમ યુદ્ધભૂમિમાં વચ્ચે–મધ્યમાં બેઠા–બેઠા તપસ્યા કરી રહ્યા હતાં. ઇન્દ્રે આવીને ગૌતમને કહ્યું કે તમે દેવતાઓના ગુપ્તચર રૂપે જાઓ. પણ ગૌતમે આ વાત સ્વીકારી નહી. આથી ઇન્દ્રે કહ્યું કે તો હું તમારું રૂપ ધારણ કરીને ગુપ્તચર બનું ? ગૌતમે હાં કહી. અને ઇન્દ્રે ગૌતમનું રૂપ ધારણ કર્યું.

વાલ્મિકીય રામાયણના ઉત્તરકાંડમાં અહલ્યાની ઉત્પતિ તથા અહલ્યા–ગૌતમનાં લગ્નવિષયક કથાનક મળે છે. 'બ્રહ્માએ બધાં પ્રાણીઓનાં સર્વશ્રેષ્ઠ અંગો લઇ એક સ્ત્રીનું સર્જન કર્યું, એમાં હલ (કુરૂપતા) નો અભાવ હોઇને એનું નામ અહલ્યા રાખવામાં આવેલું. ઇન્દ્રને અહલ્યા મેળવવાની અભિલાષા હતી. એટલે બ્રહ્મા અહલ્યાને ગૌતમને ત્યાં રાખી આવે છે. પછી કેટલાયેક વર્ષો પછી ગૌતમ અહલ્યાને બ્રહ્માને પરત આપવા જાય છે. એટલે બ્રહ્મા ગૌતમની સિદ્ધિ જોઇને અહલ્યાનું પત્ની તરીકે ગૌતમને કન્યાદાન આપે છે. પછીથી બ્રહ્મપુરાણ (અધ્યાય –૭) માં વિકાસ પામીને આ કથાનક જુદી રીતે પ્રસ્તુત થયું છે. તે મુજબ અહલ્યાને પાલન પોષણ માટે ગૌતમને ત્યાં બ્રહ્માએ મુકેલી. અહલ્યા યુવાન થતાં દેવતાઓ, દાનવો, યક્ષો, રાક્ષસો અને ખાસ કરીને ઇન્દ્રે અહલ્યાની અભિલાષા સેવી. આથી બ્રહ્માએ કહ્યું કે જે કોઇ પૃથ્વીની પ્રદક્ષિણા કરીને વહેલી તકે મારી પાસે આવશે એની સાથે અહલ્યાના લગ્ન યોજીશ. બધાં પ્રદક્ષિણાં માટે નિકળી પડયાં પરંતુ ગૌતમે અર્ધપ્રસુતા સુરભી અને શિવલીગની પ્રદક્ષિણાં કરી અને અહલ્યાને મેળવી '. આનંદ રામાયણમાં પણ આ કથાનક મળે છે.

અહલ્યા સાથે ઇન્દ્રના દુરાચારનો પ્રથમ ઉલ્લેખ મહાભારતમાં મળે છે. એ મુજબ 'પત્નીના વ્યભિચારપણાથી ક્રોધિત થઇને ગૌતમ એના પુત્ર ચિરકારીને માતાનો વધ કરવાનો આદેશ આપીને વનમાં નિકળી પડે છે. ચિરીકારી વિચારમાં પડી જાય છે. બીજી તરફ ચાલતાં–ચાલતાં ગૌતમને વિચાર આવે છે કે ઇન્દ્ર બ્રાહ્મણનું રૂપ ધરીને આશ્રમમાં આવેલો. મેં જ એનો અતિથિ સત્કાર કરેલો. પાછળ થી દુ:ખદ ઘટના બની છે. આમાં મારી પત્ની નિર્દોષ છે. એટલે ગૌતમ પાછા ફરે છે. અને પુત્રે હજુ સુધી માતની હત્યા નથી કરી એ જાણીને આનંદિત થઇને પુત્રની પ્રશંસા કરે છે. મહાભારતમાં ઇન્દ્રને શાપ આપ્યાનો ઉલ્લેખ છે. પરંતુ અહલ્યા તો નિર્દોષ જ નિરૂપાઇ છે. વાલ્મિકી રામાયણના બાલકાંડમાં નિરૂપાયું છે કે અહલ્યાએ જીજ્ઞાસાવશ થઇને ઇન્દ્રનાં ગૌતમના વેશને જાણતી હોવા છતાં પ્રસ્તાવ સ્વીકારેલો.

બ્રહ્મપુરાણમાં એવો ઉલ્લેખ છે કે ગૌતમ એની પત્ની અહલ્યા સાથે બ્રહ્મગિરિ પર તપશ્ચર્યા કરતા હોય છે. પહેલેથી જ ઇન્દ્ર અહલ્યા તરફ આસક્ત હોઇને ગૌતમની અનુપસ્થિતિમાં ઇન્દ્ર ગૌતમનું રૂપ ધારણ કરીને અહલ્યા પાસે આવ્યા કરતો હતો. અહલ્યા એને ગૌતમ જ સમજતી હતી. એક વખત આશ્રમવાસીઓએ બંને ગૌતમને જોયાં એટલે એને ગૌતમના તપનો પ્રભાવ માનતા થયેલા. ગૌતમ પોતાને ઘેર પાછા ફર્યા એટલે ગૌતમરૂપી ઇન્દ્રે બીલાડા (બિડાલ) નું રૂપ ધારણ કરી લીધેલું. આ બીલાડાનું રૂપ ધારણ કરવાની ઘટના કથાસરિતસાગર, પદ્મપુરાણ, કંબ રામાયણ અને બલરામદાસ કૃત રામાયણમાં પણ મળે છે.

વાલ્મિકીય રામાયણ, આસામની રામાયણનું બાલકાંડ અને રંગનાથ રામાયણમાં ગૌતમની તપસ્યામાં વિઘ્નરૂપ બનવા માટે ઇન્દ્રે અહલ્યાનું સતીત્વ ભ્રષ્ટ કરીને ગૌતમને ક્રોધિત થવા પ્રેર્યા છે એવો ઉલ્લેખ છે. કૃતિવાસ રામાયણમાં ઇન્દ્ર ગૌતમનો શિષ્ય છે અને ગૌતમનું રૂપ ધારણ કરીને અહલ્યા સાથે રમણ કરે છે. ગૌતમ ઘેરે આવતાં અહલ્યાના શરીરપર શૃંગારિક ચેષ્ટાનાં ચિહનો જોયાં એટલે પૃચ્છા કરતા ઇન્દ્રના પરાક્રમનો ખ્યાલ આવ્યો એવું કથાનક છે. 'બ્રહ્મવૈવર્તપુરાણ' માં પણ અહલ્યા નિર્દોષ છે અને ગૌતમ ઇન્દ્રને શાપ આપે છે. એવી કથા છે. રંગનાથ રામાયણમાં અને તત્ત્વાર્થસંગ્રહ રામાયણમાં ઇન્દ્ર કુકડાનું રૂપ ધારણ કરીને પ્રભાત થયાની બાંગ પોકારે છે, ને ગૌતમને ભ્રમમાં નાખે છે કે બ્રાહ્મમુહૂર્ત થયું.

કેટલીક રચનાઓમાં ગૌતમ ઓચિંતા જ ઘેર આવી પહોંચે છે અને ઇન્દ્ર તથા અહલ્યાને શાપ આપે છે એવું નિરૂપણ છે. ઉત્તરકાંડમાં શાપ આપીને ગૌતમ આશ્રમમાં રહ્યા એવો નિર્દેશ છે, જ્યારે બાલકાંડમાં શાપ આપીને હિમાલયમાં તપશ્ચર્યા કરવા ગયા એવું નિરૂપણ છે.

ઇન્દ્રને આપેલા શાપમાં મહાભારતમાં એની દાઢી પીળી પડી જાય છે. એ તથા પરાજીત થવાનો શાપ આપે છે. ફલસ્વરૂપે મેઘનાદથી ઇન્દ્રનો પરાજય થયો છે. ઉપરાંત બધા મનુષ્યના આ પ્રકારના પાતકોનો અર્ધો ભાગીદાર ઇન્દ્ર ગણાશે એવો નિર્દેશ છે. લિંગપુરાણમાં ઇન્દ્રનું વૃષણ કાપી નખાયાનો ઉલ્લેખ છે. બાલકાંડમાં એને નપુંસક બનાવી દેવાયાનો ઉલ્લેખ છે. કેટલેક સ્થળે ઇન્દ્રને બકરાનું વૃષણ લગાવાયાનો ઉલ્લેખ છે. અને એટલે જ બકરો યજ્ઞકાર્યમાં હોમવા માટે પવિત્ર ગણાયો.

સૌથી વિશેષ પ્રચલિત શાપ ઇન્દ્રના શરીરમાં હજાર ઘાવ પડે – ટૂકડા થાય એ છે. બ્રહ્મપુરાણ, સ્કંદપુરાણ, પદ્મપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ, અધ્યાત્મ રામાયણ, આનંદ રામાયણ, કૃતિવાસ રામાયણ અને કથાસરિતસાગર વગેરેમાં આ શાપનો નિર્દેશ છે. પછી આ શાપનું પરિવર્તન સહસ્ર આંખમાં થાય છે. અને એ વિગત જુદે–જુદે રૂપે જુદી–જુદી રામાયણમાં નિરૂપાયેલ છે.

બાલકાંડમાં અહલ્યાને ગૌતમ દ્વારા એવો આદેશ અપાયો છે કે અદૃશ્યરૂપે રામના આગમન સુધી તપશ્ચર્યા કરવી. પછી એમ કહેવાયું કે રામનો આતિથ્ય

અનેકાન્તવાદનાએ બે વિશિષ્ટ તત્વોથી બીજા ધર્મોથી જુદો પડી જાય છે. પોતાના વિચારો અને સિદ્ધાંતોમાં અતિ આગ્રહી છતાં પોતાના ક્રૂર વિરોધીઓની દલીલોને પણ બરાબર સમજવાનો પ્રયત્ન તેમજ તેને પોતાને રસ્તે જવા દેવાની અસીમ ઉદારતા– આ રીતે અનેકાન્તવાદ ગાંધીજીના સ્વભાવમાં પહેલેથી જ વણાયેલો હતો. અહિંસા પણ તેમના જીવનમાં હતી જ. આમ તેઓ જૈનધર્મની વધુ નજીક હતા. અલબત્ત,ગાંધીજીની અહિંસા મનુષ્યેતર હિંસક પ્રાણીઓ પ્રત્યે હજી વિકસી ન હતી. તે અંગેનો તેમનો વિકાસ એટલે કે પોતાના પ્રાણબચાવ માટે પણ સર્પાદિને ન મારવા જોઇએ વગેરે સમજ કે વિકાસ શ્રીમદ સાથેના સત્સંગ અને પત્રવ્યવહારમાંથી ઘડાયા હતા. આની સાબિતી માટે એક ઘટના નોંધી શકાય. શ્રીમદ રાજચંદ્ર જન્મશતાબ્દી અંકમાં શ્રી શંકરલાલ બેંકર એક પ્રસંગ આલેખે છે તે જોઇએ. : "જેલમાં એક સવારે ગાંધીજી મને કહેવા લાગ્યા : "બેરેકમાં ઉંચે પાછળની જાળીમાં અવાજ થતાં તે તરફ નજર કરતાં સાપ જેવું પ્રાણી જોવાથી હું રાત્રે ઉંઘી શક્યો નહી. " મે ક્હ્યું :– "તો વોર્ડરને બોલાવવો હતો. " ગાંધીજીએ ક્હ્યું – " એમ કરતાં બધાં ભેગા થઇ જાય અને સાપને મારી નાંખે, એના કરતાં સાપ અંદર આવીને ભલે મને કરડે પરંતુ વોર્ડરને તો નહિ જ બોલાવું – એવું મારા મનમાં હતું પણ પછી વિચાર આવ્યો કે સર્પ બહાર જઇને વોર્ડરને કરડે તો ? મારું મૃત્યુ ભલે થાય પરંતુ વોર્ડરનો જાન જોખમમાં મુકાય ?આમાં મારો ધર્મ શું ? આમ વિચારોમાં ઉજાગરો ચાલ્યો. એવામાં ચંદ્રમાં ઉપર આવીને જાળીયા પર તેનો પ્રકાશ પથરાયો. પછી બરાબર દેખાયું કે એ સાપ નહિ પણ કાંચીડાનું ડોકું હતું. પછી હું ઉંઘ્યો પણ અર્ધી રાત તો વીતી ગયેલ." મે ક્હ્યું – " સાપ જેવા ઝેરી પ્રાણીને તો મારી નાંખવા જરૂરી જ ગણાય. તેમ ન કરો તો કેમ ચાલે ? એ સાંભળી ગાંધીજી બોલ્યા, " ઘણાં વર્ષ પહેલા મારા વિચારો પણ તેવાજ હતા. હિંસક પ્રાણી હોય તેનો નાશ કરવો જોઇએ તેમ લાગતું પણ તે વિષે શ્રીમદ જોડે પત્રવ્યવહાર થતાં જવાબ મળ્યો કે આ પ્રશ્ન વિચારતાં એ ખ્યાલ રાખવો જોઇએ કે જેમ આપણને જીવ વહાલો છે તેમ પ્રાણીઓને પણ પોતાનો જીવ વહાલો હોય છે. તેથી ખરી અહિંસા તો આપણને એ જ બતાવે છે કે આપણું ગમે તે થાય. પરંતુ પ્રાણીને ન મારવું જોઇએ. ટોલ્સટોય, રસ્કિનની સાથે રાજચંદ્રજીના વિચારોની પણ મારા મન પર અસર પડી છે. "

સંવત ૧૯૭૩ ની કાર્તિક પૂર્ણિમાને દિવસે રાજચંદ્ર જયંતી નિમિત્તે પ્રવચનમાં ગાંધીજી કહે છે કે : મારા જીવનમાં શ્રીમદ રાજચંદ્રની છાપ મુખ્યપણે છે.મહાત્મા ટોલ્સટોય તથા રસ્કિન કરતાં પણ શ્રીમદે મારા પર ઊંડી અસર કરી છે. સંવત ૧૯૭૮ ના જયંતીદિને ગાંધીજી કહે છે :– ઘણીવાર કહીને લખી ગયો છું કે મે ઘણાંના જીવનમાંથી ઘણું લીધું છે પરંતુ સૌથી વધારે કોઇના જીવનમાંથી મે ગ્રહણ કર્યું હોય તો તે કવિશ્રીના જીવનમાંથી છે. દયાધર્મ પણ હું તેમના જીવનમાંથી જ શીખ્યો છું.

તો સંવત ૧૯૮૨ ના જયંતીદિને મહાત્માજી કહે છે : "એમના (શ્રીમદના) જીવનમાંથી ચાર ચીજો શીખી શકીએ :–

(૧) શાશ્વત વસ્તુમાં તન્મયતા.

(૨) જીવનની સરળતા આખા સંસાર સાથે એક સરખી વૃત્તિથી વ્યવહાર.

(૩) સત્ય

(૪) અહિંસામય જીવન.

આ રીતે ગાંધીજી કહે છે કે અહિંસા અને દયા તેમને શ્રીમદમાંથી મળ્યા.ગાંધીજીને શ્રીમદના શિષ્ય તરીકે ધારી લઇને અહી થોડી વિચારણા કરીએ. ગુરુ પાસેથી સદ્ગુણના કે પ્રગતિના પાઠ શિખવામાં શિષ્યનું શિષ્યત્વ રહેલું છે. પરંતુ સમર્થ કે આદર્શ શિષ્ય તો એ જ કહેવાય કે ગુરુ પાસેથી ગ્રહણ કરેલી "મૂડી" માં પોતે વધારો કરે. જેમ પિતા કરતાં પુત્ર સવાયો થાય તો તેમાં પિતૃત્વ સાર્થક થયાનો પિતાને આનંદ હોય છે. તેમ સમર્થ કે આદર્શ ગુરુ એ જ કહેવાય કે જેના સત્સંગમાં શિષ્ય ગુરુથી પણ આગળ વધી જાય. ઘણી બાબતોની જેમ અહી શિષ્ય મહાત્મા ગાંધી દયા કે અહિંસાની બાબતમાં પોતાના ગુરુ (માર્ગદર્શક) શ્રીમદની (કે જૈનધર્મની) દયા કે અહિંસાના અર્થનો અને આચારના ક્ષેત્રનો પોતાની રીતે વધુ વિકાસ કરીને કે આગળ વધીને જગત સમક્ષ વ્યક્તિગત અને સામૂહિક જીવનમાં વિવિધ ક્ષેત્રે તેનાં પ્રત્યક્ષ અને સફળ પ્રયોગ કરી બતાવે છે તે હવે જોઇએ. આમ ગાંધી શ્રીમદથી આગળ જાય છે તેમ જો કહીએ તો એમ પણ કહી શકાય કે ગાંધી જેવા સમર્થ શિષ્યને ઘડનાર રાજચંદ્ર કેટલા મહાન અને સમર્થ હશે !

શ્રીમદ કે જૈનધર્મને અહિંસાનો એવો અર્થ અભિપ્રેત છે કે મન વચન અને કાયાથી, કોઇ પણ જીવની હિંસાથી દૂર રહેવું. સર્વજીવને જીવન પ્રિય છે. મૃત્યુ કોઇને નથી ગમતું, દુ:ખ કોઇને પ્રિય નથી, તેથી વિશ્વના કોઇ પણ જીવને મન, વાણી કે કાયાથી ન દુભાવવા, ન તેમનો વધ કરવો. આ છે અહિંસા. દા. ત. માંકડ ન મારવા તે અહિંસા, અહિંસાનો આવો અર્થ જૈનધર્મને શ્રીમદને – અભિપ્રેત છે. જે નિવૃત્તિલક્ષી વલણને પોષક હોય તે રીતે "અહિંસાને" આજસુધી સમજવામાં આવી છે. ગાંધીજી અહિંસાનો આવો અર્થ સ્વીકારીને પણ તેની વ્યાખ્યા વિસ્તારે છે, ગાંધીજી કહે છે કે માંકડ ન મારવા તે અહિંસા ખરી પરંતુ દયાધર્મની પરિસીમાં માંકડને નહી મારવામાં નથી, માંકડ ન મરાય એ ખરું છે પરંતુ માંકડને ઉત્પન્ન પણ ન કરાય. જેટલું ઘાતકીપણું મારવામાં છે તેથી વધુ ઘાતકીપણું માંકડ ઉત્પન્ન કરવામાં છે એટલે કે માંકડ ઉત્પન્ન થાય તેવી ગંદી કે બેદરકારીવાળી જીવનશૈલી એ પણ હિંસા છે. ગાંધીજી કહે છે કે કોઇના અન્યાય કે હિંસાની સામે નિષ્ક્રિય રહેવું એ અહિંસા નથી પણ કાયરતા કે હિંસા જ છે. અહિંસા એ વીરનો ધર્મ છે એટલે કે અન્યાયનો – તલવારની સામે પણ અહિંસકરીતે મુકાબલો કરવો, પોતાના પ્રાણના ભોગે પણ અત્યાચારીને વશ ન થવું એ અહિંસા છે. લાચારીથી વશ થવું તે હિંસા છે,અહિંસા વડે બળાત્કારી ગુંડા સામે યુવતી પોતે શીલરક્ષા ન કરી શકે તો તેનું ન છૂટકે ખૂન કરીને પણ પોતાનું શીલ રક્ષે તો તેમાં અહિંસા ધર્મ રહ્યો છે તેમ ગાંધીજી કહે છે. ગાંધીજી વ્યક્તિગત અને સામુદાયિક જીવનમાં પણ સામાના હૃદય પરિવર્તન માટે ઉપવાસરૂપી અહિંસક શસ્ત્રનો ઉપયોગ શીખવે છે. સહુથી વિશેષ તો વિદેશી સત્તા સામે, હિંસા અન્યાય સામે -- અહિંસક સત્યાગ્રહનો રાજકારણના ક્ષેત્રમાં તેઓ સફળ ઉપયોગ કરી બતાવીને અંગ્રેજોની સામે ભારતને આઝાદી અપાવે છે એ ઈતિહાસ જાણીતો છે. આ રીતે રાજનીતિમાં તો શઠં પ્રતિ શાઠ્યમનો સિદ્ધાંત શ્રીકૃષ્ણના સમયથી ચાલ્યો આવેલો અને લોકમાન્ય તિલક સુધી ભારતમાં રાજકીય ક્ષેત્રે વિશ્વમાં સર્વત્ર એની બોલબોલા હતી. (Everything is fair in war and love અથવા Lovers and ministers are seldom true) આમ વ્યવહાર (પ્રેમ અને રાજકીય ક્ષેત્રમાં અસત્ય અને હિંસાને ધર્મ મનાવતા સુભાષિતો આજ સુધી પ્રચલિત બનેલા છે. એવા સમાજમાં કે વિશ્વમાં મહાત્મા ગાંધીજીએ જીવનના તમામ ક્ષેત્રોમાં સત્ય, અને અહિંસાને કાર્યાન્વિત કરી સત્યમેવ જયતે અને અહિંસા પરમોધર્મને પ્રતિષ્ઠિત કર્યા. તે અંગે સક્ષેપમાં કહીએ તો ભગવાન મહાવીરની અહિંસા જૈન ધર્મ મારફત શ્રીમદમાં સાકાર બની અને પછી તે શિષ્ય જેવા મોહનદાસમાં સંક્રાંત બનીને , વધુ વિકસીને આજે પરમાણુ બોંબથી ધ્રુજી રહેલા વિશ્વને માટે પરમ આશ્વાસનરૂપ બનેલ છે. ગાંધીજીની વિકસીત અહિંસા એ જ આજના વિશ્વને બચાવવાનો એક માત્ર તરણોપાય છે.

પોતાના અંગત જીવનમાં મહાત્મા ગાંધીની અહિંસા ચુસ્ત જૈન કે જૈન શ્રમણ જેવી છે. દાખલા તરીકે એક સવારે યરવડા જેલમાં ગાંધીજીની સૂચનાથી કાકા કાલેલકર દાતણ માટે લીમડાની મોટી ડાળ તોડે છે. તો ગાંધીજી તેમને ઠપકો આપે છે કે એક વેંત દાતણ માટે આટલો મોટી ડાળ તોડાય ? ઝાડને કેટલું કષ્ટ થાય? પછી કાકા સાહેબ નોંધે છે કે ચાવવામાં લીધેલું દાતણ, કૂચાનો ભાગ કાપીને એમ એક દાતણ ગાંધીજી આઠ દસ દિવસ ચલાવતા. એવું સુકું દાતણ બોખા દાંતે ઘસતા, પાણી પણ બહુ જ કસરથી વાપરે. કોઇએ કહ્યું કે બાપુ, આમ કેમ ? બાજુમાં જ સાબરમતી વહે છે તો પાણીમાં કરકસર કેમ ? ગાંધીજી કહે કે " એ મારા માટે નથી વહેતી " એજ રીતે હાથની સફાઇ માટે માટી પણ બહુ જ કરકસરથી વાપરતા. આવા જ ચુસ્ત જૈન જેવા મહાત્મા ગાંધી ખેતીનું નુકસાન અન્યથા ન રોકી શકાય તો વાંદરાઓને મારી નાંખવાની પણ ખેડૂતોને સલાહ આપતા. જે જૈનોની અહિંસાની પ્રચલિત સમજને જરાય સહ્ય ન બની શકે. આમાં ગાંધીનો વિરોધાભાસ નથી, પરંતુ પ્રવૃત્તિનો જીવનધર્મ છે. તેઓ જગતગુરુ તરીકે ખેડૂતોનાં પણ ગુરુ હતા અને તેમના ગુરુ તરીકે તેમની આજીવિકાના નુકસાન સામે તેમણે રસ્તો બતાવવો જ રહ્યો. પોતાને ભય લાગે તો બીજાને સર્પ મારતાં તે રોકતા નહિ પરંતુ ખૂદ પોતાના પ્રાણ હરવા આવતા સર્પને પોતાના પ્રાણના ભોગે પણ તે (પ્રાણ હર્તા) સર્પને અભય આપવાનો પોતાનો ધર્મ સમજતા હતા. (ગાંધી આશ્રમ સાબરમતીમાં સર્પની ઘટના બનેલી તેને આધારે આની સાબિતી નક્કી થાય છે.) ગાંધીજીના ખૂની નાથુરામ ગોડસેને ફાંસીની સજા થયેલી ત્યારે આશ્રમની ઘટનાને આધારે પોતાના "ખૂનીને" પણ માફ કરવાના ગાંધીજીના

વિચારોની યાદ આપીને, તે વખતના સર્વોદય કાર્યકરોએ, ગર્વનર જનરલ શ્રી રાજાજીને ગોડસેને જીવનદાન આપવા, એક સામૂહિક અરજી કરેલી. પરંતુ રાજાજીએ અંગત રીતે સંમત થવા છતાં ગર્વનર જનરલ તરીકે ફાંસી માફ નહી કરેલ એ ઈતિહાસ તાજો જ છે.

એક અપેક્ષાએ શ્રીમદ કે પ્રચલિત જૈનધર્મ એમ શીખ આપે છે કે "પુષ્પપાંખડી જ્યાં દુભાય, જિનવરની ત્યાં નહી આજ્ઞાય" તો બીજી બાજુએ ભગવાન મહાવીરના મુખ્ય અગિયાર શ્રાવકોની સંપત્તિનું શાસ્ત્રોમાં જે વર્ણન છે તેમાં તે દરેક પાસે ઓછામાં ઓછું એકવીસ હજારની સંખ્યાવાળું પશુધન અને ખેતીવાડી છે. તો તેનો અર્થ એ થયો કે શ્રાવક માટે ખેતી એ ગૃહસ્થ ધર્મ ન હોય તોપણ અધર્મ પણ નથી એક કર્તવ્ય તો છે જ. આ સંદર્ભમાં ખેતીને લગતું મહાત્માં ગાંધીજીનું ક્યાંક વાંચેલું આ વિધાન જૈનોની અહિંસાના ઉપરના વિરોધાભાસનું બરાબર નિવારણ કરતું લાગે; ગાંધીજી કહે છે. "ખેતી એક યજ્ઞ છે,આજીવિકા માટે કરાતી ખેતી એ મોક્ષનું દ્વાર છે, પરંતુ કરોડપતિ થવા કરાતી ખેતી એ નર્કનું દ્વાર છે." આ રીતે શ્રીમદની કે જૈનની અહિંસાને ગાંધીજી બરાબર સમજીને, જીવનમાં મૂર્ત કરીને અહિંસાની વ્યાખ્યાને ગુરુ જેવા શ્રીમદની પ્રાપ્ત મૂડીને વિસ્તારીને સૃષ્ટિની, તેમાં વસતા સર્વ જીવોની મહાન સેવા કરે છે.

સત્ય, અહિંસા, અસ્તેય, પરિગ્રહ વગેરે પાંચેય મહાવ્રતોથી શ્રીમદને કે જૈને ધર્મને જે આચાર વિચાર અભિપ્રેત છે તેનો સ્વીકાર કરીને પણ મહાત્મા ગાંધી તેમની વ્યાખ્યાને વધુ અર્થસભર બનાવે છે, વિસ્તારે છે. વિસ્તારભયે માત્ર મૈથુનવિરમણ – બ્રહ્મચર્યને લગતી ગાંધીજીની મૌલિક્તા અહીં જોઈશું. એક પત્નીવ્રત તો ગાંધીજીના જીવનમાં છેક શરૂથી જોવા મળે છે. પરંતુ સ્વપત્ની સાથે પણ બ્રહ્મચર્ય – આવા આજીવન બ્રહ્મચર્યનું વ્રત ગાંધીજી – સને–૧૯૦૬ માં અપનાવે છે. શ્રીમદની મુખ્ય અસરથી આવું વ્રતી જીવન શક્ય બનેલું એમ મહાત્માજી નોંધે છે. જૈનધર્મમાં બ્રહ્મચર્યનું જે મહત્વ છે તેવું મહત્વ શ્રીમદના હૃદયમાં પણ હતું. ગાંધીજી પણ તેટલું જ મહત્વ આપીને આજીવન બ્રહ્મચર્ય અંગીકાર તો કરે છે, પરંતુ તેમાં પોતાની આગવી શૈલી જોવા મળે છે. જૈન બ્રહ્મચારી સ્ત્રી કે તેની છબી માત્રથી બચતા રહીને , બ્રહ્મચર્યરૂપી છોડની રક્ષા માટે નવ નવ વાડનું (નિયમનું) પાલન કરવાનું હોય છે તો ગાંધીજી સ્ત્રીઓથી દૂર નથી રહેતાં. શ્રીમદની કે જૈન ધર્મની બ્રહ્મચર્ય રક્ષા માટેની નિયમપ્રધાન શૈલીની સામે મહાત્મા ગાંધી વિવેકપ્રધાન શૈલી અપનાવે છે. માતૃદૃષ્ટિ કે આત્મદૃષ્ટિને સિદ્ધ કરીને પછી મહિલાઓ વચ્ચે રહેવામાં બ્રહ્મચારી ગાંધીને મુશ્કેલી કે (સંયમથી ભ્રષ્ટ થવાનો) બીક નહોતી અનુભવાતી. યુવતીઓ તેમને અંગે તેલમાલિશ કરે, બે યૌવનાઓ લાકડીનો ટેકો બનાવીને ખભે હાથ મૂકીને ગાંધીજી ચાલવાનું રાખે – એવા તે બ્રહ્મચારી હતા.

ઉપવાસમાં પણ ગાંધીજીની આગવી રીત હતી, જૈનોની જેમ તેઓ ઉપવાસ ઘણાં કરે, પરંતુ તેમાં તેઓ લીંબુ વાપરતા હતા. વ્યક્તિં કે રાજ્ય સરકાર સામે તેના હૃદયપરિવર્તનની પ્રાર્થનારૂપે, એક અહિંસક શસ્ત્ર તરીકે ઉપવાસનો એક અપૂર્વ પ્રયોગ ગાંધીજીએ કરી બતાવ્યો. સ્વરાજ્ય આંદોલનમાં, અંતરાત્માના, અવાજરૂપે અંતીમશસ્ત્ર તરીકે, ગાંધીજીએ ઉપવાસનો નવો ઉપયોગ, નવું શસ્ત્ર – માનવજાતને શિખવ્યું . પ્રાયશ્ચિત, હૃદયપરિવર્તન કે વ્યહારશુદ્ધિના હેતુથી સામુહિક ઉપવાસનું અહિંસક શસ્ત્ર એ પણ મહાત્મા ગાંધીની જૈનત્વસભર મૌલિક શોધ ગણાય.

જૈનોમાં ઉપવાસનું મહત્વ ઘણું પરંતુ બ્રહ્મચર્યનો વૈજ્ઞાનિક ઉપાય તરીકે અસ્વાદ વ્રતના તાલીમનો હેતું તેમાં જોવા ન મળે, ઉપવાસના પારણામાં કે જૈનોનાં દૈનિક જીવનમાં અસ્વાદવ્રત પ્રત્યે ધ્યાન અપાતું નથી. જો કે જૈન ધર્મ રસેન્દ્રિય પરના વિજય માટે ઘણો ભાર મૂકે છે. પરંતુ ઉપવાસ અંગે પ્રચલિત રૂઢીમાં એવો અર્થ સમજાયો છે કે ઉપવાસનો હેતુ કેવળ કર્મની નિર્જરા કરવાનો છે, ઉપવાસથી પુણ્ય થાય વગેરે, જ્યારે ગાંધીજી બ્રહ્મચર્યના સંદર્ભમાં ઉપવાસ, આહાર વગેરેના પ્રયોગ કરીને બ્રહ્મચર્યમાં રસનેન્દ્રિયના સંયમ પર વિશેષ ભાર મૂક્યો, અને તેથી ભોજન માટે જીવવું એમ નહી, પરંતુ " જીવવા માટે ભોજન એ સૂત્રના આચારરૂપે પોતાના અને પોતાના આશ્રમવાસીઓનાં નિત્ય આહારમાં તેમણે "અસ્વાદ" ને સ્થાન આપેલું, જૈનોમાં તો એવો આચાર, નિરસ આહાર માત્ર આયંબિલ ઓળી વખતે જોવા મળે છે. આમ આહાર કે ઉપવાસમાં ગાંધીજી સવાયા જૈન લાગે.

શ્રીમદ અને ગાંધીજી બન્ને એવા મહાન કે પોતાની ભૂલ કબુલ કરવા સદાય તત્પર, તેમાં જરાય અહં નડે નહિ. બાળક પાસેથી પણ શીખવા બન્ને તત્પર. પોતાની નાનીશી ભૂલોને શોધીને પોતેજ તેને જગત સમક્ષ હિમાલય જેવડી મોટી કહી બતાવવી એ ગાંધીજીની નૈતિક હિંમત કે સરળતા જાણીતા છે. શ્રીમદમાં પણ આવોજ ગુણ હતો તે ગાંધીજી વર્ણવે છે : " હિંસક ચામડુ ન વાપરવું જોઈએ એવી શ્રી રાયચંદભાઈ સાથે વિચારણા ચાલતી હતી. તેઓ તેમાં સંમત હતા. તેમની માથા પરની ટોપીને લક્ષીને મેં પૂછ્યું કે તેમાં શું છે ? મેં ટોપી ઉતારી. તેમાં ચામડાની પટ્ટી જોઈ. શ્રીમદે તરતજ તે ખેંચી કાઢી. અહિંસક ચામડુ હોવાની કે બીજી કોઈ દલીલ ન કરી. કેટલી મહાનતા ! કેટલી સરળતા ! "

બન્ને પોતપોતાના રીતે ક્રાન્તિકારી હતા. વીસ વર્ષની ઉંમર પહેલાં તે જમાનામાં શ્રીમદે લગ્ન, જમણ વગેરેમાં ધનવ્યય કરવાને બદલે દવાખાનાં બંધાવવા, નિશાળો ખોલવી, સ્ત્રી કેળવણી વધારવી વગેરે સુધારા દાખલ કરવા સૂચવતી સાહિત્યરચના કરી હતી તેમજ માત્ર શુષ્કક્રિયા કે શુષ્કજ્ઞાનમાં ધર્મ માનતી જનતાને તેમણે જ્ઞાનપૂર્વકની ક્રિયા કરવા શીખ આપી હતી. તેમાં શ્રીમદનું ક્રાન્તિતત્વ જોઈ શકાય છે. તો ગાંધીજીએ તો જીવનના દરેક ક્ષેત્રમાં આમૂલ ક્રાન્તિ કરનારા વિચારો ધીરિથી પણ મક્કમ રીતે અને સતત પ્રવાહીત કર્યા હતા એ સહુ જાણે છે.

બન્નેનું સંત હૃદય ગરીબોને પડતા દુઃખો કે અન્યાયથી બહુ દ્રવિત થઈ જતું હતું. ગાંધીજી કહે છે કે " શ્રીમદ મને કહેતા કે ચોપાસથી કોઈ બરછીઓ ભોંકે તો તે સહી શકું, પરંતુ જગતમાં જે જૂઠ, પાંખડ, અત્યાચાર ચાલી રહયા છે, ધર્મને નામે જે અધર્મ વર્તી રહયો છે તેની બરછી સહન થઈ શક્તી નથી. અત્યાચારોથી ઉકળી રહેલા કે તેમને ઉકળી જતાં મેં ઘણીવાર જોયા છે. તેમને આખું જગત પોતાના સગા જેવું હતું, રાયચંદભાઈનો દેહ આટલી નાની ઉંમરે પડી ગયો તેનું કારણ મને એજ લાગે છે. તેમને દરદ હતું એ ખરું પરંતુ જગતના તાપનું જે દરદ તેમને હતું એ અસહય હતું. "

ગાંધીજીની સર્વાંગી જનસેવાની તીવ્ર ભાવનાને, શ્રીમદની ઉપર વર્ણવેલ અંતસ્થિતિથી બળ મળ્યું હોય તેમ માની શકાય. શ્રીમદની અંતર્મુખ પ્રકૃતિ, નિવૃત્તિ પ્રધાન જીવનનું લક્ષ વળી બાહય ઉપાધિ વગેરે સંજોગોમાં તેઓ કર્મયોગવાળું સેવકજીવન નથી જીવ્યા પરંતુ જ્ઞાનમાર્ગથી જગતનું દુઃખ દૂર કરતા રહયા. જ્યારે ગાંધીજીની તમામ પ્રવૃત્તિ અને ભાવ " જે પીડ પરાઈ જાણે રે " ની રીતે આદર્શ વૈષ્ણવી બની રહયો. **न त्वहं कामेय राज्यम्** એ ઉપનિષદના મંત્રના નિત્ય રટણ દ્વારા તેઓ પ્રભુ પાસે રાજ્ય કે મોક્ષ પણ નહિ પરંતુ સર્વ જીવોના દુઃખોનો નાશ માંગતા.

નિષ્પ્રાણ બની ગયેલા ધર્મને, શ્રીમદે વ્યાપારાદિ પ્રવૃતિમાં પણ જોડીને, લોકોને સાચા ધર્મનું, ધર્મમય વ્યવહારનું ભાન કરાવ્યું. આત્મતત્ત્વની પ્રાપ્તિમાં, જીવન સાધનામાં, વ્યવહારશુદ્ધિ કે નીતિમય જીવન અનિવાર્ય છે. એવી તેમણે શીખ આપી. તો ગાંધીજીએ આખા જગતના ચોકમાં, ધર્મને બધા જ ક્ષેત્રોમાં, ગંદામાં ગંદા, કહેવાતા રાજપ્રકરણ ક્ષેત્રમાં પણ વિસ્તારીને જીવનનાં બધાં ક્ષેત્રોમાં સત્ય અને અહિંસા ધર્મને ચલણી બનાવ્યો. હજારો લોકોને એ ધર્મમાં ગતિમાન કર્યા. યુધ્ધોમાં તો હિંસાજ હોય, તેમાં તો સત્ય અસત્ય બધુંજ ચાલે, એવી આદિકાળથી ચાલી આવતી આ માન્યતાની સામે ગાંધીજીએ અસત્ય અને હિંસા–યુધ્ધની સામે સત્ય અને અહિંસાને શસ્ત્ર તરીકે પ્રયોજીને ભારતનું સ્વરાજ્ય અહિંસાથી મેળવી આપ્યું. આમ અહિંસા પરમો ધર્મ : એ જૈન ધર્મના મહામંત્રનો વિજયધ્વજ તો અજૈન છતાં મહાન જૈન એવા મહાત્મા ગાંધીજીએ જ જગતભરમાં ફરક્તો કર્યો.

બન્ને મહાપુરુષો ધર્મક્ષેત્રે મહાન અને કુશળ હતા તેવાજ વ્યવહારક્ષેત્રે પણ હતા. યોગ: કર્મસુ કૌશલમ્, એ ન્યાયે શ્રીમદ માટે ગાંધીજી લખે છે : " શ્રીમદ ધર્મના વિચારમાં નિમગ્ન રહેતા છતાં એમની વ્યાપારશક્તિ જેવી તેવી નહોતી. જે કામ લે તેમાં નિપુણતા બતાવી શક્તા હતા. " ગાંધીજી પણ સંત છતાં – રાષ્ટ્રનેતા તરીકે કેટલા કુશળ અને મહાન મુત્સદ્દી હતા તે ઈતિહાસ જાણીતો છે.

સામેની વ્યક્તિની શક્તિ તપાસીને, તે પ્રમાણે તેને કર્તવ્યની કેડી બતાવવાની બંનેમાં વિવેક કે સુઝ હતાં. પોતાના જીવનમાં વિચારો પ્રમાણેનાં આચાર માટે બંન્ને અત્યંત કડક હતા પરંતુ પોતાની પાસે આવનાર જિજ્ઞાસુ કે શિષ્યને, પુરુષાર્થની પ્રચંડ પ્રેરણા આપીને પણ અંતે તો તેમની શક્તિ મુજબ જ તેમના અંતરાત્માના વિવેક કે અવાજ પર બધું છોડવામાં, તેઓ બન્ને પોતાનો ધર્મ સમજતા હતા. આ અંગે શ્રીમદ માટે તો ખૂદ ગાંધીજીનું ઉદાહરણ મૂકી શકાય. બેરીસ્ટર એમ. કે. ગાંધીની પશ્ચિમના રંગે રંગાયેલી રહેણીકરણી, ટાપટીપ તેમજ તેમની સામાજિક, રાજકીય કે સુધારાવાદી બાહય પ્રવૃત્તિઓનો ઘટાટોપ જોઈને પણ ગાંધીના હૃદયમાં રહેતા પાપભીરૂ મુમુક્ષુ આત્માને ઓળખી લેવામાં શ્રીમદ ભૂલ નથી કરતા. ગાંધીને

તેમના પ્રશ્નોમાં શ્રીમદ માર્ગદર્શન આપે, પ્રબળ પુરુષાર્થ કે જાગૃતિની પ્રેરણા પણ આપે. આમ છતાં શ્રીમદ છેવટે તો ગાંધીને તેમના પોતાના અંતરાત્માના અવાજને અનુસરવા પર જ વિશેષ ભાર મૂકતા એ આપણે શ્રીમદના ગાંધીજી સાથેના પત્રવ્યવહારમાં જોઇ શકીએ છીએ. એજ રીતે હજારો દેશસેવકોને તેમની શકિત મુજબ માર્ગદર્શન અને સ્વતંત્ર નિર્ણય કરવાની તક આપતા દેશનેતા મહાત્મા ગાંધીનાં ખુલ્લા ઈતિહાસને પણ આપણે જાણીએ છીએ. આમ સામેની વ્યકિતને ઓળખી લેવામાં, માર્ગદર્શન અને નિર્ણયની સ્વતંત્ર તક આપવામાં, બન્ને મહાપુરુષને એક સરખી શકિત, સૂઝ કે વલણ દર્શાવતા આપણે જોઇએ છીએ.

અહંભાવ કે માનાદિ દોષોથી મુકત રહેવાની દૃષ્ટિએ બંન્નેના જીવનમાં નમ્રતા અને શરણભાવની આરાધના જોવા મળે છે. પરમાત્મપદની પ્રાપ્તિ માટે બંને દેહધારી પ્રત્યક્ષ સદ્‌ગુરુનું માર્ગદર્શન અને શરણ મેળવવાની ભારે જિજ્ઞાસાવાળા હતા. આમ છતાં બંનેમાંથી એકેને પણ જીવનમાં પોતાની વ્યાખ્યા મુજબના યોગ્ય સદ્‌ગુરુનો યોગ બન્યો ન હતો. તેથી ઉલટું પોતે સદ્‌ગુરુ કે જગતગુરુ થવા સર્જાયેલા હોય તેમ બંને શિષ્યો નહિ બનાવવાની પ્રકૃતિવાળા હોવા છતાં પણ પોતાના અનેક અનુયાયીઓનાં કે ભકતોનાં તેઓ બંને માર્ગદર્શક કે સમર્થ ગુરુ બની રહયા હતા. અલબત્ત, ગાંધીજીને માટે તો તેમના જીવનકાળમાં જ આમ બન્યું હતું. જયારે શ્રીમદ માટે તો તેમના દેહાવસાન બાદ તેમનાં અંગત લખાણો, મુમુક્ષુઓ સાથેનો પત્ર વ્યવહાર વગેરે બહાર પડતાં, તેનાંથી પ્રભાવિત થઈને સ્થળે સ્થળે શ્રીમદ રાજચંદ્ર આશ્રમોની સ્થાપના દ્વારા તેમનો આરાધક કે શિષ્યવર્ગ વધતો રહયો છે.

પોતાના સદ્‌ગુણ કે સંસ્કારથી ભ્રષ્ટ થઇ ન જવાય તે માટે અને આધ્યાત્મિક જીવનમાં શીઘ્ર પ્રગતિ માટે બંનેના જીવન વ્યવહાર, આહાર, વિહાર વગેરેમાં વ્રત પ્રતિજ્ઞાનું આરાધન જોઇ શકાય છે. યૌવનવયે મોહનદાસ ગાંધી વિલાયત જાય છે ત્યારે ત્યાંના વિલાસી વાતાવરણમાં પુત્રના વૈષ્ણવ સંસ્કારો નષ્ટ ન થઇ જાય તે માટે માતા પુતળીબાઇ જૈન મુનિ મારફત મોહનને શરાબ, વેશ્યાગમન અને માંસાહાર ત્યાગનું વ્રત લેવડાવે છે. અને જરા પણ ક્ષોભ પામ્યા વિના મોહનદાસ તેવી પ્રતિજ્ઞા લે છે. ગાંધીજીની આત્મકથામાંથી આપણે જોઇ શકીએ છીએ કે લીધેલી પ્રતિજ્ઞાનું બળ જો આ યુવાનને એ સમયે ન મળ્યું હોત તો વિલાયતમાં ગાંધીજી એ ત્રણે બદીમાં ફસાઇ ગયા હોત. એ રીતે બેરિસ્ટર એમ. કે. ગાંધી આગળ જતાં મહાત્મા ગાંધી બની શક્યા તેમાં જૈન મુનિ સંસ્થા પણ નિમિત્તરૂપે ઉપકારભૂત થઇ હતી એ જૈન જગત માટે ગૌરવરૂપ નોંધપાત્ર ઘટના ગણાય.

પૂર્વજન્મોની સાધનાની મોટી મૂડી સાથે શ્રીમદે જન્મ લીધો હતો, તેથી તેઓશ્રી આધ્યાત્મિક વિકાસ સાધીને, આડત્રીશ વર્ષના અતિ અલ્પ જીવનમાં તો પચીસમાં તીર્થંકર જેવી જ્ઞાતિપ્રતિભા બતાવીને મહાત્મા ગાંધીના મંતવ્ય મુજબ તેમના જમાનાના સહુથી વધારે મહાન આધ્યાત્મિક પુરુષ તરીકેનું કાઠુ કાઢીને એ ધર્માત્મા સૃષ્ટિને સ્પર્શીને ઝડપથી પસાર થઇ જતા ધૂમકેતુની જેમ આ જગતની શીઘ્ર વિદાય લઇ લે છે.

એ રીતે મહાત્મા ગાંધીનો વિચાર કરીએ તો રાજા હરિશ્ચન્દ્ર જેવા સત્ય માટેના આચરણના સંસ્કાર જેવી થોડીક આધ્યાત્મિક મૂડી સાથે તેઓ આં દુનિયામાં આવે છે. બાલ્યવયથી તે પોતાના ઇકોતેર વર્ષના દીર્ઘાયુષ્ય સુધીમાં સવિશેષ તો આ જન્મના સતત અને પ્રચંડ પુરુષાર્થથી જ તેઓ પ્રગતિ સાધતા, સાધતા, પોતાના જીવનથી અને કોમી એકતા માટે બંદુકની ગોળીથી શહીદી વહોરીને એ રીતે પોતાના મૃત્યુથી પણ લોકહૃદયમાં એક અહિંસાના ફિરસ્તા કે વિશ્વવંદ્ય મહાત્મા તરીકેની છાપ અંકિત કરીને આ દુનિયાને રામરામ કરે છે.

શ્રીમદ દેહના આરોગ્ય અંગે વધુ કાળજી લેવાની ચિંતા, વેદતા જણાતા નથી, શારીરિક રોગો કે માંદગીને વેદનીય કર્મનો ઉદય સમજીને, તે માટે પોતાના આહારવિહાર અંગેની કે બીજી કોઇ ભૂલનો સ્વીકાર કરીને તે પોતાની જવાબદારી સ્વીકારતા નથી. શરીરારોગ્ય પ્રત્યે એકંદર ઉપેક્ષા રાખવી એવું તેમનું વલણ દેખાય છે. તો મહાત્મા ગાંધી દેહને પણ પરમાત્માનું મંદિર અથવા અધ્યાત્મસાધનાનું મહત્વનું સાધન સમજી તેને સ્વચ્છ અને નિરોગી રાખવા હંમેશા સતર્ક કે સાવધાન રહેતા જોવા મળે છે. તેઓ કહેતા કે શરીર સંભાળીને સાધના કરનારા લોકો માટે (જેવા કે શ્રી અરવિંદ ઘોષ, દયાનંદ સરસ્વતી વગેરે) શારીરિક માંદગી એ પોતાની આધ્યાત્મિક માંદગીનું પણ સૂચન કરે છે. યોગીને માંદગી ન હોય, ગાંધીજી એમ પણ કહેતા કે " શ્રી રામકૃષ્ણ પરમહંસ, શ્રી રમણમહર્ષિ જેવી વિભૂતિઓ કે જેઓ નિરંતર આત્મસમાધિમાં લીન રહેવાથી, શરીરની પરવા જ – સંભાળ ન કરે તેવા લોકોને આ નિયમ લાગુ પડતો નથી. તેઓને કેન્સર જેવા ભારે રોગો પણ આવે અને છતાંય તેમાં તેમની જવાબદારી નથી, તેમની આધ્યાત્મિક માંદગીનું તે સૂચક નથી. એવા જ્ઞાનીઓ રોગ અને રોગની વેદનાથી – દેહભાવથી પર જ હોય છે. " શ્રીમદની માંદગી માટે પણ આવો ખુલાસો મહદ અંશે સાચો ગણાય. સ્વામી વિવેકાનંદ પણ ગાંધીજી જેવો વિચાર વ્યક્ત કરતાં પોતાના પ્રવચનમાં કહે છે કે :– " માયકાંગલો– માણસ ભગવદ ગીતાના અધ્યયન કરતા ફુટબોલ રમવાથી સ્વર્ગની વધુ નજીક જઇ શકશે. મતલબ કે (A Sound mind in a Sound body) એમ તેઓ કહેતા હતા.

શ્રીમદને એક સદ્‌ધર્મ ચાલુ કરવો હતો તે સ્વપ્ન ફલિભૂત થયું અને ન પણ થયું તેમ કહી શકાય, પાછળથી થઇ રહયું છે, ગાંધીજીનું પણ અહિંસા દ્વારા સ્વરાજયની પ્રાપ્તિ કરીને, ભારતમાં અહિંસક સમાજની રચના કરવાનું સ્વપ્ન હતું. તેમના જીવતાં તે અંગે આંશિક કામ થયું. વધુ ન થયું પણ હવે ભાવિની પેઢીઓમાં ગાંધી વિચાર – અહિંસક સમાજની રચના અને તેની પ્રતિષ્ઠા – ક્યારેક તો સ્થાપિત થશે જ – એમ પરમાણું બોમ્બની સંસ્કૃતિના ઓથારમાંથી જોઇ શકાય છે.

બંનેને પોતાની હૈયાતિ દરમિયાન જ યશ–કીર્તિ મળી ગયા હતા, તો સાથે સાથે બંને વિરોધીઓ પણ હતા જ. બંનેના અવસાન બાદ તેમની યશોગાથા વધુ ફેલાતી રહી છે. ગાંધીજી તો પોતાના જીવનકાળ દરમિયાન જ લોકહૃદયમાં મહાત્માનું બિરૂદ પામ્યા હતા. શ્રીમદની ધર્મતત્ત્વની વાતો તેમના ગૃહસ્થવેષને કારણે તેમજ જૈન સમાજ રૂઢિગ્રસ્ત થઇ ગયેલો તેથી મોટા ભાગનો વર્ગ તે કાળે સમજી કે સ્વીકારી શક્યો નહી, પરંતુ તેમના અવસાન બાદ તેમની મહાનતા, તેમની ઉંચાઇ એકદમ વધતી ચાલી છે એટલે કે લોકોને હવે તેમની વાત સમજાતી જાય છે. પરિણામે સત્યધર્મનું શિક્ષણ કે ધર્મોદ્ધાર કરવાનું શ્રીમદનું કરુણાપ્રેરિત સ્વપ્ન, તેમની પાછળ, તેમના સાહિત્ય, આશ્રમો, સાધના કેન્દ્ર વગેરે દ્વારા કાંઇક સાકાર બની રહયું છે. શ્રીમદે બીજુ કાંઇ પણ ન કર્યું હોય તો પણ તેમની જગતને મહાત્મા ગાંધીને ભેટ એ જ શું તેમની મોટામાં મોટી સેવા કે કરુણા ન ગણી શકાય ? મંથનમાં મુંઝાયેલા યુવાન બેરીસ્ટર ગાંધીને તે કાળે ખ્રિસ્તી ધર્મમાં કે નાસ્તિકતામાં જતા અટકાવીને પોતાના પ્રત્યક્ષ સત્સંગ અને માર્ગદર્શનથી, ગાંધીના સુપ્ત હૃદયને ધર્મમય જીવન જીવવાનું બળ અને દૃષ્ટિ તેમણે પૂરા ન પાડયા હોત તો ગાંધી, મહાત્મા ગાંધી ક્યાંથી થયા હોત ? સંત વિનોબાજીને એક સેવકે કહેલું કે ગાંધીજીને માર્ગદર્શન આપ્યું એ ઠીક છે, બાકી શ્રીમદની દેશસેવા શું ગણાય ? કે તેમની જયંતી ઉજવવાનું રાખવામાં આવે છે ? સંત વિનોબા જવાબ આપે છે " શ્રીમદ જેવા કોઇપણ આત્મજ્ઞાનીના આ પૃથ્વી ઉપર માત્ર શ્વાસ જ ચાલતા રહે અને તેઓ બીજુ કાંઇપણ ન કરે (એટલે કે માત્ર જીવે જ) તો પણ, બસ એ જ તેમનો આ સૃષ્ટિ ઉપર મોટામાં મોટો ઉપકાર છે !"

બંને પરમની પ્રાપ્તિના ઉપાસક હતા, બંનેએ સંતજીવનના અને આધ્યાત્મિક અનુભૂતિના ઉચ્ચ શિખરો હાંસલ કર્યા હતા. પરંતુ તેઓ બંનેમાંથી એક પણ શ્રમણ કે સંન્યાસી બની ન શક્યા, શ્રીમદની સર્વસંગ પરિત્યાગવાળી નગ્ન દિગંબર શ્રમણજીવનની દીક્ષાની બળવાન અને ઉત્કટ ભાવના હતી. તેમના "અપૂર્વ અવસર" કાવ્યમાં આ ભાવ ઝીલાયા છે પરંતુ તેમનો પ્રારબ્ધોદય એવો રહયો કે તેવા જીવનની તેમની તૈયારી તો વધતી ગઇ અને તેને આચારમાં મૂકવાનો અનુકૂળ સમય નજીકમાંજ હતો તેવામાંજ ગંભીર માંદગીમાં પટકાઈને શ્રીમદ કાળધર્મ પામી ગયા, તેઓ જૈન સાધુ ન બની શક્યા.

મહાત્મા ગાંધીનું તેથી ઉલટું માનસ હતું, ગૃહસ્થ વેષમાંજ જેટલી સાધુતા મૂર્તિમંત થઇ શકે તેટલીના શિખરે પહોંચવાની તેમની તમન્ના રહી અને તેમાં સફળતા પણ રહી, પરંતુ ભગવા પહેરીને સંન્યાસી બનવાનો વિચાર કદી તેમણે યોગ્ય ન ગણ્યો, પોતે " અપૂર્વ અવસર "નું કાવ્ય પ્રસંગે પ્રસંગે પ્રાર્થનામાં ગાતા ખરા. પરંતુ તેમનું કર્મયોગ દ્વારા, જનસેવા દ્વારા ભારતની આઝાદી હાંસલ કરવાનું જાણે કે પ્રારબ્ધદત્ત મીશન હતું, તેથી તેમણે ન તો કદી સ્થૂલ નિવૃત્તિ લેવાનો ગંભીર બનીને વિચાર કર્યો કે ન તો તેમના જીવનકાળમાં એવા નિવૃતિપ્રધાન માર્ગવાળા વિચાર સાહિત્ય, વ્યક્તિઓ કે તેવી સંસ્થાઓને (દા. ત. શ્રી અરવિંદ આશ્રમ) તેમણે વધારે પડતી જાહેર પ્રતિષ્ઠા આપી. એ કાળે ભારતના સર્વોચ્ચ નેતાના સ્થાનેથી તેઓશ્રી ભગવદ ગીતાના નિષ્કામ કર્મયોગની સેવાપ્રવૃત્તિનીજ જાહેર પ્રતિષ્ઠા કરતા હતા. તેમને મન એ શાશ્વત નહિ તોય યુગધર્મ કે સમયધર્મ તો હતો જ. તેમની પાસે દેશ સેવાની ભાવનાથી કોઇ સંન્યાસી આવી જાય તો તેઓ તેમને પ્રથમ ભગવા વસ્ત્ર ઉતારી નાંખવાનું કહેતા. પછી જ લોકોની સેવા વધુ સારી રીતે થઇ શકશે તેમ તેઓ સમજાવતા. ભગવા સાધુની તો લોકો સેવા કરે.

લોકો તેમની સેવા ન લે એવું લોકમાનસ જોઇને ગાંધીજી આવી સલહ આપતા. મતલબ કે – ગાંધીજીને મન સંન્યાસવેષ એ સહુથી વધુ મહત્વની વાત ન હતી. શ્રીમદને મન હતી, પરંતુ આ તેમની મતભેદની બાબત ન ગણાય પ્રકૃતિ અને પ્રારબ્ધભેદનું એ ફળ ગણાય.

આને કારણે શ્રીમદને બ્રહ્મચર્ય અંગે નવવાડ, સ્ત્રી, સ્વપત્ની વગેરેથી દૂર રહેવાનું ધ્યેય યોગ્ય સમજાય તો ગાંધીજી પત્નીને " બા " બનાવીને પણ સાથે રાખે. સ્ત્રીઓનાં વૃંદમાંજ પ્રસંગે પ્રસંગે ઘેરાયેલા રહે. તેમનાં તેલમાલિસ, સ્નાન આદિ સેવા યુવતીઓજ કે પત્ની હવે "બા " કરે. બ્રહ્મચારી ગૃહસ્થ ગાંધી બ્રહ્મચર્યની દિશામાં માનવજાતને કાંઇ નવી બાબત જાણવા મળે તો તે માટે અને પોતાના અને પોતાની શિષ્યાના અંગત આત્મનિરીક્ષણ માટે, પ્રયોગવીર તરીકે કોઇક અપવાદ સિવાય પોતાનો બધા સાથીઓનો વિરોધ છતાં પોતાની પુત્રીસમ યુવાન શિષ્યા સાથે ( પોતે તેની " બા " તરીકે) રાત્રે નગ્નદેહે સહશયન કરે– આવા પ્રયોગવીર, પ્રાણીમાત્રની દરેક ક્ષેત્રમાં સેવાના ધ્યેયવાળા મહાત્મા ગાંધી નવવાડ, શ્રમણવેષ કે સંન્યાસવેષના બંધનમાં શેના પુરાય ?

એક ધર્માત્મા શ્રીમદ રાજચંદ્ર અને બીજા મહાત્મા મોહનદાસ ગાંધી એ બંને સંત વિભુતિનું ધ્યેય તો એકજ અને તે પરમાત્માપદની પ્રાપ્તિનું પરંતુ બે ભિન્ન રાહ પર બંનેની સાધના ચાલે છે. શ્રીમદનો આત્મા " હું એક છું, અસંગ છું. સર્વથી સર્વ પ્રકારે ભિન્ન અજર, અજન્મા, શાશ્વત છું. – એમ પોતાના સંવેદનો બધાંથી ભિન્ન થઇ, અનાસક્ત બની કેવળ અસંગ અવસ્થામાં વીતરાગ પદને પરમાત્માને પ્રાપ્ત કરે છે. તો ગાંધીનો આત્મા " હું આ દેહ માત્ર નથી પરંતુ આ બધા માનવોમાં – સચરાચરમાં પણ હુંજ છું અથવા " હું જ નથી, પરંતુ સચરાચરમાં એક માત્ર પરમાત્માજ છે, એમ સંવેદનમાં લઇને પોતાની જાતને બીજા સહુ– કુટુંબ, નગર, પ્રાંત, રાષ્ટ્ર, જગત અને છેવટે પ્રાણીમાત્ર સાથે જોડતાં જોડતાં સહુ પ્રાણીના સુખ–દુઃખમાં ભાગીદાર બનીને, આત્મૈક્ય અનુભવવા, તેમના દુઃખ નિવારણ માટે નિષ્કામ સેવા કરતા કરતા પોતે " હું " મટીને, શુન્ય બનીને, પ્રાણી માત્ર સાથે એક્તા અનુભવતા, પરમાત્માને ભેટે છે.

આમ રાહ, માર્ગ જુદા પણ બંને વિશ્વવાત્સલ્યના કેન્દ્ર પર એક સ્થળે પહોંચે છે અને આપણને કોઇ પણ રાહે ત્યાં ઝડપથી પહોંચવાનો શાશ્વત સંદેશ આપે છે. આવા ધર્માત્મા અને મહાત્માનો આ સંદેશ આપણે સૌ આપણા જીવનમાં ઉતારીએ એ જ અભિલાષા. □

# હૃદયસ્પર્શનો સંસ્પર્શ

□ ડૉ. તનસુખ ભટ્ટ

સંઘ દ્વારા પ્રકાશિત 'વંદનીય હૃદયસ્પર્શ' નામના મારા પુસ્તકના પ્રતિભાવરૂપે પાંચેક લેખો આવ્યા હતા. તેમાંથી વિશેષ વિચાર– અનુભવાદિ વ્યક્ત કરતા બે લેખો અહીં છાપ્યા છે. – તંત્રી

કોઇ વ્યક્તિના જીવનને સાહિત્ય દ્વારા જાણવાના ચાર પ્રકારો છે : જીવનચરિત્ર, આત્મકથા, સંસ્મરણ, રેખાચિત્ર. જીવનચરિત્રમાં ચરિત્રનાયક અને લેખક ભિન્ન વ્યક્તિ હોય છે. આત્મકથામાં ચરિત્રનાયક અને લેખક એક જ વ્યક્તિ હોય છે. સંસ્મરણમાં તથા રેખાચિત્રમાં ચરિત્ર નાયક તથા લેખક ભિન્ન વ્યક્તિ હોય છે. જીવનચરિત્રમાં લેખકની દૃષ્ટિ ઐતિહાસિક અને સામાજિક હોય છે. તે ચરિત્રનાયકના ગુણદોષોનું તટસ્થતાપૂર્વક વિવેચન કરે છે. ઇતિહાસ લેખક તરીકે તેણે ચરિત્રનાયક પ્રતિ ભક્તિ પ્રદર્શન કરવાની જરૂર નથી. ચરિત્રનાયકના અંગત ગુણદોષોનું તે વિવેચન કરે છે ખરો પણ સાથો સાથ તેણે સમાજને કેટલો ઉન્નત કે પછી અવનત કર્યો તેનો નિર્ણય પણ તેણે ઉચ્ચારવાનો રહે છે. જીવનચરિત્રકાર ચરિત્રનાયક પ્રતિ સન્માન દર્શાવે છે પણ વારંવાર તેને સાષ્ટાંગ પ્રણિપાત કરતો નથી. અલબત્ત રામકૃષ્ણ, બુદ્ધ, મહાવીર, ઇશુ, મહમદ જેવા અવતારી ચરિત્રનાયકો તેમાં અપવાદરૂપે ગણાય.

આત્મકથામાં ચરિત્રનાયક જાતે જ પોતાનું ચરિત્ર લખે છે. આત્મકથા આ ચારે પ્રકારોમાં કદાચ સર્વોચ્ચ પ્રકાર હશે. આત્મકથામાં લેખકના આંતરિક જીવનના દૃશ્યો ઉપર દૃશ્યો દેખાય છે તે અન્ય પ્રકારોમાં દેખાતાં નથી. આત્મકથાકાર પોતાનું સંસ્કાર ઘડતર, પ્રેરણાબળો, પ્રકટ અપ્રકટ સાથીઓ તથા પ્રવૃત્તિપૂરક કે સંઘર્ષ સમરાંગણનું જેટલું જ્ઞાન ધરાવે છે તથા તેને ચરિત્ર કરે છે તેટલું આંતરજ્ઞાન કોઇ જીવનકથાકાર ધરાવી શકે નહિ કે સમર્પી શકે નહિ. ઉપરાંત આત્મકથા ઐતિહાસિક દસ્તાવેજ છે. જીવનચરિત્રના વિધાનોમાં સાક્ષી પુરાવા ઓછા મળે છે. તેથી તેનું દસ્તાવેજ મૂલ્ય આત્મકથાના પ્રમાણમાં અવશ્ય ઊણુ ઉતરે.

સંસ્મરણો એટલે સાતત્યરહિત, અસંબદ્ધ, કડી વિનાનું જીવનચરિત્ર. તેમાં ચરિત્રનાયક જેટલું જ પોતાના વિશે પણ કેટલીકવાર સંસ્મરણ લખે છે, જે બિનજરૂરી હોય છે. સંસ્મરણ લેખનમાં લેખકે પડદા પાછળ રહેવાનું હોય છે. ચરિત્રનાયક ઉપર પ્રકાશપુંજ પાથરવાનો હોય છે ખરો પણ પોતાની જાત ઝળકાવવાની તેમાં જરૂર નથી. માત્ર પ્રસંગની પૂર્વભૂમિકા જેટલુ જ પોતાના વિશે લેખકે જણાવવું જોઇએ.

રેખાચિત્રમાં તો તેના નામ પ્રમાણે સામગ્રીની વિપુલતા વિના જ આલેખન કરવાનું હોય છે. જે ચિત્રમાં રંગ ન હોય, રેખા બાહુલ્ય ન હોય, ભાવબાહુલ્ય ન હોય તેવું આમતેમ લીટા–લીસોટા દોરીને ઉપજાવેલુ ચિત્ર તે રેખાચિત્ર. ચરિત્રનાયકના જીવનના નાના નાના પ્રસંગો ઉક્તિઓ કે અથડામણોનો અછડતો ઉલ્લેખ કરીને તેમાંથી ચરિત્રનાયકનું વ્યક્તિત્વ ઉપસાવવાનું હોય છે. આથી રેખાચિત્રમાં મહેનત ઝાઝી અને પરિણામ ઓછું હોય તેમ બનવાનો ઘણો સંભવ રહે છે. શિષ્યો કે અંતેવાસીઓ કે પ્રશંસકો જીવનચરિત્ર લખે છે. મહાપુરુષો આત્મકથા લખે છે. મહાપુરુષો ન હોય તેવા અલ્પપુરુષો પણ પોતે અનુભવેલી જીવનની ચમત્કૃતિ, મહત્તા કે રસાનંદનું પ્રદર્શન કરવા માટે આત્મચરિત્ર લખે છે. આત્મકથા લખવાનો અધિકાર વિરાટ તેમ જ વામન બંનેને છે. પરંતુ વિરાટની આત્મકથા વિશ્વવ્યાપી હોય છે. વામનની આત્મકથા પોતાની શેરીમાં જ સંચરનારી, પુરની જ કે પ્રદેશની પરિક્રમા કરનારી હોય છે. ગુણગ્રાહી લોકો જ તેના વાચક હોય છે. રેખાચિત્ર દોરનારાઓ મોટાભાગે ચરિત્રનાયકથી દૂર રહેલા પ્રશંસકો હોય છે. માહિતીની છાકમછોળ ઊડતી ન હોય પરંતુ હૃદયમાંથી પ્રશંસાની વર્ષાધારા વછૂટતી હોય ત્યારે જે ઝરમર વરસે તેનું નામ રેખાચિત્ર.

ડૉ. રમણલાલ ચી. શાહે 'વંદનીય હૃદયસ્પર્શ' નામે સંસ્મરણાત્મક પુસ્તક પ્રકાશિત કર્યું છે. તેમાં પંડિત સુખલાલજી, ગૌરીપ્રસાદ ઝાલા, પંડિત ધીરજલાલ ટોકરશી શાહ, ઉમાશંકર જોશી જેવા વિદ્વાનો છે.અગરચંદજી નાહટા, ભૃગુરાય અંજારિયા જેવા સંશોધકો છે, બચુભાઇ રાવત, પરમાનંદ કાપડિયા, મેડમ સોફિયા વાડિયા, મૂળશંકર ભટ્ટ જેવા સંસ્કાર સમુજ્જવલ સજ્જનો છે. યજ્ઞેશ શુક્લ, મોહનલાલ મહેતા (સોપાન) જેવા પત્રકારો છે. જયોતીન્દ્ર દવે જેવા હાસ્ય સમ્રાટ છે. ઉમેદભાઇ મણિયાર જેવા સંગીત રસિક –ગાયક પ્રાધ્યાપક છે. ઈશ્વર પેટલીકર જેવા નવલકથાકાર છે. અને રંભાબહેન ગાંધી જેવા ગૃહજીવનનાં આલેખન દ્વારા હળવી શૈલીમાં ગૃહજીવનના છૂપા સત્યો દર્શાવનારા સન્નારી પણ છે. અહીં ખજાનો છે જો માનો તો. ડૉ. રમણભાઇ શાહે આલેખેલાં કેટલાંક સંસ્મરણોનો અછડતો કે ઊડતો પરિચય કરવા સાથે તે વ્યક્તિ વિશે મારા પ્રતિભાવ દર્શાવું છું

વ્યક્તિ અંધ હોય પરંતુ વિદ્વાન હોય તો તેને પ્રજ્ઞાચક્ષુ કહેવાનો સંસ્કૃતમાં રિવાજ છે. આવા એક પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીનાં સંસ્મરણો લેખકે આદરપૂર્વક નોંધ્યા છે. પંડિતો તો સદાના શુષ્ક, નિરથી, ઝીણુ પીજનારા, લોકવિમુખ, વેદિયા કે પછી અહંમન્ય હોય તેવી ગેરસમજ સમાજમાં પ્રચલિત છે. ડૉ. રમણભાઇ શાહ પંડિતજીના હૃદયની કરુણાર્દ્રતા આલેખે છે. તેઓ પંડિતજી આગળ ઇન્દુલાલ યાજ્ઞિકની આત્મકથા વાંચતા હતા. તેમાં એકરારો હતા. ગાંધીજીથી અલગ પડવાનાં કારણો હતા. આ સાંભળતાં પંડિતજીની આંખમાંથી દડ દડ આંસુ પડવા માંડ્યા. કદાચ ડૂમો પણ ભરાયો હશે. તેથી કહે, "બસ હવે વાંચવાનું બંધ રાખો. " તુકારામ કહે છે : **मउ मेणाहूनि आमी विष्णुदास** (અમે વૈષ્ણવો મીણ કરતાં પણ વધારે પોચા છીએ.) ભવભૂતિ કહે છે : **लोकोत्तराणां चेतांसि मृदूनि कुसुमादपि** (લોકોત્તર વ્યક્તિઓનાં ચિત્ત પુષ્પથીયે વધુ કોમળ હોય છે.) પંડિતજીની બાબતમાં આ વિધાન કેટલું સાચુ છે ! તેઓ નેત્રહીન હતા છતાં 'તાનસેન' બોલપટ જોવા ગયેલા. એ વાંચીને વાંચકને નવાઇ લાગે, પરંતુ નેત્રજ્યોતિ ગઇ હતી, કર્ણજ્યોતિ ગઇ ન હતી. સંવાદો અને ગાયનોમાંથી તેમણે તાનસેનના વ્યક્તિત્વને પકડેલું. તેવું રહસ્ય બહુ ઓછા સનેત્ર મનુષ્યો પકડી શકે. એકવાર

ફરવા જવા નીકળ્યા, તરત જ રમણભાઇને કહે, "એક મિનિટ ઊભા રહો." આપણને થાય કે કવિ નાનાલાલની જેમ 'ઊભા રહો તો કહું વાતલડી રે' જેવી કોઇ ઊર્મિ આવી હશે ? પરંતુ પંડિતજીએ નવકારમંત્રનું ઉચ્ચારણ–રટણ કર્યું અને પછી જ તેઓ ઊપડ્યા. સૂક્ષ્મ વિશ્લેષણ બુદ્ધિ ધરાવનાર અને તત્ત્વજ્ઞાનના પારાવારપારીણ પંડિતજી મંત્રમાં માનતા હતા.બધા ગાંધીવાદીઓ મંત્રશક્તિમાં અખૂટ શ્રદ્ધા ધરાવે છે. પંડિતજીની વિવેચકની તથા સંપાદકની પ્રતિભા કેવી હતી તેના મેં સાંભળેલા એક બે પ્રસંગો અહીં હું ટાંકું છું.

સંમતિતર્ક જેવા અતિ કઠિન ગ્રંથનું સંપાદન કાર્ય તેઓ એકવાર ગુજરાત વિદ્યાપીઠમાં કરતા હતા. પાંચ સાત માણસોના હાથમાં જુદી જુદી હસ્તપ્રતો રખાવીને તેઓ એક પછી એકને બે વાક્યો વાંચવાનું કહેતા અને પછી બધામાંથી ક્યો પાઠ ગ્રાહ્ય છે તેનો નિર્ણય કરીને નવી હસ્તપ્રત તૈયાર કરાવતા. આ વેળાએ એક જર્મન પંડિત ત્યાં આવી ચડેલો. તેણે આ નેત્રહીન પંડિતની અલૌકિક પ્રતિભા નિરખી અને તે તો મોંમાં આંગળા જ નાખી ગયો ! પંડિતજી હિન્દુશાસ્ત્રોના પણ ઉત્તમ અભ્યાસી હતા. તેઓ કહેતા કે અન્ય ધર્મોના શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યા વિના સ્વધર્મ પૂરેપૂરો સમજાતો નથી.

એકવાર પંડિતજી પાતંજલ યોગસૂત્ર વિશે ગુજરાત વિદ્યાસભાના એમ. એ. ના વર્ગમાં વ્યાખ્યાન આપવા આવેલા. વ્યાખ્યાનને અંતે પ્રશ્નોત્તરી હતી. એક વિદ્યાર્થીએ એક સંસ્કૃત સૂત્રનો અર્થ પૂછ્યો, આ સાંભળીને એક પ્રાધ્યાપકને થયું કે હું તો પૂછવામાંથી રહી ગયો ! આથી તેમણે કહ્યું, 'મારે પણ અમુક પૂછવું છે ? પંડિતજીએ એ પ્રાધ્યાપકને કાપી નાખીને કહ્યું, "અત્યારે વિષય પાતંજલ યોગસૂત્રનો છે, તેની ઉપેક્ષા ન થાય." એમ કહીને વિદ્યાર્થીના પ્રશ્નની જ વીગતે છણાવટ કરી અને પ્રાધ્યાપકને ઠેલીને તેમનું સ્થાન તેમને સમજાવી દીધું. એકવાર રામનારાયણ પાઠકની સાથે તેમને તડાતડી થઇ, એક જ વાક્ય ઉચ્ચારીને પંડિતજીએ આ તત્ત્વજ્ઞાનના અને તર્કશાસ્ત્રના પ્રાધ્યાપકને મૂંગા કરી મૂક્યા હતા.

રમણભાઇ પોતાની નોકરી પૂરી થતાં વિદાય લેવા પંડિતજી પાસે આવ્યા. ફરવાને નિમિત્તે પંડિતજી તેમને પોતાના સગાની દુકાને લઇ જઇને ત્યાંથી તેમને મેવાના પડિકા બંધાવી ભેટ આપ્યાં. મીઠા શબ્દોની સાથે તેઓ મીઠું મોં કરવાની આવશ્યકતા સમજતા હતા. આવા પ્રેમાળ પંડિતજી કેટલા હશે ? લેખક પંડિતજીને માટે 'જંગમતીર્થ' શબ્દ વાપરે છે. આ તીર્થસલિલનું આચમન કરવા માટે આપણે વાચકો રમણભાઇના આભારી છીએ.

બચુભાઇ રાવત મૂળ તો ગોંડલના. ત્યાં ભણતાં ભણતાં 'જ્ઞાનાંજલિ' નામનું હસ્તલિખિત માસિક કાઢતા હતા. રવિશંકર રાવળે આ માસિક જોયું. તેની ઢબછબ, ટાપટીપ વગેરેથી તેઓ એટલા ખુશી થયા કે બચુભાઇ કોઇ ઉત્કૃષ્ટ માસિક ચલાવી શકે એમ તેમને લાગ્યું. બચુભાઇ પછી તો સસ્તું સાહિત્ય કાર્યાલયમાં નોકરીએ વળગ્યા. દરમ્યાન રાવળે એક પ્રેસ ખરીદીને 'કુમાર' માસિક કાઢવાની જાહેરાત પત્રોમાં કરી તથા બચુભાઇને તેમાં વ્યવસ્થાપક–ઉપતંત્રી તરીકે રાખી લીધા. આ વખતે દેશળજી પરમાર, ધૂમકેતુ જેવા તેમના મિત્રોની પણ તેમને હૂંફ મળી. વરસો સુધી તેમાં દેશળજી પરમાર, ઇન્દુલાલ ગાંધી, ચીમનલાલ ગાંધી, કૃષ્ણલાલ શ્રીધરાણી, રતિલાલ શુક્લ (રામપ્રસાદ શુક્લ), તનસુખ ભટ્ટ, સુંદરમ્, ઉમાશંકર જોશી જેવા ઉગતા કવિઓના કાવ્યો કુમારે છાપ્યાં અને તેમને પ્રતિષ્ઠાપાત્ર બનાવ્યા. બળવંતરાય ઠાકોર અને ખબરદાર જેવા વયોવૃદ્ધનાં એકાદ બે કાવ્ય પણ ખાસ અંકોમાં છાપેલા. તેઓ બુધસભા (કાવ્ય વાચન સભા) પણ ચલાવતા.

કારકિર્દીના આરંભમાં તેમનો માસિક પગાર રૂપિયા પંચોતેરનો હતો. ખૂબ કરકસર કરીને તેઓ ઘર ચલાવતાં. રોજ પાલડીથી રાયપુર સુધીના ત્રણેક કિલોમિટર તેઓ પગપાળા જતા અને પાછા રાત્રે પગપાળા આવતા. રોજના છ કિલોમિટરની તેમની આ પદયાત્રા તેમના સુદીર્ઘ જીવનનું કારણ હશે એમ લાગે છે. મોંઘવારી વધતા તેમનો પગાર માસિક દોઢસો રૂપિયા થયો. અને પ્રૌઢાવસ્થામાં ઉછળતું લોહી ઠંડુ પડ્યું ત્યારે જ તેમણે સાયકલ ખરીદેલી.

બચુભાઇમાં કાવ્યની ઊંડી પરખ હતી, કારણ કે 'કુમાર' ને કલાનું માસિક તેમણે જ બનાવેલું. આથી તેઓ કોઇની આંખની શરમ ન રાખતા અને ભલભલાના કાવ્યો 'અસ્વીકાર્ય' એટલું જ લખીને પાછા મોકલાવતા. એકવાર એક ગરમ મગજના કવિનું કાવ્ય તેમણે પાછું મોકલ્યું. 'જૈસે કો તૈસા' સિદ્ધાંતમાં માનનારા આ કવિએ બચુભાઇને ધમકી આપી કે "મારા આખા મંડળ દ્વારા 'કુમાર' નો બહિષ્કાર કરાવીશ." બચુભાઇએ ઉત્તર આપ્યો : " બહિષ્કાર કરવો હોય તો જરૂર કરો. એકલે હાથે આખી જિંદગી 'કુમાર' નિયમિત ચલાવી શકું એટલો મારામાં મને વિશ્વાસ છે." આ જ ખુમારીથી તેઓ ભારે આર્થિક ભીડમાં ટકી શક્યા. ૧૯૨૨ માં રવિશંકર રાવળે પચીસ હજાર રૂપિયામાં પ્રેસ ખરીદ્યું. વીસ વરસ વાપર્યા પછી ૧૯૪૨માં ભારે મોંઘવારી લડાઇને કારણે ફાટી નીકળી. એક સદ્ધર આસામીએ સવાલાખમાં આ પ્રેસની માંગણી કરી. રાવળ ધંધાદારી કલાકાર હોવાથી લક્ષ્મી ચાંદલો કરવા આવી છે તે જાણીને હા પાડી દીધી. આ વેચાણ પછી બચુભાઇનું શું થાય ? તેઓ મુંઝાયા. અંતે સર ચિનુભાઇના એક સગાને સમજાવીને તેમનો મુખ્ય ભાગ રાખીને, તેમની પાસે પ્રેસ ખરીદાવ્યું અને 'કુમાર લિમિટેડ' મંડળી કરી. મધ્યમવર્ગના કોઇ પણ માણસની કમર ભાંગી નાખે તેવી આ આફત આવી પડી હતી.

એક વિનોદ યાદ આવે છે. 'કુમાર' નાનાં શહેરો સુધી પહોંચેલું. આવા એક શહેરની કોઇ નિશાળના એક માસ્તરે 'કુમાર' માસિકમાંથી એક લેખ વાંચી સંભળાવ્યો. આ વર્ગમાં ચુનીલાલ મડિયા હતા. 'કુમાર' ના આરંભકાળે તેના ખોળિયા (મુખપૃષ્ઠ) ઉપર ઘોડેસવાર તરુણનું ચિત્ર છપાતું. ગામડાની પ્રાથમિક ભાષાશક્તિનો ઉપયોગ કરીને મડિયાએ 'કુમાર' નું નામ 'ઘોડાછાપ ચોપાનિયું' પાડેલું.

જૈનતર સામાન્ય સાહિત્યરસિકોએ અગરચંદજી નાહટાનું નામ સાંભળેલું હોય. તેઓ ગુજરાતી પ્રાચીન સાહિત્યમાં પી.એચ.ડી. ની પદવીના એક પરીક્ષક હતા તે પણ પ્રાધ્યાપકોએ જાણેલું હોય. પરંતુ તેઓ જીવતા જાગતા ગ્રંથાગાર હતા તેની માહિતી તો 'વંદનીય હૃદયસ્પર્શી' ના લેખક કરાવે ત્યારે જ મળી શકે. વિદ્યાવારિધિઓને દૂરથી પ્રણામ હો. પરંતુ સંતોને સમીપથી પ્રણામ કરવામાં ધન્યતા હોય છે. નાહટાજીના જીવનમાં લાખો હસ્તપ્રતોનું વાંચન,હજારો સંશોધન લેખોનું લેખન અને સેંકડો અભ્યાસીઓને આપેલ માર્ગદર્શન મૂલ્યવાન છે જ પરંતુ રમણભાઇને ઘેર રહીને પ્રારબ્ધે કરાવેલો ઉપવાસ તેમણે હસ્તે મોં એ સ્વીકારેલો. તેમાં તેની ઉચ્ચ ધાર્મિકતાનું દર્શન થાય છે. અકારણ વેઠેલા ઉપવાસમાં તેમણે ધારણ કરેલી શાંતિ ગીતાની ભાષામાં 'સામ્યયોગ' નું આચરણ તેમના રાજસી રંગના કેસરી સાફામાં, સાત્વિક શ્વેત છોગારૂપે મૂર્ધન્ય સ્થાન ભોગવે છે. રમણભાઇએ પણ અતિથિને ભૂખ્યા રાખ્યાનો એકરાર કરીને ભાવસંશુદ્ધિરૂપી માનસિક તપનો પરિચય આપ્યો છે.

વિદ્યાવ્યાસંગી પંડિત પ્રો. ગૌરીપ્રસાદ ઝાલાનું જીવન સંસ્કૃતના ઉપાસક વિદ્યાર્થીઓ માટે ગંગાના નીર જેવું નિર્મળ, શીતલ, અને પવિત્ર છે.ચાર નાગર ગૃહસ્થો વિધુર થયા: ઉછંગરાય ઢેબર, નાનાભાઇ ભટ્ટ, રામનારાયણ પાઠક અને ગૌરીપ્રસાદ ઝાલા. તેમાં રામનારાયણ પાઠકે અને નાનાભાઇ ભટ્ટે બીજું લગ્ન કર્યું. લગ્ન કરીને નાનાભાઇ તો પોતાની ઉપર જ ટીકાપ્રહાર કરે છે. ચારે નાગર ગૃહસ્થો અત્યંત સ્વમાની, સમાજમાં માનાર્હ અને નૈતિક વૃત્તિના હતા. તેમાંથી ત્રણે ગાંધીવાદી સમાજસેવાની કર્મયોગી પ્રવૃત્તિમાં ઝુકાવેલું. જીવનભર તેઓ તેમાં ગળાબૂડ રહેલા. ત્યારે એક એકાંતપ્રિય અને 'अरतिर्जन संसदि' નો આદર્શ ધરાવનારા ચારેયના વ્યક્તિત્વમાં કેટલો ફેર છે ! ઝાલા પ્રાચીન સરસ્વતીની સ્મૃતિ સમર્પીને પોતાના વિદ્યાવ્યાસંગી જીવનની સુવાસ મૂકતા ગયા ! ફૂલને જાણ નથી હોતી કે પોતે વાતાવરણને સૌરભ સમર્પે છે. પરંતુ વાતાવરણ તો સદાય પુષ્પનું ઋણી છે. ઉપરાંત વાતાવરણમાં વિહરનારાઓ બંનેના ઋણી છે. પોતાના શિષ્યના હાથ નીચે કામ કરવા માટે પંડિત તરીકે પંકાયેલા મહાનુભાવોમાંથી કેટલા તૈયાર હશે ? માત્ર દંભ, દર્પ અને અભિમાન રહિત ઉદારચરિત આત્માઓ જ !

શ્રી અને સરસ્વતીને બનતું નથી એવી એક ઉક્તિ છે. આના વિરોધમાં આનંદશંકર ધ્રુવ, રમણલાલ નિલકંઠ, નરસિંહરાવ, ગોવર્ધનરામ અને રમણલાલ વ. દેસાઇને ઉદાહરણ તરીકે મૂકી શકાય. છતાંય આ પાંચેય મહાનુભાવો પચાસ કે પાંચસો સારસ્વતો આગળ અપવાદ પણ ગણાય. પંડિત ધીરજલાલ ટોકરશી શાહનું જીવન ઉપર્યુક્ત પ્રચલિત માન્યતાને સત્ય સાબિત કરે છે. જો કે ઉત્તરાવસ્થામાં તેઓ આર્થિક દૃષ્ટિએ સુખી થયા હતા ખરા. પંડિતજીની વિશેષતા તેમના શતાવધાની હોવામાં તથા જૈનધર્મીય લેખક હોવામાં છે. તેઓ મંત્ર, તંત્ર અને યંત્ર ( કાગળ ઉપર ચીતરેલી ગૂઢ સાંકેતિક આકૃતિઓ) ના પણ સારા અનુભવી હતા. આવા સેંકડો ધાર્મિક પુસ્તકોના લેખક તેમની જુવાનીના આરંભમાં અમદાવાદના કોંગ્રેસ હાઉસના નિયમિત મુલાકાતી હતા ! તિલક કે ગાંધીજીની જેમ રાજકારણના રસિયાંઓ અને જેલના જાત્રાળુઓમાંથી કોડીબંધ યુવાનો ધાર્મિક ક્ષેત્રમાં અંતે પહોંચી ગયા છે. આ વાતનો પંડિત ધીરજલાલ ટોકરશી શાહ એક દાખલો છે.

જ્યોતીન્દ્ર દવેના આ સંસ્મરણમાં તેમનું વિશાળ વાચન, અધ્યયન – અધ્યાપન, હાસ્યકાર તરીકેની નિર્દેશતા, તેમની હાજર જવાબી જેવી તેમની ઉત્તમ શક્તિઓ તથા પ્રવૃત્તિઓ વિશે તો માહિતી છે જ પરંતુ તેમના આરોગ્ય વિશે લેખકે જે અંગત માહિતી આપી છે તેની જાણ ઓછા ગુજરાતીઓને હશે. નબળી પ્રકૃતિને અંગે તેમણે વાંચેલા આયુર્વેદ, યુનાની, એલોપથી અને હોમિયોપથીના ગ્રંથોનું એમનું

# આહલાદક હૃદયસ્પર્શી

**□ ડૉ. હસમુખ દોશી**

થોડા સમય પહેલાં ડૉ. રમણલાલ ચી. શાહ કૃત ' વંદનીય હૃદયસ્પર્શ ' નામનું પુસ્તક રસપૂર્વક વાંચી ગયો હતો. સાહિત્યકારો, પત્રકારો, તત્ત્વચિંતકો વગેરેને શ્રદ્ધાંજલી આપતા ' પ્રબુદ્ધ જીવન ' માં પ્રગટ થયેલા આ લેખો વાંચીને ચરિત્રલેખન વિશે જે થોડા વિચારો સ્ફૂર્યા છે તે અહીં લખું છું.

વર્ષો પહેલાં સદગત શ્રી રમણલાલ દેસાઇ વિશે શોધ પ્રબંધ લખતો હતો ત્યારે તેમના' તેજચિત્રો' પુસ્તક સંબંધે લખવાનું હતું. 'તેજચિત્રો' અને પછી મરણોત્તર 'માનવ સૌરભ' નામે બે ગ્રંથોમાં એ મૂલ્યનિષ્ઠ સાહિત્ય સર્જકે કેટલીક વિભુતિઓ વિશે તો કેટલીક સામાન્ય વ્યક્તિઓની અસામાન્યતા વિશે સમભાવશીલ ઉદાર નિરૂપણ કર્યું છે. જે તે વ્યક્તિનાં ચરિત્રની રેખોઓ દોરવા જતાં રમણલાલ દેસાઇ પોતાના વ્યક્તિત્વને ચરિત્રભૂત વ્યક્તિ સાથે Involve કરવાનું ટાળે છે. કોઇ પણ વ્યક્તિનું દોષ દર્શન એ ગુણાનુરાગી લેખક જતું કરે છે. ડૉ. રમણભાઇ શાહે જાણ દોષ દર્શનને મહદ્ અંશે ટાળ્યું છે, પણ ચરિત્રભૂત વ્યક્તિ સાથે એમનું Involvement તાદાત્મ્ય વારંવાર પ્રગટ થતું રહે છે. એથી ચરિત્ર નિરૂપણમાં કદાચ પરલક્ષિતા જળવાતી નથી, પણ આ પ્રકારના તાદાત્મ્યથી ચરિત્રભૂત વ્યક્તિની રેખાઓ વધારે જીવંત અને શ્રદ્ધેય બને છે. એ તેમનો મોટો લાભ છે. એ રીતે સમગ્ર ચરિત્રલેખનમાંથી Personal Essay રસલક્ષી નિબંધ કે અંગત નિબંધના લક્ષણો પ્રગટ થાય છે. એ તેમાંથી ઉત્પન્ન થતો બીજો મોટો લાભ છે. અને જ્યાં અંગત નિબંધના લક્ષણો પ્રગટ થાય ત્યાં સમગ્ર લખાણ શાસ્રીય કે સંશોધનાત્મક બનવાને બદલે સૌંદર્યલક્ષી કે રસાત્મક બન્યા વગર ન રહે. અને એટલે તો ઉપરોક્ત પુસ્તકનાં ચરિત્રલેખો ' પ્રબુદ્ધ જીવન ' માં પ્રગટ થતા હતા ત્યારે વાંચેલા હોવા છતાં તે ગ્રંથાકારે વાંચવાનું પ્રલોભન ટાળી ન શકાયું. ડૉ. રમણભાઇ શાહની લખાવટમાં રહેલી નિષ્પ્રયત્નતા એક નિર્દંભ સરળ શૈલીનું રસાળ દર્શન કરાવે છે. અને એટલે આ લખાણો પૂર્વે વાંચ્યા હોવા છતાં ફરી ન વાંચવાનો મોહ છોડી શકાયો નહિ. રોબર્ટ લીન્ડ, મેક્સ બીરબોમ અને એ. જી. ગાર્ડીનર જેવા વીસમી સદીના અંગ્રેજી અંગત નિબંધના સર્જકોની મોહિની લગભગ ઓસરી જવામાં હતી. તે મોહિની આ ચરિત્ર નિબંધોને કારણે ફરીને જાગ્રત થઇ તે એમની સુભદ્ર સ્વાભાવિક શૈલીનો પરમ આવિષ્કાર દર્શાવે છે.

આન્દ્ર મોર્વા પોતાના પુસ્તક Aspects of Biography માં નોંધે છે : The Modern biographer, if he is honest, will not allow himself to think: 'Here is a great writer; round his name a legend has been built; it is on the legend, and on the legend alone, that a wish to dwell. No, He thinks rather : Here is a Man, I posses a certain number of documents, and certain amount of evidence about him. I am going to attempt to draw a true portrait. What will this portrait be? I have no idea. I don't want to know before I have actually drawn it.

આન્દ્ર મોર્વા એવી ચરિત્રભૂત વ્યક્તિઓ વિશે નોંધે છે. જેમના જીવનને ભૂતકાળ ભરખી ગયો છે. એવી વ્યક્તિઓ વિશે પ્રામાણિક માહિતી બહુ હોતી નથી. અનુમાનોની અને દંતકથાઓની ભૂમિકા ઉપર ચણાયેલી આવી ઇમારતો પછી બહુ શ્રદ્ધેય લાગતી નથી. કેમ કે તેમાં નિર્ભેળ સત્ય હોતું નથી. બર્નાર્ડ શૉ અને કિશોરલાલ મશરૂવાળા જેવા ચિંતકો વારંવાર નોંધે છે તેમ ઇતિહાસ ક્દાપિ સાચો હોતો નથી. અરે, આપણી નજીકના ભૂતકાળ સંબંધે કેટલાય લેખકો જ્યારે લખતાં હોય છે ત્યારે તેમાં ઘણી ભૂલો, હકીકત દોષો હોય એમ જોવા મળ્યું છે. શાસ્રીય ચોકકસાઇ કે સંશોધનાત્મક સત્યને જાળવવાનું સામાન્ય લેખકોનું ગજું હોતું નથી. અને એટલે ગાંધીજી કે અન્ય તત્કાલીન મહાનુભાવોના ચરિત્ર લેખનમાં સત્યની ઠીક વિડંબના થતી હોય છે. સદ્‌ભાગ્યે ડૉ. રમણભાઇ શાહે એવી વ્યક્તિઓ વિશે લખ્યું છે જે ભૂતકાળમાં વિલીન થઇ ગઇ હોવા છતાં એમનાથી બહુ દૂર ન હોય. એમના જીવનખંડને એ વ્યક્તિઓ જ્યાં જ્યાં સ્પર્શી ગઇ હોય તેને એમણે પ્રકાશિત કરેલ છે એટલે તેમાં સત્યની કે તથ્યની ઉપેક્ષા થવાનો સંભવ ઓછો રહે છે.

સુવિખ્યાત લોકપ્રિય લેખક સમરસેટ મોમે પોતાની Classic ગણાયેલી નવલકથા RAZOR'S EDGE ના આરંભમાં લખ્યું છે કે માણસનું મૂલ્ય તેના મૃત્યુ પછી 'મટન' જેવું થઇ જતું હોય છે. તેનામાં રહેલી સજ્જનતા કે દુર્જનતાનો પછી બહુ હિસાબ રહેતો નથી. એટલે જ તો કદાચ પોતાના જીવનકાળ માં મહાખટપટી, કુટિલ અને સ્વાર્થી ગણાયેલા રાજકારણીઓની પુણ્યતિથિઓ, સ્મારક સભાઓ, તૈલચિત્રો ને બાવલાંઓ, તેમનાં નામ સાથે જોડાયેલાં પારિતોષિકોને ટપાલટિકિટો વગેરેનું આયોજન કરવામાં નહિ આવતું હોય ? અપવાદો બાદ કરતાં આ ચરિત્રભૂત વ્યક્તિઓ નજીકના ભવિષ્યમાં ભૂલાઇ જવાની છે. એવી વ્યક્તિઓમાં જે અસમાન્યતા રહેલી હતી તે ડૉ. રમણભાઇએ અનુભૂતિની તીવ્રતા સાથે બતાવી આપી છે. અગરચંદજી નાહટા, પરમાનંદ કાપડિયા, મેડમ સોફિયા વાડિયા, ગૌરી પ્રસાદ ઝાલા, યજ્ઞેશ શુક્લ, ઉમેદભાઇ મણિયાર, મનસુખલાલ મહેતા, મૂળશંકર ભટ્ટ કે રંભાબહેન ગાંધી વગેરેનાં ચરિત્રાંકનો આ પ્રકારનાં છે. કાળનું ચક્ર ફરી વળશે અને તેઓ વિસ્મૃત થઇ જશે. ત્યારે તેમના વ્યક્તિત્વમાં રહેલી ગરિમા આ આહલાદક નિરૂપણો દ્વારા પ્રસરતી રહેશે.

લોક સાહિત્ય અને પછાત વર્ગોનાં દુ:ખ દર્દો ગાવામાં પ્રવૃત્ત રહેનાર ઝવેરચંદ મેઘાણીની ઐતિહાસિક નવલકથા ' ગુજરાતનો જય ' વાંચીને મારા એક બહુ નિકટના આપ્તજન સ્વાભાવિક રીતે બોલી ઉઠેલા કે વસ્તુપાલ તેજપાલનું ગૌરવ આ નવલકથાનું અપૂર્વ સૌંદર્ય દર્શન છે. દુનિયામાં આવી કેટલીક વ્યક્તિઓ થઇ ગઇ છે. એટલે જ તો આ પૃથ્વી પોતાનો ભાર વેંઢારતી નહિ રહી હોય ? આવી યશસ્વી વ્યક્તિઓ જ માનવ ઇતિહાસનાં કલંકિત પ્રકરણોને ભૂલી જવાનું કહે છે. ને માણસને જીવતો રાખે છે. સમાજમાં એવી કેટલીક અજ્ઞાત અબોધ વ્યક્તિઓ હોય છે. જેમની અસામાન્યતાનું દર્શન કરાવવાનો જે પુરુષાર્થ કરી શકે એ સાચો સાહિત્યકાર છે.

☆ ☆ ☆

**આનંદઘનજીનાં સ્તવનો-ભક્તિ સંગીત**
**અને પ્રવચનનો કાર્યક્રમ**

સંઘના ઉપક્રમે આનંદઘનજીનાં સ્તવનોનો ભક્તિ સંગીત અને પ્રવચનનો કાર્યક્રમ નીચે પ્રમાણે યોજવામાં આવ્યો છે.

| | | |
|---|---|---|
| **ભક્તિસંગીત** | : | **શ્રીમતી પૂર્ણિમાબહેન સેવંતીલાલ શેઠ** |
| **પ્રવચન** | : | **ડૉ. રમણલાલ ચી. શાહ** |
| **દિવસ** | : | **મંગળ, બુધ, ગુરુ તા. ૨૨, ૨૩, ૨૪, જાન્યુઆરી, ૧૯૯૧** |
| **સમય** | : | **સાંજના ૪-૦૦ કલાકે** |
| **સ્થળ** | : | **પરમાનંદ કાપડિયા સભાગૃહ** ૩૮૫, સરદાર વલ્લભભાઇ પટેલ માર્ગ, મુંબઇ-૪૦૦ ૦૦૪. |

પ્રત્યેક દિવસે પસંદ કરેલા બે ત્રણ સ્તવનનું ભક્તિસંગીત સહિત ગાન થશે અને તેનું રહસ્ય સમજાવવામાં આવશે. શ્રોતાઓને સ્તવનની નકલ સભામાં આપવામાં આવશે.

સર્વેને પધારવા વિનંતી છે.

**રમાબહેન વોરા** — **સંયોજક**

**નિરુબહેન એસ. શાહ**
**પ્રવીણચંદ્ર કે. શાહ**
**મંત્રીઓ**

નોંધ : આનંદઘનજી વિશેના અગાઉના કાર્યક્રમોમાં લેવાયેલાં સ્તવનો સિવાયનાં બાકીનાં સ્તવનોમાં છ થી સાત સ્તવનો રજૂ કરવામાં આવશે.

વર્ષ : ૨ ● અંક - ૨ ● તા. ૧૬-૨-૧૯૯૧ Regd. No. MH. BY / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂ. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

### ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં પંજાબમાં મોટી ક્રાંતિ કરનાર જાટ જાતિના જૈન સાધુ

## શ્રી બુટેરાયજી મહારાજ

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં ગુજરાત, રાજસ્થાન અને પંજાબમાં જૈન ત્યાગી સંયમી સાધુઓની સંખ્યા અલ્પ થઇ ગઇ હતી. જૈન યતિઓનો પ્રભાવ-પ્રચાર ઘણો વધી ગયો હતો. તે વખતે જન્મે જૈન ન હોય એવા પંજાબના મહાત્માઓએ ગુજરાતમાં આવી, સંવેગી દીક્ષા ધારણ કરી સનાતન શુદ્ધ જૈન ધર્મનો ડંકો વગાડયો. તેમાં અગ્રેસર હતા પૂજ્ય શ્રી બુટેરાયજી મહારાજ. ત્યાગ વૈરાગ્યની સાચી ભાવના, શાસ્ત્ર જ્ઞાનની તીવ્ર ભૂખ, સામાજિક નીડરતા, સાચું આત્માર્થીપણું, તેજસ્વી અને પ્રતાપી મુખમુદ્રા ધરાવનાર શ્રી બુટેરાયજી મહારાજનો એ જમાનામાં જૈન ધર્મના પુનરુત્થાનમાં અનન્ય ફાળો રહ્યો છે.

શ્રી બુટેરાયજી મહારાજનો જન્મ પંજાબમાં લુધિયાના પાસે દુલુઆ નામના ગામમાં વિ.સં. ૧૮૬૩ માં થયો હતો. તેમના પિતાશ્રીનું નામ ટેકસિંહ હતું. તેઓ જાટ જાતિના હતા. તેઓ જમીનદાર હતા અને ગામના મુખી હતા. તેમનું ગોત્ર ગિલ હતું. ટેકસિંહનાં પત્નીનું નામ કર્મો હતું. તેઓ પંજાબમાં પતિયાલા રાજ્યનાં જોધપુર નામના ગામનાં વતની હતાં.

ટેકસિંહ અને કર્મોનું દામ્પત્યજીવન સુખી હતું, પરંતુ તેમને એક વાતનું મોટું દુઃખ હતું. તેમને સંતાન થતાં, પણ જીવતાં રહેતાં નહિ. જન્મ પછી બાળક પંદર-વીસ દિવસે ગુજરી જતું. આથી તેઓ ઘણાં નિરાશ થઇ ગયાં હતાં.

એક દિવસ ગામમાં કોઇ સંન્યાસી મહારાજ પધાર્યા હતા. તેઓ સિદ્ધ વચની તરીકે ઓળખાતા હતા. ટેકસિંહ અને કર્મો તેમની પાસે ગયાં અને પોતાનાં દુઃખની વાત કરી. તે વખતે એ સંન્યાસી મહારાજે તેમને આશીર્વાદ આપીને આગાહી કરતાં કહ્યું કે ' તમારે હવે એક સંતાન થશે. તે પુત્ર હશે. તમારો એ પુત્ર જીવશે, પરંતુ તે સાધુ-સંન્યાસી થઇ જશે. એને સાધુ-સંન્યાસી થતાં તમે અટકાવતાં નહિ.'

સાધુ મહારાજના આશીર્વાદથી ટેકસિંહ અને કર્મોને બહુ આનંદ થયો. તેમણે કહ્યું, ' ગુરુ મહારાજ ! અમારો દીકરો જો જીવતો રહે તો પછી ભલેને એ સાધુ-સંન્યાસી થાય. એથી અમને તો આનંદ જ થશે. એને જોઇને અમારું મન ઠરશે, અમારું જીવ્યું લેખે લાગશે. અમે વચન આપીએ છીએ કે એને સંન્યાસી થતાં અમે અટકાવીશું નહિ. '

ત્યાર પછી સં. ૧૮૬૩ માં તેમના ઘેર બાળકનો જન્મ થયો. બાળક અત્યંત તેજસ્વી હતું. પતિ પત્ની બાળકને લાડકોડથી ઉછેરવા લાગ્યાં. પંદર-પચીસ દિવસ થવા છતાં બાળકને કશું થયું નહિ, એથી તેમનો ડર નીકળી ગયો. તેમનો ઉત્સાહ વધી ગયો. સાધુ મહાત્માનું વચન જાણે સાચુ પડતું હોય તેવું લાગ્યું. એમ કરતાં બાળક મોટું થવા લાગ્યું.

બાળકનું નામ 'ટલસિંહ' રાખવું એવી ભલામણ સાધુ મહાત્માએ કરી હતી. પંજાબી ભાષામાં 'ટલ' એટલે વાજિંત્ર. સાધુ મહાત્માએ કહ્યું હતું કે આ બાળક જયારે મોટા સાધુ સંન્યાસી થશે ત્યારે તેઓ જયાં હશે ત્યાં તેમની આગળ બેન્ડવાજા વાગતાં હશે. માટે બાળકનું નામ ટલસિંહ રાખશો. એટલે માતાપિતાએ બાળકનું નામ ટલસિંહ રાખ્યું. પરંતુ લોકો માટે આવું નામ તદ્દન નવીન અને અપરિચિત હતું. પંજાબના લોકોમાંથી લશ્કરમાં-દલમાં જોડનારા ઘણા હોય છે એટલે બાળકનું નામ ટલસિંહને બદલે દલસિંહ પ્રચલિત બની ગયું. જો કે આ નામ પણ વધુ સમય ચાલુ રહ્યું નહિ, કારણ કે માતાપિતા એક ગામ છોડીને બીજે ગામ રહેવા ગયાં. ત્યાં શેરીનાં છોકરાઓએ ટલસિંહનું નામ બુટાસિંહ કરી નાખ્યું.

લોકો બાળકના નામ માટે આજે જેટલા સભાન છે તેટલા ત્યારે નહોતા. સરકારી દફતર વગેરેમાં અધિકૃત નામ-નોંધણીના પ્રશ્નો ત્યારે તેટલા મહત્ત્વના નહોતા. એટલે ટલસિંહને પછીથી તો માતાપિતા પણ 'બુટા' (બુટાસિંહ) કહીને બોલાવતા.

બુટાસિંહને પોતાને બાળપણથી જ ખાવાપીવા વગેરેમાં કે બીજી આનંદ પ્રમોદની વાતોમાં બહુ રસ પડતો નહોતો. એમને સાધુ-સંન્યાસીઓની સોબતમાં અને ત્યાગ-વૈરાગ્યની વાતોમાં વધુ રસ પડતો હતો.

દલુઆ નાનુ સરખું ગામ હતું. ત્યાં પ્રાથમિક શાળા પણ નહોતી એટલે બુટાસિંહને શાળામાં અભ્યાસ કરવાની કોઇ તક મળી નહોતી. ગામમાં શીખધર્મનું મંદિર-ગુરુદ્વારા હતું. બુટાસિંહનાં માતા-પિતા શીખધર્મ પાળતાં હતાં અને ગુરુદ્વારામાં જતાં.

બુટાસિંહ જયારે આઠેક વર્ષના થયા ત્યારે એમના પિતાનું અવસાન થયું હતું. હવે કુટુંબમાં માત્ર માતા અને પુત્ર બે જ રહ્યાં હતાં. માતા પોતે જયારે ગુરુદ્વારામાં જતી ત્યારે તે સાથે નાના બાળક બુટાસિંહને લઇ જતી. નિયમિત ગુરુદ્વારામાં જવાને કારણે માતાની સાથે બુટાસિંહ પણ ધર્મ પ્રવચન કરનાર ગ્રંથિ સાહેબ જે ધર્મોપદેશ આપતા તે સાંભળતા હતા. વળી બપોરે બુટાસિંહ ગુરુદ્વારામાં જતા. ત્યાં છોકરાઓને શીખોની ગુરુમુખી ભાષાલિપિ શીખવવામાં આવતી. આમ કરતાં કરતાં બુટાસિંહને ગુરુમુખી ભાષા લખતાં વાંચતાં આવડી ગઇ. શીખધર્મના ગ્રંથો જેવા કે 'ગ્રંથ સાહેબ,' 'મુખમણી,' 'જપુજી' વગેરે વાંચવાની તક પણ તેમને સાંપડી. વળી ગુરુદ્વારામાં પધારનાર સંતોનો પરિચય પણ થવા લાગ્યો. આમ રોજ નિયમિત ગુરુવાણીના શ્રવણ દ્વારા વધતા જતા ધર્માભ્યાસથી બુટાસિંહને ધર્મ પ્રત્યે રુચિ વધવા લાગી.

સોળેક વર્ષની ઉંમર થઇ હશે ત્યારે એક દિવસ બુટાસિંહે પોતાની માતાને કહ્યું, 'મા ! મારે લગ્ન કરીને ઘર સંસાર માંડવો નથી. મારે સાધુ થવું છે. ' એ સાંભળતાં જ માતાને સિદ્ધવચની બાબાએ કરેલી આગાહી સાચી પડતી લાગી. બુટાસિંહે જયારે સંન્યાસ લેવા માટે માતાની આજ્ઞા માંગી ત્યારે માતાએ એમને સમજાવતાં કહ્યું, 'બેટા, મારા જીવનનો તું જ એક માત્ર આધાર છે. તારા પિતાનો સ્વર્ગવાસ થયો છે. તારે બીજાં કોઇ ભાઇ-બહેન નથી. એટલે તું ઘરની અંદર પણ સંન્યાસી તરીકે રહી શકે છે. તારો સ્વભાવ

જોતાં હું તને લગ્ન કરવાનું ક્યારેય કહીશ નહિ. તારા માટે સિદ્ધવચની મહાત્માએ કરેલી આગાહી હું જાણું છું. તું સાધુ થશે એ વાત સાચી છે, પરંતુ તું ઘરમાં રહીને સાધુપણું પાળી શકે છે. એમ કરશે તો મને પણ સહારો રહેશે. તારે જો સાધુ થવું હોય તો મારા ગયા બાદ તું થજે. '

બુટાસિંહે કહ્યું, 'માતાજી ! ઘરમાં મારું જરા પણ મન લાગતું નથી. જીવનનો ભરોસો નથી. વળી પંજાબના ઇતિહાસમાં તો કેટલીય માતાઓએ ધર્મને ખાતર પોતાના સંતાનને અર્પણ કરી દીધાં હોય એવા દાખલા છે. માટે મને ઘર છોડીને જવાની આજ્ઞા આપો. '

એ વખતે માતાજીએ કહ્યું, ' બેટા, તું જો ઘર છોડીને જવા માટે મક્કમ હોય તો મારી તને એટલી જ સલાહ છે કે આ એક ઘરસંસાર છોડીને બીજા પ્રકારનો ઘરસંસાર તું વસાવતો નહિ. તું સાચો ત્યાગી સંન્યાસી બને એ મને વધુ ગમશે. માટે ભલે વાર લાગે, પણ તું કોઇ સાચા ત્યાગી-વૈરાગી-વિદ્વાન સાધુની શોધ કરીને પછી એમની પાસે સંન્યાસ લેજે. તને જ્યાં જ્યાં જવાનું મન થાય ત્યાં ત્યાં તેવા સંન્યાસીઓ પાસે જઇને રહેજે અને તારું મન ન ઠરે તો ઘરે પાછો આવતો રહેજે. આ ઘર તારું જ છે. અને તારે માટે હંમેશાં ખુલ્લું જ છે. તું જે મહાત્મા પાસે સંન્યાસ લેવાનું નક્કી કરે એની પહેલાં મને વાત કરજે અને પછી સંન્યાસ લેજે. '

માતાની આજ્ઞા મળતાં બુટાસિંહે સદ્‌ગુરુની શોધ શરૂ કરી. જ્યાં કંઇથી માહિતી મળતી તો તે સાધુ મહાત્માને મળવા માટે તેઓ દોડી જતા અને એમની સાથે થોડા દિવસ રહેતા. એ રીતે તેઓ કોઇ કોઇ વખત શીખધર્મગુરુ સાથે રહ્યા, કોઇ વખત ફકીરો સાથે રહ્યા, કોઇ નાથ સંપ્રદાયના બાવાઓ સાથે રહ્યા, કોઇ વખત ધૂણી ધખાવનાર અને ચરસગાંજો પીનાર ખાખી બાવાઓ સાથે રહ્યા, પરંતુ તેમને ક્યાંય પૂરો સંતોષ થતો નહિ. સંન્યાસીઓની સાથે રહેવાથી તે તે સંન્યાસીઓના સ્વભાવની વિચિત્રતાઓ કે મર્યાદાઓનો અને તેમના જીવનમાં ધન, મિલકત, કીર્તિ, નારી કે એવા કોઇ માટે રહેલી વાસનાઓનો પરિચય થતો. તેઓ ઘરે આવીને પોતાની માતાને દરેકના અનુભવની વાત કરતા, માતા તેમને આશ્વાસન આપતાં કહેતી કે 'બેટા, ભલે મોડું થાય, ભલે જવા આવવાનો ખર્ચ વધુ થાય, પણ તું ફિકર કરતો નહિ. આ ઘર તારું જ છે. માટે સદ્‌ગુરુની શોધમાં ઉતાવળે નિર્ણય લેતો નહિ.'

આ રીતે બુટાસિંહે પંજાબમાં ઠેઠ કાંગડા અને કુલુ-મનાલી સુધી અને બીજી બાજુ જમ્મુ અને કાશ્મીર સુધી સાત-આઠ વર્ષ સુધી ઘણી રખડપટ્ટી કરી, કેટલાય સંન્યાસી, ફકીર, લિંગિયા, નાથ, જોગી વગેરેનો સંપર્ક કર્યો, પરંતુ ક્યાંય એમનું મન ઠરતું નહિ. ઘણા ખરા તો ગાંજો, ચરસ, અફીણ, ભાંગ વગેરેના વ્યસની હતા. કેટલાક તો ધન દોલત અને પરિવારવાળા હતા. એમનું અંગત જીવન જોઇને એમની પાસે સંન્યાસ લેવાનું મન થતું નહિ. એમ કરતાં બુટાસિંહની ઉંમર ચોવીસ વર્ષની થવા આવી.

એક દિવસ કોઇકની પાસે બુટાસિંહે સાંભળ્યું કે મોઢે વસ્ત્રની પટ્ટી બાંધનાર જૈન સાધુઓમાં નાગરમલજી નામના એક સાધુ મહાત્મા ઘણી ઊંચી કોટિના છે. બુટાસિંહે એમનો સંપર્ક સાધ્યો. સ્થાનકમાર્ગી એ જૈન સાધુ 'બાવીસ ટોળાવાળા' તરીકે ઓળખાતા હતા. ત્યારે સાધુઓના સમુદાય માટે 'ટોળા' કે 'ટોળી' શબ્દ વપરાતો અને સાધુ માટે ઋષિ કે રીખ શબ્દ વપરાતો. પંજાબમાં ત્યારે સ્થાનકવાસી સાધુઓના મુખ્ય બે સમુદાય હતા. બીસ તોલા અને બાઇસ તોલા. ઋષિ મલુકચંદજીના ટોળાના ઋષિ નાગરમલજીના પરિચયમાં આવતાંની સાથે એમના સરળ, નિર્દંભ, ત્યાગી, સંયમી જીવનથી બુટાસિંહ પ્રભાવિત થયા. વળી તેમનું પ્રવચન સાંભળતાં પણ બુટાસિંહને ખાતરી થઇ કે આ સાધુ મહાત્મા વિદ્વાન છે, ત્યાગી છે, સંયમી છે. અને સિદ્ધાંતોના જાણકાર છે. યુવાન, તેજસ્વી બુટાસિંહની સંયમની રુચિ અને શાસ્ત્રજ્ઞાનની સાચી જિજ્ઞાસાનો ઋષિ નાગરમલજીને પણ પરિચય થયો. ઘરે આવીને પોતાની માતાને મુનિ નાગરમલજીની વાત કરી. એ સાંભળીને માતાજીએ એમને નાગરમલજી પાસે દીક્ષા લેવાની અનુમતિ આપી.

ઋષિ નાગરમલજી તે સમયે પંજાબમાં વિચરતા અને મોટો સમુદાય ધરાવતા સ્થાનકમાર્ગી મહાત્મા ઋષિ મલુકચંદજી મહારાજની ટોળીના સાધુ હતા. વિહાર કરતાં કરતાં તેઓ દિલ્હી પહોંચ્યા હતા. એમની પાસે દીક્ષા લેવા બુટાસિંહ દિલ્હી ગયા. દિલ્હીમાં ગુરુ મહારાજ નાગરમલજીએ એમને વિ. સં. ૧૮૮૮ માં ૨૫ વર્ષની ઉંમરે દીક્ષા આપી. એમનું નામ ઋષિ બુટેરાયજી મહારાજ રાખવામાં આવ્યું.

બુટેરાયજી મહારાજે પોતાના ગુરુ મહારાજ નાગરમલજી સાથે દિલ્હીમાં ચાતુર્માસ કર્યું. ચાતુર્માસ દરમિયાન નાગરમલજીએ આચારાંગ સૂત્ર અને સૂયગડાંગ સૂત્ર ઉપર વ્યાખ્યાનો આપતા હતા. એ વ્યાખ્યાનો બુટેરાયજી ધ્યાનપૂર્વક સાંભળતા હતા. વળી એ સૂત્રોની પોથીઓ લઇને ગુરુ મહારાજ પાસે બેસીને તેઓ વ્યવસ્થિત અધ્યયન કરવા લાગ્યા હતા. બીજા ચાતુર્માસ દરમિયાન સંસ્કૃત અને અર્ધમાગધી ભાષા પણ એમણે શીખી લીધી હતી. વળી, પોતાની મેળે આગમગ્રંથો વાંચવાની સજ્જતા તેઓ પ્રાપ્ત કરતા જતા હતા. એમની તીવ્ર સમજશક્તિ, વધુ અધ્યયન માટેની લગની, અઘરા વિષયોની ગ્રહણશક્તિ, અસાધારણ સ્મરણશક્તિ વગેરે જોઇને ગુરુ મહારાજને પણ બહુ હર્ષ થતો.

આગમગ્રંથો વિશે ગુરુ મહારાજ પાસેથી સાંભળતાં સાંભળતાં બુટેરાયજી મહારાજને જૈન સાધુઓના આચાર તથા સિદ્ધાંતો વિશે કેટલાક પ્રશ્નો થતા, પરંતુ ગુરુ મહારાજ પાસેથી તેનું સમાધાન મળતું નહિ. અલબત્ત, ગુરુ મહારાજ નાગરમલજી એટલા બધા ઉદાર હતા કે પોતાની શંકાઓના સમાધાન માટે બુટેરાયજીને જ્યાં જવું હોય ત્યાં જવાની રજા આપતાં.

એ દિવસોનાં રાજસ્થાન અને પંજાબમાં સ્થાનકમાર્ગી અને તેરાપંથી સાધુઓ વચ્ચે વારંવાર વિવાદ થતો. દિલ્હીમાં એ વખતે તેરાપંથી સાધુ જિતમલજી હતા. બુટેરાયજીને તેમની પાસે જવાની જિજ્ઞાસા થઇ. ગુરુ મહારાજની આજ્ઞા લઇને તેઓ તેમને મળવા ગયા. તેમની સામાચારી જોઇને તેઓ પ્રભાવિત થયા. અને પાછા આવીને પોતાના ગુરુ મહારાજને તે વિશે વાત કરી. નાગરમલજી ઉદાર મનના હતા, છતાં બુટેરાયજી તેરાપંથી સાધુઓના વધુ સંસર્ગમાં આવે એ વાત એમની ગમી નહિ.

બુટેરાયજી યુવાન સત્યશોધક સાધુ હતા. તેઓ તેરાપંથી સાધુઓ પાસે જવા ઇચ્છતા હતા. એમની પાકી મરજી જોઇ સરળ પ્રકૃતિના ઋષિ નાગરમલજીએ છેવટે આજ્ઞા આપી. બુટેરાયજી તેરાપંથીના સાધુ પાસે ફરીથી ગયા. ત્યારપછી મુનિ જિતમલજી દિલ્હીથી વિહાર કરીને જોધપુર ચાતુર્માસ કરવાના હતા. બુટેરાયજીએ જોધપુર જવાની આજ્ઞા માંગી. ગુરુ મહારાજને ગમ્યું નહિ, તેમ છતાં તેમણે જોધપુર જવા માટે આજ્ઞા આપી. બુટેરાયજીએ વિહાર કરી જોધપુર પહોંચી મુનિ જિતમલજી સાથે ચાતુર્માસ કર્યું. ચાતુર્માસમાં સતત સાથે રહેવાને કારણે તથા વિચાર વિનિમયને કારણે ત્યાં પણ તેમને કેટલાક પ્રશ્નો થયા, જેનું સમાધાન મુનિ જિતમલજી કરી શક્યા નહિ. બુટેરાયજી મહારાજને કેટલીક અપેક્ષાએ સ્થાનકવાસી સાધુઓ કરતાં તેરાપંથી સાધુઓ ચડિયાતા લાગ્યા અને કેટલીક અપેક્ષાએ તેરાપંથી સાધુઓ કરતાં સ્થાનકવાસી સાધુઓ ચડિયાતા લાગ્યા. આથી એમનું મન ડામાડોળ રહેવા લાગ્યું તેઓ પોતાના સ્થાનકવાસી ગુરુ નાગરમલજી સાથે રહેવાનું નક્કી કરીને જોધપુરથી વિહાર કરીને પાછા દિલ્હી આવી પહોંચ્યા. દિલ્હીમાં એમણે ગુરુ મહારાજ સાથે બે ચાતુર્માસ કર્યાં.

વૃદ્ધાવસ્થા અને નાદુરસ્ત તબિયતના કારણે ઋષિ નાગરમલજીએ દિલ્હીમાં જ સ્થિરવાસ કર્યો હતો. બુટેરાયજી એમની પાસે પાછા આવ્યા હતા. પરંતુ ગુરુ મહારાજનો પહેલાં જેટલો ઉલ્લાસભર્યો ભાવ હવે જણાયો નહિ. તો પણ બુટેરાયજી દંભ-કપટ વિના સરળતાથી ગુરુ મહારાજ સાથે રહીને તેમની વૈયાવચ્ચ કરવા લાગ્યા. બુટેરાયજીએ ગુરુ મહારાજને વિનંતી કરી કે તેઓ પોતાને વધુ શાસ્ત્રાભ્યાસ કરાવે. પરંતુ ગુરુ મહારાજ હવે મન મૂકીને શાસ્ત્રાભ્યાસ કરાવતા હોય એવું બુટેરાયજીને લાગતું નહિ.

કેટલાક સમય પછી ગુરુ મહારાજ વધુ બીમાર પડયા. બુટેરાયજીએ દિવસ રાત જોયા વગર અથાગ પરિશ્રમપૂર્વક એમની સેવા ચાકરી કરી, તેમનાં ઠલ્લો-માત્રુ પણ તેઓ જરાપણ કચવાટ વગર, બલકે હોંશથી સાફ કરતા અને આસપાસ ક્યાંય જવું હોય તો બુટેરાયજી તેમને ઊંચકીને પોતાના ખભા ઉપર બેસાડીને લઇ જતા. રોજ ઉજાગરા થતા તો પણ તેઓ ગુરુ મહારાજની પાસે ખંતથી ઉત્સાહથી અને ગુરુ સેવાના ભાવથી બેસી રહેતા અને તેમની સતત સંભાળ રાખતા અને રાત્રે જ્યારે જ્યારે સમય મળે ત્યારે પોતે ગોખેલાં સૂત્રો, થોકડા, બોલ વગેરે બોલીને યાદ કરી લેતા. બુટારાયજીની વૈયાવચ્ચ નાગરમલજી મહારાજના હૃદયને સ્પર્શી ગઇ. તેમના હૃદયનું પરિવર્તન થયું. અંતિમ સમયે એમણે કહ્યું, બુટા, તેં મારી બહુ સેવા

( અનુસંધાન પૃષ્ઠ - ૧૦ )

# ગાંધી વિચારની પ્રસ્તુતતા

☐ ચી. ના. પટેલ

દરેક યુગને પોતાના પ્રશ્નો હોય છે અને તેમનો ઉકેલ તે તે યુગના સંસ્કાર નેતાઓ અને બૌદ્ધિકોના ચિંતનમાંથી મળી રહે છે. આજના યુગના પ્રશ્નોના ઉકેલ માટે જે ચિંતકોએ ફાળો આપ્યો છે તેમાં ગાંધીજીનો ફાળો સૌથી વધુ મહત્ત્વનો છે. ભારત અને જગતની બીજી બધી પ્રજાઓ ગાંધીજીના એ પુરુષાર્થમાંથી પોતાના પ્રશ્નોના ઉકેલ માટે પ્રેરણા મેળવી શકે છે.

આપણા આજના પ્રશ્નોનું મૂળ છેલ્લાં ત્રણસો વર્ષ દરમિયાન માણસની તર્કબુદ્ધિના વિકાસમાં અને એ બુદ્ધિએ મેળવેલી ભૌતિક વિજ્ઞાનની સિદ્ધિઓમાં રહેલું છે. તર્કબુદ્ધિએ મધ્યયુગી માનસના વહેમો દૂર કર્યા, પણ સાથે સાથે તેણે જૂની ધર્મશ્રદ્ધાને પણ ક્ષીણ કરી. વિજ્ઞાનની સિદ્ધિઓએ માણસના ભૌતિક જીવનનાં કષ્ટો દૂર કર્યા, પણ તે સાથે તેણે માણસને ભોગપ્રેમી બનાવ્યો. જૂની ધર્મશ્રદ્ધા માણસના જીવનને મૃત્યુ પછીના જીવન માટે તૈયારી રૂપ ગણતું, હવે આપણે જે મળે તે ભોગવી લો, કાલ કોણે જોઇ છે, એમ માનતા થયા છીએ. આ મનોવૃત્તિનાં જગતમાં બધે વિષમ પરિણામ આવ્યાં છે. માણસની ભૌતિક સુખ માટેની લાલસા એટલી ઉત્કટ બની છે કે તે અસંતોષ અને અતૃપ્તિની લાગણીઓથી પીડાઇ રહ્યો છે, માનવીય સંબંધોમાંથી મળતા સાત્ત્વિક સુખનો આનંદ ગુમાવી બેઠો છે, ધનિકો અને ગરીબો વચ્ચે ન પુરાય એવી ખાઇ ઊભી થઇ છે અને જગતની પ્રજાઓમાં પરસ્પર અવિશ્વાસ, દ્વેષ અને ઇર્ષ્યાનું સામ્રાજ્ય ફેલાયું છે. પરિણામે માણસ માણસ મટી પશુ બની રહ્યો છે.

ગાંધીજીનો ઉદ્દેશ માણસને પશુમાંથી ફરી માણસ બનાવવાનો હતો. એક પ્રસંગે તેમણે કહ્યું હતું, I Want to reinstate man to his original estate. "મારો ઉદ્દેશ માણસને તેના મૂળ આત્મસ્વરૂપમાં ફરી પ્રતિષ્ઠિત કરવાનો છે." પશ્ચિમના ચિંતકોએ પણ અર્વાચિન સંસ્કૃતિનાં ભયસ્થાન જોયા છે. અને તેના ઉપાયરૂપે તેમણે માનવજાત સમક્ષ નવા આદર્શો મૂક્યા છે. પણ એમનું ચિંતન માણસના મનને કેન્દ્રમાં રાખે છે, એ મનની પાછળ રહેલા આત્મતત્ત્વને નથી જોતું કે સમજતું. ગાંધીજીનો ઉદ્દેશ માણસમાં રહેલા આત્મતત્ત્વને જાગ્રત કરવાનો હતો.

એ ઉદ્દેશથી ગાંધીજીએ પોતાના અને આશ્રમના સહકાર્યકર્તાઓના જીવનઘડતર માટે કેટલાંક વ્રતોની શિસ્ત સ્વીકારી. એ વ્રતોમાં કેન્દ્રસ્થાને સત્ય અને અહિંસા હતાં. પણ એ વ્રતોનું પાલન કરતાં ગાંધીજીએ જોયું કે તેમની સાથે સંયમના બીજા નિયમો પણ આવશ્યક છે. એ નિયમોમાં તેમણે બ્રહ્મચર્ય, અસ્તેય, અપરિગ્રહ, અસ્પૃશ્યતાત્યાગ, સર્વધર્મસમભાવ, સ્વદેશી અને શરીરશ્રમનાં વ્રતોને સમાવ્યાં. માણસે ફરી માણસ બનવું હોય તો તેણે આ વ્રતોનું યથાશક્તિ પાલન કરવું જ રહ્યું. આજના ભોગપ્રધાન જીવનના સંદર્ભમાં સૌથી વધુ અગત્યનું વ્રત અપરિગ્રહનું છે. અપરિગ્રહ એટલે ઉપભોગનાં સાધનોનો સંગ્રહ ન કરવો એટલું જ નહિ, પણ પોતાની જરૂરિયાતો બને તેટલી ઓછી રાખી સાદું, સંયમશીલ જીવન જીવવું. આ વાત વ્યક્તિઓ માટે સાચી છે તેટલી જ પ્રજાઓ માટે પણ સાચી છે. પશ્ચિમના દેશોએ પોતાનું ઊંચું જીવનધોરણ જગતની નિર્બળ પ્રજાઓનું શોષણ કરીને મેળવ્યું હતું, અને તે ટકાવી રાખવા તેઓ આજે પણ એ પ્રજાઓનું શોષણ કરતા રહ્યા છે. એવું શોષણ અટકે નહિ ત્યાં સુધી જગતમાં વ્યાપી રહેલાં દ્વેષને હિંસા ઓછાં નહિ થાય. વળી પૃથ્વીની ઉત્પાદનસામગ્રી ઓછી થતી જશે તેમ રાષ્ટ્રો વચ્ચેની હરીફાઇ વધુને વધુ તીવ્ર બનતી જશે, અને અંતે ભીષણ યુદ્ધમાં સમગ્ર જગતનો નાશ થવાનો સંભવ ઊભો થશે.

ભારતે પણ પોતાની પ્રજાની ગરીબી દૂર કરવાનો પ્રયત્ન કરતાં પશ્ચિમનાં જીવનધોરણોને પહોંચવાની અભિલાષા ન રાખવી જોઇએ. તે સાથે તેણે સ્વદેશીના સિદ્ધાંતનું પાલન કરી ગરીબી દૂર કરવા પરદેશો પાસેથી મદદ માગવાને બદલે દેશમાંથી મેળવી શકાય એ સાધનોથી જ આર્થિક વિકાસ કરવાનો ઉદ્દેશ રાખવો જોઇએ. તો જ તે જગતની પ્રજાઓમાં ગૌરવભેર માથું ઊંચું રાખી જીવી શકશે. અને અસ્પૃશ્યતા ત્યાગના વ્રતનું પાલન કરી સદીઓથી ચાલી આવેલી ઊંચનીચની ભાવનાઓને તેણે તિલાંજલી આપવી પડશે. એમ કરશે તો જ તે પશ્ચિમના દેશો પાસે રંગદ્વેષનો ત્યાગ કરાવવાનો આગ્રહ રાખી શકશે. અને છેવટે તેણે શરીરશ્રમના વ્રતને અપનાવી વ્યક્તિગત જીવનમાં, શૈક્ષણિક સંસ્થાઓમાં અને સમાજમાં શરીરશ્રમનું ગૌરવ કરી પ્રજાના બધા વર્ગો વચ્ચે સાચું ઐક્ય સિદ્ધ કરવાનો પુરુષાર્થ કરવો પડશે. એમ કરીને જ તે એક પ્રજા તરીકે પોતાનું પૂરું બળ પ્રગટાવી શકશે, જગતની પ્રજાઓમાં સન્માનનું અધિકારી બનશે અને ગાંધીજીને પોતાના રાષ્ટ્રપિતા તરીકે ઓળખાવવાનું ગૌરવ લઇ શકશે.

આ ઉદ્દેશો સત્ય અને અહિંસા દ્વારા પ્રગટાવેલા બળ વડે જ સિદ્ધ કરી શકાય. માણસનાં જીવનમાં કોઇ પણ પ્રકારનું કાયમી પરિવર્તન કાયદાની મદદથી લાવી શકાતું નથી. તે માટે મોટા પાયા ઉપર લોકમત કેળવવાની જરૂર રહે છે, અને લોકમત કેળવવાનાં શ્રેષ્ઠ સાધન સત્ય અને અહિંસા છે. મનુસ્મૃતિ કહે છે, सत्येन शुध्यति मनः । આજનું મનોવિજ્ઞાન પણ એજ કહે છે. ફેર એટલો જ છે કે ગાંધીજીના મત અનુસાર અહિંસાના પાસ વાળું સત્ય જ એવી શુદ્ધિ કરી શકે.

પણ કોઇને પ્રશ્ન થશે, આપણે સામાન્ય માણસો ગાંધીજીના જેવી સત્ય અહિંસાની સાધના કેવી રીતે કરી શકીએ ? ગાંધીજી પોતે માનતા કે તેઓ જે કરી શક્યા છે તે કોઇ બાળક પણ કરી શકે. આપણે એમ તો ન કહી શકીએ, પરંતુ એટલી શ્રદ્ધા તો જરૂર રાખીએ કે દરેક વ્યક્તિ સંકલ્પ કરે તો તે યથાશક્તિ સત્ય અને અહિંસાનું પાલન કરી શકે. એમ કરતાં તેને એ સાધનામાં આગળ વધવાનું બળ મળી રહેશે. એવી અપૂર્ણ સાધનામાંથી પણ વ્યક્તિને સાત્ત્વિક સુખનો આનંદ મળશે અને એ આનંદ તેને આત્માના સ્વરૂપની ઝાંખી કરાવશે. ગાંધીજીને પોતાને એવી ઝાંખી થઇ હતી અને એમાંથી મળતો આનંદ તેમણે અનુભવ્યો હતો. શ્રીમતી વિજયાબહેન પંચોળી ઉપરના એક પત્રમાં તેમણે લખ્યું હતું, "દરેક માણસના અંતરમાં નિરંતર દિવ્ય સંગીત ચાલતું રહે છે. મેં એ સંગીત સાંભળ્યું છે." આપણે પણ પ્રયત્ન કરીએ તો તે સાંભળી શકીએ, અને એક વાર એ સાંભળીએ તો જીવનના આધ્યાત્મિક અંશમાંથી આપણી શ્રદ્ધા કદી નહિ ડગે.

વેદના એક ઋષિ કહે છે, વેદાહમ એતમ મહાન્તમ પુરુષમ આદિત્યવર્ણમ તમસઃ પરસ્તાત. "આ માયાજગતના અંધકારની પેલે પાર સૂર્યની જેમ પ્રકાશી રહેલા પરમપુરુષને મેં જોયો છે." ગાંધીજીએ એ પુરુષને નહિ જોયો હોય, પણ એમના અંતરને એ પુરુષના પ્રકાશનો સ્પર્શ થયો હતો અને એ સ્પર્શે એમના હૃદયમાં પણ ઉચ્ચતમ માનવતાની જ્યોત પ્રગટાવી હતી. એમની એ જ્યોતનો સ્પર્શ આપણા હૃદયમાં પણ, તેમના જેવો તો નહિ તોય નાનાં કોડિયાના દીવા જેવો પ્રકાશ પ્રગટાવી શકે, જો આપણે એમની જ્યોત સાથે અનુસંધાન સાધીએ તો. એવું અનુસંધાન સાધવાની "સબકો સન્મતિ દે ભગવાન"

એવી સન્મતિ માટે ગાંધીજી એમના ઇષ્ટદેવ શ્રી રામને પ્રાર્થના કરતાં અને લોકોને પણ એવી પ્રાર્થના કરવાનો ઉપદેશ આપતા. ગાંધીજી માટે રામકથા ઇતિહાસની કથા નહોતી પણ પ્રેમ અને ભક્તિનું મહાકાવ્ય હતું. એ કાવ્યમાં આદિકવિ વાલ્મીકિએ સત્ય, પ્રેમ અને સૌંદર્યનું જે રસાયણ સર્જ્યું છે તેણે ગાંધીજીની અંતર્દષ્ટિને માણસના જીવનની આશ્ચર્યમયતા પૂર્ણ રૂપે પ્રગટ કરી હતી. એમની પ્રતીતિ હતી કે આજની ભોગપ્રધાન સંસ્કૃતિ માણસની એ દૈવી આશ્ચર્યમયતાને રૂંધી રહી છે, અને તેથી જ તેઓ તેના કટ્ટર વિરોધી બન્યા હતા. એટલે આજના જગતને ગાંધીજીનો એજ સંદેશ છે કે સત્ય અને અહિંસા સાથે એમનાં બીજાં વ્રતોનું પાલન કરી માણસ પોતાનું દિવ્ય રૂપ ઓળખે. ☐

**સંયુક્ત અંક**

'પ્રબુદ્ધ જીવન'નો તા. ૧૬ મી માર્ચ, ૧૯૯૧ નો અંક તથા તા. ૧૬ મી એપ્રિલ, ૧૯૯૧ નો અંક સંયુક્ત અંક તરીકે તા. ૧૬-૪-૧૯૯૧ ના રોજ પ્રગટ થશે. – તંત્રી

# ઓકટોવિયો પાઝ : દ્વૈત પારની સૃષ્ટિનો કવિ

□ ડૉ. પ્રવીણ દરજી

ઓકટોવિયો પાઝ હમણાં ચર્ચામાં છે. ૧૯૯૦ ના વર્ષનું સાહિત્યનું નોબેલ પારિતોષિક તેઓને ફાળે જાય છે. મોટે ભાગે આવા પુરસ્કારથી જે તે વ્યક્તિ રળિયાત થતી હોય છે, પણ ક્યારેક અપવાદ રૂપે બને છે તેમ, અહીં પારિતોષિક ખુદ પાઝને મેળવીને રળિયાત થયું છે. પાઝ આપણી સદીની કવિતાનો એક બળવાન અવાજ છે.

૧૯૧૪માં મેક્સિકો શહેરમાં જન્મેલાં આ લેટિન–અમેરિકાના પ્રમુખ કવિની કવિતા એક અર્થમાં તો ઇલેક્ટ્રોનિક્સ કેસિયો જેવી છે. એક સાથે અનેક વાજિંત્રોના સૂર એમાંથી નીકળે છે. એવા દરેક સૂરને એક પોતીકી કહી શકાય તેવી ભોંય છે, આગવો સંદર્ભ છે. પણ એ વાત આગળ ઉપર પાઝની શબ્દ સાથેની સગાઇ છેક નાની વયથી થઇ ચૂકી હતી. શરૂ શરૂમાં તેમની ઉપર પરંપરાનો સારો એવો પ્રભાવ વરતાય છે. ખાસ કરીને ક્વેદો, ગંગોરા અને સર જોના ઇન્સ–ડે–લા ક્રુઝ જેવા સર્જકોનું એમને ઘેલું હતું. પણ એ અસર પછી ઝાઝો સમય ટકતી નથી. ૧૯૩૭ માં સ્પેનની મુલાકાતેથી પાછા ફર્યા પછી મેક્સિકોમાં તે 'ટેલર' નામના લિટરરી રિવ્યૂનો આરંભ કરે છે. આનું એક સારું પરિણામ એ આવ્યું કે, એ નિમિત્તે મેક્સિકો તેમજ સ્પેનના એ સમયના અનેક યુવાનસર્જકો એક સાથે મળવા લાગ્યા. વિવિધ વિષયોની ચર્ચા–વિચારણા થવા લાગી. પરંપરાથી ઊફરા જવાની આમ અજાણપણે જ પાઝ માટે અહીં એક ભૂમિકા રચાતી જાય છે. આ ગાળામાં અન્ય તક આવી મળે છે તે મેક્સિકન સરકારી નોકરીની વિવિધ હોદ્દાઓ ઉપર ફરજ બજાવતાં બજાવતાં, એ નિમિત્તેજ, પાઝને અનેક વર્ષ સુધી પરદેશમાં રહેવાનું બને છે. આ પ્રકારનું પરિભ્રમણ પાઝની સર્જકતાને અનેકશઃ પરિપુષ્ટ કરનારું નીવડે છે. વિવિધ માનવીઓ, તેમની સંસ્કૃતિ, ત્યાંની લોકકથાઓ–પુરાણકથાઓ તેમના રીતિ–રિવાજો – આ સર્વ એમની ચેતનામાં એકરસ બનતું રહે છે. પેરીસમાંના રોકાણ દરમ્યાન પાઝને અનેક કવિઓ – કળાકારો સાથે મૈત્રી બંધાય છે. જેમાં આન્દ્રે બ્રેતોં અને હેન્રી મીકિક્ષનો પણ સમાવેશ થાય છે. ૧૯૪૯ માં તેઓ તેમનો, મહત્ત્વનો કહી શકાય તેવો પ્રથમ કાવ્યસંગ્રહ પ્રકાશિત કરે છે. પછીના તરતના વર્ષમાં મેક્સિકો ઉપરનો અતિ ખ્યાત નિબંધ 'લીબિરીન્થ ઓફ સોલિટ્યૂડ' પ્રસિદ્ધ કરે છે. લગભગ યુરોપની બધી ભાષામાં એનો અનુવાદ થાય છે. ૧૯૫૧ માં 'ઇગલ ઓર સન ?' નું પ્રકાશન થાય છે. આમ ગદ્ય અને પદ્ય ઉભયમાં તેમની ગતિ રહે છે.

૧૯૫૫ માં પોએટિક્સ ઉપરનો ગ્રંથ 'ધ બો એન્ડ ધ લેયર' તેઓ આપે છે. કવિ–કવિતા વિશે તેમાં તેમના મનનીય વિચારો સંઘરાયેલા જોવા મળે છે. તે પછીના ટૂંકા ગાળામાં તેમની એક યાદગાર રચના 'સન સ્ટોન' ( Piedra de sol ) પ્રકટ થાય છે. તેમની આ મહત્વાકાંક્ષી કાવ્યરચના દુનિયાની અનેક ભાષામાં રૂપાન્તરિત થાય છે. માનવમેળાનું, એનાં નાનાવિધ રૂપોનું, પરસ્પરને છેદતું તો કયારેક પરસ્પરને ઉપસાવતું, પરસ્પરમાં અટવાતું ને પરસ્પરને અથડાવતું – હૃદ્ય ચિત્રણ મળે છે. આપણી સદીની પણ એ એક નોંધપાત્ર રચના લેખાઇ છે. ૧૯૬૨થી '૧૯૬૮ સુધીના વર્ષોમાં તેઓ ભારતમાં રાજદૂત તરીકે રહે છે. આ વર્ષોમાં પ્રાચ્ય વિદ્યા–કળા વિશે, એની ફિલસૂફી વિશે તેઓ ઊંડો આભ્યાસ કરે છે. ભારતની સંસ્કૃતિ અને સભ્યતા વિશે, એના સાહિત્ય વિશે, એનાં પુરાકલ્પનો વિશે તેઓ બારીકાઇથી વિચારે છે. પૂર્વથી તેઓ ઘણા પ્રભાવિત થાય છે. 'Salamandra' અને 'Ladera este' અનુક્રમે ૧૯૬૨ અને ૧૯૬૯ માં પ્રકાશિત થયેલા તેમના કાવ્યસંગ્રહો છે. પૂર્વના અનુભવોનું પારદર્શીરૂપ એ કવિતામાં ઝિલાયું છે.

જેટલા ઉત્તમ તેઓ કવિ છે, તેટલા જ ઉત્તમ તેઓ એક ગદ્યકાર પણ છે. નૃવંશશાસ્ત્ર, સૌંદર્યશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર, વગેરે ઉપરનાં લખાણો વિચારપૂર્ણ જ નહિ, વિચારોત્તેજક પણ છે. એ લખાણોની ખૂબી એ છે કે તેમાં વાત તર્કની કે વિજ્ઞાનની ભૂમિકાએથી થતી હોવા છતાં એ લખાણો બરડ કે શુષ્ક બન્યાં નથી. 'Alternating Current' અને 'Conjunctions and Disjunctions' તેમના આ પ્રકારના જાણીતા સંગ્રહો છે. ૧૯૬૮માં, ભારતમાં એલચીપદે હતા ત્યારે જ તેમણે મેક્સિકો શહેરમાં ફાટી નીકળેલાં તોફાનોમાં યુવાનો સામે ત્યાંની સરકારે જે સખ્તાઇ ભર્યો અને અમાનવીય વર્તાવ કર્યો એના વિરોધરૂપે પોતાના હોદ્દાનું રાજીનામું મોકલી આપ્યું. અને એમ સરકારી પદનો ત્યાગ કર્યો. પાઝ રાજકારણી હતા. પણ એમનું રાજકારણ માનવકારણનો પર્યાય હતું તે આ કિસ્સાથી સમજાય છે. ૧૯૭૦ માં કેમ્બ્રિજમાં તેઓ અધ્યાપન કાર્ય કરે છે. ૧૯૭૧માં મેક્સિકોમાં પરત જાય છે. ત્યાં તેઓ 'Plural' નામનું કળા, સાહિત્ય, વિવેચન અને રાજકારણ જેવાં અનેકવિધ વિષયોને સ્પર્શતું સામયિક શરૂ કરે છે. 'પ્લુરલ' લેટિન–અમેરિકન બુદ્ધિજીવીઓને અનેક રીતે પ્રભાવિત કરતું સામયિક પુરવાર થાય છે. ૧૯૭૫માં તેમનું બીજું મહત્વપૂર્ણ કાવ્ય 'Pasado en claro પ્રકટ થાય છે. ૧૯૭૬ માં Vuelta શીર્ષક તળે બીજાં કાવ્યો તેમજ અન્ય કેટલાંક નોંધપાત્ર ગદ્યલખાણો પણ પ્રકાશિત થાય છે.

પાઝ અને 'પ્લુરલ'ના સંપાદકમંડળ સામે ત્યાંની સરકારની દખલગીરી વધતાં આખું મંડળ રાજીનામું આપી દે છે. 'પ્લુરલ' બંધ પડે છે. પણ તરત જ ૧૯૭૬માં પાઝ Vuelta નામથી બીજું એક માસિક શરૂ કરે છે. જેમાં સાંસ્કૃતિક અને વિવેચનાત્મક લખાણોનો દોર જારી રહે છે. પાઝે અન્ય મિત્રો સાથે રહીને 'Renga : A chain of Poems' પણ આપ્યાં છે.

પાઝ સતત વિકાસશીલ કવિ છે. નાની ઉંમરથી લખવાનો આરંભ કરી ચૂકેલા આ કવિ જીવનના આઠમા દાયકાના ઉત્તરાર્ધમાં પણ એટલા જ સક્રિય છે. તેમની કવિચેતના પળેપળને ગ્રહી લેવા, ગ્રથી લેવા કાર્યરત રહી છે. તેમણે તેમની જાતને વિચાર કે વાદના કોઇ વાડામાં તેથી બાંધી નથી. અતિવાસ્તવવાદથી શૂન્યવાદ સુધી અને ભાષાની મુખરતાથી તેના મૌનરૂપ સુધીની તેથી તેમની યાત્રા વિસ્તરતી જોવાય છે. રેમ્બોની માફક પાઝની મથામણ પણ એકમ સતની અને દ્વૈત પારની સૃષ્ટિની રહી છે. કવિતાને તેઓ એના મુક્ત રૂપે જુએ છે. કવિતા કોઇ ધારણાઓ આપતી નથી, કશી ફિલસૂફી કે આદર્શોનું તે વાહન પણ નથી. કવિતાને તે ઇતિહાસ કે પ્રતિ–ઇતિહાસના અવાજરૂપે જોતા નથી. પણ જે કંઇક ઇતિહાસમાં રહયું છે તેનાં તે અવાજ છે. કવિતાને તેથી તેઓ એક 'બીજા જ અવાજ'રૂપ – Other Voice તરીકે ઓળખે છે.

પાઝની સર્જકતાનો વિચાર કરીએ છીએ ત્યારે તે આપણને અનેક આશ્ચર્યોની સામે લાવીને મૂકી દે છે. એક તરફ બ્રેતોં અને અતિવાસ્તવવાદ તેમની સામે છે. બીજી બાજુ અગાઉ ઉલ્લેખ્યા છે તે સત્તરમી સદીના સ્પેનીશ કવિઓ ગંગોરા અને ક્વેદો વગેરેનું તેમને આકર્ષણ છે તો ત્રીજે ખૂણે વીસમી સદીના જ્યોર્જ ગુલીયનનો પ્રભાવ પણ છે. તો લૂઇસ કર્નૂડાની મૈત્રીનો પણ એટલો જ હિસ્સો રહયો છે. ફ્રેંચ સંસ્કૃતિ તરફનું ખેંચાણ – એપોલીનિયેર રેવર્દી વગેરેની કાવ્યસૃષ્ટિ પ્રત્યેની અભિમુખતા કર્નૂડાની મૈત્રીનું પરિણામ છે. આ સાથે વર્ડ્ઝવર્થ, રેમ્બો, માલાર્મે, બોદલેર, એલિયેટ ને નોવાલિસ વગેરે સર્જકો સાથેનો પણ તેમનો ઉત્કટ અનુબંધ રહયો છે. ભારતીય શિલ્પ–સ્થાપત્ય સાહિત્ય–કળા–તત્ત્વચિંતન વગેરે પણ એમની ચેતનામાં સતત કલવાતાં રહયા છે. આમ એક સાથે ફ્રેંચ પ્રતીકવાદ અને અતિવાસ્તવવાદ, અમેરિકન કવિતા, જર્મન રોમેન્ટિ સિઝમ, માકર્સની વિચારણાને વિવાદ તેમજ જાપાન, બ્રિટન, ભારત વગેરેના સંપર્કો–સંબંધો–બધું એક દ્રવ બનીને એમની કવિતામાંથી ઝમતું રહે છે. કોઇ એક દેશ કે સંસ્કૃતિ નહિ; અનેક દેશ અને અનેક સંસ્કૃતિઓ એમની રચનામાં ઊઘડે છે. અને એ સાથે પોતાની મેક્સિકન ધરા, એનાં માનવી એ તો પેલાં સર્વની છેક, છેક નીચે એનાં ઊંડાં મૂળિયાં નાખીને પાછાં પડેલાં છે જ. પાઝની સર્જકતાની વિશેષતાઓ કહો તો વિશેષતાઓ, આશ્ચર્યો કહો તો આશ્ચર્યો તે એમનું નિજી ઐશ્વર્ય છે–એક ઊંચે ઊઠેલા સર્જક–માનવીનું ઐશ્વર્ય કશામાં બદ્ધ નહિ, તો કશાની પ્રતિબદ્ધતા નહિ. માત્ર શબ્દ અને શબ્દ સાથેનો વિશુદ્ધ નાતો. એટલે જ પેલી અનેક સંસ્કૃતિઓનું ઝુમ્મર અહીં ઝળહળે છે પણ એમાં અનેક વૈવિધ્યોની પૂંઠળ એકમ સત, અને માનવ્ય જ ડોકાય છે, સંવાદ જ કેવળ ફોરી રહે છે. ભારતીય કળા–સાહિત્યનાં આનંદ–ગાંભીર્ય એમની કવિતાનાં પણ લક્ષણ બન્યાં છે,

બૌદ્ધ વિચારધારાએ એમની રચનાઓને એક નવ્ય પરિમાણ આપ્યું છે.

Every poem is a Fiesta, a precipitate of pure time – એમ કહીને પાઝે કવિતામાં પ્રકટ થતા 'અનશુદ્ધ સમય'નો મહિમા કર્યો છે. વર્તમાન, અતીત કે અનાગતનું એ કોઇ ચોસલું નથી. એ તત્વત: બધાંથી મુક્ત છે, સાથે પોતે જ મુક્તિ છે. સ્થળ અને સમયની આરપાર માણસની આ કવિતા વડે, તેથી તો આવન–જાવન રહે છે. કવિતાની ભાષાને જનસમાજ અને ઇતિહાસની ભાષાથી તે જુદી પાડે છે. ભાષા કે વાક્ય દ્વારા 'કશુંક કહેવાની' વાત હોય છે, 'કશાકના સૂચન તરફની' તેમની ગતિ હોય છે પણ જયાં એ શબ્દોને કવિતાનો સ્પર્શ થાય છે ત્યાં વાત આખી બદલાઇ જાય છે. ત્યાં એ લયાત્મક એકમો બની જાય છે. અથવા તો પ્રતિરૂપોમાં પરિવર્તન પામી જાય છે. ત્યાં એ શબ્દનો અન્ય કોઇ સંદર્ભ હોતો નથી. એ કશું કહેવાની ત્યાં ઇચ્છા ધરાવતો નથી કે કશા તરફની તેની ગતિ નથી. કવિ ભય કે પ્રેમ વિશે કહેતો નથી. માત્ર તેને બતાવે છે. શબ્દ ત્યાં પોતે જ પોતાનો આધાર બની સ્વતંત્રરૂપે વિલસે છે.

ઓકટોવિયો પાઝ માત્ર કવિ નથી, મોટા કાવ્યજ્ઞ પણ છે. કાવ્યના અસ્તિત્વ અને એની ભાષા વિશે તેથી જ તેમના વિચારો ક્રાન્તિકારક રહયા છે. ઇતિહાસ અને મનુષ્ય વચ્ચેના સંબંધને ચર્ચતાં તેઓ જ્યારે છેક કવિતા સુધી આવી પહોંચે છે ત્યારે એ વાત વધુ સ્પષ્ટ થતી જણાય છે. કવિતા વિશેના તેમના ખ્યાલો ત્યાં એકદમ પારદર્શક રૂપ ધારીને સામે આવી રહે છે.

તેમણે ઇતિહાસની વાત કરતાં કહયું કે તેમાં જો પ્રમુખરૂપે કેન્દ્રમાં મનુષ્ય રહેલો છે, તો એ વાત પણ ન ભૂલવી જોઇએ કે એ એનું સ્થૂળ ઉપાદાન પણ છે. ઇતિહાસ જે કંઇ છે તે મનુષ્યને ભોગે અને જોખમે છે. ઇતિહાસના પ્રસંગો–ઘટના–બનાવો એ બધું કશાક પૌર્વાપર્ય સાથે, કારણો સાથે સંકળાયેલ છે. કાર્યકારણની એવી શૃંખલામાંથી એ ઘટનાઓ વગેરેને મુક્ત કરવાનું કામ કવિતા કરે છે. કવિતાનો ઇતિહાસ સાથે જે કંઇ સંબંધ છે તે આવો પરોક્ષ છે. કવિતા ઇતિહાસને ગાળી નાખે છે. મૂળ વસ્તુ કે પદાર્થને એના અસલ રૂપનો તે પરિચય કરાવે છે, એના શુદ્ધ રૂપને તે પ્રત્યક્ષ કરી આપે છે.

જેમ કવિતાનો તે ઇતિહાસથી પૃથકરૂપે વિચાર કરે છે. તેમ કાવ્યની ભાષા વિશે પણ તેમણે નોંધપાત્ર વિચારો પ્રકટ કર્યા છે. ભાષાનાં મૂળિયાં તો છેવટે સમાજમાં, ઇતિહાસમાં પડેલાં છે. અહીં જે ભાષાનો વિનિયોગ થાય છે એનું વ્યક્તિત્વ તદ્દન ભિન્ન છે. અહીં દરેકે દરેક શબ્દ પરસ્પરાશ્રિત રહયો છે. એક બીજાને ટેકે તેમનું અસ્તિત્વ કળાય છે. વાકય, વાકયખંડોના એક બીજા સાથેનો નાતો રહયો છે. કશાક સંદર્ભો લઇને તે સૌ ઊભાં છે. કશીક માહિતી સંક્રાંત કરવાનો તેમનો ઉપક્રમ રહયો હોય છે. વધારે સાચી રીતે કહીએ તો તેઓ પોતાનામાં કશોક 'ઉદ્દેશ' ગોપવીને બેઠાં હોય છે.એનું પ્રાકટ્ય કરવામાં, તેમની ઇતિશ્રી છે. કવિતાના 'શબ્દ' ને આવો કોઇ 'ઉદ્દેશ' નથી, એ એક બીજાનો ટેકો લઇને આવતો શબ્દ નથી. કોઇની અવેજીમાં આવેલો શબ્દ પણ એ નથી. આ શબ્દ તો શગ જેવો છે. જેને જેને એ સ્પર્શે છે એને તે અનાવૃત કરી મૂકે છે.

સૂર્યના પ્રકાશની અનેક ખંડિત કણિકાઓ જેવા આ ઝળાંહળાં શબ્દો હોય છે. વ્યવહારનો શબ્દ અલગતાનું કામ કરે છે, કવિનો શબ્દ જોડવાનું કાર્ય કરે છે. આ શબ્દમાં તો કવિની સમગ્ર ચેતના ઘુંટાતી ઘુંટાતી એક ઘટ્ટ સ્વરૂપે વ્યક્ત થતી હોય છે. તેથી જ ઇતિહાસ કે સમાજની ભાષામાં જે નથી જોવા મળતો એવો ચમત્કાર કવિની ભાષામાં જોવા મળે છે – આ ચમત્કાર છે સંવાદિતાનો. કવિ અને કવિનો શબ્દ એક–લય બની રહે છે. કવિતાનો શબ્દ આપણને અજાણ્યા પ્રદેશ તરફ દોરી જાય છે, આપણા મૂળ સ્ત્રોત પાસે તે ખેંચી જાય છે. વિવિધ પરિબળોએ ઊભી કરેલી દીવાલોને તે તોડી નાખે છે. ભાષાએ જે ઊંડી ખાઇઓ ઊભી કરી છે તે ખાઇઓને કવિનો આ તેજોમય શબ્દ પૂરવાનું કાર્ય કરે છે. આપણા આત્મા ઉપર તે છવાઇ જાય છે – એક મહત શક્તિ રૂપે.

પાઝના શબ્દ પાછળ સમગ્ર મનુષ્યલોક ઊભો છે, અનેક સંસ્કૃતિનાં ઝરણાંનો એ પાછળ કલનાદ રહયો છે. એટલે જ પાઝની કવિતાના શબ્દને સ્પર્શીએ છીએ ત્યારે એ શબ્દ એના અનેકરૂપે આપણી સામે આવીને ઊભો છે.એ જેટલો ઊઘડે છે એટલો જ નિગૂઢ પણ થતો જાય છે. એનાં ગદ્ય કાવ્યોમાં પણ જે સારલ્ય દેખાય છે, તે ઉપર ઉપરનું છે. એ સારલ્યની ભીતર અનેક અર્થોને નિમંત્રણ રહ્યું છે. 'ધ પોએટસ વર્ક'માંની આ રચના એવા દ્દષ્ટાંતરૂપે માણવા જેવી છે. :

" મહા મુશ્કેલીએ વર્ષે દહાડે માંડ એક તસુ જેટલો રસ્તો આ ખડકમાંથી કોરી શક્યો હોઇશ. એટલામાં તો મારા આ દાંત નકામા થઇ ગયાં અને નખ પણ તૂટી ગયા. આની બીજી બાજુ પ્રકાશ અને ખુલ્લી હવા છે. મારા હાથ તો લોહીલુહાણ થઇ ગયા છે, દાંત પણ કંપવા લાગ્યા છે ... તૃષા, ધૂળ અને તિરાડ પામી ચૂકેલાં પોલાણો. હું થોભું છું, મારા કામને તપાસું છું : જિંદગીનો એક બીજો કાળ મેં પથ્થરો તોડવામાં, દીવાલો ખોતરવામાં, બારણાંના ચૂરેચૂરા કરી નાખવામાં અને અવરોધો દૂર કરવામાં જ ગાળ્યો. જિંદગીના પ્રથમ હિસ્સામાં પ્રકાશ અને મારી જાત વચ્ચેનું મારું આસન રહયું. "

રોજિંદા જગત સામે 'હવામાંનો કિલ્લો' ગદ્ય કાવ્યમાં તેઓ મૂર્ત–અમૂર્તના સીમાપ્રદેશ ઉપર ઊભા રહીને એક જુદા જ પરિવેશવાળું વિશ્વ કેવી રીતે ખડું કરે છે તે આ ખંડ વાંચતા સમજાશે. :

" કેટલીક મધ્યાહનોથી વિચિત્ર પ્રકારની ઉપસ્થિતિઓ મારી પાસેથી પસાર થતી રહે છે. જો થોડીક જ સાફસૂફી કરી દેવામાં આવે તો ત્વચા, નેત્રો, વૃત્તિઓ બધું બદલાઇ જાય. પછી એ અપરાજિત માર્ગે જવાનું મેં સાહસ કર્યું. મારી જમણી બાજુ ગંજાવર એવા અભેદ્ય ઢગ ખડકાયેલા છે. અને ડાબી તરફ વિજયી અવાજો–ઘાંટા. બાળપણામાં ધ્રૂજાવે, સંમોહિત કરે ને જે રીતે ટેકરીઓ ચઢી જવાતી હોય છે, એ રીતે મેં શિખર ઉપર ચઢવું શરૂ કર્યું. આજે કે કાલે પસંદગીનો અવકાશ નથી જ, તમારે મુકાબલો કરવો જ રહયો. જે કિલ્લો છે એની ટોચ ઉપરનો રાજમુગટ પ્રકાશમાંથી ઘડાયેલો છે. એકદમ તીણો, સાદો, કુહાડી જેવો, ટટ્ટાર જવાલા જેવો. એ જયોત ખીણને બે ભાગમાં વહેંચી નાખતી જણાય છે. કિલ્લો તો એક જ ખંડમાંથી ઊભો થયેલો છે. એનું કદ ખંડન ન કરી શકાય તેવા લાવાનું છે. શું ભીતરમાં એનું ગાન ચાલે છે. ? તે ભલે પ્રેમ કરો કે પછી ક્રૂર રીતે રહેંશી રહો ! પવન લાકડાના મોભને ધ્રૂજાવતો, બુમાટો પાડતો મારા માથા ઉપરથી પસાર થઇ જાય છે. મારા કાનમાં તેના ભયંકર કાંટા ભોંકતો જાય છે. ઘેર જતાં પહેલાં બે ફાટ વચ્ચે ઊગી નીકળેલા નાના અમથા ફૂલને હું તોડું છું. બીજું એક કાળું ફૂલ સૂર્ય કિરણથી બળી ગયું હતું "

રાષ્ટ્ર – એની પરિસ્થિતિ – એ પરિસ્થિતિ વચ્ચે ગુંગળાતા માનવીને પાઝ પોતાની રીતે, પોતાના લાક્ષણિક અવાજમાં વ્યક્ત કરે છે. પાઝ જે 'વિશુદ્ધ શબ્દ' કે 'વિશુદ્ધ સમય'ની વાત કરે છે. એ પણ આ સંક્ષિપ્ત રચનામાં જોવાશે.

જો
આ દીવામાંથી નીકળતો પ્રકાશ ખરેખર શુભ્ર હોય,
લખી રહેલો હસ્ત જો
સત્ય હોય
તો
હું જે લખી રહ્યો છું એ સામે
તાકી રહેલી આંખ
સત્ય છે ?
એક શબ્દ ઉપરથી
બીજા શબ્દ ઉપર પહોંચું છું
ત્યાં તો હું જ કહું છું તે બાષ્પીભૂત થઇ જાય છે.
હું જાણું છું કે હું
બે કૌંસ વચ્ચે જીવું છું.

પાઝ 'પાષણ' જેવા શબ્દનો એમની કવિતામાં વારંવાર ઉપયોગ કરતા જણાય છે. દરેક વખતે એ શબ્દનો વિનિયોગ જુદી જુદી રીતે થયેલો જોવાશે. ઘણી બધીવાર તે અર્થબહુલ પ્રતીક રૂપે આવે છે. એ પાછળ આપણી સદીની બરડ સંવેદનાઓ, જડભરત માનવીનાં કરતૂતો વગેરે પણ એમાં વાંચી શકાય.

ઇન્દ્રિયસ્પર્શી–રોમેન્ટિક જગત પણ પાઝની અનેક રચનાઓમાં આકાર ધારણ કરે છે. 'સ્પર્શ' જેવી એકદમ લઘુક રચના એ પ્રકારની કૃતિઓમાં

અલગ તરી આવે છે.

'ધ સેક્રેડ ફીગ ટ્રી', 'ધ મોસલીઅમ ઓફ હુમાયુ', 'ઇન ધ ગાર્ડન્સ ઓફ ધ લોદી', 'ગોલ્ડન લોટસ', 'ઉટાકામંડ', 'વૃન્દાવન', 'હિમાચલ પ્રદેશ' , 'સન્ડે ઓન એલિફન્ટા' વગેરે સંખ્યાબંધ કૃતિઓ પાઝે એમના ભારતમાંના નિવાસ દરમ્યાન રચેલી. આવી રચનાઓની વિશેષતા એ છે કે કોઇ સ્થળ કે વ્યક્તિને કેન્દ્રમાં રાખીને લખાતી હોવા છતાં એવાં સ્થળ કે વ્યક્તિ એમાં ઓગળી જાય છે. કવિની નજર એ સ્થળ વ્યક્તિની આસપાસ કશુંક સનાતન તત્ત્વ શોધતી રહે છે. તેથી તો 'વૃન્દાવન'માં ઘેરી લેતી શાંતિ પોતે વૃક્ષ થઇ ગયાનો તેમને અનુભવ કરાવે છે. અભિનય આનંદની એવી પળોએ તેમને વિશ્વ આખું મયૂરના પિચ્છ જેવું લાગે છે ! પથ્થર, સ્ત્રી, પાણી, સ્થાપત્ય બધું જ ઝળહળ ઝળહળ અને સંગીતમય લાગે છે. કૃષ્ણ અને નિગૂઢ તારકો વચ્ચે તે ઊભે છે. જીવનને પ્રબળ રૂપે પામે છે, સાથે મૃત્યુ અભિલાષ પણ ! પરમતત્ત્વ સાથે એકરૂપ થયાનો તે અનુભવ કરે છે. એલિફન્ટાની ગુફાઓ જોતાં શિવ અને પાર્વતીને તે પ્રણમી રહે છે– ઇશ્વરરૂપે નહિ પણ માણસ એ કક્ષાએ પહોંચી શકે છે તેવા ભાવથી ઇશ્વરના ચતુર્ભુજને તે વસંતની ચાર નદીઓ કલ્પે છે. શિવના અસ્તિત્ત્વને જ્યાં પાર્વતી સ્નાન કરી રહી છે એવા ઝરણા રૂપે કલ્પે છે. ઊછળતા સમુદ્રમાં શિવના હાસ્યનો તે અહેસાસ કરે છે. અને એક તબક્કે એ શિવ અને પાર્વતી એટલે પોતે જ, પોતાની પત્ની એવો શિવોઽમ્, સોઽમ્ નો અદ્વૈતભાવ અનુભવી રહે છે.

પાઝની કવિતા આમ અનેક રંગો ધરાવે છે. એમની સંવેદનાને કોઇ ધર્મના, કોઇ દેશની સીમાઓના અંતરાયો નડ્યા નથી. ઊલટાનું એ બધાંથી તેમની સર્જકતા બલવતી બની છે. જેમ એ કોઇ તત્ત્વ વિશેષ કે વિચાર વિશેષમાં બંધાયા નથી તેમ કવિતાના કોઇ સંપ્રદાયમાં પણ તેઓ પુરાઇ રહ્યા નથી. હરઘડી તેમની સર્જકતા નૂતનતા તરફ ડગલાં ભરતી રહી છે. બધાંને તેઓ પોતાની ઊડળમાં લઇ આગળ ચાલ્યા છે પણ એ બધી વેળા કશું તેમને અવરોધી શક્યું નથી. એમનો શબ્દ સર્વની વચ્ચે રહીને પણ પોતાનું મરજાદીપણું ટકાવી રહે છે. 'સનસ્ટોન' માં એમના એવા શબ્દે પોતાની પૂરા કદની, પૂરા માપની લીલાનું દર્શન કરાવ્યું છે.

આપણી સદીમાં ટી. એસ. એલિયટ જેવી, આંગળીને વેઢે ગણી શકાય તેવી, બે ચાર પ્રતિભાઓમાં ઓક્ટાવિયો પાઝનો પણ સમાવેશ કરવો પડે.

# મહિલાઓની અવદશા

□ 'સત્સંગી'

સ્ત્રી અને પુરુષ એકબીજાંનાં પૂરક છે; બંને એકબીજાંનો સહવાસ સાહજિક ગણે છે અને તેથી જ સંસાર અસ્તિત્ત્વમાં આવે છે. પુરુષ સ્ત્રીના સહકારથી પોતાનાં વ્યક્તિત્વનો વિકાસ સાધીને અધ્યાત્મના માર્ગમાં સરળતા અનુભવે છે. તેવી જ રીતે સ્ત્રી પુરુષના સહકારથી પોતાનો યોગ્ય વિકાસ સાધીને પોતાનું દેહાભિમાન ન રહે એવા અધ્યાત્મ–માર્ગ પર ચાલવા સમર્થ બને છે. આવું સ્ત્રીપુરુષનું અનિવાર્ય અવલંબન હોવા છતાં વિધિની વિચિત્રતા એ છે કે સ્ત્રીપુરુષ વચ્ચે કેમ જાણે સમજી ન શકાય તેવાં ચડસાચડસી અને વૈમનસ્ય સામાન્ય બની ગયાં હોય ! વેદના સમયમાં સ્ત્રીપુરુષને સમાન ગણવામાં આવતાં હતાં. પરંતુ સમય જતાં પુરુષપ્રધાન સંસ્કૃતિ બનતી ગઇ અને સ્ત્રીનું સ્થાન ઊતરતું ગણાતું રહ્યું. પછી તો 'દીકરી અને ગાય જ્યાં દોરે ત્યાં જાય' એવો યુગ બની ગયો. સ્ત્રીજાગૃતિ માટે સ્વામી સહજાનંદ, રામકૃષ્ણ પરમહંસ, રાજા રામમોહનરાય, સ્વામી વિવેકાનંદ, બ્રહ્મસમાજ વગેરેના સહૃદયી પ્રયત્નો થતા રહ્યા, તેમાં ગાંધીજીના પ્રયત્નોના પરિણામે આજે સ્ત્રી જીવનનાં તમામ ક્ષેત્રોમાં માનભેર કર્તવ્યપરાયણ બની છે. તો પણ સ્ત્રીપુરુષના સુખદ સંબંધોની તો કેવળ કલ્પના જ કરવાની રહે છે.

આપણે કોઇ પ્રશ્નનાં સમજ અને ઉકેલ માટે પશ્ચિમના વિચારકો અને મનોવૈજ્ઞાનિકો પ્રત્યે મીટ માંડીએ છીએ. પરંતુ તેમનાં જીવનમાં એ વિચારણા અને મનોવૈજ્ઞાનિક તારતમ્યો નાકામયાબ નીવડ્યાં છે. પ્રેમ, માતૃપ્રેમ, કુટુંબજીવન વગેરે વિષયો પર ચિંતનાત્મક રીતે કે સાહિત્યની કૃતિમાં પાત્રાલેખનની રીતે, પશ્ચિમના લેખકો, સાહિત્યકારો અને વિચારકોની રજૂઆત સુંદર, અસરકારક અને હૃદયસ્પર્શી હોય છે. પરંતુ તેમનાં જીવનમાં પતિપત્નીના સંબંધો મોટે ભાગે જાતીય ભૂમિકા પરના છે. પુરુષને બીજી સ્ત્રી ગમી જાય એટલે પોતાની પત્ની સાથે છૂટાછેડાની વાત આવીને ઊભી રહે છે. ઘડીભર કેવળ દલીલ તરીકે જ આપણે દર્શાવીએ કે જો આત્માની સંવાદિતાનો જ પ્રશ્ન હોય તો બીજી સ્ત્રી સાથેનાં જીવનમાં સમાધાન થવું જોઇએ; પરંતુ બીજી તો બીજી અને છેક વૃદ્ધાવસ્થામાં ચોથી કે પાંચમી પત્ની આવે તો પણ તેમને આત્માની સંવાદિતાનો અનુભવ થતો નથી. પશ્ચિમના લોકો છૂટાછેડા અંગે જે સૂફિયાણી દલીલો કરતા હોય તે, પરંતુ વાસ્તવમાં છૂટાછેડાનું કારણ મોટે ભાગે દેહભૂખ છે, વાસના છે. ત્યાંની સ્ત્રી પણ મુખ્યત્વે ભૌતિકવાદી છે. પરિણીત સ્ત્રીને બીજા પુરુષથી વધારે સલામતી લાગે તો તેને છૂટાછેડા લેતાં ક્ષોભ થતો નથી.

આપણા દેશમાં પશ્ચિમનાં આવાં અણછાજતાં જીવનનું અનુકરણ આકર્ષક લાગવા મંડ્યું છે એ નિર્દોષ બાળકોનું દુર્ભાગ્ય છે. પશ્ચિમના વૈભવશાળી લોકો પણ બાળકોના માનસિક પ્રશ્નોથી ગળે આવી ગયા છે. આ માટે છૂટાછેડા જ જવાબદાર છે એ તેઓ સમજે છે, છતાં પહેલી પત્ની, ચોથી પત્ની, બીજા નંબરનો પતિ, પાંચમા નંબરનો પતિ એમજ ચાલતું રહે છે. આવું ઢંગધડા વિનાનું જીવન ભારતના લોકોને કઇ રીતે આકર્ષે છે એ એક આશ્ચર્ય જ છે. એક સંતે કહ્યું છે કે પુરુષ ગમે તેટલી સુંદર સ્ત્રીઓ ભોગવે તો પણ તેની વાસના સંતોષ પામવાની નથી. આ સનાતન સત્યમાં શ્રધ્ધા રાખીને આપણા દેશમાં વર્તમાન સમયમાં મહિલાઓ જે અવદશાનોભોગ બને છે તે અંગે ઉચિત દૃષ્ટિકોણ સાથે સક્રિય બનવાનો સમય પાકી ગયો છે.

તાજેતરમાં કચ્છમાં ૬ માસમાં ૮૦ કિસ્સા મહિલાઓનાં અપમૃત્યુના બન્યા છે, ત્યાર પછી પણ આવા કિસ્સાઓ બનતા જ રહે છે. આ પ્રકારનાં અપમૃત્યુનો કોઇ અંત જ નહિ હોય ? શિક્ષણનું આટલું પ્રસારણ થયું હોવા છતાં આવી આઘાતજનક પરિસ્થિતિ ! તાજેતરમાંજ વર્તમાનપત્રમાં એક એવો કિસ્સો આવ્યો હતો કે ગુજરાતમાં નશાબંધી હોવા છતાં દારૂને કારણે, સંસારજીવનને ઘણાં વરસ થયાં હોવા છતાં, બાળકો મોટાં હોવા છતાં, પતિ પત્નીને મારકૂટ કરે છે અને પિયર જતા રહેવાનું કહે છે. આવી પરિસ્થિતિ પ્રત્યે આંખમીચામણાં શી રીતે થઇ શકે ? દારૂ અને તે દ્વારા સરકારને સારી આવક થાય એ પ્રકારની 'અનન્ય ભેટ' અંગ્રેજો આપણને આપતા ગયા છે જેનો ત્યાગ કરવાની મરદાનગી આપણામાં મરી જ પરવારી છે ! માણસ દારૂ પીવા માટે દુનિયામાં આવ્યો છે ? મહિલાઓનાં અપમૃત્યુ અને દારૂથી થતી કુટુંબની પાયમાલી સ્ત્રી માટે પડકારભર્યા પ્રશ્નો છે. સ્ત્રી ઉચ્ચ હોદ્દાવાળી નોકરી કરે છે એવા સમયમાં પણ સ્ત્રીનો જીવનસંઘર્ષ ઉગ્ર બનતો રહ્યો છે એ સમસ્યા શિક્ષણ, નારીને સમાન સ્થાન વગેરેને શરમભરી બાબતો બનાવે છે. જે ભારતમાં નારી પૂજાને પાત્ર ગણાય છે તે જ ભારતમાં મહિલાઓનાં અપમૃત્યુ એક સામાન્ય બાબત બને એ બતાવે છે કે ભારતવાસી કેટલો નીચો પડયો છે.

મહિલાઓનાં અપમૃત્યુ માટે ઘણાં કારણો છે, પરંતુ ટૂંકામાં કહીએ તો સમાજનું વાતાવરણ તેને માટે જવાબદાર છે. પડોશીથી માંડીને અમેરિકાનાં જીવન સુધીની બાબતો માણસને અસર કરતી રહે છે. વિશ્વનું વાતાવરણ તો બદલાવી શકાય નહિ, પરંતુ વ્યક્તિએ બદલવાનું રહે. અફસોસની વાત એ છે કે છોકરીઓનું ભણતર છોકરાઓ પ્રમાણેનું રહ્યું છે. અંગ્રેજોની આ ભેટ પણ આપણે સ્વીકારી લીધી છે. સ્ત્રીપુરુષનો દરજ્જો અવશ્ય સમાન છે, પરંતુ તેમનાં વિજાતીયતા, ભિન્નતા અને સ્વભાવગત લાક્ષણિકતાઓ વગેરેને લક્ષમાં રાખીને બંનેની કેળવણીનું આયોજન થવું જોઇએ. ઠીક ઠીક સમયથી મોટાં શહેરોમાં મહિલા કોલેજો લોકપ્રિય બનતી રહે છે એ હકીકત બતાવે છે કે સમાજને સહશિક્ષણ પ્રત્યે રુચિ નથી. છોકરાઓ અને છોકરીઓ બંને માટે જીવનલક્ષી કેળવણી અને અભ્યાસક્રમ સ્વીકારવાં પડશે. હોમ સાયન્સની

ફેકલ્ટી મહિલાઓનાં શિક્ષણ માટે પર્યાપ્ત ન જ ગણાય. જે રીતે કેળવણીનું તંત્ર ચાલતું રહ્યું છે તે દૃષ્ટિએ જોતાં કેળવણીમાં આ પ્રકારનું સમૂળગું પરિવર્તન ત્વરાથી આવે એવી શક્યતા તો નથી. તેથી મહિલાઓનાં અપમૃત્યુને જીવદયાનો પ્રશ્ન ગણીને તે દિશાના ઉપાયો અંગે સક્રિય બનવામાં માનવજીવનની સાર્થકતા રહેલી છે.

જે મહિલાઓ સમાજની સેવા માટે પોતાનો અમૂલ્ય સમય આપે છે તેમણે સ્ત્રી વિકાસગૃહોનું નિર્માણ કરવા માટે સક્રિય બનવું જોઇએ. કોઇ પણ સ્ત્રી કોઇ પણ સમયે આ વિકાસગૃહમાં આવીને ફરિયાદ કરે એટલે તરત જ તેને અપનાવી લેવી જોઇએ. આવી બહેનો તેમના વ્યક્તિગત પ્રશ્નોની ભૂમિકા પર જીવનમાં યોગ્ય રીતે અનુકૂલન સાધે તે માટે વિકાસગૃહમાં યોગ્ય પરિશ્રમનું વાતાવરણ હોવું જોઇએ. અત્યારે કચ્છની મહિલાઓનો પ્રશ્ન તાકીદનો છે તેથી દેશ તથા પરદેશોમાં વસતાં કચ્છનાં શ્રીમંત બહેનોએ ઉદાર હાથે દાન તેમજ વિકાસગૃહો રચવા અંગે યોગ્ય માર્ગદર્શન આપવાં જોઇએ.

શહેરોમાં મહિલા મંડળની શાખાઓ રૂપે સારી સંખ્યામાં મહિલા મંડળો સ્થાપવાં જોઇએ અને ગામડાંઓમાં ગામની વસતિ પ્રમાણે યોગ્ય સંખ્યા રાખવી જોઇએ. આ મહિલા મંડળો સંસ્કારની જે પ્રવૃત્તિ કરે તે ખુશીથી કરે, પરંતુ દરેક મહિલા મંડળે એક પ્રવૃત્તિ એ રાખવી જોઇએ કે કયા કુટુંબમાં પતિપત્ની કે સાસુવહુ વચ્ચે કલહ ચાલતો રહે છે તેની સ્પષ્ટ અને આધારભૂત માહિતી મેળવવી. આ માટે જાસૂસી કરવી પડે તો પણ કરવી. આ કલહમાં ગરીબી ભાગ ભજવતી હોય તો આવાં કુટુંબનું સ્વમાન ન ઘવાય એ રીતે ટ્રસ્ટો દ્વારા અથવા દાતાઓ દ્વારા ઉચિત આર્થિક સહાય અપાવવી જોઇએ. તેમજ કુટુંબના સભ્યો પ્રવૃત્ત રહે એ દૃષ્ટિએ સવેતન કામ અપાવવું જોઇએ. તેમ છતાં કલહ ઉગ્ર જ રહેતો જણાય તો પરિણીત યુવતીને વિકાસગૃહમાં અથવા તેને પિયર પહોંચાડી દેવી જોઇએ.

મહિલા મંડળે વર્તમાન પત્રોમાં રોજ અથવા અવારનવાર વાચકનું ધ્યાન ખેંચાય એવી રીતે સંદેશા જેવી જાહેરાત આપવાની, "આત્મહત્યા કરતાં પહેલાં થોડી વાર થોભી જાઓ. ફલાણાં બહેનને આ સરનામે મળો. તેમની સાથે વાતચીત પછી તમે સ્વતંત્ર રહેશો." આવો પ્રયોગ અમેરિકામાં થયેલો છે અને ઉપયોગી સાબિત થયો છે. તેવી જ રીતે વાચકોનું ધ્યાન ખેંચાય એવી રીતે બીજો સંદેશો મહિલા મંડળે આ પ્રમાણે આપવો જોઇએ, "કોઇ પણ બહેનને કંઇ પણ તકલીફ હોય તો ફલાણા બહેનને આ સરનામે અવશ્ય મળો અથવા લખો. તમારી સઘળી વાત નિરાંતે સાંભળવામાં આવશે અને તે તદ્દન ગુપ્ત રહેશે. તમે અને તમારું કુટુંબ સુખી બનો એવો જ ઉકેલ શોધવામાં આવશે." આ બંને કાર્યો માટે મહિલા મંડળે માનસચિકિત્સક, સાધુ સાધ્વીઓ, ધર્મપરાયણ પરહિતવાદી ગૃહસ્થો અને ગૃહિણીઓની વિવિધ પ્રશ્નોના ઉકેલ માટે સહાય લેવી. આમ કરવાથી બહેનોના અટપટા પ્રશ્નોનો યોગ્ય ઉકેલ મળતો રહેશે, મહિલા મંડળને પોતાનાં કાર્યક્ષેત્ર અને કાર્યપદ્ધતિનો સ્પષ્ટ ખ્યાલ મળતો રહેશે અને ઇચ્છનીય તાલીમ મળશે.

આ સઘળી વ્યવસ્થા મહિલાઓ માતાઓની સુરક્ષા માટે થાય અને થવી જ જોઇએ. પરંતુ આખરે તો પરિણીત યુવતીઓએ પોતેજ માનસિક રીતે પગભર થવાનું રહે છે. પરણીને સાસરે આવતી કન્યાએ પોતાનાં અંગત સુખસગવડોના વિચારને મહત્ત્વ આપવું ન જોઇએ. પોતાના પતિને ભાવ, હૂંફ અને મૈત્રીભાવ આપવાના તેણે સહૃદયી પ્રયત્નો રાખવા જોઇએ, વડીલોને આદરપૂર્વક અને અન્ય સભ્યોને મીઠાશપૂર્વક સાચવવાની કુનેહ કેળવતા રહેવું જોઇએ. અહીં કન્યાનાં માબાપની ખાસ ફરજ એ છે કે પોતાની પુત્રી તેના પતિ અને પરિવાર સાથે અનુકૂલન સાધે તે અંગે તેમણે પત્રો દ્વારા કે રૂબરૂ પોતાની પુત્રીને નિખાલસતાથી સતત માર્ગદર્શન આપતા રહેવું જોઇએ.

પ્રખ્યાત તામિલ લેખક મસ્તી વેંકટેસ આયંગરની કન્નડ ભાષામાં 'દહીં-વેચનારી' ટૂંકી વાર્તા છે. આ વાર્તામાં દહીં-વેચનારી તરીકે મંગામ્માનું પાત્ર છે. મંગામ્માનો પતિ તેને છોડીને બીજી સ્ત્રી સાથે જતો રહે છે. અમ્માય્યા સાથેની વાતચીતમાં મંગામ્મા પોતાની હૈયાવરાળ કાઢતાં આમ કહે છે, "અમ્માય્યા, પતિને વશ રાખવા માટે ચાર વસ્તુઓ છે. તેને અવારનવાર કંઇક સરસ ખાવાનું આપવું; તમારી ગમે તે મુશ્કેલી હોય તો પણ, સારાં કપડાં પહેરવાં, ઇચ્છનીય દેખાઓ અને મોં પર સ્મિત રાખો; મહિનામાં એક વાર બધું કરિયાણું લઇ આવો અને તેને ખરીદવાની તકલીફ ન આપો; થોડા પૈસા બચાવો અને તે માગે ત્યારે તેને થોડા આપો. જે કંઇ વનસ્પતિ-ઔષધિની જરૂર છે તે આ છે. સ્ત્રી આ કરે તો તેનો પતિ તેની પાછળ પાછળ ફરશે. આ ભૂલી જાઓ અને તેના વિચાર ભટકવા લાગશે." આ શાણપણભર્યું સૂચન અસરકારક ન નીવડે તો પોતાના ધર્મમાં શ્રદ્ધા રાખીને પ્રાર્થના સાથે આ સૂચનનો સહૃદયતાથી અમલ કરતાં રહેવું જોઇએ; અલબત્ત, તે વિગતો યંત્રવત ન બનવી જોઇએ અને પતિને તેમાં પત્નીનાં હૃદયની ઉષ્માનો અનુભવ થવો જોઇએ.

અહિંસા અને વિવેકભરી નમ્રતાને અનુસરવાનું છે, પરંતુ સ્વબચાવ માટે છોકરીઓએ એન.સી.સી.ની કે તેના જેવી તાલીમ અવશ્ય લેવી જ ઘટે. શહેરમાં કે ગામડામાં છોકરીને ગુંડો ઘેરી લે તેવા બનાવો બને છે; આ અંગે કેટલીક વ્યાવહારિક સૂચનાઓ અપાય છે. પોતાની પાસે કોઇ શસ્ત્ર સંતાડવું જેનો ઉપયોગ કેવળ સ્વબચાવ માટે જ કરવાનો હોય; અથવા એમ પણ કહેવામાં આવે છે કે સાથે મરચાંની ભૂકી રાખવી અને જ્યારે હુમલો અને જ્યારે હુમલો થતો લાગે ત્યારે તે ભૂકી હુમલોખોરની આંખ ઉપર પડે એ રીતે ઊડાડવી. આજના સુધરેલા જમાનામાં પણ આવી સજ્જતા અને હિંમત રાખવાં અનિવાર્ય થઇ પડયાં છે. રોતલ કે નિરાધાર શા માટે બનવું ? સૌને જીવવાનો હક છે અને સ્વબચાવ કરવાનો પણ હક છે. ખુશવંતસિંહની વાર્તામાં આવતાં પાત્રની જેમ સર્પની નજીક જઇને તેને પગે ન લગાય.

સ્ત્રીએ પોતાના પતિને પરમેશ્વર અવશ્ય ગણવો. પરંતુ તેનો અર્થ એમ નથી કે તે સર્વગુણસંપન્ન છે અને તે જે કંઇ કહે તેને વેદવાક્ય ગણવું અથવા તેનું જે કંઇ વર્તન હોય તે યોગ્ય જ હોય. પતિ શયતાન બની રહ્યો છે તેની ખાતરી થાય એટલે પતિની સાન ઠેકાણે લાવવા માટે યુક્તિ પ્રયુક્તિઓ પણ અજમાવવી પડે. આ માટે જેમનામાં વિશ્વાસ હોય તેવાં વડીલ બહેનનું માર્ગદર્શન મેળવી શકાય.

એક વ્યાવહારિક ઉપાય તરીકે ધર્મના ભાઇની વાત જૂનવાણી લાગે, પણ અર્થસભર છે. ધર્મનાં ભાઇ-ભાભીને પોતાની પરિસ્થિતિ કહેવાથી સહાય મળે. આવા વ્યવહારથી સંકટ સમયે યોગ્ય સહાય અવશ્ય મળી રહે છે. એ સિવાય પરિણીત યુવતીઓએ ખરા અર્થમાં ધર્મપરાયણ બહેનોની સોબત રાખવી. સાધ્વીજીઓનો સમાગમ અવશ્ય કરવો. આમ ધર્મપરાયણ જીવન અપનાવવાથી યોગ્ય મનોબળ આવશે તેમજ મુશ્કેલીઓ સહન કરવાની જરૂરી હિંમત પ્રાપ્ત થશે. ધર્મનો આશ્રય લેવાથી ધર્મ માણસનું રક્ષણ કરે છે એવી શ્રદ્ધા રાખી પોતાની ફરજો બજાવવી એ યોગ્ય માર્ગ છે.

મહિલાઓનાં અપમૃત્યુ સતત થતાં જ રહે છે ત્યારે આ પરિસ્થિતિને જીવદયાનો પ્રશ્ન ગણીને પણ મહિલા મંડળોએ સવિશેષ સક્રિય બનવું ઘટે. મહિલા મંડળો સ્ત્રીઓ માટે ભલે રક્ષા અને હૂંફનું વાતાવરણ અવશ્ય રાખે અને તે અનિવાર્ય જ છે; પરંતુ અંતિમ દૃષ્ટિએ તો સ્ત્રીઓ મજબૂત મનની, પતિની શેતાનિયતનો પડકાર ઝીલી શકે તેવી, નિર્દય પતિથી અલગ રહીને પોતાની આજીવિકા રળી શકે તેવી ખુમારી ધરાવનારી, સારાં વાચનને નિત્યનો ક્રમ બનાવે તેવી, ઉદ્યમી અને ધર્માભિમુખ બને તેવા કાર્યક્રમો મંડળોએ યોજતા રહેવું જોઇએ. આવાં વાતાવરણથી એકંદરે પુરુષવર્ગ પોતાની નબળાઇ, મૂર્ખાઇ, સમજનો અભાવ વગેરે દયાજનક ખામીઓની શરમ અનુભવે અને યોગ્ય રાહ પર ચાલવા માટે વિચારતો થાય અને સક્રિય પણ બને એ સંભવિત છે. સ્ત્રીઓ-માતાઓની આંખમાં પરિતાપનાં દૃશ્ય કે અદૃશ્ય આંસુ હોય તે સમાજમાં સુખાકારીની આશા રાખવી એ મૃગજળને પીવા લાયક મીઠું પાણી માનીને ભોંઠા પડીએ તેની બરાબર છે. □

## સાભાર સ્વીકાર

□ **ઇન્દુલાલ ગાંધીની કવિતા** સંપાદક : ડૉ. બળવંત જાની * પૃષ્ઠ – ૧૩૬ * મૂલ્ય રૂ. ૨૫/– * પ્રકા. લેંગ લાઇબ્રેરી, જ્યુબિલી બાગ, રાજકોટ – ૩૬૦૦૦૧. □ **આગમસાર** લે. (સ્વ.) શ્રી રસિકલાલ છગનલાલ શેઠ * પૃષ્ઠ – ૪૧૬ * મૂલ્ય રૂ. ૨૦/– પ્રકા. શ્રી નટવરલાલ છગનલાલ શેઠ, અંબિકા નિવાસ, કરણસિંહજી માર્ગ, રાજકોટ – ૩૬૦૦૦૧. □ **જયણા વર્તનમાં : શાંતિજીવનમાં** * પૃષ્ઠ – ૧૧૨ * મૂલ્ય રૂ. ૭/– પ્રકા. ઉરજા કેન્દ્ર, ઉર્મિ જયેન્દ્ર શાહ, મુ.પો. કોસાડ (જિ. સુરત) પીન–૩૯૪૧૦૫.

# અર્ધવિકસિત કાવ્યકલિકા-ઝેબુન્નિસા

□ પ્રવીણચન્દ્ર જી. રૂપારેલ

લાહોર પાસેના નવાકોટમાં એક વિશિષ્ટ સ્થાન આવેલું છે. ત્યાં તૂટેલા મિનારા ને દરવાજાઓ વચ્ચે એક જીર્ણ કબર છે; કબર પરની સુંદર કારીગરી આપણા માનસપટ પર પ્રાચીન વૈભવનું તાદ્દશ ચિત્ર અંકિત કરે છે. એક દિવસ આ કબરની ચારેબાજુ સુશોભિત ઉદ્યાન હતું. વચ્ચે વચ્ચે હોજ ને ફુવારા હતા. આજે ત્યાં ઘુવડોનો ફફડાટ સંભળાય છે ઠેકઠેકાણે જંગલી ઘાસ ઊગી નીકળ્યું છે. અહીની આ અવદશા અને કબર પર અંકિત થયેલી ફારસી પંક્તિઓને અનેક કવિઓને-સહૃદયોને રડાવ્યા છે. એ પંકિતઓ છે :

" બર મઝારે મા ગરીબાં ને ચિરાગે, ને ગુલે,
ને પરે-પરવાના સોઝદ ને સદા-એ બુલબુલે । "

'મુજ દુખિયારીની કબર પર નથી કોઈ ફૂલ કે નથી કોઇ દીપક । નથી અહી કોઈ પરવાના જે શમા પર જાન કુરબાન કરે કે નથી અહીં બુલબુલો એમનું સંગીત છેડતા । '

આ કબર હેઠળ, અનંત નિદ્રામાં પોઢેલી એક રાજકુમારીના સંતપ્ત ને હતાશ એવા શૂન્ય જીવનની કરૂણ ગાથા, આ પંક્તિઓ કેવી સચોટ રીતે રજૂ કરે છે. ખુદ એ શાહઝાદીએ જ રચેલી આ પંક્તિઓ મુજબ તેના જીવનની અંતિમ કથા, આ કબર પર અંકિત થયેલા અક્ષરે-અક્ષરમાં સમાયેલી છે. તેનું કોઇ એવું વહાલું રહ્યું ન હતું જે એની કબર પર ફૂલ ચઢાવવા કે શમા પ્રકટાવવા આવે । શમા જ ન હોય ત્યાં પરવાના યે જાન કુરબાન ક્યાંથી આવે । કે નથી અહી બુલબુલો જે એમના હૃદય વિદારક સૂરોથી વાતાવરણ ભરી દે ।

શાહઝાદી ઝેબુન્નુિસાને ભારત ખાસ તો મોગલ સમ્રાટ ઔરંગઝેબની અપરિણિતા પુત્રી તરીકે જ જાણે છે । પરંતુ એક ઉચ્ચ કોટિની કવયિત્રી તરીકે એને બહુ ઓછા જાણે છે. એની ફારસી રચનાઓનો સંગ્રહ તો છે જ; ઉપરાંત અત્યારે મળતા એના માત્ર ત્રણ ઉર્દૂ શેર, એને ઉર્દૂની શાયરીઓમાં પણ સર્વ પ્રથમ સાથે મૂકે છે, એની યે બહુ જ ઓછા ને જાણ છે.

ઔરંગઝેબ ગાદી પર આવ્યો ત્યારે એક પ્રકારનું અવિશ્વાસનું વાતાવરણ પ્રસર્યું હતું. એનો પિતા કમનસીબ શાહજહાં આગ્રાના કિલ્લામાં કેદી દશામાં જીવનના શેષ દિવસો વિતાવતો હતો; ભાઇ દારાને મૃત્યુને ઘાટ પહોંચાડી દેવામાં આવ્યો હતો. વિખ્યાત દરબારી મહેફિલો ધીરેધીરે રવાના થઇ રહી હતી.

નાનકડી શાહઝાદી ઝેબુન્નિસા માત્ર આઠ વર્ષની વયે જ 'હાફિઝ' (કુરાન કંઠસ્થ કરનાર) થઇ ગઇ હતી. આથી ખુશ થઇને શહેનશાહ પિતાએ આખી સેનાને ભોજન આપ્યું હતું ને ગરીબોને સુવર્ણદાન કર્યું હતું. આ પછી રાજકુમારીએ અરબી, ફારસી અને જ્યોતિષ વિદ્યાનું જ્ઞાન સંપાદન કર્યું હતું. ફારસી તેની પ્રિય ભાષા હતી. કુમળી વયમાં જ તેણે કાવ્યો રચવાની શરૂઆત કરી હતી; તે સુફીવાદી હતી. લલિત કલાઓ પ્રત્યે ઉદાસીન રહેતા ઔરંગઝેબને શાહઝાદીના શાયરી પ્રેમે કંઇક પિગળાવ્યો ને ફરી મુશાએરા યોજાવા લાગ્યા. ઝેબુન્નિસા પણ તેમાં રસપૂર્વક ભાગ લેતી.

શાહી દરબારમાં એક વખત પૂર્તિ માટે આ પંક્તિ આપવામાં આવી.

" સબા શ શર્મ મી આયદ
બરૂએ- ગુલ નિગાહ કરદન "

'ફૂલ પર નજર નાખવામાં પવનને શરમ આવવી જોઇએ । ' સામાન્ય રીતે પવનના સ્પર્શથી ફૂલ કરમાતું જાય છે. । શાયરોએ અનેક રીતે આ પંક્તિની પૂર્તિ કરી પરંતુ કોઇ જ ચોટદાર ન નીવડી; અંતે ઝેબુન્નિસાની પૂર્તિએ સૌના મોંમાંથી વાહ વાહ પોકરાવી :

" કિ રખ્ત ગું ચારા વા
કર્દ નતવાનસ્ત કરદન । "

'પવને શરમાવું જોઈએ, કારણ કે એના સ્પર્શે ફૂલની કળીઓને ખુલ્લી કરી દીધી । - પણ હવે એ એમને સમેટી શકતો ફરી બંધ કરી શકતો નથી । - એક વખત ખીલી ચૂકેલી કળીઓએ ફૂલ બનેલી કાળીઓને નસીબે તો હવે કરમાવાનું જ રહ્યું ને ।

ઝેબુન્નિસા અત્યંત લાવણ્યમયી હતી. એના ડાબા ગાલ પરના બે તલોએ તો કઇ કેટલાયે કવિઓના હૈયામાંથી ઉપમાઓનાં ઝરણાં વહાવ્યાં હતાં.

આવું અપૂર્વ લાવણ્ય નીતરતું મુખ મોટે ભાગે એ નકાબ પાછળ ઢાંકી રાખતી. એક વખત નાસીરઅલીએ એના સૌંદર્યની આડકતરી પ્રશંસા કરતાં આવા ભાવવાળું લખ્યું -

"ચન્દ્રને પણ ઈર્ષ્યા આવે એવા બદનવાળી । તારો નકાબ હટાવી લે ને મને તારા અદભૂત સૌંદર્યનું પાન કરવા દે । "

શાહઝાદીનો જવાબ હતો -

"મારો નકાબ હું દૂર નહી કરું ! કેમ કે આમ કરતાં કદાચ બુલબુલો ગુલાબને ભૂલીને મારી તરફ વળે ને લક્ષ્મીની પૂજા કરતો બ્રાહ્મણભકત કદાચ એની ઉપેક્ષા કરી એની નજર મારા મુખનું દર્શન કરવા તરફ વળી જાય । "

શાહઝાદીની એક દાસી હતી - રોશનઆરા. શાહઝાદીના શાયરીના રંગે એ પણ રંગાઇ હતી. એક વખત શાહઝાદીએ અરીસો મંગાવ્યો; પણ એ લાવતાં, ઠોકર લાગીને રોશનઆરા પડી ગઇ - અરીસો ફૂટી ગયો. એ તો શાહઝાદી પાસે જઈને ચૂપચાપ ઊભી રહી । શાહઝાદીએ અરીસો માગતાં એ બોલી.

" અઝ કઝા, આઈન-એ-ચીની શિકસ્ત । "

'અરીસાનું મોત આવ્યું, તે એ તૂટી ગયો- ફૂટી ગયો । '

સાંભળી મુખપરના ભાવ જરાયે બદલ્યા વિના શાહઝાદીએ કહ્યું -

'ખૂબ શુદ, સામાન-એ-ખુદબીની શિકસ્ત ।'

'બહુ સારું થયું કે પોતાને જોયા કરવાની વસ્તુ નાશ પામી । અરીસામાં પોતાનું પ્રતિબિંબ જોઈને જ માણસનું ઘમંડ વધે છે ને ।

બાદશાહને પણ એની શાયરીનો થોડો પાશ લાગ્યો હતો. એક વખત બગીચામાં ફરતાં એણે પૂર્તિ માટે દીકરીને એક પંક્તિ આપી-ભાવ એવો હતો -

"આજે પ્રાત:કાળે હું ફૂલ ચૂંટવા ગયો, ત્યાં ઉદ્ધત કાંટાઓએ મારા વસ્ત્રની ચાળ ઝાલી લીધી. "

ઝેબુન્નિસાએ તરત જ પૂર્તિ કરી-

(ફૂલ ચૂંટવા ગયેલા બાદશાહના વસ્ત્રની ચાળ કાંટાઓએ ઝાલી રાખી, કારણ કે ત્યારે) "સેંકડો બુલબુલો પોકારી ઊઠ્યા કે એ (ફૂલોનો) ચોર છે, એને જવા ન દેશો-છોડશો નહી ! "

આ શાહઝાદીનું સગપણ આમ તો શાહજહાંએ દારાના પુત્ર સુલેમાન જોડે નક્કી કર્યું હતું પરંતુ ઔરંગઝેબને તે ગમ્યું નહોતું-માન્ય નહોતું. પરિણામે એક દિવસ સુલેમાન ઔરંગઝેબની કુટિલ નીતિનો ભોગ બન્યો ને માર્યો ગયો. આ ઘટના અને ઝેબુન્નિસાની બહેનની પ્રસવકાળની અસહ્ય વેદનાનું દૃશ્ય તથા પછીથી થયેલા તેના પ્રેમપ્રસંગના પ્રિયપાત્ર આકિલખાનનું - લગભગ પોતાને જ હાથે લાચારી પૂર્વક થયેલું મૃત્યુ - આ બધાએ એના મનપર કરેલી ઊંડી અરસને લઈને વિરકત એવી એ અવિવાહિત જ રહી હતી.

ઝેબુન્નિસાના જીવનના અંતિમ દિવસો ઘણા જ દુ:ખમાં વીત્યા. વૃદ્ધાવસ્થામાં ઔરંગઝેબ પોતાના સંતાનોપર નાની નાની બાબતોમાં અવિશ્વાસ કરવા લાગ્યો. શાહઝાદો અકબર રાજપૂતો સાથે મળી જઈને વિદ્રોહનું વાતાવરણ ફેલાવી રહ્યો હતો. એની વધતી જતી ધાર્મિક ક્રૂરતાને ઝેબુન્નિસાની અન્ય ધર્મો પ્રત્યેની સહિષ્ણુતા પસંદ નહોતી. આ તથા કેટલાંક અન્ય રાજકીય કારણોને લઈને ઝેબુન્નિસાને સલીમગઢ ના કિલ્લામાં કેદ કરવામાં આવી. કારણ ગમે તે હોય પણ એ કેદી અવસ્થામાં રચાયેલી મર્મભેદી કવિતાઓ વાંચી આજ પણ સહૃદયોની આંખ અશ્રુભીની થયા વિના રહેતી નથી. એ સંવેદનોને, એ વ્યથાને, ઝરણાના ચિર પ્રવાહની ધારામાં ઊતારી એક સંધ્યાકાળે ઉદાસ બેઠેલી એ ગણગણતી હતી.

અય આબશારે નૌહાગર ! અઝ બહરે ચીસ્તી,
ચી બર જીબી ફિગંદા, ઝિ અન્દોહ કિસ્તી
આયા ચિ દર્દ બૂદ કિ ચૂં મા તમામ શબ
સર રા બસંગ મી ઝદી ઓ મી ઊરીસ્તી ।

'ઓ નિર્ઝર । આજ તુજ પર આ શોકનાં પરિધાન શા ? ભાલપર આ કરચલીઓ શી ? આજ એવડું તે શું દુ:ખ આવી પડ્યું છે ? તેં, મારા જેવી દુખિયારીની જેમ ક્યા નિષ્ઠુરની મધુર સ્મૃતિમાં, પત્થરો પર માથું પટકીને રાત આખી શોકભર્યું કલ્પાંત કર્યું છે ?'

એક એક શબ્દમાં વ્યથા છે, જીવનની અસીમ નિરાશાનો ભાર છે.

એ વ્યથાથી તેનું કલાંત હૃદય એ ભારને ઢોળી, પોતે જ પોતાનું વિશ્લેષણ કરે છે -

રોઝે ના ઉમેદી ચૂં આયદ, આશના દુશ્મન શવદ
ગમ જુદા, શાજૂ જુદા, દૌલત જુદા, દુશ્મન શવદ
નેસ્ત ' મખ્ફી' દરદિલે મા દુશ્મની બા હેચકસ,
હર કિ બામા દુશ્મનસ્ત, બા ઓ ખુદા દુશ્મન શવદ,

' આ નિરાશાભર્યા દિવસોમાં, મિત્ર પણ શત્રુ બની બેઠા છે; સુખ, વૈભવ, વિલાસ, બધું મારાથી દૂર થઇ ગયું છે; પરંતુ મને તેનો લેશ પણ શોક નથી. મારે કોઇ જોડે વેર નથી. મારે માટે વેરભાવ રાખનાર પણ, કરુણાની દૃષ્ટિએ જોતાં તો મારાં જ છે ।'

ઝેબુન્નિસા પોતાની કાવ્ય રચનાઓ 'મુખ્ફી' (છૂપી-છુપાયેલી) ઉપનામથી લખતી-જાણે કેમ આત્મામાં ઈશ્વરી પ્રેમનો પ્રાદુર્ભાવ ન થાય ત્યા સુધી છૂપી રહેવા માગતી ન હોય !

આમ ઝેબુન્નિસાનું જીવનઝરણ, વનરાજિમાંથી ઔરંગઝેબના રણપ્રદેશમાં જઇ સુકાવા લાગ્યું. હૈયામાં સળગતી વ્યથાની આગમાં દાઝતી રહેતી એ અર્ધવિકસિત કાવ્યકલિકાએ મૃત્યુને આલિંગન કર્યું ! □□□

# સંઘના ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમો

**□ અહેવાલ - ચીમનલાલ એમ. શાહ, 'કલાધર'**

### □ પરિસંવાદ: ગુજરાત અને ભારત-પત્રકારોની દૃષ્ટિએ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે શુક્રવાર, શનિવાર, તા. ૧૦, ૧૧, જાન્યુઆરી, ૧૯૯૧ ના રોજ સાંજના છ વાગે ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના કમિટી રૂમમાં બે દિવસનો પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. પ્રથમ દિવસે શ્રી ભગવતીકુમાર શર્મા (ગુજરાત મિત્ર) શ્રી તુષાર ભટ્ટ (ઇકોનોમિક ટાઇમ્સ) અને શ્રી હરસુખભાઇ સંઘાણી (ફુલછાબ) એ 'ગુજરાત-પત્રકારની દૃષ્ટિએ' એ વિષય પર વ્યાખ્યાનો આપ્યાં હતાં. બીજા દિવસે શ્રી કુંદન વ્યાસ (જન્મભૂમિ-દિલ્હીના ચીફ બ્યૂરો), શ્રી વિનોદ મહેતા (સન્ડે ઓબઝર્વર અને ઇન્ડિપેન્ડન્ટના ભૂતપૂર્વ તંત્રી) અને શ્રી હરીન્દ્ર દવે (જન્મભૂમિ-પ્રવાસી) એ 'ભારત-પત્રકાર દૃષ્ટિએ' એ વિષય પર વ્યાખ્યાનો આપ્યાં હતાં. કાર્યક્રમનો સંક્ષિપ્ત અહેવાલ આ પ્રમાણે છે :

શ્રી ભગવતીકુમાર શર્માએ જણાવ્યું હતું કે ગુજરાતમાં નીતિમત્તા અને સાધનશુદ્ધિના અભાવે, રાજકારણની પ્રપંચનીતિના કારણે તથા વર્ગવિગ્રહ, વર્ણવિગ્રહ અને કોમી રમખાણોને કારણે ગુજરાતે ઘણું ગુમાવ્યું છે. જે ગુજરાતને આપણે વિવેકબૃહસ્પતિ કહેતા હતા અને જે ગરવી ગુજરાતની ભૂમિ ગાંધીજી અને સરદાર પટેલની ચરણરજથી પાવન થઇ હતી એ ગુજરાતની ભૂમિ માટે આ બંનેય વિશેષણો હાલ વ્યર્થ બની ગયેલાં જણાય છે.

શ્રી તુષાર ભટ્ટે કહ્યું હતું કે ગુજરાતમાં આર્થિક વિકાસની વાતો હવે ભૂતકાળની બની ગઇ છે. આઠમી પંચવર્ષીય યોજનામાં ગુજરાતને એક પણ વિદ્યુત મથકની મંજૂરી મળી નથી અને વીજળીની અછત એ તો ગુજરાત માટે રોજિંદી ઘટના બની ગઇ છે.

શ્રી હરસુખભાઇ સંઘાણીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં બેકારી ઉપરાંત રોજિંદી હાડમારી વધી ગઇ છે. સૌરાષ્ટ્ર માટે સરકારે એક પણ વચન પાળ્યું નથી તેથી ત્યાંની પ્રજામાં હતાશા અને રોષ પ્રવર્તે છે. પરંતુ ત્યાં મુસલમાનોની રોજીરોટી મુખ્યત્વે હિન્દુ પ્રજાના હાથમાં હોવાથી મોટા કોમી રમખાણોની શક્યતા નથી.

શ્રી કુંદન વ્યાસે કહ્યું હતું કે ભારતમાં ધર્મ અને રાજકારણને અલગ રાખી શકાય તેમ નથી. ભારતની હવે પછીની ચૂંટણી નકારાત્મક નહિ પરંતુ હકારાત્મક મોજાથી લડાશે. આ ચૂંટણીમાં સ્થિરતા અને બિનસાંપ્રદાયિકતાની વાત પર વધુ ભાર મૂકવામાં આવશે અને કોઇ એક જ પક્ષની સરકાર આવશે તે વાત હવે અનિશ્ચિત બનેલી જણાય છે.

શ્રી વિનોદ મહેતાએ જણાવ્યું હતું કે ભારતીય રાજકારણીઓ ભ્રષ્ટ થઇ ગયા છે અને તેમણે પોતાની વિશ્વસનીયતા ગુમાવી દીધી છે. છેલ્લાં વીસ વર્ષમાં પરિસ્થિતિ ખૂબ જ કથળી છે. દેશ સમક્ષ સમસ્યાઓ તો સદાય હોય જ, પણ પરિસ્થિતિ હવે બેહદ બગડી છે. જો કે આટલા વિશાળ દેશમાં સમસ્યાઓ તો રહેવાની જ. એનો અર્થ એવો નથી કે રાષ્ટ્ર તેનાથી અસ્થિર બન્યું છે.

શ્રી હરીન્દ્ર દવેએ કહ્યું હતું કે જુદા જુદા ક્ષેત્રના નિષ્ણાતોને ફક્ત એક જ વર્ષ માટે જ જો સરકાર ચલાવવાની તક આપવામાં આવે તો આ દેશની હાલની પરિસ્થિતિ સુધરી શકે. જો ગાંધીજીએ સક્રિય રાજકારણમાં આવી દેશનું સુકાન સંભાળી લીધું હોત તો આજની પરિસ્થિતિ કદાચ ઊભી ન થઇ હોત.

કાર્યક્રમનું પ્રમુખસ્થાન 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી ડૉ. રમણલાલ ચી. શાહે સંભાળ્યું હતું. કાર્યક્રમના સંયોજક શ્રી અમર જરીવાલાએ સૌનું સ્વાગત કર્યું હતું. સંઘના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે તથા મંત્રીશ્રી નિરુબહેન શાહે વ્યાખ્યાતાઓનું પુષ્પગુચ્છથી અભિવાદન કર્યું હતું. ડૉ. રમણભાઇ શાહે બંને દિવસના વ્યાખ્યાનોની સુંદર સમીક્ષા કરી હતી. સંઘના મંત્રી શ્રી પ્રવીણચંદ્ર કે. શાહે તથા શ્રી સુબોધભાઇ એમ. શાહ અનુક્રમે પ્રથમ અને બીજા દિવસે કાર્યક્રમના અંતે આભાર વિધિ કરી હતી.

### □ વિદ્યાસત્રનાં વ્યાખ્યાનો

સંઘના ઉપક્રમે સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્રના કાર્યક્રમમાં શનિવાર, તા. ૧૯ મી જાન્યુઆરી, ૧૯૯૧ ના રોજ સાંજના ચાર વાગે સ્વ. કિશોરલાલ મશરૂવાલાની જન્મ શતાબ્દી નિમિત્તે આચાર્યશ્રી યશવંત શુક્લના બે વ્યાખ્યાનો યોજવામાં આવ્યા હતા.

પ્રથમ વ્યાખ્યાનનો વિષય હતો સ્વ. કિશોરલાલ મશરૂવાલાનું સમાજ ચિંતન. આ વિષય પર બોલતાં શ્રી યશવંતભાઇએ જણાવ્યું હતું કે અઢાર વર્ષની ઉંમરે ગીતાનું પારાયણ કરનાર કિશોરલાલ મશરૂવાલા કૃષ્ણને મહાનપુરુષ જરૂર લેખતા, પરંતુ તેમને અવતાર નહોતા લેખતા. ગીતા માટે અનહદ માન ધરાવતા કિશોરલાલ ગીતાના શ્રીકૃષ્ણ પછી સહુથી વધુ આદર ગાંધીજીનો કરતા. કિશોરલાલે સંસારનો વિચાર ધર્મની અને ધર્મનો વિચાર સંસારની દૃષ્ટિએ કર્યો હતો. કિશોરલાલનું ધર્મચિંતન એ વિષય પરના બીજા વ્યાખ્યાનમાં શ્રી યશવંતભાઇએ જણાવ્યું હતું કે ચિંતન કરતાં કરતાં કિશોરલાલ તાત્વિક વિચારોના અંતિમ છેડા પર આવી પહોંચ્યા હતા. તેમણે લખ્યું છે કે વર્ણવ્યવસ્થાએ પ્રજાને ઘોર અન્યાય કર્યો છે. જ્ઞાતિ વ્યવસ્થા અત્યંત રોગિષ્ઠ છે. તેઓ માનતા કે વર્ણવ્યવસ્થા અને જ્ઞાતિ વ્યવસ્થાનો વહેલામાં વહેલી તકે અંત આવવો જોઇએ. તેઓ દૃઢ પણે માનતા કે જ્ઞાતિ એ ગંધાતું ખાબોચિયું છે. તેમણે સ્પષ્ટ કહ્યું છે કે અખંડ ભારતના નિર્માણ માટે જ્ઞાતિઓ અવરોધરૂપ છે. જ્ઞાતિઓ નિર્મૂળ થવી જ જોઇએ.

કાર્યક્રમના પ્રારંભે સંઘના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે સૌનું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના સંયોજિકા પ્રા. તારાબહેન ર. શાહે વ્યાખ્યાતાશ્રી યશવંતભાઇનો પરિચય આપ્યો હતો. શ્રી જોરમલભાઇ મહેતાએ પુષ્પગુચ્છ અર્પણ કરી વ્યાખ્યાતાશ્રી યશવંતભાઇનું સન્માન કર્યું હતું. ડૉ. રમણલાલ ચી. શાહે વિદ્યાસત્રના આયોજનની ભૂમિકા સમજાવવાની સાથે બંને વ્યાખ્યાનોની સમીક્ષા કરી હતી. સંઘના મંત્રીશ્રી નિરુબહેન એસ. શાહે આભારવિધિ કર્યા બાદ કાર્યક્રમની સમાપ્તિ થઇ હતી.

### □ આનંદઘનજીનાં સ્તવનો-ભક્તિસંગીત અને પ્રવચનો

સંઘના ઉપક્રમે છેલ્લા ત્રણેક વર્ષથી અધ્યાત્મયોગી આનંદઘનજીના સ્તવનોનો-ભક્તિસંગીતનો અને પ્રવચનોનો કાર્યક્રમ યોજવામાં આવે છે તે મુજબ આ વર્ષે પણ મંગળ, બુધ, ગુરૂ, તા. ૨૨, ૨૩, ૨૪, જાન્યુઆરી, ૧૯૯૧ ના રોજ દરરોજ સાંજના ચાર વાગે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમનો પ્રારંભ શ્રી ઉષાબહેન મહેતાના સ્વાગત પ્રવચનથી થયો હતો. શ્રીમતી પૂર્ણિમાબહેન સેવંતીલાલ શેઠે મધુરકંઠે આનંદઘનજીના સ્તવનો રજૂ કર્યાં હતાં. હાર્મોનિયમ પર શ્રી શ્યામ ગોગટે અને તબલા પર શ્રી નટવરલાલ ત્રિવેદીએ સેવા આપી હતી. ત્રણ દિવસના આ કાર્યક્રમમાં શ્રી સુપાર્શ્વનાથ, શ્રી સુવિધિનાથ, શ્રી શ્રેયાંસનાથ અને શ્રી વાસુપૂજ્ય સ્વામીનાં એમ આનંદઘનજીનાં ચાર સ્તવનો રજૂ થયાં હતાં. અને આ ચારેય સ્તવનો પર ડૉ. રમણલાલ ચી. શાહે મનનીય વ્યાખ્યાનો આપ્યા હતા. પ્રત્યેક સ્તવન શ્રી પૂર્ણિમાબહેન શેઠે મધુરસ્વરે ગાયા પછી તેના પર ડૉ. રમણભાઇ શાહનું રસપ્રદ અર્થવિવરણ થયું હતું. આ વિશિષ્ટ કાર્યક્રમમાં સારી એવી સંખ્યામાં ભાઇ-બહેનો પધાર્યા હતા. કાર્યક્રમના અંતે શ્રી ઉષાબહેન મહેતાએ આભાર વિધિ કરી હતી.

### □ નિવૃત્ત થતા કાર્યાલય મંત્રીશ્રી શાંતિલાલ શેઠનું સન્માન

સંઘના કાર્યાલય મંત્રી શ્રી શાંતિલાલ ટી. શેઠ પોતાની પચાસ વર્ષની સુદીર્ઘ સેવા આપીને નિવૃત્તિ લઇ રહ્યા હોય તેમનું સન્માન કરવાનો એક કાર્યક્રમ મંગળવાર, તા. ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૧ના સાંજના ૬-૦૦ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં ડૉ. રમણલાલ ચી શાહના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સંઘના ભૂતપૂર્વ મંત્રી કે. પી. શાહે જણાવ્યું હતું કે શાંતિભાઇએ સંઘને પચાસવર્ષ સુધી જે સેવા આપી છે તે ભૂલી શકાય તેમ નથી. સંઘના મંત્રીશ્રી નિરુબહેન એસ. શાહે કહ્યું હતું કે શાંતિભાઇની સેવાભાવના અને નિષ્ઠાપૂર્વક કામ કરવાની વૃત્તિ પ્રશંસાપાત્ર છે. મંત્રીશ્રી પ્રવીણચંદ્ર કે. શાહે જણાવ્યું હતું કે શાંતિભાઇએ સંઘ માટે જે કાર્ય કર્યું છે તેનું મૂલ્ય થઇ શકે તેમ નથી. સંઘના ભૂતપૂર્વ મંત્રીશ્રી સુબોધભાઇ એમ. શાહે જણાવ્યું હતું કે તમને અને મને નહિ ઓળખતા હોય એવા સંખ્યાબંધ માણસો શાંતિભાઇને ઓળખે છે એ વાત તેમની સેવાવૃત્તિનું ઉજળું ઉદાહરણ છે. પ્રા. તારાબહેન ર. શાહે કહ્યું હતું કે શાંતિભાઇએ સંસ્થાએ ગૌરવ અપાવ્યું છે અને સંસ્થાએ શાંતિભાઇને વિકસવાની તક પૂર પાડી છે. આ પ્રસંગે સર્વશ્રી મફતલાલ ભીખાચંદ શાહ, કમલાબહેન પીસપાટી, વસુબહેન ભણસાલી, ઉષાબહેન મહેતા, બસંતલાલ નરસિંહપુરા, હરિલાલ ગુલાબચંદ શાહ, રમણલાલ લાકડાવાલા, હિંમતલાલ ગાંધી, લક્ષ્મીચંદ મહેતા, ચીમનલાલ કલાધર વગેરેએ શ્રી શાંતિભાઇની સેવાને બિરદાવતા અને તેમની દીર્ઘાયુષ્ય ઇચ્છતાં વક્તવ્યો રજૂ કર્યાં હતાં.

કાર્યક્રમના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે જણાવ્યું હતું કે જાહેરસંસ્થામાં કામ કરવું અને તે પણ પચાસ વર્ષ સુધી એકધારું કામ કરવું એ સહેલી વાત તો નથી જ. શાંતિભાઇ જૈન યુવક સંઘની પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત થઇ ગયા હતા. મુરબ્બી પરમાનંદભાઇ કાપડિયાના હાથ નીચે તેમને સરસ તાલીમ મળી. આજે તેઓ સંઘમાંથી નિવૃત્ત થાય છે ત્યારે તેમનું શેષ જીવન આરોગ્યમય, ધર્મમય અને સેવામય બની રહે તેવી શુભેચ્છા દર્શાવું છું.

પ્રાસંગિક વક્તવ્ય બાદ જૈન યુવક સંઘ દ્વારા શ્રી શાંતિભાઇ શેઠને સુખડનો હાર પહેરાવી, શ્રીફળ આપી, શાલ ઓઢાડી, મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. શ્રી શાંતિભાઇ શેઠે સન્માનનો પ્રત્યુત્તર આપતા કહ્યું હતું કે સંસ્થાએ મને જે આપ્યું છે તેનું ઋણ ભૂલી શકાય તેમ નથી. સૌના સહકાર અને પ્રેમની લાગણી બદલ હું સદાય ઋણી રહીશ.

□ □ □

સં. ૧૯૦૨ નું ચાતુર્માસ બુટેરાયજી મહારાજે પરુસરમાં કર્યું. તે વખતે એક નવયુવાન એમના સંપર્કમાં આવ્યો. એમનું નામ મૂળચંદ હતું. એમની ઉમર નાની હતી. પણ એમની બુદ્ધિની પરિપક્વતા ઘણી હતી. વળી એમણે જુદા જુદા સાધુઓ પાસે શાસ્ત્રાભ્યાસ પણ કર્યો હતો. બુટેરાયજીના મુહપત્તી અને પ્રતિમાપૂજનના વિચારો એમણે જાણી લીધી હતા. અને તે પોતાને સાચા જણાતાં તેમણે પણ ચર્ચા ઉપાડી હતી. ત્યારપછી સોળ વર્ષની વયે એમણે બુટેરાયજી પાસે દીક્ષા લીધી. એમનું નામ મૂળચંદ હતું એટલે સાધુ તરીકે તેમનું નામ મુનિ મૂળચંદજી રાખવામાં આવ્યું. તેમણે ગુરુ મહારાજ બુટેરાયજી સાથે રામનગરમાં ચાતુર્માસ કર્યું.

મૂળચંદજી મહારાજ જેવા તેજસ્વી અને નીડર શિષ્ય મળતાં બુટેરાયજીની નૈતિક હિંમત હતી તે કરતાં પણ વધી ગઇ. વિ. સં. ૧૯૦૩ નું ચાતુર્માસ તેઓ બંનેએ લાહોર પાસે ચંદ્રભાગા નદીના કિનારે આવેલા રામનગરમાં કર્યું. તે વખતે ગુરુ શિષ્ય વચ્ચે મુહપત્તી વિશે ઘણી વિચારણા થઇ. અને ચાતુર્માસ પછી માગસર મહિનામાં તેઓ બંનેએ રામનગરમાં મુહપત્તીનો દોરો તોડી નાખ્યો. તેઓએ મુહપત્તી હવેથી હાથમાં રાખશે એવું જાહેર કર્યું. પંજાબમાં આ ક્રાંતિકારી ઘટનાથી ઘણો ખળભળાટ મચી ગયો. હવે સ્થાનકમાર્ગી ઉપાશ્રયોમાં જવું તેમને માટે મુશ્કેલ બની ગયું, અલબત્ત આટલા સમય દરમિયાન તેમની સાથે સંમત થનાર શ્રાવકોના સમુદાય હતો, પરંતુ પરિસ્થિતિ હવે વિકટ થવાની હતી.

આ સમય દરમિયાન દીક્ષા છોડી જનાર પ્રેમચંદજીને ગૃહસ્થ જીવનના કડવા અનુભવો થતાં અને વૈરાગ્યનો ઉદય થતાં તેઓ ફરી દીક્ષા લેવા તૈયાર થયા. પરંતુ તે વખતે બુટેરાયજીને શિયાલકોટ જવાનું અનિવાર્ય હતું. એટલે એમણે પોતાના શિષ્ય મૂળચંદજી મહારાજને પિંડદાહનખા નામના ગામે પ્રેમચંદજીને ફરી દીક્ષા આપવા મોકલ્યા. પરંતુ પ્રેમચંદજી હવે દીક્ષા માટે એટલા અધીરા થઇ ગયા હતા. કે વિહાર કરીને મૂળચંદજી મહારાજ ત્યાં પહોંચે તે પહેલાં તો તેમણે બુટેરાયજી મહારાજને પોતાના ગુરુ તરીકે ધારણ કરીને, સંઘ સમક્ષ તથા જિનપ્રતિમાની સાક્ષીએ સાધુનાં વસ્ત્ર પહેરી લીધાં હતાં. ત્યારપછી તેઓ મૂળચંદજી મહારાજ સાથે વિહાર કરીને બુટેરાયજી મહારાજ સાથે જોડાઇ ગયા હતા.

બુટેરાયજી મહારાજે મુહપત્તીનો દોરો કાઢી નાખ્યો તે પછી પંજાબમાં વિચરવાનું આરંભમાં એમને માટે બહુ કઠિન બની ગયું. તેમ છતાં એવા વિરોધના વંટોળ વચ્ચે પણ તેઓ સ્વસ્થતાથી અને નીડરતાથી વિચરતા રહ્યા હતા.

એક બાજુ એમની વિદ્વતા, વિનમ્રતા, સરળતા અને લોકપ્રિયતા કેવી હતી અને બીજી બાજુ તેમને માથે કેવાં સંકટો આવી પડયા હતાં તેના કેટલાક પ્રસંગો નોંધાયા છે. શરૂઆતનો એક પ્રસંગ પતિયાલા શહેરનો છે.

પંજાબના સ્થાનકવાસી સંપ્રદાયના મુખ્ય ઋષિ અમરસિંહજી ત્યારે પતિયાલામાં બિરાજમાન હતા. અમરસિંહજીના ગુરુભાઇએ સીત્તેર જેટલા ઉપવાસની તપશ્ચર્યા કરવા ધારી હતી. સાઠ જેટલા ઉપવાસ પછી તપશ્ચર્યા દરમિયાન જ તેઓ કાળધર્મ પામ્યા. એ પ્રસંગે પતિયાલામાં એક ગુણાનુવાદ મહોત્સવ રાખવામાં આવ્યો હતો. એ અવસરે ચારે બાજુથી હજારો શ્રાવક–શ્રાવિકાઓ તથા અનેક સંતો–મહાસતીઓ પતિયાલા પધાર્યા હતાં. તે વખતે માલેરકોટલાથી દિલ્હી તરફ વિહાર કરતા બુટેરાયજી મહારાજ પોતાના શિષ્ય મુનિ પ્રેમચંદજીની સાથે પતિયાલા પધાર્યા હતા. ત્યાં આવતાં જ તેમણે જોયું કે તેમણે મુહપત્તીનો દોરો જે છોડી નાખ્યો છે તેની ચર્ચા પતિયાલામાં ઠેકઠેકાણે ચાલી રહી હતી. બુટેરાયજીનો વિરોધ કરવા માટે પણ પ્રવૃત્તિઓ ચાલી રહી હતી.આટલા બધા સાધુ–સાધ્વીઓ એકત્ર થયા છે તેનો લાભ લઇ તે બધાની સમક્ષ બુટેરાયજી મહારાજને જાહેરમાં નીચા પાડવા માટેનું કાવત્રુ ઘડાયું હતું. આ વાતની પોતાને ગંધ આવતાં બુટેરાયજી મહારાજે વિચાર્યું કે આવી પરિસ્થિતિમાં અહીં પતિયાલામાં રહેવું પોતાને માટે ઉચિત નથી. અહીં રહીને સંઘર્ષ કરવાનો કે લોકોના ઉપદ્રવનો ભોગ બનવાનો કોઇ અર્થ નથી. અહીં ટોળાની સામે શાસ્ત્ર સિદ્ધાંતની વાત ચાલશે નહિ. માટે પતિયાલા છોડીને આગળ વિહાર કરવો યોગ્ય છે.

આમ વિચારીને બુટેરાયજી મહારાજે ગોચરી પાણી કર્યા પછી તરત પતિયાલામાંથી વિહાર કર્યો. જયારે અમરસિંહજીને આ વાતની ખબર પડી ત્યારે તેઓ અને તેમના સાધુઓ વિચારમાં પડી ગયા, કારણ કે બુટેરાયજીને પાઠ ભણાવવાની તેમની યોજના નિષ્ફળ થતી હતી.

તેઓએ થોડાક યુવાનોને બોલાવીને સમજાવ્યું કે 'તમે બુટેરાયજી પાસે જાવ અને અને તેમની પ્રસંશા કરી તથા તેમને આગ્રહપૂર્વક વિનંતી કરી ગમે તે રીતે યુક્તિપૂર્વક સમજાવીને અહીં પાછા બોલાવી લાવો.'

તેઓ બુટેરાયજી મહારાજ પાસે પહોંચી ગયા. એમની મુહપત્તીની ઘટનાની તેઓએ બહુ પ્રશંસા કરી. પછી બહુ જ આગ્રહપૂર્વક જાત જાતનાં વચનો આપીને તેઓ બુટેરાયજી મહારાજને પતિયાલા પાછા તેડી લાવ્યા. બુટેરાયજી મહારાજે પોતાના શિષ્ય સાથે પતિયાલાનગરમાં પાછો પ્રવેશ કર્યો. સ્થાનક તરફ તેઓ જયારે જતા હતા તે વખતે જે રીતે કેટલાક શ્રાવકો તેમના તરફ કરડી નજરથી જોતા હતા અને કાનમાં વાતો કરતા હતા તે પરથી તેમને લાગ્યું કે તેમને માટે વાતાવરણ ધારવા કરતાં વધુ પ્રતિકૂળ અને તંગ બન્યું છે. પરંતુ હવે બીજીવાર પાછા ફરવાનું તેમના જેવા સાધુ માટે યોગ્ય ન કહેવાય. એટલે હવે તો જે થવાનું હશે તે થશે એમ સમજીને તેઓ શ્રાવકો લઇ ગયા તે સ્થાનકમાં ઊતર્યા. તેઓ ત્યાં બેઠા હતા એટલામાં પચીસેક સાધુઓ, મહાસતીઓ અને લગભગ ૪૦૦ સ્ત્રીપુરુષો ત્યાં આવીને તેમને ઘેરી વળ્યાં. અમરસિંહજીની યોજના એવી હતી કે બુટેરાયજી પાસે મુહપત્તી મોઢે બંધાવવી અને જો ન બાંધે તો બધાયે ભેગા મળી તેમનો સાધુવેશ ખેંચી લેવો.

ભેગા થયેલા ટોળામાંથી ગંગારામ નામના એક સાધુ કે જે જબરા હતા અને જે પોતાને ઘણા વિદ્વાન અને શાસ્ત્રના જાણકાર તરીકે ઓળખાવતા હતા તેમણે ઊભા થઇને બધાંની વચ્ચે જોરથી મોટા અવાજે બધાને સંભળાય એ રીતે બુટેરાયજીને કહ્યું, 'બુટેરાયજી, જો તમે આગમસૂત્રોને માનતા હો તો પછી આચાર્યનું કહયું પણ તમારે માનવું જોઇએ. પરંતુ તમે તે માનતા નથી. '

બુટેરાયજીએ કહ્યું, 'હું સૂત્ર સિદ્ધાંતમાં માનું છું. અને આચાર્યનું કહેવું પણ માનું છું.'

ગંગારામજીએ કહ્યું, 'જો તમે આચાર્યનું કહ્યું માનતા હો, તમારા ગુરુ નાગરમલજી મુહપત્તી મોઢે બાંધતા હતા અને જિનપ્રતિમામાં માનતા નહોતા. તો તમે એમની વિરુદ્ધ કેમ વર્તો છો ? તમે તમારા ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કેમ કરો છો ? તમે મૃષાવાદી છો; તમે નિહ્નવ છો; તમે મિથ્યાદૃષ્ટિ પતિત સાધુ છો.'

આ સાંભળી બુટેરાયજીએ કહ્યું, 'મને મારા ગુરુ નાગરમલજીએ શીખવાડયું છે કે –

अरिहंतो मह देवो जावज्जजीवं सुसाहुणो गुरुणो।
जिणपन्नतं तत्तं, इह सम्मतं मओ गहियं।।

( સુદેવ અરિહંત, સુસાધુ ગુરુ તથા જિનેશ્વર ભગવાન દ્વારા પ્રરૂપિત તત્ત્વ (ધર્મ) નું જાવજીવ હું શરણ ગ્રહણ કરું છું.)

મારા ગુરુ નાગરમલજીએ મને જે આ શીખવાડયું છે તેનો હું સ્વીકાર કરું છું. એમાં સૂત્ર સિદ્ધાંત અને ગુરુની આજ્ઞા બંનેનો સ્વીકાર આવી જાય છે. મારે માટે એ પ્રમાણ છે. કુદેવ, કુગુરુ, કુધર્મ મારે માટે પ્રમાણ નથી.'

આ સાંભળી નક્કી કરેલી યોજના પ્રમાણે ગંગારામજીએ બૂમ પાડીને બધાંને કહ્યું, ' ભાઇઓ ! 'બુટેરાયજી સાથે વધારે વાત કરવાનો કોઇ અર્થ નથી. જો તેઓ અત્યારે મુહપત્તી ન બાંધે તો તમે બધા અત્યારે જ એમનો વેષ ઉતારી લો અને એમને મારીને અહીંથી બહાર કાઢી મૂકો.'

આમ વાદવિવાદ ઉગ્ર ઝગડામાં પરિણમ્યો. એ જો વધે તો જૈન સાધુઓની શોભા નહિ રહે એમ સમજીને બુટેરાયજીના એક અનુરાગી બનાતીરામ નામના એક જબરા શ્રાવકે ઊભા થઇને મોટા અવાજે સંતો–મહાસતીઓને કહ્યું કે 'શું તમે બધા અહીં શાસ્ત્રની ચર્ચા કરવા આવ્યા છો કે મારામારી કરવા આવ્યા છો ? તમને જૈન સાધુ સાધ્વીઓને આમ કરવું શોભે છે ? તમે બધા અહીંથી હઠો અને પોતપોતાના સ્થાને જાવ. ખબરદાર બુટેરાયજીને કોઇએ હાથ અડાડયો તો.'

બનાતીરામના અવાજથી બધા ડઘાઇ ગયા. એમની સાથે બીજા કેટલાક શ્રાવકો પણ જોડાઇ ગયા. ગંગારામજીને ખાતરી થઇ ગઇ કે અહીં પોતાનું કશું ચાલશે નહિ. તેઓ ત્યાંથી આઘા ખસી ગયા. ત્યારપછી તેમણે પોતાના કેટલાક સંતસતીઓને એક બાજુએ લઇ જઇને ધીમા અવાજે ખાનગીમાં કહ્યું, 'બુટેરાયજી અહીં પતિયાલામાં વારંવાર આવે છે. અહીં ઘણી તપશ્ચર્યા

હતી. પરંતુ અજમેરના સંઘનો પત્ર આવ્યો કે ઢુંઢિયાના પૂજ્ય રતનચંદજી રીખ આપની સાથે મૂર્તિપૂજા વિશે શાસ્ત્રાર્થ કરવા ઇચ્છે છે. આ પત્ર મળતાં બુટેરાયજી મહારાજે ગુજરાત તરફ વિહાર ન કરતાં અજમેર તરફ પોતાના શિષ્ય વૃદ્ધિચંદ્રજી સાથે વિહાર કર્યો. શાસ્ત્રાર્થ કરવા માટે તેઓ ઇચ્છતા હતા, કારણ કે એ વિષયમાં એમનો અભ્યાસ હવે ઘણો ઊંડો થયો હતો. તેઓ અજમેર તરફ જઇ રહ્યા હતા ત્યારે માર્ગમાં જાણવા મળ્યું કે મુનિ રતનચંદજીએ તેરાપંથીના મતનું ખંડન કરતી એક પ્રત લખી છે. એની તપાસ કરાવીને બુટેરાયજી મહારાજે એ પ્રત મેળવી લીધી. એ વાંચતાં જ તેમને લાગ્યું કે મુનિ રતનચંદજીના પોતાનાં જ વાક્યો વડે મૂર્તિપૂજા સાબિત થઇ શકે એમ છે.

વિહાર કરતા કરતા તેઓ પોતાના શિષ્ય સાથે અજમેર પહોંચ્યા. પરંતુ ત્યારે આશ્ચર્ય સાથે જાણ્યું કે મુનિ રતનચંદજી અજમેરથી ચૂપચાપ વિહાર કરીને બીજે ચાલ્યા ગયા છે. બુટેરાયજી સાથે મૂર્તિપૂજા વિશે પોતે શાસ્ત્રાર્થ નહિ કરી શકે અને કરશે તો પરાજિત થશે એવો ડર એમને લાગ્યો હતો.

બુટેરાયજી મહારાજ જે હેતુથી અજમેર પધાર્યા તે હેતુ હવે રહ્યો નહિ. પરંતુ અજમેર પધારવાના કારણે એક વિશેષ લાભ થયો. અજમેરથી એ વખતે એક સંઘ કેસરિયાજીની જાત્રા માટે જઇ રહ્યો હતો. જૈનોના ઘર બાર વગરના પ્રદેશોમાં એકલા વિહાર કરવા કરતાં સંઘ સાથે વિહાર કરવામાં મુનિમહારાજોને સૂઝતા આહાર વગેરેની અનુકૂળતા રહે છે. બુટેરાયજી મહારાજ એ રીતે સંઘ સાથે કેસરિયાજી પધાર્યા. તીર્થયાત્રાનો આ એમનો પ્રથમ અનુભવ હતો. કેસરિયાજીના આદિનાથ ભગવાનની ચમત્કારિક પ્રતિમાના હર્ષોલ્લાસપૂર્વક દર્શન કરીને તેઓએ અત્યંત ધન્યતા અનુભવી.

કેસરિયાજીના મુકામ દરમિયાન વળી બીજો એક અનુકૂળ યોગ સાંપડયો. ગુજરાતમાંથી તે વખતે કેસરિયાજીની યાત્રા કરવા માટે એક સંઘ આવ્યો હતો. સંઘપતિ પ્રાંતિજ પાસે આવેલા ઇલોલ નગરના શેઠ બેચરદાસ માનચંદ હતા. તેઓ બીજા આગેવાનો સાથે બુટેરાયજી મહારાજને મળવા આવ્યા. તેમણે કહ્યું, 'મહારાજશ્રી ! અમને થોડીક જિજ્ઞાસા થઇ છે. આપને દેરાસરમાં દર્શન કરતા જોયા હતા. આપના વેશ પરથી આપ સ્થાનકમાર્ગી સાધુ લાગો છો. પરંતુ સ્થાનકવાસી સાધુ મુહપત્તી મોઢે બાંધે, જ્યારે આપ મુહપત્તી હાથમાં રાખો છો. તેથી અમને પ્રશ્ન થાય છે. અમને જણાવશો કે આપ કોણ છો તો આનંદ થશે.'

બુટેરાયજી મહારાજે કહ્યું, 'ભાઇ હું જન્મથી અજૈન છું. અમારો પરિવાર શીખધર્મને પાળે છે. મેં યુવાનવયે સ્થાનકમાર્ગી બાવીસ ટોળામાં દીક્ષા લીધી હતી. પરંતુ શાસ્ત્રોનું ઊંડુ અધ્યયન કર્યા પછી મને ખાત્રી થઇ છે કે જિનપ્રતિમાનો સિદ્ધાંત સાચો છે. વળી મોઢે મુહપત્તી બાંધવાનું આગમસૂત્રમાં ક્યાંય ફરમાન નથી. એટલે મુહપત્તી હાથમાં રાખું છું. અમારી ભાવના ગુજરાત તરફ વિહાર કરી શત્રુંજય તીર્થની યાત્રા કરવાની છે. '

સંઘવીએ કહ્યું, 'તો પછી ગુરુ મહારાજ ! આપ બંને અમારા સંઘ સાથે જોડાઇને અમને લાભ આપો. વળી આપને પણ અનુકૂળતા રહેશે. કારણ કે રસ્તામાં ઘણે ઠેકાણે જૈનોનાં ઘર આવતાં નથી.'

બુટેરાયજી મહારાજી અને વૃદ્ધિચંદ્રજી મહારાજે સંઘપતિની વિનંતીનો સ્વીકાર કર્યો અને તેઓ સંઘ સાથે જોડાઇ ગયા. પ્રાંતિજ સુધી સંઘ સાથે પહોંચી ત્યાંથી તેઓ વિહાર કરી અમદાવાદ પહોંચ્યા અને નગર બહાર શેઠ હઠીસિંહની વાડીએ ઊતર્યા.

એમના આગમનના સમાચાર અમદાવાદના સંઘમાં પહોંચી ગયા. સૌભાગ્ય વિજયજી મહારાજે માણસ મોકલી એમને ઉપાશ્રયે તેડાવ્યા. દાદા મણિવિજયજી, સૌભાગ્ય વિજયજી વગેરે સંવેગી સાધુઓનાં દર્શન કરી તેઓએ ધન્યતા અનુભવી. થોડા દિવસ રોકાઇને તેઓ શત્રુંજયની યાત્રાએ સંઘ જતો હતો તેની સાથે જોડાઇ ગયા. શત્રુંજયની તીર્થયાત્રા પહેલીવાર કરીને તેઓએ અનન્ય ધન્યતા અને પ્રસન્નતા અનુભવી. થોડા દિવસ તેઓ ત્યાં રોકાયા ત્યાં યતિઓનું જોર ઘણું હતું. એટલે ચાતુર્માસ આસપાસ કરવાનો એમણે વિચાર કર્યો. નજીકમાં વિહાર કરીને વૃદ્ધિચંદ્રજી અને પ્રેમચંદજી મહારાજ ભાવનગરના સ્થળની અનુકૂળતા જોઇ આવ્યા. ભાવનગરના સંઘે પાલિતાણા આવીને તેમને વિનંતી કરતાં બુટેરાયજી મહારાજે ગુજરાતમાં પ્રથમ ચાતુર્માસ ભાવનગરમાં કર્યું.

ભાવનગરના ચાતુર્માસ પછી ફરી તેઓ ભાવનગરના સંઘ સાથે સિદ્ધાચલજીની યાત્રાએ ગયા. પાલિતાણામાં થોડા સમય રોકાઇ તેમણે અમદાવાદ તરફ વિહાર કર્યો. વૃદ્ધિચંદ્રજી અને પ્રેમચંદજી મહારાજે ગિરનારની યાત્રા માટે જૂનાગઢ તરફ વિહાર કર્યો. ગ્રામાનુગ્રામ વિહાર કરતા બુટેરાયજી મહારાજ અને મૂળચંદજી મહારાજ લિંબડી પધાર્યા. ત્યાં થોડા દિવસ રોકાયા તે દરમિયાન મૂલચંદજી મહારાજને તાવ આવ્યો અને તે ઊતરતો નહોતો. એ સમયે ગુરુ મહારાજ બુટેરાયજીએ પોતાના શિષ્ય મૂલચંદજી મહારાજની ઘણી સેવાચાકરી કરી હતી. એવામાં વૃદ્ધિચંદ્રજી મહારાજ ગિરનારની જાત્રા કરી ત્યાં આવી પહોંચ્યા હતા. પ્રેમચંદજી છૂટા પડી એકલ વિહારી થઇ ગયા હતા.

મૂલચંદજી મહારાજને તદ્દન સારું થઇ ગયું ત્યારપછી વિહાર કરીને તેઓ ત્રણે અમદાવાદ આવી પહોંચ્યા. અને ઉજમફોઇની ધર્મશાળામાં ઊતર્યા. ત્યાં પંન્યાસ દાદા મણિવિજયજી તથા ગણિ સૌભાગ્યવિજયજીના ગાઢ સમાગમમાં તેઓ આવ્યા. અને તેઓ ત્રણેએ મણિવિજયજી દાદા પાસે મૂર્તિપૂજક સમુદાયમાં સંવેગી દીક્ષા લેવાનો નિર્ણય કર્યો. એ માટે સૌભાગ્યવિજયજી મહારાજ પાસે યોગવહન પણ કર્યા. ત્યાર પછી સં. ૧૯૧૨માં ચતુર્વિધ સંઘ સમક્ષ મણિવિજયજી દાદાએ તેઓ ત્રણેને સંવેગી દીક્ષા આપી. મુનિ બુટેરાયજીનું નામ મુનિ બુદ્ધિવિજયજી, મુનિ મૂલચંદજીનું નામ મુનિ મુક્તિવિજયજી અને મુનિ વૃદ્ધિચંદ્રજીનું નામ મુનિ વૃદ્ધિવિજયજી રાખવામાં આવ્યું. સંવેગી દીક્ષા ધારણ કરીને તેઓ ત્રણેએ હર્ષોલ્લાસ સાથે કૃતાર્થતા અને ધન્યતા અનુભવી. જૈન શાસનનાં ઇતિહાસમાં આ એક જબરજસ્ત ક્રાંતિકારી ઘટના બની. એથી પંજાબથી આત્મારામજી મહારાજને પણ બીજા સત્તર સાધુઓ સાથે ગુજરાતમાં આવી સ્થાનકમાર્ગી દીક્ષા છોડી સંવેગી દીક્ષા ધારણ કરવાની પ્રેરણા મળી. આમ ગુજરાત ઉપર પંજાબી સાધુઓના આગમનનો ઘણો મોટો પ્રભાવ પડયો.

બુટેરાયજી મહારાજ ખરેખર એક ઊંચી કોટિના સાધુ હતા. તેઓ બ્રહ્મચર્યના પાલનમાં તથા સ્વાદેન્દ્રિય ઉપર વિજય મેળવવામાં ઘણા મક્કમ હતા. તપશ્ચર્યા, વિહાર વગેરે કરવા માટે તેમની પાસે સારું શરીરબળ અને મનોબળ હતું. ભાવનગરમાં ચાતુર્માસ કર્યા પછી બુટેરાયજી મહારાજ પોતાના શિષ્યો સાથે પાલિતાણા પધાર્યા હતાં. તે સમયના બેએક પ્રસંગો નોંધાયેલા છે. પાલિતાણામાં મૂલચંદજી મહારાજ ગોચરી વહોરવા જતા. તેઓ પણ પોતાના ગુરુ મહારાજની જેમ એક પાત્રમાં બધી ગોચરી વહોરી લાવતા. એવી રીતે મિશ્ર થઇ ગયેલી ગોચરી તેઓ વાપરતા જેથી સ્વાદ ઉપર વિજય મેળવાય.

પંજાબના લોકો દાળશાકમાં ગોળ ન નાખે. એક દિવસ મૂલચંદજી મહારાજ ગોચરી વહોરી લાવ્યા હતા. ગોચરી વાપરતાં બુટેરાયજી મહારાજે મૂલચંદજી મહારાજને કહ્યું, 'મૂલા, આ કઢી બહુ ગળી લાગે છે.' તે વખતે મૂલચંદજી મહારાજે કહ્યું, 'ગુરુદેવ, એ કઢી નથી પણ કેસરિયા દૂધ છે. એ તો ગળ્યું જ હોય.'

આમ બુટેરાયજી મહારાજે ખાવાની વાનગીઓમાં રસ લીધો નહોતો. પાત્રામાં જે આવે તે તેઓ વાપરી લેતા. શિખંડ, દૂધપાક કે કઢી વચ્ચે એમને બહુ ફેર જણાતો નહિ.

પાલિતાણામાં એક દિવસ મૂલચંદજી મહારાજ એક શ્રાવકના ઘરે ગોચરી વહોરવા ગયા ત્યારે તે શ્રાવક પાસેથી જાણવા મળ્યું કે પાલિતાણામાં ઘણા શ્રાવકો રીંગણાનું શાક ખાય છે. અને સ્થાનકવાસી સાધુઓ રીંગણાનું શાક વહોરે પણ છે. બહુબીજના પ્રકારનું આ શાક અભક્ષ્ય ગણાય છે. જૈનોથી તે ખવાય નહિ. મૂલચંદજી મહારાજ જ્યારે એ શ્રાવકને ઘરે ગોચરી વહોરવા ગયા ત્યારે તે શ્રાવકે અચાનક ઉત્સાહપૂર્વક રીંગણાનું શાક પાત્રામાં ઠલવી દીધું. મૂલચંદજી મહારાજે ઉપાશ્રયમાં આવીને ગુરુ મહારાજ બુટેરાયજીને આ વાત કહી. એ ગોચરી તો તેઓને કલ્પે નહિ, એટલે ન વાપરતાં પરઠવી દીધી. પરંતુ બુટેરાયજી મહારાજે એ પ્રસંગે મૂલચંદજી મહારાજને કહ્યું કે 'મૂલા ! આમાં શ્રાવકોનો કંઇ દોષ નથી. વસ્તુતઃ શુદ્ધ આહાર માટે ધર્મ પ્રચારની જરૂર છે. ધર્મપ્રચાર સાધુઓ વગર સરળતાથી થઇ શકે નહિ. આપણા શ્વેતામ્બર સંવેગી સાધુઓ ઘણી અલ્પ સંખ્યામાં છે. જો આપણે ગુજરાત, રાજસ્થાન, પંજાબ વગેરે પ્રદેશમાં સારી રીતે ધર્મપ્રચાર કરવો હશે તો ઘણા સાધુઓની જરૂર પડશે. એટલે મારી તને ભલામણ છે કે જેનો ઉપદેશક બળવાન તેનો ધર્મ બળવાન એ ન્યાયે સારા ચારિત્રશીલ સાધુઓને તૈયાર કરવા જોઇએ. એ જો થાય તો આપોઆપ શ્રાવકોનો આચાર સુધરી જશે.

અત્યારે ચારેબાજુ અંધારું છે. માટે યોગ્ય પાત્ર જોઇને એમને સંયમના માર્ગે વાળવા જોઇએ. એ કામ તું બહુ સારી રીતે કરી શકે એમ છે કારણ કે તારી પાસે ધર્માનુરાગી યુવાનભક્તો ઘણા આવે છે.'

બુટેરાયજી મહારાજની આ વાત મૂલચંદજી મહારાજના મનમાં વસી ગઇ. એમણે નિશ્ચય કર્યો કે યોગ્ય પાત્રોને શોધીને દીક્ષા આપીને સંવેગી સાધુઓની સંખ્યા વધારવી જોઇશે. એ કામ એમણે હોંશભેર ઉપાડી લીધું.

બુટેરાયજી મહારાજે સંવેગી દીક્ષા લીધા પછી ગુજરાતમાં અમદાવાદ, ભાવનગર વગેરે સ્થળે છ ચાતુર્માસ કર્યાં. તે સમય દરમિયાન તેમણે શાસ્ત્રીય અધ્યયન સારી રીતે કર્યું. ભાવનગરમાં હતા ત્યારે ૪૫ આગમોનો પંચાંગી સહિત અભ્યાસ કરી લીધો હતો. અમદાવાદના અને ભાવનગરના સંઘોએ એમને માટે પંડિતોની વ્યવસ્થા કરી આપી હતી. તે વખતના જાણીતા પંડિત હરિનારાયણ પાસે એમણે હરિભદ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય, લક્ષ્મીસૂરિ, વિનયવિજયજી ઉપરાંત ઉપાધ્યાય યશોવિજયજીનાં સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતીમાં લખાયેલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. એમાં યશોવિજયજી ઉપાધ્યાયના ગ્રંથોએ એમને બહુ પ્રભાવિત કર્યા. તર્ક અને ન્યાયયુક્ત એ ગ્રંથોના અભ્યાસથી એમની દૃષ્ટિ ખૂલી ગઇ. એમની શ્રદ્ધા અડગ થઇ ગઇ. એમણે પોતે જ પોતાના આત્મકથનમાં લખ્યું છે :

**''उपाध्यायजी के ग्रंथो की रचना देखके मेरेको परम उपकारी उत्तम पुरुष दीसे है, तत्त्व तो केवलज्ञानी जाणे। मेरेको महाराजजी इस भवमें मिले नथी। परभव का संबन्ध तो ज्ञानी मिलसे तब पुछसुं। .......... पिण मेरी सरधा तो श्री जशोविजयजीके साथ घणी मिले है।''**

પંજાબથી નીકળ્યાંને મહારાજશ્રીને ઘણાં વર્ષ થઇ ગયાં હતાં. રેલ્વે કે તાર ટપાલ વગરના એ દિવસોમાં પંજાબના રામનગર, જમ્મુ, ગુજરાનવાલા વગેરે શહેરોમાંથી એમનો ભક્તો પંજાબ પધારવા માટે જતા આવતા મુસાફરો સાથે વિનંતીપત્ર મોકલતા. આથી સં. ૧૯૧૮ માં અમદાવાદમાં ચાતુર્માસ કરી બુટેરાયજી મહારાજે પંજાબ તરફ વિહાર કર્યો. પાલી અને દિલ્હી ચાતુર્માસ કરી તેઓ પંજાબમાં પતિયાલા, અમૃતસર વગેરે સ્થળે વિચર્યા અને લોકોને બોધ આપ્યો. હવે મુહપત્તી અને પ્રતિમાપૂજનની ચર્ચા કરવાની એમની ભાવના ન હતી. પરંતુ અમરસિંહજીના શ્રાવકોએ ૧૯૨૩ માં ફરી ચર્ચા ઉપાડી. શાસ્ત્રાર્થ કરવા માટે બુટેરાયજીએ પડકાર કર્યો. એમણે એ પડકાર ઝીલી લીધો. એમના દેવીસહાય નામના શ્રાવકભક્તે સામેવાળા સાથે શરત કરી કે શાસ્ત્રાર્થ કરવામાં સાક્ષી તરીકે તટસ્થ બ્રાહ્મણ પંડિતો પણ રાખવા પડશે, અને તોફાન ન થાય એટલા માટે બે ચાર સિપાઇઓ પણ રાખવા પડશે. પરંતુ અમરસિંહજીએ એક અથવા બીજું બહાનું કાઢી શાસ્ત્રાર્થ કરવાનું ટાળ્યું. અમરસિંહજીના શ્રાવક ભક્તોએ પણ એમને ચર્ચા ટાળવાનું અને ખમતખામણા કરી લેવાનું સમજાવ્યું. એ જાણી બુટેરાયજી અમરસિંહજી પાસે ગયા અને ખમતખામણા કરી આવ્યા. પરંતુ એથી અમરસિંહજીના શ્રાવકોએ એવી વાત ઉડાડી કે બુટારાયજી ખમતખામણા કરવા આવ્યા હતા પણ અમરસિંહજીએ તો એમની સાથે કંઇ ચર્ચા કરવાની ના પાડી દીધી.

બીજે દિવસે બુટેરાયજીના કેટલાક ભક્તો અમરસિંહજીના પાસે ગયા અને કહ્યું કે જેમ બુટેરાયજી મહારાજે તમારી પાસે ખમતખામણા કર્યા છે તેમ તમારે પણ એમની પાસે જઇને ખમતખામણા કરવા જોઇએ. પરંતુ એટલી વાત થતામાં તો અમરસિંહજીના શ્રાવકોએ બુટેરાયજીના શ્રાવકોને ધક્કા મારી બહાર કાઢ્યા. અને અમરસિંહજીનો બીજા દિવસનો વિહાર પણ જાહેર કરી દીધો.

પરંતુ બીજે દિવસે સવારે બુટેરાયજી જંગલમાં ઠલ્લે ગયા ત્યારે અમરસિંહજી ત્યાં રસ્તામાં મળ્યા. એમણે બુટેરાયજીને કહ્યું, 'બુટેરાયજી હું તમને ખમતખામણા કરવા આવતો હતો. પરંતુ શ્રાવકોએ મને અટકાવ્યો. લોકો બહુ વિચિત્ર છે. હું તમને વારંવાર ખમાવું છું.'

આમ બુટેરાયજી મહારાજ સાથે શાસ્ત્રચર્ચા સિવારી અમરસિંહજીએ ક્ષમાપના કરી લીધી. એથી વિવાદનો વંટોળ શકી ગયો અને જેને જેમાં શ્રદ્ધા હોય તે પ્રમાણે આચરણ કરવા લાગ્યા. અલબત્ત બુટેરાયજી મહારાજના આગમનને કારણે પંજાબમાં આત્મારામજી મહારાજ વગેરે બીજા ઘણા સાધુ મહાત્માઓએ પણ પોતાના સંપ્રદાયમાંથી નીકળી ગુજરાતમાં જઇ સંવેગી દીક્ષા લેવા માટે હિલચાલ ચાલુ કરી દીધી હતી.

પંજાબનાં પોતાનાં ક્ષેત્રો સંભાળી, ઠેર ઠેર જિનમંદિરના નિર્માણની યોજના કરી ગુજરાત તરફ આવવા માટે બુટેરાયજી મહારાજે પંજાબથી નીકળી સં. ૧૯૨૭ નું ચાતુર્માસ બિકાનેરમાં કર્યું. તેઓ ગુજરાત તરફ આવી રહ્યા છે એ સમાચાર મળતાં એમના શિષ્યો મૂલચંદજી મહારાજ અને વૃદ્ધિચંદ્રજી મહારાજ તેમને સામે લેવા માટે ગુજરાતથી વિહાર કરી આબુ થી આગળ પાલી સુધી પહોંચ્યા હતા.

અમદાવાદમાં આવીને બુટેરાયજી મહારાજે પોતાના શિષ્યો સાથે જૈન શાસનની ઉન્નતિ માટે વિવિધ યોજનાઓ વિચારી. તેમણે અમદાવાદ, ભાવનગર, પાલિતાણા વગેરે સ્થળે ચાતુર્માસ કર્યાં. અમદાવાદમાં તેઓ હતા ત્યારે યતિમાંથી સાધુ થયેલા રતનવિજયજી નામના એક શિથિલાચારી સાધુએ પંજાબી સાધુઓને ઉતારી પાડવા પ્રપંચો કરેલા, પરંતુ અમદાવાદના સંઘના શ્રેષ્ઠીઓએ એમને ફાવવા દીધા નહોતા.

વિ.સં. ૧૯૩૨ માં બુટેરાયજી મહારાજ ભાવનગરથી અમદાવાદ પધાર્યા. તેમની ઉમર હવે ૬૫ વર્ષ વટાવી ગઇ હતી. તેમની તબિયત હવે જોઇએ તેવી સારી રહેતી નહોતી. એ વર્ષે પંજાબના તેજસ્વી મહાત્મા આત્મારામજી મહારાજ અમદાવાદ આવી પહોંચ્યા. બુટેરાયજી મહારાજે એમને તથા તેમની સાથે આવેલા બીજા ૧૭ સ્થાનકમાર્ગી સાધુઓને સંવેગી દીક્ષા આપી. આમ સંવેગી સાધુઓની સંખ્યા વધતી ગઇ.

બુટેરાયજી મહારાજે પોતાના ત્રણ મુખ્ય શિષ્યોમાં ક્ષેત્રોની વહેંચણી કરી આપી. મૂલચંદજી મહારાજ અમદાવાદ અને ગુજરાત સંભાળે, વૃદ્ધિચંદ્રજી મહારાજ કાઠિયાવાડ સંભાળે અને આત્મારામજી મહારાજ પાછા પંજાબ પધારે અને પંજાબનાં ક્ષેત્રો સંભાળે.

બુટેરાયજી મહારાજે સં. ૧૯૩૨ થી ૧૯૩૮ સુધી, જીવનના અંત સુધી અમદાવાદમાં સ્થિરવાસ કર્યો. તેઓ હવે આત્મધ્યાનમાં વધુ મગ્ન રહેતા. જરૂર પૂરતું શિષ્યોને તેઓ માર્ગદર્શન આપતા. તેમની પાસે શેઠ પ્રેમાભાઇ, શેઠ દલપતભાઇ, શેઠ હેમાભાઇ વગેરે અમદાવાદના શ્રેષ્ઠીઓ આવતા. અને તેમની સંભાળ લેતા. મહારાજશ્રી નગરશેઠના વંડે છેલ્લા પાંચ છ વર્ષ સ્થિરવાસ રહ્યા હતા. નગરશેઠ દલપતભાઇ રોજ એમને વંદન કરવા આવતા હતા. અમદાવાદમાં તે જમાનામાં નગરશેઠનું સ્થાન અને માન ઘણું મોટું હતું. શેઠ દલપતભાઇનાં પત્ની ગંગા શેઠાણી પણ ધર્માનુરાગી જાજવલ્યમાન નારી હતાં. બ્રહ્મનિષ્ઠ બુટેરાયજી મહારાજ એટલા બધા નિસ્પૃહ, અનાસક્ત હતા કે પોતાને વંદન કરવા આવનારી બહેનોમાં ગંગા શેઠાણી કોણ છે તે જાણવાની ક્યારેય ઉત્સુકતા દર્શાવી નહોતી.

વિ.સં. ૧૯૩૫ ના આસો મહિનામાં દાદાગુરુ ગણિ મણિવિજયજી અમદાવાદમાં કાળધર્મ પામ્યા.

વિ.સં. ૧૯૩૮ માં બુટેરાયજી મહારાજે અમદાવાદમાં પંચોતેર વર્ષની ઉંમરે પંદર દિવસની બીમારી પછી ફાગણ વદ અમાસ (પંજાબી ચૈત્ર વદ અમાસ) ના રોજ રાત્રે સમાધિપૂર્વક દેહ છોડ્યો. એમના કાળધર્મના સમાચાર ગુજરાત, રાજસ્થાન અને પંજાબમાં ઝડપથી પ્રસરી જતાં ત્યાં ત્યાં એમના ભક્તવર્ગમાં શોક છવાઇ ગયો. ચૈત્ર સુદ એકમના રોજ સાબરમતી નદીના કિનારે ચંદનની ચિતામાં એમના પાર્થિવ દેહનો જ્યારે અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો ત્યારે ત્યાં હજારો નગરજનોની આંખોમાંથી આંસુ વહ્યા હતાં.

બુટેરાયજી મહારાજને અંજલિ આપતાં શ્રી ન્યાયવિજયજી મહારાજે લખ્યું છે કે 'બુટેરાયજીની દેહમુદ્રામાં પ્રતાપ હતો, આત્મમુદ્રામાં ગુણગૌરવ હતાં અને વિશાલ લલાટપટમાં બ્રહ્મચર્યનું અલૌકિક ઓજસ હતું. એમના પંજાબી ખડતલ દેહમાં સુંદરતા, સુકુમારતા અને સજ્જનતાં તરવતી. બુટેરાયજી મહારાજ એટલે પરમ ત્યાગમૂર્તિ, મહાયોગીરાજ, સત્ય અને સંયમની પ્રતિમા.'

**– રમણલાલ ચી. શાહ**

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ. પ્રકાશન સ્થળ:૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ–૪૦૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦ ૦૦૪.

વર્ષ : ૨ ● અંક : ૩ - ૪ ● તા. ૧૬-૪-૧૯૯૧ Regd. No. MH. BY / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## દવાઓમાં ગેરરીતિઓ

થોડા સમય પહેલાં અમેરિકામાં શરદી માટેની દવા SUDAFED ના કેપ્સ્યૂલમાં સાઇનાઇડ નામનું ઝેરી તત્ત્વ કોઇક દ્વારા ભેળવવાને કારણે કેટલાક માણસો મૃત્યુ પામ્યાની ઘટનાએ ચકચાર જગાડી છે. દવામાં આ તત્ત્વ કોણે ભેળવ્યું એ પ્રશ્ન છે. એ દેશમાં જાગૃતિ એટલી બધી છે કે ખુદ કંપનીએ પોતે જાહેરાત આપીને બજારમાંથી પોતાની દવા પાછી ખેંચી લીધી છે. જેમણે એ દવા ખરીદી હોય પણ ન વાપરી હોય તેમને એ ન વાપરવા માટે ભલામણ કરવામાં આવી છે તથા તે પાછી આપીને નાણાં પાછાં મેળવવા માટે પણ સૂચના અપાઇ છે. એવો વહેમ પડે છે કે કોઇક ચક્રમ માણસે કેટલાક લોકોને મારી નાખવાના ઇરાદાથી થોડી કેપ્સ્યૂલમાં ઝેર ભેળવ્યું હશે. મારી નાખવાનો આશય વેરભાવનો નહિ પણ એ પ્રકારની પોતાની માનસિક વિકૃતિને સંતોષવાનો હશે એમ મનાય છે. વ્યવસ્થિત તપાસમાં કદાચ વધુ વિગતો બહાર આવે.

અગાઉ પણ કેટલીક દવાઓમાં બીજાઓ દ્વારા ઇરાદાપૂર્વક ભેળસેળ કરવાના કેટલાક બનાવો પશ્ચિમના દેશોમાં બન્યા હતા. પોતાની પ્રતિસ્પર્ધી કંપનીની દવા વધુ લોકપ્રિય બની હોય અને પોતાની દવા બરાબર ન ચાલવાને કારણે પોતાની કંપની ખોટમાં ધંધો કરતી હોય ત્યારે પ્રતિસ્પર્ધી કંપનીની દવાની પ્રતિષ્ઠા બગાડી નાખવાના આશયથી એમ કરવામાં આવ્યું હોવાનું કેટલાક કિસ્સામાં જણાયું હતું. કેટલીક વાર દવાના કેપ્સ્યૂલની અંદર કે ઇન્જેકશન માટેની બાટલીની અંદર ઇન્જેકશન દ્વારા બીજી દવા ભેળવી દેવાય છે. કેટલીક વાર ખરાબ બનાવટી દવા બનાવીને એ કંપનીના નામથી પેકિંગ કરીને બજારમાં મૂકી દેવાય છે, સમૃદ્ધ વિકસિત દેશોમાં પણ આવી મેલી રમતો રમાય છે અને પ્રજાના આરોગ્ય સાથે ચેડાં કરતાં કૌભાંડો થાય છે એ વિશેષ દુઃખદ અને આશ્ચર્યકારક ઘટના લાગે છે.

વર્તમાન જગતમાં કોઇ પણ એક દેશના સંશોધનનો લાભ સમગ્ર દુનિયાને મળતો થયો છે. એથી દવાઓના ક્ષેત્રે પણ દુનિયાભરમાં ઘણીબધી પ્રગતિ થઇ છે. આયુર્વેદ, યુનાની, હોમિયોપથી, એલોપથી વગેરે પ્રકારની દવાઓ બનાવવાની ભિન્ન ભિન્ન પદ્ધતિઓનો નવા સંશોધનો માટે પરસ્પર લાભ લેવાય છે. આયુર્વેદમાં અનેક પ્રકારની વનસ્પતિઓ કે રસાયણોના ગુણધર્મ અનુસાર ઉપચારો બતાવવામાં આવ્યા છે. એનો લાભ લઇ આધુનિક પ્રયોગશાળામાં નવી પદ્ધતિથી નવા નવા પ્રયોગો કરીને નવી દવાઓ બનાવવાનું કાર્ય પણ ઘણું થઇ રહ્યું છે. હિમાલયમાં રહેતા કેટલાક વેપારીઓ દર વર્ષે હિમાલયમાં થતી વનસ્પતિઓની લાખો-કરોડો રૂપિયાની નિકાસ જર્મની સ્વિત્ઝરલેન્ડ કે યુરોપના અન્ય દેશોમાં કે અમેરિકામાં કરે છે. પાશ્ચાત્ય દેશોના કેટલાક સંશોધકો આયુર્વેદના આધારે નવી દવાઓ તૈયારી કરી રહ્યા છે. નવાં વૈજ્ઞાનિક સ્વયંસંચાલિત સાધનોને કારણે કોઇ વનસ્પતિના પાંદડાં, મૂળિયાં, ડાળી, ફૂલ, ફળ વગેરેનો અર્ક મેળવવાનું કે બીજા અર્ક સાથે અમુક ડિગ્રીનું ઉષ્ણતામાન આપીને ભેળવવાનું કે અન્ય તત્ત્વમાં રૂપાંતરિત કરવાનું સરળ બની ગયું છે. વળી, દુનિયાના લગભગ બધા દેશોમાં પ્રાચીન સમયથી કેટલાક ઘરગથ્થુ ઉપચારો ચાલ્યા આવે છે. ડોશીમાનું વૈદું ના પ્રકારના આવા ઉપચારો ઉપરથી પણ આધુનિક સંશોધનો થાય છે. આથી સમગ્ર જગતમાં લોકોના આરોગ્યમાં સુધારો થતો જાય છે. તબીબી વિજ્ઞાનના ક્ષેત્રે તપાસ અને નિરીક્ષણ માટેનાં નવાં નવાં સાધનો શોધાતાં જાય છે. એથી મનુષ્યનું સરેરાશ આયુષ્ય પણ વધતું ગયું છે.

આવાં નવાં નવાં સંશોધનોને લીધે દવાઓના ક્ષેત્રે છેલ્લા ત્રણચાર દાયકામાં સેંકડો-હજારો નવી નવી દવાઓ પ્રચલિત બની છે. એક જ રોગ ઉપર એક જ પ્રકારના ઉપચારની જુદી જુદી કંપનીઓએ બનાવેલી એક સરખી પણ જુદા જુદા નામવાળી ઘણી દવાઓ બજારમાં આવે તો તેમાંથી કોઇક વધુ ખપે અને કોઇક ઓછી ખપે. આથી ગેરરીતિઓને અવકાશ મળે.

કેટલાંક ઔષધોમાં માંદા માણસને સાજો અને તાકાતવાળો બનાવવાનો જેમ ગુણ રહેલો છે તેમ સાજા માણસને માંદો પાડવાની કે મારી નાખવાની શક્તિ પણ રહેલી છે. ઔષધોનું સંશોધન કરનારાઓ એકંદરે તો મનુષ્યના કલ્યાણને લક્ષમાં રાખીને સંશોધન કરે છે. ક્યાં ક્યાં ઔષધો કેવી કેવી રીતે માણસને નુકસાન કરી શકે છે તેની ચેતવણી પણ સંશોધકો આપતા હોય છે. ઔષધીઓનું સંશોધન કરનારાઓ માત્ર કમાણીની સ્વાર્થી વૃત્તિથી તેમ કરે એ યોગ્ય ન ગણાય. એમના હૃદયમાં મનુષ્યના જીવનને બચાવવાનો કે એની પીડાનું નિવારણ કરી એને સાજો કરવાનો શુભ આશય રહેલો હોય એ વધુ ઇષ્ટ ગણાય, એવો આશય જ્યાં નથી હોતો અને લોકોની લાચારીનો ગેરલાભ ઉઠાવીને ધન કમાઇ લેવાની સંકુચિત સ્વાર્થી વૃત્તિ હોય એવા સંશોધકોની સામાજિક પ્રતિષ્ઠા બહુ જામતી નથી.

ઉમરગામવાળા સ્વ. જગજીવન બાપુ સમર્થ યોગી હતા અને વનસ્પતિઓ તથા ઔષધોના અચ્છા જાણકાર હતા. એમણે એક વખત અમને કહેલું કે પોતે જંગલમાં જાય અને કોઇ અપરિચિત વનસ્પતિ જુએ તો એને પ્રથમ પ્રણામ કરી ભક્તિભાવપૂર્વક એની પાસે બેસે. એની સાથે જીવંત આત્મીયતા કેળવીને જાણે એની સાથે મૌન વાર્તાલાપ કરે. એની પાસે ધ્યાનમાં બેસે એટલે વનસ્પતિ પોતાના ગુણધર્મ એમની આગળ છતા કરતી. એ વનસ્પતિનો ઉપયોગ પોતે લોકોની સુખાકારી માટે જ કરશે અને લોકોને મારવા, પરેશાન કરવા નહિ કરે એવું એને મનોમન વચન આપતા. એમ કરવાથી એવી વનસ્પતિના વિવિધ ઔષધોપચાર પોતે કરી શકેલા. ભારતીય આયુર્વેદનું આ એક મહત્ત્વનું શુભ લક્ષણ રહેલું છે. એટલે જ આયુર્વેદમાં વનસ્પતિના અને ઇતર પદાર્થોના ઉપચારો જ મુખ્યત્વે બતાવવામાં આવ્યા છે. પશુપંખીઓ વગેરેને મારીને

તેના માંસ, રુધિર વગેરેમાંથી કરવામાં આવતી ઔષધીઓના પ્રયોગોની કદાચ જાણકારી હોય તો પણ તેનો પ્રચાર કે હિમાયત નથી. અલબત્ત, ગોમૂત્ર, ઉંદરની લિંડી, ઘોડાની લાદ, ગાયનું છાણ, હાથીની પૂંછડીના વાળ વગેરેના પ્રયોગો છે, જીવહિંસા થતી હોય એવા ઉપચારોનો પ્રચાર નથી. પાશ્ચાત્ય દેશોમાં એકંદરે પ્રજા માંસાહારી છે. એટલે પશુપક્ષીઓને, જળચરોને, જીવડાંઓને મારીને એના જુદા જુદા અવયવોના અર્કનું મિશ્રણ કરીને ઔષધીઓ બનાવવામાં તેમને કોઇ બાધ હોતો નથી. ભાવનાઓનું આવું વૈવિધ્ય-વૈષમ્ય દવા બનાવવાના ક્ષેત્રે રહેલું છે. મરવા પડેલો માણસ જીવતદાન મળતું હોય તો ગમે તેવા ઉપચાર કરવા તૈયાર થાય છે. પરંતુ કેટલાક મહાત્માઓ પ્રાણના ભોગે પણ આવા ઉપચારનો અસ્વીકાર કરે છે.

વર્તમાન સમયમાં દવાઓના ક્ષેત્રે એક મોટું અનિષ્ટ તે પોતાની પેટન્ટ દવાઓમાંથી અઢળક ધન કમાઇ લેવાની વૃત્તિ છે. કેટલાક અસાધ્ય ગંભીર રોગો કે દર્દીની ગંભીર સ્થિતિને માટે શોધાયેલી નવી દવા તેના પેટન્ટ હકને લીધે અમુક જ કંપનીને તે બનાવવાનો હક હોય છે. એવી કેટલીક કંપનીઓ તેમાં એટલો બધો નફો કમાઇ લેવાની વૃત્તિ રાખતી હોય છે કે પોતાની પડતર કિંમત કરતાં પચાસ કે સો ગણા કે તેથી પણ વધુ ભાવ રખાય છે. લાચાર દર્દીઓને એ દવા લેવી જ પડે છે. સંશોધન કરનાર અને દવા બનાવનાર કંપનીઓને પોતાના સંશોધન પાછળ કરેલા ખર્ચને, વહીવટી તથા પ્રચાર ખર્ચને પહોંચી વળવા માટે તથા નવા સંશોધનના બજેટ માટે કોઇક દવાની વધુ કિંમત રાખવી પડે એ સમજી શકાય એવી વાત છે. પરંતુ જે કંપનીઓ વધુ પડતું ધન કમાઇ લેવાની વૃત્તિ રાખે છે એ અવશ્ય ટીકાપાત્ર છે. કેટલાક સંશોધકો પણ પોતાની નવી શોધને લાખો કરોડો રૂપિયામાં દવા બનાવતી કંપનીને વેચે છે. જેમ આવા સંશોધકો હોય છે તેમ બીજી બાજુ ઇયન ફ્લેમિંગ જેવા માનવતાવાદી સંશોધક પણ હોય છે કે જેમણે પોતાની પેનિસિલિનની શોધના કોઇ હક ન રાખતાં બધાંને તે બનાવવાની છૂટ આપી કે જેથી સસ્તા દરે એ દવા બધાંને મળી શકે.

પાશ્ચાત્ય દેશોમાં દવા બનાવતી કેટલીક કંપનીઓ પોતાની પેટન્ટ દવામાંથી મોટી કમાણી કરી લીધા પછી નવી નવી દવાઓ બનાવવા તરફ જ્યારે વળે છે અથવા દવાની નકલ થવાનો ભય હોય છે ત્યારે કે અન્ય કારણે પોતાની પેટન્ટ દવાની ફોર્મ્યુલા બીજી કંપનીઓને વેચે છે. આવી રીતે બનાવાતી દવાઓને ત્યાં GENERIC DRUGS તરીકે ઓળખવામાં આવે છે. તેના ભાવ ઘણા ઓછા હોય છે. કારણ કે સ્પર્ધાને કારણે નફાનું પ્રમાણ ઓછું રાખવું પડે છે. પરંતુ એવી GENERIC DRUGS બનાવતી કેટલીક કંપનીઓ ફોર્મ્યુલા પ્રમાણે દવા ન બનાવતાં, કંઇક તત્ત્વો ઓછાં નાખીને કે ન નાખીને, ખર્ચ બચાવી સસ્તા ભાવે દવા વેચે છે. એથી દર્દીને દવા લેવા છતાં ફાયદો થતો નથી. એવી અપ્રામાણિક કંપનીઓ એવી દવા ચાલે ત્યાં સુધી ચલાવી બીજી ત્રીજી નવી દવા બનાવવા તરફ વળે છે.

દુનિયાના કેટલાક દેશોમાં નશીલી દવાઓનું કાયદેસર કે ગેરકાયદે ઉત્પાદન વધતું ચાલ્યું છે. રમતગમતમાં ભાગ લેનારાઓમાં સ્ટેરોઇડ યુક્ત દવાઓ લેવાનું પણ વધ્યું છે કે જેથી પોતે વધુ તાકાત અનુભવે અને વિજયી બની શકે. એવા પકડાયેલા ખેલાડીઓને અપાત્ર ઠરાવવામાં આવે છે. આવી દવાઓથી વ્યક્તિના આરોગ્યને ઘણું નુકસાન પહોંચે છે, કેટલાકની જિંદગી બરબાદ થઇ જાય છે, પરંતુ ધન કમાવા નીકળેલી કંપનીઓ માનવતાની દૃષ્ટિએ ક્યાંથી વિચારી શકે ? વધુ દુઃખદ વાત તો એ છે કે આવી નશીલી દવાઓ બનાવનારા કેટલાક એમાં પણ ભેળસેળ કરે છે. માણસ કેટલી હદ સુધી ભેળસેળ કરે છે. એનો જૂનો ટુચકો જાણીતો છે કે એક માણસનો આપઘાતનો પ્રયાસ નિષ્ફળ નીવડ્યો કારણ કે એણે લીધેલી ઝેરી દવા ભેળસેળવાળી હતી.

દવામાં ભેળસેળ કરીને કમાઇ લેવાની વૃત્તિ કાયદેસર ગુનો તો છે જ, પણ તે અધમ મનોદશાની પણ સૂચક છે. નવી દવાઓમાં જ ભેળસેળ થાય છે એવું નથી. આયુર્વેદ પદ્ધતિથી ઉપચાર કરનારા કેટલાક વૈદરાજોમાં પણ આવી ગેરરીતિઓ ચાલુ થઇ ગઇ છે. તેઓ પોતાની પડીકીઓમાં કોર્ટિઝોન કે એવી બીજી ભારે પીડાશામક દવાઓનું મિશ્રણ કરીને દર્દીના દર્દને તરત શમાવી દે છે અને જલદી મટાડવા માટે પોતે ખ્યાતિ અને નાણાં મેળવી લે છે, પરંતુ દર્દીની તબિયતને લાંબા ગાળાનું મોટું નુકસાન પહોંચાડી દે છે. કેટલાંક વર્ષ પહેલાં ગુજરાતના એક વૈદરાજે કુદરતના ઇન્સાફની વાત નીકળતાં પોતાના જીવનનો એકરાર કરતાં અમને કહ્યું હતું કે લાકડાનો વેર ભેળવી પોતે ઘરે બનાવટી શિલાજિત બનાવીને વેચતા. એક રૂપિયાના ખર્ચમાં દસ રૂપિયા કમાતા. એ રીતે બહુ પૈસા કમાયા. આશય એ હતો કે પૈસા કમાઇ પોતાના એકના એક પુત્રને કોઇકની સીટ વેચાતી લઇને મેડિકલ કોલેજમાં દાખલ કરાવીને ડૉક્ટર બનાવવો. એ પ્રમાણે મેડિકલ કોલેજમાં પુત્રને દાખલ કરાવ્યો. પરંતુ દીકરો દાક્તર બને તે પહેલાં એક મોટર અકસ્માતમાં મૃત્યુ પામ્યો. ત્યારથી વૈદરાજના હૃદયનું પરિવર્તન થયું. બનાવટી શિલાજિત બંધ થયું અને ગરીબ લોકોને મફત દવા આપવાનું ચાલુ કર્યું.

દવાના ક્ષેત્રે પાશ્ચાત્ય દેશો કરતાં પણ ભારતમાં અને બીજા પછાત દેશોમાં ઘણી ગેરરીતિઓ ચાલે છે. કેટલીક નકલી દવાઓ પકડાય છે. સરકારી ઇસ્પિતાલોમાં કોન્ટ્રાક્ટ મેળવવા માટે સાચો નમૂનો અપાય છે અને પછી લાગતા વળગતા અધિકારીઓ અને દાક્તરોને લાંચ આપી હલકી દવાઓ પૂરી પાડવામાં આવે છે. જૂની દવાઓ, ઊતરી ગયેલી દવાઓ નવા પેકિંગમાં અપાય છે. સરકારી ઇસ્પિતાલોમાં આવી ઘટનાઓ વિશેષ બને છે કારણ કે ત્યાં દર્દીની તબિયત સુધરી કે ન સુધરી એ બહુ મહત્ત્વનો ચિંતાનો પ્રશ્ન હોતો નથી.

આમ, દવાઓના ક્ષેત્રે વિવિધ પ્રકારની ગેરરીતિઓ પ્રવર્તે છે. તબીબોમાં પ્રવર્તતી ગેરરીતિઓની તો વાત જ જુદી. આરોગ્યના પ્રશ્નો સનાતન પ્રશ્નો છે અને સનાતન રહેવાના. મનુષ્યના શરીરને સ્વસ્થ અને નિરામય રાખવા માટે કુદરતમાં જ તત્ત્વો પડેલાં છે. એ શોધીને એના ઉપચારો કરવાના પ્રયાસો માનવજાત આદિકાળથી કરતી આવી છે. કેટકેટલા દર્દોમાં વધુ ત્વરિત, અસરકારક ઉપચારો શોધાતા ગયા છે. આધુનિક સમયમાં આંતરરાષ્ટ્રીય ધોરણે પોતાના જ્ઞાનવિજ્ઞાનનો લાભ ઘણા દેશોને પરસ્પર મળતો રહ્યો છે. એથી પ્રતિવર્ષ સેંકડો નવી નવી દવાઓ પ્રચલિત બનવા લાગી છે. આથી દવાના ઉત્પાદન અને વેપારનું ક્ષેત્ર દુનિયાભરમાં ઘણું બધું વિકસ્યું છે. પરંતુ જ્યાં વેપાર આવે ત્યાં ગેરરીતિઓ આવ્યા વગર રહે નહિ. પરંતુ તેમાં પણ જ્યારે બીજાના પ્રાણ લેવા સુધીની નિર્દયતા કે અધમતા પ્રવેશે ત્યારે તે વધુ શોચનીય બની રહે છે. એના નિવારણમાં કાયદાની સાથે પ્રખર લોકમત પણ સારું કાર્ય કરી શકે.

**□ રમણલાલ ચી. શાહ**

## પુસ્તકો ભેટ મળશે

**સ્વ.શ્રી પરમાનંદભાઇ કાપડિયા કૃત 'ચિંતન યાત્રા'** અને **'સત્યમ્ શિવમ્ સુંદરમ્'** પુસ્તકોની થોડી નકલો સંઘ પાસે છે તે રસ ધરાવતા ભાઇ બહેનોને ભેટ આપવાની છે. **'વહેલા તે પહેલાં'** ને ધોરણે આ પુસ્તકો આપવામાં આવશે.

તેમજ સ્વ. **શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ** કૃત **'સમય ચિંતન'** અને **'તત્ત્વ વિચાર અને અભિવંદના'** નામના પુસ્તકો અડધી કિંમતે આપવાના છે.

ઉપરોક્ત પુસ્તકો અંગે રસ ધરાવનાર વ્યક્તિએ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, ૩૮૫, સરદાર વી.પી. માર્ગ, રસધારા કો.ઓપ. સોસાયટી, મુંબઇ - ૪૦૦ ૦૦૪ એ સરનામે રૂબરૂ સંપર્ક કરવા વિનંતી છે.

**નીરુબહેન એસ. શાહ**
**પ્રવીણચંદ્ર કે શાહ**
**મંત્રીઓ**

# ચારણી સાહિત્યને પ્રેરક-પોષક સંસ્થા: રાઓ લખપત કાવ્યશાળા

□ ડૉ. બળવંત જાની

મધ્યકાલીન સાહિત્યની ઘણી બધી કૃતિઓના વિશદ અભ્યાસો થયા છે, જેમાં બહુધા જે – તે કૃતિઓમાંથી પ્રગટતું છંદો વિધાન, અલંકારજ્ઞાન, શબ્દ વિનિયોગમાં દાખવેલ સૂઝ અને વિષયને રસપ્રદ રીતે નિરુપવાનાં કર્તાએ દાખવેલા કૌશલ્યો પ્રસ્તુત થતાં હોય છે.એ પણ ખરું કે મધ્યકાલીન સર્જકોએ પરંપરામાંથી ઘણું બધું ખપમાં લીધું હોય છે. તેમ છતાં નર્યું અનુકરણ તો નથી જ હોતું. વધતા-ઓછા પ્રમાણમાં પોતાની આગવી રીતે વિષયને નિરુપવાની દૃષ્ટિ તો સર્જકો પ્રગટાવતા જ હોય છે.

પ્રશ્ન એ થાય છે કે કાવ્યસર્જનકળા નર્યું અનુકરણ-અનુસરણ નથી, તો એ કૌશલ્ય કે શિક્ષણ આ બધા સર્જકો પાસે કઇ રીતે આવ્યું હશે ?

આપણી પાસે મધ્યકાલની શિક્ષણ વ્યવસ્થા અંગેની વિગતો અત્યંત અલ્પ માત્રામાં છે. કાવ્યશિક્ષણ-વ્યવસ્થાની વિગતો પણ બહુ જ ઓછી છે. હકીકતે પ્રાચીન ગ્રંથાલયો, ગ્રંથની પ્રતના લેખનકાર્યમાં વ્યસ્ત લહિયાઓ, અને પાઠશાળા-કાવ્યશાળાઓના અનેક નિર્દેશો-ઉલ્લેખો ઐતિહાસિક – સાંસ્કૃતિક લેખોમાંથી પ્રાપ્ત થાય છે. તક્ષશિલા, નાલંદા, વલ્લભી, પાટણ, ભિન્નમાળ -શ્રીમાળમાં આ પ્રકારના ગ્રંથભંડારોના ઉલ્લેખો ઉપલબ્ધ છે. કુમારપાળ, સિધ્ધરાજ, વસ્તુપાળનાં સમયમાં અનેક લહિયાઓના નિર્દેશો છે, જૈનસંપ્રદાયના હેમચંદ્રાચાર્યથી માંડીને સ્વામીનારાયણ સંપ્રદાયના બ્રહ્માનંદ સુધીના અનેક કવિઓએ આ પ્રકારના ગ્રંથો રચ્યા છે. એ વિગતો એમની કૃતિઓમાંથી જ પ્રાપ્ત થાય છે. કૃતિને અંતે લહિયા-કર્તાનું નામ આદિ પણ મુકાયેલ હોય છે. પાટણના સિધ્ધરાજ અને કચ્છના રાજવી લખપત જેવા અનેક રાજવીઓ કાવ્યશાળા-પાઠશાળા, લેખશાળા પાછળ ઉદાર દૃષ્ટિ દાખવીને સખાવત રૂપે કે વર્ષાસન રૂપે નિશ્ચિત રકમ ફાળવતા અને બહુ રાજી થતા ત્યારે ક્યારેક ગામ પણ આપતાં. આ અંગેનાં દાનપત્રો-ખતપત્રો પણ મળે છે. લહિયાઓ માટે લેખશાળાઓ, કાવ્યશિક્ષણ માટે પાઠશાળાઓ બાંધી અપાવ્યાના પુરાવાઓ – શિલાલેખો પણ પ્રાપ્ત થયા છે.

મમ્મટે કાવ્યહેતુ (કાવ્યોત્પતિનું કારણ) ચર્ચતાં, કાવ્યજ્ઞ શિક્ષયા ને પણ એક પરિબળ ગણાવ્યું છે. 'અભ્યાસ' એટલે 'રિયાઝ' કે અનુકરણાદિ તાલીમ તો ખરી જ, પણ કાવ્યના જાણકાર પાસે તાલીમ લેવી જરૂરી એમ પણ એણે કહ્યું. એટલે ૧૧મી સદી પહેલાં પણ એ પરંપરા હતી, પછી છેક દલપત સુધી હતી. અમદાવાદમાં ૧૯મી સદીમાં ને ૨૦મીના આરંભ સુધી સ્વામીનારાયણનાં મંદિરોમાં કાવ્યતાલીમની જોગવાઇ હતી. જૈનસંપ્રદાયમાં તો જ્યારે-જ્યારે વિહાર માટે સાધુ-સાધ્વીઓ આવે એટલે એમના શિક્ષણ માટેની વ્યવસ્થા આજ સુધી ગોઠવાતી રહી છે. યશોવિજયજી જેવાઓએ તો કાશીની પાઠશાળામાં જઇને શિક્ષણ લીધાના અને બીજા પણ અનેક ઉદાહરણો મળે છે.

મધ્યકાળમાં કવિઓને ઉપકારક થઇ પડે એવા અનેક શબ્દસમુચ્ચયો (Lexicographies) રચાયા છે. એમાંના 'વર્ણક સમુચ્ચય' 'રિષ્ઠ સમુચ્ચય' જેવા અનેક સમુચ્ચયોનો તો આખી સાહિત્ય પરંપરા પર એક સરખો પ્રભાવ રહ્યો છે. કેટલાંક કોશ ગ્રંથો તો કોઇને કોઇ કાવ્યશાળા-પાઠશાળા માટે જ રચાયાના ઉલ્લેખો પણ સાંપડે છે. આ પ્રકારના ગ્રંથો રચવાની પરંપરા સંસ્કૃત, પ્રાકૃતમાં અને મધ્યકાલીન ગુજરાતીમાં તથા એની પૂર્વેના હેમચંદ્રના સમયમાં પણ હોવાના ઉલ્લેખો સ્પષ્ટ મળે છે. કચ્છ-ભુજની 'રાઓ લખપત કાવ્યશાળા' માટે પણ ત્યાંના આચાર્યોએ આ પ્રકારના કોશગ્રંથો રચ્યાના પુરાવાઓ મળે છે. આ બધાને આધારે એવું અનુમાન થઇ શકે કે ભિન્ન-ભિન્ન રાજ્યોમાં કાવ્યશિક્ષણ માટેની પાઠશાળાઓનું અસ્તિત્વ હતું અને કવિઓ એમાંથી દીક્ષિત થઇને સાહિત્ય-સર્જન કે કોઇ રાજવીના આશ્રિત રહીને સાહિત્ય સર્જન તથા પ્રસ્તુતીકરણ તરફ અભિમુખ થતા.

જૈનધારાના સર્જકોને અભ્યાસ માટે જોગવાઇ હતી, એના ઉલ્લેખો મળે છે. પરંતુ એનો પાઠ્યક્રમ, કાવ્યશિક્ષણનું સ્વરૂપ, શિક્ષણની સમયાવધિ અને પરીક્ષા (મૂલ્યાંકન) પધ્ધતિ ઇત્યાદિ અંગે વિશેષ માહિતી મળતી નથી. જૈનેતર સર્જકો વિશે પણ આવું જ ચિત્ર છે.

કચ્છ-ભુજની 'મહારાવશ્રી લખપતજી વ્રજભાષા કાવ્યશાળા' નામની કાવ્યશિક્ષણ સંસ્થા ૧૮મી સદીના ઉતરાર્ધમાં સ્થપાયેલી. બ્રહ્માનંદ અને લાંગીદાસ મહેડુથી માંડીને અનેક કવિઓએ આ કાવ્યશાળામાંથી શિક્ષણ મેળવેલું. આ કાવ્યશાળામાંથી દીક્ષિત થયેલા અનેક વિષેની દસ્તાવેજી સામગ્રી અત્રે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના ચારણી હસ્તપ્રત ભંડારમાં ઉપલબ્ધ હોઇને એને આધારે તથા ડૉ. નિર્મળા અસનાનીના 'કચ્છકી વ્રજભાષા પાઠશાળા' નામના પ્રકાશિત મહાનિબંધ અને નારાયણદાનજી બાલિયા, કરણીદાન ગઢવી ઉપરાંત ડૉ. ગોવર્ધન શર્માના 'ભુજ (કચ્છ) કી કાવ્યશાળા' નામના લઘુનિબંધ ('પરંપરા'-સામયિક ૧૯૯૯નો ૮૯મો અંક) ની હકીકતમૂલક સામગ્રીને આધારરૂપે સ્વીકારીને કાવ્યશાળાનો પરિચય પ્રસ્તુત કરવાનો અહીં ઉપક્રમ સેવ્યો છે.

**કાવ્યશાળાનું સ્વરૂપ :**

કચ્છના યુવાન રાજવી રાઓ લખપતે રાજ કવિશ્રી હમીરજી રત્નું પાસેથી કાવ્યશિક્ષણ મેળવેલું. આવું શિક્ષણ સૌ કોઇને સુલભ થાય એવા શુભાશયથી ભુજમાં કાવ્યશાળા સ્થાપવાની ઇચ્છા લખપતજીએ ગુરુવર્ય રાજકવિશ્રી હમીરજી રત્નુ સમક્ષ વ્યક્ત કરેલી. યુવાન રાજવીની સાહિત્યપ્રીતિને સાકાર કરવા કાવ્યશાળાનું આયોજન હમીરજી રત્નુંએ કર્યું અને એમાં શિક્ષણ આપવા માટે કાવ્યશાસ્ત્રવિદ્ જૈન મુનિશ્રી કનકકુશળને આચાર્યપદ સ્વીકારવા વિનંતી કરી. કનકકુશળે આ વિધાકાર્ય સહર્ષ સ્વીકાર્યું, ફલસ્વરૂપે વિક્રમ સંવત ૧૮૦૫ (ઇ.સ. ૧૭૪૯) થી આ પાઠશાળા-કાવ્યશાળાનો આરંભ થયેલો. જેનું નામભિધાન કાવ્યપ્રેમી રાજવી લખપતજીની સ્મૃતિમાં 'રાઓ લખપત વ્રજભાષા કાવ્યશાળા' એવું રાખવામાં આવેલું.

આજના નિવાસી વિદ્યાલય પ્રકારનું અને ગુરૂકુળ શૈલીનું એનું સ્વરૂપ હતું. એનો દૈનંદિન કાર્યક્રમ બ્રાહ્મમહૂર્તથી-પ્રાત:સ્તવનથી આરંભાતો, પ્રાત:વિધિ પૂર્ણ કરીને સવારના સાતથી અગિયાર સુધી અધ્યાપનકાર્ય ચાલતું. પછી વિદ્યાર્થીઓ જ સ્વયંપાકી હોઇને સમૂહમાં-સહકારથી ભોજન બનાવવાની કામગીરીમાં ગુંથાતા અને ભોજન લેતા. એ કાર્યથી પરવારીને બપોરના બે થી સાંજના પાંચ સુધી પુન: અધ્યાપનકાર્ય ચાલતું. પછી રાત્રીભોજન માટેની કામગીરી અને રાત્રે આઠ વાગ્યાથી અધ્યયન ચર્ચા-ગોષ્ઠિ.

આ કાવ્યશાળામાં પ્રારંભે પચાસ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ અપાતો, પછીથી પચીશ-ત્રીસ જેટલી સંખ્યા નિશ્ચિત કરેલી, છેલ્લા વર્ષોમાં તો માત્ર દશ જ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાતો. પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીને કશી જ આર્થિક જવાબદારી રહેતી નહીં. એનું તમામ ખર્ચ સંસ્થા ભોગવતી. સંસ્થાને કશી આર્થિક મુશ્કેલી નડે નહીં એ માટે કચ્છના યુવાન રાજવી શ્રી લખપતજીએ કચ્છનું રેહા નામનું ગામ દાનમાં આપેલું, ઉપરાંત ઉદાર સખાવત તો મળ્યા જ કરતી.

આ કાવ્યશાળામાં કચ્છ-કાઠિયાવાડ સહિત ગુજરાત, સિંધ અને રાજસ્થાનના વિવિધ ભાગોમાંથી કાવ્યશિક્ષણ માટે વિદ્યાર્થીઓ આવતા હતા. તમામ સ્ટેટને આ માટે જાણ પણ કરવામાં આવતી. પાંચથી સાત વર્ષ સુધી સંસ્થામાં રહીને કાવ્યશિક્ષણ મેળવીને અનેક કવિઓ કઇ કેટલાય રાજ્યમાં આશ્રિત કવિ તરીકેનું સ્થાન-માન પામેલા. કચ્છની કાવ્યશાળાના કવિને સમગ્ર દેશમાં ભારે આદરથી જોવામાં આવતો. અનેક કવિઓએ પરિભ્રમણ કરતા-કરતા જુદા-જુદા રાજ્યોની કચેરીમાં કાવ્યપઠન-પ્રશસ્તીઓ પ્રસ્તુત કરીને લાખપસાવ-શાલપાધ અને ઉદાર સખાવત પ્રાપ્ત કર્યાના દસ્તાવેજો મળે છે.

**કાવ્યશાળાનો અભ્યાસક્રમ અને અન્ય પ્રવૃત્તિઓ :-**

કાવ્યશાળામાં શિક્ષણ માટેનું આયોજન વ્યાપક દૃષ્ટિથી કર્યું જણાય છે. માત્ર છંદ-અલંકારના જ ગ્રંથો નહીં પરંતુ અહીં સંગીત, રાજનીતિ, યુધ્ધનીતિ, વૈદક, અશ્વપરીક્ષા-રત્નપરીક્ષા-માનવપરીક્ષા એમ વિવિધ વિષયોનું શિક્ષણ પણ આપવામાં આવતું. ઉપરાંત કાવ્યપાઠ કઇ રીતે પ્રસ્તુત કરવો એનું શિક્ષણ પણ આપવામાં આવતું. આમ કાવ્યસર્જન ઉપરાંત શુધ્ધ ઉચ્ચારણ, રસનિષ્પત્તિ માટેનાં ઉપકરણો અને અલંકાર છટાને સાભિનય પ્રસ્તુત કરવાનું શિક્ષણ પણ અહીં આપવામાં આવતું. સંસ્થાના આચાર્યોએ જ અનેક ગ્રંથો આ માટે રચેલા, વિદ્યાર્થીઓ દ્વારા પણ કેટલાક ગ્રંથો રચાયા છે. અન્ય દ્વારા સર્જાયેલા ગ્રંથોને પણ અભ્યાસક્રમમાં સ્થાન આપવામાં આવતું. અભ્યાસક્રમ માટે પાઠ્યસામગ્રી નિશ્ચિત હતી પરંતુ એમાં ઉમેરણ પણ થયા કરતું, એમાંથી

કાવ્યશાળાના આચાર્યોની ખુલ્લી અને વ્યાપક દૃષ્ટિનો પરિચય મળી રહે છે.

આરંભે ભાષા-વ્યાકરણનો અભ્યાસ અને પછી 'માનમંજરી કોશ', 'અનેકાર્થ મંજરી' જેવા ગ્રંથો કંઠસ્થ કરાવવામાં આવતા. એ પછી પિંગળ માટેના ગ્રંથો જેવા કે 'છંદશૃંગાર પિંગળ', 'ચિંતામણિ પિંગળ', 'હમીર પિંગળ', 'લખપત પિંગળ', 'છંદભાસ્કર પિંગળ' અને છેલ્લે તો 'રઘુનાથ રૂપક ગીતા રોં' અને 'પ્રવીણ સાગર' જેવા ગ્રંથોનો પણ અભ્યાસક્રમમાં સમાવેશ કરેલો, આવા પિંગળજ્ઞાન માટેના ગ્રંથો પણ કંઠસ્થ કરવાનાં રહેતા.

અલંકાજ્ઞાન માટે 'ભાષાભૂષણ', 'કવિપ્રિયા' અને 'વંશીધર' વગેરે ગ્રંથો અભ્યાસક્રમમાં હતા. આ બધા ગ્રંથોમાં કવિતાના ગુણદોષની વિગતો ઉદાહરણ સહિત સમજાવવામાં આવી હોય છે. રસના રહસ્યોને ઉદ્‌ઘાટિત કરતા ગ્રંથો 'સુંદર શણગાર', 'રસ રહસ્ય' અને 'રસિક પ્રિયા' પણ વિદ્યાર્થીઓને કંઠસ્થ કરવાના રહેતા. 'સુંદર વિલાસ', 'અવતાર ચરિત્ર', 'રાગમાળા' જેવા ગ્રંથો પણ કંઠસ્થ કરવાના રહેતાં.

આ બધા ગ્રંથો કંઠસ્થ હોય, કાવ્યસર્જનના સિધ્ધાન્તોનું શિક્ષણ અપાયું હોય અને સભા સમક્ષ કઇ રીતે કથન કરવું એનું જ્ઞાન પણ અપાયું હોય એટલે સ્વાભાવિક છે કે અહીંથી દીક્ષિત કવિ કાવ્ય તત્ત્વ વિષયે ઊંડુ અને વ્યાપક જ્ઞાન પ્રાપ્ત કરી શક્યો હોય.

રાજ-દરબારના વાતાવરણથી એના રીત રિવાજોથી, અન્ય લલિતકળાઓથી અને ઇતિહાસથી પણ વિદ્યાર્થીને પરિચિત કરવામાં આવતા. મનોરંજનમૂલક, સભારંજની કવિતાઓ, ગુઢાર્થમૂલક-સમસ્યામૂલક કવિતાઓ અને ઉપદેશાત્મક-બોધાત્મક, નીતિમૂલક કવિતાઓ પણ કંઠસ્થ કરાવાતી. આ માટે અભ્યાસસામગ્રી પણ તૈયાર કરાવવામાં આવતી.

અભ્યાસ માટે મૌલિક ગ્રંથો તૈયાર કરાવવા, અન્ય દ્વારા રચાયેલા ગ્રંથો વિષયક માહિતી મેળવીને એને પ્રાપ્ત કરવા, ઉપરાંત સંસ્કૃત ભાષાના મહત્ત્વનાં ગ્રંથોના અનુવાદનું કાર્ય પણ અહી થતું. અનેક ગ્રંથોની ટીકાઓ પણ તૈયાર કરાવાતી. આમ કાવ્યશિક્ષણ ઉપરાંત ગ્રંથોના સર્જન માટેનો ઉદ્દેશ અને એને પાર પાડવા માટે આ કાવ્યશાળા પ્રયત્નશીલ રહેતી.

**કાવ્યશાળાની મૂલ્યાંકન (પરીક્ષા) પદ્ધતિ :-**

પાંચ-સાત વર્ષનાં લાંબા ગાળાનાં અભ્યાસક્રમને અહી ચોકક્સ પ્રકારનાં ક્રમમાં વિભાજિત કરી દેવામાં આવેલ હતો, એ મુજબ વર્ષમાં એક વખત પરીક્ષા લેવામાં આવતી. પરીક્ષા લેખિત અને મૌખિક એમ બે રીતે લેવામાં આવતી. તટસ્થ કવિઓની એક સમિતિ પરીક્ષા લેવા માટે બેસતી. એમની સમક્ષ કંઠસ્થ કરાયેલ ગ્રંથોમાંથી જે- કંઇ ભાગ પૂછવામાં આવે એને અર્થસહિત રજૂ કરવાનો રહેતો. પાદપૂર્તિરૂપે કાવ્યરચનાનું સર્જન પણ કરવાનું રહેતું. રસ, અલંકારો, ઇત્યાદિનો પરિચય પણ ઉદાહરણ સહિત આપવાનો રહેતો. વર્ણનો આલેખવાનું પણ કહેવામાં આવતું.

કોઇ અત્યંત તેજસ્વી વિદ્યાર્થી બે વર્ષના સમયગાળાના ગ્રંથોનો અભ્યાસ એક વર્ષના સમયગાળામાં પૂર્ણ કરી નાખે તો એની એ રીતે એકસાથે પરીક્ષા લેવામાં આવતી. આમ નિશ્ચિત અભ્યાસક્રમ પૂર્ણ થાય, એટલે પછીના બીજા અભ્યાસક્રમ તરફ પ્રશિક્ષાર્થીએ વળવાનું રહેતું.

**કાવ્યશાળાનાં શિક્ષકો :-**

ઇ.સ. ૧૭૪૯ થી આરંભાઇને ઇ.સ. ૧૯૪૮ એમ બસો વર્ષ સુધી કાર્યરત રહેલી આ કાવ્યશાળાનો ક્રમબધ્ધ-કડીબધ્ધ ઇતિહાસ પ્રાપ્ત થતો નથી, વચ્ચેની ત્રુટક-ત્રુટક વિગતો મળે છે. બસો વર્ષ સુધીમાં સ્વાભાવિક છે કે અનેક શિક્ષકો અહી શિક્ષણકાર્ય બજાવી ગયા હોય.

રાજકવિશ્રી હમરજી રત્નુએ રાજસ્થાનના કિશનગઢથી જૈન મુનિશ્રી કનકકુશળને ખાસ નિમંત્રણ પાઠવીને કાવ્યશાળામાં વિદ્યાર્થીઓને કાવ્યશિક્ષણ આપવા માટે નિમંત્રેલા જૈનમુનિઓનું આ પાઠશાળાને બહુ મોટુ પ્રદાન તે એમની વિદ્વતાની વહેંચણી. આચાર્યશ્રી કનકકુશળ સંસ્કૃત, અર્ધમાગધી, રાજસ્થાની, વ્રજભાષાના પંડિત હતા. રાવ લખપતજીએ એમને ભટ્ટારકની પદવી આપી હતી. એમણે અનેક પંડિતો સાથે વિમર્શ કરીને કાવ્યશાળાનું માળખું ગોઠવેલું. કનકકુશળ પછી એમના શિષ્ય કુંવરકુશળ આચાર્યપદે નિમાયેલા. તેઓ પણ અત્યંત પ્રતિભાસંપન્ન કવિ અને પંડિત હતા. આ બન્ને પંડિતોનું હિન્દી ભાષામાં પણ ઘણું બધું પ્રદાન છે. કુંવરકુશળ પછી એમની શિષ્યપરંપરા કાવ્યશાળામાં શિક્ષણ આપતી રહેલી, જેમાં વીરકુશળ, ગુલાબકુશળ, લક્ષ્મીકુશળ એમ પંદરેક આચાર્યોની પરંપરા મળે છે. ત્યારબાદ પ્રાણજીવન ત્રિપાઠી નામના શિક્ષકે જીવનકુશળ પાસેથી શિક્ષણવ્યવસ્થા છીનવી લીધેલી. તેઓ પણ મહાન પંડિત હતા અને પ્રભાવક વ્યકિતત્વ તથા કથનકળા ધરાવતા હતા. રા'ખેંગારજીના કૃપાપાત્ર હતા, તેઓ શિષ્યપરંપરામાંથી આચાર્ય નિયુક્ત કરવાને બદલે પ્રશિક્ષણ પૂર્ણ કરનાર અત્યંત મેધાવી વિદ્યાર્થીને અધ્યાપક તરીકે નિયુક્તિ આપતા અને પછી એને શિક્ષક તરીકેનો કાર્યભાર સોંપી દેતા. એ મુજબ ગોપાળ જગદેવ (કવિ ગોપ) સહાયક શિક્ષક તરીકે નિયુક્તિ પામેલા. આ બંને આચાર્યોએ મળીને કાવ્યશાળાને ખૂબ જ સુખ્યાત બનાવી મૂકેલી. આ પછીથી ચારણ અને ભાટની અરસપરસની સ્પર્ધા-ઇર્ષ્યાથી ત્રાસી જઇને કવિ ગોપે પાઠશાળાનું આચાર્યપદ છોડી દીધેલું. એ પછી કચ્છના ચારણ કવિઓ જ બહુધા એમાં શિક્ષક તરીકે સેવાઓ આપતા રહેલા. આ ગાળા દરમ્યાન કેશવજી, હમીરજી, દેવીદાનજી વગેરે આચાર્યોનું પ્રદાન ઉલ્લેખનીય છે. છેલ્લે શંભુદાન ગઢવી આચાર્યપદે હતા.

પ્રારંભે જૈન મુનિઓની પરંપરા, વચ્ચે થોડો સમય ભાટ અને બ્રાહ્મણો અને પછી ચારણ શિક્ષકોની પરંપરા ઘણા લાંબા સમય સુધી ચાલુ રહી. અહી આરંભથી જ ચારણી વિદ્વાનોના ગ્રંથો અને ચારણી વિદ્યાર્થીઓ પાઠશાળામાં મહત્ત્વનું સ્થાન પામતા રહ્યા. વારંવાર અનેક ચારણ-બારોટ રાજકવિઓ પાઠશાળાની મુલાકાતે આવે અને મુલાકાતી અધ્યાપક તરીકે શિક્ષણ આપે એવી વ્યવસ્થા પણ હતી.

**કાવ્યશાળામાંથી દીક્ષિત વિદ્યાર્થીઓ અને એમના ગ્રંથો:-**

અંદાજે હજારેક કવિઓએ આ પાઠશાળામાંથી શિક્ષણ પ્રાપ્ત કરેલું, એમાંથી દરેક વિશે હજુ વિગતો અને એમનું સાહિત્ય એકત્ર કરી શકાયું નથી. આ કાવ્યશાળામાંથી દીક્ષિત કવિઓ મોટેભાગે ગુજરાત-રાજસ્થાનમાંના અનેક રાજવીઓના દરબારમાં માન-સન્માન પામતા. કેટલાક તો રાજકવિ તરીકે પણ પસંદગી પામેલા.

પાઠશાળામાંથી દીક્ષિત વિદ્યાર્થીઓ દ્વારા રચાયેલા ગ્રંથોની સંખ્યા પણ ચારેક હજારની થવા જાય છે. જેમાંથી તમામનો પરિચય હજુ મેળવી શકાયો નથી. હજારેક તો અત્યંત મહત્ત્વના ગ્રંથો આ કાવ્યશાળામાં અભ્યાસ કરી ગયેલા વિદ્યાર્થીઓ દ્વારા સર્જાયેલા છે. બ્રહ્માનંદ અને લાંગીદાસ મહેડુ જેવા અનેક કવિઓથી માંડીને કવિશ્રી દલપતરામ સુધીના અનેક તેજસ્વી વિધ્વાન કવિઓ આ કાવ્યશાળાની નીપજ હતા. કૃષ્ણદાસ, કાનદાસ મહેડુ, ખીમજી ખેતદાન ઝીબા, ગોવિંદ ગીલાભાઇ, મહેરામણજી જાડેજા, નાથા વરસડા, ફૂલજી રતનું, રણછોડરામ ઉદયરામ, જીવરામ અજરામર ગોર, શંકરદાન દેથા, શંભુદાનજી અયાચી, શિવા વરસડા જેવા અનેક કવિઓએ આ કાવ્યશાળામાંથી શિક્ષણ લીધેલું.

અનેક મહત્ત્વના સાહિત્ય ગ્રંથો પણ આ કવિઓએ રચેલા છે. જેમાંથી ઉદયરામ બારહઠનો 'અનેકાર્થી કોશ', કૃષ્ણરામકૃત 'કચ્છી ભાષાની કવિતા, ભોજ ગઢવી કૃત 'ચારણી રામાયણ' અને 'માણેક રાસો' કાનદાસ મહેડુ કૃત 'દરિયાઇપીરનાં...... દ', શંકરદાન દેથા કૃત 'દામોદર શતક', જીવાભાઇ કૃત 'નળાખ્યાન', હમીરદાન મોતીસર કૃત 'નૃસિંહાવતારની ટીકા', દરબારશ્રી મહેરામણજી કૃત 'પ્રવીણ સાગર', ગોવિંદ ગીલાભાઇ કૃત ' પ્રવીણ સાગરની બારહ લહરીઓ', જીવાભાઇ મહેડુ કૃત 'પાંડવ યશેન્દુ ચન્દ્રિકાની ટીકા' , બ્રહ્માનંદજી કૃત અનેક 'પદો' અને 'બ્રહ્મ વિલાસ', રણછોડરામ ઉદયરામ કૃત 'રણ પિંગળ, પંચાણ રાવળ કૃત 'સુદામાચરિત્ર' જેવા મહત્ત્વના અનેક ગ્રંથોનો ઉલ્લેખ કરી શકાય.

મધ્યકાલીન પાઠશાળાના અનુસંધાન રૂપની આ મહત્ત્વની કાવ્યશાળા વિષયક જે કંઇ સામગ્રી પ્રાપ્ત થઇ છે તેને આધારે કહી શકાય કે કવિઓને કાવ્ય સર્જનમાં, અને ખાસ તો કાવ્ય પ્રસ્તુતીકરણમાં પ્રેરક અને પોષક થઇ પડે એ રીતે અભ્યાસ કરાવવાની એક પ્રાચીન પરંપરાનું અહી અનુસંધાન છે. સંસ્કૃતમાં તો આ માટે અનેક સૂત્રો, વ્યાખ્યાઓ અને કારીકાઓ ઉપલબ્ધ છે. આપણી કંઠસ્થ પરંપરાના સાહિત્ય પરંપરાને જીવંત રાખનાર પરિબળ સમાન આવી કાવ્યશાળાઓની પરંપરા વિષયે વધુને વધુ સામગ્રી સંશોધન દ્વારા પ્રાપ્ત કરી શકાય તો મધ્યકાલીન સાહિત્યને સમજવાનું એક વિશેષ દૃષ્ટિબિંદુ પ્રાપ્ત થાય, અને મધ્યકાલીન સાહિત્યના મૂળભૂત ઉદ્દેશો, હેતુઓ તથા વિભાવનાઓનો પણ ખ્યાલ આવે. અનેક સંપ્રદાયો, રાજવીઓ, અને જ્ઞાતિઓ આવી પોતપોતાની પાઠશાળાઓ પણ ધરાવતા હતા. જ્ઞાતિ, રાજકૂળ અને સંપ્રદાયના આ અંગેના અનેક ઐતિહાસિક પ્રમાણો પણ મળે છે. આ વિષયે વિશેષ સંશોધનને અવકાશ છે.

ચારણી સાહિત્યના સર્જનમાં અગત્યનો ભાગ ભજવનારી, ચારણી સર્જકોને જુદા જુદા રાજદરબારોમાં રાજકવિઓ તરીકે સ્થાપી આપનારી, અને ચારણ કવિઓની આજિવિકાનું સાધન બનતી રહેલી કચ્છ-ભુજની 'રાઓ લખપતજી વ્રજભાષા કાવ્યશાળા' મધ્યકાલીન કાવ્યશિક્ષણ પરંપરાનું ઉજજવળ ઉદાહરણ છે.....

★ ★ ★

# જાત વિલોપનનો આઠમો રંગ

☐ પન્નાલાલ ર. શાહ

ભક્તિ એટલે સમર્પણ, શરણાગતિ અને જાતવિલોપનનો ધર્મ. આ રીતે ભક્તિને વ્યાખ્યા બદ્ધ કરીએ એટલે પછી ભક્તિ વિષે કોઈને કશું નવું કહેવાનું રહે નહિ. મધ્યકાળમાં અને આજે પણ ઈશ્વર પ્રેમના અઢળક કાવ્યો રચાયાં છે, રચાતા જાય છે. એમાં એવું કયું. વિશેષ કે વિશિષ્ટ તત્ત્વ રહેલું હોય છે કે ઉપર્યુક્ત વ્યાખ્યામાં બદ્ધ રહેવા છતાં એવા ભક્તિ કાવ્યોમાંથી આપણને નવો પ્રકાશ મળે છે. પો ફાટતા, મોં સૂઝણું થતાં જેમ આછેરો ખ્યાલ આવે પણ જેવી ઉષાની સવારી આવે એટલે બધું ઝળહળાટ કરતું સ્પષ્ટ દર્શન થાય એમ કવિના દર્શનથી ભક્તિનો માર્ગ ચોખ્ખો ચણાક થઇ જાય. એમાં પુનરાવર્તન હોવા છતાં કવિની અનુભૂતિ આનંદ અને વિસ્મયજનક થઇ જાય. ભાવકમાં પણ એ સંક્રાન્ત થાય.

અન્ય કલાઓની માફક સાહિત્ય પાસે રંગ, રેખા, છાયા, પ્રકાશ, માટી ધાતુ, સ્વરાવલિ જેવા સાધનો નથી. શબ્દ જ એક સાધન છે. એ શસ્ત્ર પાંગળું છે; વાપરતા આવડે તો એ સવ્યસાચી છે. એ સાધનથી વ્યક્તિ, ઘટના કે ઇતર સૃષ્ટિને પ્રત્યક્ષ કરવાની સર્જક ક્ષમતા ધરાવે છે. અલબત્ત, સંગીત, નૃત્ય, શિલ્પ કે ચિત્રકળાના સાધનો સરખાવતા એ અઘરું છે તે સમજી શકાય તેમ છે. શિલ્પ, સંગીત, ચિત્રસૃષ્ટિના રંગ, આકારો ઇન્દ્રિયગ્રાહ્ય છે અગર ઇન્દ્રિય દ્વારા પ્રત્યક્ષ થાય એવી કુદરતી વ્યવસ્થા છે. સર્જક તેની અનુભૂતિને, આ વ્યવસ્થા અતિક્રમી નિરીન્દ્રિય શબ્દ દ્વારા ચક્ષુ-ભાવ, સ્પર્શ, કર્ણ પ્રત્યક્ષ કરે છે, કરી શકે છે. એટલે પ્રત્યેક ભક્ત કવિની કવિતામાં અનુભૂતિમાં કશીક નવીનતા છે, કશુંક રોમાંચક છે, કશુંક વિસ્મયજનક છે, જે આપણને યુગે યુગે નવીનતા બક્ષે છે, આકર્ષે છે અને એટલે એ સનાતન છે.

દુ:શાસનના હાથે જ્યારે દ્રૌપદીના ચીર ખેંચાયા ત્યારે તે એક વસ્ત્રા હતી. ભિષ્મ-દ્રોણાચાર્ય જેવા વડીલો આગળ લાજનો સવાલ હતો. વસ્ત્રાહરણથી અકળાયેલી આ સતીએ કુરુસભાને બૌદ્ધિક અને સચોટ પ્રશ્નો પૂછયાં. માત્ર પોતાના બાહુબળના આધારે ઝઝુમી શકાશે નહીં એમ જયારે લાગ્યું ત્યારે પોતાના સમર્થ પતિદેવો-યુધિષ્ઠિર, ભીમ, અર્જુન વગેરે સમક્ષ એણે ધા નાખી. પ્રભાવશાળી પાંચેય પાંડવો જયારે લાચાર જણાયાં ત્યારે પાંચાલીએ ભિષ્મ પિતામહ, ગુરુ દ્રોણાચાર્ય અને ધૃતરાષ્ટ્ર જેવાં વડીલોને એણે આવી પરિસ્થિતિના નિવારણ માટે વિનંતી કરી. પરંતુ એ વડીલો ટચલી આંગળી પણ હલાવતા ન હતા. એ લાજ ઓછી ન હતી. દુ:શાસન અબળાના વસ્ત્રો ખેંચવા જ લાગ્યો. આ કથામાં લોકકવિએ ઉમેર્યું છે કે વસ્ત્ર છટક્યું એટલે દ્રૌપદીએ એને છેવટે દાંતથી પકડી રાખ્યું. દ્વારકામાં શ્રીકૃષ્ણને નિરાંતે બેઠેલાં જોઇ સત્યભામાએ એમને ટકોર કરી અને સાબદા થવા કહ્યું. પરંતુ શ્રીકૃષ્ણને કશી ઉતાવળ જ નથી ને ! દ્રૌપદી દાંતથી વસ્ત્ર પકડી રાખી શકતી હોય તો એ રીતે ભલે સ્વરક્ષણનો માર્ગ અપનાવતી. અહીં સ્વ-પુરુષાર્થનો મહિમા કર્યો છે. પણ જ્યાં એ 'ગોવિંદ ! દ્વારિકાવાસિન !' કરતીક મદદ માંગે છે અને એ શબ્દો બોલવા જતાં વસ્ત્ર છૂટે છે ત્યાં ભગવાન ધસી આવે છે. ભક્તની પુરુષાર્થ કરવા છતાં અસહાય દશા અને શરણાગતિની આ ક્ષણ કવિ ઝીલી લ્યે છે એમાં એનું કવિ-કર્મ, કૌશલ છે. મનના ગહનતમ અને સૂક્ષ્મ ભાવોની આવી સંતાકૂકડી અને અભિવ્યક્તિમાં તાજગી છે. એ આહલાદક અને અદભૂત છે.

વૈરાગ્ય પ્રધાન ધર્મમાં કે જ્ઞાન માર્ગમાં પ્રેમલક્ષણા ભક્તિને સ્થાન ન હોય અથવા નિર્ગુણની જ વાત હોય. આમ છતાં આવી ભક્તિની વાત સંતસાહિત્યમાં ભક્તકવિઓએ ઉલ્લાસપૂર્વક કરી છે, એટલું જ નહિ પરંતુ એવા ઉલ્લાસને ઘણીવાર નરનારીના શૃંગાર મંડિત સંબંધોની પરિભાષામાં પ્રગટ કરવામાં આવ્યો છે. એનું કારણ એ છે કે ઉત્કટતાપૂર્વકની ભાવાત્મક સ્થિતિમાં દેહની પૃથકતા ઓગળી જાય અને એકતાની ભરતી છલકાઇ ઊઠે એવું નરનારીના સંબંધમાં જ સંભવે છે. શૃંગારની પરિભાષાનો ઉપયોગ, જૈન-જૈનેતર કવિઓને એટલે જ સુગમ લાગ્યો અને એ વાહન દ્વારા પોતાની ઊર્મિઓ આસાનીથી અભિવ્યક્ત કરે છે. નરનારીની સંબંધ જેવી એક તાની સ્થિતિ, અલબત્ત એથી જુદી અને ઉચ્ચ કક્ષાએ, ભક્ત કવિઓએ સિદ્ધ કરી છે. એવી એક તાની, તદ્રૂપતાની, તાદાત્મ્ય ભાવની, એકાકારની વાત કરવા સાથે એની પ્રબળ અને વ્યાપક અસર ત્યારે જ થાય, જો એ સંસારીને પરિચિત એવા ભાવની ભૂમિકાનો આશ્રય લેવાય.એ હેતુ જોતાં વૈરાગ્ય અને જ્ઞાન માર્ગમાં પણ, પ્રેમલક્ષણા ભક્તિ ઔચિત્યપૂર્ણ અને ઉપકારક જણાય છે અને એથી ભક્તિ કાવ્યોમાં નવા નવા કલ્પનો અને અનુભૂતિની અભિવ્યક્તિ દ્વારા નવીનતા જોવા મળે છે.

આધુનિક કવિતામાં બોદલેરના પ્રભાવ હેઠળ બિહામણી કલ્પનસૃષ્ટિ અને નિત્શેની અસર હેઠળ ઈશ્વરની વિડંબના કે ઈશ્વરના ઇન્કારનું તત્ત્વ વિલસ્યું છે, વર્તમાનની વિષમતુલાના મૂળમાં અધ્યાત્મવાદ અને કર્મતત્ત્વજ્ઞાનના આપણે કરેલા સ્વાર્થજન્ય અને વિકૃત અર્થઘટન રહ્યું છે. એટલે ઈશ્વરની વિડંબના કે ઇન્કારના આઘાતથી આપણે જાગીએ તો ઈશ્વર પ્રત્યેના પારાવાર દર્શન એમાં થાય. ઈશ્વર અંગેની મૂળભૂત વિભાવના આપણા અંતસ્તલમાં પડી છે. એના આવિર્ભાવ માટે આવો આઘાતજનક પ્રહાર આધુનિક કવિતામાં જોવા મળે છે. ઈશ્વરના ઇન્કારમાં એનો સ્વીકાર છે અને એના પ્રતિ ઉત્કટ પ્રેમની અનુભૂતિ જ પ્રસંગ આવ્યે આવી વાત કરાવી શકે છે એ ભૂમિકા આવા કાવ્યોમાં હું જોઉં છું. થોડાંક ઉદાહરણો જોઇએ :

"ઈશ્વર એટલે એક ઘમંડી બાદશાહ, નિષ્ઠુર અને ક્રૂર"

* * *

"હવે  
હું ગલીએ ગલીએ ભટકી  
ઈશ્વર નામના બદમાશને શોધું છું "  
– વિપીન પરીખ

" કાલે સાગર છલકાઇ તો કહેજો કે  
મારા હૃદયમાં ખડક થઇ ગયેલાં  
કાળમીંઢ ઈશ્વરના ચૂરેચૂરાં કરવા બાકી છે"  
– સુરેશ જોષી

માનવીએ માનવીની જે દશા કરી છે એ અંગે માનવવર્તન સામે આક્રોશ વ્યક્ત થયો છે. વર્ડઝવર્થ પણ કહે છે :

" And much it gives my heart to think  
What man has made of man. "

જગતારકનું બિરુદ મેળવીને કેટલાય અપરાધીઓનો આપે (ભગવાને) ઉદ્ધાર કર્યો છે, તો આ ભક્તનો ઉધ્ધાર કરવામાં વિલંબ થવા પાછળ શું રહસ્ય છે, શું પ્રયોજન છે એવી પૃચ્છાનો ભાવ ભક્તિકાવ્યોમાં જોવા મળે છે. તો ભક્ત પર ઈશ્વર એવો અનુગ્રહ કરે તો તે નિર્મમ અને નિરાગી કેમ કહેવાય એવો વેધક પ્રશ્ન પણ આપણા ભક્ત કવિઓએ કર્યો છે. મોહવશ અને મદથી છકી ગયેલાં આ જીવની સુધ-બુધ ન રહી એવા ઉચિત અવસરે સેવકની સંભાળ લેવાની અભીપ્સા દ્વારા એ વેળા ચૂકી ગયાનો ઈશ્વરને ગર્ભિત ઇશારો છે. અંગ્રેજ કવિ ફ્રાંસિસ ટોમ્સનના 'The Hound of Heaven' ' કાવ્યમાં કરુણાસાગર ઈશ્વરનો પ્રેમ કે અનુગ્રહ જીવને પોતાના આશ્લેષમાં લપેટી લેવા તેની પાછળ પડે છે એ કલ્પના અહીં યાદ આવે છે. એ કાવ્યમાં પ્રભુના પ્રેમપાશમાં ન ફસાવા જીવ ચોતરફ દોટ મૂકે છે એવું નિરૂપણ છે, જયારે એથી વિરુદ્ધ મોહ અને મદના બાહુપાશમાં ભીંસાયેલા ભક્ત વત્સની કરુણાસાગર પિતાએ ઉચિત સંભાળ લેવી જોઇએ એવું ભારતીય ભક્તિ સાહિત્યમાં નિરૂપણ થયું છે. એક બાજુ કરુણાસાગર ઈશ્વર જીવની સારસંભાળ લેવા પાછળ પડે છે તો જીવને એ મંજૂર નથી અને બીજી બાજુ જગતની માયામાં લપટાયેલાં ચૈતન્યનો એ ભાવ છે કે એવા અવસરે કરુણાસાગરે એની સારસંભાળ લેવી જોઇએ. (પરંતુ એ ઈશ્વરને ગૃહિત નથી?) મનના ગહનતમ અને સૂક્ષ્મ ભાવોની આવી સંતાકૂકડી અને અભિવ્યક્તિમાં કવિ કર્મનું જેટલું સાફલ્ય છે એટલું જ એ આહલાદક અને અદભુત પણ

છે.

જ્ઞાન માર્ગ અને વૈરાગ્ય માર્ગ એ પુરુષાર્થનો માર્ગ છે.પરમ પદની પ્રાપ્તિની પૂર્વ શરત છે - પાપ અને પુણ્ય, સત્કર્મ અને અધર્મ્યના જળ કમળવત ભોગવટા દ્વારા એના ક્ષયની, એટલે એમાં ઈશ્વરના અનુગ્રહ, વરદાન કે ચમત્કારને સ્થાન નથી. ભગવાન પણ કર્મકલંક નિવારીને નિજ રૂપમાં રમતા થયા એવા જ અપૂર્વ ભાવથી એ દિશામાં જવાનો ભક્તનો સંકલ્પ હોય. અહીં શ્રી નરસિંહરાવ દીવેટીયાના 'મંગલાચરણ' કાવ્યનું સહેજે સ્મરણ થાય. એમાં દયાનિધાન પરમાત્માની દયાની યાચના, ઉપરથી રમ્ય અને આકર્ષક લાગતી પરંતુ અંતરમાં કાલકૂટ ઝેરથી ભરેલી વિષયમોહની આપણને અવળે માર્ગે લઈ જવા મથતી હોય ત્યારે તેનો ત્યાગ કરવા આપણને પૂરતું બળ મળી રહે તે માટે અને આપણે નિર્બળ થઈને મોહનીસુરા પ્રત્યે ઘસડાતા હોઈએ તો હાથ ઝાલીને આપણને એ માર્ગે જતા અટકાવે તે માટે કરવાની હોય. સન્માર્ગે ચાલવાનું તો આપણે જાતે જ હોય, એ માર્ગેથી ગબડી ન જઈએ અથવા વિચલિત ન થઈએ એ માટે દયાની યાચના અથવા પ્રાર્થના આ કવિએ કરી છે.

તો જીવે જે અધર્મ્ય આચરણ કર્યા એથી પરમતત્ત્વને કેવો પ્રબળ આઘાત થયો હશે એ વિચારથી થતી મર્માંતિક વેદના અને એ માટે થવી જોઈતી શિક્ષાના બદલે પ્રભુ તો એ સઘળું નૈવેદ્ય ગણીને સહજ સ્મિતથી સ્વીકારી લે અને આ હૈયું ભાગ્યે જ સ્વીકારી શકે. એથી પાપદગ્ધ હૈયું કણકણે અને પરમશક્તિ મૃદુતાને બદલે વજ્રાઘાતથી હૈયાની હીનતાને હણે (અને એને સ્વયં પુરુષાર્થથી નમ્રતાપૂર્વક પહોંચી વળીએ) તો જ હવે શાતા વળે એવા કવિવર રવીન્દ્રનાથ ટાગોરના કાવ્યોમાં થતા ભાવદર્શનનું અહીં પુનિત સ્મરણ થાય છે, ભક્ત કવિની અનુભૂતિ-લીલા એક અંતિમેથી બીજા અંતિમ સુધી કેવી રીતે વિસ્તરે છે એનું અહીં આશ્ચર્ય થાય છે. એમાં મેઘધનુષી ભિન્ન ભિન્ન રંગોનું આહલાદક દર્શન થાય છે. અહીં તો નમૂના રૂપ ભક્તિ કાવ્યોની ચર્ચા કરી છે. એમાં પ્રત્યેક ભક્ત કવિની લીલામાં ડૂબકી મારીએ તો વિશેષ આનંદ આવે. કિનારે બેસી માત્ર સાક્ષીભાવે નિહાળનારનું અહીં કામ નહીં. અસ્તુ. □

---

# આપણી વાણી પાળેલા પશુ જેવી કે હરાયા ઢોર જેવી ?

**□ પૂ. પં. શ્રી પૂર્ણચન્દ્રવિજયજી ગણિ**

જાતને વશ કરવી, એજ સાચું ઉપકારી-કાર્ય છે. અને જો જોવા જઈએ, તો આ કાર્ય સ્વાધીન પણ છે અને સહેલું પણ છે. આની સરખામણીમાં બીજાને વશ બનાવવામાં વધુ મહેનત જરૂરી છે. અને છતાં એની ફલશ્રુતિ જરાય સ્વાધીન નથી. આકાશ-પાતાળ એક થાય, એવા પ્રચંડ-પુરુષાર્થ પછી પણ સામી વ્યક્તિ આપણને વશ થાય જ, તેમજ વશ થાય, તોય એ પરિસ્થિતિ લાંબા સમય સુધી ટકી જ રહે, એમ છાતી ઠોકીને કોઈ કહી શકે નહિ. આમ, જાતને વશ બનાવવી સહેલી છે, છતાં આ દિશામાં ઓછા પુરુષો પ્રયત્નશીલ છે. વિશ્વને વશ બનાવવું અઘરું કે અશક્ય પ્રાય: છે, છતાં વિશ્વ પોતાને વશ બને, આવા મનોરથ વિનાનો માણસ મળવો મુશ્કેલ છે !

આવી પરિસ્થિતિ વચ્ચે એક સંસ્કૃત સુભાષિત 'ભાવતું હતું અને વૈદે બતાવ્યું ' જેવી કહેવતને સાચી પાડતા આપણને સૌને પૂછે છે કે, આખું વિશ્વ તમને વશ બને, એવો યશ તમે ઇચ્છો છો ? શું તમારી એવી ઇચ્છા છે ખરી કે, વિશ્વ તમને વશ થાય અને એ વશવર્તિતાનું ભાવિ દિવસે દિવસે વધુને વધુ સુદૃઢ બનતું જ રહે ?

આ પ્રશ્નના જવાબમાં આપણે 'હકાર' જ ભણવાના. આ હકાર ભણતી વખતે કદાચ આપણા મનમાં એવો ભય હશે કે, વિશ્વને વશ બનાવવા માટે આ સુભાષિત જે શરત મૂકશે, એ ઘણી કડક અને ઘણી મોટી હશે ? આમ છતાં વિશ્વને વશ બનાવવાનો કીમીયો મેળવવા આપણે એકવાર તો સુભાષિતના પ્રશ્નનો હકારાત્મક જવાબ આપવાના જ, એ નક્કી છે. છતાં સુભાષિત વિશ્વને વશ બનાવવા કાજે જરૂરી જે એક કાર્ય ચીંધશે, એ જોઈને આપણા આશ્ચર્યનો પાર પણ નહિ રહેવાનો કે, કાર્ય આટલું બધું વિરાટ અને છતાં એનું કારણ આટલું બધું સામાન્ય !

સુભાષિતનો સંદેશ છે કે, વિશ્વને જો એક જ કાર્ય દ્વારા વશવર્તી બનાવવાની ઇચ્છા હોય, તો માનવે સૌ પ્રથમ પોતાની વાણી રૂપી ગાયને બરાબર કાબૂમાં લેવી જ રહી ! હરાયા ઢોરની જેમ પરનિંદાના પારકા ખેતરોમાં રઝળતી રખડતી વાણી-ગાયને જે ખીલે બાંધવામાં સફળ થાય, વિશ્વ એને વશવર્તી બને, એમાં નવાઈ શી છે ?

સુભાષિતનો સંદેશ ખૂબ જ માર્મિક છે. આપણી વાણીને એ ગાય સાથે સરખાવે છે. વાણીની આ ગાયને એક એવી વિચિત્ર કુટેવ લાગુ પડેલી છે કે, પરનિંદાના ખેતરોમાં રખડવું અને ત્યાંના અનાજને મોજથી 'ઓહિયા' કર્યે જવું ! આ બે કુટેવોના કારણે જ એ જ્યાં જાય, ત્યાં લાકડીના પ્રહાર-મારનું 'સન્માન' એને મળ્યા વિના નથી રહેતું. છતાં પારકાં-ધાન ખાવાની એવી લત એને લાગી છે કે,ખીલે બંધાઈ રહેવાનું ડહાપણ એનામાં જાગતું જ નથી ! પણ જો ગોવાળ ડાહ્યો હોય, તો એને ખીલે બંધાયા વિના ચાલતું પણ નથી.

આપણી વાણી હરાયા ઢોર જેવી છે કે પાળેલા પશુ જેવી છે ? એનું માપ એ વાત ઉપરથી નીકળે કે, વિશ્વ માટે આપણે 'દાહ' રૂપ છીએ કે 'ચાહ' રૂપ ! વિશ્વ જો અગ્નિની જવાળાની જેમ આપણાથી દૂર રહેવા માંગતું હોય, તો જાણવું કે એમાં આપણી હુતાશની જેવી વાણીનોજ મોટો ફાળો હશે ? વિશ્વ જો પાણીના ફુવારાની જેમ આપણને આવકાર આપવા સદા સજ્જ રહેતું હોય, તો માનવું કે, એમાં આપણી ખળખળ વહેતી સરવાણી જેવી વાણીનો જ મોટો ફાળો હશે ? એથી જો માત્ર આપણે આ એક જ કાર્ય કરવા સમર્થ નીવડીએ કે, દોષ કોઈના જોવા નહિ કે ગાવા નહિ ! તો ધીમે ધીમે સમગ્ર વિશ્વ આપણા તરફ આકર્ષિત બન્યા વિના ન રહે !

જો દોષ-દર્શન જ આપણને ગમતું હોય, તો આપણામાં ક્યાં દોષો ઓછા ભર્યા પડયા છે કે, એ માટે આપણને વિશ્વના પ્રવાસે જવાની જરૂર પડે. ઘર આંગણે જ દોષોના એવા ઉકરડા જામ્યા છે કે, એને દૂર કરવા મથીએ, તો થોડા સમયમાં જ ઘર-આંગણાને એક ઉપવન જેવી શોભા અને આભા આપવામાં આપણે સફળ થઈ શકીએ.પારકા-દોષો જોવાથી પારકાને તો કોઈ લાભ થવાનો જ નથી, ઉપરથી આપણા ઘર-આંગણે ઊભરાઈ ઉઠેલા ઉકરડામાં વધારો થતો હોવાને કારણે આપણી લોકપ્રિયતા અને ગુણપ્રિયતામાં દિવસે-દિવસે ઘટાડો જ થવાનો છે. કેટલું બધું મોટું આ નુકશાન છે ! આમ, પરદોષના દર્શનમાં કોઈ જ લાભ નથી, જ્યારે સ્વદોષના દર્શનથી થતા લાભોના સરવાળા ગુણાકાર માંડીએ, તો આપણેય છક્ક થઈએ અને ઉપરથી 'લોકપ્રિયતા' સાંપડે એ લાભ તો વધારાનો ! હવે તો સમજાઈ ગયું ને કે વિશ્વને વશવર્તી બનાવવાનું કાર્ય કેટલું મોટું છે અને છતાં એનું કારણ કેટલું બધું છોટું છે ?

* * * * *

## મુદ્રણ દોષ

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬-૧-૧૯૯૧ ના અંકમાં ' શ્રીમદ રાજચંદ્ર અને મહાત્મા ગાંધી ' એ લેખમાં શ્રીમદ રાજચંદ્રના ઉંમર વર્ષમાં અને ગાંધીજીના નિધન વર્ષમાં મુદ્રણ દોષ રહી ગયો છે. તો તે માટે ક્ષમા ચાહીએ છીએ.

- તંત્રી

# આપણા પક્ષી પ્રેમમાં ઢંકાયેલી આ તે કેવી કરુણતા

**□ વિજયગુપ્ત મૌર્ય**

યુરોપ-અમેરિકાની સંસ્કૃતિમાં પારેવડું (કબુતર) શાંતિનું પ્રતીક ગણાય છે. આપણી સંસ્કૃતિમાં પક્ષીપ્રેમ તો પરાપૂર્વથી ઉતરી આવે છે, પરંતુ આપણે પણ યુરોપનું અનુકરણ કરીને શ્વેત પારેવડાને શાંતિનું અને સ્વતંત્રતાનું પ્રતીક ગણી લીધું છે. આશરે ૨૦૦ વર્ષની ગુલામી પછી ભારતને સ્વતંત્રતા મળી ત્યારે પંડિત જવાહરલાલ નહેરુએ દિલ્હીમાં લાલ કિલ્લા પરથી શાંતિના પ્રતીકરૂપ એક સફેદ કબુતરને ગુલામીમાંથી સ્વતંત્ર બનાવવા પાંજરામાંથી આકાશમાં ઉડતું કરી દીધું હતું.

ભારતીય પ્રજાનો પક્ષીપ્રેમ સુવિદિત છે. લોકસાહિત્યમાં એક પંક્તિ છે : 'દાદા કે દીકરી ક્યે ઘેર દેશું ? જે ઘર પોપટ પાંજરા !'

આમ પોપટ, મેના, બુલબુલ, તેતર વગેરે આપણા ઘરોમાં પરાપૂર્વથી પળાતા આવ્યા છે પરંતુ કોઇએ પૂછ્યું છે ખરું કે પાંજરામાં પોપટ સુખી છે કે દુ:ખી ? બાલસાહિત્યમાં બાળકોને પણ આશ્વાસન આપવામાં આવે છે કે-'પોપટ ભૂખ્યો નથી, પોપટ તરસ્યો નથી, પોપટ આંબાની ડાળે ... વગેરે.

કોઇએ કદી પૂછ્યું છે ખરું કે આપણો કહેવાતો પક્ષીપ્રેમ, પક્ષીઓને માટે કેવી કેવી યાતનાઓ માટે જવાબદાર હોય છે ?

આપણા દેશમાં દરવર્ષે કરોડો રૂપિયાની કિમતના જાત જાતના પક્ષીઓનો વેપાર થાય છે. અસંખ્ય પક્ષીઓની પરદેશમાં નિકાસ થાય છે તે બધાનું શું થાય છે તે કોઇએ વિચાર્યું છે ખરું ? સરકારે પ્રાણીઓ પ્રત્યે ઘાતકીપણું કે ક્રુરતા અટકાવવાનાં કાયદા કર્યા છે. પણ તેમનો અમલ કોણ કેટલો કરે છે કે કરાવે છે તેની ચિંતા સરકારને નથી. સરકારને તો પ્રાણીઓની નિકાસમાં હુંડિયામણ મળે એટલે પત્યું. એર ઇન્ડિયાના વિમાનો અતિ કોમળ પતંગિયાથી માંડીને વજ્ર જેવા હાથી અને ગેંડાને પરદેશમાં પહોંચાડવાની ક્ષમતા ધરાવે છે. પરંતુ એક વાર એવું પણ બન્યું હતું કે પક્ષીઓથી ભરેલા વિમાને ગરમ પ્રદેશમાં ઉતરાણ કરવું પડયું અને ભયંકર ગરમી તથા તરસથી ઘણાખરાં પક્ષીઓ મરણ પામ્યા હતા.

પક્ષીઓના દુર્ભાગ્યની કથા કેમ શરૂ થાય છે તે અને તેમની પર શું શું વીતે છે તે જાણી લ્યો અને તે માટે તમારી કઇ જવાબદારી છે કે નહિ તે પણ સમજી લ્યો.

આપણે વસંતઋતુથી શરૂઆત કરીએ કારણ કે વસંત અને ગ્રીષ્મ ઋતુઓ જુદી જુદી જાતના પોપટની પ્રજનન ઋતુ છે. પક્ષીઓના જથ્થાબંધ વેપારીઓ જંગલવાસી છોકરાઓને પોપટના બચ્ચા એકઠાં કરવા કામે લગાડે છે. ગુજરાતની વાત કરીએ તો અહિ ત્રણ જાતના પોપટ વસે છે. (૧) લાલ ખભાવાળા મોટા સિકંદરી પોપટ. (મહાન સિકંદર એવો પક્ષીપ્રેમી હતો કે તે આવા કેટલાય પોપટને ભારતમાંથી પોતાના દેશમાં લઇ ગયો હતો. તેથી સિકંદરના નામ પરથી આ પોપટ અંગ્રેજીમાં એલેકઝાન્ડ્રાઇન પેરેકિટ નામે ઓળખાય છે.) (૨) સામાન્ય લીલો પોપટ. (જે વધુ વ્યાપક હોય છે.) (૩) તૂઇ પોપટ.

આ ત્રણ જાતનાં પોપટમાંથી રૂપ, રંગ અને સૂરની દૃષ્ટિએ પાળવા જેવા પોપટો તો તૂઇ પોપટ હોય છે. પણ પક્ષી પ્રેમીઓનાં પાંજરામાં તે ભાગ્યે જ દેખાય છે. તેને બદલે નંબર-૧- અને નંબર - ૨ ના ઘોંઘાટીયા અને સખત બટકુ ભરી લે એવા પોપટ વધુ પાળવામાં આવે છે. પાળવા યોગ્ય પોપટ વિશે આપણી જાણકારી ઓછી છે. કોઇ પક્ષી સાથે વધુમાં વધુ પ્રેમ કર્યો હોય અને કોઇ પક્ષીએ મારી સાથે વધુમાં વધુ પ્રેમ કર્યો હોય તો તે આ તૂઇ પોપટ છે.

હવે દર વર્ષે પોપટના અને બીજા લાખો પક્ષીઓના બચ્ચા ઉપર શું વિતે છે તેની ઝાંખી કરાવું. પક્ષીના બચ્ચા ખાઉધરા હોય છે, કારણ કે કુદરત તેમને ઝડપથી મોટાં કરીને ઉડતા કરી દેવા માટે છે. તેથી મા-બાપ માળામાં ખોરાક લાવે ત્યારે અને મા-બાપની રાહ જોતા હોય ત્યારે તે બચ્ચા મુંગા રહી શકતા નથી. તેથી બચ્ચાને એકઠાં કરનાર છોકરાઓએ તેમને શોધવા પડતા નથી. તેઓ ઝાડ ઉપર ચઢી જઇને બખોલમાંથી બચ્ચા ઉઠાવી લાવે છે. પક્ષીઓને દાંત નથી હોતા પરંતુ પોપટ ચાંચની ધારદાર અણીની કિનારી વડે કઠણ ખોરાકને પણ નરમ લોંદો બનાવે છે. તેમાં તેનું થૂંક ભળવાથી તે ખોરાક ઘટ્ટ પ્રવાહી બને છે. અને પાંચન ક્રિયા શરૂ થઇ જાય છે. જો પોપટનાં બચ્ચાંને મા-બાપ દ્વારા મળતી આ માવજતથી વંચિત રાખ્યા હોય તો એટલું તેમનું દુર્ભાગ્ય.

ગ્રીષ્મ અને વર્ષા જાતજાતની મેનાઓ, બુલબુલ, પીળક કોયલ, ચાતક વગેરેની પ્રજનનની ઋતુ છે. જીવાતભક્ષી પક્ષીઓનું પ્રજનન આ ઋતુમાં થાય છે. કારણ કે તેમના ખાઉધરા બચ્ચાનાં પેટ ભરવા માટે કુદરત અનેક જાતના અસંખ્ય જીવો આ સમયે ઉત્પન્ન કરે છે. મોટા નગરોમાં પક્ષીઓ વેચતી દુકાનો હોય છે. મુંબઇ, કલકત્તા, દિલ્હી, અમદાવાદ વગેરે નગરોમાં તો પક્ષીઓના બજારો છે. જે છોકરાઓ જાત જાતના પક્ષીઓનાં બચ્ચા એકઠા કરીને જથ્થાબંધ વેપારીને પૂરા પાડે છે. તે વેપારીઓ આ શહેરોનાં દુકાનદારોને મોટી કિમતે પક્ષીઓ જથ્થાબંધ વેચે છે. મોટા ભાગના બચ્ચા જાતે ખાઇ શકતાં નથી. અને એટલે બધા બચ્ચાને ખવડાવવાની ફૂરસદ કે ચિંતા દુકાનદારોને હોતી નથી. આ બચ્ચાઓ પોતાના કુદરતી ખોરાકથી વંચિત બની ગયા હોય છે. હવામાન પ્રમાણે બચ્ચા તરસ્યા થાય તો તેમને પાણી પણ પાવું પડે. તમે આ કોઇ પક્ષી બજારમાં લટાર મારશો તો અસંખ્ય બચ્ચાનો આર્તનાદ તમને સાંભળવા મળશે. એક ઠેકાણે મરેલા બચ્ચાનો ઢગલો પણ જોવા મળશે. જે બચ્ચા મરતા જાય તે આ ઢગલામાં ફેંકાતા જાય. મુર્ખ પક્ષીપ્રેમીઓ પાસેથી એક એક પક્ષી દીઠ મોટી રકમ પડાવતા દુકાનદારો પક્ષીઓના બચ્ચાનાં મરણ પ્રમાણની જરા પણ ચિંતા કરતા નથી. કારણ કે પક્ષીઓનાં છૂટક વેચાણમાં તેમને ગંજાવર નફો મળી જાય છે. પક્ષીઓ ઉપરાંત પાંજરા વગેરે વેચીને પણ ગંજાવર નફો તેઓ કરતા હોય છે. પાંજરાનું કદ એક બચ્ચા માટે પણ ભાગ્યે જ પૂરતું હોય છે. અને નશીબજોગે બચ્ચુ મોટું થાય તો તે પાંજરામાં ઠાંસોઠાંસ ભરાઇ રહે છે.

પોપટનાં બચ્ચા મધુરવાણી બોલતા શિખશે એવી આશામાં અને દુકાનદારની એવી ભલામણથી આપણે બચ્ચુ ખરીદ્યું હોય પરંતુ જયારે તે બચ્ચુ હોય ત્યારે તે પોપટ છે કે પોપટી તેની તો કોઇને જાણ હોતી નથી. જો પોપટી હોય તો તેને રંગીન પીછાનાં કાળા અને કાઠલાનો અભાવ હોય તેથી પણ માલિક દ્વારા તેની ઉપેક્ષા વધી જાય છે. વળી પોપટ મીઠું મીઠું કાલુઘેલું બોલશે એવી આશામાં નિરાશ થઇને પોપટની તીવ્ર ચીસો સાંભળવી પડે ત્યારે તો માલિક પણ મીજાજ ગુમાવી બેસે છે.

પોપટના બચ્ચા હળીભળી જાય, માણસની બોલી હું કાલુઘેલુ અનુકરણ કરે, માણસથી ડરે નહિ અને તેનાં હાથ કે આંગળી ઉપર આવીને બેસે એમ તેને શિખવવું હોય તો પોપટના બચ્ચા સાથે આપણે પણ પોપટ બની જવું જોઇએ. તેના મા-બાપ જેમ પોતાના મુખમાંથી અને જીભ વડે તેને ખવરાવતા હતા એવી રીતે તેમને ખવરાવવું જોઇએ. બચ્ચાને એમ લાગવું જોઇએ કે આપણે તેમનાં જેવા જ છીએ. તેમને બોલતા શીખવવું જોઇએ. પક્ષી ખરીદી લાવનાર કેટલા પક્ષીપ્રેમીઓ પક્ષીનાં બચ્ચાનો પ્રેમ જીતી લેવા પોતાનો સમય અને શક્તિ આપવા તૈયાર હોય છે ?

પક્ષી વેચનાર દુકાનદારો હોંશિયાર વેપારી હોય છે. તેઓ બે-ચાર શબ્દો બોલતા શીખ્યા હોય એવા પક્ષી પણ રાખે છે અને જિજ્ઞાસુઓ પાસેથી તેમની કિમત ત્રણ આંકડામાં વસુલ કરે છે. શ્રેષ્ઠ અને મનોહર રંગો ધરાવતા પક્ષીઓ અગ્નિ એશિયામાં જાત જાતનાં ધોળા, ગુલાબી, નારંગી વગેરે રંગો અને કલગી ધરાવનાર કાકાકૌઆ થાય છે. ઓસ્ટ્રેલિયા તેનાં બજરીઘર પોપટ માટે પ્રખ્યાત છે. માણસની બોલીનું શ્રેષ્ઠ અનુકરણ કરનાર આફ્રિકામાંના કોંગોના વતની કશુકા પોપટ ( Grey Parrot ) શ્રેષ્ઠ પક્ષી છે. પરંતુ

આયાતબંધીના કારણે દાણચોરીથી આવતા પક્ષીઓની કિંમત ચાર આંકડામાં બોલાય છે.

પક્ષી બજારમાં ધ્યાન ખેંચે એવું તરવરીયું પક્ષી કાળી પહાડી મેના છે. બજારમાં કદાચ વધુ પક્ષીઓ કાળી પહાડી મેના રૂપે આવતાં, વેચાતા અને મળતા હશે. બોલવા માટે પાળવામાં આવતાં ભારતીય પક્ષીઓમાં કાળી પહાડી મેના શ્રેષ્ઠ છે. 'એક હતી મેના' એ નામનું પુસ્તક વાંચીને કોઈને પણ લાલચ થાય કે આપણે પણ આ પહાડી મેના પાળીએ. પક્ષી બજારમાં દુકાનદાર પોતાની પહાડી મેનાની જે પ્રશંસા કરશે. તેથી તમે મુગ્ધ થઈ જશો. પરંતુ તેના વાડામાં જે મરેલા પક્ષીઓ પડ્યા હશે તેમાં કેટલીય પહાડી મેનાના શબ હશે. અને તેમની કિંમત વસુલ કરવા દુકાનદારની નજર તમારા ખીસ્સા તરફ જ હશે. પાળવા માટે ઘરમાં લાવેલ જીવની રક્ષા કરવાની જવાબદારી પણ તમારા શીરે વધે છે. ઘરમાં પાંજરું આવે ત્યારથી બિલાડીની નજર તેમની ઉપર હોય છે. પાંજરામાંથી પક્ષીને બિલાડી ખેંચી લઈ શકે નહિ પણ ગભરાટથી પક્ષી પાંજરામાં ફડફડાટ કરે તેથી બિલાડીનો એકાદ નહોર પક્ષીને લાગી જાય તો પણ તે પ્રાણઘાતક નિવડે.

પક્ષીઓને પાંજરામાંથી મુક્ત કરીને આઝાદી આપવાનું ગાંડપણ શ્રી રાજીવ ગાંધીના શાસન દરમિયાન પરાકાષ્ટાએ પહોંચ્યું હતું તે હાસ્યાસ્પદ હતું, અને કરુણ પણ હતું. તે સમયના વડાપ્રધાન અને તેમની નકલ કરનારાઓ કોઈ પણ તક ઝડપી લઈને સેંકડો અને હજારો પક્ષીઓ ને પાંજરામાંથી છોડીને ઉડાડી મુક્તા હતા. તેથી પિંજરાવાસી પક્ષીઓ માટેની માંગ એટલી બધી વધી ગઈ હતી કે ગ્રામ્ય અને વનપ્રદેશમાંથી પક્ષીઓને પકડી પકડીને આવા સમારંભોમાં પહોંચાડવામાં આવતા હતા. પછી વેચનાર દુકાનો ખાલી થઈ જતી અને જે કોઈ પક્ષીઓ પકડી લાવે તેમની પાસેથી મોં માગી રકમ આપીને પક્ષીઓની ખરીદી કરવામાં આવતી હતી. જેથી કોંગ્રેસીઓના પક્ષી વિમોચન સમારંભોમાં આ પક્ષીઓને વિધિપૂર્વક આઝાદી આપીને મુક્ત કરવામાં આવે ! મુક્ત પક્ષીઓને પકડીને સમારંભોમાં તેમને મુક્ત કરવામાં આવે ત્યાં સુધી આ મુંગા જીવો ઉપર શું વીતતું હશે અને તેમાં કેટલા પક્ષીઓ મરી જતા હશે તે વિચારવાનું કોઈને સૂઝ્યું ન હતું. જંગલમાંથી જથ્થાબંધ પક્ષીઓના ટોળાને પકડી લેવામાં આવતા હતા. વન્ય અને વગડાઓમાંથી સ્વતંત્ર પક્ષીઓને આવી રીતે પકડીને પાંજરામાં ઠાંસી દેવામાં આવતા. પાંજરામાં આ પક્ષીઓ ભય, ભૂખ, તરસ અને થાકથી ફડફડતા અને તેનાથી ઘણા પક્ષીઓ મરી પણ જતાં.

સમારંભોમાં મુક્ત કરાતા પક્ષીઓ પણ કંઈ ભાગ્યશાળી ન હતા. કારણ કે દરેક પ્રાણીને પોતાને અનુકૂળ પર્યાવરણ જોઈએ છે. દા. ત. રાજસ્થાનનાં સુકા પ્રદેશમાંથી પક્ષીઓને પકડી જઈને લખનઉના લીલુડા પ્રદેશની કોંગ્રેસની સભામાં હર્ષના પોકાર વચ્ચે પાંજરામાંથી છોડી મૂકવામાં આવે તો તેઓ ત્યાંના પર્યાવરણને અનુકૂળ થઈ શકે નહિ. પાળવા માટે જ પક્ષીઓ કે તેમનાં બચ્ચાઓનેલઈ જવામાં આવતા હોય પરંતુ તેમને તેમનો વિશિષ્ટ ખોરાક અને અનુકૂળ પર્યાવરણ ન મળવાથી તેઓ મરી જાય છે. દા. ત. તમે દૈયળ પક્ષીનું બચ્ચું મોટી કિંમત આપીને લઈ આવ્યા હો તો તમે તેને શું ખવરાવો ? લીલોતરી, શાકભાજી, ફળો, રાંધેલી વાનગી વગેરેમાંથી તે કંઈ પણ ખાશે નહિ. આપણા આ એક શ્રેષ્ઠ ગાયક પક્ષીને તો જીવડાં અને ઈયળો જ જોઈએ.

રોજની માવજત દરમ્યાન અનેક પક્ષીઓ પાંજરામાંથી ઊડી જતાં હોય છે. પરંતુ આવી મુક્તિ માટે તેઓ પછી ભાગ્યશાળી રહેતા નથી. બચ્ચાં માં-બાપ પાસેથી ઉડતા શીખે છે. પુખ્ત વયનું પક્ષી પકડાયું હોય તો તે ઈજા પામવાથી કે પાંજરામાં પુરાઈ રહેવાથી તેનું ઉડ્ડયન તદ્દન કઢંગુ બની જાય છે. કાગડા અને શિકારી પક્ષીઓ આવા પંગુ પક્ષીઓને પકડીને ફાડી ખાય છે. મારા એક પ્રકૃતિ વિજ્ઞાની મિત્ર શ્રી ઝફર ફતેહઅલીએ એકવાર ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં લખ્યું હતું કે જ્યારે પક્ષી બજારમાં જાઉં છું ત્યારે કેટલાક પક્ષીઓને ખરીદી લઉં છું. પાળવા માટે નહિ પણ મુક્ત કરવા માટે. વિચાર તો સારો છે. પરંતુ પક્ષીબજારમાંથી કે ઘટના પાંજરામાંથી ઊડી ગયેલા પક્ષીનું ઉડ્ડયન પંગુ હોય છે તેથી કાગડા કે અન્ય શિકારી પક્ષીઓ તેને તરત ફાડી ખાય છે મારા એક બીજા મિત્ર પાસે ગિરેબાજ ધોળુ કબૂતર હતું. આ કબુતર ઉડતા ઉડતા ગુલાટો ખાતું જાય અને ઊંચુ ચઢતું જાય. વન્યદશામાં કબુતર ઉડતા ઉડતા ગુલાટો નથી ખાતા. પરંતુ આ તો પિંજરામાં રહેલું પક્ષી. આકાશમાં તેને ગુલાટો મારતું જોઈને એક શકરાએ તેને તરત ઝડપી લીધું.

શોખ, પક્ષીપ્રેમ, રાજકીય પ્રચાર, મનોરંજન અને જીવદયાની નિર્દોષ લાગણીથી પ્રેરાઈને આપણા કેટલા બધા લોકો પક્ષીઓની જિંદગી સાથે ચેડા કરે છે. કેવળ આવા ચેડાં અને અજ્ઞાનનાં કારણે આપણા દેશમાં દર વર્ષે લાખો પક્ષીઓ રીબાઈ રીબાઈને મરે છે. આપણી પ્રજામાં એવી માન્યતા પણ પ્રવર્તે છે કે ગાનાર કે બોલનાર પક્ષીને પાંજરામાં પૂરીને કપડાથી પાંજરું ઢાંકી દીધું હોય તો તેના સૂર વધુ મીઠાં બને છે. આવી ક્રૂર માન્યતાઓ કોણે ફેલાવી હશે ? શહેરી જીવનને સફેદ કપડાં વડે ઢાંકેલા પાંજરામાંથી તેતર બુલબુલ, ચંડુલ, ભરત, અગન, કસ્તુરા, તુઈ, વગેરે મધુરભાષી પક્ષીઓનાં સૂર મેં સાંભળ્યા છે. મને તેમાં માધુર્યને બદલે આક્રંદનું કારુણ્ય સંભળાયું છે. ક્યાં ખેતરાઉ વગડામાં પ્રફુલ્લ, ઉલ્લાસથી અને કંઠની મીઠાસથી ઘૂંટાતાં તેતરના સીમા ગજવતા સૂર, ક્યા વાદળ છાયા આકાશમાં પવનની સામે પાંખો વિંઝીને ઉડ્યા કરતા અને વનવગડાને માદક મીઠાસની ભરી દેતા ચંડુલના સૂર અને ક્યાં બધી બાજુ ઢાંકી રાખેલા પાંજરામાં આવા પક્ષીઓનું શોકમગ્ન બંધીયાર જીવન. ખરેખર આપણા પક્ષીપ્રેમની ઊણપ અને દંભને છતો કરે છે.

□

## પ્રબુદ્ધ જીવન

(રજિસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ રૂલ્સ ૧૯૫૬ ના અન્વયે )
(ફોર્મ નં. ૪)

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. પ્રસિદ્ધિનું સ્થળ | : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫ સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. |
| ૨. પ્રસિદ્ધિનો ક્રમ | : | દર મહિનાની સોળમી તારીખ. |
| ૩. મુદ્રકનું નામ | : | ચીમનલાલ જે. શાહ |
| ક્યા દેશના | : | ભારતીય |
| ઠેકાણું | : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. |
| ૪. પ્રકાશકનું નામ | : | ચીમનલાલ જે. શાહ |
| ક્યા દેશના | : | ભારતીય |
| ઠેકાણું | : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪. |
| ૫. તંત્રીનું નામ | : | ડૉ. રમણલાલ ચી. શાહ |
| ક્યા દેશના | : | ભારતીય |
| ઠેકાણું | : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ -૪. |
| ૬. માલિકનું નામ અને સરનામું | : | શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪. |

હું રમણલાલ ચી. શાહ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

૧૬-૪-૧૯૯૧ **રમણલાલ ચી. શાહ**

# વિષાદ - પ્રસાદ

□ હેમાંગિની જાઈ

નિષાદના બાણથી ઘાયલ થયેલા ક્રૌંચમિથુનને જોઈને મહર્ષિ વાલ્મીકિના હૃદયમાં વિષાદ વ્યાપ્યો ન હોત તો ભારતને એનું 'આદિકાવ્ય' એવું રામાયણ ક્યારેય મળી શક્યું હોત ખરું ? અર્જુન વિષાદથી ગ્રસ્ત થયો ન હોત, એ વિષાદનો યોગ એણે યોગેશ્વર કૃષ્ણ સાથે કર્યો ન હોત તો ભગવદ પ્રસાદ સમી ગીતા પામવાનું સૌભાગ્ય જગતને પ્રાપ્ત થયું હોત ખરું ? વ્હાલા ભાઈને તરફડતાં મરણને શરણ થતો જોયો ન હોત તો દુનિયાએ શ્રી જે. કૃષ્ણમૂર્તિ જેવા મહાન તત્વચિંતકને નિહાળ્યો હોત ખરો ? જગતના દુઃખ, રોગ, દારિદ્ર, વાર્ધક્ય, જરા કે મૃત્યુને જોઇ ગૌતમ અસ્વસ્થ થયા ન હોત તો ભગવાન બુદ્ધની ચેતના પ્રગટી હોત ખરી ?

વિષાદ જો વાસના, મમતા, માયા આદિ ભૂમિકા પર રચાયો હોય તો એ આપણને દીન અને અનાથ બનાવે છે. સામર્થ્યહીન બનાવે છે. મનને નિર્બળ બનાવે છે. દુઃખી દુઃખી કરી મૂકે છે. કર્તવ્યચ્યુત કરે છે પરંતુ વિષાદ જો ગૌતમબુદ્ધની જેમ શુભસર્જનની ભાવનામાંથી પ્રગટયો હોય તો અચ્યુત એવા પરમતત્વની સમીપે લઇ જવાને સમર્થ છે.

વિષાદ પાવક અગ્નિ છે. અગ્નિ જો દાહક છે તો પ્રકાશમાન પણ તે જ છે. ટાઢમાં હૂંફ અગ્નિ જ આપી શકે. હોલિકા જેવી દુર્વૃત્તિને ભસ્મ કરી પ્રહલાદને (આનંદને) અગ્નિની પાવક જવાળા જ અવશેષ રાખી શકે. દુઃખની એરણ પર ટીપાઇ ટીપાઇને માનવના વ્યક્તિત્વનો ઘાટ ઘડાય છે. વિષાદનો પાવક અગ્નિ આત્માના તેજોમય સ્વરૂપને પ્રકટ કરે છે. ક્વચિત જે દર્શન મનુષ્ય વિષાદવેળાએ, શોકના અંધકારમાં કરી શકે છે. તે હર્ષના ઉલ્લાસમાં, ઉજાસમાં શક્ય નથી. કવિશ્રી રાજેન્દ્ર શાહનું કાવ્ય યાદ આવે છે.

મ્હોરી રે ' છે તેજમાં કાંચનાર
તો મ્હેકે છે મધુર નિશિગંધા થકી અંધકાર
તું સેજમાં જયોતિ અનંત વિશ્વના
દર્શાવતો જે પ્રગટે પ્રતિક્ષણ
આ સર્વથીયે પણ કૈં વિશેષ
તેં પદ્મની ભીતરના પ્રદેશમાં
સુગોપ્ય મારું મૂલરૂપ જે રહ્યું
તેનું ય તેં દર્શન છે મને કીધું
તારું કશું ગૌરવ હે ઉદાર !
હે અંધકાર !

અર્જુનને વિષાદ થયો ન હોત તો શ્રીમદ ભગવદ ગીતા જેવો દીવાદાંડીના અજવાળાં પાથરતો સર્વોત્કૃષ્ટ ગ્રન્થ કદાચ મળ્યો ન હોત. ગીતાના પહેલા અધ્યાયનું નામ છે 'અર્જુનવિષાદ યોગ' ગીતાના કેટલાક અભ્યાસીઓએ વિરોધ ઊઠાવ્યો છે. જ્ઞાન ધ્યાન ભક્તિ, કર્મ પરમતત્વને પામવાના પંથ છે તેથી જ્ઞાનને યોગ કહી શકાય, ભક્તિને યોગ કહી શકાય. કર્મકાંડમાંથી કર્મયોગ પ્રતિ ગતિ કરી શકાય પણ વિષાદને તે કાંઇ યોગ કહેવાય ? અન્ય ગીતાચિંતકોએ ગીતાના પહેલા અધ્યાયમાં કોઇ તત્વજ્ઞાન નથી, છે કેવળ યોદ્ધાઓની યાદી અને અર્જુનના મિથ્યા પ્રલાપો અથવા તો પ્રજ્ઞાવાદ એમ કહી ગીતાના આ પહેલા અધ્યાયની અવહેલના કરી છે. હશે, પરંતુ વિચારતાં ક્વચિત લાગે છે જેને બ્રહ્મર્ષિ વેદવ્યાસે ગીતામાં પ્રથમ અને પ્રમુખ સ્થાન આપ્યું એવો આ અધ્યાય શું તદ્દન તથ્યહીન હશે ? એમાં કોઇ નિગૂઢ સત્ય નિહિત નહી હોય શું ?

ખરું પૂછો તો, જ્ઞાન ધ્યાન ભક્તિ કે કર્મ કરતાં ય મનુષ્ય માટે પરમતત્વની નિકટતમ પહોંચવાનો કોઇ યોગ, કોઇ અવસર, કોઇ માર્ગ હોય તો તે વિષાદ છે. જ્ઞાન ધ્યાનના માર્ગે દુર્ગમ છે એ સ્વીકૃત માન્યતા છે. કઠોપનિષદમાં વર્ણવ્યા પ્રમાણે ખાંડાની ધાર (ક્ષુરસ્ય ધારા) પર ચાલવાનો માર્ગ છે. કર્મની તો ગતિ જ ગહન છે તેમ ગીતામાં જે સ્પષ્ટ લખ્યું છે. સાર્વત્રિકી કલ્પના અનુસાર ભક્તિનો માર્ગ સરળ છે, પણ જે સરળ હોય તે હમેશાં સુગમ નથી હોતું. નાળિયેરીનું વૃક્ષ અતિ સરળ છે, તેના પર ચઢવું માત્ર સુગમ નથી.

હવે રહ્યો વિષાદ, વિષાદની અનુભૂતિ આજીવન સર્વ કોઇ કરે છે જ, છે જ ને છે જ. તેથી એ જ એક એવો યોગ છે જે માર્ગે ઇશ્વરને સહજ પામી શકાય. સાચું જ કહ્યું છે, 'સુખે સોની દુઃખે રામ.'

એક બાળકને કોઇકે પ્રશ્ન કર્યો, "ઇશ્વર ક્યાં વસે છે ?" એણે કહ્યું, "થાકેલાઓમાં, હારેલાઓમાં " પ્રશ્ન કરનારને અચરજ થયું. એમણે કારણ પૂછ્યું તો બાળક કહે, "મારા દાદા-દાદીથી એકાએક ઊઠી ન શકાય તો હે દેવા ! હે નારાયણ ! હે ઇશ્વર ! " એવું કહીને ઊઠે છે. નાના બાળકની બાલબુદ્ધિએ શોધેલો ઉત્તર કેટલો ગહન છે ! શોકના કળણમાં ગરકાવ થયેલાને ઇશ્વર જ હાથ ઝાલી ઊભો કરે છે. ઇશ્વર થાકેલા, જીવનથી હારેલાની નિકટ વસે છે કદાચ તેટલો ઇતર કયાંય વસતો નથી. શોકના સાગરમાં ડૂબી ગયેલા, રથમાં ફસડાઇને બેસી પડેલા, હાથમાંથી ગાંડીવ અર્થાત જીવનભરની સાધના જેની સરી ગઇ છે તેવા શોકસંવિગ્ન અર્જુનને શ્રીકૃષ્ણે જ ઊભો કર્યો છે."તસ્માત ઉત્તિષ્ઠ કૌન્તેય યુદ્ધાય કૃતનિશ્ચય :" અર્જુનના વિષાદથી કૃષ્ણના ભગવદ પ્રસાદ સુધીની યાત્રાનો આરંભ તેથી જ શું વ્યાસજીએ વિષાદયોગને મોખરે રાખીને, એને ગીતામાં સર્વપ્રથમ સ્થાન આપીને કર્યો હશે ? ગીતામાં નિરૂપાયેલા સમગ્ર તત્વજ્ઞાનની પશ્ચાદ ભૂમિમાં વિષાદ છે. તત્વજ્ઞાનના સૂર્યનો ઉદય અજ્ઞાનની વિષાદમય રાત્રિમાં છે એવું વ્યાસજીનું ગર્ભિત સૂચન હશે શું ?

વેદ વ્યાસ ધારત તો શું આટલા વિશાળ મહાભારતમાં અન્યત્ર આ તત્વજ્ઞાન નિરૂપી શકયા ન હોત ? કિન્તુ નહી, વિષાદને આવું મોભાનું સ્થાન આપીને વ્યાસજી વિશેષ કાંઇ કહેવા મથતા હશે ? પૃથાના પુત્ર પાર્થ (અર્જુન) ની જેમ જેમનો દેહ પાર્થિવ તત્વોમાંથી ઘડાયો છે તેવા કોઇ પણ જનસામાન્ય માટે વિષાદ જેટલો સહજસાધ્ય અન્ય કોઇ યોગ નથી કે પછી પાર્થસારથિની જેમ કૃષ્ણ દરેકના જીવનરથના સારથિ છે એવું આશ્વાસન વ્યાસજી આપતા હશે ?

આત્માની જાગૃતિ ઇશ્વરના પ્રસાદ વિના શક્ય નથી. અર્જુનનો આત્મા જે ક્ષણે જાગૃત થયો તે પળે તેનો મોહ દૂર થયો, શોક દૂર થયો, સંદેહ ગયો અને સ્મૃતિની પ્રાપ્તિ થઇ. અર્જુનના મુખમાંથી શબ્દો સરી પડયા

" નષ્ટો મોહ : સ્મૃતિર્લબ્ધા ત્વત્પ્રસાદાન્મયાચ્યુત
સ્થિતોઽસ્મિ ગતસંદેહ: કરિષ્યે વચનં તવ. " (ગીતા ૧૮. ૭૩)

ગીતામાં નિરૂપાયેલા આ 'પ્રસાદ' નો અર્થ શો ? પ્રસાદ એટલે બરફી, પેંડા કે છપ્પનભોગ ધરવો અને ભક્તોમાં વહેંચવો એવો ? ગીતાના સંદર્ભમાં આ અર્થ બંધબેસતો લાગતો નથી. ગીતામાં શ્રીકૃષ્ણે પ્રસાદ શબ્દ 'ભોગધરાવવો' એ અર્થમાં વાપર્યો નથી. આત્મતૃપ્ત, આત્મરત શ્રીકૃષ્ણને એવા છપ્પનભોગની કદાચ અપેક્ષા પણ નથી. ગીતામાં કૃષ્ણે પ્રસાદ શબ્દનો પ્રયોગ કર્યો છે 'મનની પ્રસન્નતા' એ અર્થમાં. પ્રસાદ એ વિષાદનો વિરુદ્ધાર્થી શબ્દ છે. સંસ્કૃતમાં સદ એટલે બેસવું. ઉદાહરણત: 'સદન' અથવા 'આસન'. વિષાદ એટલે મનનું વિપરીત બેસવું. એ મનની અસ્વાભાવિક અવસ્થા છે. પ્રસાદ એટલે મનનું પ્રસન્નતાથી બેસવું. આત્માની તે સહજ, સ્વભાવગત અવસ્થા છે. પ્રસાદમાં સર્વ દુઃખોનો, વિષાદનો ક્ષય છે. ગીતા (૨.૬૫) કહે છે,

" પ્રસાદે સર્વ દુઃખાનાં હાનિરસ્યોપજાયતે
પ્રસન્નચેતસો હ્યાશું બુદ્ધિ: પર્યવતિષ્ઠતે. "

અર્થાત ચિત્તની પ્રસન્નતાથી સર્વ દુઃખોનો નાશ થાય છે, કારણ પ્રસન્નચિત્તયુક્ત પુરુષની બુદ્ધિ તત્કાળ સ્થિર થાય છે, પ્રજ્ઞા સ્થિત બને છે.

ચિત્તની પ્રસન્નતાનું થર્મોમીટર એ જ કે બુદ્ધિ ડામાડોળ થતી નથી. સુખ-દુ:ખ આપણી પ્રજ્ઞાના અપરાધ થકી આવે છે અને મનને અસ્થિર કરી મૂકે છે. મન-બુદ્ધિ સ્થિર થાય કેવી રીતે ? ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થાય કેવી રીતે ? પાતંજલ યોગસૂત્રમાં વર્ણન છે. સુખમાં મુદિતા અને દુ:ખની ઉપેક્ષાની ભાવનામાં જ ચિત્તની પ્રસન્નતા છે, મન:પ્રસાદ છે. ગીતા પણ તે જ કહે છે;

" રાગદ્વેષવિયુક્તૈસ્તુ વિષયાનિન્દ્રિયૈશ્ચરન્
આત્મવશ્યૈર્વિધેયાત્મા પ્રસાદમધિગચ્છતિ. "

પ્રસાદ મળે કોને ? મનને નિયમનમાં રાખનારને, જિતાત્માને, જિતેન્દ્રિયને, વિષાદરહિતને, રાગ-દ્વેષના ક્ષાયોનો ત્યાગ કરનારને રાગ-દ્વેષની વ્યાખ્યા શી ? પતંજલિ કહે છે, 'સુખાનુશાયી રાગ:' અને 'દુ:ખાનુશાયી દ્વેષ:' રાગ-દ્વેષનું મૂળ સુખ-દુ:ખમાં છે. સુખદુ:ખ, હર્ષ-શોકમાં પ્રજ્ઞાનું સમત્વ પ્રસન્નતાનું પ્રાપ્તિસ્થાન છે.

આપણે ક્યારેય સુખ અને આનંદ બેઉને એક માની લેવાની ભૂલ કરીએ છીએ પરંતુ બેઉ વચ્ચે આસમાન-જમીનનો ફરક છે. સુખ અસ્થિર અને ભંગુર છે. આનંદ સ્થિર અને નિત્ય છે. સુખ, દુ:ખ સાપેક્ષ છે. સુખ-દુ:ખ મળીને એક દ્વન્દ્વ બને છે. આનંદ, સુખ-દુ:ખ, હર્ષ-શોક, પ્રસાદ-વિષાદ એવા બધા દ્વન્દ્વોથી મુક્ત છે. સુખનો સંબંધ ઇન્દ્રિયો સાથે છે, શરીર સાથે છે. આનંદનો સંબંધ આત્મા સાથે છે. તેથી જ -

સુખ હોય છતાં આનંદ ન પણ હોય, અને
દુ:ખ હોય છતાં આનંદ હોઇ પણ શકે.

આનંદ શ્રીકૃષ્ણનું સ્વરૂપ છે. પરમાત્મા સચ્ચિદાનંદ છે. આપણી ભાષાના શબ્દો જ કેટલા સૂચક હોય છે. કૃષ્ણ જન્મના વધામણાં કરતાં આપણે ગાઇએ છીએ, "નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી." કવિ એમ નથી કહેતા, નંદ ઘેર કૃષ્ણ ભયો, કવિ તો કહે છે, નંદ ઘેર આનંદ ભયો. શ્રીકૃષ્ણની કથા આનંદની અભિવૃદ્ધિની કથા છે. કૃષ્ણના જન્મનો આનંદ છે અને જન્મ પણ આનંદનો છે.

અર્જુને વિષાદનો યોગ (સંધાન/જોડાણ) આનંદની સાક્ષાત મૂર્તિ એવા કૃષ્ણ સાથે કર્યો છે. આપણે આપણું દુ:ખ આડોશી-પાડોશી, સગાં-સંબંધી પર ઢોળીએ છીએ. વિષાદનો યોગ જો ખરેખર અર્જુનની જેમ ઇશ્વર સાથે, સચ્ચિદાનંદ સાથે થાય તો તો પછી -

ભાઇ રે, આપણા દુ:ખનું કેટલું જોર ?
નાની એવી જાતક વાતનો મચવીએ નહીં શોર ?
આપણ ના કંઇ રંક ભર્યો ભર્યો માંહ્યલો કોશ અપાર
આવવા દો જેને આવવું આપણે મૂલવશું નિરધાર
આભ ઝરે ભલે આગ હસી હસી ફૂલ ઝરે ગુલમ્હોર
ભાઇ રે, આપણા દુ:ખનું કેટલું જોર ? "

('ધ્વનિ'- શ્રી રાજેન્દ્ર શાહ).

આમ ગીતાના સંદર્ભમાં 'પ્રસાદ' શબ્દનો જ્ઞાનમાર્ગીય અર્થ છે 'મનની પ્રસન્નતા, મુદિતા, સુખ દુ:ખમાં સમતા, પ્રજ્ઞાની સ્થિરતા, જેના યોગથી ઇશ્વરની કૃપા થઇ તેવી ભાવના જન્મે અને વિષાદગ્રસ્ત મન પ્રસન્ન બને તેનું નામ પ્રસાદ. અમંગલ કાર્યના અંતમાં પ્રસાદ અર્થાત્ મનની પ્રસન્નતા મળતી નથી. કિન્તુ કોઇ પણ મંગલ કાર્યના અંતમાં મન:પ્રસાદ અને આનંદ મળે, મળે અને મળે જ.

મન વિષાદથી જ્યારે વિવશ બને છે
અંતરનો આર્તનાદ ત્યારે ઇશતત્ત્વને પોકારી ઊઠે છે
ઇશ્વર વિષાદને પ્રસાદમાં પલટાવે છે
પ્રસાદમાં પ્રસન્નતા છે
પ્રસાદ ઝળહળતો પ્રકાશ છે
પ્રસાદમાં ઇશતત્ત્વનો પ્રાસાદ છે.
પ્રસાદમાં યોગેશ્વરનો પ્રતિસાદ છે.
પ્રસાદમાં ભક્તિરસનો આસ્વાદ છે.

□ □ □

# આપણે નવલરામનું કેટલું માન્યું ?

□ 'સત્સંગી'

આજથી ૧૧૧ વર્ષ પહેલાં ગુજરાતી સાહિત્યના અર્વાચીન યુગના નિબંધકાર, સમર્થ વિવેચક અને ધર્મપરાયણ સજ્જન નવલરામે તેમના નિબંધ 'નાતવરા અને વરઘોડા' માં ખૂબ વ્યથિત હૃદયે હિન્દુઓ સુખી બને તે માટે પોતાના વિચારો વાચકને હૃદયસૌસરા ઊતરે તેવી શૈલીમાં દર્શાવ્યા છે. ગુજરાતી ભાષા અને સાહિત્યના વિદ્યાર્થીઓ, અભ્યાસીઓ અને સાહિત્યકારોએ તો આ નિબંધ વાંચ્યો જ હોય. પરંતુ કેટલાક લોકો ગુજરાતી સાહિત્ય પ્રત્યે થોડાં ઓછાં માનથી જુએ છે, તેથી તેઓ ગુજરાતી સાહિત્યની સારી કૃતિઓ પણ વાંચવા પ્રેરાતા નથી. નવલરામનો આ નિબંધ વિદ્યાર્થીઓ, યુવાનો, પ્રૌઢો અને વૃદ્ધો-સૌએ અવશ્ય વાંચવો જોઇએ એવા શાણપણભર્યા વિચારો તેમાં છે. તે સમયનું લોકમાસ તેમણે અસરકારક ભાષામાં આબેહૂબ રીતે દોર્યું છે. સાહિત્યકારોને પણ સમાજ પ્રત્યે ઊંડી હમદર્દી હોય છે. તે આ નિબંધમાં જોઇ શકાય છે.

તેઓશ્રી આ નિબંધમાં નાતવરા અને વરઘોડાની રૂઢિઓ ગાંડી, નુકસાનકર્તા અને દેશમાંથી કાઢી નાખવા જેવી છે એવું મંતવ્ય દર્શાવે છે. તેની સ્પષ્ટતા આપતાં તેઓ લખે છે, "સઘળા જાણે છે કે હિંદુ નાતવરા અને વરઘોડાનો ખર્ચ કરવાને માટે પોતાની આખી જિંદગી દુ:ખમાં અને કંગાલિયતમાં ગુજારે છે. તે આખી જિંદગી પોતાનું પેટ બાળે છે, ચિંથરેહાલ ફરે છે, ધિક્કારવા લાયક કરકસર કરે છે, સંસારમાં સુખ શું છે તે તરફ આડી નજરે પણ જોતો નથી, ને એટલાથી પણ ન ધરાતા અનેક કાળાંધોળાં કરે છે, ઇશ્વરનો ચોર થાય છે, રાજનો ચોર થાય છે, લોકમાં બેઆબરૂ થાય છે, અને આ બધું કરે છે તેની મતલબ એજ છે કે જિંદગીમાં એવા બેચાર પ્રસંગ આવે ત્યારે નાતો જમાડવામાં અને વરઘોડા કાઢવામાં પોતે લખલૂટ ખર્ચ કરી શકે ખરો."

આજે એક સદીના સમયના મોટા ગાળા બાદ નાતો ન જમાડવી અથવા નાતવરા ન કરવા એટલી નવલરામની વાત આપણે માન્યા છીએ, તો પણ આ રિવાજ આજે પણ કોઇ કોઇ જ્ઞાતિમાં હોય પણ ખરો. પરંતુ વરઘોડાના રિવાજને તો આધુનિક ઢબને બનાવ્યો છે. યુવાનો પોતે જ આધુનિક ઢબના વરઘોડાનાં બજેટને આવકારીને જ પરણવાની ખુશી દાખવતા હોય છે. પરણવા જતી વખતનો વરઘોડો અને પરણીને ઘેર આવતાં જે સ્વાગત થાય તે બે પ્રસંગો એટલે જ લગ્ન એવો મહિમા આ 'વરઘોડો' અને 'સ્વાગત' નો છે. આજકાલ વરરાજા ઘોડે ચડીને પરણવા નથી જતા, પણ શણગારેલી મોટરગાડીમાં બેસીને પરણવા જાય છે. પરણીને ઘેર આવતાં વરવધૂનું સ્વાગત ફટાકડાના અવાજો, ડીસ્કો નૃત્ય અને ભવ્ય પાર્ટીથી થાય છે.

આ બંને પ્રસંગોનું ખર્ચ વ્યક્તિનાં ગજવાં પર આધાર રાખે છે. પરંતુ આ પ્રસંગોએ વરનાં માબાપને પૈસા ખર્ચવાનું અનેરું તાન ચડે છે એ સત્ય છે. સાદાઇની વાત તો એક બાજુ રહી, પરંતુ ધનવાનોમાં તેમનાં સંતાનોનાં લગ્નખર્ચની ચડસાચડસી થતી રહે છે. ફલાણા ધનવાને પોતાના પુત્રનાં લગ્નમાં દસ લાખ ખર્ચ્યા એમ બીજો ધનવાન સાંભળે તો તે એવો નિશ્ચય જાહેર કરે, 'હું મારા પુત્રનાં લગ્નમાં પંદર લાખ ખર્ચીશ' અને તે ખર્ચે પણ ખરો. દારૂખાનું ફોડવું એ તો પૈસા ગટરમાં નાખી દેવા બરાબર છે, છતાં દારૂખાનું ફોડવું અનિવાર્ય જ ગણાય છે. ધનવાનોની આ દેખાદેખી મોટા અમલદારો કરે અને તેમની દેખાદેખી નાના અમલદારો કરે. પરિણામે સામાન્ય માનવી પણ આવાં વાતાવરણથી પ્રભાવિત બનીને આર્થિક રીતે હેરાન પણ થાય.

આજે શિક્ષણનો સારો એવો ફેલાવો થયો છે, છતાં માબાપને, સંતાનો ભણીને કાર્યક્ષમ યુવાનો તરીકે જીવનનો યોગ્ય રીતે સામનો કરે તેવી વિચારસરણી મુખ્ય બનાવવાને બદલે, સંતાનોને પરણાવવાની ચિંતા અને બોજો સવિશેષ રહે છે એ એક આશ્ચર્ય જ છે. પરિણામે સમાજમાં બે વર્ગના લોકો જોવા મળે છે. એક વર્ગના એવા લોકો છે. જેઓ નવલરામની ભાષામાં ધિક્કારવા લાયક કરકસર કરે છે. આ લોકો ખાનપાનમાં સામાન્ય રીતે શાકભાજી, ફળો, દૂધદહીં અને ઘીમાં કરકસર કરે છે. દૂધ જે પૂર્ણ ખોરાક છે. તેની

ખોટી કરકસરથી લોકો નબળાઇ અને બીમારીને આમંત્રણ આપે છે એ ખરેખર આઘાતજનક પરિસ્થિતિ છે. દૂધ યોગ્ય પ્રમાણમાં લેવાય તો ઘીની જરૂર ન રહે, તેથી ઘીની કરકસર નુકશાનકારક ન નીવડે. પરંતુ લીલાં શાકભાજી અને દૂધ દહીં માણસનાં આરોગ્ય માટે અનિવાર્ય છે. આ કરકસર શા માટે? દીકરાને પરણાવવા અને દીકરીનો કરિયાવર કરવા માટે બચત માટે મેદાને પડવું જ પડે એવી આ રૂઢિઓની પકડ છે. આ પ્રકારની કરકસરને મરણિયાની જેમ ચીટકેલા લોકો નબળાંને મદદરૂપ થવા, સારું પુસ્તક ખરીદવા, સારાં સામયિકનું લવાજમ ભરવા કે પુસ્તકાલયના સભ્ય બનવાનું ઇચ્છે એવી આશા પણ શી રીતે રખાય ?

બીજા વર્ગના લોકો એવા છે જેઓ નવલરામની ભાષામાં અનેક કાળાંધોળાં કરે છે. આ લોકો અગવડ વેઠીને કરકસર કરે એવા નથી હોતા. 'કોઇ પણ પ્રકારે આવક વધારો' એ તેમનો મુદ્રાલેખ હોય છે. જાદુથી આવક વધતી નથી. લાંચ લેવી, કટકી શી રીતે થાય તેની વેતરણ, માલમાં ભેળ સેળ, વજનમાં થોડું ઓછું આપવું વગેરે દ્વારા આવક વધારવા માટે તેઓ રાતદિવસ સક્રિય રહે છે. આ લોકોને 'મને શું મળશે ?' એમાં જ રસ હોય છે. આવાં જીવનથી પોતાનાં સ્વાસ્થ્ય તેમજ પરિવાર પ્રત્યે ધ્યાન ન અપાય તો તેમને કંઇ જ વ્યથા થતી નથી. આ બધું શા માટે ? પોતાનાં પુત્રપુત્રીઓના લગ્ન પ્રસંગોએ સારું એવું ખર્ચ કરવા માટે આ વાતાવરણ સમાજમાં એટલું બધું વણાઇ ગયું છે કે તે નવા જમાના પ્રમાણે ગતાનુગતિક બની ગયું છે.

આ રૂઢિઓને સાદાઇની છૂટ તો મળી જ છે, તેવું થોડું થાય પણ છે; તો પણ સમાજ આ રૂઢિઓ પ્રત્યે આદર અને અહોભાવથી જુએ છે. પોતાનાં સંતાનોને પરણાવવાં એ માબાપ માટે લહાવો અવશ્ય છે. પરંતુ લહાવો એટલે પૈસા ગટરમાં ફેંકી દેવા ? ડીસ્કો અને પાર્ટીની ખાણીપીણીને સર્વસ્વ બનાવવાં એટલે લહાવો ? દીકરાને પરણાવીને કન્યાના પિતા પાસેથી કરિયાવરમાં ઘણી વસ્તુઓ મેળવવી એટલે લહાવો ? જો આપણે આવી જ બાબતોમાં લહાવો કે આનંદ માનતા હોઇએ તો આપણે શિક્ષણ, વાચનથી સાવ કોરા જ રહ્યા છીએ. આશ્ચર્યની વાત એ છે કે જેમાં નિર્દોષ અને સાચો આનંદ મળે છે તે લગ્નગીતો આજની સ્ત્રીઓને આવડતાં નથી અને તે ગાવામાં તેમને રસ પણ નથી. વિવિધ ગીતો દ્વારા જે ભાવ અનુભવાય અને ભાવજીવનનો મર્મ સમજાય તેનાથી પણ વંચિત રહેવાય છે. માત્ર સરબતો, આઇસ્ક્રીમ, મિઠાઇઓ, વેષભૂષાની સ્પર્ધા, દારૂખાનું, ફિલ્મી ગીતોવાળું બેન્ડવાજું અને ડીસ્કો એટલે લગ્નપ્રસંગનો લહાવો કે આનંદ એવી રીત બની ગઇ છે.

ખૂબ ધામધૂમથી દીકરાને પરણાવવાનો લહાવો લીધો, પુત્રવધૂનાં આગમનથી માબાપને ધન્યતાનો રોમાંચ થયો. પરંતુ થોડા જ સમયમાં સાસુવહુ વચ્ચે અણબનાવ શરુ થાય તો ? પિતાપુત્રનાં મન ઊંચા રહેવા લાગે તો ? પોતે બીજાં મકાનમાં રહેવા જાય છે એમ એક દિવસ પુત્ર તેનાં માબાપને કહી દે તો ? તેવી જ રીતે દીકરીને સારો કરિયાવર આપીને પરણાવી. ભાર ઊતરવાનો અને દીકરીને યોગ્ય ઠેકાણે પરણાવવાનો આનંદ માબાપને થયો. પરંતુ બીજી કે ત્રીજી વાર દીકરી માબાપને મળવા આવે ત્યારે તેના ખુશીખબર પૂછતાં તેની આંખોમાંથી આંસુ વહેવા માંડે ત્યારે ? આ કેવા પ્રકારનો લહાવો ગણવો ? ધામધૂમથી લગ્ન કરવાથી અને સારો કરિયાવર આપવાથી કે મેળ વવાથી લગ્ન પછી આનંદ જ રહે એવું હંમેશાં બન્યું નથી અને બનતું નથી. વિચારણામાં દોષ જણાતો નથી ?

સાથે સાથે આપણે લગ્ન પ્રસંગને વેપાર બનાવવાનું ચૂક્યા નથી. આ વેપાર ચાંદલા નિમિત્તે થાય છે. સગાંસંબંધીઓ, સ્નેહીજનો, મિત્રો વગેરે આવા શુભ પ્રસંગે પરસ્પર મળવાનો આનંદ અનુભવે અને સાથે જમે તે દ્વારા પરસ્પર નિકટ આવવું બને. પરંતુ આ જમણવારમાં ચાંદલાની અપેક્ષા છે એટલે જમાડવા–જમવામાં રિવાજની વાત રહે છે, ભાવ રહેતો નથી. વધારે ચાંદલો મેળવી શકનાર વ્યક્તિની પ્રતિષ્ઠા મોટી ગણાય. મોટા અમલદાર કે નેતાનાં પુત્ર કે પુત્રીનાં લગ્નપ્રસંગે મોટે પાયે કરેલા જમણવારમાં થયેલાં ખર્ચ કરતા ચાર–આઠ ગણો ચાંદલો આવે ! લગ્નના રિવાજો ભ્રષ્ટાચારને પોષે છે, તો પણ લોકો આ રિવાજોને પકડી બેઠા છે. એકંદરે લગ્નનો પ્રસંગ આજના સમયની ઢબ પ્રમાણે યંત્રવત બની ગયો છે.

તેમ છતાં માણસ પોતાને ઘેર લગ્નપ્રસંગ હોય ત્યારે હર્ષઘેલો શા માટે થાય છે. ? વાસ્તવિકતા એ છે કે માણસ પોતાનો વ્યવસાય–ધંધો કરે છે અને પોતાની જવાબદારીઓ સંભાળે છે, પરંતુ તેને જીવનમાં આનંદનો અનુભવ થતો નથી. તેનું મુખ્ય કારણ તો એ છે કે તેને આનંદ મેળવવા વિશે યોગ્ય માર્ગદર્શન મળ્યું હોતું નથી. તેથી બાહ્ય વસ્તુઓ દ્વારા જે આનંદ મળે તેવો આનંદ આવા લગ્નપ્રસંગે મેળવવા તે ઉત્સુક બને છે. આમાં તેનાં વિચાર, મનન અને બુદ્ધિવાદ ભુલાઇ જાય છે અને આનંદ–ઉત્સાહ મુખ્ય બની જાય છે. સાથે સાથે આવા પ્રસંગોએ એકલતાની પીડા શમી જાય છે અને ભર્યાભર્યા વાતાવરણથી મનને ખૂબ સારું લાગે છે. પરંતુ લગ્નપ્રસંગ બાદ માબાપને કડવા અનુભવ થાય છે ત્યારે પોતે માની લીધેલા આનંદ અને જે ઘેલછા સેવી હોય તેની ભૂલ સમજાય છે, પણ બોધપાઠ ગ્રહણ થતો હોતો નથી. બીજા પુત્રને પરણાવતી વખતે ફરી પાછી એ જ ઘેલછા વિશેષ સુખની આશાથી હોય છે.

વાતસ્તવમાં લગ્ન દ્વારા યુવક અને યુવતી લગ્નગ્રંથિથી જોડાય છે, આજીવન પતિપત્ની તરીકે રહેવા માટે જોડાય છે, નિકટતમ મિત્રો તરીકે જોડાય છે, ગૃહસ્થ અને ગૃહિણી તરીકે સઘળા સંજોગોમાં સાથે રહેવાના ભાવથી જોડાય છે. યુવક કે યુવતી એકલે હાથે જીવનનો સામનો યોગ્ય રીતે કરવા અસમર્થ છે, બંને પતિપત્ની તરીકે સાથે રહે. તો એકબીજાંના સહકારથી જીવનયાત્રા સરળ બને છે અને ભારતીય વિચારસરણી પ્રમાણે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ માટેનો પુરુષાર્થ પરસ્પરના સહકારથી સર, ઉત્સાહ ભર્યો અને આનંદભર્યો બને છે. વરકન્યાને જીવનમાં સહભાગી બનવાની પળનો આનંદ અવશ્ય થવો જોઇએ. માતાપિતાને સંતાનો પગભર બનીને ગૃહસ્થ અને ગૃહિણીની જવાબદારી સંભાળશે તેનો આનંદ અવશ્ય થાય અને થવો જ જોઇએ. આ આનંદમાં જીવનની સમજ વરકન્યા બંને પક્ષે અને બંનેનાં માતાપિતા પક્ષે હોવી એ મુખ્ય છે. બાહ્ય આનંદને સર્વસ્વ બનાવવાથી જીવનની સમજ અને તજજન્ય આનંદ નિર્માણ થતાં નથી. આની સાબિતી એ કે પરણ્યા પછી યુવકયુવતી વચ્ચે મતભેદ, મનદુ:ખ, નારાજી, ઓછું આવવું, સમાધાનનો અભાવ વગેરે બાબતો બનતાં વાર નથી લાગતી. બાહ્ય આનંદ કેવળ દેખાવ બની રહે છે, રિવાજ બની રહે છે. બાહ્ય આનંદ અને તેવા રિવાજને સીમિત કરી શકાય, તેમાં સાદાઇ અપનાવી શકાય અને પૈસા ગટરમાં ફેંકી દેવાનું રોકી શકાય તેમ છે.

પરંતુ ધામધૂમથી લગ્ન કરવાનો મોહ માબાપને પ્રબળ હોય છે. પરિણામે, જે લોકો નબળી સ્થિતિવાળા છે તેઓ પણ તણાઇને અને દેવું કરીને પણ લગ્નપ્રસંગનું ચીલાચાલું વાતાવરણ રાખે છે. કરિયાવરનો અર્થ એ છે કે જે દીકરીને ૨૦–૨૨ વર્ષ સુધી ઉછેરીને મોટી કરી હોય તેને સાસરે વળાવતી વખતે ગરીબમાં ગરીબ માબાપ પોતાનો ભાવ દર્શાવવા માટે કંઇક આપે. પરંતુ સમતુલા જાળવવાનાં બહાને સમાજે રિવાજ કરી નાખ્યો કે આટલું આપવું. પરંતુ આ સમતુલા–મર્યાદા ક્યારે પણ જળવાઇ છે ? નબળા વર્ગના લોકોને ઘણું સહન કરવું પડે છે. ગરીબની પુંત્રી કયો યુવાન લેવા તૈયાર થાય ? પરિણામે, ગરીબ અને સામાન્ય કુટુંબની છોકરીઓ અન્ય જ્ઞાતિના યુવાન સાથે અને અન્ય ધર્મવાળા યુવાન સાથે ભલે ભારે હૈયે,પણ ક્ષોભ વિના લગ્ન કરી લે છે. આ પ્રકારનાં લગ્નોથી ભાવિ પ્રજા વર્ણસંકર અને નબળી બને એ તબીબી વિજ્ઞાનની દૃષ્ટિએ સત્ય છે, છતાં સમાજના કહેવાતા ધુરંધરોનાં પેટમાં પાણી હલતું નથી. વળી, દહેજના રિવાજની તો અહીં વાત જ કરીએ એ ઇચ્છનીય છે. કરિયાવરનો રિવાજ અથવા વરપક્ષને કન્યાના પક્ષ તરફથી આટલું મળવું જ જોઇએ એવા અધિકારે લગ્નજીવનમાં કે સમાજજીવનમાં સુખાકારી રચી હોય એવું વર્તમાન સમયમાં પણ જોવા મળ્યું નથી. આવા રિવાજોથી સૌ કોઇ પરેશાની, દબાણ, તનાવો વગેરેથી સભર કંગાળ અને લાચાર જીવન જીવે છે. યુવકયુવતીઓ લગ્નનો મર્મ સમજે અને વડીલવર્ગ તેમાં સહાયભૂત થાય અને સૌ કોઇ ખુમારીથી જીવે એવાં વાતાવરણનો સમય પાકી ગયો છે. નહિતર શિક્ષણને જીવન સાથે કોઇ સંબંધ નથી એવો અર્થ કરવાનો રહે.

નવલરામે તે વખતે આવા પ્રસંગો પર ભારે કર નાખવો જોઇએ એમ સૂચવ્યું છે. તે સૂચન આજે અજમાવવા જેવું અવશ્ક છે. આ ઉડાઉપણાનો અંત આવે અને પૈસાનો સદુપયોગ થાય તે દ્વારા જીવનનો ખરો આનંદ સૌ કોઇને મળે તે માટે સમજદાર માણસોએ આવો કર દાખલ થાય તે માટે હિમાયત અને સક્રિય પ્રયત્નો કરવાની જરૂર છે. સાથે સાથે સમાજમાં ધર્મ અને ભક્તિનું સમજપૂર્વકનું વાતાવરણ રચવાની જરૂર છે. આ દ્વારા જીવનનું ધ્યેય સ્પષ્ટ બનતું રહે તો સૌ કોઇની વિચારણા યોગ્ય પ્રકારની બનવા પામે. ધર્મ અને ભક્તિનાં ચીલાચાલુ વાતાવરણ અંગેની સાચી સમજની અને વર્તમાન સમયને અનુરૂપ ઉચિત ફેરફાર કરવાની તેમાં જરૂર છે. ભારે કરવેરા અને બીજી બાજુથી ધર્મપરાયણ જીવનની સાચી સમજ એમ બંને ઉપાયો વિના લગ્નપ્રસંગનું ઉડાઉપણું અટકે એ શક્ય નથી; નવલરામની વાત પૂરેપૂરી માની શકાય એમ લાગતું નથી.

□ □ □

(12)



# સંસ્કૃત દેહધારી - ફારસી-અરબી પ્રયોગો

□ પ્રવીણચંદ્ર જી. રૂપારેલ

કેટલાંક વર્ષોમાં આપણે ત્યાં સાહિત્યિક રચનાઓમાં ને ક્યારેક વ્યાખ્યાનોમાં પણ 'જવાબદારી'ના અર્થમાં 'ઉત્તરદાયિત્વ' શબ્દ ઠીક ઠીક વપરાતો થયો છે. જો કે હવે પ્રમાણમાં કંઈક ઓછો દેખાય-સંભળાય છે. સાહિત્યક ભાષાનો વપરાશ હોય ત્યાં શિષ્ટ અને સંસ્કારી અભિવ્યક્તિની દૃષ્ટિએ સંસ્કૃત શબ્દોને અપાતું મહત્વ તથા હિંદી ભાષા સાહિત્યને સાહિત્યકારો જોડે વધતો સંપર્ક અને હિંદીનું અધ્યાપન કરતા ગુજરાતી પ્રાધ્યાપકોની ભાષામાં વારંવાર સંભળાતો – વંચાતો રહેવાને કારણે આ શબ્દ આપણે ત્યાં ઠીક ઠીક પ્રચલિત થતો ગયો, એમ કહીએ તો વધુ પડતું નહીં ગણાય. આપણો જાણીતો જોડણીકોશ પણ આ શબ્દ હિંદીમાંથી અપનાવાયાનું નોંધે છે.

સાવ સંસ્કૃત ઘડતરના, લાગતા આ શબ્દની આયાતનું શ્રેય હિંદીને આપવાની જરૂરત ખરી ? આ શબ્દ આપણે સીધો સંસ્કૃતમાંથી જ અપનાવ્યો હોય, એવું ન બની શકે ?

**□ ઉત્તરદાયિત્વ :**

પણ દેખીતો સંસ્કૃત લાગતો આ શબ્દ કોઈ જાણીતા ને માન્ય સંસ્કૃત કોશમાંયે જડે એમ નથી. સંસ્કૃત સાહિત્યમાં વપરાયો હોય તો ને ? પ્રાચીન કે પ્રશિષ્ટ સંસ્કૃત ગ્રંથોમાં ન થયા હોય એવા યે કેટલાક શબ્દો મોનિયર વિલિયમ્સના સંસ્કૃત કોશમાં નોંધાયા છે. એમાં પણ આ ઉત્તરદાયિત્વ પ્રયોગ નોંધાયેલો નથી. દેખીતું છે કે આ સંસ્કૃત પ્રયોગ છે જ નહીં– કોઈ અર્વાચીન પ્રયોગ છે !

તો આવા આ પ્રયોગનું ઘડતર થયું શી રીતે ?

આ ઘડતરની પ્રેરણાનું મૂળ કેટલાક હિંદી ભાષીઓના ઉર્દૂ પ્રત્યેના પૂર્વગ્રહમાં રહ્યું છે. આના મૂળમાં છે અરબી-ફારસી ઘડતરનો ઉર્દૂ પ્રયોગ 'જવાબદેહી' ! 'જવાબદેહ' એટલે જવાબ આપનાર; કોઈ બાબતનો જવાબ આપવા માટેનો જવાબદાર. આ પરથી 'જવાબદેહી' એટલે જવાબ આપવાપણું– એટલે કે જવાબ આપવાની જવાબદારી.

ઉર્દૂ પ્રત્યેનો પૂર્વગ્રહ કે સંસ્કૃત વાપરવાનો અત્યાગ્રહ જે માનવું હોય તે; પણ આ 'જવાબ' અને 'દેહી'ના સીધા ભાષાંતરથી જ 'જવાબદેહ' માટે 'ઉત્તરદાયી' ને 'જવાબદેહી' માટે 'ઉત્તરદાયિત્વ' પ્રયોગ ઘડી લેવાયો છે. હિંદીમાં તો એ ખૂબ જ પ્રચલિત થઈ ગયો છે.

(એમ તો 'ઉત્તરદાયી' શબ્દ છેક ૧૯૨૮માં મરાઠીમાં પણ વપરાયો છે. પણ 'ઉત્તરદાયિત્વ' રૂપ થોડાં વર્ષો પહેલાંથી જ હિંદીભાષીઓએ વાપરવા માંડયો છે.)

હિંદીમાં તો આ પછી, આ લાંબા 'ઉત્તરદાયિત્વ' પ્રયોગમાંથી હવે એનો 'ઉત્તર' અંશ પડતો મૂકીને માત્ર 'દાયિત્વ' રૂપ 'જવાબદારી'ના અર્થમાં પ્રચલિત થવા માંડયો છે.

મુખ્યત્વે તો હિંદીનું અધ્યાપન કરતા શ્રી રઘુવીર ચૌધરી તથા શ્રી ભોળાભાઈ જેવા – ગુજરાતી પ્રાધ્યાપકોએ જ આ પ્રયોગો એમના લખાણો ને વક્તવ્ય દ્વારા ગુજરાતીમાં દાખલ કર્યા છે. ધીમે ધીમે આપણે ત્યાં એ પ્રચલિત થયા. જો કે હવે પ્રમાણમાં એય ઓછા થતા ગયા છે.

**□ જલવાયુ – આબોહવા :**

આ જ રીતે મુખ્યત્વે હિંદીમાં પ્રચલિત થયેલા ને ક્યારેક આપણે ત્યાં પણ ડોકિયા કરતો પ્રયોગ 'જલવાયુ' આની જોડે સરખાવવા જેવો છે.

આપણે ત્યાં વર્ષોથી-શાળા-શિક્ષણમાં પણ 'ક્લાઈમેટ'ના અર્થમાં 'આબોહવા' શબ્દ પ્રચલિત છે જ ! આ પણ મૂળ તો ફારસી-અરબીનું સંયુક્ત ઘડતર છે. 'આબ' એટલે પાણી ને 'હવા' એટલે 'હવા' આ બે શબ્દો વચ્ચે 'અને' ના અર્થનો 'ઓ' મૂકાતાં, 'આબ-ઓ-હવા'નું સંયુક્ત રૂપ થયું 'આબોહવા' (પાણી-ને-હવા) ઉર્દૂમાં આ પ્રયોગ માત્ર 'આબ-હવા' કહેવાય છે.

'કલાઈમેટ'ના અર્થનો કોઈ પારિભાષિક શબ્દ આપણી પાસે તૈયાર ન હતો એટલે આપણે ત્યારે પ્રચલિત 'આબોહવા' શબ્દ અપનાવી લીધો.

પણે પેલ. 'સંસ્કૃત' પ્રિયતાને ઉર્દૂ કાઢવાની વૃત્તિએ હિંદીમાં 'આબ-હવા' નું જલ(આબ)ને વાયુ (હવા) એવું ભાષાંતર કરી 'જલવાયુ' શબ્દ વાપરવા માંડયો ને પ્રચલિત પણ થયો. મોટાભાગના વિદ્વાનો માને છે કે 'હિંદી' એ આ પ્રયોગ બંગાળીમાંથી અપનાવ્યો છે.

**□ કટિબદ્ધ :**

પ્રમાણમાં કોઈ મોટા કે ભારે કામ માટે હામ ભીડવી, હિંમત કરવી, તૈયાર થવું, એવા અર્થમાં ઘણીવાર આપણે 'કમર કસવી' એવો પ્રયોગ કરીએ છીએ. આ માટે સાહિત્યકારો ને સુશિક્ષિતો 'કટિબદ્ધ થવું' એવો પ્રયોગ કરતા હોય છે.

દેખીતી રીતે આ બંને પ્રયોગો સરખા છે. – કોઈ કામ માટે હામ ભીડી કમર ('કટિ'-સંસ્કૃત) કસવી (કસીને બાંધવી 'બદ્ધ'-સંસ્કૃત બાંધેલી' હોવી). આ 'કટિબદ્ધ' (કસેલી કમરવાળું) શબ્દ આમ શુદ્ધ સંસ્કૃત ઘડતરનો હોવા છતાં કોઈ સંસ્કૃત ગ્રંથમાં આ પ્રયોગ જડે એમ નથી. મોનિયર વિલિયમ્સના કે આપ્ટેના અધિકૃત ને શિષ્ટ મનાતા સંસ્કૃત કોશોમાં પણ આનો ઉલ્લેખ મળતો નથી.

હા, આને મળતો પ્રયોગ છે ખરો ! 'બદ્ધ પરિકર' । પરિકર એટલે કમરબંધ આ પરથી 'પરિકર બન્ધ' કે 'પરિકર કૃ' એટલે કમરબંધ બાંધવો ને તે પરથી પછી 'તૈયારી કરવી' એવો અર્થ નિષ્પન્ન થયો. આમ 'લગભગ' સમાનાર્થી છતાં ક્યાંય 'કટિબદ્ધ' પ્રયોગ મળતો નથી.

આ માટે વ્યવહારમાં એ જ અર્થમાં પ્રચલિત 'કમર કસવી' પ્રયોગ દિશા સૂચન કરે છે. હિંદીમાં પણ આ જ અર્થમાં 'કમર કસના' પ્રયોગ પ્રચલિત છે.

આ પ્રયોગનું મૂળ છે –ફારસી પ્રયોગ કમર કશીદન'. સ્ટેનગાસના ફારસી– અંગ્રેજી કોશ પ્રમાણે 'કમર કશીદન' એટલે કોઈ ઈષ્ટ યા મોટી-ભારે બાબતની પ્રાપ્તિ માટે મથવાની તૈયારીમાં કમરબંધ સખત કરવો. ફારસી ભાષામાં આવો જ એક 'કમર બસ્તન' પ્રયોગ પણ છે– શબ્દાર્થમાં 'કમરનો ભાગ (કસીને –ટાઈટ') બાંધવો !' વ્યવહારમાં – કોઈ કાર્યની સિદ્ધિ માટે તૈયાર થવું એવો એનો અર્થવિકાસ થયો છે.

આ 'કમર કશીદન' પ્રયોગ જ આપણને 'કમર કસવી' (હિંદીમાં – 'કમર કસન') પ્રયોગ આપ્યો છે. 'બદ્ધ પરિકર' પ્રયોગ હોવા છતાં આ 'કટિબદ્ધ' પ્રયોગ ઘડાયો, એ ફારસી કમર કશીદન' તથા 'કમર બસ્તન' થી પ્રેરાઈને જ થયો છે.

સંસ્કૃત દેહ ધારણ કરી આપણી ભાષામાં વિચરતા આવા પ્રયોગોનો આત્મા આમ ઘણીવાર અન્ય ભાષાના પ્રચલિત થતા પ્રયોગોથી પ્રવેશે છે. આપણો આગ્રહ એને શુદ્ધ સંસ્કૃત લાગતા રૂપમાં ઢાળે છે; આમ દેખાવે શુદ્ધ સંસ્કૃત છતાં, મૂળ સંસ્કૃત હોય જ નહીં એટલે શિષ્ટ સંસ્કૃત કોશોમાં તો મળે જ ક્યાંથી ?

**□ હવાપાણી :**

પણ પ્રચલિત થતા અન્ય ભાષાના આવા પ્રયોગો ક્યારેક આપણી પ્રચલિત ભાષામાં પણ ઢાળી લેવામાં આવે, એવુંયે બને છે. 'આબોહવા' માટે આપણે ત્યાં વ્યવહારમાં પ્રચલિત થયેલો 'હવાપાણી' પ્રયોગ આવો જ છે – અલબત્ત, ભાષાંતર રૂપે !

**□ વર્ષગાંઠ**

પણ આનું રસિક ઉદાહરણ તો છે આપણે ત્યાં છૂટથી વપરાતો શબ્દ 'વરસગાંઠ' ! વર્ષે વર્ષે આવતા જન્મદિન માટે 'વરસ' શબ્દ વપરાય એ તો સમજી શકાય એવું છે; પણ એની જોડે આ 'ગાંઠ' શી રીતે જોડાઈ ગઈ, એ સમજાય છે ?

જીવનની દોરીમાં ઉંમરના વરસની ગણતરી માટે દર વર્ષે એક ગાંઠ બાંધતાં જઈએ ને એમ ઉપરની ગણતરી થતી જાય એવો આ શબ્દનો અર્થ સહેજે તારવી શકાય એમ છે; પણ ઉપરની ગણતરી માટેના આવા અભિગમ, આવી કલ્પના– એનું મૂળ તો આપણને આ જ અર્થના ફારસી પ્રયોગ 'સાલગિરહ'માં જ મળી શકે એમ છે.

'સાલગિરહ' એટલે વરસગાંઠ, જન્મદિન; હિંદીમાં સાલગિરિહ, તથા આપણે ત્યાં 'સાલગરહ'ને 'સાલગીરી' તથા 'સાલગરી' રૂપ પામેલા આ પ્રયોગમાં 'સાલ' એટલે 'વરસ' અને 'ગિરહ' એટલે 'ગાંઠ' થાય છે. આમ 'સાલગિરહ' શબ્દનું સીધું ભાષાંતર સહેજે આપણને 'વરસગાંઠ' પ્રયોગ આપી રહે છે.

શિક્ષકોમાં કંઈક શિષ્ટતાના ખ્યાલથી આ પ્રચલિત 'વરસગાંઠ' પ્રયોગનું 'વર્ષગાંઠ' રૂપ વપરાતું થયું છે, એ પણ અહીં નોંધાવું જોઈએ – આમાં 'વરસ'નું સંસ્કૃત રૂપ 'વર્ષ' તો થયું છે; પણ ગાંઠ હજુ એમની એમ જ રહી છે !

□

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટે.નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ – ૪૦૦ ૦૦૪.

વર્ષ : ૨ ● અંક : ૫ – ૬ ● તા. ૧૬-૬-૧૯૯૧ Regd. No. MH. BY / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## નેતાગીરી અને મોવડીમંડળ

લોકોના નેતા બનવું અને સારા, સાચા મોટા નેતા તરીકે જીવનપર્યંત બહુમાનપૂર્વક એ સ્થાન ભોગવવું એ જેવી તેવી વાત નથી.

કેટલાક મહાન નેતાઓ માત્ર પોતાના જીવનકાળ દરમિયાન જ નહિ, એક આખા યુગ ઉપર, એક બે સૈકાથી વધુ સમય સુધી વિભિન્ન પ્રજાઓ ઉપર છવાયેલા રહે છે. એવા યુગપ્રધાન નેતાઓની સંખ્યા અલ્પ હોય છે, પરંતુ એમનું વિસ્મરણ જલદી થતું નથી. એમના વિચારો, આદર્શો, પ્રેરક પ્રસંગો વર્ષો સુધી લોકો વાગોળતા રહે છે. કેટલાક સંત મહાત્માઓ, ઋષિમુનિઓ, પયગંબરો, સંબુદ્ધ પુરુષો, જગદગુરુઓ, તીર્થંકરો અનેક સૈકાઓ સુધી પોતાના જીવન અને સંદેશ દ્વારા લોકોને સન્માર્ગે દોરે છે.

લોકશાહી હોય, સરમુખત્યારશાહી હોય, રાજાશાહી હોય, લશ્કરી શાસન હોય કે ગમે તે પ્રકારની રાજ્યવ્યવસ્થા હોય, રાજદ્વારી ક્ષેત્રે નેતા બનવું અને પ્રજાવત્સલ નેતા તરીકે આદરપૂર્વક સ્થાન મેળવવું અને ટકાવી રાખવું એ ઘણી કઠિન વાત છે, કારણ કે કુટિલતા, અસત્ય, કાવાદાવા, વેરભાવ, અવળો પ્રચાર, જૂઠા આક્ષેપો, દંભ, મિથ્યા વચનો, હિંસક ઉશ્કેરણીઓ વગેરેનો ગંદવાડ રાજકારણમાં રહેલો હોય છે. સત્તા દ્વારા ઘણાં કાર્યો ત્વરિત થઈ શકે છે. એટલે સત્તાનું આકર્ષણ મહત્ત્વાકાંક્ષી લોકોને ઘણું રહે છે. પરંતુ સત્તા જ માણસને ભ્રષ્ટ બનાવે છે અને સત્તાનો નશો માણસ પાસે ઘણા અનર્થો કરાવે છે. આથી જગતમાં થોડે થોડે સમયે જુદાં જુદાં રાષ્ટ્રોમાં તેની રાજકીય નેતાગીરીમાં ભરતીઓટ આવ્યા કરે છે. એક મહત્ત્વની ઘટના બનતાં રાષ્ટ્રના નેતાના મૂલ્યાંકનમાં ફરક પડવા લાગે છે. રાજકીય નેતાગીરીમાં ઉદયાસ્ત આમ વારંવાર જોવા મળે છે. તાજેતરના જ અનુભવ ટાંકવા હોય તો જ્યારે ઈરાક ઉપર બહુરાષ્ટ્રીય દળો સાથે આક્રમણ કરવાનો વિચાર પ્રમુખ જ્યોર્જ બુશે દર્શાવ્યો ત્યારે અમેરિકાની પ્રજામાં તેનો વિરોધ થયો, પરંતુ યુદ્ધ કર્યા પછી વિજય મેળવ્યો ત્યારે બુશની પ્રતિભા ત્યાં ઘણી પ્રશંસાપાત્ર બની ગઈ. ઈરાકે ઈરાન જેવા મોટા રાષ્ટ્રને આઠ વર્ષ સુધી યુદ્ધમાં હંફાવી નાખ્યું અને કુવૈત ઉપર પણ આક્રમણ કરી વિજય મેળવ્યો ત્યારે ખુશ થયેલી ઈરાકી પ્રજામાં પ્રમુખ સાદામ હુસૈનની પ્રતિભા ઘણી માનભરી બની ગઈ, પરંતુ ખાડીના યુદ્ધમાં પરાજય સાંપડ્યો અને વિનાશ સર્જાયો ત્યારે અનેક ઈરાકીઓ સાદામ હુસેનને ધિક્કારતા થયા. સોવિયેટ યુનિયનમાં અને અન્ય સામ્યવાદી દેશોમાં ગોર્બાચેવે પેરેસ્ટ્રાઈકા અને ગ્લાસનોસ્ત (મુક્ત વાતાવરણ) ની હવા ફેલાવી. એથી કરોડો લોકો એમને મહામાનવ ગણવા લાગ્યા. શાંતિ માટે એમને નોબેલ પારિતોષિક અપાયું. એ જ સોવિયેટ યુનિયનમાં હવે આર્થિક સમસ્યાઓ અને આનુવંશિક સંઘર્ષો ઊભા થયાં એટલે લાખો માણસો ગોર્બાચેવના વિરોધી થઈ ગયા. ભારતના કેટકેટલા સારા રાજદ્વારી નેતાઓની પ્રતિભા ઝાંખી થતી આપણે જોઈ છે !

રાજકારણમાં જ્યાં બંધારણીય સમયમર્યાદા હોય છે ત્યાં સત્તા પર આવેલી વ્યક્તિ લોકોની નજરમાં મોટા નેતા તરીકે ઉપસી આવે છે, પરંતુ સત્તા ઉપરથી ઊતરી જતાં તેનું તેજ ઝાંખું થઈ જાય છે. સમર્થ કે નબળી વ્યક્તિ સત્તા પર આવતાં કે પરિવર્તન થતાં રાષ્ટ્રની નેતાગીરીમાં ભરતીઓટ થાય છે. કોઈ એક સમર્થ મોટા સત્તાધીશના અવસાન પછી નેતાગીરીનો થોડો વિષમ કાળ આવે છે. કેટલીક વાર લોકો લોકપ્રિયતા અને સામર્થ્ય વચ્ચેની ભેદરેખાને પારખી શકતા નથી. લોકપ્રિય વ્યક્તિને તેઓ સત્તાસ્થાને બેસાડે છે, પરંતુ પછી રાજ્ય ચલાવતી વખતે એનામાં કુનેહ અને સામર્થ્યનો અભાવ દેખાઈ આવે છે. ચલચિત્રો દ્વારા લોકપ્રિય બનેલા નેતાઓ જ્યારે રાજકારણમાં ઝંપલાવે છે ત્યારે તેમની કસોટી થાય છે. લોકપ્રિય હોય તે સમર્થ ન હોય એવું નથી, પણ વહીવટી સામર્થ્ય વિનાની લોકપ્રિયતા અંતે નિષ્ફળતાને વરે છે. સામર્થ્ય અને લોકપ્રિયતા વિરલ વ્યક્તિઓને સાંપડે છે. જેઓ પોતાના સામર્થ્યથી લોકપ્રિય થાય છે તેમને પણ પછી જો લોકપ્રિયતાનો નશો ચડે છે તો તેની અવળી અસર તેમના સામર્થ્ય ઉપર પડ્યા વગર રહેતી નથી. લોકોને રાજી રાખવા જતાં તેઓ કડક નિર્ણયો લઈ શકતા નથી. તેઓ અનિર્ણયના વમળમાં ફસાયા કરે છે.

રાજકારણમાં સાત્ત્વિક પ્રકૃતિના નેતાઓ કરતાં રાજસી પ્રકૃતિના નેતાઓ વધુ ફાવી જાય છે. રાજકારણમાં સક્રિય ભાગ લેવો અને સમર્થ રાજનેતા બનવું અને છતાં સરકાર કે પક્ષમાં એક પણ હોદ્દો ધારણ ન કરવો એવી સત્ત્વશીલ અનાસક્તિ ગાંધીજી જેવી કોઈક મહાન વ્યક્તિઓમાં હોઈ શકે છે. રાજકીય મહત્ત્વાકાંક્ષા વગર રાજકારણમાં ઝંપલાવવું સરળ નથી. એવા સાત્ત્વિક નિઃસ્પૃહ રાજનેતાઓનો સત્તાધીશો ઉપર ઘણો પ્રભાવ પડતો હોય છે. સત્તાધીશો એમની અવગણના કરવાનું સાહસ કરતા નથી. અને જો કરે તો વિપરીત પરિણામ આવવાનો સંભવ રહે છે.

નેતા થવાના કોડ તો ઘણા માણસોને હોય, પણ શક્તિ–પ્રતિભા વિના સારા નેતા થઈ શકાતું નથી. જે વ્યક્તિમાં દૃઢ આત્મવિશ્વાસ હોય, ઊંડો અનુભવ હોય, પ્રશસ્ત ડહાપણ હોય, બીજાઓ સાથે સહકારથી કામ કરવાની કુનેહ હોય, સારી સમજદારી અને ગ્રહણશક્તિ હોય, ત્વરિત નિર્ણય લેવાની અને સમયને અને માણસને પારખવાની પરિપક્વ બુદ્ધિ હોય, પ્રામાણિકતા અને પરગજુંપણું હોય, બીજા માટે કષ્ટ વેઠવાની ઉદારતા હોય, વૈચારિક સહિષ્ણુતા હોય, સત્તાલોલુપતા કે કીર્તિકામના ઓછી હોય, તે વ્યક્તિ સારા નેતા થઈ શકે છે. ઊંચી નેતાગીરી પ્રાપ્ત થયા પછી પક્ષપાત રહિત, ન્યાયબુદ્ધિવાળા, પ્રલોભનોથી પર અને ઉદાત્ત મનના રહેવું સરળ નથી. રાજકીય, સામાજિક વગેરે પ્રકારની નેતાગીરીમાં બુદ્ધિપ્રતિભા ઉપરાંત પ્રભાવશાળી વ્યક્તિત્વની છાપ અને પ્રભાવશાળી વક્તૃત્વ પણ વધુ સહાયક બને છે.

નેતા શબ્દ સંસ્કૃત 'ની' ધાતુ ઉપરથી આવ્યો છે. એનો અર્થ થાય છે બીજાને દોરી જવું. જેનામાં બીજાને દોરવાની શક્તિ હોય તે નેતા બની શકે. જેનામાં અનુસરવાનો સંનિષ્ઠ અનુભવ ન હોય તે સારી રીતે બીજાને દોરી ન શકે. યુવાન નેતાઓમાં પોતાના વડીલ નેતાઓને સારી રીતે અનુસરવાની વૃત્તિ ન હોય તો તેઓ પોતાના જૂથને સારી રીતે દોરી ન શકે. અનુભવથી

નેતાગીરી સમૃદ્ધ થાય છે. જેઓ પોતાની તીવ્ર મહત્ત્વાકાંક્ષાને લીધે પોતાના વડીલ નેતાઓનો દગો દે છે, બંડ કરે છે, બેવફા નીવડે છે તેઓ તત્કાલ કદાચ ફાવી જાય તો પણ પોતાના જૂથને સારી નેતાગીરી પૂરી પાડી શકતા નથી. વખત જતાં પોતાના જ સાથીદારોના કે સહકાર્યકર્તાઓના દગા કે બંડના તેઓ ભોગ બને છે. ફાવી જવું એ એક વાત છે અને સફળ થવું એ બીજી વાત છે.

જીવનનાં દરેક ક્ષેત્રમાં કેટલીક અગ્રણી વ્યક્તિઓ જોવા મળશે. લોકોને દોરી જવાનાં ક્ષેત્રો જેમ જુદાં જુદાં હોય છે તેમ નેતાગીરીના પ્રકારો પણ જુદા જુદા હોય છે. કોઇ પણ વ્યક્તિની નેતાગીરીનો આધાર કેવા પ્રકારના લોકોને, કેટલો સમય, કેટલે સુધી તે દોરી જઇ શકે છે તેના ઉપર રહે છે. લશ્કરમાં સેનાધિપતિ માત્ર પોતાના હાથ નીચેના સૈનિકોને પોતે પદ ઉપર હોય ત્યાં સુધી, પોતાની આજ્ઞાથી દોરી જઇ શકે છે, યુદ્ધમોરચે મૃત્યુના મુખમાં ધકેલી શકે છે. પરંતુ પદ પરથી ઊતર્યા પછી તેના હુકમની તાકાત કશી રહેતી નથી. કોઇ ધર્માચાર્ય પોતાની આજ્ઞાવાણી નહિ પણ વત્સલ વાણીથી, પોતે જેમને ઓળખતા પણ ન હોય એવા અનેક લોકોને યોગ્ય માર્ગે જીવનપર્યંત દોરી જઇ શકે છે.

કેટલાક નેતાઓનું નેતૃત્વ સ્થિર રહે છે, કેટલાકનું વર્ધમાન હોય છે, કેટલાકનું વર્ધમાન–હીયમાન થાય છે, કેટલાકનું વર્ધમાન–હીયમાન–વર્ધમાન એમ ચાલ્યા કરે છે. ઉત્તમ નેતૃત્વ એ કે જે સતત વર્ધમાન રહ્યા કરે. કેટલાક નેતાઓએ પોતાની કારકિર્દીનો પ્રારંભ નાને પાયો કર્યો હોય છે, પરંતુ પ્રામાણિકતા, સંયમ, સાચી નિષ્ઠા, સેવાની ભાવના, બીજાઓ માટે કંઇક કરી છૂટવાની, ઘસાવાની તત્પરતા, સતત લોકસંપર્ક અને લોકસમસ્યાઓના નિકાકરણ માટે સતત પ્રયાસ વગેરે ગુણ લક્ષણોને કારણે એમની કારકિર્દીનો પાયો મજબૂત થાય છે અને એમનામાં વધુ અને વધુ લોકોને વિશ્વાસ બેસતાં, બહોળા અનુયાયી વર્ગ સાથે એમનું નેતૃત્વ પણ વધતું જાય છે. કેટલાક આવા નેતાઓ સમયની ખેંચને કારણે, કૌટુમ્બિક જવાબદારીઓને કારણે, અંગત સમસ્યાઓને કારણે, કુટુંબીજનોના જાહેરપ્રવૃત્તિ માટેના અસહકાર, અનાદર કે વિરોધને કારણે કે પોતાની અસ્વસ્થ તબિયતને કારણે અમુક કક્ષાએ પહોંચ્યા પછી સ્થિર થઇ જાય છે.

કેટલાક નેતાઓ મોટું સત્તાસ્થાન મળતાં લોકોને અચાનક મોટા ભાસવા લાગે છે. જેઓ પોતાના જિલ્લામાં પણ પૂરા જાણીતા હોતા નથી. તેઓ રાષ્ટ્રીય સ્તરે બિરાજે છે, છાપાંઓમાં અને ટી.વી. માં ચળકે છે, આખા દેશમાં ઊડાઊડ કરવા લાગે છે, સરકારી સગવડો અને માનપાન ભોગવે છે. પોતાનામાં બહુ દૈવત નથી એ તેઓ જાણે છે અને ભોગવાય એટલું ભોગવી લેવામાં જ તેમને રસ હોય છે પરંતુ જેવા તેઓ સ્થાનભ્રષ્ટ થયા કે થોડા વખતમાં જ તેઓ પડદા પાછળ વિલીન થઇ જાય છે. આવી નેતાગીરી વર્ધમાન–હીયમાન હોય છે. કેટલાક સતત આગળ વધતા નેતાઓ એકાદ ભૂલને કારણે પાછા પડે છે, પરંતુ તક મળતાં ફરી પાછા ઉદયમાં આવે છે. કેટલાકના જીવનમાં આવી ચડતી પડતી એક કરતાં વધુ વાર આવે છે.

કેટલાક નેતાઓમાં પોતાની વિશેષ કોઇ લાયકાત હોતી નથી. કોઇની સાથે બંગાડવું નહિ એજ એમની મોટી લાયકાત હોય છે. એથી ક્યારેક બે મોટા નેતાઓની લડાઇમાં તેઓ ફાવી જાય છે. થોડો વખત ઊંચુ સ્થાન ભોગવે છે. લાયકાત કરતાં નસીબના જોરેજ તેઓ મોટા થઇ ગયા હોય છે. પરંતુ સમય થતાં વળી તેઓ યથાસ્થાને બેસી જાય છે. એનો એમને અફસોસ પણ નથી હોતો. બલકે અલ્પકાળ માટે પણ મોટું સ્થાન મેળવીને આખી જિંદગી સુખદ સંસ્મરણો વાગોળવા માટેનું સારું નિમિત્ત તેઓ પામે છે.

કેટલાક નેતાઓનો પોતાના ક્ષેત્રના લોકો સાથેનો સંપર્ક ઘણો જ ગાઢ હોય છે. તેઓ સમજદાર અને કાબેલ હોય છે. ઉચ્ચતર સ્થાન મળે તો તેઓ તેને શોભાવે એવા હોય છે. પરંતુ મોવડીમંડળ સાથેનો તેમનો સંપર્ક ઓછો હોય છે. ખુશામત કરવાનો તેમનો સ્વભાવ હોતો નથી. માગી માગીને સ્થાન મેળવવાની વૃત્તિ તેમનામાં હોતી નથી. મોવડીમંડળમાં એમના કોઇ ગોડફાધર હોતા નથી. એટલે તેવા નેતાઓનો વિકાસ ત્યાં જ અટકી જાય છે.

કેટલાક નેતાઓનો લોકસંપર્ક ખાસ હોતો નથી. આમજનતા માટે તેમને એટલી હમદર્દી પણ હોતી નથી. તેમનો પોતાનો ખાસ કોઇ નિષ્ણતાયુક્ત વિષય હોતો નથી. તેમનું ખાસ કોઇ કાર્યક્ષેત્ર પણ હોતું નથી. તેમની લોકપ્રિયતાનો ખાસ કોઇ ભૌગોલિક વિસ્તાર પણ હોતો નથી. પરંતુ તેઓ ધનના જોરે નેતા બનવાની જબરી મહત્ત્વાકાંક્ષાવાળા હોય છે. તેઓએ મોવડીમંડળના સદસ્યો સાથે સારો ઘરોબો કેળવ્યો હોય છે. તેમને ઘરે ઉતારવા, ખાસ પ્રસંગો ઊભા કરી નિમંત્રણો આપવાં, મિજબાનીઓ તેમને માટે ગોઠવવી. મોંઘી ભેટ સોગાદો આપવી, હારતોરા પહેરાવવા અને ફોટા પડાવવા, એરપોર્ટ ઉપર લેવામૂકવા માટે દોડાદોડ કરવી વગેરેમાં તેઓ ઘણા પ્રવીણ હોય છે. પત્રો, મુલાકાતો, સૂચનો, ફોન સંપર્ક, વગેરે નાનાંમોટાં નિમિત્તો ઊભાં કરી મોવડીમંડળની સતત નજરમાં રહેવાનું તેમને સરસ આવડતું હોય છે. પોતાને પ્રધાનમંડળમાં, કમિટિઓમાં સ્થાન મળે, ચૂંટણીમાં ટિકિટ મળે તે માટે મિત્રો દ્વારા વખતોવખત સૂચનો કરતા રહે છે. જરૂર પડે તો શરમસંકોચ વગર માગીને ઊભા રહે છે. આવી બધી રીતે તેઓ મોટા નેતા થવાનો પ્રયત્ન કરે છે. થોડો સમય તેઓ ફાવી પણ જાય છે, પરંતુ આમપ્રજામાં તેમની કોઇ પ્રતિષ્ઠા બંધાતી નથી. તેઓની નેતાગીરી અલ્પકાલીન અને અનુયાયીવર્ગ વિહીન હોય છે તેમને નિવૃત્તિનો ડર હોતો નથી, કારણ કે તક મળતાં તેમણે ઘણું ધન એકઠું કરી લીધું હોય છે.

કેટલાક નેતાઓ એમના સંગીન રચનાત્મક કાર્યો અને સતત લોકસંપર્ક દ્વારા આમજનતામાં ઊંડાં મૂળ ધરાવતા હોય છે. બીજી બાજુ મોવડીમંડળ સાથે પણ તેમનો એટલો જ ઘનિષ્ઠ સંબંધ હોય છે. પોતાની ગુણવત્તાથી જ તેઓ આગળ વધે છે. મોવડીમંડળમાં એમની પ્રતિષ્ઠા જામેલી હોય છે. ઉત્તરોત્તર તેમની શાખ બંધાતી જાય છે. એમની કાર્યદક્ષતા એમને પણ મોવડીમંડળમાં સ્થાન અપાવે છે અને વખત જતાં પોતે મોવડીમંડળના સૂત્રધાર બની જાય છે. તેઓ આમવર્ગમાં અને બુદ્ધિજીવી વર્ગમાં એક સરખું આદરભર્યું સ્થાન પામે છે. તેમને પત્રકારોની ખુશામત કરવી પડતી નથી. પત્રકારો તેમની પાછળ દોડાદોડ કરતા હોય છે.

કેટલાક નેતા જન્મજાત હોય છે અને કેટલાક નેતા સ્વયંભૂ હોય છે. કેટલીક નિર્મળ વ્યક્તિઓમાં એવા ઉત્તમ સદ્‌ગુણો હોય છે કે લોકો તેમને ચાહે છે, લોકો તેમની સૂચના પ્રમાણે કરવા તૈયાર હોય છે. લોકો તેમને પોતાની જવાબદારીઓ સામેથી સોંપે છે અને પોતાનું નેતૃત્વ લેવા વિનંતી કરે છે. એવી વ્યક્તિઓમાં નેતા બનવાની જન્મજાત કેટલીક વિશેષ લાયકાત હોય છે. બચપણમાં દોસ્તારો સાથેની રમતગમતોમાં આગેવાની લેવાથી તેમની શરૂઆત થાય છે. શાળા–કોલેજમાં પણ તેઓ તે સ્થાન પ્રાપ્ત કરે છે અને પછી જાહેરજીવનમાં પણ તેઓ પોતાના નેતૃત્વને શોભાવે છે.

કેટલીક વ્યક્તિઓમાં નેતા બનવાની લાયકાત ઘણી ઓછી હોય છે, પણ તેમની તે માટેની મહત્ત્વાકાંક્ષા પ્રબળ હોય છે. લોકો સ્વીકારે કે ન સ્વીકારે, તેઓ પોતાની જાતને લોકનેતા તરીકે સ્વીકારી લે છે. થોડીક સફળતા પછી તેઓ લોકોને એ પ્રમાણે ઠસાવવા લાગે છે. તેઓ શક્ય તેટલા જાહેર કાર્યક્રમોમાં પહોંચી જાય છે. સભાઓમાં કંઇક બહાનું કાઢી મંચ ઉપર આંટા મારવાથી તેમની શરૂઆત થાય છે. અને તક મળતાં પાછળની છેવટની ખુરશીમાં તેઓ બેસી પણ જાય છે. કેમેરાલક્ષી તેમની નજરને કારણે બીજાઓના ફોટાઓમાં કોક ખૂણે ચમકવાની તેમને તક મળતી રહે છે. અનેકવાર આવી તક મળવાને કારણે તેઓ મોટા નેતા છે એવું લોકોના ભ્રમનું સેવન વધતું જાય છે. છાપાંઓમાં ચર્ચાપત્રો, અહેવાલો, નિવેદનો, ફોટાઓ વગેરે ઘુસાડીને સમાજનેતા તરીકે ઉપસી આવવા તેઓ અથાગ પ્રયત્ન કરી છૂટે છે. તેઓ પ્રચાર માધ્યમોને સાધે છે. ખોટી વ્યક્તિને ખોટી બતાવવાની અને બનાવવાની આવડત પ્રચાર માધ્યમો પાસે હોય છે. આવી વ્યક્તિઓ એક દિવસ લોકોને ખરેખર મોટી દેખાવા લાગે છે. પરંતુ તેમની કૃત્રિમ નેતાગીરી અલ્પજીવી હોય છે.

કેટલાક નેતાઓ પોતાના જીવનકાળ દરમિયાન મોટા નેતાનું સ્થાન અને માન પામે છે અને ભોગવે છે, પરંતુ એમના સ્વર્ગવાસ પછી, સમય જતાં એમનું વાસ્તવિક સ્વરૂપ પ્રગટ થવા લાગે છે. કેટલાક નેતાઓનું એમની સત્તા, પ્રભાવ, વર્ચસ્વ વગેરેને કારણે તેજ એટલું પ્રખર હોય છે કે તેમની વિરુદ્ધ બોલવાની કે લખવાની કોઇ હિંમત કરી શકતું નથી, પણ એમના અવસાન પછી એમના જીવનની નબળી બાજુઓ પ્રગટ થવા લાગે છે.

( વધુ માટે જુઓ પૃષ્ઠ ૧૦ )

# વિસ્મયોની પરંપરા

☐ જયંત કોઠારી

વિચાર કરું છું ત્યારે શ્રીમતી સદગુણા સી.યુ. આર્ટસ કોલેજ (પહેલાંની જી.એલ.એસ. ગર્લ્સ કોલેજ) સાથેનો મારો સંબંધ વિસ્મયોની એક પરંપરા જેવો લાગે છે. મારી કારકિર્દીના વધુમાં વધુ વર્ષો મેં આ સંસ્થામાં ગાળ્યા એ તો કોઇ વિસ્મયનું કારણ નથી જ. એ સંસ્થામાં જ મારે ઘણી સક્રિયતાથી અને જાત સંડોવણીથી કામ કરવાનું થયું ને એ સંસ્થામાંનો મારો સમય પ્રસન્નાતાપૂર્ણ બની રહ્યો એનેયે હું વિસ્મયનું કારણ ગણતો નથી. મારે માટે વિસ્મયરૂપ તો છે એ સંસ્થાના આચાર્ય, ગુજરાતી વિભાગના મારા સાથીઓ, અન્ય અધ્યાપકોને કર્મચારીઓ તથા સંસ્થાની વિદ્યાર્થિની બહેનો સાથે રચાયેલો મારો સંબંધ. એ સૌના અનન્ય વિશ્વાસ અને પ્રેમનું ભાજન હું બન્યો. મારા જેવી પ્રકૃતિનો માણસ આવો વિશ્વાસ અને પ્રેમ પ્રાપ્ત કરી શકે એ સાચે જ એક મોટી વિસ્મયઘટના છે.

મારી આ વિસ્મયકથાનો આરંભ આચાર્યશ્રી સાથેના મારા સંબંધથી જ કરીએ. આચાર્યશ્રી એમ. ડી. ભટ્ટની અને મારી પ્રકૃતિ વચ્ચે, જાણનારા જાણે છે કે, આભ–જમીન જેટલું અંતર. ભટ્ટસાહેબ ભારે વ્યવહારપટુ માણસ. એ વ્યવહારપટુતાથી જ એમણે કોલેજને જમાવી. આપણા રામ જરા સિદ્ધાંત જડ માણસ. 'જરા' શબ્દ તો હું મારી જાત માટે લખું છું માટે નમ્રતાથી વાપરું છું. બાકી કોઇ મિત્ર મને ' સિદ્ધાંતનું પૂંછડું ' કહીને નવાજતા ને ઘણા મિત્રો 'ગાંધીજી' કહી રમૂજ ઉડાવતા. ભટ્ટસાહેબમાં ભારોભાર મીઠાશ – ક્યારેક સામા માણસનું મોઢું ભાંગી નાખે એવી. મારામાં ઋક્ષતા. મિત્રોને હું વિનોદમાં કહેતો હોઉં છું કે ભટ્ટસાહેબ કોઇને એડમિશન ન આપે તોયે એ રાજી થતું થતું જાય; હું એડમિશન આપું તોયે એ કટાણું મોઢું કરીનેજાય. સામાન્ય સંયોગમાં આ સ્વભાવભેદથી ખાસ કશો ઇતિહાસ સરજાત નહીં. પરંતુ આ કોલેજમાં તો હું ઠર્યો સૌથી સિનિયર અધ્યાપક એ નાતે અધ્યાપકગણ અને આચાર્ય વચ્ચે કડી રૂપે કામ કરવાનું અને વહીવટની થોડી વિશેષ જવાબદારીનું વહન કરવાનું ભટ્ટસાહેબે મને સૂચવવું પડે. એ આ વિવેક ન જ ચૂકે ને હું, મારી એવી કોઇ અભિલાષા ન હોવા છતાં, પ્રાપ્ત કર્તવ્યને સ્વીકારી લેવાનું ન ચૂકું. મારી પૂર્વ સંઘર્ષકથાઓથી માહિતગાર ભટ્ટસાહેબના મનમાં દહેશત તો હશે જ, કેમ કે અમારે એક બીજા સાથે થોડો પ્રસંગ પાડવાનો થયા પછી એક દિવસે એ ઉપરાઉપરી બેત્રણ વખત બોલી ગયેલા કે ' કોઠારી, યુ. આર. એ સરપ્રાઇઝ ટુ મી. મેં તમારે વિશે કેવું બધું સાંભળેલું ! ' મારો સ્વભાવ બીજાઓને ક્યાં અગવડરૂપ થઇ શકે એ વિશે હું કદીયે ભ્રાન્તિમાં રહ્યો નથી તેથી મેં પણ સહજ ભાવે જ એમને ટકોર કરેલી કે 'સાહેબ, મારે વિશે જે કંઇ સાંભળ્યું હોય એ ખોટું ન માનશો.' આવી દહેશતો વચ્ચે અમે કંઇક વિશેષ જવાબદારીવાળા સંબંધે સંકળાયા અને ખરું સરપ્રાઇઝ તો એ છે કે અનિવાર્યપણે કેટલુંક અથડાવાનું થયા છતાં પરસ્પરના સ્નેહાદરમાં જરાયે આંચ આવવા દીધા વિના અમે એ સંબંધને નભાવ્યો.

ન્હાનાલાલ અને બળવંતરાય બન્નેની આંખો વઢે અને બન્નેને રાજકોટની રાજકુમાર કોલેજમાં સાથે કામ કરવાનું આવ્યું. બન્નેની કામગીરી ખાસ કશી અથડામણ વિના ચાલી એને અનુલક્ષીને બલવંતરાયે વર્ષો પછી કહેલું કે 'આનો સઘળો જશ મને છે.' ભટ્ટસાહેબનો ને મારો સંબંધ સુંદર રીતે નભ્યો એ માટે હું કહીશ કે એનો સઘળો જશ ભટ્ટસાહેબને છે.'

આપણા રામ ભારે ધખારાવાળા. વર્ષારંભે જ આખા વર્ષની પ્રવૃત્તિઓનું સમયપત્રક સુનિશ્ચિત કરવાનો ધખારો એક વખતે કરેલો ! જિદ્દ માટે પણ આપણે જગપ્રસિદ્ધ. જે કામ હાથમાં આવ્યું હોય (સામેથી તો લઉં જ નહીં)–પછી તે કોલેજના સમયપત્રકનું હોય, મેગેઝિનનું હોય, પરીક્ષાનું હોય, બુકબેન્કનું હોય, ફ્રીશિપનું હોય– તે ચોકક્સ નીતિનિયમોથી જ કરવાનો ભારે આગ્રહ. આથી સરવાળે લાભ હોય તોયે આરંભમાં તો ઇષ્ટાનિષ્ટ પ્રત્યાઘાતો જન્મે જ. એથી આચાર્યશ્રીને મૂંઝવણમાં મુકાવાનું પણ થાય. આપણા રામ સ્પષ્ટવકતા પણ ખરા. પોતાના મત, વિચાર કે અભિપ્રાયને છુપાવી ન શકે, એટલું જ નહીં એને ગળી ચોપડી રીતે કહેતાં પણ ન આવડે. કહેવાનું હોય તે તડને ફડ કહી દે. આમાં તોછડાપણું લાગે જ ને. ક્યારેક ઉગ્રતા ભળે એટલે પરિસ્થિતિ વિકટ બની જાય. પણ મારામાં નહોતું તે ભટ્ટસાહેબમાં હતું. એમનામાં ચતુરાઇ હતી, વાતને વાળી લેવાની આવડત હતી, સામા માણસની શક્તિ પારખવાની અને એનો કોલેજના હિતમાં ઉપયોગ કરી લેવાની દૃષ્ટિ હતી અને આચાર્ય તરીકેનું અહં તો લગભગ આડે આવતું ન હતું. ભટ્ટસાહેબ સાથેના વિચારભેદના અને નાનામોટા સંઘર્ષના કેટલાબધા પ્રસંગો આજે મનમાં ઉભરી આવે છે ! પણ ભટ્ટસાહેબે મારી સચ્ચાઇ, નિસ્પૃહતા, નિષ્ઠા અને વ્યવસ્થાની સૂઝમાં અસાધારણ વિશ્વાસ મૂક્યો અને ઘણેબધે સ્થાને મને મારી રીતે જ કામ કરવા દીધું. કોલેજને માટે મેં શ્રમ ઉઠાવ્યો એની કદર કરવામાં તો એ કદી પાછા પડયા નહીં, થોડાં વર્ષો આ શ્રમ ઉઠાવ્યા પછી મેં એમાંથી મુક્ત થવા ઇચ્છયું ત્યારે અત્યંત ગૌરવપૂર્વક મને મુકત ર્ક્યો, અને વળી પાછો કોલેજની કોઇ બાબત વિશે મને એમને કંઇ કહેવાનું મન થાય તો એ કહેવાનો મારો અધિકાર એમણે અબાધિત રાખ્યો. આ અધિકાર મેં જ લઇ લીધેલો– કદાચ ભટ્ટસાહેબે મારામાં જે વિશ્વાસ મૂક્યો હતો તેનાથી પ્રેરાઇને. એક અધ્યાપક તરીકે જેમાં માથું મારવાનો મારો જરાયે અધિકાર ન કહેવાય એવી બાબતોમાં પણ એમની પાસે મેં મારા અભિપ્રાયો વ્યક્ત કરેલા, અને તે પણ મારા સ્વભાવ મુજબ અત્યંત ભારપૂર્વક ! એક વખત તો અમે બે જ જાણીએ છીએ એવું ત્રાગા જેવું પગલું પણ લીધેલું. ભટ્ટસાહેબના મનમાં મારા આ વર્તનોની કશી કડવાશ રહી હોય એમ મને લાગ્યું નથી અને મારી વાતમાંથી જે કંઇ તથ્ય સ્વીકારવા જેવું લાગ્યું તે એમણે અવશ્ય સ્વીકાર્યું છે. અમારા સંબંધો ત્યારેયે અત્યંત સૌહાર્દપૂર્ણ રહ્યા અને આજેયે એવા જ છે. ભટ્ટસાહેબ મને આચાર્ય કરતાં વધુ તો મોટા ભાઇ જેવા લાગ્યા, જેની સાથે પ્રેમથી લડીઝઘડી શકાય.

આવું કયાં બની શકે ? ભટ્ટસાહેબ અમારા વાદવિવાદ વખતે કેટલીક વાર કહેતા, 'કોઠારીસાહેબ, બીજી કોલેજો કેમ ચાલે છે એ જુઓ. ગુજરાત લો સોસાયટીમાં તો ઘણું સારું છે.' હું એમને કહેતો, 'સાહેબ, તમારી વાત સાચી છે. પણ મારી અપેક્ષા એ બીજી કોલેજોના સંચાલકો પાસે નથી. એ તો વેપારીઓ જ છે. મારી અપેક્ષા ગુજરાત લો સોસાયટી અને તમારી પાસે છે. આપણે આવું શા માટે કરીએ ? ને હું જાણું છું કે અહીં મને જે મોકળાશ મળી છે, સ્વતંત્રતા મળી છે. તે બીજે કયાંય ન મળી શકે, મારે તો હવે બીજો કોઇ ધણી ધારવો પણ નથી.' પણ પછી ભાગ્યયોગે મારે બીજો ધણી ધારવાનો થયો અને ત્યાં જે અનુભવ થયો એણે મારી વાતને અત્યંત દુ:ખદ રીતે સાચી ઠેરવી. એ અનુભવે ભટ્ટસાહેબ સાથેના મારા સંબંધમાં મને જે વિસ્મયની લાગણી થતી હતી એને પુષ્ટ કરી, અને ભટ્ટસાહેબની મોટાઇની દૃઢ પ્રતીતિ કરાવી. હું માનું છું કે ભટ્ટસાહેબને અને મને જાણનાર કોઇપણ આ કથા વાંચીને વિસ્મયની એ લાગણીથી અસ્પૃષ્ટ નહીં રહી શકે.

ભટ્ટસાહેબ પછી જેમની સાથે મારે સવિશેષ સંકળાવાનું થાય તે ગુજરાતી વિભાગનાં સાથીઓ – તારાબહેન અને તરલાબહેન ત્રણેનાં સ્વભાવ અને શિક્ષણપદ્ધતિ સ્વભાવિક રીતે જ જુદાં. આપણે રહ્યા 'વિદ્વાન' માણસ–સહેલાને અઘરું કરી નાખવાની આવડતવાળા વિદ્વાનથી વિભાગની શોભા વધે પણ વિભાગ ચાલે નહીં. પણ મારામાં જે ખૂટતું હતું તેની પૂર્તિ આ બન્ને બહેનોએ કરી. તારાબહેનમાં સરલતાની મોટી મૂડી અને તરલાબહેન પર વાગ્દેવીની કૃપા. પ્રતિસ્પર્ધા નહીં પણ પરસ્પરપૂરકતાની વૃત્તિએ ગુજરાતી વિભાગમાં એવો મેળ રચ્યો કે બીજા વિભાગોને કયારેક ઇર્ષા પણ થાય. અન્ય વિભાગના મિત્રોને નવાઇ લાગે કે અમારા વિભાગમાં કામની વહેંચણી કે સમયપત્રકની ગોઠવણી કે એવી કોઇ બાબતમાં કયારેય કશો પ્રશ્ન ઊભો થતો નથી, કોઇને વાંધો પડતો નથી. અમે તો એક જ પ્રશ્નપત્ર પણ બેત્રણ જણ વચ્ચે વારંવાર વહેંચતાં. ભણાવવાની પદ્ધતિ ને વિદ્યાર્થિનીઓ સાથે કામ પાડવાની રીતિમાં અમારી વચ્ચે ભિન્નતા છતાં, આથી કદી કોઇ ગૂંચવણ થતી નહીં. અમે એકબીજાની સ્વતંત્રતાનો સ્વીકાર કર્યો, એકરૂપતાને બહાને અમારી જાત ઉપર કશું લાદવાનો પ્રયત્ન ન કર્યો અને ભિન્નતા સાચવીને પણ મેળથી કામ કર્યું. આવું બહુ ઓછે ઠેકાણે બની શકતું હશે. તેથી મને તો આમાં વિસ્મયનો અનુભવ જ થાય છે.

મને લાગે છે કે ગુજરાતી વિષયની વિદ્યાર્થિનીઓએ પણ અમારા ત્રણ વચ્ચેના મેળની ખાસ નોંધ લીધેલી. ફિશપોન્ડના એક કાર્યક્રમમાં એક વિદ્યાર્થિનીએ તારાબહેનને સ્નેહમૂર્તિની, તરલાબહેનને સૌંદર્યમૂર્તિની અને મને

સત્યમૂર્તિની સંજ્ઞાની નવાજેશ કરેલી તે આ સંદર્ભમાં મને યાદ આવે છે.

સમગ્ર અધ્યાપકગણ સાથેના સંબંધની તો જરા જુદી કથા છે. આપણા રામ તો મૂજી અને મૂંગા (પૂછો રઘુવીર ચૌધરીને), બિનસામાજિક પ્રાણી. જલદીથી કોઇની સાથે બોલે નહી ને ભળે નહી. મારા એક જૂના જિગરી દોસ્ત ઘણીવાર કહે છે કે તમને અમારી કયાં પડી હતી, અમે તમને મોંમાં આંગળી નાખી બોલાવ્યા હતા. પણ આ કોલેજના અમે સૌ અધ્યાપકોએ અધ્યાપકખંડમાં અને બહારનાં અનેક મિલનોમાં તથા સાથે ખેડેલા અનેક પ્રવાસોમાં પરસ્પર મુક્ત મનની જે મસ્તીમજાકો કરી છે એનો કાને-સાંભળ્યો અહેવાલ રઘુવીરને મળે તો એમને મારા વ્યક્તિત્વનું પુર્નમૂલ્યાંકન કરવું પડે. (અમે સાહિત્યકારો આવા પુર્નમૂલ્યાંકનના શોખીનો હોઇએ છીએ). મારી જીભ છુટી કરવાનો જશ અલબત્ત, એ મિત્રોને જ ઘટે છે. પણ મને એમના સવિશેષ સંપર્કમાં આવવાની તક પૂરી પાડી તે તો ભદ્રસાહેબે જ, મને વિશિષ્ટ જવાબદારી સોંપીને.

અમે આનંદકિલ્લોલ કર્યો તેમ ખભેખભા મિલાવીને કોલેજનું ઘણું કામ કર્યું. અધ્યાપકમિત્રો સાથેની કામગીરીમાંયે મારા ખ્યાલો અને કાર્યપદ્ધતિથી કોયડા તો સરજાય, ને કેટલાક નવા વિચારો સવિશેષ શ્રમ માગે, પણ અધ્યાપક મિત્રો, ભદ્રસાહેબની જેમ, જોઇ શક્યા કે મારામાં આદર્શનિષ્ઠા સાથે કેટલીક વ્યાવહારિકતા છે ને મારો અંગત અભિપ્રાય તથા અધ્યાપકોનો સામૂહિક મત એ બેનો વિવેક હું કરતો રહ્યો તેથી અમારો વચ્ચે સંઘર્ષને કશો અવકાશ ન રહ્યો. થોડી બાબતોમાં હું અલિપ્ત રહ્યો તે સિવાય બધે જ અધ્યાપકોએ મારા અભિપ્રાયનો અત્યંત આદર કર્યો- એટલો બધો કે બહારના લોકોને કેટલીક વાર એવું લાગ્યું કે આ કોલેજના અધ્યાપક ખંડમાં તો જયંત કોઠારીનું જ ધાર્યું થાય છે. નવી કોલેજ, ઉત્સાહથી તરવરતા યુવાન અધ્યાપકો અને ભદ્રસાહેબનું ચુંબકીય વ્યક્તિત્વ એટલે કામ કરવામાં તો કોઇ પાછું ન પડે. ગમે તે પ્રકારના કામ માટે તૈયાર. એક વખતે ફ્રી લેન્ડિંગ લાયબ્રેરીનાં ઘણાં પુસ્તકો વિદ્યાર્થિનીઓને આપવાનાં હતાં. ગ્રંથપાલ બહેન એકલાં પહોંચી ન શકે. રવિવારે થોડા અધ્યાપકમિત્રો આવીને બંડલો બાંધી આપે તો પુસ્તકો ઝડપથી આપી શકાય એવો વિચાર આવ્યો. અધ્યાપકખંડમાં મેં ટહેલ નાખી કે આ માટે પાંચેક મિત્રોની સેવાની જરૂર છે, તો હાથ ઊંચા કર્યા દશ મિત્રોએ વિદ્યાર્થિનીઓના લાંબા પ્રવાસોનું આયોજન હું કરું, પણ સઘળી દોડાદોડી અન્ય મિત્રોને ભળાવીને હું આરામથી બેસી શકું.

આ કોલેજના અધ્યાપકોના મારે માટેના સદભાવનો તો જોટો જડે એમ નથી. એમણે કદી હું એમનો મટી ગયો છું એવો ભાસ થવા દીધો નથી. એમણે, હું ગુજરાતી સાહિત્ય પરિષદમાં ઉછીની સેવા પર ગયો (જયાંથી પાછું આવવાનું હોય) ત્યારેયે વિદાયમાન આપ્યું ને ગુજરાતી સાહિત્ય પરિષદમાંથી એલિસબ્રિજની જી. એલ. આર્ટસ કોલેજમાં જઇને ત્યાંથી નિવૃત્ત થયો ત્યારે દશ વર્ષ પછી ફરીને વિદાયમાન આપ્યું ! આ 'વિચિત્ર' વિરલ ઘટનાને મેં સ્વીકારી એમાં એમના સ્નેહનો વિજય હતો અને મારી એ સ્નેહ સમક્ષ વિવશતા હતી.

હજુયે આ મિત્રો મને એમનાથી જુદો પડવા દેતા નથી અને મને પણ એમ જ લાગે છે કે એ સૌ મારા ભાઇ બહેનો છે, મારાં કુટુંબીજનો છે. આ ઘરોબો મને મારા જીવનની મોટી કમાણી ને મોંઘી મૂડી લાગે છે.

મારા જાતજાતના ધખારામાં કોલેજના ગ્રંથપાલ, કર્મચારીઓ સૌને વિશેષ બોજો ઉઠાવવાનો આવે જ. પણ કોઇએ એવો બોજો ઉઠાવવાનો અણગમોયે બતાવ્યો હોય એવું મેં અનુભવ્યું નથી. એક વખત કોલેજની પરીક્ષા વખતે એવું વિચાર્યું કે વિદ્યાર્થિની પરીક્ષાખંડમાં બેસે ત્યારે એની જગ્યાએ એનું જે-તે વિષયનું પ્રશ્નપત્ર અને ઉત્તર પત્ર તૈયાર જ પડયા હોય. આ વ્યવસ્થા અઘરી હતી. ઘણી ચોકસાઇભર્યું પૂર્વ-આયોજન એ માગે, ક્યાંય પણ ખામી રહે તો એથી ઊલટી અવ્યવસ્થા ઊભી થાય, છેલ્લી ઘડીએ દોડાદોડી કરવાની આવે. કર્મચારી ભાઇઓના હોંશીલા સહકારથી અમે આ પ્રયોગ સફળ રીતે પાર પાડયો. એ પ્રયોગ અમે લાંબો ન ચલાવી શક્યા એ જુદી વાત છે. પટાવાળા સમેત સૌ કર્મચારી ભાઇબહેનોએ મને સ્નેહાદરથી ભીજવ્યો છે. આજેયે હું એ સૌની સાથે એવી આત્મીયતા અનુભવું છું કે એમાંના કોઇને મારું અંગત કામ ચીધતાં પણ મને સંકોચ થતો નથી. ગ્રંથપાલ મૃદુલાબહેન તો કોલેજનું ગ્રંથાલય મારું નથી એવો કદી ભાસ થવા દેતાં નથી. મારા જેવા બિનસામાજિક માણસની આ કંઇ જેવી તેવી સિદ્ધિ છે ?

હવે છેલ્લે વિદ્યાર્થિની બહેનો સાથેના મારા સંબંધની વાત. આપણા રામ ભલે વિદ્વાન બની બેઠા, પણ એને વધારે ગમે પોતાને શિક્ષક તરીકે ઓળખાવવાનું. છતાં વિદ્યાર્થીપ્રિય શિક્ષક બનવા માટે આવશ્યક એવા ઘણા ગુણો એનામાં નહી. જોક્સ કહેતાં ન આવડે, આડીતેડી વાતોથી મનરંજન કરતાં ન આવડે અને વિદ્યાર્થીઓની સૌથી મોટી અપેક્ષા, ઘણી વાર તો એક જ અપેક્ષા અધ્યાપક નોટ લખાવે તે. – એમાં તો એ માને જ નહી. છૂટથી માર્ક આપી દેવાનું બને નહી, કેટલીક શિસ્તનો આગ્રહ રહે અને વ્યાખ્યાન સામાન્ય રીતે વિચારભારથી લદાયેલું રહે. આવી વિપરીત પરિસ્થિતિ પછી પણ જો હું એમ કહું કે અનેક વિદ્યાર્થિનીઓ આજે મને ભાવથી યાદ કરતી હશે તો કોઇ જલ્દીથી એ માને નહી. કેટલીક વિદ્યાર્થિનીઓ સાથે તો આજે પણ મારો સંબંધ કૌટુમ્બિક જેવો રહ્યો છે. તરલાબહેને એકવાર કહેલું, ' કોઠારીસાહેબ, પ્રથમ વર્ષમાં વિદ્યાર્થિનીઓને તમારો ડર લાગે છે, પરંતુ ત્રીજા વર્ષ સુધીમાં તો વિદ્યાર્થિનીઓને તમારી સાથે આત્મીયતા થઇ જાય છે.' વાત સાચી હતી, ટી. વાય. બી. એ. સુધીમાં વિદ્યાર્થિનીઓ અને મારી વચ્ચે ઘણું અનુકૂલન સધાઇ જતું. પ્રથમ વર્ષમાં વિદ્યાર્થિનીઓને થોડું લખાવી હું રાજી રાખતો, પણ ત્રીજા વર્ષમાં આવતાં સુધીમાં તો એ નોટ માગવાનું જ ભૂલી જતી. વર્ગમાં હું ભારેખમ મટું નહી, પણ વર્ગની બહાર હું વત્સલતાનો સંબંધ બાંધી શકું. વિદ્યાર્થિનીઓ મારે ઘેર આવે – વિદ્યાર્થિની કોલેજ આવવાને બદલે મારે ઘેર મારાં પત્નીને કામમાં મદદ કરવા રોકાઇ જાય એવું પણ કોઇક વખત બન્યું છે– અને હું એમને ઘેર જઉં. હું માનું છું કે બહુ ઓછા અધ્યાપકો મારા જેટલા પ્રમાણમાં પોતાની વિદ્યાર્થિનીઓને ઘેર ગયા હશે. પ્રવાસની તો વાત જ જુદી. ત્યાં તો વિદ્યાર્થિનીઓ છૂટથી મારી મશ્કરી કરી શકે ને હું પણ એમની સાથે મજાક કરું. વળી, ગુજરાતી વિભાગના તો – માત્ર ગુજરાતી વિભાગના જ એકથી વધુ દિવસના, રાત્રિરોકાણવાળા પ્રવાસો થાય. આપણે તો સદર પરવાનગીવાળા માણસને ! કેટલાક અધ્યાપકો મોટા થયા પછી પણ છોકરા જેવા જ લાગતા હોય છે, ત્યારે હું હંમેશાં મારી ઉંમર કરતાં વધારે પ્રૌઢ લાગ્યો છું. છોકરીઓને માટે પ્રવાસનો હું ઉત્તમ સાથી તો નહી જ, એટલે છોકરીઓને જોક્સ કહે, એની સાથે જાતજાતની રમતો રમે એવા મિત્રોને સાથે નોતરું. પછી તો પ્રવાસની મજા જ ઔર. આ પ્રવાસોનો સ્વાદ ઘરની બહાર ઓછું નીકળી શકનાર બહેનોને તો યાદ રહી જાય, પણ અમારી સાથે આવેલા મિત્રો પણ ગુજરાતી વિભાગના પ્રવાસના આનંદને સહેલાઇથી ભૂલી ન શકે.

પ્રવાસ નિમિત્તેનો સહવાસ વ્યક્તિત્વની ઘણી બધી ગ્રંથિઓને છોડી નાખે છે. અથવા કહો કે, એકબીજાને સાચી રીતે સમજવાની સગવડ પૂરી પાડે છે. વિદ્યાર્થિનીઓ મને – મારા વ્યક્તિત્વને અને મારા વિચારોને – સ્વીકારતી થઇ જતી હતી એમાં આ રીતે કેળવાતો અનૌપચારિક સંબંધ કારણભૂત હતો એમ હું માનું છું. આ કારણે જ વિદ્યાર્થીઓ સાથેના પ્રવાસોનો હું હંમેશા પક્ષપાતી રહ્યો છું. પણ ભદ્રસાહેબ છોકરીઓના મોટા સમુદાયને લઇને પ્રવાસમાં જવાના જોખમથી અત્યંત સભાન અને સંચિત. એક દિવસના પ્રવાસો તો એ થવા દે, પણ સમગ્ર કોલેજની વિદ્યાર્થિનીઓ ભાગ લઇ શકે એવા લાંબા પ્રવાસની કોલેજમાં માત્ર યોજના થાય, એ પ્રવાસ થાય નહી. ભદ્રસાહેબ વાદળને વરસાવ્યા વિના ચતુરાઇપૂર્વક વિખેરી નાખે. પણ એક વખતે ભદ્રસાહેબે મારા પર ભરોસો મૂકયો અને રાજસ્થાનના પાંચ દિવસના લાંબા પ્રવાસની અનુમતિ આપી. પછી સૌરાષ્ટ્રનો ચાર દિવસનો એક પ્રવાસ પણ યોજાયો. આ પ્રવાસોમાં વિદ્યાર્થિનીઓના ઉમંગઉછાળ, સરખી સહેલીઓ સાથેની એમની મસ્તીમજાક અને ખુલ્લા મનની ગોષ્ઠિઓના સાક્ષી બનવાનુંયે મને તો પ્રસન્નતાપ્રેરક લાગેલું.

મારી વિવિધ પ્રકારની કામગીરીઓને કારણે કોલેજની ઘણીબધી વિદ્યાર્થિનીઓ સાથે મારે સંપર્કમાં આવવાનું થતું. એમના પર પહેલી છાપ તો મારી કડકાઇની જ પડતી. એ છાપ હું કદી સાવ ભૂંસી તો શકયો નહી, પણ મનમાં પડેલા શુભ આશયોએ મારી કામગીરીને નિર્વિઘ્ન બનાવી કેટલીક વાર મારા શુભ આશયોની પ્રતીતિ પણ હું કરાવી શકયો છું એનું સુખદ સ્મરણ છે. એ હકીકતે મારી જાતમાંની અને વિદ્યાર્થીઓમાંની મારી શ્રદ્ધાને દૃઢાવી છે.

સ્મરણોની ગઠડીને વધારે ખોલવામાં જોખમ છે– એકની પાછળ બીજું, એમ ઘણું બધું ઊછળતું આવે. એ સ્મરણકથા તો વળી કયારેક. આજે તો માત્ર મારી વિસ્મયકથા. સાચે જ, આ કોલેજ સાથેના મારા સંબંધનો હું વિચાર કરું છું ત્યારે વિસ્મય અનુભવ્યા વિના રહી શકાતું નથી, એકાંતની ક્ષણોમાં કયારેક આંખ ભીની પણ થઇ જાય છે અને જીવનનો એ એક ધન્ય અવસર હતો એમ લાગે છે. □ □ □

# અનર્થકારી સત્તા

◻ ' સત્સંગી '

જંગલમાં ભટકતો માણસ 'બળિયાના બે ભાગ' એવા ન્યાયથી ત્રાસી ગયો હતો. પોતાની સલામતી અને ન્યાય માટે તેણે સામાજિક બંધન સ્વીકાર્યું. સુરક્ષા અને ન્યાયની જવાબદારી માટે તેણે સબળ વ્યક્તિને સત્તા સોંપી. ટોળીનો સરદાર, ગામનો મુખી અને આખરે રાજ્યનો રાજા એવા સત્તાના તબક્કા સમાજની પરિસ્થિતિ પ્રમાણે બન્યા. રાજા ઈશ્વરનો અંશ છે એમ પણ પ્રતિપાદિત થયું. આ ન્યાયે રાજા કદી ખોટું કરી શકે જ નહિ અને તેનો ન્યાય ઈશ્વરી ન્યાય ગણાવા લાગ્યો. રાજાના આ દૈવી પ્રભાવથી પ્રજામાં રાજા પ્રત્યેની વફાદારીની ભાવના કેળવાતી ગઈ. રાજા ગૌબ્રાહ્મણ પ્રતિપાળ ગણાયો. પ્રજા રાજા પ્રત્યે 'અન્નદાતા', 'માબાપ' તરીકે પણ જોવા લાગી. રાજાપ્રજાના આવા સંબંધનું માધુર્ય પણ જળવાતું રહ્યું. શ્રેષ્ઠ કોટિના કવિઓએ રાજાની દિવ્યતા અને પ્રજા પ્રત્યેના પ્રેમને કાવ્યો અને નાટકોમાં સુંદર રીતે આલેખ્યાં અને ભારતના અતિ પ્રાચીન સમયના રાજાઓની યશગાથાઓ એવી ગાઈ કે માણસ ' રાજા ' શબ્દ સાંભળીને પણ પોતાની સુરક્ષિતતા અનુભવતો. પરંતુ કાળક્રમે સમગ્ર વિશ્વમાં રાજાઓ ઈશ્વરી અંશની માન્યતાનો દુરુપયોગ કરવા લાગ્યા. પ્રજાનો રક્ષક રહેવાને બદલે તે ભક્ષક બન્યો, પોષક બનવાને બદલે તે શોષક બન્યો અને પ્રજા રાજાની ઉમળકાથી સેવા કરે તે વેઠવરા બન્યા. રાજાઓનાં સ્વચ્છંદી અને અમાનુષી જીવનથી ત્રાસીને પ્રજાઓ બળવા કરવા લાગી. આખરી પરિણામરૂપે રાજાશાહીનું સ્થાન લોકશાહી અને સરમુખત્યારશાહીએ લીધું. આજે મોટા ભાગના દેશોમાં લોકશાહી છે અને ઈંગ્લેંડ જેવા કોઈ દેશમાં રાજા હોય તો તે સત્તારહિત હોય છે.

લોકશાહીમાં પ્રજા તેના ચૂંટાયેલા પ્રતિનિધિઓને રાજ્યના વહીવટ માટે સત્તા આપે છે, બહુમતિ ધરાવતો પક્ષ શાસક પક્ષ બને છે. આમ રાજાની સત્તા બહુમતિ ધરાવતા પક્ષના હાથમાં આવી. રાજાઓ સત્તાના મદમાં ભાન ભૂલ્યા હતા, તેથી તેઓ રાજા મટી ગયા. પ્રધાનોને સત્તાનો કેફ ચડે છે કે નહિ એ પ્રશ્ન થાય. આપણા દેશના પ્રધાનોના સત્તાના કેફ પર પાંચ વરસે ફરી ચૂંટણી થાય તેવી લગામ છે. પરંતુ પ્રધાનોને તેમની સત્તાનો પંચવર્ષીય કેફ રહે એમ કહી શકાય. પ્રધાનો ફરી ચૂંટાઈને પ્રધાનો બને તે માટે તેમનું ધ્યાન કેન્દ્રિત કરે છે. અને તદનુરૂપ સત્તાનો ઉપયોગ કરતા હોય છે. આ બતાવે છે કે માણસને સત્તા પ્રત્યેનું આકર્ષણ જબ્બર રહે છે. જેમ માણસ પૈસા પાછળ પાગલ બને છે તેમ કેટલાક માણસોને સત્તાનું ઘેલું લાગે છે. આવા માણસો સત્તાપ્રાપ્તિથી પોતાની જાતને કૃતકૃત્ય ગણે છે.

સામાન્ય રીતે શિક્ષક તદ્દન સત્તારહિત છે, છતાં તે વર્ગમાં ' I am the monarch of all I Survey ' ની લાગણી અનુભવે છે. સામાન્ય પટાવાળો પોતાના ઘરમાં મુખ્ય વ્યક્તિ તરીકે સત્તાનો અનુભવ કરે છે. માણસનાં જીવનમાં સત્તાનો ભાવ સાહજિક રીતે વણાયેલો છે. માણસનાં માનસિક જીવનમાં તેનો અહમ અમૂર્ત બાજુ છે, તો સત્તા તેનું મૂર્ત પાસું છે. સત્તા દ્વારા માણસનો અહમ પોષાય છે અને પોતે કંઈક છે એવાં ભાન સાથે તે આનંદ અનુભવે છે. સત્તાનાં કોઈ પણ ક્ષેત્ર તરફ નજર જતાં માણસનો અહમ સત્તાનાં સ્થાન માટે તીવ્ર ઉત્સુકતા અનુભવે છે, માણસ સત્તા પ્રાપ્તિ માટે સક્રિય પણ બને છે.

માણસમાં સત્તાનો ભાવ સ્વભાવગત છે અને તેને સત્તા પ્રત્યે અનેરું આકર્ષણ પણ છે; તો પણ ખરેખર સત્તા આવકાર્ય છે ? સત્તાનો સદુપયોગ કરતાં આવડે તો તે અવશ્ય આવકાર્ય છે અને સત્તાનો દુરુપયોગ થાય તો માણસ ભ્રષ્ટ બને છે. મુખ્ય વ્યક્તિ તરીકેની સત્તા ઘરનો સ્થૂળ વહીવટ સારી રીતે ચાલે તેમજ પરસ્પર પ્રેમ વિકસતો રહે અને સૌનો આધ્યાત્મિક વિકાસ થાય તે માટે છે. પરંતુ મુખ્ય વ્યક્તિ બૈરીછોકરાંને ધમકાવવાનું જ યોગ્ય ગણે તો તે પોતાનું જીવન તો બગાડે પણ અન્યનાં પણ બગાડે. ઈતિહાસ અને વર્તમાન વાસ્તવિકતા તો સત્તાના સદુપયોગ કરતાં તેનો દુરુપયોગ વધારે થાય છે એમ બતાવે છે. લોર્ડ એક્ટને સાચું જ કહ્યું છે, " All power corrufts and absolite power corruftsd absolutety. અર્થાત્ સત્તામાત્ર ભ્રષ્ટ કરે છે અને સંપૂર્ણ સત્તા સંપૂર્ણ રીતે ભ્રષ્ટ કરે છે. "

બે મિત્રો ૮-૧૦ વર્ષ સાથે ભણ્યા પછી જુદા પડયા હોય. થોડાં વર્ષ બાદ લોકશાહીમાં એવું બને કે એક મિત્ર પ્રધાન બને અને તેનો મિત્ર કોઈ નાનાં કેન્દ્રમાં હાઈસ્કૂલમાં શિક્ષક જ હોય. આ શિક્ષક પ્રધાન બનેલા મિત્રને ઘડીભર મળવા પામે અને તેઓ સાથે ભણતા અને ગમ્મત કરતા એ રીતે જૂની ટેવ પ્રમાણે નિખાલસતાથી હાથ પકડીને કે ખભા પર હાથ મૂકીને મુક્ત હાસ્ય સાથે ખબરઅંતર પૂછવા લાગે તો ? શિક્ષકમિત્રને છોભીલા પણ બનવું પડે. ભલે રોજ સાથે બેસીને ચણામમરા, પાણીપૂરી કે ભેળ ખાધાં હોય, સાથે ફિલ્મો જોઈ હોય, પોતપોતાની ખાનગી વાતો પરસ્પર કરી હોય, સાથે નાનામોટા પ્રવાસો કર્યા હોય અને ઘડીભર પૈસાનો વ્યવહાર હિસાબ વિના જ રાખ્યો હોય; છતાં પ્રધાનમિત્રને ખુરશીના નશાથી પોતાના સહાધ્યાયી પ્રત્યે ભૂતકાળની મૈત્રી હાસ્યાસ્પદ લાગે એ તદ્દન સંભવિત છે. શ્રીકૃષ્ણે જે રીતે સુદામાનું સ્વાગત કર્યું તેવું સ્વાગત આજનો પ્રધાનમિત્ર તેના શિક્ષકમિત્રનું કરે એ મૃગજળને પાણી માનવા જેવું છે. હા, તે કદાચ તેમ કરે ખરો જો તેનો શિક્ષકમિત્ર તેને ચૂંટણીની દૃષ્ટિએ સારી રીતે ઉપયોગી થાય એમ લાગે તો !

સત્તાધીશો પોતાનાં પત્ની અને બાળકો પ્રત્યે પણ સત્તાના નશામાં વર્તતા હોય તો તેમાં નવાઈ પામવા જેવું નથી. પોતાની પત્ની પ્રત્યે આત્મીયતા દાખવતાં સત્તાનો નશો ડોકિયું કરવાનું ચૂકે નહિ. બાળકો પ્રત્યેનાં પિતૃવાત્સલ્યમાં ' હું આ ' એવા તેના મનોભાવને લીધે બાળકોમાં છતે બાપે નબાપાં જેવો ઓશિયાળો ભાવ આવી જાય. પોતાનાં માબાપ હોય તો તેમના પ્રત્યે ઘડીભર પોતાનું બાળપણ યાદ કરીને તે નમ્ર બનવા જાય ત્યાં સત્તાની અકકડાઈ તેનાં માબાપને અકળાવી નાખે. સગાંસંબંધીઓ પ્રત્યે તેનો રૂઆબ અનેરો હોય છે જેને લીધે સગાંસંબંધીઓએ તેના પ્રત્યેના વ્યવહારમાં ખૂબ સાવધ રહેવું પડે. જે વિસ્તારમાં સત્તાધીશનું રહેઠાણ હોય ત્યાં પડોશીઓ અને અન્ય લોકોએ તેનાથી ડરવું પડતું હોય છે. ' તમારે ક્યારેક તો મારી પાસે આવવું જ પડશે ' એવી વિચાર સરણીથી તેનો મિજાજ સદા આસમાનમાં રહેતો હોય છે. જે અમલદારો નોકરી કરતા હોય ત્યારે તેમનો જે મિજાજ હોય અને નિવૃત્ત થયા પછી તેમનો જે મિજાજ જોવા મળે તેના તફાવત પરથી સત્તાના નશાનો મર્મ આપણા મનમાં સ્પષ્ટ બને છે.

સત્તા વિશે કંઈક કહેતો એક સોરઠી દુહો છે :-

ધન જોબન ને ઠાકરી તે ઉપર અવિવેક,<br>
એ જો ચારે ભેગાં હુવાં તો અનરથ કરે અનેક.

પૈસા, યુવાની અને ઠાકરી એટલે સત્તા અને તેની સાથે અવિવેક – આ ચારે જો કોઈ વ્યક્તિમાં હોય તો તે વ્યક્તિ અનેક અનર્થ કરે. પૈસા અને યુવાનીનો સદુપયોગ વિરલ હોય છે, તેવી જ રીતે સત્તાનો સદુપયોગ વિરલજ હોય છે. જે વસ્તુ અહમને બહેકાવે તે અવળે માર્ગે લઈ જાય એ સ્વાભાવિક છે. ' હું આ ', ' હું તે ' આ કેફ માણસની આંખ આડો પડદો બની જાય છે. સામાન્ય વ્યવહારમાં પણ ' હું પણું ' જ કલહ ઊભો કરે છે તો પછી જો સત્તારૂપી મદિરા પિવાય તો પૂછવાનું જ શું રહે ? સત્તાધીશ બન્યા પહેલાં માણસ સૌમ્ય, શાંત, નમ્ર, વિવેકી અને સદ્‌ગૃહસ્થ લાગે છે; એજ માણસ સત્તા મળ્યા પછી સમૂળગો બદલાઈ જાય છે. તેની ચાલવાની ઢબથી માંડીને ચહેરાના હાવભાવ સુધી જોનારાને આઘાત લાગે તેવા ફેરફારો તેનામાં આવી જાય છે. પછી તેને પોતાના મૂળ સ્વભાવમાં આવવું અશક્ય તો નહિ પણ અત્યંત દુષ્કર બની જાય છે. સત્તાના નશાનું રસાયણ કંઈ ન સમજી શકાય તેવું રહસ્યમય જ છે. તેથી જ મહાત્મા ગાંધીજી સત્તાના ત્યાગને યોગ્ય ગણતા રહ્યા એમ ન હોય ?

સત્તા અનર્થકારી છે એમ સૌ કોઈ સ્પષ્ટ રીતે કહેતા હોય છે; છતાં દેશમાં ધ્યાન ખેંચે તેવી પરિસ્થિતિ ઊભી થાય છે ત્યારે ઘણા લોકો બોલી ઊઠે છે, ' હું ખુરશી પર હોઉં તો બધાને ખબર પાડી દઉં કે વહીવટ કેમ થાય !' ઘડીભર આમ બોલનારને ખરેખર સત્તા મળે તો તે શું કરી શકે છે તેનો ખ્યાલ તો સમય જતાં મળે. આઝાદીની ચળવળ દરમ્યાન પંડિત

નહેરુ કાળાબજારિયાઓ પર ક્રોધાગ્નિ વરસાવતા. પરંતુ તેઓ સત્તર વરસ વડા પ્રધાન રહ્યા તે દરમ્યાન કાળા બજારિયાઓ આનંદથી રહેતા હતા. પંડિત નેહરુ જેવા પ્રતિભાસંપન્ન મહાપુરુષ ખાસ કંઇ કરી ન શક્યા અને ગરીબ વધારે ગરીબ બનતો ગયો જ્યારે શ્રીમંતો વધારે શ્રીમંત બનતા ગયા; તો બીજા લોકોની તો વાત જ શી થાય ? છેલ્લા અઢી દાયકામાં તેલના ભાવ સતત વધતા જ રહ્યા છે અને ચૂંટણી વખતે અથવા શાસનકાળ દરમ્યાન શાસક પક્ષના વિરોધીઓ, વિરોધપક્ષના સભ્યો અને સમાજના અન્ય હિતચિંતકો શાસક પક્ષ અને લાગતાવળગતા પ્રધાનની આવેશપૂર્વક આકરી ભાષામાં ટીકા કરતા આવ્યા છે. ' અમારા હાથમાં વહીવટ હોય તો તદ્દન વાજબી ભાવે તેલ મળે એમ કરી બતાવીએ,' આ પ્રકારના તેમના દાવા મેં પોતે સાંભળેલા છે અને વર્તમાનપત્રોમાં વાંચેલા છે. ચૂંટણી વખતે તો બધા પક્ષોના લોકો તેલના ભાવો ઘટશે જ એવું વચન આપતા. ગઇ ચૂંટણીમાં તો સોંઘવારી કરી દેવાનો દાવો કરનારા જ ખુરશી પર બેઠા. પણ વિધિની વિચિત્રતા તો એ બની કે તેમને જ વિક્રમ તોડે તેવા તેલના ભાવનો ' યશ ' લેવો પડ્યો !

સત્તા મળી છતાં આમ કેમ થયું ? અહીં કોઇ પક્ષની ટીકાની વાત નથી. અહીં તો સત્તાની ખુરશીનાં 'જાદુ' તરફ આંગળી ચીંધવા પૂરતી જ વાત છે. મને હંમેશાં આશ્ચર્ય જ રહ્યું છે કે મોટા દાવા કરનારા, મોટાં વચનો આપનારા ગાદી-ખુરશી પર બેઠા પછી પોતે જ જાણે અદૃશ્ય થઇ જાય છે. મત મેળવવા માટે તેઓ જે શબ્દો બોલ્યા હોય તેનો કોઇ જવાબ તેમની પાસે હોતો જ નથી. અહીં મારે તેમના દાવા, વચનો વગેરે અંગે કશું ટીકાટીપ્પણ કરવું નથી. સત્તાના નશાથી માણસની શી હાલત થાય છે એ જ બતાવવાનો મારો આશય છે.

સત્તાની ખુરશી પર બેઠા પછી કેટલાકને સત્તાનો નશો એવો ચડે છે કે વિવિધ પ્રશ્નો અંગે તેઓ સ્પષ્ટ વિચારણા કરી શકતા નથી. સત્તાના આ કેફમાં તેમને પોતાની ફરજો અંગે વિચારવાને બદલે ઉપરીપણું માણવું પ્રિય લાગે છે, પ્રજાના દોષો જોવામાં રસ પડે છે અને પોતાની જાત પ્રત્યેનો પ્રેમ તેમનું ઘણું ધ્યાન રોકી લે છે. સત્તાને લીધે આવી બનતી માનસિક સ્થિતિઓમાં ખુશામતખોરોની ખુશામત સત્તાના નશામાં ઓર જ ઉમેરો કરે છે. ખુશામતખોરો સત્તાવાળાઓને તેઓ દેવ છે એવી રીતે પણ નવાજતા હોય તો એમાં નવાઇ પામવા જેવું નથી. આવી પ્રશંસા સાંભળીને સત્તાવાળાઓને તેમની એકાંત પળોમાં એવી લાગણી પણ થતી હોય, " હું તેવો હોઉં તો હોઉં". પરિણામે તેઓ દેવોની દુનિયમાં વસવા લાગે, માણસોની દુનિયામાં નહિ. ગુરુદેવ ટાગોરનાં પૌત્રી નંદિતાના પતિ શ્રી કૃષ્ણ કૃપલાણીએ ગુરુદેવનું જીવનચરિત્ર દળદાર પુસ્તકમાં અંગ્રેજી ભાષામાં આલેખ્યું છે. તેઓ આ પુસ્તકમાં લખે છે કે ગાંધીજી અને ગુરુદેવ બંને તેમના ખુશામતખોરોથી સંપૂર્ણપણે બચી શક્યા નથી. આવી વિભૂતિઓને પણ ખુશામતખોરો થોડી અસર કરી જાય તો અન્ય લોકોને તો ખુશામત સવિશેષ અસર કરે એ દેખીતું જ છે. સત્તા મળતા કોઇ કોઇ નર્વસ બની જાય છે અને પોતાની પહેલાંની વિચારસરણીનું શરુમાં તો જાણે બાષ્પીભવન થઇ જાય છે. જે પરિસ્થિતિનો આવી વ્યક્તિઓને સામનો કરવો પડે છે તેના પર જાણે તેઓ કંઇજ પકડ ધરાવી શકે તેમ નથી તેવી હતાશાની લાગણી તેમને ઘેરી વળે છે, પછી ભલે સત્તા મેળવ્યા બદલ તેમને ઘણો આનંદ રહેતો હોય. સલાહકારો અને પ્રેરણા આપતા મિત્રોના સહારે તેમની ગાડી ધીમે ધીમે આગળ ચાલતી હશે. આમ સત્તા મળતાં માણસ મૂળ માણસ ન રહેતાં ભિન્ન માનવી બની જાય છે જેમાં યોગ્ય અર્થમાં પ્રગતિ કે વિકાસ ભાગ્યે જ હોય છે, પણ કેટલીક વાર તો ધ્યાન ખેંચે તેવી અવનતિ થતી હોય છે.

સત્તાથી તો લોકોનાં રક્ષણથી માંડીને આધ્યાત્મિક અર્થમાં લોકકલ્યાણ સુધીનું કાર્ય થઇ શકે છે. સારાં કાર્યો કરવા માટે સત્તા જરૂરી છે. સત્તાનો ખરેખર સદુપયોગ થાય તો આ વિધાનો સાચાં છે. સમગ્ર ઇતિહાસ બતાવે છે કે સત્તાથી સારાં કાર્યો થયાં છે અને લોકોની સુખાકારીમાં ફાળો રહ્યો છે એવી કોઇ દલીલ કરે. આમાં થોડું સત્ય જરૂર છે. પરંતુ સત્તાધીશોને પોતાનું સ્થાન ન્યાયી બનાવવા માટે કંઇક તો સારું કરવું જ જોઇએ, તેમજ સત્તા ટકાવી રાખવા માટે પણ સારાં કાર્યો કરવાં જ પડે. લોકશાહીમાં પાંચ વર્ષે પ્રજા પાસે ફરી મત માગવા જવું પડે તેમ હોય છે, તેથી લોકો રાજી રહે તેવો વહીવટ સત્તાધીશોએ કરવો પડે એ દેખીતું છે. મોટે ભાગે સત્તાવાળાઓ વહીવટની રોજિંદી બાબતો કરતા રહે છે. તેઓ મોંઘવારી, બેકારી, શોષણ, ભ્રષ્ટાચાર, વિલંબ વિના સસ્તો ન્યાય મળવો, ચારિત્ર્યનું ઘડતર, આધ્યાત્મિક જીવન માટેની યોગ્ય તકો વગેરે અંગે ખાસ કંઇ જ કરી શકતા નથી. સત્તાધીશો સમાજનું વાતાવરણ સુધારવાને બદલે કેટલીક વાર તો બગાડી નાખે છે, જેમાં સામાન્ય નિર્દોષ માણસોને ખોટી રીતે સહન કરવું પડતું હોય છે. સત્તા દ્વારા, થોડા અપવાદો સિવાય, ઇષ્ટ કરતાં અનિષ્ટ વધારે થતું હોય છે. સમજદાર માણસ પણ થોડા સમયમાં સત્તાના નશાને લીધે લોકકલ્યાણની વાત વીસરી જાય છે.

સત્તા માણસને ભ્રષ્ટ બનાવતી જ હોય અને સૌ કોઇ સત્તાથી દૂર જ રહે તો નાનામોટા પ્રકારના વહીવટ શી રીતે ચાલે ? તો પછી સત્તા અનિવાર્ય અનિષ્ટ ( a necessary evil) જ રહે કે પછી સત્તા ઇષ્ટ બને તે શક્ય છે ? સત્તા ઇષ્ટ બને તે શક્ય છે, પરંતુ પાંચ વર્ષે ચૂંટણી થાય એવી સત્તા પરની લગામ નથી તો કાર્યક્ષમ કે નથી તો પર્યાપ્ત. પ્રાચીન સમયમાં રાજામાં દૈવી અંશ છે એમ મનાતું જ હતું, છતાં રાજાને પૂછનાર ઋષિમુનિઓ હતા. તેવી જ રીતે પ્રધાનમંડળને પૂછનાર, સલાહ આપનારા જુદા જુદા ધર્મોના નિઃસ્પૃહી પુરુષોનું મંડળ હોવું જોઇએ. આ મંડળમાં જુદા જુદા ધર્મના ત્યાગી સાધુઓ જ હોવા જોઇએ તે અનિવાર્ય નથી. સંસારી જીવન જીવતા નિઃસ્પૃહી ધર્મપરાયણ પુરુષોને પણ તેમાં સ્થાન હોય જ.

પ્રધાનોનો જવાબ માગનાર તેમનો પક્ષ હોય છે એવી દલીલ થાય. એનો પ્રત્યુત્તર એ છે કે પ્રધાનો જે પક્ષનું પ્રતિનિધિત્વ કરતા હોય તે પક્ષ ઋષિમુનિઓનો બનેલો હોતો નથી; પરંતુ પક્ષના કેટલાક સભ્યો પ્રધાન ક્યારે થવાય એની રાહ જોતા હોય છે અને કાવાદાવા પણ કરતા હોય છે. વિશેષમાં કોઇ રાજકીય પક્ષે લોકોની સુખાકારી માટે વ્યવસ્થિત કાર્યપદ્ધતિ અને સહૃદયતા ધરાવનાર ઘટક તરીકે લોકહૃદયમાં સ્થાન લીધું નથી. તેથી નિઃસ્પૃહી ધર્મપરાયણ સંસારી જીવન ગાળતા પુરુષો અને ત્યાગી સાધુઓનું મંડળ સત્તાના દુરુપયોગથી બચાવી શકે તેમ છે. અહીં નિઃસ્પૃહી પુરુષોની વાત છે એટલે કે આ ધર્મપરાયણ પુરુષોને પોતાના ધર્મ કે સંપ્રદાયનો પણ પ્રચાર થાય એવી પણ સ્પૃહા ન હોય એવો 'નિઃસ્પૃહી' શબ્દનો અર્થ છે. તેઓ કેવળ પ્રજાનું હિત થાય એ દૃષ્ટિએ પ્રધાનમંડળને માર્ગદર્શન આપે અને પ્રધાનમંડળ ભૂલ કરે તો આ ધર્મપરાયણ પુરુષોનાં મંડળને તે જવાબદાર ગણાય. પ્રધાનમંડળ સ્વતંત્ર છે, પણ સ્વચ્છંદી બની શકે જ નહિ એ સત્ય સ્વીકારવું જ પડે. વાસ્તવમાં તો પ્રધાનો સત્તાના નશાથી પોતાનું જીવન વેડફી ન નાખે એવો એક શુભ આશય પણ આવાં સલાહકાર મંડળનો છે એ બધા રાજકીય પક્ષોએ સમજવા જેવી વાત છે. અહીં ધર્મસત્તા અને રાજયસત્તા વચ્ચે ઘર્ષણ થાય એવા વિવાદની કોઇ વાત જ નથી. પ્રજાના પ્રશ્નો સમજી શકે અને નિઃસ્વાર્થભાવે અને અનાસક્તિથી પ્રજાની સુખાકારી માટે વિશ્વની પરમ સત્તાનાં નિમિત્ત તરીકે કર્મયોગીનું જીવન જીવવા માગતાં હોય તેવાં સ્ત્રીપુરુષો અને સાધુસાધ્વીઓનું આ મંડળ હોય. આના પરિણામે, પ્રધાનમંડળ અને જુદા જુદા રાજકીય પક્ષો પર યોગ્ય પ્રકારનું નિયંત્રણ રહે જે સમગ્ર પ્રજાનાં હિતમાં છે. બંધારણમાં આવી જોગવાઇ ન હોય, પરંતુ પ્રજા આવી જોગવાઇની માંગ કરી શકે છે અને શાંતિપૂર્વક તેને અસ્તિત્વમાં લાવી શકે છે. સત્તાનાં ભયસ્થાનો, અનિષ્ટો અને ત્રાસમાંથી બચવા ક્યો પ્રજાજન ન ઇચ્છે ? □ □ □

## સાભાર સ્વીકાર

□ **વસુદેવ - હિંડી** * ભાષાંતર : ડૉ. ભોગીલાલ સાંડેસરા * પૃષ્ઠ - ૬૦૯ * પ્રકાશક ગુજરાત સાહિત્ય અકાદમી, દફતર ભંડાર, સેક્ટર - ૧૭, ગાંધીનગર - ૩૮૨૦૧૭. □ **છેલ્લી છાબ :** (ડૉ. કાંતિલાલ શાહના લેખો) * પૃષ્ઠ - ૪૩૯ * મૂલ્ય રૂા. ૪૦/- * પ્રકા. વીરબાળા કાંતિલાલ શાહ 'ઉપહાર', શ્રીજી બાગ ફ્લેટસની બાજુમાં, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૦૯. □ **આરાધના :** (કાવ્ય સંગ્રહ) કર્તા- રસીલા જયંત ત્રિવેદી * પૃષ્ઠ - ૫૪ * પ્રકા. ન્યુ ઓર્ડર બુક કું. એલિસબ્રીજ, અમદાવાદ - ૩૮૦૦૦૬. □ **ચુનીલાલ મડિયા :** લે. ડૉ. બળવંત જાની * પૃષ્ઠ - ૮૮ * મૂલ્ય રૂા. ૨૦/- પ્રકા. એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., ૧૬૪, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઇ - ૪૦૦૦૦૨.

# તીર્થંકર સ્તવન - ગરબારૂપે

□ કીર્તિદા જોશી

મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્યમાં 'ચોવીશી', 'વીશી'ને નામે ઓળખાતી સ્તવનરચનાઓ જાણીતી છે અને વિપુલ પ્રમાણમાં મળે છે. 'ચોવીશી' 'વીશી' કૃતિનામો જ તેમના સ્વરૂપને સૂચવે છે. 'ચોવીશી' એટલે અતીત, અનાગત અને વર્તમાન ચોવીશ જિનતીર્થંકરોનાં ચોવીસ સ્તવનો. 'વીશી' એટલે વીસ વિહરમાન જિન તીર્થંકરોનાં વીસ સ્તવનો. જૈનેતર સાહિત્યની પદમાળા પ્રકારની આ સ્તવનમાળા હોય છે. ગેયતા અને સમગ્ર કૃતિની બહાર સ્વતંત્ર પણ ટકી શકવું એ આ 'ચોવીશી', 'વીશી'ની સ્તવનમાળાનાં સ્તવનોનાં સર્વ સામાન્ય લક્ષણો છે. આ 'ચોવીશી' 'વીશી' નાં સ્તવનોમાં કેટલીક વાર તીર્થંકરોના જીવન, રૂપ (રંગ, દેહપ્રમાણ વગેરે) વગેરે વિશે કવિ માહિતી આપે છે. કેટલીક વાર તીર્થંકરના વૈરાગ્યભાવ, તેમની ચમત્કારશક્તિ જેવા વિવિધ ગુણોની પ્રશસ્તિ પણ કરવામાં આવે છે. તો કેટલીક વાર એમાં કવિનો પોતાનો જ ભક્તિ પ્રેમભક્તિનો ભાવ પ્રગટ થયેલો હોય છે.

ઘણાં જૈનકવિઓએ 'વીશી'ની રચના કરી છે. એમાંની ઘણી વીશીઓ પરંપરાગત રચનાઓ હોય છે પરંતુ, જૈન સાધુ કવિ જિનહર્ષની 'વીશી'[1] સમગ્ર વીશી સાહિત્યમાં કેટલીક દૃષ્ટિએ જુદી તરી આવે છે અને આપણું ધ્યાન ખેંચ્યા વિના રહેતી નથી.

કવિ જિનહર્ષની 'વીશી'ની સૌથી પહેલી લાક્ષણિકતા એ છે કે આ 'વીશી'ને કવિએ ગરબા રૂપે ઢાળી છે. કવિ પોતે જ 'વીશી' ને અંતે આવતા કલશમાં કહે છે –

સારદ તુજ સુપસાઉલઇ રે,
મા ગાયા ગરબા વીસ રે.

ગરબાની ગેયતાના મુખ્ય આધાર બે છે : એક, એમાં કવિએ પસંદ કરેલી ઢાળો–દેશીઓ. બીજું, એની ધ્રુવાઓ. આ વીશીમાં કવિએ પ્રત્યેક સ્તવનની અલગ–અલગ અને કલશની પણ જુદી એમ કુલ ૨૧ ઢાળો–દેશીઓનો ઉપયોગ કર્યો છે. એક જૈનકવિ એની જૈનકૃતિમાં જૈનેતર સાહિત્યના જાણીતા ગરબાની ઢાળો–દેશીઓનો ઉપયોગ કરે એ જ એક નોંધપાત્ર ઘટના છે. વળી, એ ઢાળ–દેશીઓની કવિએ કરેલી પસંદગી પણ લાક્ષણિક છે કેમકે, એમાંની કેટલીક ઢાળ–દેશીઓ માતાજીના ગરબાની છે.

(૧) મા પાવાગઢથી ઊતર્યા મા. (કલશ; ૨૧)
(૨) આજ માતા જોગિણિ નઇ ચાલઉ જોવા જઇયઇ. (વિશાલ જિન સ્ત;૧૦)
(૩) બાઇ રે ચારણિ દેવિ. (ઇશ્વરપ્રભ જિન સ્ત; ૧૫)
(૪) ગાવઉ ગુણ ગરબો રે. (ઋષભાનન જિન સ્ત; ૭)

'મા પાવાગઢથી ઊતર્યા મા' આ ઢાળ તો પ્રસિદ્ધ ગરબાકવિ વલ્લભ ભટ્ટ[2] મહાકાળીના ગરબાની છે. કેટલીક ઢાળ–દેશીઓ કૃષ્ણભક્તિના પદોની છે.

(૧) ગરબઉ કઉણનઇ કોરાવ્યઉ કિ નંદજી રે લાલ.
(સુજાત જિન સ્ત; ૫)
(૨) નવી નવી નગરીમાં વસઇ રે સોનાર,
કાન્હજી ઘડાવઇ નવસર હાર.
(અનંતવીર્ય જિન સ્ત; ૮)
(૩) ગોકલ ગાંમઇ ગોંદરઇ જો મહીડઉ વેચણ ગઇથી જો.
(વજ્રધર જિન સ્ત; ૧૧)
(૪) ગરબે રમિવા આવિ માત જસોદા તો નઇ વીનવું રે.
(ચંદ્રાનન જિન સ્ત; ૧૨)

કેટલીક ઢાળ–દેશીઓ રામભક્તિના પદોની છે.

(૧) મોરું મન મોહ્યઉ રે, રૂડા રામસ્યું રે.
(યુગમંધર જિન સ્ત; ૨)
(૨) આવઉ ગરબા રમીયઇ રૂડા રામસ્યું રે.
(સુબાહુ જિન સ્ત; ૪)

કેટલીક ઢાળ–દેશીઓ લોકગીતની અને અન્ય છે.

(૧) હો રે લાલ સરવરપાલે ચીખલઉ રે લાલ,
ઘોડલા લપસ્યા જાઇ. (સ્વયંપ્રભ જિન સ્ત; ૬)
(૨) મ્હારી લાલ નણંદરા વીરા હો રસિયા,
બે ગોરીના નાહલીયા. (સૂરપ્રભ જિન સ્ત; ૯)
(૩) ગીદૂડઉ મહકઇ રાજિ ગીદૂડઉ મહકઇ ( ચંદ્રબાહુ જિન સ્ત; ૧૩)
(૪) સાહિબા ફૂદી લેસ્યુંજી. (નેમિપ્રભ જિન સ્ત; ૧૬)
(૫) સોનલા રે કેરડી રે વાવિ, રૂપલાના પગથાલીયા રે.
(વીરસેન જિન સ્ત; ૧૭)
(૬) દલ વાદલ ઉલટ્યા હો નદી રે નીર ચલ્યૌ (મહાભદ્ર જિન સ્ત; ૧૮)
(૭) સાસૂ કાઠાહે ગહું પિસાવિ, આપણ જાસ્યાં માલવઇ, સોનારિ ભણઇ.
(દેવયશા જિન સ્ત; ૧૯)
(૮) લટકઉ થારઉ રે લોહારણી રે. (અજિતવીર્ય જિન સ્ત; ૨૦)
(૯) રાજપીયારી ભીલડી રે (ભુજંગ જિન સ્ત; ૧૪)
(૧૦) ઊંચા તે મંદિર માલીયા નઇ,
નીચડી સરોવર પાણી રે માઇ.( બાહુજિન સ્ત; ૩)
(૧૧) પાટણ નગર વખાણીયઇ, સખી મોહેરે મ્હારી,
લખમી દેવિકિ ચાલઉ રે, આપણ દેખિવા જઇયઇ.
(સીમંધર જિન સ્ત; ૧)

'વીશી'માં ઢાળ–દેશીઓની પસંદગીની જેમ સ્તવનોમાં પ્રયોજાયેલી ધ્રુવાઓ પણ વૈવિધ્યપૂર્ણ છે. 'રે', 'જો', 'મા', 'કિ', 'રે માઇ', 'હો રે લાલ' જેવી ચરણના આરંભમાં અને અંતે આવતી ધ્રુવાઓ તો જાણીતી છે. કોઇકવાર બે ચરણની વચ્ચે પણ ધ્રુવાનું આયોજન થયું છે. જેમકે, 'સૂરપ્રભ જિન સ્તવન'

હઠ કરિ રહિસ્યું તુઝ સાથિ **હો રસીયા,**
પિણિ તુજ કેડિ ન છાંડિસ્યું.
જઉ આલઇ તઉ સિવસુખ આલિ **હો રસીયા,**
નહી તઉ ઝગડઉ માંડિસ્યું.

અહી, ' હો રસીયા' બે ચરણની વચ્ચે આવતી ધ્રુવા છે. એજ રીતે ' યુગમંધર જિન સ્તવન' માં બે ચરણની વચ્ચે 'રે' આવે છે.

'વીશી'માં કોઇકવાર આખું ચરણ કે આખી પંક્તિ ધ્રુવા તરીકે આવે છે. જેમકે, ' અજિતવીર્ય જિન સ્તવન'–

અજિતવીરજ જિન વીસમા રે,
તું તઉ મોહણ મોહણ વેલી, **મટકઉ થારા રે મુખડા તણઉ રે.**
નવ કમલે સોના તણે રે, ચાલઇ ગજગતિ વેલિ
**મટકઉ થારા રે મુખડા તણઉ રે.**

જોઇ શકાય છે કે 'મટકઉ થારા રે મુખડા તણઉ રે' ધ્રુવા તરીકે પ્રયોજાયું છે.

કોઇક સ્તવનમાં સંકુલ ધ્રુવાનું આયોજન થયું છે. એટલે કે એકથી વધારે ધ્રુવાઓની ગૂંથણી થઇ છે તે ખાસ ધ્યાન ખેંચે છે, જેમકે, 'સીમંધર જિન સ્તવન'–

ઘરિ ઘરિ થયા વધાવણા,
વારૂ વાજઇ **હે સખી** ઢોલ નીસાણકિ
**ચાલઉ રે.**
ધવલ મંગલ ગાયઇ ગોરડી,
જોવા આવ્યા **હે સખી** સુરનર **રાણકિ.**

અહી બીજા ચરણમાં વચ્ચે 'હે સખી' અને 'કિ', 'ચાલઉ રે, તથા ચોથા ચરણમાં વચ્ચે 'હે સખી' અને અંતે 'કિ' જોવા મળે છે તે બધી જ કડીઓમાં આજ રીતે આવતી ધ્રુવાઓ છે.

એકાંતર ચરણમાં બદલાતી ધ્રુવાઓ એ આ સ્તવનોમાં જોવા મળતી એક વિશેષ પ્રકારની ધ્રુવારચના છે. જેમકે, 'ઋષભાનન જિન સ્તવન–

ઋષભાનન જિન સાતમઉ **ગુણ પ્રભુજી રે,**
વિહરમાણ જિનરાય **ગાવઉ ગુણ પ્રભુજી રે.**

---

૧. જિનહર્ષ ગ્રંથાવલી, સંપા. અગરચંદ નાહટા, પૃ. ૩૪ થી ૫૭.

૨. વલ્લભ ભટ્ટની એક જ કૃતિની – 'ધનુષધારીનો ગરબો'ની – રચના સંવત ૧૭૯૨ મળે છે. સં. ૧૭૬૧ માં રચાયેલી આ વીશીમાં 'મહાકાળીના ગરબા'ની ઢાલ ઉદ્ધૃત થઇ છે તેથી એ ગરબાની રચના એ પૂર્વે થઇ હોવાનું નિશ્ચિત થાય છે. અને એ રીતે વલ્લભ ભટ્ટનો કવનકાળ વહેલો શરૂ થયો હોવાનું સિદ્ધ થાય છે.

'ગુણ પ્રભુજી રે' અને 'ગાવઉ ગુણ પ્રભુજી રે' આ સ્તવનની ધ્રુવાઓ છે. આ ધ્રુવાઓ માત્ર એક શબ્દના ઓછા- વધતાપણાથી જુદી પડે છે. પરંતુ, અન્યત્ર વધારે શબ્દ ફેરવાળી એકાંતર ધ્રુવા પ્રયોજાયેલી છે. જેમ કે, 'ઈશ્વરપ્રભ જિન સ્તવન'–

જગદાનંદ જિનંદ **બાઈ રે જગદાનંદ જિનંદ,**
ત્રિભુવન કેરઉ રાજીયઉ, **બાઈ રે ઈશ્વર દેવ.**

અહીં, 'બાઈ રે જગદાનંદ જિનંદ' અને 'બાઈ રે ઈશ્વર દેવ' ધ્રુવાઓ છે.

કોઈક સ્તવનમાં વિલક્ષણ પ્રકારની ધ્રુવારચના જોવા મળે છે જેમ કે, 'ચંદ્રબાહુ જિન સ્તવન'–

શ્રી ચંદ્રબાહુ તેરમા, તું તઉ **સાંભલી રે સાહિબ અરદાસ,**
સાંભલી રે સાહિબ અરદાસ.
મોહણગારા સાહિલીયા, મન **મોહ્યઉ રે પ્રભુજી તુઝ નામ,**
મોહ્યઉ રે પ્રભુજી તુઝ નામ.
આઈ મિલું કિમ તુજ ભણી, નવિ **દીધી રે પાંખલડી દેવ,**
દીધી રે પાંખલડી દેવ.

આમ તો, આ સ્તવનમાં કોઈ એક જ અંશ સતત પુર્નરાવર્તન પામતો નથી તેથી એમાં પરંપરાગત ધ્રુવા છે એમ ન કહેવાય. પરંતુ દરેક પંક્તિમાં બીજા ચરણનો ઘણો ભાગ જે તે પંક્તિને અંતે પુર્નરાવર્તન પામે છે. આ પદ્ધતિ આખા સ્તવનમાં સુસંગતરીતે અનુસરવામાં આવી છે. એ રીતે એ એક નિશ્ચિત પદ્યપદ્ધતિ–ગાનપદ્ધતિ તો છે જ એટલે એ અર્થમાં એ ધ્રુવા છે. આ ધ્રુવારચનાની બીજી વિશેષતા એ છે કે એમાં આખું ચરણ કે આખું વાક્ય પુર્નરાવર્તન પામતું નથી. એમાંના આરંભના એકાદ બે શબ્દ છોડી દેવામાં આવેલ છે. આને કારણે પુનરાવર્તીત અંશમાં વાક્યાર્થ ખંડિત પણ થવા દેવામાં આવ્યો છે.

આ તો થઈ કૃતિની ગેયતા સિદ્ધ કરવા કવિએ ઉપયોગમાં લીધેલાં ઉપકરણોની વાત. પરંતુ આખરે આ તો સ્તવનકૃતિ છે એટલે પ્રભુને વંદના–પ્રાર્થના એ કૃતિનો મુખ્ય હેતુ છે. આ વંદના–પ્રાર્થનાની રીતિ પ્રત્યેક સ્તવનમાં વિવિધતા ભરેલી છે. કવિ ક્યાંક સ્વગતોક્તિ કરે છે. જેમ કે, 'સુજાત જિન સ્તવન' અને મહાભદ્ર જિન સ્તવન'.

સુજાતજિન સ્તવન–

'હું તઉ ભવ દુઃખમાહિ પીડાણઉ કિ'
'તુમે છ ઉ મારા અંતરજામી કિ,
ખમિજ્યો પ્રભુજી મહારી ખામી રે કિ.'
'અગનઈ ધગધગતી પૂતલીયાં કિ,
મુજનઈ તેહની સંગતિ મિલીયાં કિ.'

મહાભદ્ર જિન સ્તવન–

''મઈ જીવ સંતાપ્યા હો, આલ વચન ક્હ્યાં,
મઈ અબ્રહ્મ સેવ્યા હો, દાન અદત્ત ગ્રહ્યાં.'

અહીં કવિ પ્રભુ પાસે પોતે કરેલા પાપનો એકરાર કરે છે અને પોતાને ક્ષમા આપવા વિનંતી કરે છે.

સામાન્ય રીતે પુરુષ કરતાં સ્ત્રી વધુ સંવેદનશીલ હોય છે. કવિએ સ્ત્રીના આ વિશેષ ગુણને ધ્યાનમાં રાખીને કૃતિમાં સ્ત્રીપાત્રનો પ્રવેશ કરાવીને પ્રભુને વંદના કરી છે. જેમ કે, ' બાહુજિન સ્તવન'. આ સ્તવનમાં એક સ્ત્રી એને એક પ્રસંગે બાહુજિનસ્વામીના દર્શન થયેલા એ પ્રસંગની અનુભૂતિ પોતાની માતાને કહે છે એ રીતે કવિએ બાહુજિનસ્વામીની સ્મરણવંદના કરી છે.

'રામતિ રમિવા હું ગઈ,
મોરી સહીયર કેરઈ સાથી રે માઈ.'

આ રીતે સ્તવનનો આરંભ થાય છે અને પછી બાહુજિન સ્વામીના વૈભવ, વિશેષતા અને રૂપ વિશે વાત આવે છે.

'સીમંધર જિન સ્તવન', 'વીર જિન સ્તવન' અને 'દેવયશા જિન સ્તવન'માં સંવાદ–ઉદ્‌બોધનની રીતિ છે. ' સીમંધર જિન સ્તવન'માં એક સ્ત્રી તેની સખીને સંબોધીને કહે છે –

'સખી શ્રેયાંસ ઘરે જાયઉ પુત્ર રતન્નકિ, ચાલઉ રે,
આપણ દેખવા જઈયઈ, નયણે કુમાર નિહાલીયઈ.'

અને પછી સીમંધરસ્વામીના વધામણાથી માંડીને તેમના યૌવન, લગ્ન, રાજ્યાભિષેક અને સંયમ સુધીના પ્રસંગો સખીને કહે છે. વળી, સીમંધરસ્વામીની પ્રશસ્તિ કરતાં કહે છે કે એ એટલા મહાન છે કે ઇન્દ્ર–ઇન્દ્રાણી પણ તેમની આરતી ઉતારે છે અને તેમના દર્શન માત્રથી ભવોભવનાં અશુભ કર્મો ભસ્મ થઈ જાય છે. એજ રીતે, 'વીરસેન જિન સ્તવન'માં પણ એક સખી તેની બીજી સખીને કહે છે –

' સહીરો રે ચતુર સુજાણ, આવઉ વીરસેન વંદિવા રે,
છોડી રે વિષય વિકાર, કીજઈ પ્રભુની ચાકરી રે,
ધરીયઈ રે હીયડઈ ધ્યાન કરમ ખપઈ ભવ કેરડાં રે.'

પ્રસ્તુત સ્તવનમાં પોતાના પાપનો એકરાર કરીને સ્વામી વીરસેનની કૃપા પ્રાપ્ત કરવાની વાત કવિએ સખી મુખે કરી છે.

'દેવયશા જિન સ્તવન'માં પત્ની પતિને કહે છે–

'કંતા સુણિ હો કહું એક વાત,
આપણ જાસ્યું પ્રેમસું, ગોરી એમ ભણઈ.'

સ્તવનમાં દેવયશાસ્વામીના મોહક, સુરભિયુક્ત રૂપની વાત પત્ની પતિને કરે છે. વળી, એમ પણ કહે છે કે તેમની આગળ આનંદનો રાસ રમીને ચાલો આપણે ધન્યતા પ્રાપ્ત કરીએ.

આ રીતે સંવાદ–ઉદ્‌બોધનની રીતિકૃતિમાં નાટ્યાત્મક છટા પ્રગટ કરે છે.

કેટલાંક સ્તવનોમાં પ્રેમભક્તિનો મનોભાવ પ્રગટ થયો છે અને એ ભાવમાં તીર્થંકરસ્વામીને વંદના થઈ છે. જેમ કે, 'સુરપ્રભ જિન સ્તવન'. અહીં પ્રભુ કવિને મન રસિયો સાજન છે.

'તું તઉ મ્હારઉ જીવન પ્રાણ હો રસિયા,
તું તઉ મ્હારા હીયડાનઉ હાસ હો રસિયા.'

તીર્થંકરસ્વામી સાથે પોતાનો ભક્ત–ભગવાનથી વિશેષ–જુદો સંબંધ છે. જૈનેતર સાહિત્યની પ્રેમલક્ષણાભક્તિનું સ્મરણ કરાવે એવી આ સ્તવનરચના છે.

'વિશાલ જિન–સ્તવન', 'ચંદ્રબાહુ જિન સ્તવન' અને 'ભુજંગ જિન સ્તવન'માં પ્રભુ સાથે કવિએ 'સાહિબ–સેવક'નો નાતો બાંધીને એ તીર્થંકર દેવને વંદના કરી છે.

'હું સેવક પ્રભુ તુમ તણઉ,
તું માહરઉ સાહિબ સુખવાસ.'

તીર્થંકરસ્વામીના રૂપ એટલે કે તેમના રંગ, દેહપ્રમાણ વગેરે વિશે માહિતી આપીને અને તેમના વિશેષ ગુણની પ્રશસ્તિ કરીને વંદના કરવાની એક પરંપરાગત રીતિ છે. પરંતુ કવિ જિનહર્ષે જે તે તીર્થંકરના રૂપ વિશે આ કૃતિમાં સીધી માહિતી જ માત્ર આપી નથી. હા, એ આવે છે ખરી પણ અનુષંગે આવે છે. જેમ કે, 'ઈશ્વરપ્રભ જિન સ્તવન,' 'બાહુજિન સ્તવન.' આ સ્તવનોમાં તીર્થંકરના ગુણોની પ્રશસ્તિ કરવા, એમની વિશેષતા સિદ્ધ કરવા માટે જ કવિએ તેમના રૂપ વિશે માહિતી આપી છે. નોંધપાત્ર તો એ છે કે દેહપ્રમાણ તો કોઈ સ્તવનમાં નોંધાયું નથી. જુઓ ' ઈશ્વરપ્રભ જિન સ્તવન'–

'પ્રભુની કાયા રે કંચણ સારિખી રે
એતઉ ઝલકઈ તેજ અપાર.'

બાહુજિન સ્તવન–

' નિરમલ કાયા જેહની,
ક્ષીરવરણ લોહી નઈ મંસ રે માઈ,
સાસ ઊસાસ સુગંધતા,
જાણે કમલ કુસુમ અવતંસ રે માઈ.'

'વીશી'નું 'ઈશ્વરપ્રભ જિન સ્તવન' પણ લાક્ષણિક છે. અહીં કવિએ કેવળજ્ઞાનથી દીપતા ઈશ્વરપ્રભ તીર્થંકર સ્વામીને વંદના કરી છે. 'ઈશ્વર' નામથી કોઈ ભોળવાઈને 'ઈશ્વર' એટલે 'શંકર' એવો અર્થ કરવા ન પ્રેરાય તેથી પહેલા કવિ ભગવાન શંકરના ગુણવિશેષ પ્રગટ કરે છે કે ઈશ્વર એટલે પાર્વતીના વ્હાલા, અંગે ભસ્મ ચોળનારા, ભાંગ ધતૂરા સાથે પ્રીતિ રાખનારા વગેરે. પણ હું એ ઈશ્વરની વાત કરતો નથી. અને પછી કહે છે કે જે નિર્મોહી અને નિષ્કલંક છે એને તમે 'ઈશ્વર' માનજો.

કૃતિને અંતે કલશમાં કવિએ મા સરસ્વતીને વંદના કરી છે એ પણ આ રચનાની નોંધપાત્ર લાક્ષણિકતા છે. મા સરસ્વતીના કૃપા પ્રસાદથી જ પોતે વીસ તીર્થંકરોની સ્તુતિ રચી શક્યા છે. એવી નમ્ર પ્રાર્થના કવિએ સરસ્વતીને કરી છે. એ રીતે કવિએ આ સરસ્વતીનું પણ વિશેષ મહત્વ કર્યું છે. આમ, પરંપરાગત રચનારીતિને ચાતરીને ચાલતી કવિ જિનહર્ષની આ ધ્યાનપાત્ર રચના છે – જે ધર્મવિષયક કૃતિ હોવા સાથે સાહિત્યકૃતિ પણ બની રહે છે. □ □ □

# આપણા શબ્દો : અંગ્રેજી વાઘા ; ઉચ્ચારનું શું ?

**□ પ્રવીણચન્દ્ર જી. રૂપારેલ**

તાજેતરની શાળાંત પરીક્ષાઓ દરમિયાન, અંગ્રેજી માધ્યમનાં કેટલાંક વિદ્યાર્થી ભાઇ-બહેનોને હિંદીના વિષયમાં માર્ગદર્શન આપવાનું થયું; આ દરમિયાન એકવાર ભારતના પ્રાચીન ઇતિહાસની વાત નીકળતાં એક જણે ત્યારના એક પ્રાચીન નગર 'પટાલીપુત્ર' ની વાત કરી.

પહેલાં તો હું જરા ગુંચવાયો પણ પછી ખ્યાલ આવી જતાં હસી દેવાયું. અંગ્રેજી માધ્યમમાં આપણા પ્રાચીન નગરનું મૂળ નામ 'પાટલીપુત્ર' અંગ્રેજી જોડણીથી દોરાઇને શિક્ષકોને માટે પણ 'પટાલીપુત્ર' બની ગયું હતું.

આજકાલ ગુજરાતી-મરાઠી માધ્યમની શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા આઘાતજનક રીતે ઘટતી જાય છે ને અંગ્રેજી માધ્યમ તરફનો ધસારો સતત વધતો જાય છે. પણ તેમ કરવામાં યે આપણી ભારતીય સંસ્કૃતિના પૂરતા પરિચયના અભાવથી કેવી દુ:ખદ ને ક્યારેક નિરાશાજનક પરિસ્થિતિ ઉદ્ભવે છે એ આપણી કલ્પનાને પણ પાછળ પાડી દે છે.

મારા એક મિત્રની દુકાને એની પરિચિત એક ગુજરાતી બાળા કંઇ ખરીદવા આવી હતી. એ મિત્રે એનો પરિચય કરાવ્યો; પછી વાતમાં મેં એની અટક પૂછી; એણ કહ્યું – " કપાડિયા ! "

મેં એનું ધ્યાન ખેંચ્યું – આ અટક 'કાપડિયા' છે, બહેન."

" પણ અમારા 'ટીચર' તો 'કપાડિયા' જ બોલે છે !" એનો જવાબ ! – અંગ્રેજી જોડણી જ ને !

ભુલાભાઇ દેસાઇ રોડ પર એક 'રજબઅલી' નામ જોડે સંકળાયેલી ગલી છે. ત્યાંથી પસાર થતાં એક જણે પૂછ્યું હતું – "આ 'રાજાબલી' ગલી ક્યાં આવી ? " ક્ષણભર તો હું ગૂંચવાયો પણ આ વૃત્તિ ધ્યાનમાં આવી ને 'રજબઅલી' લેન બતાવી ! એના હાથમાંની કાપલીમાં આ નામ અંગ્રેજીમાં લખ્યું હતું તે !

મારા શાળાજીવનનો એક પ્રસંગ યાદ આવે છે : એક અંગ્રેજી પાઠમાં શબ્દ હતો FATIGUE ! – આમ તો એનો ઉચ્ચાર છે – 'ફટિગ'; પણ પાઠ વાંચતાં એક વિદ્યાર્થીએ વાંચ્યું – 'ફાટિગ્યું' (FA-TI-GUE) ! એનો કંઇ વાંક ! ગુજરાતીમાં પણ બેસી જાય, એવું ! જો કે શિક્ષક ખૂબ ચિડાયા, પણ એ જુદી વાત થઇ !

પણ ખરી મઝા તો મારા એક મિત્રની અટક અંગે થઇ હતી. એની અટક હતી 'ચોલેરા' ! સ્વાભાવિક રીતે જ આપણે અંગ્રેજીમાં એની જોડણી CHOLERA જ લખીએ ને ! પણ અંગ્રેજી માધ્યમમાં ભણેલા ને ભણનારા તો આનો ઉલ્લેખ વાંચી ચોંકી જ ઊઠે ને ! – કેમકે અંગ્રેજીમાં આ જોડણીવાળા શબ્દનો ઉચ્ચાર 'કોલેરા' થાય છે (આ 'કોલેરા' રોગમાં પુષ્કળ ઝાડા-ઊલટી થાય છે – ઘણીવાર આ રોગ જીવલેણ પણ નીવડે છે.)

પરંતુ ફિલ્મોની જાહેરાત કરતાં પોસ્ટરો આવી ગડબડમાં ઘણીવાર સારો એવો ઉમેરો કરે છે. ફિલ્મોનાં નામ ભારતીય હોય તો યે મોટે ભાગે એ અંગ્રેજી અક્ષરોમાં-એટલે કે રોમન લિપિમાં લખાય છે– જો કે જોડે જ ક્યારેક નાગરી લિપિમાં પણ લખાય છે ખરાં– પણ તેય નાના અક્ષરોમાં ! જો કે હવે તો અલ્પશિક્ષિતો પણ રોમન લિપિમાં આવાં નામો વાંચી લે છે– સમજી લે છે ! છતાં ક્યારેક એવાં હિન્દી કે ઉર્દૂ નામો ખાસ પરિચિત ન હોય ત્યારે ગૂંચવાય છે પણ ખરા !

એક વખત એક મિત્રે મને 'ભાનવર' શબ્દનો અર્થ પૂછ્યો હતો. મેં પૂછ્યું – " કઇ ભાષાનો શબ્દ છે ? "

" હિંદી જ હોવો જોઇએ ! "

વર્ષો સુધીના રાષ્ટ્રભાષાના-હિંદી હિંદુસ્તાનીના અધ્યાપન પછી યે આવો કોઇ શબ્દ કદી સાંભળ્યો ન હતો. પૂછ્યું– "ક્યાં સાંભળ્યો ? કે વાંચ્યો ? "

સાંભળ્યો નથી, પોસ્ટરમાં વાંચ્યો છે– ફિલ્મનું નામ છે !"

સમજાઇ ગયું ત્યારે 'ભવંર' નામની ફિલ્મ આવવાની હતી. હિંદીમાં તો એ BHA (ભ) N (અનુસ્વાર માટે ) ને – WAR (–વર) આમ અંગ્રેજી અક્ષરોમાં BHANWAR નામ લખાયું હતું ! – આ ભાઇએ એ 'ભાનવર' વાંચ્યું હતું.

ત્યારે આવેલી એક ફિલ્મનું નામ હતું 'જાનેમન' ! અંગ્રેજી અક્ષરોમાં લખાયેલા આ નામ વિશે મારા એક ટીખળી મિત્રે સરસ રમૂજ કરી હતી. કેટલાંક વર્ષોથી આપણે ત્યાં સવિશેષ તો ફિલ્મના નામોમાં આપણા 'આ' ઉચ્ચાર માટે AA (ડબલ- A) લખાય છે. આ રીતે પેલું નામ લખાયું હતું – JAANE MAN. પેલા મિત્રે એ આમ છૂટું પાડ્યું. JA-ANE-MAN અને કહ્યું – આનું 'જા-અને-માન' એમ ન થાય ?

ત્યારની એક હિંદી ફિલ્મનું નામ હતું – 'રખવાલા' (રખેવાળ) આ નામની અંગ્રેજીમાં જોડણી હતી– RAKHWALA આ ટીખળી મિત્રે નિરાંતે સૂચન કર્યું– આનું નામ તો 'રાખવાલા' છે !

વર્ષો પહેલાં 'ખાનદાન' નામની એક ફિલ્મ આવી હતી; એનું અંગ્રેજીમાં નામ લખાયું હતું – KHANDAN ! ઠીક ઠીક લોકો ત્યારે આનો ઉચ્ચાર કરતાં – 'ખંડન' ! થાય જ ને !

એક સૈકા પૂર્વે મુંબઇની કેટલીક કોલેજોમાં બ્રિટિશ વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ રહેતા. એક વખત વિલસન કોલેજમાં બ્રિટિશ અધ્યાપિકાએ વર્ગમાં રોલકોલ લેતાં નામ કહ્યું,' મિસ્ટર વેગલ– WAGLE ' પરંતુ કોઇએ હાથ ઊંચો કર્યો નહિ. વસ્તુત: એ નામ એક મરાઠી વિદ્યાર્થી 'વાગળે' નું હતું– તે પાછળથી જાણવામાં આવ્યું હતું.

અંગ્રેજી લિપિ– એટલે કે રોમન લિપિ જ આવી છે. ધ્વન્યાત્મકતા ફોનેટિક્સ-ની દૃષ્ટિએ એ ખૂબ જ ખામી ભરી છે. જ્યારે દેવનાગરીમાંથી વિકસેલી આપણી લિપિઓ ઉચ્ચારની દૃષ્ટિએ લગભગ સંપૂર્ણ છે; આપણે ત્યાં છે તેટલું ઉચ્ચાર વૈવિધ્ય, એ રોમન લિપિમાં ઉતારવું અશક્ય છે– સિવાય કે એમાં ચોક્કસ ચિહ્નો ઉમેરીએ ! – પણ એ વ્યવહારુ નથી !

આ રોમન લિપિ ધ્વન્યાત્મક તો નથી જ, પણ જોડે જ એનાં સ્વરો -A-E-I-O-U ના થતા ભિન્ન ભિન્ન ઉચ્ચારોને લઇને ખુદ અંગ્રેજીમાં યે ઉચ્ચારોની સુસંગતતા ક્યાં રહે છે ? BUT નો ઉચ્ચાર 'બટ' થાય, CUT નો ઉચ્ચાર 'કટ' થાય પણ PUT નો ઉચ્ચાર 'પટ' ન જ થાય 'પુટ' કરવાનો હોય છે.

ફિલ્મોમાં વપરાયેલું એક નામ તો હવે આપણા સમાજમાં પણ ઘર કરી ગયું છે–. પણ કેવું બદલાઇને ! એ નામ હતું એક બંગાલી અભિનેતાનું. વર્ષો પહેલાં કલકત્તાની 'ન્યુ થિએટર્સ' નામની ફિલ્મ કંપનીની ફિલ્મોમાં ચમકેલા એ અભિનેતાનું નામ અંગ્રેજીમાં લખાયું હતું– ASHIT BARAN! આમ તો આ એક વ્યક્તિનું આખું નામ છે.

બંગાલીમાં વ્યવહારમાં 'સ' નો ઉચ્ચાર 'શ' થાય છે ને 'વ' નો ઉચ્ચાર મોટે ભાગે 'બ' થાય છે; આમાં મૂળ નામ છે – 'અસિતવર્ણ' ; આમાં 'સિત' એટલે શ્વેત, ધવલ, સફેદ આ પરથી 'અસિત' એટલે સફેદ નહી તે; એટલે કે વ્યવહારમાં 'અસિત' એટલે કાળું, શ્યામ; અને 'વર્ણ' એટલે રંગ ! આમ અસિતવર્ણ એટલે શ્યામ વર્ણનો, શ્યામ વાનનો એટલે કે કૃષ્ણ.

બંગાળીમાં 'અસિતવર્ણ'નો વ્યવહારુ ઉચ્ચાર છે અશિતબહન. અંગ્રેજી અક્ષરોમાં, આ બંગાળી ઉચ્ચાર પ્રમાણે જોડણી થઇ ASHIT BARAN ઉત્તર ભારતને બંગાળમાં આવાં સંયુક્ત શબ્દોના નામ છૂટા લખાય છે મારું નામ પણ પ્રવીણ ચન્દ્ર રૂપારેલ લખાય છે. જે ટૂંકમાં અંગ્રેજીમાં P.C. RUPAREL લખાય છે. પિતાનું નામ લખવાનું ખાસ મહત્વ નથી હોતું આમ 'અશિત બહન' ને આપણે બે શબ્દો માની લીધા ને મૂળ આખું નામ માત્ર 'અશિત' માની લીધું– ને એની અંગ્રેજી જોડણીથી દોરાઇને ઉચ્ચાર 'અશિત' 'વાંચી' લીધો. ત્યારની એની લોકપ્રિયતાને લઇને આપણે ત્યાં કેટલાંય બાળકોનાં નામ 'આશિત' પડાયાં ! – એટલું જ નહી. પછી કેટલીક બાળકીઓએ પણ 'આશિતા' નામ ધારણ કર્યાં. □ □ □

આપણા એક રાજકરણીનું મૂળ નામ છે 'કંવરલાલ'; છતાં એમના નામ માટેની અંગ્રેજી જોડણી KANWARLAL ને લઈને આપણાં ઘણાં વર્તમાન પત્રોમાં એ 'કનવરલાલ' બની ગયો છે.

ઉત્તર ભારતીય 'સિન્હા' અટકથી તો હવે આપણે સારા એવાં પરિચિત થઇ ગયાં છીએ. રાજકારણમાં તારકેશ્વરી સિન્હા, હિંદી ફિલ્મોમાં માલા સિન્હા કે વિદ્યા સિન્હા વગેરે ! પણ આ 'સિન્હા' ઉચ્ચાર જ અંગ્રેજી જોડણીનું પરિણામ છે.

હકીકતમાં પ્રચલિત મૂળ અટક છે 'સિંહ' – જેણે વ્યવહારમાં હિંદી–પંજાબીમાં 'સિંઘ' રૂપ ધારણ કર્યું છે. મૂળ સંસ્કૃત પદ્ધતિ પ્રમાણે આપણો દરેક વ્યંજન જોડે જ, 'અ' સ્વર ધરાવે છે. એટલે અક્ષર 'ક' = "ક + અ" હોય છે જે અંગ્રેજીમાં 'KA' રૂપે લખાય. આ શાસ્ત્રીયતા સાચવીને જ અંગ્રેજીમાં 'અશોક'ની જોડણી ASHOKA થાય છે–જેનો ઉચ્ચાર આપણે ત્યાં અંગ્રેજીના પ્રભાવ હેઠળ ઘણાં 'અશોકા' કરે છે. એટલે જ અંગ્રેજી માધ્યમમાં ભણેલા 'બુદ્ધ' નો ઉચ્ચાર 'બુદ્ધા' અને બૌદ્ધ 'સ્તૂપ' નો ઉચ્ચાર 'સ્તૂપા' કરે છે – અલબત્ત, એની અંગ્રેજી જોડણીથી દોરાઇને જ !

આ રીતે દોરાઇને 'સિંહ' અટકની અંગ્રેજીમાં જોડણી (સિ) SI (અનુસ્વાર) N તથા (હ) HA એમ કરીને SINHA લખાય છે જે હવે આપણે 'સિન્હા' વાંચતા થઇ ગયાં છીએ.

'હવે' મુંબઇ શહેરનો એક ઉત્તરનો ભાગ 'સાયન' નામે ઓળખાય છે. હકીકતમાં એ જૂના મુંબઇની ઉત્તરી 'સીમા' પર હોવાથી પહેલાં 'સીમ' કહેવાતો. 'ગામ' શબ્દ મરાઠીમાં જેમ 'ગાંવ' થાય છે તેમ આ 'સીમ' નું 'સીવ' થયું. અંગ્રેજીમાં જેમ પેલા 'ગાંવ' માટે GAON (ગિરગામ–GIRGAON) થયું તેમ આ 'સીવ'નું SION થયું. આમ દેખાવમાં SION રૂપ અંગ્રેજીમાં 'સિંહ' માટે વપરાતા LOIN જેવું જ હતું – એટલે LION લાયન કહેવાય તેમ આપણે SION નો ઉચ્ચાર 'સાયન' કરી લીધો – ને હવે એજ વધુ પ્રચલિત છે.

થોડા વર્ષો પહેલાં હું ત્યાંના સ્ટેશનનું નામ વાંચવા ત્યાં ગયો હતો. સ્ટેશન પર નાગરી લિપિમાં શીવ લખેલું હતું; ત્યાંની ટિકિટ ખરીદી તે પર પણ નાગરી લિપિમાં શીવ લખેલું હતું– કદાચ હજુ એમ જ હોય !

(શબ્દમાં 'સી' નો 'શી' કરી લેવાની મરાઠી–ગુજરાતી ભાષાની પ્રકૃતિ છે એટલે જ માસીનું 'મોશી' (મરાઠી–માઉશી) ને ડોસીનું આપણે 'ડોશી' કરીએ છીએ; 'સીવ' નું 'શીવ' પણ આમ જ થયું હોય !

આપણા વિશ્વવિખ્યાત ફિલ્મ નિર્માતા ને લબ્ધપ્રતિષ્ઠ દિગ્દર્શક શ્રી સત્યજિત રે તથા ભક્તિગીતો માટેની લોકપ્રિય ગાયિકા કુ. જયુથિકા રે અને દાયકા પહેલાં અવસાન પામેલા ઈતિહાસવિદ્ ડૉ. નિહારરંજન રે, આ સૌની અટકનું આ 'રે' સ્વરૂપ પણ આ જ વૃત્તિનું પરિણામ છે – બધાં જ બંગાળનાં છે

આ બધાની મૂળ અટક છે 'રાય'; આ અંગ્રેજી અક્ષરોમાં લખવા માટે RAY જોડણી થઇ. પણ અંગ્રેજીની 'સારી' જાણકારી ધરાવનાર તો આવી જોડણીવાળા 'રે' (કિરણ) શબ્દથી વધુ પરિચિત હતા. એટલે આ 'રાય' અટકની અંગ્રેજી જોડણીએ સૌને એનો યે 'રે' ઉચ્ચાર કરવા પ્રેર્યા–દોર્યા; હવે તો એ એટલે સુધી પહોંચ્યું છે કે ડૉ. નિહારરંજન, શ્રી સત્યજિત તથા કુ. જયુથિકાએ પણ અંગ્રેજી પૂરતો આ ઉચ્ચાર સ્વીકારી લીધો છે.

અંગ્રેજી એટલે કે રોમન અક્ષરો ને એમના ઉચ્ચારોની આવી અતંત્રતાને લઈને જ આપણે ત્યાં જ નહી અન્ય ભાષાઓમાં પણ આવા છબરડા થતા રહે છે

આવી આ વૃત્તિની એક બીજી રમૂજી બાજુ પણ છે. ગુજરાતી ભાષા શીખવા માગતાં એક અમેરિકન મહિલા પહેલાં ભારતનો ઉપરછલ્લો ભૌગોલિક પરિચય પણ કરી લેવા માગતા હતાં. તેમાં ભારતની નદીઓનાં નામ અંગ્રેજી લિપિમાં નોંધી લેતાં એમણે 'નર્મદા' નદી માટેની જોડણી અંગ્રેજી અક્ષરોમાં NARMADA નોંધી હતી. પણ કેટલાક વખત પછી એમણે એ વાંચતાં ઉચ્ચાર કર્યો 'નરમાદા' આ સાંભળી મારાથી હસી તો દેવાયું પણ પછી ગુજરાતીમાં 'નર' અને 'માદા' નો અર્થ જાણ્યો ત્યારે જે મુક્ત રીતે એ ખડખડાટ હસી પડયાં, એ ખરેખર માણવા જેવું હતું. ★ ★ ★

## નેતાગીરી અને મોવડીમંડળ (અનુસંધાન પૃષ્ઠ ૨ થી ચાલુ)

એમણે પોતાના સત્તાસ્થાનના કરેલા દુરુપયોગોની, પક્ષપાતોની, અન્યાયોની, ભ્રષ્ટાચારોની કે એમના ચારિત્રની શિથિલતાઓની વાતો બહાર આવવા લાગે છે. આવી ઘણી વાતો એમના અંગત વિશ્વાસુ માણસો પાસેથી, અંગત મંત્રીઓ કે મદદનીશો પાસેથી, ખુદ સ્વજનો અને પરિજનો પાસેથી બહાર આવે છે. એક સમયની મહાન વ્યક્તિ આવી પ્રમાણભૂત વાતો પ્રગટ થયા પછી નવી પ્રજાને એટલી મહાન લાગતી નથી. બીજી બાજુ કેટલાક નેતાઓ એવા હોય છે કે જેઓ પોતાનાં ઉત્તમ કાર્યોને ઓછામાં ઓછી પ્રસિદ્ધિ અપાવે છે. અંગત રીતે અનેક માણસોને કરેલી મદદની વાતો બહાર આવવા દેતા નથી. એમની ઉદારતા, ત્યાગ, સંયમ, સહિષ્ણુતા, દુશ્મનને પણ ન્યાય આપવાના, માફ કરવાના કે ઉત્તમ તક પૂરી પાડવાના અંગત પ્રસંગોની વાતો જેમ જેમ લોકોના જાણવામાં આવતી જાય તેમ તેમ તેમની મહત્તા ભવિષ્યની પ્રજાને વધુ અને વધુ લાગવા માડે છે.

કેટલાક નેતાઓના જીવનમાં કશી ત્રુટિ ન હોય તો પણ કાળના પરિપ્રેક્ષ્યમાં તેઓ નાના થતા જાય છે. કાળ ભલભલા માણસોની કસોટી કરે છે અને એમને એમના યોગ્ય સ્થાને બેસાડી દે છે. આથી જ સામાન્ય લોકોને પોતાની કિશોરાવસ્થા કે યુવાવસ્થામાં જે નેતાઓ મોટા ભાસતા હોય તે પોતાની પ્રૌઢાવસ્થા કે વૃદ્ધાવસ્થામાં ભાસતા નથી. જેમનાં જાહેરમાં પૂતળાં મૂકવામાં આવ્યાં હોય એવી વ્યક્તિનાં નામ પણ બીજી પેઢી સુધી પહોંચતાં નથી. એમનો કશો વાંક હોતો નથી. પરંતુ બીજી ત્રીજી પેઢીના લોકો એમને સામાન્ય કરી નાખે છે. મુંબઇ જેવા શહેરમાં કોઇકને જ ખબર હશે કે 'કાળા ઘોડા' કે 'ખડા પારસી' તરીકે ઓળખાતા વિસ્તારોમાં એ પૂતળાં કોનાં છે. જેમ વસ્તુ દૂર જતી જાય તેમ તે નાની દેખાવા લાગે. એ કુદરતનો ક્રમ છે. આથી જ ભવષ્યિના ઈતિહાસકારોને સમગ્ર પરિસ્થિતિને વાસ્તવિક સ્વરૂપમાં, તટસ્થતાથી, નિરપેક્ષ દૃષ્ટિથી તપાસતાં કેટલીક પોતાના સમયમાં મહાન ગણાતી વ્યક્તિઓ એટલી મહાન લાગતી નથી. જવાહરલાલ નહેરુ આઝાદીની લડત વખતે કે વડાપ્રધાનના પદ પર હતા ત્યારે જેટલાં મોટા લાગતા હતા તેટલા આજે કેટલાકને મોટા લાગતા નથી. બીજા વિશ્વયુદ્ધ વખતે જર્મનીના હિટલરને હંફાવનાર સ્ટેલિન માત્ર પોતાની ક્રૂર સત્તાથી જીવનના અંત સુધી સોવિયેટ યુનિયનના સર્વોચ્ચ પદે રહ્યા, પણ ગુજરી ગયા પછી એમનાં પૂતળાં ઊતરી ગયાં, એમની કબર ખોદીને ફેંકી દેવામાં આવી, સ્તાલિન ગ્રાડ શહેરનું નામ પણ બદલાઇ ગયું. વ્યક્તિના ઉત્તરકાલીન મૂલ્યાંકનમાં કેટલાં બધાં કારણો ભાગ ભજવે છે ! કેટલાક મહાન ગણાતા નેતાઓ એક બે સૈકા પછી લખાતા ઈતિહાસમાં નામનિર્દેશને પણ પાત્ર રહેતા નથી.

કેટલીક નેતાગીરી પોતાની દુષ્ટતાને કારણે જ આવું પરિણામ ભોગવે છે. તેમને નીચે ઉતારી દેવા માટે લોકો યોગ્ય સમય અને યોગ્ય તકની રાહ જ જોતા હોય છે. કેટલાક અધમ વૃત્તિના મહત્ત્વાકાંક્ષી નેતાઓ જેમની સહાયથી પોતે મોટા થયા હોય છે એવા પોતાના ઉપકારી નેતાઓને વટાવીને, પરાસ્ત કરીને પોતે આગળ નીકળી જવા ઈચ્છતા હોય છે. બ્રુટસ જેવા તેઓ નિર્લજ્જ બની, દગો કરીને મોટા નેતાનું પદ મેળવી લે છે. બીજી બાજુ કેટલાક નેતાઓ એવા સાવધ હોય છે કે પોતાના સ્વાર્થ ખાતર નાના નેતાને ઊંચા પદે બેસાડે છે, પરંતુ પોતાના ખભાથી ઊંચું માથું કરનારનું માથું વાઢી નાખતા હોય છે. પોતે પોતાની જ શક્તિથી આગળ વધ્યા છે એવું લોકોને ઠસાવવા કેટલાક કૃતઘ્ની નેતાઓનો સંકલ્પ હોય છે કે ' ઉપકારીને પહેલાં મારો ' કે જેથી જાહેરમાં તેમના ઉપકારની વાત કોઇ માને નહિ. પરંતુ કુદરતમાં ન્યાય પ્રવર્તે છે અને આવા દરેક નેતાને એક નહિ તો અન્ય પ્રકારે તેનો હિસાબ ચૂકતે કરવો પડે છે. ઉદારચરિત, નિસ્પૃહ નેતાઓ તો પોતાના હાથ નીચે તૈયાર થયેલા નેતાઓ પોતાના કરતા પણ વધુ સિદ્ધિપ્રસિદ્ધિ મેળવે તો તે જોઇને રાજી થતા હોય છે.

પરિવાર કે નાની સંસ્થા હોય તો કદાચ એકજ નેતા સમગ્ર જવાબદારી સારી રીતે વહન કરી શકે છે. પરંતુ ભૌગોલિક ક્ષેત્ર અને કાર્યક્ષેત્ર મોટાં થતાં એક કરતાં વધુ નેતાઓની જરૂર રહે. વય, અનુભવ, સમજશક્તિ, કાર્યદક્ષતા વગેરેને લક્ષમાં રાખી સમર્થ વડીલ નેતા બીજા યુવાન નેતાઓ ઊભા કરી શકે. પ્રેમ અને સહકારની ભાવનાથી સંગઠિત થઇ તેઓ પોતાના ધ્યેય કે

કાર્યને સારી રીતે પાર પાડી શકે અને પોતાની ક્ષિતિજોને વિસ્તારી પણ શકે. આવા નેતાઓના સંગઠિત મોવડીમંડળથી કુટુંબ, સમાજ કે રાષ્ટ્રનાં ઘણાં ઉત્તમ કાર્યો થઇ શકે અને એનો અનેક લોકોને લાભ મળી શકે. એવા નેતા અને મોવડીમંડળથી સમાજ કે રાષ્ટ્ર વિવિધ પ્રકારનો ઉત્કર્ષ સાધી શકે. જ્યાં મુખ્ય નેતા પોતે પોતાના સહકારી નેતાઓની પસંદગી કરી શકે છે ત્યાં સુસંવાદી મોવડીમંડળ તૈયાર થાય છે. કાર્યની વહેંચણી, જવાબદારીઓ અને સત્તાની વહેંચણીમાં કોઇ વિખવાદ થતો નથી. એકંદરે કામ સરળતાપૂર્વક ચાલે છે અને સ્વભાવગત કે વહીવટી સમસ્યાઓ ઓછી ઊભી થાય છે.

પરંતુ મોટાં સમવાય તંત્રોમાં, મોટી સંસ્થાઓમાં, મોટા વેપાર ઉદ્યોગોમાં, સરકારોમાં જ્યાં ચૂંટાયેલા પ્રતિનિધિઓનું મોવડીમંડળરચાય છે ત્યાં સત્તાની ખેંચતાણ, દુરાગ્રહો, પ્રતિષ્ઠાના પ્રશ્નો વગેરે ઘણી બાબતો ઊભી થાય છે. બહુમતીથી નિર્ણયો લેવાતા હોવા છતાં સકારણ કે અકારણ અસંતોષનું વાતાવરણ ફેલાય છે. જ્યાં એક કરતાં વધુ વ્યક્તિઓને મુખ્ય નેતાનું પદ જોઇતું હોય ત્યાં સ્પર્ધા થાય છે, પક્ષો પડી જાય છે, એકબીજાને પરાજિત કરવા માટે પુરુષાર્થ થાય છે. વૈચારિક મતભેદ અને દૃષ્ટિભેદને વધુ મહત્ત્વ અપાય છે. ઉચ્ચતર ધ્યેય બાજુ પર રહી જાય છે અને ગૌણ બાબતોનું પ્રાધાન્ય વધી જાય છે. જ્યાં સમજુ અને લોકપ્રિય નેતા સમિતિઓમાં કે મોવડીમંડળ માં બહુમતી સભ્યોનો વિશ્વાસ અને પ્રેમ જીતી શકે છે ત્યાં તેને કાર્ય કરવામાં વધુ અનુકૂળતા રહે છે. વિરોધીઓના ટીકા નિંદારૂપ પ્રહારોની બહુ અસર થતી નથી. પરંતુ જ્યાં બે સમાન સમર્થ પ્રતિનિધિઓ વચ્ચે મુખ્ય નેતાના પદ માટે સ્પર્ધા થાય છે અને સાધારણ બહુમતીથી કોઇ એક જીતી જાય છે ત્યારે પરાજિત થયેલા મહત્ત્વાકાંક્ષી ઉમેદવારના વલણ-વર્તન ઉપર ઘણો આધાર રહે છે. તે પરાજયને ખેલદિલીથી જીરવી લઇને સારાં કાર્યોમાં પ્રેમથી સહકાર આપે છે કે પરાજયના ડંખને તાજો રાખી ડગલે ને પગલે આડખીલીઓ ઊભી કરે છે એના ઉપર ભવિષ્યની ઘટનાઓનો આધાર રહે છે.

નાની મોટી સંસ્થા હોય, નાનાંમોટાં સમવાયતંત્ર હોય, નાના મોટા રાજદ્વારી પક્ષો હોય કે નાનીમોટી સરકાર હોય, સામાન્ય સભ્યોને કે આમપ્રજાને તો ચૂંટણી વખતે વિચારવાનો કે પોતાની વ્યક્તિગત મતાધિકારની સત્તાનો ઉપયોગ કરવાનો અવસર સાંપડે છે. એમાં પણ સો ટકા મતદાનની શક્યતા હોતી જ નથી. જ્યાં પ્રત્યેક પદ માટે બેચાર કે વધુ ઉમેદવારો ઊભા રહ્યા હોય ત્યાં કેટલીક વાર ચૂંટાયેલા પ્રતિનિધિ વીસ-પચીસ ટકા મતથી વધુ મત ધરાવતા નથી હોતા.આવા પ્રતિનિધિઓ બધાંનું પ્રતિનિધિત્વ કેવી રીતે કરી શકે ? પરંતુ બંધારણીય લોકશાહીની આ એક મોટી ત્રુટિ છે. આવા પ્રતિનિધિઓનું મોવડીમંડળ સત્તા ગ્રહણ કરી મનસ્વી રીતે કાર્ય કરે છે અને સભ્યોને કે પ્રજાને બીજી ચૂંટણી સુધી રાહ જોવી પડે છે.

પરંતુ આવા મોવડીમંડળોમાં, પછી તે સંસ્થા કે પક્ષની કારોબારી સમિતિ હોય કે સરકારી પ્રધાનમંડળ હોય, જો સર્વોચ્ચ બેચાર વ્યક્તિઓ વચ્ચે પ્રેમ, સહકાર, ઉદારતા, સજાગતા વગેરે હોય તો લોકકલ્યાણનાં સંગીન કાર્યો સત્વરે થાય છે. પરંતુ તેઓની વચ્ચે વૈચારિક મતભેદ હોય, પરસ્પર દ્વેષ, મત્સર હોય તો એકબીજાની વાતને તોડી પાડવાનું વલણ વધારે રહે છે. કેટલીક વાર સર્વોચ્ચ બે જ વ્યક્તિ વચ્ચેના અણબનાવને લીધે પક્ષમાં ભંગાણ પડે છે, સંસ્થાઓ તૂટે છે, દેશ પાયમાલ થાય છે. પોતાના ઉપર અનેક લોકોના ભાવિનો આધાર રહે છે, માટે સત્તાસ્થાને બેઠેલી વ્યક્તિને પદભ્રષ્ટ કરવા માટે પોતે દ્વેષથી પ્રેરાઇને પ્રયત્ન ન કરવો જોઇએ એટલી સૂઝ કે દૃષ્ટિ એમની પાસે હોતી નથી. તેઓ મોહાંધ બનીને પોતાના અને બીજાના નાશને નોંતરે છે. અસંતુષ્ટ મહત્ત્વાકાંક્ષા અને પરાજયનો ડંખ સમર્થ નેતાઓને પણ ભાન ભુલાવી દે છે.

કેટલાક મોવડીમંડળો પોતાના નેતાને નચાવતાં હોય છે, તો કેટલાક નેતાઓ પોતાના મોવડીમંડળના સભ્યોને અંદર અંદર કેમ રમાડવા કે અથડાવવા તેની કળા જાણતા હોય છે. કેટલાક નેતાઓ મોવડીમંડળના કેદી જેવા બની જાય છે. જ્યારે પોતે છૂટે છે ત્યારે લોકોમાં શું ચાલી રહ્યું છે તેની ખબર તેને પડે છે.

નાનાંમોટાં દરેક મોવડીમંડળમાં બેચાર એવી વ્યક્તિ હોવાની કે જે તેઓના સૂત્રધારની પ્રગતિ જોઇને રાજી ન થાય. તેજોદ્વેષને કારણે તેઓ મનમાં બળતા હોય છે. તક મળે ત્યારે પોતાના વિષનું વમન કરતા હોય છે. સૂત્રધાર નેતાની કંઇ ભૂલ થાય તો તેઓ હર્ષમાં આવી જાય છે. ટીકા, નિંદા કે અવળાં પ્રચાર માટે તેઓ અસત્યનો આશ્રય લેતાં અચકાતા નથી. જૂઠાણાં હાંકી, કાન ભંભેરી બે મિત્રો વચ્ચેના મીઠા ગાઢ સંબંધોને તોડાવીને પ્રસન્નતા અનુભવતા હોય છે. મોઢે પ્રશંસા અને પાછળ નિંદા એ એમનો સ્વભાવ થઇ ગયો હોય છે. મોવડીમંડળમાં સ્થાન પામેલા આવા નેતાઓ સર્પની જેમ કોને ક્યારે દંશ દેશે તે કહી શકાય નહિ. પરંતુ સમય જતાં બધા જ તેમને ઓળખી જાય છે. બીજાઓને માનસિક ત્રાસ આપનારા એવા સિનિક નેતાઓ પશ્ચાદ જીવનમાં પોતે જ માનસિક ગ્રંથિઓની યાતના ભોગવતા હોય છે.

સારા લોકપ્રિય નેતા બનવું, મોવડીમંડળમાં સ્થાન મેળવવું, સમય જતાં મોવડીમંડળના સૂત્રધાર બનવું, લોકોના પ્રેમ અને આદર ઉભયને પાત્ર બનવું, પદ અને સત્તા વગર પ્રેમની સત્તા ભોગવવી અને ભાવિ ઇતિહાસકારોને પણ નોંધ લેવાનું અનિવાર્ય બની જાય એવું વિશાળ ભૌગોલિક અને ઇતર ક્ષેત્રે કાર્ય કરી જવું એવું સદ્ભાગ્ય વિરલ વ્યક્તિઓને સાંપડે છે.

ઉત્કૃષ્ટ નેતાગીરી એ કે જે સ્થળ અને કાળના પરિપ્રેક્ષ્ય કે પરિમાણને ભેદીને પણ ઝળહળ પ્રકાશ પાથર્યા કરે !

**□ રમણલાલ ચી. શાહ**

---

## સ્વ. કોરા સાહેબ (અનુસંધાન પૃષ્ઠ ૧૪ થી ચાલુ)

હોય એવું બન્યું નથી. આટલું બધું કામ કરવા છતાં પોતે પોતાની મહત્તા દર્શાવતા નહિ. એમની વહીવટી કાર્યકુશળતા એટલી સારી હતી કે વિદ્યાલયની એક જાહેરસભામાં મેં કહેલું કે કોરા સાહેબ જો વિદ્યાલયને બદલે યુનિવર્સિટીની કોઇ શિક્ષણ સંસ્થામાં હોત તો ક્રમે ક્રમે તેઓ વાઇસ ચાન્સેલરના પદ સુધી અચૂક પહોંચી ગયા હોત. અથવા પત્રકારત્વના ક્ષેત્રમાં ગયા હોત તો કોઇ અંગ્રેજી દૈનિકના મોટા તંત્રી બની શક્યા હોત. પરંતુ કોરા સાહેબ વિદ્યાલયને વરેલા હતા. વિદ્યાલય છોડીને અન્યત્ર તેઓ જવા ઇચ્છતા નહિ.

કોરાસાહેબ વિદ્યાલયને વરેલા હતા. વિદ્યાલયની તમામ નાની મોટી વિગતો અને વહીવટી કાર્યવાહીથી તેઓ પૂરા પરિચિત હતા. આમ છતાં તેઓ સ્વમાની હતા અને પોતાને યોગ્ય ન લાગે તો ગમે તે પળે નોકરી છોડવા તૈયાર રહેતા. અમે વિદ્યાલયમાં હતા એ દિવસોમાં પણ કહેવાતું કે કોરા સાહેબ પોતાનું રાજીનામું હંમેશા ખિસ્સામાં લઇને ફરે છે. એમ કહેવાય છે કે કોરા સાહેબે વ્યવસ્થાપક સમિતિ સમક્ષ પોતાનું રાજીનામું અનેકવાર ધર્યું છે. પરંતુ એમની સંનિષ્ઠ અને અત્યંત કુશળ સેવાઓને લક્ષમાં લઇને એમને હંમેશા મનાવી લેવામાં આવ્યા હતા.

કોરા સાહેબ સ્વભાવે ઓછાબોલા અને શાંત પ્રકૃતિના હતા. તેઓ સંયમી અને કુટુંબ વત્સલ હતા. પોતાની નિકટની વ્યક્તિઓ હોય- દલસુખભાઇ માલવણિયા, રતિલાલ દીપચંદ દેસાઇ, પં. અમૃતલાલ ભોજક વગેરે હોય અથવા પૂ. મૃગાવતીશ્રીજી મહારાજ હોય તો તેઓ મન મૂકીને વાત કરે, હસે અને ટીખળ પણ કરે. એમનો રમૂજી સ્વભાવ આવા નાના વર્તુળમાં જોવા મળતો. પરંતુ ઘણા બધાંની વચ્ચે તેઓ ઘણું ખરું મૌન રાખતા. એટલે બીજા લોકોને તેઓ ભારેખમ લાગતા. અલબત્ત જ્યારે જરૂર પડે ત્યારે તેઓ સ્પષ્ટ શબ્દોમાં સાચી વાત કહી દેતા. બીજા શું કહેશે તેની તેઓ ક્યારેય ચિંતા કે પરવા કરતા નહિ. કારણ કે તેઓ નિઃસ્વાર્થ હતા. એથી જ તેઓ વિદ્યાલયના મંત્રીઓનો આદર સાચવતા, પણ ક્યારેય તેમની ખુશામત કરતા નહિ. પોતાને નોકરીની ગરજ છે અને મંત્રીઓ વગર ચાલશે નહિ એવું વલણ એમના જીવનમાં ક્યારેય જોવા મળ્યું નથી. ઊલટું બે મંત્રીઓ વચ્ચે વિચારભેદ હોય તો તેઓ તરત પામી જઇ શકતા. ક્યારેક બે મંત્રીઓની પરસ્પર વિરુદ્ધ વહીવટી સૂચના આવી હોય તો એકબીજાને ખબર ન પડે તે રીતે તેઓ કુશળતાથી રસ્તો કાઢતા.

કોરા સાહેબનો એક મોટામાં મોટો શોખ તે ટપાલની ટિકિટોના સંગ્રહનો હતો. 'કુમાર' માસિક અને અન્ય સામાયિકોમાં આવતા ટપાલની ટિકિટો વિશેના લેખો તેઓ વાંચતા અને સાચવી રાખતા. આ શોખ તેમણે પોતાના પુત્ર અશોકભાઇમાં સારી રીતે કેળવ્યો અને એને લીધે અશોકભાઇ ભારતના નામાંકિત ટિકિટ સંગ્રહકારોમાંના એક બની શક્યા.

વિદ્યાલયની લાઇબ્રેરી એ મુંબઇ શહેરની એક અત્યંત સમૃદ્ધ લાઇબ્રેરી

છે. સંસ્કૃત, પ્રાકૃત, અર્ધ માગધી, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી એમ વિવિધ ભાષામાં હજારો ગ્રંથો ક્યાંયથી ન મળે તેવા વિદ્યાલયની લાઇબ્રેરીમાં છે. અને કેટલાયે જૂના દુર્લભ ગ્રંથો વિદ્યાલયની લાઇબ્રેરીમાંથી મળે છે. તદુપરાંત હસ્તપત્રોનો પણ મોટા ભંડાર વિદ્યાલય પાસે છે. વિદ્યાલયના આ સમૃદ્ધ ગ્રંથાલયનો યશ મુખ્યત્વે કોરા સાહેબના ફાળે જાય છે. પોતાના પચાસ વર્ષના વહીવટ દરમિયાન જે જે ગ્રંથો પ્રકાશિત થતા રહ્યા હોય તેની જાણકારી ધરાવવી અને તેની નકલ મંગાવીને વિદ્યાલયમાં વસાવવી એ કોરા સાહેબનું એક મુખ્ય કાર્ય રહ્યું હતું. અંગ્રેજી ભાષાના પણ આધુનિકતમ પુસ્તકો વિદ્યાલય વસાવતું રહ્યું છે, એક રિસર્ચ ઇન્સ્ટીટ્યૂટને શોભે એવી સમર્થ, સમૃદ્ધ અને વ્યવસ્થિત લાઇબ્રેરી વિદ્યાલય પાસે છે તેનું કારણ કોરા સાહેબનું પ્રેરક બળ છે. કોરા સાહેબને વાંચનનો શોખ ઘણો હતો. તેમની પાસે સારી લેખનશક્તિ ગુજરાતી અને અંગ્રેજી ભાષાની હતી, પરંતુ તેમણે પ્રસિદ્ધિની ખેવના રાખી નહોતી. પોતાના લખાણ નીચે પોતાનું નામ મૂકવાનો આગ્રહ તેઓ રાખતા નહિ. કેટલાક ગ્રંથોની પ્રસ્તાવના કે નિવેદન કે ભાષાંતર બીજાના નામે પ્રગટ થાય, પણ તે લખાણ લખી આપ્યું હોય કોરા સાહેબે.

કોરા સાહેબની આ લેખનશક્તિ, કલાદૃષ્ટિ અને સૂઝનું એક ઉત્તમ ઉદાહરણ તે વિદ્યાલયના વાર્ષિક રિપોર્ટ છે. ભૂલચૂક વગરના, સુઘડ મુદ્રણકળાવાળા, વ્યવસ્થિત ક્રમાનુસાર માહિતીવાળા રિપોર્ટ કલાની દૃષ્ટિએ પણ નમૂનેદાર અને સાચવી રાખવા ગમે એવા રહેતા.

કોરા સાહેબના જૈન સાહિત્ય, ઇતિહાસ અને કલાના રસના કારણે જ વિદ્યાલય તરફથી ' જૈન યુગ ' નામનું સામયિક ફરીથી પ્રકાશિત કરવા માટે પ્રબંધ થયો હતો. જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ તરફથી પ્રગટ થતું આ સામયિક આર્થિક સંજોગોના કારણે જ્યારે બંધ થયું ત્યારે તેના પુનર્પ્રકાશન માટે કોરા સાહેબે ભારે જહેમત ઉઠાવી હતી અને એના સંપાદક તરીકે એનું સંગીન કાર્ય કર્યું હતું. દુર્ભાગ્યે એ સામયિકનું પ્રકાશન લાંબો સમય ચાલી ન શક્યું. એનો રંજ કોરા સાહેબને રહ્યા કર્યો હતો.

કોરા સાહેબને જૈન સાહિત્યમાં ઘણો રસ છે એની પ્રતીતિ સ્વ. મોતીચંદ કાપડિયાને વિદ્યાલયના રજત જયંતી પ્રસંગે થઇ ચૂકી હતી. એ પ્રસંગે વિદ્યાલય તરફથી એક દળદાર સ્મારક ગ્રંથ પ્રગટ કરવામાં આવ્યો હતો જેનું સંપાદન કોરા સાહેબે કર્યું હતું. તેમાં ઉચ્ચ ધોરણના એટલા સરસ લેખો પ્રગટ થયા હતા કે વિદ્યાલયનો રજત જયંતી ગ્રંથ સાહિત્યનો એક સંદર્ભ ગ્રંથ બની ગયો હતો. વિદ્યાલય તરફથી ત્યાર પછી સુવર્ણ જયંતી ગ્રંથ અને વલ્લભસૂરિ સ્મારક ગ્રંથ જેવા દળદાર ગ્રંથો પ્રગટ થયા હતા. એ પણ અમૂલ્ય સંદર્ભ ગ્રંથની ગરજ સારે એવા બન્યા છે. આ બધાનો યશ કોરા સાહેબને ફાળે જાય છે.

વિદ્યાલયની આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર આગમ પ્રકાશનની યોજનાને નિમિત્તે કોરા સાહેબને પ. પૂ. પુણ્યવિજયજી મહારાજ અને ત્યારપછી પ. પૂ. શ્રી જંબુવિજયજી મહારાજના નિયમિત સંપર્કમાં રહેવાનું બનતું. આગમ પ્રકાશન શ્રેણીમાં જે દળદાર ગ્રંથો પ્રકાશિત થયા છે તેના વહીવટી કાર્યમાં કોરા સાહેબનું યોગદાન ઘણું મોટું છે. તેમણે એ જવાબદારી જો ન લીધી હોત તો આ ગ્રંથો આટલી વ્યવસ્થિત અને સુંદર રીતે પ્રકાશિત થયા હોત કે કેમ તે પ્રશ્ન છે. પ્રેસમાં વ્યવસ્થિત મેટર પહોંચાડવું, પ્રૂફ મહારાજશ્રીને પહોંચાડવા અને મહારાજશ્રીની સૂચના અનુસાર ભૂલો સુધારવામાં આવી છે કે કેમ તેનું ચીવટપૂર્વક નિરીક્ષણ કરી લેવું. મંત્રીઓ વતી નિવેદન તૈયાર કરવાં. આ બધું કાર્ય કોરા સાહેબ એકલા હાથે સંભાળતા. કોઇ જુદી હસ્તપ્રત મળી આવતાં પુણ્યવિજયજી મહારાજ છેલ્લી ઘડીએ ફેરફારો કરતા તો તે બધાને પહોંચી વળવા માટે કોરા સાહેબ ઘણી ચીવટ રાખતા.

વિદ્યાલયના આદ્ય મંત્રી સ્વ. શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયાએ પોતાને અર્પણ થયેલી થેલીની રકમ વિદ્યાલયને સાહિત્ય પ્રકાશન માટે આપી એ શ્રેણીના પ્રકાશન કાર્યમાં પણ કોરા સાહેબનું યોગદાન ઘણું મોટું રહ્યું છે. વિદ્યાલયના શ્રેષ્ઠિવર્ગને સાહિત્યમાં રસ ઓછો હોય તે દેખીતું છે એટલે સાહિત્યમાં રસ ધરાવનાર કોરા સાહેબ જેવી સંનિષ્ઠ વ્યક્તિ ન હોય તો વિદ્યાલયની પ્રકાશન પ્રવૃત્તિ ઘણી મંદ ગતિએ ચાલતી હોત. મોતીચંદભાઇના અપ્રકાશિત ગ્રંથોની હસ્તપ્રતો એમના ઘરેથી મેળવીને સંપાદિત કરાવીને એ પ્રકાશિત કરવા માટે પણ કોરા સાહેબે ભારે પુરુષાર્થ કર્યો હતો.

જૈન સાહિત્ય સમારોહને નિમિત્તે જુદા જુદા સાહિત્યકારોના નિકટના સંપર્કમાં રહેવાનું કોરા સાહેબ માટે બન્યું હતું. પોતાની નાદુરસ્ત તબિયત છતાં અને લગભગ સીત્તેરની ઉંમર વટાવી ચૂક્યા હોવા છતાં કોરા સાહેબ જૈન સાહિત્ય સમારોહનું આયોજન થાય ત્યારે ઉત્સાહમાં આવી જતા અને શારીરિક અગવડ વેઠીને પણ અમારી સાથે જોડાતા. જૈન સાહિત્ય એ એમના રસનો જીવંત વિષય હતો. તેમણે અમારી સાથે મહુવા, સુરત, સોનગઢ, ખંભાત, માંડવી (કચ્છ), પાલનપુર વગેરે સ્થળે સમારોહમાં વિદ્યાલયના મહામાત્ર તરીકે હાજરી આપી હતી. જે જે સ્થળે અમે ગયા ત્યાં વિદ્યાલયના અનેક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કોરા સાહેબને મળીને બહુ જ રાજી થતાં. પોતાની શાંત પ્રકૃતિ અનુસાર કોરા સાહેબ મંચ પર બેસવાની અને બોલવાની આનાકાની કરતા. પરંતુ એ બધા જ સમારોહમાં તેઓ ઉપસ્થિત રહીને તેની કાર્યવાહીમાં ચીવટપૂર્વક રસ લેતા. અને ઉપયોગી સૂચનો પણ કરતા.

સ્વ. મોહનલાલ દલીચંદ દેસાઇના ગ્રંથો 'જૈન ગુર્જર કવિઓ ભા. ૧, ૨, ૩ અપ્રાપ્ય બન્યા હતા. એની નવી આવૃત્તિની જરૂર હતી. વિદ્યાલય તરફથી ખંભાતમાં યોજાયેલા જૈન સાહિત્ય સમારોહમાં પ્રો. જયંતભાઇ કોઠારીએ એવું સૂચન કર્યું કે આ ગ્રંથની સુધારેલી નવી આવૃત્તિ પ્રગટ કરવાને વિદ્યાલય સમર્થ છે. વિદ્યાલયે એ કાર્ય ઉપાડી લેવું જોઇએ. આ સૂચનનો કોરા સાહેબે સહર્ષ સ્વીકાર કર્યો અને સાહિત્ય સમારોહમાં જ કોરા સાહેબે જાહેરાત કરી હતી કે વિદ્યાલય એ બાબતમાં જરૂરી ઠરાવ કરીને એનું પ્રકાશનકાર્ય હાથ ધરશે. આથી જૈન ગુર્જર કવિઓ જેવા દળદાર અધિકૃત અને અદ્વિતીય એવા ગૌરવ ગ્રંથનું પુનર્પ્રકાશન વિદ્યાલય દ્વારા શક્ય બન્યું. એથી વિશેષ લાભ તો એ થયો કે વિદ્યાલયની આ પ્રવૃત્તિથી પ્રેરાઇને સ્વ. મોહનલાલ દલીચંદ દેસાઇના સુપુત્ર શ્રી જયસુખભાઇએ રાજકોટના કાર્યક્રમમાં રૂપિયા એક લાખની રકમ સાહિત્ય પ્રકાશન માટે વિદ્યાલયને આપવાની જાહેરાત કરી હતી. વિદ્યાલય તરફથી ત્યારપછી શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇ કૃત ' સામયિક સૂત્ર' અને ' જિનદેવદર્શન' વગેરે અલભ્ય ગ્રંથો ફરીથી પ્રકાશિત થયા છે.

વિદ્યાલય ઉપરાંત જૈન વિદ્યોત્તેજક સહકારી મંડળ, ધી જૈન એસોશિએશન ઓફ ઇન્ડિયા, જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ, બી. એલ. ઇન્સ્ટિટ્યૂટ, શ્રી વલ્લભ સ્મારક (દિલ્હી), તથા અન્ય કેટલાંક ટ્રસ્ટોને કોરા સાહેબની વિશિષ્ટ સેવાઓનો લાભ મળ્યો હતો.

આમ, પૂજ્ય સ્વર્ગસ્થ કોરા સાહેબે પોતાની નિષ્ઠાવાન અમૂલ્ય સેવાઓ દ્વારા પોતાના દીર્ઘ જીવનને કૃતાર્થ કર્યું છે અને પોતાની સુવાસ ચોમેર પ્રસરાવી છે. તેમના આત્માની શાન્તિ માટે પ્રાર્થીએ છીએ ! □ □ □

**શ્રી મુંબઇ જૈન યુવક સંઘનાં નવાં પ્રકાશનો**

**શ્રી દીપચંદ ત્રિભોવનદાસ ગ્રંથ શ્રેણી ૭-૮**

**જિનતત્ત્વ ભાગ - ૪**

મૂલ્ય રૂા. ૨૦/૦૦

**પ્રભાવક સ્થવિરો ભાગ - ૨**

મૂલ્ય રૂા. ૨૦/૦૦

★ બંને ગ્રંથના લેખક ★

**ડૉ. રમણલાલ ચી. શાહ**

૦ પ્રકાશક ૦

**શ્રી મુંબઇ જૈન યુવક સંઘ**

૩૮૫, સરદાર વલ્લભભાઇ પટેલ માર્ગ,

મુંબઇ - ૪૦૦૦૦૪ • • • ફોન : ૩૫૦૨૯૬

નોંધ :- સંઘના સભ્યોને પ્રત્યેક પુસ્તક પંદર રૂપિયામાં આપવામાં આવશે.

# સંઘ આયોજિત વસંત વ્યાખ્યાનમાળા તથા 'આજનું ભારત' વિશે વાર્તાલાપ

અહેવાલ : ચીમનલાલ કલાધર

## ◻ વસંત વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત 'સ્વ. શ્રી ચીમનભાઈ ચકુભાઈ શાહ સ્મારક' વસંત વ્યાખ્યાનમાળા તા. ૮ મી એપ્રિલ, ૧૯૯૧ થી તા. ૧૦ મી એપ્રિલ, ૧૯૯૧ સુધી એમ ત્રણ દિવસ માટે ચર્ચગેટ ખાતેના ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના સભાગૃહમાં શ્રી અમર જરીવાલાના પ્રમુખસ્થાને યોજવામાં આવી હતી. વિષય હતો Problems Facing the Indian Democracy - ભારતીય લોકશાહીને સ્પર્શતા સળગતા પ્રશ્નો આ વ્યાખ્યાનમાળાના વક્તા હતા. પ્રખર કાયદા વિશારદ શ્રી નાની પાલખીવાલા, 'હિન્દુ' અખબારના તંત્રી શ્રી એન. રામ અને ખ્યાતનામ ધારાશાસ્ત્રી શ્રી એ. જી નુરાની. આ વ્યાખ્યાનમાળાનો સંક્ષિપ્ત અહેવાલ આ પ્રમાણે છે.

### ◻ શ્રી નાની પાલખીવાલા

શ્રી નાની પાલખીવાલાએ જણાવ્યું હતું કે ભારતમાં રાજકીય નેતાઓએ લોકશાહીના નામે વિવિધ રાજ્યો સાથે ભારે દગો કર્યો છે. રશિયન પ્રજાએ બહુમતીથી દેશની એક્તા જાળવી રાખવાની તરફેણ કરી છે, જ્યારે આપણે ત્યાં પંજાબ, કાશ્મીર અને આસામમાં અલગ સ્વતંત્ર રાજ્યની માંગણી થઈ રહી છે કારણ કે ધીમે ધીમે બધી સત્તા કેન્દ્ર સરકારમાં કેન્દ્રિત થઈ ગઈ છે. રાજબંધારણ પ્રમાણે માત્ર મહત્ત્વના ઉદ્યોગો જ કેન્દ્રને હસ્તક રાખવાની જોગવાઈ છે. પણ ધીમે ધીમે આજે ૯૩ ટકા ઉદ્યોગો પર કેન્દ્ર સરકારનું નિયંત્રણ છે. સીમરજીતસિંહ માને તાજેતરમાં જણાવ્યું હતું કે પંજાબ સ્વતંત્ર હોત – એના ઉદ્યોગો પર કેન્દ્ર સરકારનો કાબુ ન હોત તો પંજાબની પ્રગતિ બમણી થઈ હોત. આસામને તેમની રોયલ્ટી અને ચાના બગીચાના નામે, ગુજરાતને તેલની રોયલ્ટીના નામે, ઓરિસ્સાને નિકાસમાં શૂન્યાંક ભાગ આપીને લૂંટવામાં આવે છે. આ બધા રાજ્યો સ્વતંત્રતાની માંગણી ન કરે તો શું કરે ? તામિલનાડુની પણ આવી જ સ્થિતિ છે. ભારતની સરકાર રાજ્યોનો સંઘ છે. કેન્દ્રની સરકાર બધુ જ વર્ચસ્વ ધરાવે એવી જોગવાઈ રાજબંધારણમાં નથી. આજે ભારતની લોકશાહી ગંભીર પ્રશ્નોનો સામનો કરી રહી છે. આજે આપણી સમસ્યા ભારતનું પાયમાલ અર્થતંત્ર, તેના લબાડ રાજકરણીઓ, વધતી જતી વસતી અને દેશના મોટા ભાગની જનતામાં રહેલી નિરસતા છે. વળી, આપણે વિશ્વની આર્થિક પ્રગતિની દોડમાં ઘણા પાછળ રહી ગયા છીએ.

### ◻ શ્રી એન. રામ

ખ્યાતનામ 'હિન્દુ' અખબારના તંત્રી શ્રી એન. રામે જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક વર્ષો દરમિયાન વિવિધ લોકશાહી સંસ્થાઓનું કરવામાં આવેલું અવમૂલ્યન વિવિધ રાજકીય પક્ષોમાં આંતરિક સંઘર્ષ, સુમેળનો અભાવ, કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના માંદા સંબંધો, ન્યાયતંત્રની ખામીઓ, રાષ્ટ્રીય એક્તાનો પ્રશ્ન, નિરક્ષરતા અને દેશની મહિલાઓને થતા અન્યાયને લીધે ભારતની લોકશાહી સળગતા પ્રશ્નોના જ્વાળામુખી ઉપર ઊભી છે. આજે આપણી સંસદીય પદ્ધતિ અત્યંત ખામી ભરેલી છે. સુબ્રમણ્યમ સ્વામી લોકસભાના સ્પીકર સાથે જે રીતે વર્તાવ કરી શકે તે જ બતાવે છે કે સંસદમાં નિયમોની કેટલી ઊણપ વર્તાય છે. આજે અન્ય વહીવટી તંત્રોની જેમ દેશના મુખ્ય આધાર સમા ન્યાયતંત્રમાં પણ ગેરવ્યવસ્થા જોવા મળે છે. દેશની મોટાભાગની અદાલતોમાં ન્યાયમૂર્તિ જેવા ઉચ્ચ હોદ્દાની જગ્યા પૂરવામાં આવતી નથી. આ ઉપરાંત આજે મોટા ન્યાયમૂર્તિઓ સામે આંગળી ચીંધવામાં આવી રહી છે. દેશની સમસ્યાઓનો ઉકેલ લાવવા પ્રાથમિક શિક્ષણને ફરજિયાત કરવું જોઈએ. ભારત સરકારે છ થી ચૌદ વર્ષના બાળકો માટે ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો કાયદો ઘડવો જોઈએ અને મહિલાઓને થતા અન્યાયોનું નિર્મૂલન થવું જોઈએ.

### ◻ શ્રી એ. જી. નુરાની

સુપ્રસિદ્ધ ધારાશાસ્ત્રી શ્રી એ. જી. નુરાનીએ પોતાના પ્રવચનમાં કહ્યું હતું કે ભારતમાં છેક ૧૯૬૭ થી ચૂંટણી કાયદામાં સુધારો થયો નથી. આજના સંજોગોને ધ્યાનમાં લેતાં આ કાયદામાં ક્ષતિઓ ઊભી થઈ છે. જેને દુરસ્ત કરવાની તાતી જરૂર છે. જો આપણે લોકશાહીનું પતન થતું અટકાવવું હોય તો ચૂંટણીઓને લગતા કાયદાઓમાં વહેલામાં વહેલી તકે સુધારા કરવા જોઈએ. આજની ચૂંટણીમાં 'મની' અને 'મસલ' નું જોર વધ્યું છે તે લોકશાહી માટે ખતરનાક ચિહ્ન છે. જો આ બે દુષણોને ખાળવામાં નહિ આવે તો લોકશાહીનો જલદી અંત આવશે. મુખ્ય ચૂંટણી કમિશ્નર તરીકે વિવાદસ્પદ ટી. એન. શેષનની નિમણૂક તદ્દન અયોગ્ય છે. લોકશાહીને સુદ્દઢ કરવા માટે 'નેશનલ કમિશન' સ્થાપવું જોઈએ. હાઈકોર્ટના ન્યાયમૂર્તિની બદલી સીધી સરકાર કરી શકે નહિ અને આ કમિશનની ભલામણથી બદલી કરી શકાય. પોલિસોને પ્રધાનો અને નેતાઓ જ ભ્રષ્ટ કરે છે. કોઈ પણ પ્રધાન કોઈ પણ વ્યક્તિની ધરપકડનો આદેશ પોલિસને આપી શકે નહિ. રાજકારણીઓએ પોલિસની કામગીરીમાં હસ્તક્ષેપની આદત સંપૂર્ણ બંધ કરવી જોઈએ.

વ્યાખ્યાનમાળાના પ્રારંભે સંઘના મંત્રી શ્રી નિરુબહેન એસ. શાહે સ્વાગત પ્રવચન કર્યું હતું. પ્રમુખ સ્થાનેથી શ્રી અમર જરીવાલાએ વ્યાખ્યાનમાળાની રૂપરેખા આપવાની સાથે ત્રણે વ્યાખ્યાતાઓનો પરિચય આપ્યો હતો. સંઘના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે પુષ્પગુચ્છથી વ્યાખ્યાતાઓનું સ્વાગત કર્યું હતું. ત્રણે દિવસના વ્યાખ્યાનના અંતે અનુક્રમે સંઘના મંત્રી શ્રી પ્રવીણચંદ્ર કે. શાહે, શ્રી સુબોધભાઈ એમ. શાહે અને શ્રી કે. પી. શાહે આભારવિધિ કરી હતી.

## ◻ વાર્તાલાપ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે ગુરુવાર, તા. ૧૧ મી એપ્રિલ, ૧૯૯૧ ના રોજ ચર્ચગેટ ખાતેના ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના કમિટિરૂમમાં શ્રી અમર જરીવાલાના પ્રમુખસ્થાને INDIA TO-DAY- 'આજનું ભારત' – એ વિષય પરનો એક વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. વક્તાઓ હતા. સુપ્રસિદ્ધ પત્રકાર શ્રી રાહુલ સિંહ, હિન્દુસ્તાની આંદોલનના સંયોજક શ્રી મધુ મહેતા અને જાણીતા અર્થશાસ્ત્રી શ્રી રામુ પંડિત. વાર્તાલાપનો સંક્ષિપ્ત અહેવાલ નીચે પ્રમાણે છે.

શ્રી રાહુલ સિંહે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે આજે દેશમાં કાળુ નાણું રાજકારણીઓ, અમલદારો અને ઉદ્યોગપતિ પાસે જ મુખ્યત્વે છે. આ ત્રણ ક્ષેત્રમાં હજારો કરોડ રૂપિયાનું કાળું નાણું છે તે બહાર કઢાવવાની આવશ્યકતા છે. આપણા દેશમાં પ્રવર્તતી અશાંતિ અને અસ્થિરતા માટે નિરક્ષરતા અને વસ્તીવધારો જવાબદાર છે. ભ્રષ્ટ રાજકારણીઓએ પોતાના સ્વાર્થ માટે આ દેશને દેવાળીઓ બનાવી દીધો છે. મૂલ્યો અને નીતિમત્તાને જાણે અભરાઈ પર ચઢાવી દીધા છે.

શ્રી મધુ મહેતાએ પોતાના પ્રવચનમાં કહ્યું હતું કે મહાત્મા ગાંધીની રામ રાજ્યની ભાવના આપણે ભૂલી ગયા છીએ. અને તેથી જ દેશની આવી ભયંકર હાલત થઈ છે. આપણે 'વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે' – એ પંક્તિઓને ચરિતાર્થ કરીને મહાત્મા ગાંધીએ સેવેલ સ્વપ્નને પૂરું કરવાનું છે. આ કાર્ય માટે ૫૦૦ જેટલા સુશિક્ષિત, સમજદાર અને મૂલ્યનિષ્ઠ વ્યક્તિઓની જરૂર છે. આજે ચારિત્ર વિનાના નેતાઓ દેશને બરબાદ કરી રહ્યા છે. પંડિત જવાહરલાલ નહેરુની રાજનીતિએ આ દેશને બેહાલ કરી મૂક્યો છે.

શ્રી રામુ પંડિતે પોતાના વ્યાખ્યાનમાં જણાવ્યું હતું કે આપણા દેશમાં નવા અને નાના ઉદ્યોગપતિઓને તક મળતી નથી અને મોટા ઉદ્યોગગૃહો નાના અને નવા ઉદ્યોગપતિને બજારમાં આવવા દેતા નથી. ભારત આજે ઇજનેરો તૈયાર કરવામાં વિશ્વમાં ત્રીજા નંબરે છે, જ્યારે મેનેજમેન્ટ કન્સલ્ટન્સને તૈયાર કરવામાં વિશ્વમાં બીજા નંબરે આવે છે. આવતા શતકમાં આ દેશમાં મધ્યમવર્ગના લોકોની લોકશાહી પદ્ધતિ રહેશે.

પ્રારંભમાં શ્રી અમર જરીવાલાએ સ્વાગત પ્રવચન કરવાની સાથે વ્યાખ્યાતાઓનો પરિચય આપ્યો હતો. સંઘના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે, શ્રી રાહુલ સિંહને, મંત્રી શ્રી નિરુબહેન એસ. શાહે, શ્રી રામુ પંડિતને અને કોષાધ્યક્ષ શ્રી પન્નાભાઈ શાહે શ્રી મધુ મહેતાને પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કર્યું હતું. વાર્તાલાપના અંતે શ્રી સુબોધભાઈ એમ. શાહે આભારવિધિ કર્યા બાદ કાર્યક્રમની સમાપ્તિ થઈ હતી. ◻ ◻ ◻

(14)



# સ્વ. કોરા સાહેબ

### ◻ રમણલાલ ચી. શાહ

જૈન સમાજની ખ્યાતનામ સંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ભૂતપૂર્વ મહામાત્ર શ્રી કાન્તિલાલ ડાહ્યાભાઈ કોરાનું તા. ૨૧ મી મેના રોજ મુંબઈમાં અવસાન થતાં વિદ્યાલયે પોતાનો એક આધારસ્તંભ અને જૈન સમાજે એક વિશિષ્ટ સંનિષ્ઠ કાર્યકર ગુમાવ્યો છે. જીવનના પાંચ દાયકાથી વધુ સમય એક જ સંસ્થાના વિકાસમાં પોતાનાં સમય અને શક્તિ આપવાં એ વિરલ ઘટના છે. વળી પાંચ દાયકા સુધી કામ કરવાની શક્તિ ટકી રહેવી એ પણ સદ્‌ભાગ્યની વાત છે.

સ્વ. કોરા સાહેબનો મારા પ્રત્યેનો પ્રેમ એક વત્સલ પિતા જેવો હતો. ૧૯૪૪ માં વિદ્યાલયમાં હું વિદ્યાર્થી તરીકે જોડાયો ત્યારથી અમારો સ્નેહસંબંધ ઉત્તરોત્તર ગાઢ થતો રહ્યો હતો. અમારા રસના વિષયો જૈન સાહિત્ય અને ઈતિહાસના સમાન હતા એથી પણ પરસ્પર આત્મીયતા વધતી રહી હતી.

વિદ્યાલયના મંત્રી તરીકે બે વર્ષ મેં કાર્ય કર્યું ત્યારે કોરા સાહેબને ફોનથી અથવા રૂબરૂ અઠવાડિયામાં ત્રણચાર વાર મળવાનું થતું. મારાં સમય અને શક્તિ નાનાં નાનાં વહીવટી કાર્યોમાં વપરાઈ જાય છે તેને બદલે લેખન–અધ્યયનમાં વપરાય તો સારું એ પ્રત્યે તેઓ વારંવાર મારું ધ્યાન દોરતા અને તેથી જ એ વહીવટી જવાબદારીમાંથી હું વેળાસર મુક્ત થઈ શક્યો હતો.

કોરાસાહેબે યુવાન વયે ઈ.સ. ૧૯૩૭ માં શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં ગૃહપતિની જવાબદારી સ્વીકારી હતી. વિદ્યાલયના આદ્યમંત્રી અને પ્રાણસમા શ્રી મોતીચંદભાઈ કાપડિયાએ કોરાસાહેબની શક્તિને સારી રીતે પિછાણી હતી અને તેથી જ તેઓ કોરા સાહેબને વિદ્યાલયમાંથી ખસવા દેતા નહોતા. મોતીચંદભાઈ દ્વારા કોરા સાહેબ પ. પૂ. શ્રી વલ્લભસૂરિના પરિચયમાં આવ્યા હતા અને એમણે કોરા સાહેબને જીવનપર્યંત વિદ્યાલયની સેવા કરવાની આશિષ આપી હતી. આથી વિદ્યાલય એ કોરા સાહેબનું જીવનક્ષેત્ર બની ગયું હતું. પાંચ દાયકામાં હજારો વિદ્યાર્થીઓના સંપર્કમાં તેઓ આવ્યા અને તેમના માર્ગદર્શક બન્યા. વકીલો, દાક્તરો, ઈજનેરો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો, અધ્યાપકો, વગેરે જૈન સમાજના ઉચ્ચતર સ્તરની અનેક નામાંકિત વ્યક્તિઓ દેશ વિદેશમાં કોરા સાહેબને પ્રેમથી આજે પણ સંભારે છે.

ઈ. સ. ૧૯૪૪ માં મેટ્રિકની પરીક્ષા પાસ કરીને હું શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં દાખલ થયો ત્યારે પૂ. કોરા સાહેબનો પહેલોવહેલો પરિચય થયો. મારો પહેલો જ અનુભવ કંઈક વિલક્ષણ હતો. વિદ્યાલયમાં પ્રવેશ મળ્યાનો પત્ર લઈને દાખલ થવા માટે હું ઓફિસમાં ગયો ત્યારે એક મુખ્ય મોટા ટેબલ પાસે બેઠેલો વડીલ સજ્જન તે ગૃહપતિ હશે એમ માનીને મેં એમને પત્ર આપ્યો. ત્યારે એમણે કહ્યું, ' આ પત્ર મને નહિ, સાહેબને આપો.' એક નાના ટેબલ પાસે કોરા સાહેબ બેઠેલા હતા. મેં પત્ર તેમને આપ્યો. પણ હું મૂંઝવણમાં પડ્યો કે ઓફિસમાં વરિષ્ઠ અધિકારી જેવા સાહેબનું ટેબલ આટલું નાનું અને બીજા કર્મચારીનું ટેબલ આટલું મોટું એવું કેમ હશે ? પણ પછીથી ખબર પડી કે ખુદ કોરા સાહેબ પોતે જ પોતાનું નાનુ ટેબલ રાખીને કામ કરવામાં રાજી હતા. પછીનાં વર્ષોમાં તો કોરા સાહેબ ઓફિસમાં એક ખૂણામાં બારી પાસે પોતાનું નાનું ટેબલ રાખીને કામ કરતા. તેઓ પોતાના ટેબલ ઉપર ટેલિફોન ક્યારેય રાખતા નહિ. પોતાનો ટેલિફોન હોય તો ઊભા થઈને લેતા અથવા પ્યૂન એમને રિસિવર પહોંચાડતો.

કોરા સાહેબનો પહેરવેશ અત્યંત સાદો હતો. તેઓ ખમીસ, ધોતીયું અને કોટ પહેરતા. ધોતીયું તેઓ દક્ષિણી ઢબથી બેય બાજુ કાછડી વાળીને પહેરતા. તેમનો કોટ હંમેશા ક્રીમ કલરનો કે આછા બદામી રંગનો રહેતો. ચંપલ પણ ઘણું ખરું ખાદી ભંડારના એક જ સ્ટાઈલના પહેરતા. કોલેજમાં તેઓ અભ્યાસ કરતા હતા ત્યારથી તે વિદ્યાલયમાં જોડાયા અને ત્યાર પછી જીવનના અંત સુધી આ એક જ પ્રકારનો પહેરવેશ એમણે ચાલુ રાખ્યો હતો. કોરા સાહેબે M. A. નો અભ્યાસ ઝેવિયર્સ કોલેજમાંથી ઈતિહાસ અને ભારતીય સંસ્કૃતિના વિષય સાથે કરેલો. એ વખતે વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી ઓછી હતી અને પ્રત્યેક વર્ષના વિદ્યાર્થીઓનો ગ્રૂપ ફોટો ઈતિહાસના વિભાગમાં ટાંગવામાં આવતો. હું પણ ઝેવિયર્સ કોલેજનો વિદ્યાર્થી હતો એટલે એ ફોટાઓ મેં નજરે જોયેલા છે. એ વખતે એ ફોટામાં વર્ગના તમામ વિદ્યાર્થીઓ કોટ–પાટલુન પહેરેલા જોવા મળતા ત્યારે એક માત્ર કોરા સાહેબનો ફોટો ધોતીયું, ખમીસ અને કોટ પહેરેલો જોવા મળતો. વસ્ત્રની આ સાદાઈ એમના જીવનમાં આરંભથી જ સારી રીતે વણાઈ ગઈ હતી.

આરંભના વર્ષોમાં તો કોરા સાહેબ ગૃહપતિ તરીકે વિદ્યાલયના one in all જેવા હતા. અલબત્ત, ત્યારે ફક્ત ગોવાલિયા ટેન્કની શાખા જ હતી અને વિદ્યાર્થીઓની સંખ્યા પણ ઓછી હતી. પરંતુ કોરા સાહેબ વિદ્યાર્થીઓનાં એડમીશનનું કાર્ય સંભાળે, કોલેજો સાથે પત્ર વ્યવહાર કરે, વિદ્યાર્થીની કોલેજમાં હાજરી, તેમનાં પરિણામો વગેરેની ફાઈલોની દેખરેખ રાખે. રોજ રાત્રે નવ વાગે રોલકોલ લેવા આવે. બપોરે ત્રણથી પાંચ લાઈબ્રેરીમાં બેસીને પુસ્તકો વિદ્યાર્થીઓને આપે. કોઈ કોઈ દિવસ રાતના અગિયાર–બાર વાગે surprize visit તરીકે વિદ્યાર્થીઓની રૂમમાં અચાનક આંટો મારવા આવી જાય. રસોડામાં ધ્યાન રાખે. હિસાબો સંભાળે. બેન્કનું કામકાજ સંભાળે. અને લગભગ રોજ એક કલાક બધો અહેવાલ આપવા મંત્રી શ્રી મોતીચંદભાઈ કાપડિયા અથવા શ્રી ચંદુલાલ સારાભાઈ મોદીની ઓફિસે એકાદ કલાક મળી આવે. એમની નોકરી એટલે ચોવીસ કલાકની નોકરી ગણાતી. વિદ્યાલયનાં બધાં જ કાર્ય તેઓ હોશપૂર્વક અને કાર્યદક્ષતાપૂર્વક કરતા.

સમય જતાં વિદ્યાલયની શાખાઓ અમદાવાદ, વડોદરા, પૂના, વિદ્યાનગર, ભાવનગર, અંધેરી વગેરે સ્થળે સ્થપાઈ તેમાં પણ તેમનું યોગદાન ઘણું મોટું રહ્યું છે. સાત શાખાઓના કેન્દ્રિય વહીવટની જવાબદારી મુખ્ય સૂત્રધાર તરીકે તેઓ ઘણી સારી રીતે વહન કરતા. વખતોવખત સમિતિના સભ્યો અને હોદ્દેદારોમાં ફેરફારો થયા કર્યા, પણ મુખ્ય સૂત્રધાર તરીકે તો પૂરા પાંચ દાયકા સુધી કોરા સાહેબ જ રહ્યા. આવી એકધારી સેવા વિદ્યાલયના વિકાસના ઈતિહાસમાં અજોડ રહેશે.

કોરા સાહેબ નિષ્ઠાવાન હતા. પોતાને સોંપેલી જવાબદારી સારી રીતે વહન કરતા. વિદ્યાર્થીઓની આવી સંસ્થાઓમાં રજિસ્ટ્રાર, કે ડાયરેક્ટર તરીકે સત્તા ભોગવતી વ્યક્તિ પાસે પૈસા કે ચીજવસ્તુનાં કેટલાય પ્રલોભનો ઊભાં થાય. પૂરેપૂરી નીતિમત્તા સાચવવાનું સહેલું નથી. પરંતુ કોરા સાહેબ એ બાબતમાં આરંભથી જ અત્યંત સાવધ હતા. વિદ્યાલયના રસોડેથી કોઈ વસ્તુ કે વાનગી કોરા સાહેબના ઘરે ગઈ હોય એવું બને જ નહિ. આટલી બધી ખરીદી થાય અને આટલો મોટા વહીવટ હોય છતાં કોરા સાહેબના હાથ ક્યારેય કાળા ન થાય. તેઓ એટલા બધા ચુસ્ત હતા કે મને યાદ છે કે એક વખત વિદ્યાલયના કાર્યક્રમ માટે બહારગામ જવાનું હતું અને કોરા સાહેબનું આવવાનું પાછળથી નકકી થયું ત્યારે કોઈકની વધેલી ટિકિટ કોરા સાહેબને આપવામાં આવી ત્યારે એમણે કહ્યું કે બીજાના નામની ટિકિટ ઉપર હું પ્રવાસ કરતો નથી. અને એટલા માટે એ પ્રવાસમાં તેઓ જોડાયા નહોતા.

કોરા સાહેબની વહીવટી શક્તિ અદ્‌ભુત હતી. નાનામાં નાના કામથી માંડીને મોટામાં મોટાં કામ તેઓ જાતે કરતા. અમે વિદ્યાલયમાં હતા ત્યારે વિદ્યાર્થીઓની આવેલી ટપાલની યાદી પોતે રોજેરોજ હાથે લખીને બોર્ડ પર મૂકતા. રોજ કેટલાય કાગળોના સરનામાં પોતાના હાથે કરતા. બીજી બાજુ વ્યવસ્થાપક સમિતિની સભાની મિનિટસ તૈયાર કરવી. બંધારણમાં ફેરફારો કરવાને લગતી કાર્યવાહી કરવી, ચેરિટી કમિશ્નર કે કોલેજના પ્રિન્સિપાલો સાથે કે યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરો સાથે અંગ્રેજીમાં પત્ર વ્યવહાર કરવો આવાં બધાં મહત્વનાં કામ પણ તેઓ કરતા. કોરા સાહેબ અત્યંત ચીવટવાળા અને સારી યાદશક્તિ ધરાવનારા હતા. એમને સોંપેલું કામ અચૂક થયું જ હોય. કોઈ પણ કામમાં કોરા સાહેબને મારે બીજીવાર યાદ દેવરાવવું પડ્યું

(વધુ માટે જુઓ પૃષ્ઠ ૧૧ )

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ સ્થળ : ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪.
ટે.નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન : ટેન્ડ્ર પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ – ૪૦૦ ૦૦૪.

વર્ષ : ૨● અંક : ૭ ● તા. ૧૬-૭-૧૯૯૧ Regd. No. MH. BY / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂ. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## સ્વ. ચન્દ્રવદન મહેતા

સુપ્રસિદ્ધ નાટ્યકાર શ્રી ચંદ્રવદન ચીમનલાલ મહેતાનું વડોદરામાં તા. ૪થી મે, ૧૯૯૧ ના રોજ નેવું વર્ષની ઉંમરે અવસાન થયું. એમના અવસાનના સમાચાર મને અમેરિકામાં મારા પુત્ર ચિ. અમિતાભને ત્યાં બોસ્ટનમાં હું હતો ત્યારે મળ્યા. એ સાંભળતાં જ એક સમર્થ સાહિત્ય સ્વામી અને ઉષ્માભર્યા વડીલ સ્વજન ગુમાવ્યાનું દુઃખ અનુભવ્યું.

'ઇલાકાવ્યો'ના કવિ, 'આગગાડી', 'નાગાબાવા', 'મૂંગી સ્ત્રી' વગેરે નાટ્યકૃતિઓના લેખક, 'બાંધ ગઠરિયાં', 'છોડ ગઠરિયાં' 'રેડિયો ગઠરિયાં' વગેરે ગઠરિયાંઓના સર્જક, ભારતમાં અને વિદેશોમાં કેટકેટલી પરિષદોમાં પ્રમુખસ્થાન ધરાવનાર, ઓલ ઇન્ડિયા રેડિયોના ડાયરેક્ટર, રણજિતરામ સુવર્ણચન્દ્ર અને એવા બીજા ચન્દ્રકો અને પારિતોષિકો મેળવનાર, આઝાદીની લડતમાં સત્યાગ્રહી તરીકે ભાગ લેનાર, ગાંધીજીના 'નવજીવન' માં સંપાદકીય કાર્યવાહી કરનાર, પદ્મશ્રીનો ઇલ્કાબ ધરાવનાર, કેટલીક યુનિવર્સિટીઓમાં વિઝિટિંગ પ્રોફેસરનું નિમંત્રણ મેળવનાર, માનાર્હ ડૉક્ટરેટની પદવી પ્રાપ્ત કરનાર, સતત પ્રવાસ કરનાર, અનેક કુટુંબો સાથે ઘરોબો ધરાવનાર તરવરાટવાળા, મિજાજે કડક અને દિલથી કોમળ એવા ચંદ્રવદન મહેતા સર્વતોમુખી પ્રતિભા ધરાવનાર 'જિનિયસ' હતા. ઉમાશંકર જોશી, સુંદરમ અને સ્નેહરશ્મિના અવસાન પછી ચંદ્રવદનની વિદાયથી ગાંધીયુગના ત્રીસીના સર્જક કવિલેખકોનો યુગ હવે આથમી ગયો હોય તેવું ભાસે છે.

ચંદ્રવદન મહેતાને મેં પહેલાવહેલા જોયા અમારી ઝેવિયર્સ કોલેજમાં ૧૯૪૪ માં. અમારા પ્રાધ્યાપક કવિ બાદરાયણ એમને વ્યાખ્યાન માટે અમારા વર્ગમાં લઇ આવ્યા હતા. સાહિત્યમાં મને રસ હતો અને કોલેજકાળમાં જે નાટકો વાંચ્યાં હતા તેમાં ચંદ્રવદનનાં નાટકો બહુ રસથી મેં વાંચ્યાં હતાં. એટલે વર્ગમાં તેઓ જયારે આવ્યા ત્યારે 'આગગાડી', 'નાગાબાવા', 'મૂંગી સ્ત્રી' વગેરેના લેખક તરીકે તેમને પહેલીવાર સાંભળવા મળ્યા. તેમનું વક્તવ્ય સ્પષ્ટ અને ધારદાર, ક્યારેક કટાક્ષમય હતું અને બેપરવાઇનો રણકો તેમાં સાંભળવા મળે. નાટકના સંવાદો અભિનય સાથે બોલતા. વ્યાખ્યાન પૂરું થયા પછી અમારા વિદ્યાર્થી મિત્રોમાં વાત સાંભળવા મળી કે ચંદ્રવદનને પોતાની પત્ની સાથે છૂટાછેડા લીધા છે. એ દિવસોમાં આવા સમાચાર બહુ આઘાતજનક ગણાતા. આવા સરસ લેખક સાથે એમની પત્નીને કેમ નહિ બન્યું હોય તેવો પ્રશ્ન અમારા વિદ્યાર્થી માનસને સતાવતો રહ્યો હતો. પછીથી તો એમના વિચ્છિન્ન દામ્પત્યજીવનની અને ચંદ્રવદનની ખેલદિલીની ઘણી વાતો જાણવા મળી હતી. કેટલીક વાતો તો ત્યાર પછી એમના મુખેથી પણ સાંભળી હતી.

ચંદ્રવદન સાથે પત્ર વ્યવહારનો પહેલો પ્રસંગ મારે ૧૯૪૮ માં થયો હતો. હું 'સાંજ વર્તમાન'ના તંત્રી વિભાગમાં પત્રકાર તરીકે કામ કરતો. મારા મિત્ર શ્રી મીનુ દેસાઇ સાથે 'મનીષા' નામના સોનેટ સંગ્રહનું સંપાદન હું કરતો હતો. એ વખતે સોનેટ છાપવા માટે અનુમતિ મેળવવા ગુજરાતના કવિઓને અમે પત્રો લખેલા. એમાં સૌથી ઉમળકાભર્યો સહકાર ચંદ્રવદન તરફથી મળેલો. કેટલાકે પુરસ્કારની નાની રકમનો વાંધો પાડેલો, કેટલાકે જાતજાતની શરતો કરેલી. પરંતુ ચંદ્રવદને લખેલું કે ' તમારે મારાં જે સોનેટ છાપવાં હોય તે છાપશો. મારે પુરસ્કારની રકમ જોઇતી નથી. તમે યુવાન છો, ઉત્સાહી છો, બિનઅનુભવી છો અને ગાંઠના પૈસા ખરચીને સંપાદન છપાવવાના છો. એટલે હું પુરસ્કાર લેવાનો નથી.' એમના ઉષ્માભર્યા ઉત્તરથી અમને બહુ જ આનંદ થયો. ત્યારપછી પુસ્તક છપાઇ જતાં તેની નકલ આપવા અમે વડોદરા ગયા હતા અને એમને રૂબરૂ મળ્યા હતા. તે વખતે પણ એટલી જ ઉષ્માથી એમણે અમને આવકાર આપ્યો હતો અને અમારી સાથે સાહિત્ય જગતની ઘણી વાતો કરી હતી. અલબત્ત આ અલ્પ સમયની એક ઔપચારિક મુલાકાત હતી.

ચંદ્રવદનને મુંબઇમાં સભાઓમાં અને રેડિયો ઉપર અનેકવાર સાંભળ્યા હતા. પરંતુ અમારો પરસ્પર નિકટનો પરિચય ખાસ થયો ન હતો. મારા કરતાં ઉંમરમાં તેઓ પચીસ વર્ષ મોટા એટલે એ અંતર તો હતું જ. પરંતુ કુદરતી રીતે જ એમની સાથે ઇ. સ. ૧૯૭૦ સુધી મારે વિશેષ અંગત પરિચયમાં આવવાનું થયું ન હતું.

એક વખત ફાર્બસ ગુજરાતી સભામાં જોડાયેલા શ્રી ભૃગુરાય અંજારિયાએ મને કહ્યું કે ' ચંદ્રવદન તમને મળવા માગે છે' તે સાંભળીને મને બહુ જ આનંદ થયો. ચંદ્રવદન ફરતા ફરે. વડોદરામાં વધારે રહે અને મુંબઇમાં મિટિંગ કે કાર્યક્રમ હોય ત્યારે આવે. એટલે એમના એક કાર્યક્રમના અંતે શ્રી ભૃગુરાયે મારા માટે મળવાનું ગોઠવ્યું હતું. મળ્યા ત્યારે ચંદ્રવદનને કહ્યું કે 'ઝાલા સાહેબ અને મનસુખલાલ ઝવેરી પાસેથી તમારું નામ તો ઘણાં વર્ષોથી સાંભળ્યું છે, પરંતુ પરિચય બહુ થયો નથી.' પછી મુખ્ય વાત કરતાં એમણે કહ્યું કે 'ગુજરાત સાહિત્યના સંશોધન ક્ષેત્રમાં તમે કામ કરો છો અને મુંબઇ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ છો. એટલે મારી ઇચ્છા તમને ફાર્બસ ગુજરાતી સભાની સમિતિમાં લેવાની છે. ' મે કહ્યું પણ હું તો ફાર્બસનો સભ્ય નથી.' તો તરત એમણે આજ્ઞા કરી કે તરત સભ્ય થઇ જાવ. પછી ભૃગુરાયને એ માટે તરત સૂચના આપી દીધી. હું ફાર્બસનો સભ્ય થયો અને પછી સમિતિમાં જોડાયો. ત્યાર પછી ચંદ્રવદનને અનેકવાર મળવાનું થયું. સમય જતાં એમની સાથે મજાકમસ્કરી કરી શકાય એવી એક પ્રકારની અત્યંત નિકટની આત્મીયતા સધાઇ ગઇ.

ફાર્બસની સમિતિમાં જોડાયા પછી ચંદ્રવદનને નિયમિત મળવાનું થતું ગયું. દરેક મિટિંગમાં પછીની મિટિંગની તારીખ નક્કી થઇ જાય, કારણ કે ચંદ્રવદન અનેક ઠેકાણે ફરતા ફરે. એમની ડાયરી ત્રણચાર મહિના અગાઉથી ભરાયેલી હોય. કેટલીક વાર તો છ આઠ મહિના પછીની એમની તારીખ

કોઈક સંસ્થાએ કે યુનિવર્સિટીએ એમની પાસે નક્કી કરાવી લીધી હોય. ફાર્બસની અમારી મિટિંગ પૂરી થાય એટલે ચંદ્રવદન ડાયરી કાઢે. તારીખ વિચારાય. કોઈક તારીખ અમે સૂચવીએ તો તેઓ ના પાડે. અમે પૂછીએ કે 'તમે રોકાયેલા છો એ દિવસે ?' તો કહે, 'ના રોકાયેલો નથી, પણ એ દિવસે અમાસ છે. દિવસ સારો નથી.' ચંદ્રવદન જ્યોતિષના જાણકાર હતા અને શુભાશુભ દિવસ કે ચોઘડિયાંનો અગાઉથી વિચાર કરતા. આમ છતાં તેઓ વહેમી નહોતા.

ફાર્બસની અમારી મિટિંગમાં જ્યોતીન્દ્ર દવે મંત્રી હતા. ચંદવદન અને જ્યોતીન્દ્ર બંને સમવયસ્ક. બાળપણ બંનેનું સૂરતમાં વીતેલું. બંને સૂરતનાં ઘણાં સંસ્મરણો વાગાળે. સૂરતના એક જૂની પેઢીના પ્રકાશક બંનેનાં પુસ્તકો વગર પૂછે છાપી નાખે અને રોયલ્ટીની રકમ આપે નહિ. એ માટે જ્યોતીન્દ્ર પોતાનું દુઃખ વ્યક્ત કરે, પણ સૌજન્યશીલ સ્વભાવને કારણે લખે નહિ કે ઉઘરાણી કરે નહિ. ચંદ્રવદન રોયલ્ટીની બાબતમાં બેફિકર, પણ ખીજાય તો પ્રકાશકને ધધડાવીને કાગળ લખે..

ચંદ્રવદન અને જ્યોતીન્દ્રનાં ઘણાં સ્મરણો આ રીતે અમારી મિટિંગમાં તાજાં થાય. બંને મિટિંગના સમય કરતાં અડધોકલાક કે કલાક વહેલા આવીને બેઠા હોય. એમના અનુભવો સાંભળવા મળે એટલે હું પણ વહેલો પહોંચ્યો હોઉં, બંનેને કેટલાયે જાહેર કાર્યક્રમોમાં સતત જવાનું હોય એટલે એમની વાતો અનુભવ સમૃદ્ધ હોય. બંને ખેલદિલ પણ એટલા જ. એમનો એક લાક્ષણિક અનુભવ ભુલાય એવો નથી. એક વખત સૂરતની કોઈ એક સંસ્થાએ એક કાર્યક્રમ માટે પ્રમુખ તરીકે જ્યોતીન્દ્ર દવેને નિમંત્રણ આપ્યું. સંસ્થાના બીજા કોઈ કાર્યકર્તાએ એ જ કાર્યક્રમ માટે ભૂલથી ચંદ્રવદન મહેતાને પ્રમુખ તરીકે પધારવા માટે નિમંત્રણ આપેલું. બંને કાર્યક્રમમાં પહોંચ્યા ત્યારે ખબર પડી કે કંઈક ગોટાળો થયેલો છે. કાર્યકર્તાઓ મૂંઝાયા. જ્યોતીન્દ્ર અને ચંદ્રવદન ખેલદિલ એટલે ગુસ્સો ન કર્યો. બંનેએ તોડ કાઢ્યો કે કાર્યક્રમમાં એક પ્રમુખને બદલે બે પ્રમુખ રહે. પ્રમુખ તરીકે અડધું વાક્ય ચંદ્રવદન બોલે અને તે વાક્ય જ્યોતીન્દ્ર પૂરું કરે. પછી અડધું વાક્ય જ્યોતીન્દ્ર બોલે અને તે ચંદ્રવદન પૂરું કરે. આમ સભાના પ્રમુખ બે પણ ભાષણ એક રહે. આ રીતે અડધો કલાક બંનેએ વારા ફરતી બોલીને કાર્યક્રમને વધુ રસિક, સફળ અને યાદગાર બનાવ્યો હતો.

ફાર્બસમાંથી ભૃગુરાય અંજારિયા છૂટા થયા પછી સમિતિમાં પણ થોડા ફેરફારો થયા. સમિતિના ઘણા સભ્યો કોટ વિસ્તારમાં કામ કરે અને સાંજને સમયે ફાર્બસ સુધી પહોંચવાનું અઘરું પડે એટલે મિટિંગ પણ કોટ વિસ્તારમાં બોલાવાતી. અડધો કલાક કે કલાક વહેલા આવવાને ટેવાયેલા ચંદ્રવદન એકલા બેઠા મૂંઝાય. એક વખત મને કહે 'સંસ્થાની મિટિંગ સંસ્થાના કાર્યાલયમાં હોય એમાં જ એનું ગૌરવ છે. બીજે મિટિંગ થાય છે તે મને પસંદ નથી.' ફાર્બસનું પ્રમુખપદ આજીવન હોય છે. અગાઉના પ્રમુખો એ રીતે આજીવન રહેલા. ચંદ્રવદનને ફાર્બસમાંથી પ્રમુખ તરીકે રાજીનામું આપ્યું. ઉંમરને કારણે હશે એમ મેં માન્યું. એ પ્રમુખ સ્થાનથી જવાબદારી મારે માથે આવી. મેં એમના આશીર્વાદ માટે પત્ર લખ્યો. એમણે પત્રમાં શુભાશિષ સાથે પોતાના દુઃખની વાત કરી. છૂટા થવામાં ઉંમરનું કોઈ કારણ નથી, કારણ કે હજુ આખી દુનિયામાં પોતે દોડાદોડ કરે છે, પરંતુ ફાર્બસમાં પોતાને રસ રહે એવું હવે વાતાવરણ નથી. અન્ય પણ કેટલાંક કારણો એમને પત્રમાં લખ્યાં અને રૂબરૂ મળ્યા ત્યારે પણ જણાવ્યાં.

ચંદ્રવદન એકલા અને વળી ફરતા રામ. આથી તેઓ અનેક લોકોના અંગત સંપર્કમાં આવેલા હોય. એમની યાદશક્તિ પણ સારી. બધાના સ્વભાવથી પણ પરિચિત હોય. ચંદ્રવદનને મળીએ એટલે જૂના વખતના અનેક અનુભવોની વાતો પણ સાંભળવા મળે. ચંદ્રવદન નાટકના ક્ષેત્રના મહારથી. જૂની રંગભૂમિ ઉપર ભજવાયેલાં નાટકો પણ એમણે લગભગ બધાં જ જોયેલાં. મુંબઈમાં આંખના નિષ્ણાત ડૉ. ડી.જી. વ્યાસ સંગીત અને નાટ્યકલાના પ્રેમી હતા. તેઓ પણ જૂની રંગભૂમિ પર ભજવાતાં નાટકોના શોખીન અને સારા અભ્યાસી હતા. કેટલાયે નાટકોના સંવાદો તેમને મોઢે રહેતા. તેમનો કંઠ પણ મધુર. તેઓ ભારતીય અને પાશ્ચાત્ય સંગીતની સારી જાણકારી ધરાવે. નાટકોનાં ગીતોની કેટલીયે પંક્તિઓ પણ તેમને કંઠસ્થ રહેતી. તેઓ અને ચંદ્રવદન મળે એટલે નાટકની દુનિયાની ઘણી વાતો નીકળે. સંવાદો બોલાય, ગીતો લલકારાય. સમય ક્યાં પસાર થઈ જાય તેની ખબર ના રહે. એક વખત ચંદ્રવદનની આંખનું ઓપરેશન ડૉ. ડી. જી. વ્યાસ કરવાના હતા. ઓપરેશન ટેબલ ઉપર ઓપરેશન કરતાં કરતાં ડૉ. વ્યાસે ચંદ્રવદન સાથે કોઈક નાટકની વાત કાઢી. ચંદ્રવદન ઓપરેશન ટેબલ પરના પેશન્ટ છે એ તેઓ ભૂલી ગયા. ચંદ્રવદન કહેતા તે પ્રમાણે ડૉક્ટર સાહેબે તો રંગમાં આવી જઈને એક નાટકના સંવાદ બોલવાનું ચાલુ કર્યું. મારી આંખમાં ચીપીયો ભરાવેલો હતો. પછીથી ડૉક્ટર હાથમાં ઓજારો સાથે ગીત લલકારવા લાગ્યા. થોડી વાર તો ડૉક્ટરને કહેવું કે ન કહેવું તેના વિચારમાં ચંદ્રવદન પડી ગયા. પણ છેવટે ચંદ્રવદને ટકોર કરવી પડી કે 'ડૉક્ટર સાહેબ, પહેલાં ઓપરેશન પૂરું કરો. પછી નાટકની વાત કરીશું.'

ચંદ્રવદન સભાસંચાલનમાં ઔપચારિકતાના ખૂબ આગ્રહી હતા. આપણે ત્યાં ભારતમાં સભા સંચાલનની બાબતમાં ઔપચારિકતા સાચવવા અંગે ઘણી શિથિલતા પ્રવર્તે છે. કેટલાક સંચાલનો તો ઢંગધડા વગરનાં થતાં હોય છે. પ્રમુખસ્થાને બેઠેલી વ્યક્તિને છેલ્લે બે મિનિટ બોલવા મળે તો મળે. ફાલતુ વક્તાઓ માઈક જલદી છોડી નહિ. પ્રમુખ કે મંત્રીની કાર્યવાહી તેમને પૂછ્યા વગર ત્રીજા જ કોઈ કાર્યકર્તા કરી નાખે. પ્રમુખને બદલે બીજા જ કોઈ માણસો મંચ ઉપર આવી પ્રમુખે કરવાની જાહેરાતો કરી નાખે. જેમનું સ્થાન મંચ ઉપર હોવું ન ઘટે તેવી વ્યક્તિઓને સભામાંથી લોકો કે કાર્યકર્તાઓ આગ્રહ કરીને મંચ ઉપર લઈ આવે અને બેસાડે. આવા ઘણા ખરાં પ્રસંગોમાં ઔપચારિકતાનો ભંગ થતો હોવાનું જાણતા હોવા છતાં પ્રમુખ કે મંત્રી સૌજન્યશીલ રહીને મૌન સેવતા હોય છે. પરંતુ ચંદ્રવદન એ બાબતમાં હંમેશા સ્પષ્ટ વક્તા રહેતા. કોઈને માઠું લાગે તો તેની પરવા કરતા નહિ.

એક વખત ગુજરાતના એક નગરમાં ચંદ્રવદન મહેતાના પ્રમુખસ્થાને ગુજરાતીના અધ્યાપકોનું સંમેલન યોજવામાં આવ્યું હતું. હું પણ એમાં ઉપસ્થિત હતો. સભાની કાર્યવાહી પ્રમુખ તરીકે ચંદ્રવદન સંભાળતા હતા. એમની બાજુમાં સંમેલન માટે નિમંત્રણ આપનાર કોલેજના આચાર્ય બેઠા હતા. એક વિષયની ચર્ચા ચાલતી હતી. ચર્ચા લાંબી ચાલી અને મોડું થતું હતું એટલે આચાર્યશ્રીએ ઊભા થઈ કહ્યું ' આ ચર્ચા આપણે અહીં પૂરી કરીએ છીએ.' તરત ચંદ્રવદને ઊભા થઈ આચાર્યશ્રીને કડક અવાજે પૂછ્યું ' સભાના પ્રમુખ તમે છો. કે હું છું ? તમે આવી જાહેરાત કેવી રીતે કરી શકો ?' પછી સભાને તેમણે કહ્યું, 'આપણી ચર્ચા ચાલુ રહે છે. હું કહીશ ત્યારે બંધ થશે.'

મદ્રાસમાં યોજાયેલા ગુજરાતી સાહિત્ય પરિષદના સંમેલનમાં પણ ચંદ્રવદનના પ્રમુખસ્થાને બેઠક ચાલતી હતી. ત્યાં સભામાં ગર્વનર આવી પહોંચ્યા. કેટલાક લોકોએ ગર્વનરને મંચ ઉપર બેસાડવા માટે લઈ આવ્યા. ત્યારે ચંદ્રવદન એટલો વખત મંચ ઉપરથી ઊતરીને નીચે શ્રોતાઓમાં બેસી ગયા હતા. ગર્વનરના ગયા પછી એમણે મંચ ઉપર આવીને આ પ્રકારની કાર્યવાહીના પોતે સખત વિરોધી છે એવો સ્પષ્ટ સૂર દર્શાવ્યો હતો.

ચંદ્રવદને નિવૃત્ત થયા ત્યાં સુધી રેડિયોની નોકરી કરેલી. રેડિયોના કાર્યક્રમો ઘડિયાળના મિનિટના અને સેકન્ડના કાંટા પ્રમાણે ચાલે. રેડિયોની આ શિસ્ત બ્રિટિશ અધિકારીઓએ દાખલ કરેલી. ત્યારથી એ શિસ્ત સચવાઈ રહી છે. રેડિયોમાં કામ કરવાને લીધે અને પોતાની પણ એવી જ પ્રકૃતિને કારણે ચંદ્રવદન સમયપાલનના ચુસ્ત આગ્રહી હતા. કોઈ પણ સભામાં જવાનું હોય તો તેઓ નિયત સમય કરતાં વહેલા જ પહોંચ્યા જ હોય. સભા સંચાલન જો પોતે કરવાનું હોય તો ઘડિયાળના ટકોરે કરે, પછી ભલે ગમે તેટલી ઓછી હાજરી હોય. કોઈ સભામાં તેમનું વ્યાખ્યાન રાખવામાં આવ્યું હોય અને ખબર પડે કે કાર્યકર્તાઓએ આગળ પાછળ ઘણું બધું ભરી દીધું છે તો તેઓ મુખ્ય કાર્યકર્તાને એટલું જ કહેતા કે તમારે જે રીતે કાર્યક્રમ ચલાવવો હોય તેમ ચલાવો, પરંતુ મારો સમય થશે એટલે હું હોલ છોડીને જતો રહીશ. પછી ભલે મારો બોલવાનો વારો આવે કે ન આવે.' ચંદ્રવદન એવી કડક રીતે કહેતા કે સભાના કાર્યકરોને તે વાતને ગંભીરપણે લઈને આયોજનમાં ફેરફાર કરવા પડતા.

ચંદ્રવદન ઔપચારિકતાના આગ્રહી હતા તેનો બીજો પણ એક પ્રસંગ યાદ આવે છે. સાહિત્યના કેટલાંક પુસ્તકો પ્રકાશિત કરનાર એક ટ્રસ્ટ તરફથી

કુમારના તંત્રી શ્રી બચુભાઇ રાવતનું અભિવાદન કરવાનો એક કાર્યક્રમ મુંબઇમાં ચંદ્રવદનના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યો હતો. ચંદ્રવદન એ કાર્યક્રમ માટે મુંબઇમાં બે દિવસ અગાઉ આવી ગયા હતા પરંતુ કાર્યક્રમમાં તેઓ ઔપચારિકતા ન સચવાયાને કારણે ઉપસ્થિતિ રહ્યા ન હતા. મુંબઇમાં તેઓ આવ્યા કે તરત જ મેં એમનો સંપર્ક સાધ્યો હતો અને બચુભાઇના કાર્યક્રમની વાત નીકળી હતી. તેમણે કહ્યું કે 'હા, કાર્યક્રમના નિમંત્રણ કાર્ડમાં મારું નામ પ્રમુખ તરીકે છપાયું છે. પરંતુ હું તેમાં આવવાનો નથી.' એ સાંભળી મને આશ્ચર્ય થયું. કારણ પૂછ્યું તો કહે કે આયોજકે ત્રણેક મહિના પહેલાં અમસ્તા ક્યાંક અમે મળ્યા ત્યારે મારી મૌખિક સંમતિ લીધી હતી, પરંતુ મેં સ્પષ્ટ કહ્યું હતું કે ' તમારો લેખિત નિમંત્રણ પત્ર આવશે એટલે હું તમને લખીને સંમતિ જણાવીશ' પરંતુ આજ દિવસ સુધી તેમનો કોઇ પત્ર આવ્યો નથી કે તેમણે મારો કોઇ સંપર્ક સાધ્યો નથી. કાર્યક્રમ માટે તેઓ ક્યારે ક્યાં મને તેડવા આવશે તેની કશી જ વાત થઇ નથી. તેમણે માની લીધું લાગે છે કે હું શોધતો શોધતો હોલમાં પહોંચી જઇશ. પણ હું આ કાર્યક્રમ હાજર રહેવાનો નથી. આપણા ગુજરાતી આયોજકોની આયોજન અંગે પોતાની શી શી જવાબદારી હોય છે એની પણ પૂરી સમજ હોતી નથી.'

કોઇ સભામાં જરૂર જણાય તો ચંદ્રવદન પોતાના વકતવ્યનો સમય પહેલાં જણાવી દે અને પછી બરાબર એટલી જ મિનિટ બોલે. કોઇ સભામાં પોતે પ્રમુખ હોય અને કોઇ વકતા આપેલી સમયમર્યાદા કરતાં વધારે લાંબું બોલવા જાય તો ચંદ્રવદન ઊભા થઇ વકતાની પાસે જઇને ઊભા રહે. એટલે સભાને તો ખબર પડી જ જાય અને વકતા પણ સમજી જાય. કોઇ વકતા ન સમજે તો તેઓ સ્પષ્ટ શબ્દોમાં પૂરું કરવાનું કહે. આવે પ્રસંગે ચંદ્રવદન કોઇની શરમ ન રાખે.

સભામાં ચદ્રવદન નિયત સમય કરતાં વધારે ન બોલે. આપેલા સમય જેટલી તૈયારી અચૂક કરીને લાવ્યા હોય. પૂર્વતૈયારી વગર ચંદ્રવદન બોલવા ન જાય. એક વખત અમારા શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ચદ્રવદનને પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપવા નિમંત્રણ આપેલું. પચાસ મિનિટનું વ્યાખ્યાન હતું. સભાના પ્રમુખ તરીકે મેં એમનો પરિચય આપ્યો અને કહ્યું કે ' ચંદ્રવદનભાઇ સમયનું ચુસ્ત પાલન કરનારા છે. પરંતુ તેઓ દસ પંદર મિનિટ વધારે લેશે તો પણ અમને ગમશે..' ચંદ્રવદને પોતાનું વ્યાખ્યાન ચાલુ કર્યું, પણ અડધા કલાકમાં પૂરું કરીને બેસી ગયા. અલબત્ત, વિષયને પૂરો ન્યાય આપ્યો. પણ ઓછો સમય લીધો એથી મને આશ્ચર્ય થયું. સભા પૂરી થઇ પછી મેં એમને પૂછ્યું. 'કેમ આટલો ઓછો સમય લીધો ?' તેમણે કહ્યું, ' કારણ કોઇને કહેવાય એવું નથી. કોઇને કહીએ તો ગાંડા ગણે. પણ તમને કહેવામાં વાંધો નથી. ગઇકાલે વડોદરાથી નીકળીને સવારે મુંબઇ આવ્યો અને ચા-નાસ્તો કરવા બેઠો ત્યારે ખબર પડી કે દાતનું ચોકઠું તો વડોદરા ભૂલી ગયો છે. મને એમ કે ચોકઠા વગર કલાક બોલવામાં વાંધો નહિ આવે, પણ વીસ મિનિટ બોલ્યો ત્યાં તો જડબાં દુખવા આવ્યાં. બોલવાની મઝા નહોતી આવતી. એટલે કહેવું તો ઘણું હતું, પણ પછી તરત પૂરું કરી નાખ્યું.'

ચંદ્રવદન સાથે વાત કરવામાં ઔપચારિક રહીએ તો તે તેમને ગમે નહિ. 'ચંદ્રવદનભાઇ' કહીએ તો પણ લઢે. મિત્ર તરીકે જ તેઓ વાત કરવા ચાહે. તેઓ મારા કરતા ઉમરમાં પચીસ વર્ષ મોટા હતા. પરિચય થયા પછી શરૂ શરૂમાં મેં એમને એક પત્ર લખ્યો હતો અને સંબોધન તરીકે ' પિતાતુલ્ય શ્રી ચંદ્રવદનભાઇ' એમ લખ્યું હતું. એમણે એ પત્રનો જવાબ ન આપ્યો.. મળ્યા ત્યારે મને ધધડાવ્યો. મારા ઉપર ચીડાઇને કહે 'આવું કેમ લખો છો ? આપણે તો મિત્રો છીએ.' મેં કહ્યું કે 'આપ વડીલ છો અને પિતાતુલ્ય છો. માટે એમ લખવું તે મારું કર્તવ્ય છે' એમણે કહ્યું 'આવું બધું ધતિંગ છોડો. દોસ્તીના દાવે પત્ર લખશો તો જ જવાબ આપીશ.' પછી વાતને મજાકનો વળાંક આપીને એમણે કહ્યું કે 'રમણભાઇ, તમે આવું શું કામ લખ્યુ છે તેની મને ગંધ આવી ગઇ છે. તમારી દાનત મારા દીકરા થઇને મારી પચીસ -પચાસ લાખ રૂપિયાની જે મિલ્કત છે તે વારસા તરીકે તમે પડાવી લેવા ઇચ્છો છો. પણ હું તમને મારી મિલ્કત લેવા નહિ દઉં.' મેં કહ્યું, ' તમે રણજિતરામ સુવર્ણચંદ્રક વેચીને પૈસા વાપરનારા છો. તમારી પાસેથી વારસામાં પચીસ પચાસ લાખની નહિ, પાંચપંદર હજારની આશા રાખવી એ પણ વ્યર્થ છે.'

ચંદ્રવદનની પત્ર લખવાની એક જુદી શૈલી હતી. તેઓ કેટલીય વાર પોસ્ટકાર્ડ લખે તો તેના આગળનો ભાગ કોરો રાખે અને સરનામાની ડાબી બાજુ એક બે લીટી લખી હોય. તેઓ ઘણીવાર તારની ભાષામાં પત્ર લખતા. પત્રમાં તેઓ તારીખ, પોતાનું સરનામું કે સંબોધન કે બીજું કશું લખતા નહિ અને છેલ્લે પોતાનું નામ પણ લખતા નહિ. અજાણ્યાને ખબર ન પડે કે આ કોનો પત્ર છે. કોઇ વાર એમનું કાર્ડ મારા ઉપર આવ્યું હોય. આખા કાર્ડમાં માત્ર એટલું જ લખ્યું હોય : 'મંગળવાર : ચાર : ફાર્બસ.' તો સમજી લેવાનું કે મંગળવારે ચાર વાગે ફાર્બસ પર મારે તેમને મળવાનું છે.

શ્રી ચંદ્રવદને મુંબઇની એલફિસ્ટન કોલેજમાં અભ્યાસ કર્યો હતો. તેઓ કવિ નરસિંહરાવના વિદ્યાર્થી હતા. નરસિંહરાવ પાસે અભ્યાસ કરનારા તેજસ્વી વિદ્યાર્થીઓમાં ચંદ્રવદનના સમયમાં કવિ બાદરાયણ, સુંદરજી બેટાઇ, અમીદાસ કાણકિયા, ગૌરીપ્રસાદ ઝાલા, રમણ વકીલ વગેરે હતા. આ બધામાં ચંદ્રવદન સિનિયર હતા. એમની સાથે ગુજરાતી વિષય ન લેનાર વર્ગના બીજા તેજસ્વી વિદ્યાર્થીઓમાં ચીમનલાલ ચકુભાઇ શાહ, મીનુ મસાણી વગેરે હતા. એ દિવસોમાં કોલેજના વિદ્યાર્થીઓ એકબીજાને નામના ટૂંકા અક્ષરે બોલાવતા. ચંદ્રવદન ચીમનલાલને બધા સી. સી. કહેતા. તેવી જ રીતે ચીમનલાલ ચકુભાઇને પણ બધા સી.સી. કહેતા. એથી તેઓ બંને વચ્ચે ઘણીવાર નામનો ગોટાળો થતો. એક વખત ચીમનલાલ ચકુભાઇને ચંદ્રવદનને મળવાની ઇચ્છા થઇ. ત્યારે હું ચંદ્રવદનને લઇને તેમના ઘરે ગયો હતો. દાખલ થતાં જ ચંદ્રવદન બોલ્યો કે 'ઘણાં વર્ષે સી. સી. સી. સી. ને મળે છે. ' અમે બેઠા તે દરમિયાન તેઓ બંને વચ્ચે પોતાના કોલેજકાળનાં કેટલાયે સંમસ્રણો તાજાં થયાં. તેઓ બંને ત્યારે એંશીની ઉમર વટાવી ચૂકયા હતા એટલે પોતાના સમકાલીન કેટલાય વિદ્યાર્થી મિત્રોની વાત થતી ત્યારે તેમાં કોણ ક્યારે ક્યાં કેવી રીતે ગુજરી ગયા તેની વાત નીકળતી. પોતાના સમકાલીન એક માત્ર મીનુ મસાણી હયાત છે એવું ત્યારે જાણવા મળ્યું હતું. ચીમનભાઇએ પૂછ્યુ કે 'એંસીની ઉમરે તમે આટલી બધી દોડાદોડી કેવી રીતે કરી શકો છો ? હું તો કયાંય જઇ શકતો નથી ' ચંદ્રવદને કહ્યું, ' મારે આગળપાછળની કશી ચિંતા નથી. ઘરબાર નથી. માલ મિલ્કત નથી. આખો દિવસ લખું છું, વાંચુ છું. ક્યાંથી ક્યાં જાઉં છું. પણ શરીર સારું રહેવાનું એક મુખ્ય કારણ એ છે કે ભાવે એવું માપસર ખાઉં છું. કોઇના આગ્રહને વશ થતો નથી. અને વર્ષોથી રોજ નિયમિત ત્રિફળાં લઉં છું.'

વર્ષોથી એકલા રહેવાને કારણે ચંદ્રવદનને જાતે રસોઇ કરવાનો મહાવરો ઘણો સારો થઇ ગયો હતો. છેલ્લાં કેટલાય વર્ષથી તેઓ સયાજીરાવ યુનિવર્સિટીની હોસ્ટેલમાં (મનુભાઇ મહેતા હોલમાં) બીજે માળે રહેતા હતા. હોસ્ટેલના રસોડે જમવું હોય તો એમને જમવાની છૂટ યુનિવર્સિટી તરફથી મળેલી હતી. છતાં તેઓ પોતે પોતાના રૂમમાં હાથે રસોઇ કરીને જમતા, અલબત્ત તેમને મિત્રો-સંબંધીઓના ઘરેથી જમવાના ઘણાં નિમંત્રણ ચાલુ મળતાં રહેતાં. એટલે કેટલીય વાર હાથે રસોઇ કરવાનું રહેતું નહિ. આમ છતાં રસોઇની તેમને આળસ નહોતી. એમના હાથની રસોઇ જમવાના પ્રસંગો મારે કેટલીકવાર થયા છે. વડોદરા યુનિવર્સિટીની કોઇ મિટિંગ માટે કે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના કામકાજ માટે કે કોઇ સાહિત્યિક કાર્યક્રમ માટે મારે વડોદરા જવાનું થયું હોય તો મનુભાઇ મહેતા હોલ પર જઇને શ્રી ચંદ્રવદનભાઇને અચૂક મળવાનું રાખતો. કેટલીક વાર પત્ર લખીને અગાઉથી જણાવતો. તો કેટલીક વાર અચાનક જઇ ચડતો. કોઇ કોઇ વાર મુંબઇથી રાતની ગાડીમાં બેસી બીજે દિવસે પરોઢિયે વડોદરા ઊતરતો તો સીધો ચંદ્રવદન પાસે પહોંચી જતો. તેઓ ચા બનાવે અને અમે સાથે પીતા. તેમનો સ્વભાવ એટલો કડક અને આગ્રહી છતાં એટલો જ પ્રેમભર્યો રહેતો કે તેઓ ચા બનાવતા હોય કે રસોઇ કરતા હોય અને હું એમની પાસે જઇને કહું ' લાવો કંઇ મદદ કરું ' તો તેઓ ગુસ્સામાં કહેતા, ' છાનામાના ખુરશીમાં બેસી જાવ, મારે તમારી મદદની કઇ જ જરૂર નથી, એમનાં અવાજમાં આગ્રહ ભર્યો

રણકો એવો રહેતો કે તરત ખુરશીમાં બેસી જવું પડતું. નેવું વર્ષની ઉમરે પણ ચંદ્રવદન જેમ એકલા બધે પ્રવાસ કરતા તેમ હાથે રસોઇ કરતા અને તે શોખથી કરતા. ગુજરાતી સાહિત્યકારોના અંગત જીવનની આ એક અદ્વિતીય ઘટના છે. છેલ્લે છેલ્લે હોસ્ટેલમાં જ્યારે એમને મળ્યો ત્યારે સયાજીરાવ યુનિવર્સિટીની કથળેલી સ્થિતિ, વિદ્યાર્થીઓની હડતાલો, તોફાનો, વડોદરાનાં રમખાણો એ બધા માટે તથા સમગ્ર દેશની પરિસ્થિતિ માટે તેઓ બળાપો કાઢતા.

મુંબઇ યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે મારી નિમણૂક થયા પછી ચંદ્રવદને ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં સરસ વ્યાખ્યાનો આપેલાં. એ વ્યાખ્યાનો એમને તરત છપાવવાં હતા. મને કહે ' તમારી મુંબઇ યુનિવર્સિટી પોતાનો કોપીરાઇટ હોવાથી વ્યાખ્યાનો બીજે છાપવા માટે વ્યાખ્યાતાને સંમતિ આપતી નથી અને ઘણાં વર્ષોથી પોતે કોઇનાં વ્યાખ્યાનો છાપતી નથી. હું મરી જાઉં પછી મારાં વ્યાખ્યાનો છાપવામાં કોને રસ પડવાનો છે ? માટે હું તો એ વ્યાખ્યાનો છપાવી નાખવાનો છું. કોપીરાઇટના ભંગ માટે યુનિવર્સિટીને જે પગલાં લેવાં હોય તે ભલે લે. મને તેનો ડર નથી. હું ક્યાં પૈસા કમાવા માટે વ્યાખ્યાનો છપાવવાનો છું ? ' મેં તેમને કહ્યું કે મુંબઇ યુનિવર્સિટીનો કોપીરાઇટ છે પણ તે માટે તેનો આગ્રહ નથી. વ્યાખ્યાનોની સામગ્રીમાં તમારે ઘણા સુધારા વધારા કરવા જ છે તો નવા નામથી વ્યાખ્યાનોનું સંવર્ધિત લખાણ છપાવશો તો કોપીરાઇટનો ભંગ નહિ થાય અને તમારું પુસ્તક વેળાસર છપાઇ જશે.' ચંદ્રવદને એ પ્રમાણે એ વ્યાખ્યાનો ઘણા સુધારા વધારા કરીને નવેસરથી નવા નામે પુસ્તક છપાવ્યું હતું. ( જો કે ત્યાર પછી મુંબઇ યુનિવર્સિટીએ વ્યાખ્યાનો બીજે છપાવવા માટે સંમતિ આપવાનું ચાલુ કર્યું છે.)

ચંદ્રવદન પત્રવ્યવહારમાં બહુ જ નિયમિત. પત્ર લખ્યો હોય તો તરત જવાબ આવ્યો હોય. વળી નવું નવું વાંચે, વિચારે અને લખે, ' પ્રબુદ્ધ જીવન' માટે જ્યારે જ્યારે લેખ લખવા મેં એમને પત્ર લખ્યો હશે ત્યારે થોડા દિવસમાં જ એમનો લેખ આવ્યો હોય. દરેક વખતે કોઇ નવો જ વિષય એમણે લીધો હોય.

ચંદ્રવદનને મારા માટે એટલી લાગણી કે જ્યારે પણ ઘરે આવવા કહ્યું હોય ત્યારે આવ્યા જ હોય. ઘરે ઊતરવા માટે કહું તો કહે ' પદ્માને ત્યાં મને વધુ ફાવે. એમનો જૂનો નોકર વર્ષોથી મારી બધી ટેવ જાણે. એટલે ખાવાપીવાનું, નહાવાનું, સૂવાનું બધું વ્યવસ્થિત ગોઠવાઇ જાય છે.' પદ્માબહેન અને એમના પતિ વસંતભાઇ બહારગામ હોય અને ઘરમાં ફક્ત નોકર હોય તો પણ ચંદ્રવદન એમને ત્યાં જ ઊતરે. પદ્માબહેન ચંદ્રવદનનાં દીકરી જેવાં, પરંતુ ચંદ્રવદન પદ્માબહેનને પોતાની 'માતા' તરીકે ઓળખાવે (એ વિશે 'કુમાર' માં એમણે લખેલું પણ ખરું) પદ્માબહેન જ્યારે ચંદ્રવદન સાથે વાત કરે ત્યારે 'ચાંદામામા' તરીકે સંબોધન કરે.

ચંદ્રવદનને મારે એક પુસ્તક અર્પણ કરવું હતું. પણ હું રહ્યો સંશોધનના ક્ષેત્રનો માણસ. સંશોધનના વિષયનું પુસ્તક તેઓ વાંચે કે ન વાંચે તો પણ મારું 'ધન્ના શાલિભદ્ર ચોપાઇ' પુસ્તક મેં એમને અર્પણ કરવાનું નક્કી કર્યું. એમણે ના પાડી, છતાં એ અર્પણ કર્યું અને એના અર્પણપૃષ્ઠમાં મેં એમને માટે નીચેની કવિતા લખી.

'ચંદ્રવદન ને ચાંદામામા, ચં.ચી. ને વળી સી.સી.જી
રખે ન વાંચો એવો તમને ગ્રંથ અર્પણ કરતો જી,
'મને શેં અર્પણ, રમણભાઇ ? હું નથી શાલિભદ્રજી
શીલભદ્ર કે શીલાભદ્ર કે નથી હું વળી ધન્નાજી,
'ભલે ન હો તમે શાલિભદ્ર, કે વળી હો ન ધન્નાજી;
ગ્રંથ અર્પણ કરીને તમને થાતો હું કંઇ ધન્ના (ધન્ય) જી.
નાટકો બહુ લખ્યાં જોયાં ને ફર્યા દેશવિદેશે જી
ગઠરિયાંઓ બાંધી બહુ ને છોડી કંઇક અનેરી જી.
ધન્નાશાલિ જેવું કથાનક જોયું હશે ન કશે જી;
નાટક એનું લખશો તમે તો થાશે મન પ્રસન્ના જી.

મને એમ હતું કે જૂની ગુજરાતી ભાષાનું આવું પુસ્તક ચંદ્રવદન કદાચ નહિ વાંચે. પણ સુખદ આશ્ચર્ય સામે મારે કહેવું જોઇએ કે ચંદ્રવદન આખો ગ્રંથ વાંચી ગયા અને મને કહે કે આ તો સરસ જૈન કથા છે. નાટ્યાત્મક અંશોથી ભરપૂર છે.' ત્યાર પછી એક વખત એમણે પત્ર લખેલો કે 'ધન્નાશાલિભદ્ર' નું નાટક લખાઇ ગયું છે.' એમણે લખેલું આ નાટક જોવા મળે તે પહેલાં તો તેઓ વિદાય થઇ ગયા.

ચંદ્રવદન વડોદરાના. એમના પિતાશ્રીએ રેલ્વેમાં નોકરી કરેલી. એટલે બાલ્યકાળથી જ ચંદ્રવદનને રેલ્વેની મુસાફરીની આદત પડી ગયેલી. રેલ્વેની એમની જાણકારી પણ એટલી બધી. કેટલાંક વર્ષ પહેલાં એમણે એક વર્તમાનપત્રમાં રેલ્વેએ સમયપત્રકમાં અને અન્ય સુધારા કેવા કેવા કરવા જેવા છે તે વિશે રોજ એક નવું ચર્ચાપત્ર લખવાનું ચાલુ કરેલું. જો તેમને ભારતના રેલ્વે પ્રધાન બનાવ્યા હોત તો ભારતની રેલ્વે ખરેખર આધુનિકતાથી સુસજ્જ અને કરકસરવાળી હોત !

વડોદરામાં જ્યારે ત્યાં સયાજીરાવ યુનિવર્સિટીની સ્થાપના થઇ ત્યારે તેના પ્રથમ વાઇસ ચાન્સેલર તથા લેખિકા શ્રીમતી હંસાબહેન મહેતાને વડોદરાના નવલકથાકાર રમણલાલ વ. દેસાઇ તથા ઉમાશંકર જોષીએ ભલામણ કરી હતી કે કોઇથી ન બંધાય એવા આ ભટકતા અલગારી શકિતશાળી લેખક ચદ્રવદન મહેતાને એમની શરતે તમે યુનિવર્સિટીના 'ખીલે બાંધશો' તો ગુજરાતી સાહિત્યને એથી ઘણો લાભ થશે.'

હંસાબહેને એ સૂચન સ્વીકારી લીધું. યુનિવર્સિટીમાં એક ખાસ ઠરાવ કરાવીને ચંદ્રવદન જીવે ત્યાં સુધી યુનિવર્સિટીની હોસ્ટેલમાં રહી શકે અને વિઝિટિંગ પ્રોફેસર તરીકે કામ કરી શકે એમ નક્કી કરાવ્યું આથી ચંદ્રવદનને એક મથક મળી ગયું અને એથી જ તેઓ છેલ્લા ચાર દાયકામાં આટલું બધું લેખનકાર્ય કરી શક્યા. ચંદ્રવદન હંસાબહેનનો ઉપકાર ભૂલે નહિ. મુંબઇ આવે ત્યારે હંસાબહેનને વખતોવખત મળી આવે. એકાદ વખત હું પણ એમની સાથે હંસાબહેનને ઘરે ગયેલો.

ચંદ્રવદન ક્યારે મિજાજ ગુમાવશે એ કહી શકાય નહિ. જમવા બેઠા હોય અને કોઇ આગ્રહપૂર્વક તેમના ભાણામાં પ્રેમથી વધારે પીરસે તો ચંદ્રવદન ચીડાઇને ઊભા થઇ જાય. હાથ ધોઇ નાખે. એમના મિજાજને ઉમાશંકર બરાબર જાણે અને છતાં તેઓ ચંદ્રવદન પ્રત્યે એટલો જ પ્રેમ ધરાવે. એક વખત ચંદ્રવદન, ઉમાશંકર અને સુંદરજી બેટાઇ મારે ઘરે જમવાના હતા. ઉમાશંકરને પુરણપોળી બહુ ભાવે. ચંદ્રવદનને સૂકી તળેલી ગુવારસિંગ બહુ ભાવે. બેટાઇ મરચાં વિનાનું ખાય. ચંદ્રવદનનો પહેરવેશ વખતોવખત જુદો જુદો રહેતો. પહેલાં તો તેઓ કસવાળું કેડિયું પહેરતા. કોઇ વાર તેઓ ટર્કિશ ટુવાલમાંથી બનાવેલું અડધી બાંયનું પહેરતા. તે દિવસે મેં ચંદ્રવદનને પૂછયું કે તમે ગળામાં આવી વકીલ જેવી બે પટ્ટી કેમ પહોરો છો ? તેઓ કંઇ જવાબ આપે તે પહેલાં ઉમાશંકર કહે, 'કેટલાંક લોકો ગળામાં એક ટાઇ પહેરે છે, પણ ચંદ્રવદન બે ટાઇ પહેરે છે.' પછી તરત જ ઉમાશંકરે બે લીટી જોડી કાઢી :

ચંદ્રવદન મહેતા પહેરે છે બે ટાઇ,
પણ સુંદરજીના નામમાં રહે છે બેટાઇ.

તરત ચંદ્રવદનને ઉમાશંકરને કહ્યું, તમારા નામમાં પણ ઉમા અને શંકર એ બેની ટાઇ (tie) થયેલી છે. '

મોટા લેખકો પણ શબ્દોની કેવી ગમ્મત કરે તેનો ત્યારે પ્રત્યક્ષ અનુભવ થયો હતો.

ચંદ્રવદન વિદાય થયા, પણ એમના જીવનના કેટલાં બધાં સંસ્મરણો મૂકતા ગયા. તેમનું નેવું વર્ષનું જીવન કેટલું બધું પ્રવૃત્તિશીલ અને પ્રગતિશીલ, સક્રિય, સભર અને સિદ્ધિઓથી ઝળહળતું ! તેઓ અવસાન પામ્યા છે એવું માનવાને મન ના પાડે. જાણે નેપથ્યમાં બીજો વેશ પહેરવા ગયા છે એવું લાગે.

અજંપાથી ભરેલા એમના આત્માને જંપ હજો !

□ રમણલાલ ચી. શાહ

# લેડી નિકોટિન

□ વિજયગુપ્ત મૌર્ય

ગઇ તા. ૧ જૂન ૧૯૯૧ નો દિવસ યુનોની વિશ્વ આરોગ્ય સંસ્થાએ ધુમ્રપાનના બહિષ્કાર દિવસ તરીકે ઉજવ્યો. તેમાં ઉજવણીનો આનંદ પામવા જેવું કશું નથી, પણ ખેદ પામવા જેવું ઘણું છે, કારણ કે, તમાકુના ત્રિવિધ સેવનથી કેન્સર જેવા ભયંકર રોગ વધી રહ્યા હોવા છતાં, યુનોની વિશ્વ આરોગ્ય સંસ્થા, તેમાં ઘટાડો કરી શકી નથી. તમાકુના વ્યસનમાં, અને તેથી થતા કેન્સર જેવા મહારોગની સંખ્યામાં પણ વધારો થઇ રહ્યો છે. આ વિશ્વવ્યાપી વિવાદથી પ્રેરાઇને અમેરિકાની સરકારે ઇ.સ. ૧૯૬૬ના જાન્યુઆરીથી તમાકુના કોઇપણ પ્રકારના સેવનથી તંદુરસ્તીને ગંભીર નુકસાન થાય છે એવી ચેતવણી તમાકુની કોઇપણ જાહેરાત ઉપર છાપવાનો હુકમ કર્યો. તેથી આપણી સરકારે પણ મોડે મોડેથી, એવો મોળો હુકમ કર્યો કે આપણા દેશમાં પણ, તમાકુની કોઇપણ પ્રકારની જાહેરાત આપવામાં આવે તેમાં નાના અક્ષરે ચેતવણી છાપવી કે, તમાકુનું કોઇપણ પ્રકારનું સેવન તંદુરસ્તી માટે હાનીકારક છે. આ ચેતવણી ભાગ્યે જ કોઇ વાંચે છે. ધુમ્રપાન માટે એક પછી એક સિગારેટ સળગાવતા જતા એક યુવાનનું ધ્યાન આ જાહેરખબર તરફ ખેંચ્યું ત્યારે તેણે સરકારી મૂર્ખાઇ પ્રત્યે અને પ્રજાની તંદુરસ્તી પ્રત્યે ઠંડી ઉપેક્ષા દર્શાવતું અટ્ટહાસ્ય કર્યું.

બીજો એક યુવાન તમાકુમાં ચુનો ભેળવીને તેનું મિશ્રણ મોંમા નાખતો હતો તેને જોઇને મેં સલાહ આપી કે, આ વ્યસન મુખના કે ફેફસાના ભયંકર કેન્સરને નોતરે છે, તેનો પ્રત્યક્ષ પુરાવો નજરે જોવો હોય તો તાતાની કેન્સર હોસ્પિટલમાં એક આંટો મારી આવો.

થોડા વર્ષ પછી આ યુવાન મને પાછો મળ્યો. ત્યારે મેં તેને ઓળખ્યો નહિ, તે અકાળે વૃદ્ધ થઇ ગયો હતો અને મુખમાંથી કેન્સરના ચાંદા દૂર કરવા કેટલીયે પ્લાસ્ટિક સર્જરી કરવી પડી હતી, તેથી તેનું મોઢું વિકૃત થઇ ગયું હતું.

જે નામી કે અનામી યુરોપી વસાહતીઓએ અને સાગરખેડૂઓએ દુનિયામાં તમાકુના છોડનું વાવેતર ફેલાવ્યું તેઓ જગતને કેવો અભિશાપ વારસામાં આપતા જતા હતા તેનો તેમને બધાને કદાચ ખ્યાલ નહિ હોય. આમ યુરોપીય વસાહતીઓએ અમેરિકાના આદિવાસીઓને ત્રિવિધ રીતે તમાકુનું વ્યસન કરતા જોયા ત્યારે તેમણે પણ કુતુહલથી તેમનું અનુકરણ કર્યું. તેમાં સ્પેનિયાર્ડો અને પોર્ટુગીઝો તમાકુનું વાવેતર યુરોપમાં લાવ્યા અને પોર્ટુગીઝોએ તે હિંદુસ્તાન અને અગ્નિ એશિયા તથા ચીન સુધી તમાકુનું વાવેતર ફેલાવ્યું, સ્પેનિયોર્ડોએ ફિલિપાઇન્સ સુધી ફેલાવ્યું.

આવી જ ખતરનાક કેફી વનસ્પતિ (દક્ષિણ) અમેરિકા એ આપી છે. તેનો અભિશાપ તમાકુ કરતાં પણ વધી ગયો: દક્ષિણ અમેરિકાના આદિવાસીઓ પહાડોમાં રહેતા હોય અને રોજ ખાણોમાં કામ કરવા ઘણે ઊંચે ચડે-ઊતરે. તેઓ ત્યાં થતી કોકા નામની વનસ્પતિના પાન ચાવી જાય, તેથી તેમનો થાક ઉતરી જાય છે એવો તેમનો દાવો હતો. વાસ્તવમાં થાક ઉતરી જતો ન હતો પણ થાક અનુભવનારના સ્નાયુઓ અને જ્ઞાનતંતુઓ લાગણી શૂન્ય થઇ જતા હતા । સ્પેનિયાર્ડોએ તેનો ઉપયોગ કરી જોયો. તેમાથી કોકેઇન નામનું આલ્કેલોઇડ (એક જાતનું કેફી રસાયણ) છૂટું પાડી તેમાંથી પીડાશામક ઇન્જેકશન બનાવ્યું, જે સ્થાનિક એનેસ્થેટિક તરીકે વપરાય છે. પરંતુ તે દરદીને વ્યસની બનાવી દેતું હોવાથી એનેસ્થેસિયા તરીકે તેની પસંદગી નથી થતી, પણ ખાસ કરીને ઉતર અમેરિકાનાં વ્યસનીઓએ તો તેની પસંદગી કરી લીધી છે. દક્ષિણ એમરિકામાંથી અને મેકિસકો દ્વારા દાણચોરીથી એટલું બધું કોકેઇન જાય છે કે, અમેરિકાની પ્રજા અને સરકાર માટે આ સમસ્યા માથાનો દુખાવો થઇ પડી છે. ખાસ કરીને, કિશોરોમાં અને યુવાનોમાં આ વ્યસન એટલું વ્યાપી ગયું છે કે, સમજદાર માણસોના મનમાં ભય પેઠો છે કે, આ વ્યસનથી અમેરિકાની યુવાપ્રજાનું હીર ચુસાઇ જશે, અને લશ્કરમાં પણ ચોરીછૂપીથી કોકેઇનનું વ્યસન એવું ફેલાયું છે કે અમેરિકાની સરકારને ભય લાગ્યો છે કે, અમેરિકન સૈનિકો શત્રુ સૈન્ય સામે લડી શકશે નહિ, તેથી સરકાર દાણચોરોની સામે યુદ્ધના ધોરણે લશ્કરી પ્રવૃત્તિ કરી રહેલ છે. આપણા દાણચોરોની જેમ આ અમેરિકન દાણચોરો પણ તેમની સરકારને ભારે પડી જાય એવા બળવાન અને વ્યવસ્થિત છે.

રસાયણ વિજ્ઞાનમાં આલ્કેલોઇડ નામના સેન્દ્રિય સંયોજીત દ્રવ્યો હોય છે, જેમના બંધારણમાં કાર્બન, હાયડ્રોજન, નાઇટ્રોજન અને સામાન્ય રીતે ઓક્સિજન પણ હોય છે. પહેલી નજરે જોતાં આ મૂળ તત્ત્વો નિર્દોષ લાગે પરંતુ જયારે કોઇ મૂળ તત્ત્વના સંયોજનથી કોઇ નવો પદાર્થ બને ત્યારે રંગ, રૂપ, ગુણ, પ્રકૃતિ વગેરેમાં મોટા ફેરફાર થઇ જાય છે. દા. ત. હોઇડ્રોજન, અદૃશ્ય અને સળગી ઉઠે તેવો વાયુ છે, પરંતુ જયારે બે અણુહાઇડ્રોજનના, ઓક્સિજનના એક અણુ સાથે સંયોજિત થાય ત્યારે પાણી બને છે, જે પ્રવાહી હોય છે, અને અગ્નિને ઠારી નાખે છે તથા નજરે જોઇ શકાય છે.

આલ્કેલોઇડ ધરાવનાર કેટલાક નામ જાણીતા છે, દા.ત. કોકેઇન, નિકોટીન, એટ્રોફાઇન, કેફાઇન, મોરફાઇન, ક્વિનાઇન, કોડાઇન અને સ્ટ્રીક્નાઇન વગેરે. આ બધા રસાયણોની ઉગ્રતા એક સરખી નથી. અને કેટલાક ઔષધ તરીકે પણ વપરાય છે.

જ્યારે ક્રિસ્ટોફર કોલંબસ વેસ્ટ ઇન્ડીઝના હાઇટી નામના ટાપુ ઉપર પહોંચ્યો ત્યારે તેણે આદિવાસીઓને ધુમ્રપાન કરતાં જોયા. તેમની ભાષાના શબ્દ ઉપરથી સ્પેનિયાર્ડોએ તમાકુના છોડને ટોબાકો નામ આપ્યું. અંગ્રેજોએ તેનો ઉચ્ચાર ટોબેક્કો કર્યો અને તેની ઉપરથી આપણે તેનું તમાકુ નામ આપ્યું. તમાકુમાં મુખ્ય કેફી આલ્કેલોઇડ નિકોટાઇન છે. વ્યંગમાં એને " લેડી નિકોટીન " તરીકે ઓળખવામાં આવે છે. અમેરિકાના આદિવાસીઓની ચલમ અથવા હોક્લી શાંતિનું પ્રતીક હતી. પરંતુ તેઓ જાણતા ન હતા કે આ મોહક, શાંતિમય, અને આકર્ષક વ્યસનરૂપી 'સુંદરી' નો વાંસો ચૂડેલનો છે. તેઓ એમ પણ માનતા હતા કે, તમાકુના છોડ ઔષધિય ગુણો ધરાવે છે.

અમેરિકાના આદિવાસીઓ તમાકુનો ઉપયોગ ઘણી રીતે કરતા હતા. તેઓ તેમાંથી સિગાર, સિગારેટ કે બીડી બનાવતા હતા. અને ફેફસાં સડી જાય ત્યાં સુધી ઉધરસ ખાતા હતા. તમાકુની ભૂકી બનાવીને મોઢામાં દબાવી રાખતા હતા. વ્યસન તરીકે, છોડના દરેક ભાગનો ઉપયોગ થાય છે. આપણા સમાજમાં જેઓ તમાકુની બારીક ભૂકકી દાંતમાં ઘસે છે અથવા છીકણી તરીકે સુંઘે છે અથવા પાન સાથે સુગંધી લેપ તરીકે મોઢામાં રાખે છે તેઓ બધા કદાચ જાણતા નહિ હોય કે આ બધા તમાકુના વિવિધ સ્વરૂપો છે.

તમાકુની તલપ કેવી હોય છે તેના દાખલા આપુ : હિમાલયમાં એક પ્રવાસ દરમ્યાન મારી સાથે એક પરમ વૈષ્ણવ અને પ્રખર વિદ્વાન હતા. પ્રવાસ પગપાળા કરવાનો હતો. ગોરખા સામાનનો બોજો ઉચકતા હતા. પેલા સજ્જને એક ગોરખાને પુછ્યું, " તુમ્હારે પાસ બીડી હૈ ? " આ સવાલ સાંભળીને હું ચમકી ગયો. તમાકુવાળા હાથપગ ધોઇ નાખે એવા આ વૈષ્ણવને ગરીબ ગોરખા પાસેથી બીડી માગતા જોઇને હું આશ્ચર્યચકિત થઇ ગયો. મેં તેમને પૂછ્યું, બીડીને તમારે શું કરવી છે. ? તેમણે સ્મિત કરીને જવાબ આપ્યો, " તમે જુઓ તો ખરા. " તેમણે બીડી ભાંગીને તમાકુ હથેળીમાં નાંખી અને અંગુઠા વડે ચોળીને ભૂકી કરી પછી તે ભુકકી પોતાના દાંત ઉપર ખૂબ ઘસી. મને કટાક્ષમાં પૂછ્યું, 'તમે શું એમ ધારતા હતા કે હું છાનેખૂણે ધુમ્રપાન કરું છું ? ' મેં કહ્યું : ' તમે ધૂમ્રપાન કરો કે દાંત ઉપર ઘસો કે ચૂના સાથે ભેળવીને મોંઢામાં રાખો, એ બધું તમાકુનું સેવન જ છે ને. ?'

તમાકુ સુંઘવાનું વ્યસન પાડવાથી પણ કેન્સર જેવા ભયંકર રોગ થાય છે. એવા એક બીજા સજ્જનની વાત કરું : તેઓ પણ ઊંચા પ્રકારની કેળવણી પામ્યા હતા અને ઘણી પ્રતિષ્ઠા મેળવી હતી. તેઓ કેન્સરથી ગુજરી ગયા. એ જાણીને મને આઘાત લાગ્યો. મેં એક નિષ્ણાતને પૂછ્યું કે જે માણસ હજામતનો સામાન પણ ઉકાળીને વાપરે તેને કેન્સર કેમ થાય ?

નિષ્ણાતે જવાબ આપ્યો, તેઓ અવારનવાર ચપટી ભરીને બજર નાકમાં ચડાવતા હતા, એ તો તમે જોયું હશે.

વ્યસનીઓ જાણે છે કે તેમનું વ્યસન કોઈવાર જીવલેણ પણ નીવડે, અથવા પીડા ભોગવવી પડે. આવા ભય પ્રત્યે વ્યસનીઓ કેવી ઉપેક્ષા કેળવે છે તેનો દાખલો આપું છું. ધુમ્રપાનના ધુમાડાથી ઢંકાઈ ગયેલા એ સજ્જનને મેં પુછ્યું : તમે તમારી જીંદગી વિષે કેવું જોખમ ખેડો છો તેનો વિચાર કેમ નથી કરતા ? પેલા ભાઈએ હસીને જવાબ આપ્યો કે, મૃત્યુ તો બધાનું નિશ્ચિત છે, પછી આવા નાનકડા આનંદથી શા માટે વંચિત રહેવું જોઈએ ?

તમાકુની માદક ' મહિલા' નું નામ લેડી નિકોટિન કેમ પડયું તેની એક સરસ વાત છે. પોર્ટુગલના પાટનગર લિસ્બનમાં, જીયાં નિકોટ નામનો ફ્રેન્ચ એલચી હતો. તે " લેડી નિકોટિન" ના પ્રેમમાં પડયો હતો, અને લિસ્બન તે વખતે યુરોપમાં તમાકુના વેપારનું મોટું કેન્દ્ર હતું, જીયાં નિકોટના શોખને લીધે તમાકુના માદક પદાર્થનું નામ વ્યંગમાં લેડી નિકોટિન પડયું ! આજે દુનિયામાં કોઈ પ્રદેશ એવો નહિ હોય કે જયાં ધુમ્રપાન થતું ન હોય. ગરીબમાં ગરીબ માણસને પણ બીડી જોઈએ છે અને વ્યસની માણસ જેલમાં ગયો હોય તો એક બીડી માટે ગમે તેટલા પૈસા આપવા તૈયાર હોય છે.

સોળમી સદીમાં લગભગ આખા યુરોપમાં તમાકુની ખેતી પહોંચી ગઈ હતી. તમાકુની કેટલીક જાતો ઉગાડવામાં આવી, અને તે સ્થળના નામે પણ ઓળખાતી થઈ. દા.ત. વરજિનીયા. તમાકુના છોડની વિવિધ જાતિઓનું મિશ્રણ કરીને, વિવિધ પ્રક્રિયાઓ કરીને નવા નવા પ્રકારોની સિગારેટો, બીડીઓ, ચીરૂટો, વગેરે બનાવવામાં આવી, અને વીસમી સદી સુધીમાં તો તેનો આંતરરાષ્ટ્રીય વેપાર એવો ખીલ્યો કે તેની ઉપર કર ઉઘરાવનાર સરકારને આવકનું મોટું સાધન મળ્યું, અને તેના ઉત્પાદનમાં અને વેચાણમાં વેપારીઓ ધનવાન થઈ ગયા. એકસો જેટલા દેશો તમાકુના ઉછેર, વાપરવા યોગ્ય બનાવટો, વેપાર, વગેરેમાં લોકોના સ્વાસ્થ્યને ભોગે ખૂબ ધનવાન થઈ ગયા. પોર્ટુગીઝો હિંદુસ્તાનમાં ઘણી ઉપયોગી ચીજો સાથે આ અભિશાપરૂપ ઝેર પણ લાવ્યા હતાં. રોકડીયા પાક તરીકે તેની ખેતી આકર્ષક થઈ પડી. તેમાં ગુજરાત પણ પાછળ ન રહ્યું. ઔષધ તરીકે લેશમાત્ર ગુણકારી નહિ, પણ કેન્સરથી માંડીને શ્વસનતંત્ર સુધીના અનેક રોગ ઉત્પન્ન કરનાર લેડી નિકોટીનના પ્રેમમાં ભારત પણ લલચાઈ ગયું !

દુનિયાના ઘણા દેશોએ તમાકુની ખેતીને, તેના પાંદડાને અને તેમાંથી તરેહતરેહની આકર્ષક બનાવટો આપીને તમાકુના પ્રેમમાં લોકોને લાચાર બનાવી દીધાં છે. તમાકુના પાંદડા પકાવવાની અને તેમાં આથો લાવવાની તથા મેળવણી કરવાની વિશિષ્ટ રીતો શોધી કાઢવામાં આવી છે.

તમાકુથી થતા ભયંકર રોગ વિષે યુરોપની તબીબી સંસ્થાઓ ચેતવણી આપતી હોય છે. ઈ.સ. ૧૯૫૯ માં નિષ્ણાતોએ કરેલા એક સર્વેક્ષણમાં જણાવ્યું હતું કે ધુમ્રપાન કે બીજી રીતે તમાકુનાં સેવન કરનાર બધા દરદીઓને મુખમાં અને બીજે ચાંદા (કેન્સર) હતા. તમાકુની તરફેણમાં વિશ્વવ્યાપી જાહેરખબરો આપનારાઓ, તમાકુનો આકર્ષક પ્રચાર કરે છે. • • •

# પરિવર્તનની પ્રક્રિયાનું ઘાતક પરિબળ : સમજ વિનાનો વિરોધ

□ પન્નાલાલ ર. શાહ

ઔદ્યોગિક ક્રાંતિ, કમ્પ્યુટર, સમૂહ માધ્યમો અને અદ્યતન સંશોધનથી જીવનના વિવધ ક્ષેત્રોમાં પરિવર્તન થતું રહ્યું છે. આપણી જીવન પદ્ધતિ અને રહેણીકરણી પર એની વ્યાપક અસર થતી રહી છે. એક યુગથી બીજા યુગના સંધિકાળમાં નવી પદ્ધતિ અને એ દ્વારા થતાં પરિવર્તનનો વિરોધ થાય એ સ્વભાવિક છે. સમાજની સુરક્ષા, આપણી સંસ્કૃતિ અને સંસ્કાર વારસાની જાળવણી અને ધાર્મિક સિદ્ધાંતો એવા વિરોધની ભૂમિકા રૂપે હોય છે. એ રીતે પરિવર્તન સામેના વિરોધને વૈચારિક પરિમાણ અપાય છે. પરંતુ એવા વિરોધ પાછળ હંમેશા વૈચારિક ભૂમિકા હોય જ એવું માનવાને કારણ નથી. ક્યાંક સાંપ્રદાયિક અભિનિવેશ, ક્યાંક સૈદ્ધાંતિક જડતા, ક્યારેક પરિવર્તનને સ્વીકારવાની માનસિક તૈયારીનો અભાવ એમાં કારણભૂત બને. એટલે એમાં નકારનો પ્રત્યાઘાતીસૂર હોવાની વિશેષ સંભાવના રહે છે. એથી લાંબે ગાળે જે હેતુસર પરિવર્તનનો વિરોધ થાય છે તે હેતુ સરતો નથી. અને એની પાછળ સમય અને શક્તિની બરબાદી થાય છે. આવી રહેલાં પરિવર્તનનો આંધળો વિરોધ કરવાને બદલે આવા સંજોગોમાં, સમાજની સુરક્ષા, આપણી સંસ્કૃતિ અને સંસ્કાર વારસાની જાળવણી અને સંવર્ધન માટે, આવી રહેલા પરિર્વતનનો વૈકલ્પિક અને તત્ત્વ-સત્ત્વશીલ ઉપયોગ કરવાનો વિવેક દાખવવો જોઈએ. યુગે યુગે એવા વિધાયક અભિગમથી સમાજ આજના તબક્કે પહોંચ્યો છે અને એથીજ તો સમાજ ગતિશીલ રહ્યો છે. પરંતુ આવી રહેલાં પરિવર્તનના વિરોધના જુસ્સા અને ઝનૂનમાં આ બાબત પ્રાય: ખ્યાલ બહાર રહે છે અને એ સમાજના સ્વાસ્થ્ય માટે તે હાનિકારક પુરવાર થવા સંભવ છે.

પરિર્વતનનો વિરોધ કરીએ ત્યારે એવા વિરોધના માપદંડ (criteria) લેખે (૧) આપણી સંસ્કૃતિ અને સંસ્કાર-વારસાના વિનાશની શક્યતા કેવી અને કેટલી (૨) એવા વિનાશની શક્યતા હોય તો એના વિરોધ દ્વારા એને ખાળવાની આપણી સંગઠિત ક્ષમતા કેટલી ? અને (૩) એ ખાળી શકાય તેમ ન હોય અને આપણો વિરોધ વાંઝીયો જ રહેવાનો હોય તો એનો વૈકલ્પિક ઉપાય – આ ત્રણેય બાબતો અંગે સૌ પ્રથમ વિચારવું જોઈએ. બહુધા આપણે વૈચારિક દૃષ્ટિએ સ્પષ્ટ ન હોવાથી આંધળા અને ઝનૂનપૂર્વકના વિરોધથી દોરવાઈ જઈએ છીએ. એથી જૂની અને નવી પેઢી, રૂઢિચુસ્ત અને સુધારક વર્ગ વચ્ચે રસ્સી-ખેંચની રમત (Tug of War ) શરૂ થાય છે, અને એથી ક્યારેક સામાજિક શાંતિ અને સમતુલા જોખમાય છે. સંઘર્ષને ટાળવા કે આવા પ્રકારના વિવાદ-સર્જક પ્રશ્નોમાં ન પડવાની નીતિ કહેવાતો સમજદાર વર્ગ અપનાવે છે. અગર આવા પ્રશ્નો પરત્વે ઉદાસીન-ઉપેક્ષા વૃત્તિ પણ દાખવે છે. વૈચારિક સામયિકોના તંત્રીઓ પણ આવા પ્રશ્ને વિચાર વિનિમય કરવાનું સુદ્ધાં આ ભૂમિકા પર ક્યારેક ટાળે છે. વિચારોની સ્વતંત્ર અભિવ્યક્તિના આ યુગમાં સામયિકોનું ખરું અને પાયાનું કામ તો સમાજનું વૈચારિક ઘડતર કરવાનું છે. એ બાબત આવી સમસ્યા વખતે તો બહુ સહેલાઈથી વીસરી જવાય છે. આવા પ્રસંગોએ આપણે આપણી મર્યાદા કાં તો સમજતા નથી, કાં સમજવા માગતા નથી. એવી આપણી માનસિક ભૂમિકાના કારણે વૈકલ્પિક દિશાસૂચન કરવાનું પણ આપણે વિચારી કે યોજી શકતા નથી. દરમિયાનમાં આવી રહેલું પરિવર્તન, ક્યારેક આપણને ન સમજાય અથવા ખ્યાલ ન આવે એ રીતે, સમાજમાં ઓછી – વત્તી ઝડપે સ્વીકૃત થતું રહે છે. અને વિરોધનો હેતુ માર્યો જાય છે. વિરોધ કરનાર રૂઢિચુસ્ત વર્ગનો ભય, અલબત્ત, એથી સાચો પડે છે.

ચલચિત્રની શરૂઆત થઈ ત્યારથી સમાજનો ચોકક્સ વર્ગ સંસ્કારિતાની પશ્ચાદભૂમાં, એનો સતત વિરોધ કરે છે. ફિલ્મોમાં હિંસા અને જાતીયતાના અતિરેકને કારણે, સમાજનું સ્વાસ્થ્ય કથળ્યું છે. અને ચલચિત્ર એ વ્યાપક વર્ગ સુધી વિસ્તરેલું અસરકારક માધ્યમ છે. એટલે તેની ઘેરી અસર વ્યક્તિના ચારિત્ર, ઘડતર અને સમાજ વ્યવસ્થા પર પણ પડી છે.

આપણા મનની ગ્રાહકશક્તિ સુષુપ્ત કે અવાવરુ પડી રહે તે બનવાનું નથી. કુદરતને શૂન્યતા માટે ભરપૂર જુગુપ્સા છે. એ ગ્રાહકશક્તિ પછી ગમે તે સામગ્રીથી ભરી દે છે. સસ્તાં નિ:સત્ત્વ મનોરંજનથી આપણી ભાવિ પેઢીને બચાવવી હોય તો સિનેમા સામે જેહાદ જગાવવા કરતાં વધારે સાચો અને સારો રસ્તો એ છે કે એની રુચિ સાચી સત્ત્વશીલ સામગ્રી વડે પોષાવી જોઈએ. ઊંચો આનંદ એ અનુભવવા પામશે તો ક્ષુલ્લક મનોરંજન પાછળ ભટકવાનું એ ભાગ્યે જ પસંદ કરશે. એને અમુક વસ્તુ છોડવા કહેવું એ પૂરતું નથી; સામેથી વધુ સારી વસ્તુ એને આપવી જોઈએ, અર્થાત ચલચિત્રોનું નિર્માણ અટકાવી શકવાની આપણી સંગઠિત ક્ષમતા નથી; પ્રદર્શકો અને પ્રેક્ષકો-દર્શકો પણ અટકવાના નથી. આ સંજોગોમાં વ્યક્તિના ઘડતર અને સંસ્કાર-વારસાને દૂષિત કરે એવાં ચલચિત્રોનો વિરોધ કરવાની સાથે એનો સાત્વિક વિકલ્પ પૂરો પાડવાનો અભિગમ આપણે અપનાવવો જોઈએ.

(અનુસંધાન પૃષ્ઠ - ૧૭ પર જુઓ)

## યતિમાંથી સંવેગી આચાર્ય બનનાર, વિશ્વવિખ્યાત ' અભિધાન-રાજેન્દ્ર કોશ ' ના રચયિતા ગત શતકના ક્રાન્તિકારી મહાન જૈનાચાર્ય

# સ્વ. પૂ. શ્રી રાજેન્દ્રસૂરિજી

□ રમણલાલ ચી. શાહ

વિક્રમના ઓગણીસમા શતકના ઉત્તરાર્ધમાં અને વીસમા શતકના પૂર્વાર્ધમાં જૈન શાસન ઉપર પ્રભાવ પાડનાર જે કેટલીક મહાન જૈન વિભૂતિઓ થઇ ગઇ તેમાં સ્વ. પ. પૂ. શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબનું સ્થાન અનોખું છે. તેઓ રાજસ્થાનના વતની હતા, પરંતુ તેમનું કાર્યક્ષેત્ર રાજસ્થાન અને ગુજરાત ઉપરાંત મુખ્યત્વે મધ્ય પ્રદેશનું,રતલામ અને એની આસપાસના વિસ્તારનું હતું. યુવાન વયે ઝવેરાતનો ધીકતો ધંધો છોડી તેઓ સંયમના માર્ગે ચાલી નીકળ્યા હતા. તેમણે દીક્ષા યતિજીવનની લીધી હતી, પરંતુ તેમાંથી શિથિલાચાર દૂર કરવા તેમણે નીડરતાપૂર્વક ક્રાન્તિકારી પગલાં લીધાં હતાં. એથી એમને સહન ઘણું કરવું પડયું હતું, પરંતુ તેમની ત્યાગમય સાધના – તપશ્ચર્યા ઘણી જ ઊંચી હતી. એથી એમના જીવનમાં ઘણા ચમત્કારિક પ્રસંગો બન્યા હતા. તેઓ શાસ્ત્રોના જ્ઞાતા હતા, વિદ્યાભ્યાસ અને સાહિત્ય માટેની એમની રુચિ ઘણી ઊંચી હતી. એથી જ પચાસથી વધુ વિદ્વદભોગ્ય ગ્રંથોની રચના ઉપરાંત 'અભિધાન-રાજેન્દ્ર કોશ' ની એમની રચના વિશ્વવિખ્યાત અને અદ્યાપિ અજોડ રહી છે. એમણે કોશ સિવાય બીજું કશું જ ન લખ્યું હોત તો પણ આ કોશ એમની ચિરસ્મરણીય યશગાથારૂપ બની રહે એવો છે.

શ્રી રાજેન્દ્રસૂરિ મહારાજ સાહેબનો જન્મ રાજસ્થાનમાં ભરતપુરમાં થયો હતો. એમના પિતાનું નામ ઋષભદાસ પારખ તથા માતાનું નામ કેસરબાઇ હતું. ઋષભદાસ પારખનો ઝવેરાતનો વ્યવસાય હતો. તેઓની ગણના ભરતપુરના અગ્રગણ્ય શ્રેષ્ઠીઓમાં થતી હતી. ઋષભદાસ અને કેસરબાઇ શ્રદ્ધાવંત અને ધર્મનિષ્ઠ હતાં.

એક દિવસ કેસરબાઇએ પોતાના પતિને કહ્યું, 'આજે રાતના મને એક અદ્દભુત સ્વપ્ન આવ્યું હતું. સ્વપ્નમાં કોઇ શ્વેત વસ્ત્રધારી દેવે મને એક કીમતી રત્ન આપ્યું.' આવા શુભ સ્વપ્નનો શો સંકેત હશે તે જાણવાની ઉત્સુકતાથી ઋષભદાસે ઉપાશ્રયે જઇને સાધુ ભગવંતને તે વિશે પૂછ્યું. તેમણે કહ્યું. 'તમને હવે જે સંતાનની પ્રાપ્તિ થશે તે રત્ન સમાન મહાન તેજસ્વી હશે.' ઋષભદાસને ત્રણ સંતાનો હતાં. એક પુત્ર હતો માણેક અને બે પુત્રીઓ હતી ગંગા અને પ્રેમા. ત્યાર પછી કેસરબાઇએ વિ. સં. ૧૮૮૩ના પોષ સુદ સાતમ (તા. ૩જી ડિસેમ્બર, ૧૮૨૭) ના રોજ પુત્રને જન્મ આપ્યો. એના જન્મથી કુટુંબમાં આનંદ છવાઇ ગયો. કેસરબાઇએ સ્વપ્નમાં જોયેલા રત્નના સંકેત અનુસાર ઋષભદાસે પુત્રનુ નામ 'રત્નરાજ' રાખ્યું.

રત્નરાજમાં બાલ્યાવસ્થાથી જ ધર્મ પ્રત્યે રુચિ જણાતી હતી. જિનમંદિરે જવું, જિનપ્રતિમાને પગે લાગવું, સાધુ ભગવંતને વંદન કરવાં, નવકારમંત્ર બોલવો વગેરે બાલવયમાં એના જીવનમાં વણાઇ ગયાં હતાં.

ઋષભદાસનો ઝવેરાતનો વ્યવસાય ઘણો સારો ચાલતો હતો. એમનું કુટુંબ સર્વ રીતે સુખી હતું. બાળક રત્નરાજ પાંચેક વર્ષનો થતાં એને માટે શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી હતી. અભ્યાસમાં રત્નરાજ હોંશિયાર હતો. ક્રમે ક્રમે મોટા થતા રત્નરાજને ચૌદેક વર્ષ થવા આવ્યાં. ત્યારે ઋષભદાસે પોતાના પુત્ર માણેકને કહ્યું, 'હવે રત્નરાજ મોટો થયો છે. એને દુકાને બેસાડવો જોઇએ. વેપાર ધંધે લગાડવો જોઇએ.' આ દરખાસ્ત સાથે ઘરનાં બધાં સંમત હતાં.

એ વખતે ભરતપુરથી કેસરિયાજીનો યાત્રાસંઘ નીકળતો હતો. એ દિવસોમાં એકલદોકલ માણસ યાત્રા કરવા નીકળી શકતો નહિ, કારણ કે બળદગાડી કે ઘોડાઊંટ ઉપર પ્રવાસ કરવો પડતો. રસ્તાઓ સારા નહોતા. જંગલમાં લૂંટારુઓ તથા હિંસક પ્રાણીઓનો ભય રહેતો. યાત્રાના સંઘો પણ જલદી જલદી નીકળતા નહિ. યાત્રા કરવી એ ઘરડા માણસોનું કામ નહિ. વેપારધંધામાં જોડાય તે પહેલાં રત્નરાજને આ સારી તક મળતી હતી. માતાપિતાએ એ માટે સંમતિ આપી. સાથે માણેક પણ જોડાય એમ નકકી થયું. બંને ભાઇઓ કેસરિયાજીના યાત્રાના સંઘમાં જોડાઇ ગયા.

કેસરિયાજીની યાત્રા માટે ઉદયપુર થઇને જવાનું હતું. રસ્તો વિકટ હતો. તે દિવસોમાં યાત્રામાં વિવિધ પ્રકારના અનુભવો થતા. કિશોર રત્નરાજના બે પ્રસંગો નોંધાયેલા છે.

એક વખત યાત્રા દરમિયાન એક યાત્રી સૌભાગ્યમલજીની પુત્રી રમા અચાનક બેહોશ થઇ ગઇ હતી. એ વખતે રત્નરાજે પાણી લઇ મંત્ર ભણીને એ કિશોરી પર પાણી છાંટ્યું કે તરત તે સ્વસ્થ થઇ ગઇ હતી. આ ઘટના પછી યાત્રા દરમિયાન સૌભાગ્યમલજીએ પોતાની પુત્રીની સગાઇ રત્નરાજ સાથે કરવાની દરખાસ્ત માણેક આગળ મૂકી હતી, પરંતુ રત્નરાજે તેનો અસ્વીકાર કર્યો હતો. આગળ જતાં જંગલમાં જયારે ભીલ લોકો તીરકાંમઠા લઇને સંઘને લૂંટવા આવ્યા હતા ત્યારે હિંમતપૂર્વક રત્નરાજે 'કેસરિયાનાથ કી જય' ના નાદ જોરશોરથી બોલાવતા જઇ સંઘની આગળ ચાલવાનું શરૂ કર્યું હતું. એ વખતે રાજયના રક્ષક ઘોડેસવારો કયાંકથી અચાનક આવી પહોંચતાં ભીલ લોકો ભાગી ગયા હતા. આથી રત્નરાજની હિંમતની અને કેસરિયાનાથમાં શ્રદ્ધાની સંઘમાં બહુ પ્રશંસા થઇ હતી.

કેસરિયાજીની યાત્રા કરી આવ્યા પછી રત્નરાજ પણ પોતાના પિતાના વ્યવસાયમાં મોટાભાઇ માણેકની સાથે જોડાઇ ગયા. ક્રમે ક્રમે પિતાજીએ વ્યવસાયમાંથી નિવૃત્ત થવાનું ચાલુ કર્યું. દરમિયાન બંને ભાઇઓએ પોતાની હોંશિયારીથી પોતાના ઝવેરાતના ધંધાને ખૂબ વિકસાવ્યો. માત્ર ભરતપુર જ નહિ, બહારગામના પણ ઘણા વેપારીઓ સાથે એમનો વેપાર સંબંધ વધતો ગયો. બંને ભાઇઓ ઘણી સારી કમાણી કરવા લાગ્યા. ઠેઠ કલકત્તા અને શ્રીલંકા સુધી એમનો વેપાર વધતો ગયો. બંને ભાઇઓને લાગ્યું કે ઝવેરાતના નમૂના સાથે લઇને જો કલકત્તા અને શ્રીલંકા જવામાં આવે તો વેપાર ઘણો વધુ સારો થાય. એ માટે પિતાજીની સંમતિ મળતાં રેલગાડી વિનાના એ દિવસોમાં બંને ભાઇઓ બળદગાડી અને ઘોડા પર બેસી ઘણા દિવસે કલકત્તા પહોંચ્યા. કેટલાક મહિના ત્યાં રોકાઇ, વહાણમાં બેસી તેઓ બંને શ્રીલંકા પહોચ્યા. ત્યાં તેમણે સારો વેપાર કર્યો અને બહુ ધન કમાયા. દરમિયાન ભરતપુરથી તાર દ્વારા સંદેશો આવ્યો કે 'પિતાશ્રીની તબિયત સારી રહેતી નથી. માટે ભરતપુર જલદી પાછા ફરો.'

બંને ભાઇઓ ઘણા દિવસનો સતત પ્રવાસ કરી ઘરે પાછા ફર્યા. પિતાજી ઋષભદાસ અને માતાજી કેસરબાઇ બંનેની તબિયત વૃદ્ધાવસ્થાને લીધે કથળી ગઇ હતી. બંને ભાઇઓએ માતાપિતાની બહુ સારી સેવાચાકરી કરી, પરંતુ ઉંમર થવાને કારણે એમની તબિયતમાં ખાસ સુધારો થયો નહીં.

ભરતપુરમાં આવીને બંને ભાઇઓએ વળી પોતાના વેપારને વધુ વિકસાવ્યો. દરમિયાન રત્નરાજને પરણાવવાની વાત ચાલી. પરંતુ રત્નરાજે એ વાતને ટાળ્યા કરી. થોડા વખત પછી માતાપિતાની તબિયત વધુ ગંભીર બની અને પહેલાં માતા કેસરબાઇ અને પછી પિતા ઋષભદાસ એમ બંને બે દિવસના અંતરે અવસાન પામ્યા. કુટુંબમાંથી છત્રરૂપ બે વડીલ વ્યક્તિઓની વિદાયથી શોકનું વાતાવરણ પ્રસરી ગયું. આઘાતની ઘણી મોટી અસર રત્નરાજના ચિત્ત ઉપર પડી. તેઓ જીવનમરણના ચિંતનમાં ડૂબેલા રહેતા. હવે વેપારધંધામાં એમનું મન લાગતું નહોતું. ભાઇ-ભાભીએ લગ્નની વાત કરી તો તેનો પણ એમણે અસ્વીકાર કર્યો.

રત્નરાજને માતાપિતાની વિદાયનો વસમો માનસિક આઘાત લાગ્યો હતો. તેઓ એકલા સૂનમૂન બેસી રહેતા. સંસારમાં જીવોના પરિભ્રમણના વિચારે ચડી જતા. ભાઇ – ભાભી અને મિત્રો સંબંધીઓએ એમને સાંત્વન આપતા, પરંતુ એની અસર વધુ સમય રહેતી નહિ. એવામાં ભરતપુરના ઉપાશ્રયમાં શ્રીપૂજય શ્રી પ્રમોદસૂરિ પોતાના શિષ્યો સાથે પધાર્યા. એ દિવસોમાં ગુજરાત-રાજસ્થાનમાં સંવેગી સાધુઓ કરતાં યતિઓ-શ્રીપૂજયોની સંખ્યા ઘણી મોટી હતી. તેઓ પણ ધર્મ પ્રચારનું કાર્ય કરતા. શ્રી પ્રમોદસૂરિ સારા વ્યાખ્યાતા હતા. એમના વ્યાખ્યાનમાં નગરના ઘણા માણસો આવતા. એક

વખત રત્નરાજનો એક મિત્ર એમને પ્રમોદસૂરિના વ્યાખ્યાનમાં લઇ ગયો. એ વ્યાખ્યાનની અસર રત્નરાજના મન ઉપર સારી પડી. એટલે રત્નરાજે રોજ વ્યાખ્યાનમાં ઉપાશ્રયે જવાનું ચાલું રાખ્યું. પછી તો પ્રમોદસૂરિને વંદન માટે મળવાનું એમણે ચાલુ કર્યું. એથી એમના મનને ઘણી શાંતિ મળી. સાથે સાથે શ્રી પ્રમોદસૂરિના ઉપદેશની અસરને કારણે રત્નરાજના મનમાં વૈરાગ્ય જન્મ્યો.

ત્યાર પછી પ્રમોદસૂરિ તો ભરતપુરથી વિહાર કરી ગયા. પરંતુ રત્નરાજનું મન હવે વેપારમાં કે કુટુંબના વ્યવહારમાં લાગતું નહોતું. અઢાર વર્ષની એમની ઉમર થઇ હતી. એમને દીક્ષા લઇ પોતાના જીવનને સાર્થક કરવું હતું. એ માટે એમને મોટાબાઇ આગળ પ્રસ્તાવ મૂક્યો. ઘણા દિવસ સુધી કુટુંબમાં ઘણી ચર્ચા વિચારણા થઇ. એમને સમજાવવા ઘણા પ્રયત્નો થયા. પરંતુ રત્નરાજ પોતાનાં નિર્ણયમાં મક્કમ હતા. છેવટે મોટાભાઇએ અને પરિવારના સભ્યોએ રત્નરાજને શ્રીપૂજ્ય શ્રી પ્રમોદસૂરિ પાસે દીક્ષા લેવા માટે સંમતિ આપી.

પોતાના મોટાભાઇ માણેક તથા કુટુંબીજનો તરફથી દીક્ષા માટે અનુમતિ મળતાં કિશોર રત્નરાજને અત્યંત હર્ષ થયો. હવે વહેલામાં વહેલી તકે દીક્ષા લઇ લેવાનું એમને મન થયું પરંતુ ગુરુદેવ આચાર્ય શ્રી પ્રમોદસૂરિ તો ઉદયપુરમાં બિરાજમાન હતા. એટલે દીક્ષા ક્યા સ્થળે લેવી એ પ્રશ્ન ઉપસ્થિત થયો. કુટુંબીજનોની ભાવના એવી હતી પોતાના નગર ભરતપુરમાં જ દીક્ષા મહોત્સવ થવો જોઇએ, પરંતુ એ માટે શ્રી પ્રમોદસૂરિએ ઉદયપુરથી વિહાર કરી ભરતપુર પધારવું પડે. પરંતુ તરત ભરતપુર આવવાની શ્રી પ્રમોદસૂરિની ઇચ્છા નહોતી. વળી તેમના મતે ભરતપુર કરતાં ઉદયપુરમાં દીક્ષા મહોત્સવ સારી રીતે ઊજવી શકાય એમ હતો. કિશોર રત્નરાજની ઇચ્છા ઉદયપુર જઇને વહેલી તકે દીક્ષિત થવાની હતી. છેવટે માણેક અને કુટુંબના સભ્યોએ ઉદયપુરમાં દીક્ષા લેવા માટે સંમતિ આપી.

દીક્ષા માટે સં. ૧૯૦૪ ના વૈશાખ સુદ પાંચમનો દિવસ નક્કી થયો. સમગ્ર કુટુંબ ઉદયપુર પહોંચ્યું. ત્યાં વરસીદાનની ભવ્ય શોભાયાત્રા નીકળી. ત્યાર પછી સંઘ સમક્ષ રત્નરાજને દીક્ષા આપવામાં આવી. શ્રી પ્રમોદસૂરિના શિષ્ય મુનિ હેમવિજયજીએ દીક્ષાની વિધિ કરાવી. રત્નરાજનું નામ 'મુનિ રત્નવિજય' રાખવામાં આવ્યું. પોતાના લાડીલા સ્વજનને દીક્ષિત વેશમાં જોઇ પરિજનો ગદ્ગદ્ ગઇ ગયાં. આ મહોત્સવમાં મોટાભાઇ માણેકે સારી રકમ ખર્ચી. દીક્ષા મહોત્સવ પછી કુટુંબીજનો ભરતપુર પાછા ફર્યા. આમ યુવાન રત્નરાજ યતિશ્રી રત્નવિજયજી બન્યા.

દીક્ષા પછી નવયુવાન યતિ શ્રી રત્નવિજયજીએ સં. ૧૯૦૪માં ગુરુ મહારાજ સાથે પ્રથમ ચાતુર્માસ અકોલામાં કર્યું. સં. ૧૯૦૫નું બીજું ચાતુર્માસ પણ ઇન્દોરમાં પોતાના ગુરુ મહારાજ સાથે કર્યું. આ બે ત્રણ વર્ષમાં એમણે પોતાના ગુરુ મહારાજ પાસે ઠીક ઠીક અધ્યયન કરી લીધું

દીક્ષા પછી ગુરુ મહારાજ શ્રી પ્રમોદસૂરિને લાગ્યું કે પોતે ધાર્યું હતું તેના કરતાં પણ મુનિ રત્નવિજય વધુ કુશાગ્ર બુદ્ધિ, તીવ્ર સ્મરણશક્તિ તથા ગ્રહણશક્તિ ધરાવનાર મુનિ છે. એમને જો યોગ્ય અભ્યાસ કરાવવામાં આવે તો તેઓ ઘણો વિકાસ સાધી શકે એમ છે. એટલે એમના વિદ્યાભ્યાસ માટે તથા શાસ્ત્રોના અધ્યયન માટે સુયોગ્ય વ્યવસ્થા કરવી જોઇએ. એ દિવસોમાં ખરતરગચ્છના મુનિ શ્રી સાગરચંદ્રજીનું નામ તટસ્થ જ્ઞાની મહાત્મા તરીકે ઘણી ખ્યાતિ પામ્યું હતું. તેઓ જુદા ગચ્છના હતા છતાં શ્રી પ્રમોદસૂરિએ પોતાના શિષ્ય શ્રી રત્નવિજયજીને તેમની પાસે શાસ્ત્રાભ્યાસ કરાવવાનું નક્કી કર્યું. એ માટે મુનિશ્રી સાગરચંદ્રજીને વિનંતી કરતાં તેઓ ઉદયપુર પધાર્યા. બધી વ્યવસ્થાની વિચારણા થઇ ગઇ અને મુનિશ્રી સાગરચંદ્રજીએ શ્રી રત્નવિજયજીને સાથે લઇ વિહાર કર્યો.

શ્રી રત્નવિજયજીએ એમની પાસે રહીને જૈન આગમસૂત્રો ઉપરાંત કાવ્યાલંકાર, ન્યાય વગેરેનો પણ ઊંડો અભ્યાસ કર્યો. તેઓ પોતે પણ સાહિત્યની રચના કરવા લાગ્યા હતા. બાવીશ વર્ષની વયે એમણે 'કરણકામ ધેનું સારિણી' નામની કૃતિનું સર્જન કર્યું હતું. તેઓ ઉદયપુર પાછા ફર્યા. શ્રી પ્રમોદસૂરિએ એમની યોગ્યતા જાણીને ઉદયપુરમાં સં. ૧૯૦૯માં વૈશાખ સુદ ત્રીજના રોજ વડી દીક્ષા આપી. કેટલાક સમય પછી વધુ યોગ્યતા પ્રાપ્ત કરતાં એમને પંડિત–પંન્યાસની પદવી પણ આપવામાં આવી.

શ્રી રત્નવિજયજીએ ગુરુ મહારાજ સાથે સં. ૧૯૦૬ નું ચાતુર્માસ ઉજ્જૈનમાં, સં. ૧૯૦૭નું મંદસોરમાં અને સં. ૧૯૦૮ નું ઉદયપુરમાં કર્યું. ત્યાર પછી ગુરુદેવની આજ્ઞા લઇ ફરીથી તેમણે શ્રી સાગરચંદ્રજી સાથે વિદ્યાભ્યાસ માટે નાગોર તથા જેસલમેરમાં ચાતુર્માસ કર્યું. ત્યાં શ્રી સાગરચંદ્રજીના માર્ગદર્શન હેઠળ જેસલમેરના જ્ઞાનભંડારની ઘણી દુર્લભ હસ્તપ્રતોનો અને તેમાં લખાયેલાં ગ્રંથોનો અભ્યાસ કરવાની સુંદર તક સાંપડી.

શ્રી રત્નવિજયજીએ જેસલમેરથી પાછા ફરતાં પાલીમાં ચાતુર્માસ કર્યું અને ત્યાર પછી જોધપુર આવ્યા. ત્યાં તપગચ્છના ગચ્છાધિપતિ શ્રીપૂજ્ય શ્રી દેવેન્દ્રસૂરિ સાથે ચાતુર્માસ કર્યું. આ ચાતુર્માસ દરમિયાન શ્રી દેવેન્દ્રસૂરિને ખાતરી થઇ કે યુવાન યતિ શ્રી રત્નવિજયજીએ શાસ્ત્રોભ્યાસ ઘણો સારો કર્યો છે, એમની શ્રદ્ધા ઘણી ઊંડી છે અને એમનું ચારિત્ર બહુ નિર્મળ છે. તેઓ વ્યવહારદક્ષ પણ છે એટલે તેમની સેવાનો લાભ ક્યારેક લેવા જેવો છે.

તે સમયે તપગચ્છના યતિઓમાં શ્રીપૂજ્ય શ્રી દેવેન્દ્રસૂરિનું સ્થાન મુખ્ય અને મહત્વનું હતું. તેઓ પોતાની પાટગાદી પોતાની હયાતી પછી બાલયતિ શ્રી ધીરવિજયને સોંપવા ઇચ્છતા હતા. પરંતુ તેઓ ઉમરમાં નાના હતા અને એમનો અભ્યાસ પણ હજુ જોઇએ તેટલો થયો નહોતો. શ્રી દેવેન્દ્રસૂરિ પોતે વૃદ્ધાવસ્થાને કારણે હવે પોતાના યતિઓને અધ્યયન માટે બરાબર સમય આપી શકતા નહોતા. ગચ્છની વ્યવસ્થામાં પણ હવે તેઓ બરાબર દેખરેખ રાખી શકતા નહોતા.

તે વખતે તપગચ્છના યતિઓને સરસ અધ્યયન કરાવી શકે એવી વ્યક્તિ તરીકે તેમની નજર શ્રી રત્નવિજયજી ઉપર પડી. તેમણે પત્ર લખીને શ્રી રત્નવિજયજીને પોતાની પાસે બોલાવ્યા અને અભ્યાસ કરાવવા માટે દરખાસ્ત કરી.

શ્રી રત્નવિજયજીએ પોતાના ગુરુમહારાજની સંમતિ લઇ એ જવાબદારી સ્વીકારી. તેઓ શ્રી દેવેન્દ્રસૂરિ સાથે જોડાઇ ગયા અને યતિશ્રી ધીરવિજયજીને તથા બીજા એકાવન યતિઓને બરાબર અધ્યયન કરાવવા લાગ્યા. તદુપરાંત ગચ્છની વ્યવસ્થામાં પણ તેઓ માર્ગદર્શન આપવા લાગ્યા.

કેટલાક વખત પછી રાધનપુરમાં શ્રીપૂજ્ય શ્રી દેવેન્દ્રસૂરિ કાળધર્મ પામ્યા. આથી ગચ્છની ગાદી ઉપર નવયુવાન યતિ શ્રી ધીરવિજયજીને ઉત્સવપૂર્વક બેસાડવામાં આવ્યા. હવે તેઓ યતિમાંથી ગાદીપતિ શ્રીપૂજ્ય બન્યા. તેમનું નામ પણ હવે શ્રી ધરણેન્દ્રસૂરિ રાખવામાં આવ્યું. તેઓશ્રી રત્નવિજયજી કરતાં ઉમરમાં ઘણા નાના હતા અને તેમની પાસે શાસ્ત્રાભ્યાસ કરતા હતા. તેઓ શ્રી રત્નવિજયજીના જ્ઞાન, ચારિત્ર અને વ્યવસ્થાશક્તિથી પ્રભાવિત થયેલા હતા. શ્રી રત્નવિજયજીએ આ રીતે સં. ૧૯૧૪ થી સં. ૧૯૧૯ સુધી એમ સતત છ વર્ષ સુધી શ્રીપૂજ્ય શ્રી ધરણેન્દ્રસૂરિ તથા એમના સમુદાયના બધા યતિઓને શાસ્ત્રાભ્યાસ કરાવવાની અને ગચ્છ – વ્યવસ્થાની જવાબદારી સારી રીતે ઉપાડી લીધી હતી. તેઓ તેમની સાથે ચિત્રકૂટ, બિકાનેર, સાદડી, ભીલવાડા વગેરે સ્થળે વિહારચાતુર્માસ કરતા રહ્યા હતા. આ બધા માટે શ્રી ધરણેન્દ્રસૂરિ શ્રી રત્નવિજયજીના બહુ ઋણી હતા. આથી તેમણે શ્રી રત્નવિજયજીને સં. ૧૯૨૧ માં તપગચ્છના દફતરીનું પદ આપ્યું, સાધુઓમાં દફતરીનું પદ નથી હોતું. પણ યતિઓએ પોતાની વ્યવસ્થા માટે આવું પદ ઊભું કર્યું હતું, કારણ કે યતિઓ પોતાની પાસે પૈસા, રત્નો તથા અન્ય પરિગ્રહ પણ રાખતા. એ બધાંની વ્યવસ્થા માટે એક જવાબદાર વ્યક્તિની જરૂર રહેતી. શ્રી રત્નવિજયજીએ દફતરી તરીકે સં. ૧૯૨૧નું ચાતુર્માસ શ્રી ધરણેન્દ્રસૂરિ સાથે અજમેરમાં કર્યું.

શ્રી રત્નવિજયજીએ દફતરીનું પદ તો સ્વીકાર્યું, પણ પોતાની પાસે અધ્યયન કરનાર શ્રી ધરણેન્દ્રસૂરિ જ્યારથી શ્રીપૂજ્ય થયા ત્યારથી આજ્ઞા તો એમની જ સ્વીકારવાની રહી. વ્યવસ્થાની દૃષ્ટિએ એ યોગ્ય જ હતું, પરંતુ ત્યાગ, વૈરાગ્યના સંસ્કારવાળા શ્રી રત્નવિજયજીને યુવાનીમાં પ્રવેશી ચૂકેલા શ્રી ધરણેન્દ્રસૂરિના ઠાઠ–માઠ, મોજશોખ, આજ્ઞાકારી વર્તન, અહંકાર, ભોગોપભોગની સામગ્રી માટે આસક્તિ વગેરે ખૂંચવા લાગ્યાં હતાં. તેઓ વારંવાર તે માટે શ્રી ધરણેન્દ્રસૂરિને ભલામણ કરતા અને શ્રી ધરણેન્દ્રસૂરિ તે ભલામણનો સ્વીકાર કરતા, કારણ કે શ્રી રત્નવિજયજી એમના વિદ્યાગુરુ હતા. પરંતુ ખુશામતખોર એવા કેટલાક બીજા યતિઓ શ્રી ધરણેન્દ્રસૂરિને ચડાવતા અને શ્રી રત્નવિજયજી વિરુદ્ધ ભંભેરણી કરતા.

શ્રી રત્નવિજયજીએ ઉપાડેલી ગચ્છની જવાબદારીને કારણે થોડાં વર્ષમાં

વધતી ચાલી. એમ કરતાં પર્વાધિરાજ પર્યુષણના દિવસો આવી પહોંચ્યા.

એ દિવસોમાં આ વિસ્તારના સામાન્ય શ્રાવકોને ઉચ્ચ, ત્યાગી, સંયમી સાધુ મહાત્માઓનો ખ્યાલ કે પરિચય બહુ નહોતો. ઠાઠમાઠવાળા યતિઓના જીવનથી અંજાઇ ગયેલા લોકો આ પરિસ્થિતિથી સહજ રીતે ટેવાઇ ગયા હતા. રાજદરબારમાં યતિઓને મળતા માનપાનથી પ્રભાવિત થયેલા લોકોનો માપદંડ પણ જુદો હતો. યતિઓ તો આવા રજવાડી ઠાઠમાઠવાળા હોવા જ જોઇએ એવી દૃઢ માન્યતા લોકોની થઇ ગઇ હતી. સાચા, ત્યાગી જૈન સાધુઓને યતિઓ ટકવા પણ દેતા નહિ. જો કે કેટલીક જૈન વિદ્યાઓ અને પરંપરાઓને સાચવવામાં યતિઓનું યોગદાન ઘણું મોટું હતું, તો પણ તેમનામાં શિથિલાચાર ઉત્તરોત્તર વધતો જતો હતો..

પર્યુષણ પર્વમાં શ્રી રત્નવિજયજી ઉપાશ્રયમાં કલ્પસૂત્ર વાંચતા હતા. ભગવાન મહાવીરના ત્યાગમય જીવનનાં રહસ્યો તેઓ શ્રોતાઓને ભાવપૂર્વક સમજાવતા હતા. સાચા શ્રમણ કેવા હોય તે પૂર્વાચાર્યોનાં પ્રેરક દૃષ્ટાંતો સહિત તેઓ બતાવતા હતા. એમના ચિત્તમાં ભગવાન મહાવીરના અપ્રમત્ત એવા ત્યાગ સંયમમય પૂર્ણ જીવનનું ચિત્ર જાણે સંજીવ બનીને રમી રહ્યું હતું. વ્યાખ્યાન પૂરું કરીને તેઓ ઉપાશ્રયમાં પોતાના સ્થાને પાછા ફર્યા. ત્યાં એક બાલયતિએ આવીને એમને કહ્યું, 'મહારાજજી ! આપને શ્રીપૂજ્ય બોલાવે છે ' એટલે શ્રી રત્નવિજયજી સીધા શ્રી ધરણેન્દ્રસૂરિ પાસે આવી પહોંચ્યા.

શ્રીપૂજ્ય શ્રી ધરણેન્દ્રસૂરિ જે ઓરડામાં આસન ઉપર ગાદી તકીયે બિરાજમાન હતા ત્યાં શ્રીપૂજ્યની સાથે બીજા કેટલાક યતિઓ પણ બેઠા હતા. શ્રીપૂજ્યે યતિનાં જે વસ્ત્રો ધારણ કર્યા હતાં તે અત્યંત કીમતી વસ્ત્રો હતાં. ગાદી તકીયા ઉપર પણ જરિયાન વસ્ત્રો હતાં. બે બાજુ બે યતિઓ ચામર ઢાળતા હતા. સુવર્ણદંડ, સૂર્યમુખી, ચંદ્રમુખી, છત્ર વગેરે ચકચકિત હતાં. બારીઓ ઉપર કીમતી પડદાઓ લટકતા હતા. આખો ઓરડો સુગંધી દ્રવ્યોથી મઘમઘતો હતો.

કોઇ ગહન વિષયની વિચારણા માટે શ્રીપૂજ્ય દ્વારા જાણે કોઇ ગંભીર બેઠક બોલાવવામાં આવી હોય એવું વાતાવરણ લાગતું હતું. પર્યુષણના તહેવારો હતા. લોકો તરફથી સારી રકમ યતિઓને ભેટ રૂપે મળી હતી. આ રકમનો કેવો ઉપયોગ કરવો તે અંગે વિચારણા થતી હતી. એ માટે એક માણસને બોલાવવામાં આવ્યો હતો. એ હતો કીમતી અત્તરો વેચવાવાળો. એના પાસેથી ક્યાં ક્યાં અત્તરો કેટલા પ્રમાણમાં પર્યુષણ પર્વ દરમિયાન ખરીદવાં તેની ખરેખર ગંભીર વિચારણા યતિઓમાં ચાલી રહી હતી. એ માટે દફતરી શ્રી રત્નવિજયજીનો અભિપ્રાય પણ જાણવાની શ્રીપૂજ્યે ઇચ્છા દર્શાવી એટલે એમને બોલાવવા માટે એક બાલયતિને મોકલવામાં આવ્યા હતાં.

શ્રી રત્નવિજયજી આવ્યા. શ્રીપૂજ્યે અત્તરની વાત કરી. એ સાંભળીને તો શ્રી રત્નવિજયજી અત્યંત વિમાસણમાં મુકાઇ ગયા. હજુ હમણાં જ ભગવાન મહાવીરના ત્યાગમય જીવન વિશે લોકો સમક્ષ વ્યાખ્યાન આપીને તેઓ આવ્યા હતા. એમની શાસન પરંપરા ચલાવનારા સાધુઓ–યતિઓની આ દશા જોઇ તેઓ વિસ્મિત થઇ ગયા. તેઓ કશું બોલ્યા નહિ. એટલામાં એક અત્તરની શીશી લઇ શ્રીપૂજ્યે પૂછ્યું, 'દફતરીજી ! આ અત્તર તમને કેવું લાગે છે ? સુંઘી જુઓ તો.'

એમ કહેતાં કહેતા શ્રીપૂજ્યે શ્રી રત્નવિજયજીના વસ્ત્ર ઉપર તે અત્તરના છાંટા નાખ્યા. એથી શ્રી રત્નવિજયજી એકદમ ચોંકી ગયા. થોડા પાછા હઠી ગયા. તેમને આ ગમ્યું નહિ. તેમણે પોતાનો અણગમો તરત વ્યક્ત કરતાં કહ્યું, 'શ્રીપૂજ્યજી ! અત્તરના વિષયમાં મને કશી ગતાગમ નથી. પરંતુ મને લાગે છે કે અત્તરની ખરીદી અને તે પણ પર્વાધિરાજ પર્યુષણના દિવસોમાં એ તો હદ થાય છે. આ આપને જરા પણ શોભતું નથી. ભગવાન મહાવીરના શાસનમાં આ કેટલું બધું અધઃપતન !'

શ્રીપૂજ્યની સામે કોઇ બોલે એ કેમ સહન થાય ? તરત વાતાવરણ બદલાઇ ગયું. કેટલાક યતિઓ શ્રી રત્નવિજયજી ઉપર ગુસ્સો થયા. બોલાચાલી થઇ ગઇ. વાતાવરણ ઉગ્ર બની ગયું. શ્રી રત્નવિજયજીએ ચેતવણી આપતાં કહ્યું, 'શ્રીપૂજ્યજી ! યાદ રાખજો, હવે દિવસો જુદા આવી રહ્યા છે. લોકો યતિજીવનના આ શિથિલાચારને વધુ ચલાવી નહિ લે. મેં પોતે પણ યતિજીવનના ક્રિયોદ્ધારનો સંકલ્પ કર્યો છે !'

શ્રી રત્નવિજયજી શ્રીપૂજ્ય પાસેથી ચાલી આવીને પોતાને સ્થાને બેઠા, પણ એમના હૈયામાં અજંપો હતો. કેટલાક યતિઓ એમની સાથે સંમત હતા, તો કેટલાક એમની વિરુદ્ધ પણ હતા. શ્રાવકોમાં પણ બે પક્ષ પડી ગયા હતા. શ્રી રત્નવિજયજીના મનમાં વિમાસણ થઇ કે આવા તંગ વાતાવરણમાં અહીં રહેવું કે કેમ ? તેમણે તરત નિર્ણય લઇ લીધો કે આ સ્થળ છોડીને, વિહાર કરીને પોતે હવે બીજે ચાલ્યા જવું જોઇએ. પરંતુ ચાતુર્માસ અને તે પણ પર્યુષણ પર્વના દિવસોમાં વિહાર કેવી રીતે થઇ શકે ? તો પણ અપવાદરૂપ સંજોગોમાં આપદધર્મ સમજીને તેમણે પોતાના ઉપકરણો સાથે ત્યાંથી તરત વિહાર કરવાનું નક્કી કર્યું. કેટલાક યતિઓ એમની સાથે જોડાયા. કેટલાક યતિઓએ અને લોકોએ રોકાઇ જવા માટે ઘણી વિનંતી કરી પણ તે તેમણે માની નહિ. વિહાર કરીને તેઓ નાડોલ પધાર્યા અને શેષ ચાતુર્માસ ત્યાં પૂરું કર્યું. અત્તરની આ ઘટના રાજસ્થાનમાં યતિઓમાં અને શ્રાવકોમાં વિવાદનો એક મોટો વિષય બની ગઇ.

ચાતુર્માસ પછી તેઓ ત્યાંથી વિહાર કરીને પોતાના ગુરુ મહારાજ શ્રી પ્રમોદસૂરિ પાસે આહોર પહોંચ્યા. ગુરુ મહારાજને બનેલી ઘટનાની વિગતે બધી વાત કરી. અલબત્ત, તે પહેલાં જ ગુરુ મહારાજ પાસે બધી વાત પહોંચી જ ગઇ હતી. પરંતુ હવે શ્રી રત્નવિજયજી પાસેથી આખી ઘટના કડીબદ્ધ રીતે જાણવા મળી. એ સાંભળીને ગુરુ મહારાજે શ્રી રત્નવિજયજીને ધન્યવાદ આપ્યા. યતિઓ શ્રીપૂજ્યોમાં પ્રવેશેલો શિથિલાચાર ઉત્તરોત્તર વધતો જાય છે. એ જોઇને શ્રી પ્રમોદસૂરિને કેટલાય વખતથી ખેદ થતો હતો. પરંતુ પોતાની વૃદ્ધાવસ્થાને કારણે તેઓ એ બાબતમાં આગેવાની લઇ કશું કરવા ઇચ્છતા નહોતા. કારણ કે આ બહુ મોટા વિવાદ અને સંઘર્ષનો પ્રશ્ન હતો. અને પોતે શેષ જીવનમાં શાંતિથી આરાધના કરવા ઇચ્છતા હતા. વળી ગુરુ મહારાજે શ્રી રત્નવિજયજીને કહ્યું કે, ક્રિયોદ્ધાર કરવા માટેનો તમારો સંકલ્પ અનુમોદનીય છે. પરંતુ તેમાં ઉતાવળ કરશો નહિ. તેમ કરવાથી નિષ્ફળતા મળશે. તમને સતાવવાના, મારી નાખવાના પ્રયત્નો થશે. એના કરતાં પહેલાં ઠેર ઠેર પ્રચાર કરી લોકમત કેળવો અને યતિઓને વ્યક્તિગત રીતે સમજાવવા પ્રયાસ કરો. એમ કરતાં કરતાં ક્રિયોદ્ધાર માટે વાતાવરણ અનુકૂળ થતું જશે,

ગુરુ મહારાજની આ શિખામણ શ્રી રત્નવિજયજીને વધુ યોગ્ય લાગી. યતિઓને વ્યક્તિગત સમજાવવાની પદ્ધતિને કારણે થોડા વખતમાં શ્રી મોતી–વિજયજી, શ્રી મહેન્દ્રવિજયજી, શ્રી અમરરુચિજી, શ્રી સિદ્ધકુશલજી, શ્રી દેવસાગરજી વગેરે યતિઓએ ભવિષ્યમાં ક્રિયોદ્ધાર માટે સહકાર આપવા સંમતિ આપી. આથી વાતાવરણ ક્રમે ક્રમે અનુકૂળ થતું ગયું.

ત્યાર પછી વિ. સં. ૧૯૨૪ ના વૈશાખ સુદ – ૫ ના રોજ શ્રી રત્નવિજયજીની યોગ્યતા જોઇને એમના ગુરુ શ્રી પ્રમોદસૂરિએ એમને શ્રીપૂજ્યની પદવી તથા આચાર્યની પદવી આહોરમાં ધામધૂમપૂર્વક આપી. એમનું નામ હવે શ્રીવિજય રાજેન્દ્રસૂરિ રાખવામાં આવ્યું. યતિજીવનનું આ ઉચ્ચપદ હતું. એ પ્રસંગે આહોરના ઠાકોર શ્રી યશવંતસિંહે પણ સમારંભમાં ભાગ લીધો હતો. અને શ્રી વિજય રાજેન્દ્રસૂરિને શ્રીપૂજ્યની પ્રણાલિકાનુસાર છત્ર, ચામર, સૂર્યમુખી, ચંદ્રમુખી, સુવર્ણદંડ, શાલ વગેરે અર્પણ કર્યા હતાં. ગુરુમહારાજની આજ્ઞાથી અને વ્યવહાર દૃષ્ટિથી રાજેન્દ્રસૂરિએ આ બધું ગ્રહણ કર્યું, પરંતુ એમના અંતરમાં તો એ જ ભાવ હતો કે ક્યારે આ બધાનો પોતે ત્યાગ કરી શકશે !

શ્રી રત્નવિજયજી પોતાનાથી છૂટા પડ્યા અને થોડા સમયમાં આચાર્યપદ પામ્યા. એ પછી શ્રીપૂજ્ય શ્રી ધરણેન્દ્રસૂરિના યતિસમુદાયમાં મતમતાંતર ઊભા થયા. કેટલાક યતિઓ તો શ્રી ધરણેન્દ્રસૂરિને છોડીને ચાલ્યા ગયા હતા. પરંતુ જે સાથે રહ્યા હતા તેમાં કેટલાકનો એવો મત હતો કે શ્રી રાજેન્દ્રસૂરિ સાથે સમાધાન કરી લેવું જોઇએ. બીજા કેટલાક એવું માનતા હતા કે શ્રી રાજેન્દ્રસૂરિ સાથે કોઇ પણ જાતનું સમાધાન કરવું તે પોતાના ગૌરવને ખંડિત કરવા જેવું છે. ગમે તેમ પણ એટલું તો નિશ્ચિત હતું કે શ્રી રાજેન્દ્રસૂરિના ગયા પછી શ્રી ધરણેન્દ્રસૂરિનો લોકો ઉપરનો પ્રભાવ થોડો ઓછો થવા લાગ્યો હતો.

શ્રી ધરણેન્દ્રસૂરિમાં જો કે ખુશામતિયા કેટલાક યતિઓને કારણે શિથિલાચાર આવી ગયો હતો તો પણ તેઓ શ્રી રાજેન્દ્રસૂરિનો પોતાના ઉપર થયેલો ઉપકાર ભૂલ્યા નહોતા. એમણે શ્રી રાજેન્દ્રસૂરિ પાસે વિદ્યાભ્યાસ કર્યો હતો. શ્રી રાજેન્દ્રસૂરિએ કેટલાંક વર્ષ સુધી પોતાના ગચ્છની બધી વ્યવસ્થા સંભાળી લઇને ગચ્છને ગૌરવભર્યું સ્થાન લોકોમાં અને રાજદરબારમાં અપાવ્યું હતું. એટલે શ્રી ધરણેન્દ્રસૂરિના હૃદયમાં પોતાના વિદ્યાગુરુ પ્રત્યે પૂજ્યભાવ

રહ્યો હતો. વળી તેઓ રાજેન્દ્રસૂરિની નિર્મળ પ્રકૃતિથી અને શુદ્ધ ચારિત્રથી પણ પ્રભાવિત હતા. વળી તેઓને સંઘર્ષ વધારવામાં પોતાના ગચ્છનું હિત જણાતું નહોતું. આથી સમાધાન થાય એ માટે એમણે વડીલ યતિઓ શ્રી મોતીવિજયજી અને શ્રી સિદ્ધકુશલજીને શ્રી રાજેન્દ્રસૂરિ પાસે જાવરા મોકલવાનો નિર્ણય કર્યો.

શ્રીપૂજ્ય ધરણેન્દ્રસૂરિએ મોકલેલા બે યતિઓ પંન્યાસ શ્રી મોતી વિજયજી અને મુનિશ્રી સિદ્ધકુશલજી જાવરા આવી પહોંચ્યા. મહારાજશ્રી સાથે. સમાધાન કરવા માટે આ બંને પીઢ અને ઠરેલ યતિઓ બહુ ઉત્સુક હતા. પરંતુ જાવરા જ્યારે તેઓ પહોંચ્યા ત્યારે ખબર પડી કે મહારાજશ્રી તો વિહાર કરીને રતલામ પહોંચ્યા છે.

આ બંને યતિઓએ જાવરાના સંઘના અગ્રેસરોને બધી વાત કરી. યતિઓમાં પ્રવેશેલા શિથિલાચારો દૂર થાય એ માટે તેઓ બંને સંમત હતા. તેઓએ જાવરાના સંઘના અગ્રેસરોને પોતાની સાથે રતલામ આવવા અને પોતાના કાર્યમાં સહકાર આપવા સમજાવ્યા. તેઓ બધા રતલામ પહોંચ્યા. ત્યાં મહારાજશ્રીને મળ્યા. અને સમગ્ર પરિસ્થિતિ સમજાવી અને વિવાદનો અંત લાવવા વિનંતી કરી.

મહારાજશ્રીએ કહ્યું કે પોતાને પદની કોઇ આકાંક્ષા નથી. યતિઓમાં પ્રવેશેલા શિથિલાચારો દૂર નહિ થાય ત્યાં સુધી ગચ્છની કે શાસનની કોઇ શોભા નથી, બલકે ઉત્તરોત્તર અધ:પતન વધતું જશે.

વળી મહારાજશ્રીએ તેઓને કહ્યું, "યતિઓમાં રાગદ્વેષ, પ્રપંચ, માયાચાર, દેવદેવીઓના ચમત્કારથી તથા મંત્રતંત્રથી શ્રાવકોને ડરાવવાનું વગેરે વધતાં જાય છે. એટલા માટે જ મેં ક્રિયોદ્ધાર કરવાનો રાણકપુરમાં સંકલ્પ કર્યો છે. જો શ્રીપૂજ્ય ધરણેન્દ્રસૂરિ આ વિવાદનો અંત લાવવા ઇચ્છતા હોય તો મેં શાસ્ત્રોક્ત સમાચારી અનુસાર નવ નિયમ વિચાર્યા છે. તેનો તેઓએ સ્વીકાર કરવો જોઇએ. આ નવ નિયમો મેં લખીને શ્રીપૂજ્યને રવાના કર્યા છે. તમે પણ એ વાંચી જાવ. અને એની નકલ ફરીથી સાથે લેતા જાઓ."

મહારાજશ્રીએ યતિજીવનની સુધારણા માટે જે નવ નિયમો તૈયાર કર્યા હતા તે નીચે પ્રમાણે હતા:

(૧) સવારે અને સાંજે સંઘની સાથે જ પ્રતિક્રમણ કરવું. રોજ નિયમિત વ્યાખ્યાન આપવું. જિન મંદિરે દર્શન કરવા જતી વખતે કે અન્ય વખતે પાલખીનો ઉપયોગ ન કરવો. સોના ચાંદીના કોઇ ઘરેણાં ધાર્મિક અનુષ્ઠાનને નિમિત્તે પણ પહેરવાં નહિ. કે પાસે રાખવાં નહિ. બંને સમય સ્થાપનાજીનું પડિલેહન કરવું.

(૨) ગૃહસ્થો પાસે ધનનો અપવ્યય ન કરાવવો. ઘોડાગાડી વગેરે વાહનનો ઉપયોગ ન કરવો.

(૩) છરી, તલવાર વગેરે હિંસક શસ્ત્ર પાસે ન રાખવાં. આભૂષણોને સ્પર્શ સુદ્ધાં ન કરવો.

(૪) સ્ત્રીઓ સાથે એકાંત--સેવન ન કરવું. સ્વાધ્યાય નિમિત્તે પણ સાધ્વીજી કે શ્રાવિકા સાથે એકાંતમાં ન બેસવું. સ્ત્રીઓ સાથે હસીને મજાક–મશ્કરી ન કરવી કે ટોળટપ્પાં ન મારવાં

(૫) બટાટા, કાંદા, લસણ વગેરે અભક્ષ્ય ન ખાવાં. રાત્રિભોજન ન કરવું. ભાંગ, ગાંજો વગેરે માદક પદાર્થનું સેવન ન કરવું. જે યતિઓએ આ પ્રમાણે કરવાનું ચાલુ કર્યું હોય અને બંધ ન કરે તેમને સમુદાય બહાર મૂકવા.

(૬) દંતમંજન વગેરે કરવાં નહિ. કૂવા, તળાવ વગેરેનું કાચું પાણી વાપરવું નહિ. વનસ્પતિ વગેરે કપાવવી નહિ.

(૭) સંઘ તરફથી થતી નોકરો વગેરેની વ્યવસ્થા જરૂર પૂરતી મર્યાદિત રાખવી. વળી તેમાં પણ દુરાચારી, માંસાહારી વ્યક્તિને નોકર તરીકે ન રાખવી.

(૮) શ્રીપૂજ્યે કે અન્ય કોઇ યતિઓએ દ્રવ્ય ખર્ચ કરવા માટે સંઘ પાસે હઠાગ્રહ કરવો નહિ.

(૯) પગમાં જોડા, ચાખડી વગેરે પહેરવાં નહિ. શતરંજ, પાસા વગેરેની રમત રમવી નહિ. રાતના ઉપાશ્રયની બહાર જવું નહિ.

આ નવ નિયમોમાં એવું કશું નહોતું જે સાચા જૈન યતિઓને સ્વીકાર્ય ન હોય. પંન્યાસ મોતીવિજયજી અને મુનિ સિદ્ધકુશલજી એની સાથે પૂરેપૂરા સંમત હતા, પરંતુ શ્રીપૂજ્યની સ્વીકૃતિ મહત્વની હતી. કારણ કે તેઓ સ્વીકારે તો બધા યતિઓ સ્વીકારે. તેઓ બંને આ નિમયોની નકલ લઇને શ્રીપૂજ્ય પાસે આવી પહોંચ્યા.

શ્રીપૂજ્ય ધરણેન્દ્રસૂરિ પાસે બંને પ્રતિનિધિઓએ આવીને નવ કલમોનો પત્ર વંચાવ્યો. શ્રીપૂજ્યે એના ઉપર બરાબર મનન કરી લીધું.

ત્યાર પછી પોતાના યતિઓના એ વિશે કેવાં કેવા પ્રતિભાવ છે તે જાણવા માટે તેમણે બધાને એકત્ર કર્યા. તેમની સમક્ષ આ નવ નિયમો એક પછી એક ધીમે ધીમે શબ્દશ: ફરી ફરી વાંચવામાં આવ્યા. પછી શ્રીપૂજ્યે તેમના અભિપ્રાયો પૂછ્યા. કેટલાક યતિઓએ આ નિયમોનો વિરોધ કર્યો. કેટલાકે કહ્યું કે "આવી રીતે નિયમો મોકલીને શ્રી રાજેન્દ્રસૂરિ આપણા ઉપર વર્ચસ્વ જમાવવા માટે ષડ્યંત્ર રચી રહ્યા છે." કેટલાકે કહ્યું કે "નિયમો ઠોકી બેસાડવાની રાજેન્દ્રસૂરિને શી સત્તા છે ? આજે નવ નિયમ આપ્યા છે. એ સ્વીકારીએ એટલે બીજા નવ નિયમ આવશે. આપણે ક્યાં સુધી આ બધું ચલાવી લેવું ?

બીજા કેટલાક યતિઓએ કહ્યું કે શ્રી રાજેન્દ્રસૂરિએ જે નિયમો આપ્યા છે તે સર્વથા યોગ્ય છે. આપણે દિવસે દિવસે અધ:પતનના માર્ગે જઇ રહ્યાં છીએ. આપણે સવેળા જાગ્રત થવાની જરૂર છે. બધા નિયમો શાસ્ત્રાનુસાર છે. એ કંઇ રાજેન્દ્રસૂરિના ઘરના નિયમો નથી. એ સ્વીકારવાથી આપસનો વિવાદ અને સંઘર્ષ ટળી જશે અને ગચ્છ તથા શાસનની શોભા વધશે."

મહારાજશ્રીના નિયમો સ્વીકારી લેવાની તરફેણ કરવાવાળા યતિઓની સંખ્યા વધુ હતી. શ્રીપૂજ્યને પોતાને પણ એમ કરવું યોગ્ય લાગતું હતું. છેવટે એમણે પોતાના નિર્ણયની ઘોષણા કરી કે "શ્રી રાજેન્દ્રસૂરિના નિયમો આપણે સ્વીકારી લઇએ છીએ અને એમની સાથે સમાધાન કરી લઇએ છીએ."

ત્યાર પછી શ્રીપૂજ્યે ફરીથી પંન્યાસ શ્રી મોતીવિજયજી તથા મુનિશ્રી સિદ્ધકુશલજીને રતલામ મોકલ્યા અને આ નિયમોની લેખિત સ્વીકૃતિ શ્રી રાજેન્દ્રસૂરિને જણાવી. એથી શ્રી રાજેન્દ્રસૂરિને અત્યંત આનંદ અને સંતોષ થયો વિવાદના એક મહત્વના પ્રકરણનો આ રીતે અંત આવ્યો.

શ્રી રાજેન્દ્રસૂરિએ ત્યાર પછી શિથિલાચાર દૂર કરવાની તથા ક્રિયોદ્ધાર કરવાની દૃષ્ટિએ યતિઓને વ્યક્તિગત સમજાવવાનું તથા વ્યાખ્યાનોમાં લોકો સમક્ષ પણ શુદ્ધ સાધ્વાચારનું પ્રતિપાદન કરવાનું ચાલું કર્યું. આ રીતે એમની તરફેણમાં ક્રમે ક્રમે યતિવર્ગ વધતો ગયો અને વાતાવરણ સાનુકૂળ બનતું ગયું.

મહારાજશ્રીએ રાણકપુરમાં આદિનાથ ભગવાન સમક્ષ સંકલ્પ કર્યો હતો કે પાંચ વર્ષમાં તેઓ પોતાના યતિજીવનમાંથી ક્રિયોદ્ધાર કરશે. એ પાંચ વર્ષ હવે પૂરાં થવા આવ્યાં હતા.

મહારાજશ્રીએ સં. ૧૯૨૫માં ચાતુર્માસ શરૂ થાય તે પૂર્વે જેઠ વદ દશમ (મારવાડી અષાઢ વદ દશમ) ના રોજ ક્રિયોદ્ધારના ઉત્સવનું આયોજન કર્યું. આઠ દિવસનો કાર્યક્રમ જાવરામાં રાખ્યો. માલવાના આસપાસના પ્રદેશોમાંથી ઘણા લોકો આ પ્રસંગે એકત્ર થયા હતા. ક્રિયોદ્ધારનો કાર્યક્રમ કેવી રીતે થાય છે એ જાણવાની પણ લોકોને બહુ ઉત્સુકતા હતી.

નિર્ધારિત દિવસે સવારે મહારાજશ્રી પોતાના શિષ્યો અને અન્ય યતિઓ સાથે ઋષભદેવ ભગવાનના જિનાલયમાં પધાર્યા. ત્યાં બેસી ચૈત્યવંદનાદિની વિધિ કરી. ત્યાર પછી મહારાજશ્રીએ એકત્ર થયેલા લોકોને સંબોધિત કરતાં કહ્યું કે અમારી પાસે યતિ કે શ્રીપૂજ્ય તરીકે છત્ર, ચામર, પાલખી, સૂર્યમુખી, ચંદ્રમુખી વગેરે જે કંઇ પરિગ્રહ છે અને જે કિમતી પરિગ્રહ – ચિહ્નો છે તે તમામ આજથી આ જિનેશ્વર ભગવાનને સમર્પિત કરી દઇએ છીએ. આજથી હવે તે ચીજ વસ્તુઓ અમારી માલિકીની નહિ, પણ જિનાલયની માલિકીની, સંઘની માલિકીની રહેશે. આજથી અમે સંવેગી જૈન સાધુઓના શુદ્ધ આચાર પ્રમાણે પગે વિહાર કરશું. જાતે ઊંચકાય એટલાં સાધુનાં ઉપકરણો સાથે રાખીશું અને શુદ્ધ મુનિ જીવનનું પાલન કરીશું."

મહારાજશ્રીએ અને એમના શિષ્યોએ આ રીતે બધી ચીજવસ્તુઓનો ત્યાગ કર્યો. રજવાડી ઠાઠમાઠને બદલે સાદા સાધુ તરીકે તેઓ જિનાલયમાંથી બહાર આવ્યા. ત્યાંથી વાજતે ગાજતે શોભાયાત્રા નીકળી. જાવરાના નવાબ પણ પોતાના રસાલા સાથે તેમાં હાજર હતા. વિશાળ સભામંડપમાં પહોંચી મહારાજશ્રી પાટ ઉપર બિરાજમાન થયા. તેમણે જૈન સાધુઓના શાસ્ત્રોક્ત શુદ્ધ આચારના પાલન ઉપર વ્યાખ્યાન આપ્યું. તેમણે કહ્યું કે યતિમાંથી સાધુ થવામાં અમને કેટલાંક કષ્ટો જરૂર પડશે. કેટલાક યતિઓ અને યતિભક્તો તરફથી ઉપદ્રવો પણ કદાચ સહન કરવા પડશે. પણ અમને એનો ડર નથી.

શુદ્ધ, નિર્મળ સાધુજીવન તરફ અમારી ગતિ થઇ રહી છે. એથી અમે અત્યંત હર્ષ, કૃતાર્થતા અને ધન્યતા અનુભવીએ છીએ.'

આ ઐતિહાસિક ક્રાન્તિકારી પ્રસંગની સ્મૃતિ રૂપે જાવરાના એ જિન મંદિરમાં સંઘ તરફથી આ ક્રિયોદ્ધારનો પટ્ટક મૂકવામાં આવ્યો.

જાવરામાં ક્રિયોદ્ધાર કર્યા પછી શ્રી રાજેન્દ્રસૂરિ હવે શ્રીપૂજ્ય–યતિમાંથી પંચાચારનું પાલન કરનાર જૈન સાધુ બન્યા. એમણે તપગચ્છને નવું સ્વરૂપ આપ્યું. એમણે સૌધર્મ તપગચ્છની સ્થાપના કરી અને પોતે એના પ્રથમ પટ્ટધર બન્યા. ત્યાર પછી સં. ૧૯૨૫ નું ચાતુર્માસ એમણે ખાચરોદમાં કર્યું. અહીં બીજી એક મહત્ત્વની ઘટના બની.

શ્રી રાજેન્દ્રસૂરિ પોતે યતિજીવન જીવ્યા અને યતિઓ–શ્રીપૂજ્યો સાથે રહ્યા એથી એમને તેઓના જીવનનો વાસ્તવિક ખ્યાલ આવી ગયો હતો. તેઓના જીવનમાં આધ્યાત્મિક સાધના, શુદ્ધ આત્મસ્વરૂપની રમણતા કરતાં ભૌતિક લાભ માટે મંત્ર–તંત્ર અને દેવ દેવીની ઉપાસનાનું મહત્ત્વ એટલું બધુ વધી ગયું હતું કે ગૃહસ્થો પણ શુદ્ધ મોક્ષમાર્ગથી અને નિરતિચાર ચારિત્રથી વિમુખ બની ભૌતિક સુખ સંપત્તિ મેળવવા પાછળ અને તે માટે મંત્રતંત્ર અને દેવદેવીની ઉપાસના પાછળ બહુ પડી ગયા હતા. વળી યતિઓ પણ ગૃહસ્થોને મંત્રતંત્ર અને દેવદેવીની બીક બતાવીને પોતાના સ્વાર્થનું ધાર્યું કાર્ય કરાવી લેતા. આથી શ્રી રાજેન્દ્રસૂરિએ દેવદેવીની ઉપાસનાને ગૌણ બનાવી. કોઇ પણ દેવ કરતાં સાચો માનવ સાધુ વધુ ચડિયાતો છે. એ વાત ઉપર એમણે ભાર મૂક્યો. સાચા સાધુને દેવો કશું કરી શકે નહિ. દેવગતિ કરતાં મનુષ્ય ગતિ શ્રેષ્ઠ છે. ફક્ત મનુષ્ય ગતિમાં જ ત્યાગ સંયમ છે અને મોક્ષ પ્રાપ્તિ છે. મનુષ્ય પણ જો ઉત્તમ ચારિત્ર પાળે તો દેવો એને વંદન કરવા આવે છે. તો પછી દેવને વંદનની શી જરૂર છે ? એટલા માટે એમણે ત્રિસ્તુતિક (ત્રણ થોય) ધર્મનો બોધ આપ્યો. ચાર શ્લોકનાં ઘણાં સ્તોત્રોમાં ચોથા શ્લોકમાં દેવની સ્તુતિ હોય છે. એની સ્તુતિની જરૂર નથી. માટે ત્રણ શ્લોક – ત્રણ થોય બોલવી બસ છે. માટે આ માન્યતા ધરાવનાર એમનો ગચ્છ ત્રિસ્તુતિક ગચ્છ તરીકે ઓળખાવા લાગ્યો. ખાચરોદનું ચાતુર્માસ એ રીતે એક નવપ્રસ્થાનની દૃષ્ટિએ ઐતિહાસિક બની ગયું. શ્રી રાજેન્દ્રસૂરિની ત્રણ થોયની ભલામણ એક અપેક્ષાએ યોગ્ય હતી, પરંતુ અન્ય અપેક્ષાએ પણ વિચારણા કરવી યોગ્ય હતી. એથી એ સમયે કેટલોક વિવાદ જાગ્યો. ક્યાંક શાસ્ત્રાર્થ કરવાના પ્રસંગો પણ ઊભા થયા, પરંતુ મહારાજશ્રી એવા વિવાદથી દૂર રહી પોતાની આરાધનામાં મગ્ન રહ્યા.

ખાચરોદ પછી મહારાજશ્રીએ રતલામ, કુક્ષી, રાજગઢ, જાવરા, આહોર, જાલોર, ભીનમાલ, શિવગંજ, અલિરાજપુર વગેરે સ્થળે ચાતુર્માસ કર્યાં. મધ્યપ્રદેશમાં રતલામ, રાજગઢ, કુક્ષી, આહોર વગેરે સ્થળે વારંવાર ચાતુર્માસના કારણે એમનો વિશાળ અનુયાયીવર્ગ ઊભો થયો હતો.

મહારાજશ્રી ઉગ્ર તપસ્વી હતા. છઠ્ઠ, અઠ્ઠમ જેવી એમની તપશ્ચર્યા તો વખતોવખત ચાલ્યા કરતી. આ બાહ્ય તપ સાથે આભ્યંતર તપ પણ તેઓ કરતા. લોકસમુદાયમાં ધ્યાનની અનુકૂળતા ઓછી રહેતી. એટલે તો ઘણીવાર જંગલમાં–ગુફાઓમાં તેઓ ધ્યાન ધરવા ચાલ્યા જતા.

મહારાજશ્રીએ વિ.સં. ૧૯૨૭ નું ચાતુર્માસ માલવા દેશમાં કુક્ષી નગરમાં કર્યું હતું. અહીં એમણે 'ષડ્દ્રવ્ય વિચાર' નામના ગ્રંથની રચના કરી. ચાતુર્માસ પછી એમની ભાવના કંઇક ઉગ્ર તપશ્ચર્યા અને સાધના કરવાની હતી. એ માટે કોઇ એકાંત અનુકૂળ સ્થળની શોધમાં તેઓ હતા. નર્મદા નદીના સામે કિનારે વિન્ધ્યાચલ પર્વતમાં આવેલું દિગંબર જૈન તીર્થ માંગીતુંગી એમને પસંદ પડ્યું. ચાતુર્માસ પૂરું થતાં કાર્તિકી પૂર્ણિમાને દિવસે તેમણે માંગીતુંગી તરફ વિહાર કર્યો. ત્યાં પહોંચીને એકાંત સ્થળમાં રહીને તેમણે પોતાની સાધના ચાલુ કરી. તેમણે અરિહંત પદનું ધ્યાન ધર્યું. ત્યાં લગભગ છ માસ તેઓ રોકાયા. એ સમય ગાળામાં એમણે છઠ્ઠ, અઠ્ઠમ, અઠ્ઠાઇ વગેરે પ્રકારની ઉગ્ર તપશ્ચર્યા પણ કરી અને નવકારમંત્રનો સવા કરોડનો જાપ પણ કર્યો. આમ માંગીતુંગી જેવા પવિત્ર તીર્થસ્થળમાં મહારાજશ્રીએ તપ, જપ અને ધ્યાન દ્વારા વિશિષ્ટ પ્રકારની ઉચ્ચ આરાધના કરી હતી.

આવાં નિર્જન એકાંત સ્થળમાં એકલા રહેવાને કારણે અને આત્મોપયોગને કારણે એમનામાં નિર્ભયતા આવી ગઇ હતી. મૃત્યુનો એમને ક્યારેય ડર લાગતો નહિ. વળી આવી ઉચ્ચ સાધનાના બળથી એમના જીવનમાં કેટલાક ચમત્કારિક બનાવો પણ બન્યા હતા.

એક વાર મહારાજશ્રીએ પોતાના શિષ્યો સાથે માલવામાં વિહાર કરી રહ્યા હતા. રસ્તો જંગલનો હતો. ત્યાં આદિવાસી ભીલ લોકો રહેતા. મહારાજશ્રી જ્યારે જંગલમાંથી પસાર થતા હતા ત્યારે કેટલાક આદિવાસીઓ એમને ઘેરી વળ્યા. જૈન સાધુઓ પાસેથી લૂટવાનું તો શું હોય ? તો પણ કુદરતી હિંસક ભાવથી કેટલાક ભીલોએ મહારાજશ્રી ઉપર પોતાનું બાણ છોડવાનું ચાલુ કર્યું. મહારાજશ્રી એક સ્થળે સ્થિર ઊભા રહી ગયા. પોતાના શિષ્યોને પણ પોતાની બાજુમાં ઊભા રાખી દીધાં. ભીલોનાં બાણ મહારાજશ્રી સુધી આવતાં પણ તેમને વાગતાં નહિ. નીચે પડી જતાં. આથી આદિવાસીઓને નવાઇ લાગી. આ કોઇ ચમત્કારિક મહાત્મા છે એમ સમજી બાણ ફેંકવાનું એમણે છોડી દીધું અને મહારાજશ્રી પાસે આવી તેઓ પગમાં પડ્યા. મહારાજશ્રીએ એમને ક્ષમા આપી. આવાં હિંસક કાર્યો ન કરવા ઉપદેશ આપ્યો અને ત્યાંથી તેઓ આગળ વિહાર કરી ગયા.

મહારાજશ્રી એક વખત જાલોર પાસેના જંગલમાં મોદરા નામના એક ગામ પાસે ઉગ્ર તપશ્ચર્યા કરતા હતા. ત્યાં ચામુંડા માતાનું મંદિર હતું. એટલે એ જંગલ ચામુંડવન તરીકે ઓળખાતું. મહારાજશ્રી ત્યાં એક વસ્ત્ર ધારણ કરી કાઉસગ્ગ કરતા. ઘણીવાર અરિહંત પદનું ધ્યાન ધરતા. એમની પાસે ત્યારે એમના શિષ્ય મુનિ ધનવિજયજી હતા.

એક દિવસ મહારાજશ્રી આ રીતે કાઉસગ્ગ ધ્યાનમાં હતા. સાંજનો સમય થઇ ગયો હતો. અંધારૂં થવા આવ્યું હતું. કોઇ આદિવાસી શિકારીએ દૂરથી જોયું તો આછા અંધારામાં એને લાગ્યું કે આ કોઇ હિંસક પશુ બેઠું હશે. એટલે એણે નિશાન તાક્યું. એવામાં મુનિ ધનવિજયજીની એના ઉપર દૃષ્ટિ પડી. તરત જ તેમણે બૂમ પાડી. એથી શિકારીને સમજાયું કે આ કોઇ પશુ નથી પણ માણસ છે. પાસે આવીને જોયું તો સાધુ મહારાજ હતા. એટલે એણે મહારાજશ્રીના પગમાં પડી માફી માગી. મહારાજશ્રીએ એને સાંત્વન આપ્યું. પછી એમણે મુનિ ધનવિજયજીને ઠપકો આપતાં કહ્યું કે 'આવી રીતે બૂમ પાડીને મારા કાઉસગ્ગ ધ્યાનમાં ભંગ પાડવાની જરૂર નહોતી. મૃત્યુનો સાધુ પુરુષને ડર ન હોવો જોઇએ.'

મહારાજશ્રી જ્યારે જાલોરમાં હતા ત્યારે તેમણે નિશ્ચય કર્યો કે થોડા દિવસ જંગલમાં જઇ તપની આરાધના કરવી. એમના આ નિર્ણયથી સંઘના શ્રાવકોને આશ્ચર્ય થયું, કારણ કે એ જંગલમાં વાઘ વગેરે જંગલી પ્રાણીઓ રહેતાં હતાં. તેઓએ મહારાજશ્રીને જંગલમાં ન જવા માટે વિનંતી કરી, પરંતુ મહારાજશ્રી તો પોતાના નિર્ણયમાં અડગ હતા. આથી મહારાજશ્રી જ્યારે જંગલમાં ગયા ત્યારે સંઘના આગેવાનોએ તેમના રક્ષણ માટે કેટલાક આદિવાસી રજપૂત યુવકોને પગાર આપીને તીરકામઠાં સાથે જંગલમાં રાતના ચોકી કરવા કહ્યું. રજપૂત યુવકો તીરકામઠાં અને ભાલાઓ સાથે આસપાસનાં વૃક્ષોની ડાળીઓમાં સંતાઇ જતા. મહારાજશ્રીને એની ખબર પડતી નહિ. એક દિવસ રાત્રે વાઘ આવ્યો. રજપૂત યુવકો ગભરાઇ ગયા ઝાડ પરથી નીચે ઊતરવાની કોઇની હિંમત ચાલી નહિ. વાઘ મહારાજશ્રીની સામે થોડે છેટે બેઠો. મહારાજશ્રી પૂરી નીડરતાથી, સ્વસ્થતાથી અને વત્સલતાથી વાઘની સામે જોતા રહ્યા, થોડીવાર પછી વાઘ ચાલ્યો ગયો. મહારાજશ્રી તો બિલકુલ નીડર અને સ્વસ્થ રહ્યા હતા. એ દૃશ્ય જોઇ યુવકો બહુ અંજાઇ ગયા. તેઓ ગદ્‌ગદ થઇ ગયા. ઝાડ પરથી નીચે ઊતરી, પાસે આવી મહારાજશ્રીને તેઓએ ભક્તિભાવપૂર્વક વંદન કર્યા. મહારાજશ્રીએ તેઓને બીજા દિવસથી પોતાના રક્ષણ માટે આવવાની ના પાડી.

યતિજીવનના શિથિલ બાહ્ય આચારો અને ઉપકરણોનો ત્યાગ કરીને સંવેગીપણું સ્વીકાર્યા પછી શ્રી રાજેન્દ્રસૂરિના જીવનમાં પણ એક નવો વળાંક આવ્યો.. દફતરી તરીકેની વહીવટી જવાબદારી ગઇ હતી. યતિઓને અભ્યાસ કરાવવાની ફરજિયાત જવાબદારીમાંથી પણ તેઓ હવે મુક્ત થઇ ગયા હતા. શ્રી સાગરચંદ્ર મહારાજ પાસે એમણે પોતે સંસ્કૃત, પ્રાકૃત વગેરે ભાષાનો અને શાસ્ત્રગ્રંથોનો અભ્યાસ કર્યો હતો અને યુવાન વયે કાવ્ય વગેરે રચના કરવાના ભાવ થયા હતા, પરંતુ તે સર્જનશક્તિ અને વિવેચન શક્તિ વહીવટી જવાબદારીઓને લીધે દબાઇ ગઇ હતી. એ શક્તિ અવકાશ મળતાં ફરી સજીવન થઇ. સં. ૧૯૨૬ ના રતલામના ચાતુર્માસ દરમિયાન એમણે 'ષડ્દ્રવ્યવિચાર' ગ્રંથની રચના કરી, ત્યાર પછી ત્યાં સં. ૧૯૨૯ માં 'શ્રી સિદ્ધાંતપ્રકાશ' ની રચના કરી. સં. ૧૯૩૧–૩૨ નાં બે ચાતુર્માસ આહોરમાં કર્યાં. તે દરમિયાન 'ધનસાર ચોપાઇ' અને 'અઘટકુમાર ચોપાઇ'

ની તેમણે રચના કરી. આ કૃતિઓ ઉપરાંત ભિન્ન ભિન્ન સમયે તેમણે '૧૦૮ બોલકા થોકડા', 'પ્રશ્નોત્તર પુષ્પવાટિકા', અક્ષય તૃતીયા સંસ્કૃત કથા, શ્રી કલ્પસૂત્ર બાલાવબોધ, વિહરમાન જિન ચતુષ્પદી, પુણ્ડરીકાધ્યયન સજ્ઝાય, કેસરિયાનાથ સ્તવન વગેરે પ્રકારની સાઠથી અધિક પ્રકારની નાનીમોટી કૃતિઓની રચના કરી. સંસ્કૃત, પ્રાકૃત અને રાજસ્થાનની તથા ગુજરાતી ભાષામાં લખાયેલા આ બધા ગ્રંથો ઉપરાંત તેમનું સૌથી મહત્ત્વનું અને વિશેષ યશદાયી સઘન કાર્ય તે 'અભિધાન રાજેન્દ્ર કોશ'ની રચનાનું હતું.

'અભિધાન રાજેન્દ્ર કોશ' ની રચનાનો આરંભ એમણે સં. ૧૯૪૬ ના ચાતુર્માસમાં સિયાણામાં કર્યો. આ એક વિરાટ કાર્ય હતું. અકારાદિ ક્રમાનુસાર શબ્દોના વિવિધ અર્થ, મૂળ આગમગ્રંથોની ગાથાઓ અને અન્ય આધારો આ ગ્રંથમાં આપવામાં આવ્યા છે. સાત દળદાર ભાગમાં વિભક્ત આ ગ્રંથનું કાર્ય એકલે હાથે ઉપાડવું એ એમના અધિકારની, શક્તિની અને લીધેલા પરિશ્રમની પ્રતીતિ કરાવે છે. લગભગ પંદર વર્ષે સુરતમાં સં. ૧૯૬૦ માં આ ગ્રંથ પૂર્ણ થયો. એ છપાયેલો જોવા પોતે હયાત રહેશે કે નહિ તે વિશે તેમને સંશય હતો, પરંતુ એની જવાબદારી એમણે પોતાના બે શિષ્યો શ્રી દીપવિજયજી અને શ્રી યતીન્દ્રવિજયજીને સોંપી હતી. શ્રી અભિધાન-રાજેન્દ્ર કોશ વિશ્વ વિખ્યાત બન્યો છે. વિદ્વાનો અને સંશોધકો માટે તે અત્યંત ઉપયોગી બન્યો છે. જૈન પારિભાષિક શબ્દકોશના ક્ષેત્રે ઘણા જુદા પ્રયાસો ત્યાર પછી થયા છે. પરંતુ અભિધાન-રાજેન્દ્ર કોશની તોલે આવે એવું મોટું કાર્ય હજુ સુધી થયું નથી.

પોતાના સુદીર્ઘ દીક્ષા પર્યાય દરમિયાન શ્રી રાજેન્દ્રસૂરિએ ઘણી દીક્ષાઓ આપી. એમના શિષ્યોમાં શ્રી મોહનવિજયજી, શ્રી દીપવિજયજી, શ્રી યતીન્દ્રવિજયજી, શ્રી ઉદયવિજયજી, શ્રી ઋષભવિજયજી, શ્રી ધનચન્દ્રવિજયજી, શ્રી ભૂપેન્દ્ર વિજયજી, શ્રી મેઘવિજયજી, શ્રી ગુલાબવિજયજી, શ્રી પદ્મવિજયજી, શ્રી ધર્મ વિજયજી વગેરે ઘણા તેજસ્વી શિષ્યો હતા. મહારાજશ્રીના હસ્તે જાવરા, આહોર, કોરટા, રતલામ, સિયાણા, રાજગઢ વગેરે ઘણાં સ્થળે જિનમંદિર નિર્માણ તથા પ્રતિષ્ઠાનાં કાર્યો થયાં હતાં. એમના શુભ હસ્તે ૨૫૦૦ થી વધુ પ્રતિમાઓની અંજનશલાકા પ્રતિષ્ઠા થઇ હતી.

મહારાજશ્રીના જીવનના ઘણા ચમત્કારિક પ્રસંગો સાંપડે છે. યતિઓ તરફથી થયેલા ઉપદ્રવોના પ્રસંગો પણ જાણવા મળે છે. એમના આશીર્વાદથી ભક્તોનાં શારીરિક દર્દ દૂર થયાં હોય અથવા આર્થિક ઉપાધિ ટળી ગઇ હોય એવા પણ કેટલાયે પ્રસંગો છે. સ્થાનિક સંઘર્ષ, કલહ વગેરે કે કુરિવાજો એમણે દૂર કરાવ્યા હોય એવા પણ પ્રસંગો બન્યા છે. આત્મસ્ફુરણાથી કે જ્યોતિષના જ્ઞાનથી એમણે કરેલી આગાહીઓ સાચી પડી હોય એવી પણ ઘટનાઓ બની છે. કેટલાયે રાજવીઓ એમના ભક્ત બની ગયા હતા અને દારૂ, શિકાર, માંસાહાર વગેરેનો ત્યાગ કર્યો હતો. શ્રી રાજેન્દ્રસૂરિજીના જીવનપ્રસંગોમાંથી અહીં કેટલાક લાક્ષણિક પ્રસંગો જોઇએ.

મહારાજશ્રીના શિષ્યોમાં મુખ્ય શિષ્ય શ્રી મોહનવિજયજી હતા. એમની દીક્ષાનો પ્રસંગ કેવી રીતે ઉપસ્થિત થયો એની પણ રસિક ઘટના છે.

વિ. સં. ૧૯૩૨ માં મહારાજશ્રીએ રાજસ્થાનમાં આહોર નગરમાં ચાતુર્માસ કર્યું હતું. તેઓ રોજ નિયમિત સમયે ઉપાશ્રયમાં રોચક શૈલીથી પ્રેરક વ્યાખ્યાન આપતા. તે સાંભળવા માટે દૂરદૂરથી શ્રાવકો આવતા. શ્રાવકો ઉપરાંત અન્ય કોમના લોકો પણ આવતા. મહારાજશ્રીના વાસક્ષેપ અને આશીર્વાદ લેવા પણ ઘણા ભક્તો આવતા. નિસ્વાર્થ, પરોપકાર પરાયણ સાધુસંતોનો પ્રભાવ લોકો ઉપર હંમેશાં ઘણો રહેતો હોય છે. આહોરની બાજુમાં સામુજા નામના ગામમાં વરદીચંદ્ર નામનો એક બ્રાહ્મણ રહે. એમને એક દીકરો હતો. એ અપંગ અને મૂંગો હતો. પોતાની પત્ની સાથે તેઓ પોતાના એ પુત્રને લઇને ગુરુ મહારાજના આશીર્વાદ લેવા આહોર આવ્યા. વ્યાખ્યાન સાંભળીને પ્રસન્નતા અનુભવી. વ્યાખ્યાન પછી તેઓ ગુરુદેવ પાસે આવ્યા. પોતાના અપંગ બાળકની વાત કરી અને આશીર્વાદ આપવા વિનંતી કરી.

મહારાજશ્રીએ થોડીવાર ધ્યાન ધર્યું. ત્યાર પછી મંત્રજાપ કરીને બાળકના મસ્તકે વાસક્ષેપ નાખ્યો. ત્યાર પછી બાળકના મસ્તક ઉપર કેટલીક વાર સુધી હાથ મૂકી રાખીને મંત્રોચ્ચાર કર્યો. એથી મૂંગા બાળકે મોઢું ઉઘાડયું અને થોડો શબ્દોચ્ચાર કર્યો. આ ચમત્કારથી વરદીચંદ્ર અને એની પત્ની આનંદવિભોર થઇ ગયાં. વળી થોડી વારે બાળકે હાથપગ હલાવવાનું પણ ચાલુ કર્યું. આથી તો તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. આ અપંગ બાળકે સાજા થતાં મહારાજશ્રી પાસે દીક્ષા લેવાનો સંકલ્પ કર્યો અને મોટા થતાં સં. ૧૯૩૩ માં એને જાવરામાં દીક્ષા આપવામાં આવી અને એમનું નામ 'મોહનવિજય' રાખવામાં આવ્યું. મહારાજશ્રીના મુખ્ય સાધુઓમાં શ્રી મોહનવિજયજી હતા.

આ શ્રી મોહનવિયજીને મહારાજશ્રી પાસે સંયમાદિની કેવી તાલીમ મળતી હતી તેનો એક પ્રસંગ નોંધાયેલો છે.

મહારાજશ્રીનું વિ. સં. ૧૯૩૪ નું ચાતુર્માસ રાજગઢમાં હતું. મહારાજશ્રીના શિષ્યોમાં મુખ્ય એવા મુનિશ્રી મોહનવિજયજી ઘણુ ખરું ગોચરી વહોરી લાવતા. મહારાજશ્રીએ એમને કડક સૂચના આપેલી હતી કે સાધુઓના આચારને લક્ષમાં રાખી ખપ પૂરતો સૂઝતો આહાર ચોકસાઇ કરીને લેવો. તે પ્રમાણે તેઓ ગોચારી વહોરી લાવતા.

એક દિવસ તેઓ બંને ગોચરી વાપરવા બેઠા હતા. ત્યારે ગોચરીમાં એક કડવું શાક આવી ગયું હતું. મહારાજશ્રી તો એ શાક ખાઇ ગયા. પરંતુ મોહનવિજયજીથી એ શાક ખવાતું નહોતું. ખાતાં એમનું મોઢું બગડી જતું હતું. મહારાજશ્રીએ કહ્યું, 'મોહન, ગવેષણાપૂર્વક વહોરેલી ગોચરીમાં જે આહાર મળે તે આપણે વાપરી લેવા જોઇએ. એમાં સ્વાદનો વિચાર ન કરાય. જૈન સાધુને માટે એ જ ઉચિત છે.' ગુરુદેવની શિખામણ આજ્ઞા બરાબર હતી. મોહનવિજયજીએ પોતાના પાત્રમાં રહેલું બધું કડવું શાક વાપરી લીધું.

ગોચરી પછી તેઓ બંને સ્વાધ્યાય માટે બેઠા. એવામાં જે શ્રાવકના ઘરેથી કડવું શાક વહોર્યું હતું તે શ્રાવક દોડતા આવ્યા. વહોરાવતી વખતે ઘરનાં કોઇને ખબર નહોતી કે શાક કડવું છે. ખબર પડતાં બીજા શ્રાવકો પણ ઉપાશ્રયે દોડી આવ્યા. ત્યાં પહોંચીને ગુરુમહારાજ સમક્ષ પોતાની ચિંતા વ્યક્ત કરી.

મહારાજશ્રીએ કહ્યું કે ગોચરી અમે બધાએ વાપરી લીધી છે. અમારે સાધુઓએ તો સ્વાદ પર વિજય મેળવવાનો હોય છે. જે ગોચરી આવે તે વાપરવાની હોય છે. અમે બધુ કડવું શાક વાપરી લીધું છે. આમાં તમારો કોઇ દોષ નથી. એ માટે તમારે ચિંતા કે ખેદ કરવાની જરૂર નથી.'

શ્રાવકોએ કહ્યું, ' પરંતુ, મહારાજજી ! આ તો ઝેર જેવું કડવું શાક છે. એ માટે કંઇક કરવું જોઇએ.'

મહારાજશ્રીએ કહ્યું, ' ભાઇ, એથી અમને કંઇ જ નહિ થાય. તમે ચિંતા ન કરશો.'

આમ છતાં શ્રાવકોના આગ્રહને વશ થઇ આયુર્વેદના જાણકાર મહારાજશ્રીએ મોહનવિજયજીને મોકલી એક શ્રાવકનાં ઘરેથી લીંબડાના સૂકાં પાન મંગાવ્યાં અને તેઓ બંનેએ તે ખાઇ લીધાં.

બે દિવસ સુધી તેમને કંઇ થયું નહિ ત્યારે શ્રાવકોને શાંતિ થઇ.

મહારાજશ્રી કેટલીકવાર અભિગ્રહયુક્ત તપશ્ચર્યા કરતા. એકવાર તેઓનું રતલામમાં ચાતુર્માસ હતું અને પર્યુષણ પર્વમાં એમણે ઉપવાસ કરી મનમાં એવો અભિગ્રહ ધારણ કર્યો હતો કે કોઇ શ્રાવક આવીને બાર વ્રત ધારણ કરે પછી જ ગોચરી વહોરવા જવું. મહારાજશ્રીને પારણા માટે ગોચરી વહોરવા પોતાને ઘરે પધારવા ઘણા કહી ગયા, પણ મહારાજશ્રી ગોચરી વહોરવા નીકળતા નહોતા. એથી બીજા સાધુઓને પણ આશ્ચર્ય થયું. એવામાં રીખવચંદ નામના એક શ્રાવક આવ્યા. એમણે કહ્યું, ગુરુદેવ ! પર્યુષણ પર્વમાં આપની વાણી સાંભળીને ઘણી પ્રેરણા મળી છે. એથી મને શ્રાવકનાં બારવ્રત અંગીકાર કરવાની ભાવના થઇ છે. માટે આજે મને બારવ્રતની બાધા આપો. મહારાજશ્રીએ એમની પાત્રતાની ખાત્રી કરી એમને બારવ્રત અંગીકાર કરાવ્યાં. અભિગ્રહ પૂરો થયા તેઓ ગોચરી વહોરવા નીકળ્યાં. ગોચરીમાં પણ એમણે કોઇ એક વાનગી અંગે અભિગ્રહ ધારણ કરેલો. તે પ્રમાણે જયારે ગોચરી મળી ત્યારે વહોરી.

મહારાજશ્રી ગોચરી અંગે વારંવાર આવા જાતજાતના અભિગ્રહ ધારણ કરતા અને તે પ્રમાણે ગોચરી ન મળે તો ઉપવાસ કરતા.

એક વખત રાજગઢમાં મહારાજશ્રીએ એવો વિચિત્ર અભિગ્રહ ધારણ કરેલો કે કોઇ મને ગોચરીમાં પહેલાં રાખ વહોરાવે પછી જ બીજી વાનગી વહોરવી. મહારાજશ્રીએ મનમાં લીધેલા આ અભિગ્રહની કોઇને ખબર નહોતી. પહેલે દિવસે મહારાજશ્રી ગોચરી વગર ઉપાશ્રયમાં પાછા ફર્યા ત્યારે લોકોને ખબર પડી કે મહારાજશ્રીએ કોઇ અભિગ્રહ ધારણ કરેલો છે. આથી શ્રાવકો જુદી જુદી વાનગી કરીને તૈયાર રાખતા. કે જેથી મહારાજશ્રીનો અભિગ્રહ

કરી મહારાજશ્રી સંઘમાં જોડાયા અને સંઘ ગ્રામાનુગ્રામ મુકામે કરતો પાલીતાણા આવી પહોંચ્યો. ત્યાં તળેટીમાં દર્શન કરી ગિરિરાજ ઉપર ચડવાનું ચાલુ કર્યું. ત્યાં કેટલાક બારોટોએ એમને અટકાવ્યા. તપાસ કરતાં કારણ જાણવા મળ્યું કે કોઇ યતિએ એવી ભંભેરણી કરી હતી કે જો સંઘ ગિરિરાજ ઉપર જશે તો કંઇક અઘટિત ઘટના બનશે. માટે સંઘને ઉપર જવા ન દેવો.

આ પરિસ્થિતિમાં થરાદના ઉશ્કેરાયેલા યુવાનો બારોટો સાથે મારામારી કરવા તૈયાર થઇ ગયા. પરંતુ મહારાજશ્રીએ એમને અટકાવ્યા. બારોટોને સમજાવતાં કહ્યું, 'જે યતિઓએ તમને કહ્યું હોય તેઓને અહીં બોલાવો. તેઓ પોતાની વાત અમને સમજાવે. અને સિદ્ધ કરી આપે. ત્યાં સુધી અમે અહીં જ બેસીને ધર્મધ્યાન કરશું. આટલો મોટો સંઘ આટલે દૂરથી આવ્યો છે તે તીર્થાધિરાજની જાત્રા કર્યા વગર જાય તે બરાબર નથી.'

બારોટો ગિરિરાજ ઉપર ગયા અને ત્રણેક કલાકમાં પાછા આવ્યા. એમની સાથે આણંદજી કલ્યાણજીની પેઢીના મુનીમ પણ આવ્યા હતા. મુનીમે મહારાજશ્રીને વંદન કર્યાં અને કહ્યું કે સંઘ ઉપર જઇને જાત્રા કરી શકે છે.

આ નિર્ણયથી સંઘમાં હર્ષોલ્લાસ વ્યાપી ગયો. મહારાજશ્રી સાથે તીર્થયાત્રા કરી સંઘ થરાદ પાછો ફર્યો.

વિ. સં. ૧૯૫૧માં મહારાજશ્રી કુક્ષી નગરમાં બિરાજમાન હતા. એક દિવસ વહેલી સવારે પોતે ધ્યાનમાં હતા ત્યારે એમને આભાસ થયો કે પાસેની ગલીમાં એક બ્રાહ્મણના ઘરમાં આગ લાગી છે. અને શ્યામ ચહેરાવાળો એક છોકરો ગલીમાં ભાગાભાગ કરી રહ્યો છે. ધ્યાનમાંથી જાગૃત થતાં મહારાજશ્રીએ અંતરની સ્ફુરણાથી કહ્યું, 'મને એમ લાગે છે કે આવતા વૈશાખ વદ સાતમને દિવસે અહીં કુક્ષીમાં મોટી આગ લાગશે.'

મહારાજશ્રીએ કરેલી આગાહીની વાત લોકોમાં પ્રસરી ગઇ, પરંતુ હજુ ઘણા દિવસની વાર હતી એટલે તે વાત ધીમે ધીમે ભૂલાઇ પણ ગઇ.

મહારાજશ્રી ત્યાર પછી વિહાર કરતા કરતા રાજગઢ પધાર્યા. રાજગઢમાં વ્યાખ્યાન ચાલતું હતું ત્યારે વચ્ચે અચાનક અટકીને વિષયાંતર કરીને મહારાજશ્રીએ કહ્યું, ' કુક્ષીમાં અત્યારે મોટી આગ લાગી છે. જાવ, જઇને તપાસ કરો.'

સંઘના આગેવાનોએ ઘોડેસ્વાર દોડાવ્યા તો તેમણે આવીને જણાવ્યું કે હા, 'કુક્ષીમાં મોટી આગ લાગી છે એ વાત સાચી છે.'

વૈશાખ વદ સાતમનો એ દિવસ હતો. એ દિવસે કુક્ષીમાં લાગેલી ભયંકર આગમાં પંદરસો ઘર બળી ગયાં. જૈનોનો એક મોટો જ્ઞાનભંડાર પણ બળી ગયો. ૧૫૦૦ તાડપત્રીય હસ્તપ્રતો સહિત ત્રીસ હજારથી વધુ હસ્તપ્રતો એમાં બળીને નષ્ટ થઇ ગઇ.

મહારાજશ્રી આહોરમાં વિ. સં. ૧૯૫૫ માં બિરાજમાન હતા ત્યારે ત્યાં બાવન જિનાલયવાળા શ્રી ગોડીજી પાર્શ્વમંદિરમાં પ્રતિષ્ઠા મહોત્સવની વિચારણા ચાલતી હતી. સંઘના કેટલાક આગેવાનોનો મત એવો હતો કે ચાલુ વર્ષ દરમિયાન પ્રતિષ્ઠા કરાવવી જોઇએ. અને બીજા ઘણાનો મત એવો હતો કે બીજે વરસે એ મહોત્સવ કરાવવો જોઇએ. આ ચર્ચા દરમિયાન મુનિ રૂપવિજયજીએ અભિપ્રાય આપ્યો કે ઘણાનો મત એવો છે તો પછી પ્રતિષ્ઠા આવતે વર્ષે રાખીએ એ જ ઠીક છે.

તે વખતે મહરાજશ્રી થોડે દૂર બેઠા હતા અને પોતાના લેખન કાર્યમાં મગ્ન હતા. મુનિ રૂપવિજયજીની વાત એમના કાને પડી. તરત જ એમણે કહ્યું, ' આવતે વર્ષે કોઇ સારો યોગ નથી. આ વર્ષે જ પ્રતિષ્ઠા મહોત્સવ રાખી લેવાં જોઇએ.'

મહારાજશ્રીની ભલામણ અનુસાર સંઘે તે જ વર્ષે પ્રતિષ્ઠાનો મહોત્સવ રાખી લીધો. એ સારું જ થયું કારણ કે બીજે વર્ષે ૧૯૫૬ ની સાલમાં ભયંકર દુકાળ પડયો હતો. પ્રતિષ્ઠા જો મુલતવી રાખવામાં આવી હોત તો બીજા વર્ષે દુકાળને કારણે તે થઇ શકી ન હોત.

વિ. સં. ૧૯૫૬ ની સાલમાં મહારાજશ્રીનું શિવગંજમાં ચાતુર્માસ હતું. મહારાજશ્રીને રોજ રાતે કેટલોક વખત ધ્યાનમાં બેસવાનો નિયમ હતો. એક રાત્રે ધ્યાન દરમિયાન મહારાજશ્રીને એક કાળો ભયંકર નાગ વિષવમન કરતો દેખાયો. આ દૃશ્ય ઉપરથી મહારાજશ્રીને લાગ્યું કે ભયંકર પરિસ્થિતિ આવી રહી છે. એમણે આ વાત પોતાના શિષ્યોને કરી અને આગાહી કરતાં કહ્યું કે આ વર્ષે દેશમાં ભયંકર દુકાળ પડવાનો સંભવ છે. મહારાજશ્રીની એ આગાહી સાચી પડી. એ વર્ષે એટલે ૧૯૫૬ ની સાલમાં આખા ભારતમાં ભયંકર દુકાળ પડયો. 'છપ્પનિયા દુકાળ' તરીકે આજે પણ એ જાણીતો છે. એ દુકાળમાં લાખો માણસો હિન્દુસ્તાનમાં મૃત્યુ પામ્યાં હતાં.

વિ. સં. ૧૯૫૬ માં ભારતમાં પડેલા આ ભયંકર દુકાળે જે ચારે બાજુ કાળો કેર વર્તાવ્યો તેનું વર્ણન ઘણા કવિઓએ કર્યું છે. શ્રી રાજેન્દ્રસૂરિએ પોતે પણ મારવાડી ભાષામાં 'છપ્પનિયા દુકાલરા સંલોકા' નામની કૃતિની રચના કરી છે તેમાં એમણે આ દુકાળનું આબેહૂબ વર્ણન કર્યું છે. એમાંથી નીચેની પંક્તિઓ ઉદાહરણ તરીકે જુઓ :

પોતે પોતા રે પેટરી લાગી,
બૈરત ધણીને છોડીને ભાગી;
ઇણી પરે પાપી એ છપ્પનો પડિયો,
મોટા લોગારો ગર્વ જ ગલિયો.

* * * * * *

ઝાડની છાલ તો ઉતારી લાવે,
ખાંડી પીસીને અન્ન જયું ખાવે;
અંતે ઝાડોની છાલ ખુટાણી,
પૂરો ન મલે પીવાને પાણી.

સં. ૧૯૫૮ માં મહારાજશ્રીની નિશ્રામાં સિયાણા નગરમાં જિનમંદિરમાં પ્રતિષ્ઠાનો મહોત્સવ યોજવામાં આવ્યો હતો. પ્રતિષ્ઠા માટે એક વિશાળ ચોગાનમાં મેરુ પર્વતની રચના કરી એના ઉપર અભિષેકની યોજના વિચારાઇ હતી. એંસી ફૂટ ઊંચા મેરુ પર્વતની રચના માટી વગેરેથી કરવામાં આવી હતી. પરંતુ પ્રતિષ્ઠાવિધિ થાય તે પહેલાં પર્વતની રચના તૂટી પડી. કેટલાક માણસો માટીમાં નીચે દબાઇ ગયા. ખબર પડતાં નગરમાં હાહાકાર મચી ગયો. બધા ત્યાં દોડ્યા. મહારાજશ્રીને ઉપાશ્રયમાં આ ઘટનાના સામાચાર આપવામાં આવ્યા. તેમણે કહ્યું, 'ગભરાશો નહિ, કોઇને કંઇ થવાનું નથી.' ત્યાર પછી તેઓ પોતાના શિષ્ય શ્રી મોહનવિજયજીને લઇને તરત ત્યાં પહોંચી ગયા. માણસો કયાં દટાઇ ગયા તેની કોઇને ખબર ન હતી. પરંતુ એ વિશાળ જગ્યામાં મહારાજશ્રીએ નિશાની કરી અમુક જગ્યા બતાવી ત્યાં ખોદીને માટી ખસેડતાં દટાયેલા માણસો એક પછી એક હેમખેમ નીકળી આવ્યા. આ ઘટના વખતે મહારાજશ્રી જરા પણ અસ્વસ્થ થયા નહોતા. એમની કૃપાથી બધા બચી ગયા એથી આશ્ચર્ય સાથે સૌને આનંદ થયો.

વિ. સં. ૧૯૯૫માં મહારાજશ્રી આહોરમાં બિરાજમાન હતા. ત્યારે ત્યાંના પુનમમિયા ગચ્છ તરફથી જિનમંદિરમાં પ્રતિમાજીની અંજનશલાકાનો મહોત્સવ યોજવામાં આવ્યો હતો. એ માટે જયપુરથી શ્રી જિનમુક્તસૂરિ પધારવાના હતા. મહોત્સવનું મુહૂર્ત ફાગણ વદ પાંચમનું રાખવામાં આવ્યું હતું. મહારાજશ્રી જ્યોતિષના સારા જાણકાર હતા. એમણે જોયું કે મુહૂર્ત બરાબર નથી એમણે જયપુર શ્રી જિનમુક્તિસૂરિને જણાવ્યું કે 'દેરાસર ઉત્તરાભિમુખ છે એટલે ફાગણવદ પાંચમનું મુહૂર્ત બરાબર નથી. સદોષ મુહૂર્તમાં શુભ કાર્ય કરવા જતાં અનિષ્ટાપત્તિના પ્રસંગો ઊભા થયા છે.' પરંતુ લોકોના આગ્રહને વશ થઇ જિનમુક્તિસૂરિ આહોર પધાર્યા અને અંજનશલાકા મહોત્સવ ચાલુ કરાવ્યો. પરંતુ મહોત્સવમાં વિઘ્નો આવ્યાં એટલુ જ નહિ, મહોત્સવ પછી શ્રી જિનમુક્તિસૂરિ પોતે આહોરમાં જ કાળધર્મ પામ્યા.

મહારાજશ્રી જયારે આહોર નગરમાં બિરાજમાન હતા ત્યારનો એક પ્રસંગ નોંધાયેલો છે. એક વખત એમના ડુંગાજી નામના એક ભકતે આવીને મહારાજશ્રીને ચિંતાતુર અસ્વસ્થ અવાજે કહ્યું કે પોતાનો પુત્ર બહુ માંદો છે અને એની છેલ્લી ઘડીઓ ગણાઇ રહી છે. પોતાના પુત્રને અંતિમ સમયે માંગલિક સંભળાવવા માટે ઘરે પધારવા એમણે મહારાજશ્રીને વિનંતી કરી. મહારાજશ્રી એમને ઘરે પધાર્યા. ત્યાં ડુંગાજીનો પુત્ર ચમનાજી છેલ્લા શ્વાસ લઇ રહ્યો હતો. ઘરમાં સગાસંબંધીઓ એકત્ર થઇ ગયાં હતાં. મહારાજશ્રીએ ચમનાજીને માથે વાસક્ષેપ નાખ્યો અને એની પાસે નવકારમંત્ર બોલાવ્યો. નવકારમંત્ર બોલતાં ચમનાજીએ મહારાજશ્રીનો હાથ પકડી લીધો. વળી નવકારમંત્ર બોલવા લાગ્યો. એથી એનામાં થોડી સ્વસ્થતા આવતી જણાઇ. મહારાજશ્રી ઉપાશ્રયે પાછા ફર્યા. પછી સમાચાર મળતા રહ્યા કે ચમનાજીની તબિયતમાં સુધારો થતો રહ્યો છે. ત્રીજે દિવસે તો ચમનાજી પિતાશ્રીનો હાથ પકડી ધીરે ધીરે ઉપાશ્રય સુધી આવી પહોંચ્યો. મહારાજશ્રી તરફથી જાણે પોતાને નવું જીવન મળ્યું હોય એવો અદ્‌ભુત અનુભવ થયો. થોડા વખતમાં તો ચમનાજીનું શરીર પહેલાં જેવું એકદમ સ્વસ્થ થઇ ગયું. આથી સમગ્ર

પરિવારની મહારાજશ્રી પ્રત્યેની ભક્તિ અને શ્રદ્ધામાં વધારો થયો.

સં. ૧૯૫૯ માં મહારાજશ્રી પોતાના છ એક શિષ્યો સાથે મારવાડમાંથી મેવાડ તરફ વિહાર કરી રહ્યા હતા. તેઓ રાણકપુર પાસેના જંગલમાંથી પસાર થઇ રહ્યા હતા ત્યારે વિહારમાં સમય વધુ લાગતા રસ્તામાં જ સાંજ પડી ગઇ. બીજા મુકામ સુધી પહોંચવામાં હજુ પાંચેક કિલોમિટરનું અંતર બાકી હતું. એટલે શ્રી રાજેન્દ્રસૂરિએ તો શિષ્યોને આજ્ઞા કરી દીધી કે હવે આપણે આગળ વિહાર નથી કરવાનો. તેઓએ નજીકમાં જ એક વિશાળ વડના વૃક્ષ નીચે મુકામ કર્યો. ત્યાંથી પસાર થતાં એક આદિવાસીએ એમને ચેતવ્યા કે અહીં મુકામ ન કરશો, કારણ કે નજીકમાં જ વાઘ રાત્રે પાણી પીવા આવે છે. આ સાંભળી શિષ્યોના મનમાં ડર પેદા થયો, પણ શ્રી રાજેન્દ્રસૂરિ તો નીડર હતા. તેમણે ત્યાં મુકામ કરવાનો નિશ્ચય ફેરવ્યો નહિ. તેમણે શિષ્યો સાથે પ્રતિક્રમણ વગેરેની વિધિ કરી લીધી. શિષ્યોએ કહ્યું, 'ગુરુદેવ, અમારે રાતના સૂવું નથી. આખી રાત અમારે જાગતા રહેવું છે અને સ્વાધ્યાય કરવો છે.' મહારાજશ્રીએ કહ્યું, ભલે, પણ જો કોઇ જંગલી પ્રાણી આવે તો મને જગાડજો. કોઇ જરા પણ અવાજ કરતા નહિ. અને આ વૃક્ષની ઘટાની મર્યાદાની બહાર કોઇ ગભરાઇને દોડી જતા નહિ.

અડધી રાતે એક વાઘ ત્યાં પાણી પીવા આવ્યો. વાઘને જોતાં જ સ્વાધ્યાય કરતા શિષ્યો ગભરાઇ ગયા, મહારાજશ્રીને જગાડ્યા. મહારાજશ્રી તો સ્વસ્થ જ રહ્યા. વાઘ તેમની સામે ઘૂરકતો આવ્યો. થોડે દૂર એક પથ્થર ઉપર ઊભો રહ્યો. મહારાજશ્રીએ એની આંખ સામે ત્રાટક માંડ્યું. થોડીવારમાં વાઘ ઘૂરકતો બંધ થયો. ત્યાર પછી પાણી પીને જંગલમાં ક્યાંક ચાલ્યો ગયો. જીવતા વાઘને આટલી નજીકથી જોવાનો આ અનુભવ અને પોતાના ગુરુદેવની સ્વસ્થતા અને સિદ્ધિ જોવાનો અનુભવ શિષ્યો માટે અદ્વિતીય હતો.

કેટલાયે ભક્તોને મહારાજશ્રીનાં વચનોમાં અપૂર્વ શ્રદ્ધા હતી. તેમનું વચન તેઓ આજ્ઞા માનીને સ્વીકારતા અને તે પ્રમાણે કાર્ય કરતા.

એક વખત ધનરાજ નામના એક વેપારી મહારાજશ્રીને વંદન કરવા આવ્યા. એમના ચહેરા પરથી મહારાજશ્રીને લાગ્યું કે તેઓ પહેલાં જેવા પ્રસન્ન નથી, પણ કંઇક વ્યથિત જણાય છે. મહારાજશ્રીએ પૂછ્યું તો જાણવા મળ્યું કે વેપારમાં તેમને ખોટ ગઇ છે. તેઓ દેવાદાર થઇ ગયા છે. મહારાજશ્રીએ તેમને કહ્યું, 'ભાઇ ધનરાજ ! તમે ગામ છોડીને વહેલામાં વહેલી તકે મુંબઇ ચાલ્યા જાવ, તમારી બધી સમસ્યાઓ ત્યાં ઉકલી જશે.'

ધનરાજ પોતાના કુટુંબ સાથે તરત મુંબઇ આવ્યા. ત્યાં સુતર બજારના એક વેપારીનો સંપર્ક થયો. એમની સાથે ભાગીદારીમાં કામ ચાલુ થયું. તેઓ સારું કમાયા. થોડા વખતમાં જ ધનરાજે બધુ દેવું ચૂકતે કર્યું. ક્રમે ક્રમે થોડાં વર્ષોમાં તેઓ લાખો રૂપિયા કમાયા. ગુરુમહારાજના આશીર્વાદથી આ થયું એટલે ગુરુમહારાજ પર તેમની શ્રદ્ધા વધી ગઇ અને તેમની પ્રેરણા અનુસાર ધાર્મિક પ્રસંગોમાં પણ ઘણી મોટી રકમનું દાન આપતા રહ્યા હતા.

એક વખત મહારાજશ્રી રાજગઢમાં બિરાજમાન હતા. ત્યાં રહેતા ચુનીલાલ નામના એક ગરીબ શ્રાવક આજુબાજુનાં ગામોમાં જઇ નાનીનાની ચીજ વસ્તુઓ વેચીને પોતાનું ગુજરાન ચલાવતા. એક દિવસ એમને થયું કે આજે મહારાજશ્રીના આશીર્વાદ લઇ વેચવા જાઉં. તેઓ ઘરેથી નીકળી ઉપાશ્રયે પહોંચ્યા. મહારાજશ્રીને કહ્યું, 'ગુરુદેવ ! આજે હું સરદારપુર જાઉં છું.'

મહારાજશ્રીએ કહ્યું, 'ચુનીલાલ, વીતરાગ પ્રભુનું નામ લેજો. બધુ સારું થઇ જશે. તમારો ભાગ્યોદય સરદારપુરમાં થવાનો છે.'

ચુનીલાલ સરદારપુર જવા રવાના થયા. ત્યાં અંગ્રેજોની લશ્કરી છાવણી હતી. રસ્તામાં એક વૃક્ષ નીચે બે અંગ્રેજ અમલદારો બેઠા હતા. તેઓ કંઇક હિસાબ કરતા હતા, પણ હિસાબ બરાબર બેસતો નહોતો. તેઓએ ત્યાંથી પસાર થતાં ચુનીલાલને બોલાવ્યા. હોંશિયાર ચુનીલાલે તેમને હિસાબની બધી સમજ પાડી. એથી અંગ્રેજોને સંતોષ થયો. આવા હોંશિયાર માણસને લશ્કરમાં હિસાબ માટે નોકરીએ રાખી લેવો જોઇએ. એમ તેમને લાગ્યું. તેઓએ ચુનીલાલ પાસે પ્રસ્તાવ મૂક્યો. ચુનીલાલે લશ્કરમાં ખજાનચી તરીકે નોકરી સ્વીકારી લીધી. આગળ જતાં તેમાં તેમણે ઘણી પ્રગતિ કરી અને સારા પગારને લીધે ઘણું ધન બચાવી શક્યા. રાજગઢમાં તેમનું કુટુંબ ખજાનચી પરિવાર તરીકે પંકાયું. અંગ્રેજોએ તેમની પ્રામાણિક અને કુશળતાભરી સેવાના બદલામાં તેમને રાયબહાદુરનો ઇલ્કાબ આપ્યો હતો.

ખજાનચી પરિવારે ત્યાર પછી રાજગઢમાં અષ્ટાપદાવતાર જિનાલય બંધાવ્યું હતું. એની પ્રતિષ્ઠા મહારાજશ્રીના હસ્તે થઇ હતી.

મધ્યપ્રદેશમાં ધાર પાસે કડોદ નગરમાં ત્યાંના એક શ્રેષ્ઠીએ મહારાજશ્રીની પ્રેરણાથી બીજાઓની સાથે મળીને એક જિનાલયનું નિર્માણ કર્યું હતું. એ જિનાલયમાં પ્રતિમાજીની અંજનશલાકાનો અને પ્રતિષ્ઠાનો મહોત્સવ સં. ૧૯૫૩ ના વૈશાખ સુદ સાતમના રોજ મહારાજશ્રીની નિશ્રામાં યોજવામાં આવ્યો હતો..

આ મહોત્સવ પ્રસંગે ગામેગામથી ઘણા માણસો આવ્યા હતા. આ મહોત્સવ દરમિયાન એક આપત્તિનો પ્રસંગ બની ગયો. પ્રતિષ્ઠાની બોલી બોલનાર શેઠ ઉદયચંદના ઘરે રાતના વખતે ડાકુઓ આવ્યા. તેઓ લગભગ એંસી હજાર રૂપિયાનાં ઘરેણાં તથા અન્ય કિમતી વસ્તુઓ ઉપાડી ગયા.

આ ઘટનાથી ઉદયચંદજી અને એમના પરિવારના સભ્યો ઉદાસ થઇ ગયા. ગામમાં હાહાકાર થઇ ગયો. બધે આ ઘટનાની ચર્ચા થવા લાગી. શેઠ ઉદયચંદજી જ્યારે મહારાજશ્રીને મળવા આવ્યા ત્યારે મહારાજશ્રીએ એમને સાન્ત્વન આપતાં કહ્યું ! 'ઉદયચંદજી ! તમારા ઘરે ડાકુઓ આવ્યા અને બધા ઘરેણાં ઉપાડી ગયા તે મેં જાણ્યું, પણ ચિંતા ન કરશો. બધું પાછું મળી જશે. માટે પ્રતિષ્ઠાના કામમાં જરા પણ ઢીલા ન પડશો.'

ઉદયચંદજીને મહારાજશ્રીના વચનમાં પૂરી શ્રદ્ધા હતી: જાણે કશું બન્યું નથી એવી રીતે એમણે અને એમના પરિવારે ઉત્સાહપૂર્વક ભાગ લીધો. પ્રતિષ્ઠાની વિધિ પછી શાંતિસ્નાત્રની વિધિ થઇ. મહારાજશ્રીની સૂચનાથી એનું જલ (ન્હવણ) આખા ગામમાં છાંટવામાં આવ્યું. બીજે દિવસે જાણે આશ્ચર્યકારક ઘટના બની હોય તેમ ધારથી રાજ્યના અમલદારો ઘોડા પર બેસીને ઉદયચંદજીને ઘરે આવ્યા અને કહ્યું કે ડાકુઓ પકડાઇ ગયા છે. અને તમારાં બધાં ઘરેણા મળી ગયા છે માટે ધાર આવીને લઇ જાઓ.'

આથી શેઠ ઉદયચંદજીની મહારાજના વચનમાં શ્રદ્ધા વધુ દૃઢ થઇ.

એક વખત મહારાજશ્રીનો કોઇ એક ભક્ત વેપારી પોતાના કાફલા સાથે મારવાડના રણમાંથી પસાર થઇ રહ્યો હતો. રેલગાડીનો કે મોટરનો એ જમાનો નહોતો. વેપારી ઊંટો ઉપર માલાસામાન મૂકીને લઇ જઇ રહ્યો હતો. રસ્તામાં કેટલાક લૂંટારુઓ આવ્યા અને શેઠને ઘેરી વળ્યા. બચવાનો કોઇ ઉપાય નહોતો. એટલે શેઠે પોતાના કાફલાને ત્યાં બેસાડી દીધો અને લૂંટારુઓને કહ્યું, 'તમારે જે લઇ જવું હોય તે ખુશીથી લઇ જઇ શકો છો. ' એમ કહી વેપારીએ એક બાજુ બેસીને પોતાના ગુરુદેવ શ્રી રાજેન્દ્રસૂરિનું ચિત્ર સામે રાખીને ૐ અર્હમ્ નમઃનો જાપ ચાલુ કરી દીધો. લૂંટારુઓએ લેવા જેવો બધો માલસામાન પોતાના ઊંટ ઉપર ભરીને ભાગવા લાગ્યા. પરંતુ થોડે ગયા પછી રેતીનાં રણમાં લૂંટારુઓને પોતાનો રસ્તો જડ્યો નહિ. તેઓ આમતેમ ઘણું દોડ્યા પણ ભૂલા પડી ગયા હોય એવું લાગ્યું. છેવટે થાકીને પેલા વેપારી પાસે આવ્યા અને ધમકાવીને પૂછ્યું, તેં એવું શું કર્યું કે અમને રસ્તો જડતો નથી ? '

વેપારીએ કહ્યું, ' મેં તો કશું કર્યું નથી. મેં તો આ મારા ગુરુદેવનું ચિત્ર નજર સામે રાખીને ભગવાનનું નામ લીધું છે.'

લૂંટારુઓ આ ચમત્કારનું કારણ સમજી ગયા. તેઓ એ વેપારીનો માલ સામાન પાછો મૂકી ગયા અને ગુરુદેવનું ચિત્ર પોતાની સાથે લઇ ગયા.

મહારાજશ્રીએ વિ.સં. ૧૯૬૦ નું ચાતુર્માસ સૂરતમાં કર્યું. ત્યારે એમની ઉંમર ૭૭ વર્ષની થવા આવી હતી.. એમણે અહીં પોતાના જીવનનું જે સૌથી મહત્ત્વનું કાર્ય હતું તે પૂર્ણ કર્યું. એ કાર્ય 'અભિધાન રાજેન્દ્ર કોશ' ની રચનાનું હતું.

સૂરતમાં મહારાજશ્રીએ પોતાના નજીક આવતા અંતકાળનો અણસાર આવી ગયો હતો. અહીં એમણે શ્રોતાઓને સભામાં ગર્ભિત રીતે કહ્યું હતું કે હવે પોતે ત્રણ વર્ષથી વધુ નહિ જીવે. એમનું સ્વાસ્થ્ય હવે ક્ષીણ થતું જતું હતું. શરીરમાં અશક્તિ વધતી જતી હતી.

સૂરતથી વિહાર કરી તેઓ મધ્ય પ્રદેશમાં પધાર્યા. એમણે ચાતુર્માસ કુક્ષીમાં કર્યું. ત્યાર પછીનું ચાતુર્માસ ખાચરોદમાં કર્યું.

મહારાજશ્રીની પ્રેરણાથી સમાજસેવાનાં જે કેટલાક મહત્ત્વનાં કાર્યો થયાં તેમાં એ જમાનાની દૃષ્ટિએ એક મહત્ત્વનું કાર્ય ખાચરોદના આ ચાતુર્માસ દરમિયાન થયું. માલવાના ચિરોલાવાસી ગામડિયા જૈનોને ત્રણસો વર્ષ પછી ફરી પાછા સંઘમાં લેવામાં આવ્યા. ઇતિહાસ એવો છે કે ત્રણસો વર્ષ પૂર્વે ચિરોલાવાસી એક શ્રાવક કુટુંબે પોતાની કન્યા રતલામના એક શ્રાવક કુટુંબના

યુવક સાથે, સગાઇ કર્યા પછી પરણાવી નહિ. એ ઘટનાને કારણે રતલામ અને માલવાનાં બીજા નગરોનાં જૈનોએ ચિરોલાવાસીઓનો જ્ઞાતિબહિષ્કાર કર્યો હતો. આ વૈરભાવ ત્રણસો વર્ષ સુધી ચાલ્યો. જયારે મહારાજશ્રી એ વિસ્તારમાં વિચરતા હતા ત્યારે સં. ૧૯૬૨માં તેમણે રતલામના સંઘના આગેવાનોને સમજાવીને આ પુરાણી વાતનું કાયમ માટે, ઉત્સવપૂર્વક સમાધાન કરાવી આપ્યું. આજની દૃષ્ટિએ સામાન્ય લાગતી આ બાબત આ જમાનાની દૃષ્ટિએ ઘણી મહત્ત્વની ઘટના ગણાઇ હતી.

ખાચરોદથી વિહાર કરીને મહારાજશ્રી વડનગર (મધ્ય પ્રદેશ) માં પધાર્યા. સં. ૧૯૬૩ નું ચાતુર્માસ એમણે ત્યાં કર્યું. ત્યાં એમણે દિવાળીના ઉત્સવ દરમિયાન આઠ ઉપવાસ કર્યા. વર્ષોથી તેઓ કઠિન તપશ્ચર્યા કરતા રહ્યા હતા. પરંતુ આ વખતે લગભગ એંસી વર્ષની ઉંમરે કરેલી અઠ્ઠાઇ પછી એમની તબિયત બગડી. એમને શ્વાસનો રોગ ચાલુ થયો. અને તે વધતો ચાલ્યો.

ચાતુર્માસ પૂર્ણ થતાં મહારાજશ્રીએ વિહાર ચાલુ કર્યો. રતલામ, ધાર, માંડવગઢ વગેરે સ્થળે પધારવા માટે વિનંતીઓ થઇ. પરંતુ બધી પરિસ્થિતિને લક્ષમાં રાખી અન્યત્ર ન જતાં તેઓ રાજગઢ પધાર્યા. આ વિહારમાં મહારાજશ્રીને જિંદગીમાં પહેલીવાર પગમાં કાંટો વાગ્યો અને દર્દ થયું. દીક્ષાના દિવસથી આજ દિવસ સુધી ઉઘાડે પગે હજારો માઇલના વિહાર દરમિયાન તેમને ક્યારેય કાંટો વાગ્યો નહોતો. આ ઘટના અંતિમ અવસરના સંકેતરૂપ બની ગઇ.

રાજગઢમાં પધાર્યા પછી મહારાજશ્રીની તબિયત વધુ બગડતી ગઇ. તેમ છતાં વ્યાખ્યાન, પ્રતિક્રમણ આદિ પોતાની ક્રિયાઓ તેઓ સ્વસ્થપણે કરતા રહ્યા હતા. પોતાનું આયુષ્ય પૂરું થવા આવ્યું છે અને પોતે હવે ગણતરીના દિવસો માટે જ છે એ પ્રમાણે સંઘને સૂચન કરી દીધું હતું. પોતાના શિષ્યોને બધી જવાબદારી વહેંચી આપી હતી. પોતાનો 'અભિધાન રાજેન્દ્ર કોશ' છપાવવાની જવાબદારી શ્રી દીપવિજયજી અને શ્રી યતીન્દ્રવિજયજીને સોંપી દીધી હતી.

સં. ૧૯૬૩ ના પોષ સુદ સાતમને દિવસે મહારાજશ્રીએ પોતે વ્યાખ્યાન આપ્યું. વ્યાખ્યાનમાં સંયમ જીવનની મહત્તા સમજાવી અને અંતે સૌની ક્ષમાયાચના કરી, મિચ્છામિ દુક્કડં કહી એમણે પોતે હવે સંલેખના વ્રત ધારણ કરે છે એવો નિર્ણય જાહેર કર્યો. વ્યાખ્યાન પછી તેમણે દેરાસરમાં જઇ જિનેશ્વર ભગવાનના દર્શન કર્યા. ચૈત્યવંદનાદિ કર્યા. પોતાના સંલેખનાના સંકલ્પને પ્રભુ સમક્ષ મનોમન દોહરાવી તેઓ ઉપાશ્રયમાં પધાર્યા. પોતાનાં બે વસ્ત્ર અને સંથારા સિવાય બધાં ઉપકરણો વગેરેનો ત્યાગ કરી તેમણે વિધિપૂર્વક સંથારો લીધો.

રાજગઢમાં મહારાજશ્રીએ સંથારો લીધો છે એ સમાચાર ગામે ગામ પ્રસરી ગયા. એમના અંતિમ દર્શન માટે એમના હજારો ભક્તો રાજગઢ આવી પહોંચ્યા. મહારાજશ્રી ઉપાશ્રયમાં પોતાના સંથારામાં પદ્માસન વાળીને ધ્યાનમાં બેઠા હતા. શિયાળાના એ દિવસો હતા. મહારાજશ્રી એ જ આસનમાં માત્ર બે જ વસ્ત્ર ધારણ કરીને ચોથ, પાંચમ અને છઠ્ઠ એમ ત્રણ દિવસ અને ત્રણ રાત સતત ધ્યાનમગ્ન બેસી રહ્યા. છઠ્ઠની સાંજે મહારાજશ્રીએ બે હાથ જોડી સૌની ક્ષમાયાચના કરી લીધી. અને પછીૐ અર્હમ્ નમઃનો જાપ ચાલુ કરી દીધો. એમની સાથે પાસે બેઠેલા શિષ્યોએ અને શ્રાવકોએ પણ જાપ ચાલુ કર્યો. ઉપાશ્રયના અંધકારમાં મંત્રજાપના લયબદ્ધ રટણે એક જુદું જ વાતાવરણ નિર્માણ કર્યું. એ વાતાવરણમાં મધરાતે મહારાજશ્રીએ દેહ છોડયો.

મહારાજશ્રીનો જન્મ દિવસ પોષ સુદ સાતમને ગુરુવાર હતો અને એમના કાળધર્મનો દિવસ પણ પોષ સુદ સાતમને ગુરુવારનો હતો. પૂરાં એંશી વર્ષનું આયુષ્ય થયું. એમના કાળધર્મના સમાચાર ગામેગામ પહોંચી ગયા. એ સમાચાર મળતાં બીજા ઘણા ભક્તો પણ રાજગઢ આવી પહોંચ્યા.

રાજગઢથી અઢી કિલોમિટર દૂર મોહનખેડા તીર્થની સ્થાપના મહારાજશ્રીની પ્રેરણાથી થઇ હતી. એ તીર્થભૂમિમાં મહારાજશ્રીના પાર્થિવ દેહના અગ્નિસંસ્કારનો નિર્ણય થયો. એમની ભવ્ય પાલખી નીકળી. એમની અંતિમ યાત્રામાં રાજગઢના નગરજનો ઉપરાંત આસપાસના ગામોમાંથી આવેલા ઘણા માણસો જોડાયા હતા. મોહનખેડા તીર્થના પટાંગણમાં એમના દેહને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો ત્યારે એમના હજારો ભક્તો પોતાના ગુરુ મહારાજના વિયોગથી શોકમગ્ન બની ગયા હતા.

મોહનખેડા તીર્થમાં ત્યાર પછી એમની સ્મૃતિમાં એક સરસ સમાધિ મંદિર બંધાવવામાં આવ્યું હતું.

શ્રી રાજેન્દ્રસૂરિ મહારાજ સાહેબે પોતાના ૮૦ વર્ષના આયુષ્યકાળમાં શાસન માટે ભારે ક્રાન્તિકારી કાર્યો કરવા ઉપરાંત અભિધાન–રાજેન્દ્ર કોશ સહિત વિપુલ સાહિત્યની રચના કરી અને તેજસ્વી શિષ્યવૃંદ તૈયાર કર્યું. એમના કાળધર્મ પ્રસંગે જુદા જુદા શિષ્યોએ તથા કેટલાક ગૃહસ્થ પંડિતાએ સંસ્કૃત, હિન્દી અને ગુજરાતી ભાષામાં એમને અંજલિ આપી છે. શ્રી ગુલાબવિજયજી, પંડિત ધૂટર ઝા, પંડિત કૃપાશંકર મિશ્ર વગેરે એ પ્રત્યેકે સંસ્કૃતમાં અષ્ટકના પ્રકારની શ્લોકબદ્ધ અંજલિકાવ્યની રચના કરી છે. શ્રી મોહનવિજયજી પોતાના અષ્ટકનો પ્રારંભ કરતાં લખે છે. :

विधालंकरणं सुधर्मशरणं मिथ्यात्विनां दूषणं,
विद्वन्मण्डलमण्डनं सुजनता सद्बोधिबीजप्रयम् ।
सच्चारित्रनिधिं दयाभरविधिं प्रज्ञावंता-मादिमम्,
जैनानां नवजीवनं गुरूवरं राजेन्दसूरिं नुम : ॥

મુનિશ્રી કાન્તિવિજયજીએ અંજલિ આપતાં છ કડીનું સરસ કાવ્ય હિંદીમાં લખ્યું છે. તેમાં છેલ્લે તેઓ લખે છે :

उस साधु, योगी, ज्योतिषी स्वरज्ञानधारी आर्य को,
वर विज्ञकोविद बुध्दिशाली, तपोधन आचार्य को ।
शुचि सत्यधन, जिनदूत, शुभ संघर्षमूर्त वरार्य को,
शत वार वंदन आज उसको और उसके कार्य को ॥

શ્રી વિદ્યાવિજયજી ('પથિક') લખે છે :

કાયાકલ્પ કિયા, જિનેન્દ્ર જપસે, જ્ઞાની વ ધ્યાની બને,
દેખી શ્રી યતિધર્મકી શિથિલતા થી દી ઉસે ભી મિટા,
સાધ્વાચાર – વિધાન પાલન કિયા ઉત્કૃષ્ટતા સે સ્વયં,
મેરી આજ ઉન્હી વિભૂતિપદમેં સદ્ભક્તિ શ્રદ્ધાંજલિ.

શ્રીમદ વિજય રાજેન્દ્રસૂરિ મહારાજ સાહેબના જીવન અને કાર્યનો તથા સાહિત્યનો સવિગત અભ્યાસ કરનારને એ જ્ઞાની–ધ્યાની મહાન વિભૂતિનું જીવન કેવું ક્રાન્તિકારી, નિર્ભીક, નિરતિચાર, ચમત્કારપૂર્ણ ઘટનાસભર અને પ્રેરણાદાયી હતું તેની પ્રતીતિ થયા વગર નહિ રહે. □ □ □

**(પરિવર્તનની પ્રક્રિયા.... અનુસંધાન પૃષ્ઠ – ૬થી ચાલુ)**

છેલ્લા સૈકાની જૈન સમાજની સામાજિક સાંસ્કૃતિક તવારીખ જોઇએ તો આધુનિક કેળવણીનો પ્રારંભમાં જબ્બર વિરોધ થયો હતો. પૂ. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિ, શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરિ, અને અન્ય સાધુભગવંતોએ એ વખતે આવી રહેલાં યુગના એંધાણ પારખીને નવી કેળવણીની હિમાયત કરી હતી. એમની આવી વિધાયક દૃષ્ટિનો આજે સમાજને લાભ થયો છે.

ચોથા સૈકા સુધી આગમાદિ ગ્રંથો લખાયાં ન હતાં. માત્ર શ્રવણથી સ્મૃતિના સહારે એનો સ્વાધ્યાય–અભ્યાસ થતો હતો. એમાં જયારે સ્મૃતિ–દોષ લાગવા માંડયો ત્યારે વીર નિર્વાણના આશરે એક હજાર વર્ષ બાદ વલ્લભીમાં વાચના થઇ અને આગમગ્રંથો હસ્તપ્રતોના રૂપમાં ઉપલબ્ધ થયાં. પુસ્તક પણ એક કાળે પરિગ્રહ ગણાતો. ત્યાર બાદ મુદ્રણકળાનો વિકાસ થયો, તો પણ આગમગ્રંથોનું છાપકામ ન થાય અને એનું પ્રકાશન ન થાય એવું આપણું વલણ મુખ્યત્વે રહ્યું હતું. ઇ.સ. ૧૯૧૪ માં મૂળ આગમગ્રંથોના પ્રકાશનની યોજના શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇએ એક પુસ્તિકારૂપે " જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ હેરલ્ડ " ના અંક સાથે મોકલી હતી. એનો એ વખતે તીવ્ર વિરોધ થયો હશે એમ જણાય છે, કારણ કે 'આગમગ્રંથોનું પ્રકાશન શા માટે ?' એ શીર્ષક હેઠળ એ યોજનાના સમર્થનમાં એમણે લેખ લખ્યો છે. ઇ.સ. ૧૯૧૪માં રજૂ થયેલી યોજના, ઇ.સ. ૧૯૬૦ ના દાયકામાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયે હાથ ધરી છે અને એનું પ્રકાશન કાર્ય હજુ ચાલુ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે શરૂઆતનો સમજ વિનાનો વિરોધ લાંબે ગાળે ટકી શકતો નથી અને એ વિરોધને સમર્થન આપતો સમાજ સમયની સાથે રહી શકતો નથી. એનું પરિણામ અંતે તો પરિવર્તનના નવા રાહ તરફ ઘસડાવામાં આવે છે. પૂ. આચાર્યશ્રી સાગરાનંદસૂરિને પણ આગમ ઉદ્ધારના કાર્યમાં એવો વિરોધ અને મુશ્કેલી વહોરવી પડી હતી એ પણ આ વાતને પુષ્ટિ આપે છે, એનો અર્થ એવો થતો નથી કે પરિવર્તનને આવકારવા ધર્મના મૂળભૂત સિદ્ધાંતો સાથે બાંધછોડ કરવી. □ □ □

# કહેવું કશું, સમજવું કશું

◻ પ્રવીણચંદ્ર જી. રૂપારેલ

નાની મોટી સંસ્થાઓ, લાયન્સ, રોટરી, જે.સી. વગેરે જેવી ક્લબો તથા કોલેજો–શાળાનાં મંડળો વગેરે ઘણીવાર મને વાર્તાલાપ માટે નિમંત્રે છે. શ્રોતાઓમાં ક્યારેક માત્ર મહિલાઓ હોય એવું યે બને છે. આવી સભાઓમાં બોલતાં પહેલાં મારો પ્રશ્ન હોય છે – " તમારે ત્યાં નળ ક્યારે આવે છે ? "

બહેનો સવારનો જુદો જુદો સમય કહે છે; પછી હું કહું છું – " તમે કેવું બોલો છો ? નળ તો ઘરમાં જ હોય છે – એ કંઇ આવતો નથી! તમે જે કહો છો તે તો પાણી આવવાના સમયની વાત થઇ !

વ્યવહારમાં તો આવા કેટલાયે પ્રયોગો પ્રચલિત છે જેના માત્ર શબ્દાર્થ લઇએ તો પ્રચલિત વ્યવહારુ અર્થથી એ એટલા બધા છેટા હોય છે કે સામાન્યજન, એના શબ્દાર્થથી પરિચિત હોવા છતાં, જાણે એ શબ્દાર્થ એના ધ્યાનમાં રહેતો જ નથી ને શબ્દ કે પ્રયોગ એના પ્રચલિત અર્થમાં જ ફરતો, વપરાતો ને સમજાતો રહે છે. ને આવો પ્રચલિત વિશિષ્ટ અર્થ હોય છે પણ સચોટ !

લગ્નની મોસમ પૂરબહારમાં હોય ત્યારે ઘણીવાર સાંભળવા મળે છે તેવી – એવા પ્રસંગ જોડે સંકળાયેલી એક વાત છે : એક લગ્ન પ્રસંગનો ઉલ્લેખ થતાં વર કન્યા વિશે બોલાતું સાંભળેલું –' એણે રેશમી અચકન ને સુરવાલ પહેર્યાં હતા; ગળામાં બે સેરનો મોતીનો હાર, પગમાં સફેદ મોજડી – પર્સનાલિટી લાગતો હતો ! "

ને કન્યા ? ભારે બનારસી સાડી હાથમાં હીરા–માણેક જડિત કંગન, આંગળીઓમાં હીરાની વીંટી ને ગળામાં હીરાનો ઝાકઝમાળ હાર ! સુંદર તો એ હતી જ ! પણ આ બધામાં વીંટળાયેલી, એટલે એ પણ ગજબની પર્સનાલિટી લાગતી હતી.

હવે, આમાંનો પગમાં સફેદ મોજડી 'પ્રયોગ નોંધ્યો ? આમાં કંઇ નવું નથી ! આપણે પગમાં બૂટ, ચંપલ, મોજાં પહેરીએ છીએ, તેવો જ આ 'પગમાં મોજડી' નો પ્રયોગ છે.

પણ જરા વિચાર તો કરો ! બૂટ, ચંપલ, મોજાં કે મોજડી ખરેખર 'પગમાં' હોય છે ? હકીકતમાં તો આપણા 'પગ' જ બૂટ ચંપલ કે મોજાંમાં હોય છે ! છતાં આપણે બોલીએ છીએ તો એમ જ કે – પગમાં બૂટ પહેર્યાં છે, પગમાં મોજાં પહેર્યાં છે.

ક્યાં શબ્દાર્થ ને ક્યાં વ્યવહારુ અર્થ !

વરરાજાને કન્યાની આ વાતમાંનો એક બીજો પ્રયોગ પણ જોઇએ. વરના ગળામાં મોતીનો હાર, કન્યાના ગળામાં હીરાનો હાર, ખરુંને ? આપણે હાર, માળા ગળામાં પહેરીએ છીએ ? હકીકતમાં તો હાર, માળા વગેરે ગળામાં નથી હોતાં, ગળું હારમાં કે માળામાં હોય છે !

આવો જ પ્રયોગ હાથમાં કંગન ને આંગળીમાં વીંટીનો છે ! વિચારી જૂઓ ને બંગડી કંગન વગેરે 'હાથમાં' હોય છે ? કે 'હાથ' બંગડી કે કંગનમાં હોય છે ? એ જ રીતે વીંટી આંગળીમાં નથી હોતી, આંગળી વીંટીમાં હોય છે !

છતાં આપણો પ્રચલિત પ્રયોગો તો એ જ – પગમાં બૂટ, ગળામાં હાર, હાથમાં બંગડી ને આંગળીમાં વીંટી ! છે શબ્દાર્થને પ્રચલિત અર્થનો કંઇ મેળ ?

આપણા સામાન્ય વ્યવહારમાં યે આવા કેટલાયે પ્રયોગો થતા હોય છે. દાખલા તરીકે તમે મોટરમાં કે ટ્રેનમાં લાંબા પ્રવાસે નીકળ્યા છો ? મોટરમાં હો ને પ્રવાસ દરમિયાન બે–ત્રણ રસ્તા ફંટાતા હોય ત્યાં પહોંચીને તમે અટકો છો – કોઇને એમાંના કોઇ એક રસ્તા વિશે પૂછો છો – "આ રસ્તો ક્યાં જાય છે ?"

પૂછતી વખતે તમને જરાયે ખ્યાલ આવે છે ખરો, કે રસ્તો ક્યાંય જતો નથી ! એ તો ત્યાં ને ત્યાં જ પડ્યો પાથર્યો રહે છે ! જાય છે તે પ્રવાસીઓ કે મુસાફરો ! રસ્તો નહીં !

તમે ટ્રેનમાં લાંબી મુસાફરીએ સપરિવાર નીકળ્યા છો. વચ્ચે ટ્રેન અટકી, એક જણ પૂછે છે – " કયું સ્ટેશન આવ્યું ? " પ્રવાસ દરમિયાન કોઇ સ્ટેશને પહોંચતાં સૌ આમ જ પૂછતા હોય છે – "કયું સ્ટેશન આવ્યું ?" કે અમદાવાદ જવું હોય ને વચ્ચે ગાડી વડોદરા પહોંચે ત્યારે આપણે પણ બોલીએ છીએ – " વડોદરા આવ્યું ! "

હવે કંઇ ધ્યાનમાં આવે છે ? ટ્રેનમાં બેઠા પછી 'સ્ટેશન આવે છે ? ' કે ગાડી 'સ્ટેશન જાય છે ' કે 'પહોંચે છે ?' સ્ટેશન કંઇ 'આવતું નથી – " આવતું " નથી – "વડોદરા" કંઇ આવતું નથી ! ગાડી–આપણે વડોદરા પહોંચીએ છીએ.

સભામાં મહિલાઓ હોય તો હું અચૂક કેટલીક વાતો ક્રમવાર રજૂ કરું છું. – પહેલાં તમે ઘઉં વીણો છો ! પછી લોટ દળાવો છો ! પછી જમવા માટે રોટલી કે પૂરી વણો છો ! બરોબર ?

ને જવાબમાં હંમેશાં આનું સમર્થન હોય છે ! પણ શબ્દાર્થને ક્રિયાઓનો અર્થ બેસાડવા જાઓ તો એવું કઢંગુ લાગે, જેની મહિલાો જ નહિ, પુરુષોને પણ ભાગ્યે જ કલ્પના હોય છે.

પહેલાં તો આપણે ઘઉં કે ચોખા વીણતાં જ નથી. હકીકતમાં આપણે ઘઉં કે ચોખામાંથી કાંકરો કે કચરો જ વીણતાં હોઇએ છીએ. બીજું 'લોટ દળાવવો' પ્રયોગ જ કઢંગો છે, 'લોટ' હોય જ તો એને દળાવવાનો પ્રશ્ન જ નથી હોતો ! 'ઘઉં દળાવવા' એજ સાચો પ્રયોગ છે. છતાં આપણે બોલીએ છીએ તેમ કેટલીક અનાજ દળવાની ઘંટીના બોર્ડ પર પણ લખેલું હોયછે. – 'લોટ દળવાની ઘંટી ! ' કેવું કઢંગું છે ?

ને રોટલી કે પૂરી વણવાની વાત કેવી છે ? રોટલી કે પૂરી હોય જ, તો વણવાનો પ્રશ્ન જ ઉપસ્થિત ક્યાંથી થાય ? હકીકતમાં આપણે લોટ વણીએ છીએ ને એમ વણીને રોટલી કે પુરી બનાવીએ છીએ !

હજી, ઘરની એક વાત કરીએ. સફાઇ માટે ચોકસાઇ રાખનાર ઘરમાં, ઓછામાં ઓછી બે વાર સફાઇ થાય છે. નોકર કે ગૃહિણી પોતે સવાર સાંજ ઝાડુ કાઢે છે.

આ 'ઝાડૂ કાઢવાની' વાત નોંધી ? આપણે ઝાડૂ કાઢીએ છીએ કે કચરો કાઢીએ છીએ ? કચરો કાઢવા માટે ઝાડૂ વાપરીએ છીએ તે વાત ખરી ! – પણ જે 'કાઢીએ' છીએ તે કચરો છે, 'ઝાડૂ' નહીં ! છતાં વ્યવહારમાં બોલાય છે તો એવું જ કે – 'ઝાડૂ કાઢ્યું !'

ને છેલ્લે, વિચારવા જેવો એક વધુ પ્રયોગ જોઇએ. એક બહેનપણી બીજીને કહે છે –" તમે દરિયા કિનારે ને ખુલ્લામાં રહો એટલે તમારે ત્યાં હવા પણ સારી આવે; અમે ગીચ વસતીમાં રહીએ એટલે અમારે ત્યાં એવી હવા તો ન જ હોય ને ! "

આમાનાં 'તમારે ત્યાં' ને 'અમારે ત્યાં' પ્રયોગો નોંધ્યા ? તમે કોઇની વાત કરો એટલે એ 'ત્યાં' ની વાત છે, એ તો સમજ્યા; પણ આપણી વાત કરીએ ત્યારે 'અમારે' શબ્દ જોડે 'ત્યાં' નો મેળ શી રીતે બેસે ?

'તમારે ત્યાં ' હોય તો 'અમારે અહીં' એમ હોવું જોઇએ ને ? આપણી વાત હોય તો એને માટે ત્યાં (There) કેમ ચાલે ? અહીં (Here) હોવું જોઇએ ને ?

હિંદીમાં આથી ઊલટું છે, પણ છે તો આવું જ ! એ 'હમારે યહાં' બોલે પણ 'આપ' હોય તો 'આપકે યહાં' જ બોલે – 'આપકે વહાં' નહીં !

પણ આ તો બધા વ્યવહારમાં પ્રચલિત રૂઢ પ્રયોગો છે. એમાં શબ્દાર્થ ભલે જુદો હોય પણ સંસ્કાર બળે આપણે એનો પ્રચલિત અર્થ સમજી લઇએ છીએ. બાકી આપણી ભાષાના આવા વિશિષ્ટ પ્રયોગોથી પરિચિત ન હોય તો ગુજરાતી શીખે તોયે આવા પ્રયોગો સાંભળી વિમાસણ અનુભવે તો એનો વાંક તે ન જ હોય ! એની ક્યાં વાત કરવી? ખુદ આપણે પણ આવા પ્રચલિત પ્રયોગોનો શબ્દાર્થ એના પ્રચલિત અર્થ જોડે સરખાવવા બેસીએ તો હસવું આવે એવું જ છે ને ! કેમ કે આમાં કહીએ છીએ કંઇક ને સમજવાનું સાવ જુદુ જ હોય છે !

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ● ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, ● ● સ્થળ : ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઇ – ૪૦૦૦૦૪
ફોન : ૩૫૦૨૯૬, મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઇ–૪૦૦૦૦૮. ફોટોટાઇપસેટિંગ : મુદ્રાંકન, મુંબઇ–૪૦૦ ૦૯૨.

વર્ષ : ૨ ● અંક : ૮ ● તા. ૧૬-૮-૧૯૯૧ Regd. No. MH. BY / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂ. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## પર્વારાધના

❋ ○ ❋ ○ ❋ ○

મનુષ્યને એકલા ખાઈપીને રહેવાથી પૂરો સંતોષ થતો નથી. રહેવાને સરસ ઘર, ખાવાને માટે સરસ ભાવતી વાનગીઓ, પહેરવાને મનપસંદ વસ્ત્રો અને હરવાફરવાનાં વિવિધ સાધનો મળ્યાં હોવા છતાં, જીવનમાં કશુંક ખૂટે છે એવું એને લાગે છે. ખાસ કરીને જયારે શરીર રોગગ્રસ્ત થાય છે, વૃદ્ધાવસ્થા આવે છે અને મૃત્યુ નજીક આવી રહ્યું હોય છે ત્યારે ભૂતકાળમાં ભોગવેલા ભોગોની અસારતા તેને જણાય છે. જીવનમાં કશુંક ચિરંજીવી અને મૂલ્યવાન તથા સતત સાથે રહે એવું તત્ત્વ મેળવવા તેનું ચિત્ત તલસે છે. પૂર્વ ભૂમિકા કે પૂર્વની તૈયારી ન હોય તો ભૂખ્યો માણસ જેમ ઘાસ ખાવા તૈયાર થાય તેમ આવી ઝંખનાવાળો માણસ જે કંઈ મળે તેનું તરત આલંબન લઈ લે છે. પૂરી સમજ ન હોય તો પોતે જે મેળવ્યું છે તે જ સર્વસ્વ છે એવું માની લેવાની ભૂલ કરે છે અને એ રીતે જીવન પૂરું કરે છે.

જે સુખ ભૌતિક સામગ્રીઓ નથી આપી શકતી તે સુખ શુદ્ધ ધર્મના આલંબનથી તેને મળે છે. માણસ જયારે ધર્માભિમુખ બને છે ત્યારે તેની દૃષ્ટિમાં પરિવર્તન આવે છે, તેની પ્રવૃત્તિઓ અને સંબંધોમાં ફેરફાર થાય છે. તેના જીવનમાં સાચી સમજણનો ઉદય થાય છે. કેટલાકને આ સમજણ વેળાસર પ્રાપ્ત થઈ જાય છે. કેટલાકને મોડેમોડે પણ એ સમજણ મળે છે અને ધન્યતા અનુભવે છે. અનેક મનુષ્યો એવી સમજણ પ્રાપ્ત કર્યા વિના પોતાનું જીવન પશુવત્ જીવીને પૂરું કરે છે.

દુનિયાના દરેક ધર્મમાં ભિન્ન ભિન્ન પ્રકારનાં પર્વોની ઊજવણીની પરંપરા ચાલી આવે છે.

' પર્વ ' શબ્દના જુદા જુદા અર્થ થાય છે. 'પૃ' ધાતુ ઉપરથી જો ' પર્વ ' શબ્દ કરવામાં આવે તો 'પૃ' ના વિવિધ અર્થ થાય છે. જેમ કે : (૧) ભરવું (૨) સાચવી રાખવું, ટકાવી રાખવું (૩) વૃદ્ધિ કરવી (૪) સંતુષ્ટ અને આનંદિત થવું. (૫) પાર પાડવું, સામે કિનારે પહોંચાડવું (૬) અંતિમ લક્ષ્ય સિદ્ધ કરી આપવું.

પર્વ શબ્દના અર્થ થાય છે : (૧) ઉત્સવ (૨) ગાંઠ (૩) પગથિયું (૪) સૂર્યનું સંક્રમણ (૫) ચંદ્રની કલાની વૃદ્ધિ અનુસાર આઠમ, ચૌદમ, પૂનમ જેવી તિથિઓ.

આમ ' પર્વ ' શબ્દ દિવસ અને પ્રવૃત્તિઓને આનંદથી ભરી દેવાનું સૂચન કરે છે. વળી ' પર્વ ' દ્વારા વૃદ્ધિ, વિકાસ, પ્રકાશ, ઉત્તરોત્તર ઊંચે ચડવું, જે પ્રાપ્ત થયું છે તેનું સંરક્ષણ કરવું, સામે પાર અંતિમ લક્ષ્ય સુધી પહોંચી જવું, વગેરે અર્થ થાય છે. એ પ્રત્યેક અર્થ 'આરાધના' ની દૃષ્ટિએ, વિશેષતઃ ધાર્મિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ અત્યંત સૂચક અને મહત્વનો છે.

' પર્વ ' શબ્દ મુખ્યત્વે ઉત્સવના અર્થમાં વપરાયો છે ઉત્સવનો અર્થ પણ જુદા જુદા દૃષ્ટિકોણથી ઘટાવી શકાય છે. પરંતુ 'પર્વ' શબ્દ સામાન્ય રીતે ધાર્મિક ઉત્સવો માટે વપરાય છે. ધાર્મિક ઉત્સવોમાં ભોગોપભોગના આનંદ કરતાં ત્યાગ, સંયમ, દાન વગેરેનો મહિમા વધારે હોય છે.

સામાજિક, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય પ્રકારના તહેવારો કરતાં ધાર્મિક ઉત્સવોનું મૂલ્ય વધુ છે કારણ કે તે માનવજીવનને સવિશેષ બળ આપે છે. જો ધાર્મિક ઉત્સવ સાચી રીતે ઊજવવામાં આવે તો તે માનવ જીવનને ઉત્કર્ષ તરફ લઈ જાય છે. ઉત્સવ એટલે જ આનંદમય ઉત્કર્ષ. એ એની સાચી વ્યાખ્યા છે. કેટલાક લોકો ધાર્મિક ઉત્સવને જુગાર, મદિરાપાન કે અન્ય પ્રકારની ભોગવિલાસની પ્રવૃત્તિઓથી વિકૃત કરી નાખે છે તેની અહીં વાત નથી. તેવા લોકો તો થોડા અને અપવાદરૂપ હોય છે. કેટલાક લોકો માત્ર જડતાપૂર્વક, ગતાનુગતિક રીતે, ગાડરિયા પ્રવાહની જેમ, સમજણ બુદ્ધિના અભાવથી, માત્ર અર્થહીન બાહ્ય ક્રિયાકાંડ પૂર્વક ઉત્સવ ઊજવતા હોય છે. પરંતુ તેવો વર્ગ તો હંમેશાં રહેવાનો જ. એટલા માટે પર્વનું મૂલ્ય ઓછું ન આંકી શકાય. પર્વની આરાધના દ્વારા થોડા લોકો પણ જો કશુંક મૂલ્યવાન, ચિરંજીવી તત્ત્વ પામી શકે અને મળેલા જીવનની કૃતાર્થતા અનુભવી શકે તો પણ પર્વોનું આયોજન સાર્થક છે એમ કહી શકાશે.

ઠેઠ પ્રાગૈતિહાસિક કાળથી ધાર્મિક પર્વોનું આયોજન થતું આવ્યું છે. સમુદાયમાં રહીને, સમુદાયની સાથે જો આરાધના કરવાની હોય અને તે માટે જો દિવસ નિશ્ચિત કરેલા હોય તો જ માણસને આજીવિકા માટેના વ્યવસાયમાંથી મુક્ત થઈને આરાધના કરવી ગમે છે. આર્થિક પ્રલોભનો અને વ્યાવહારિક કાર્યો અને કર્તવ્યો એટલાં બધાં હોય છે કે જીવને તેમાંથી નીકળવાનું જલદી મન થતું નથી. વળી કુટુંબીજનો વગેરે સાથે સંઘર્ષ થવાનો કે પ્રતિષ્ઠાને હાનિ પહોંચવાનો ભય રહે છે. પરંતુ પોતાના વર્તુળના બધા જ જો વ્યવસાય છોડીને, ઘરની બહાર જઈને જાહેર સ્થળમાં આરાધના કરવા જતા હોય તો માણસને તેમાં જોડાવવાનું મન થાય છે. ક્યારેક બધા લોકો આરાધના કરતા હોય ત્યારે પોતે જો કમાવામાં રચ્યોપચ્યો રહે તો લજ્જા-સંકોચ થવાનો પ્રસંગ ઊભો થાય. વળી, સતત વ્યાવસાયિક – વ્યાવહારિક પ્રવૃત્તિમાં પરોવાયેલા જીવને પર્વના દિવસને નિમિત્તે મન મોકળું કરવાનો, હળવાશ અનુભવવાનો અવસર સાંપડે છે. આથી જ પર્વોનું આયોજન ધાર્મિક, આધ્યાત્મિક પ્રયોજન ઉપરાંત સામાજિક અને મનોવૈજ્ઞાનિક દૃષ્ટિથી પણ માનવજાત માટે ઉપકારક બન્યું છે.

પર્વનો મહિમા એવો હોય છે કે માણસને ઘરમાં બેસી રહેવું ગમતું નથી. સમુદાયમાં જઈને તે કશું પ્રાપ્ત કરવા ઇચ્છે છે. સમાજના મહિલા વર્ગને પણ પર્વના દિવસોમાં બહાર જવું ગમે છે. મનુષ્યને પોતાની વૈયક્તિક ચેતનાને સામુદાયિક ચેતનાની સાથે એકરૂપ કરવાની ભાવના પર્વના દિવસોમાં થાય છે. ધાર્મિક પર્વ એ રીતે મનુષ્યની ચેતનાના વિસ્તાર અને વિકાસમાં મહત્વનું યોગદાન આપે છે. જો આ ચેતનાનો વિકાસ એક જ દિશામાં સીધી ગતિએ ચાલ્યા કરતો હોય તો મનુષ્યજીવન નંદનવન જેવું બની જાય. પરંતુ ગતાનુગતિક રૂઢિવાદ, સામાજિક સમસ્યાઓ, રાજદ્વારી ઉથલપાથલો, સંઘર્ષ, કલહ, યુદ્ધ વગેરે માનવજાતે પ્રાપ્ત કરેલી સિદ્ધિઓને હણી નાખે છે અને

મનુષ્ય ફરી પાછો કેટલાંક ડગલાં પાછો પડી જાય છે. મનુષ્ય જીવનની આ એક મોટી કરુણતા છે.

આપણા પૂર્વાચાર્યોએ ધાર્મિક – આધ્યાત્મિક પર્વોની જે યોજના કરી છે કે તે એવી ખૂબીથી કરી છે કે જેથી મનુષ્ય જીવનને કાળના થોડા થોડા અંતરે આત્મિક બળ મળતું રહે. જેનું લક્ષ્ય આરાધના તરફ વિશેષ રહેલું હોય એવા લોકોને માટે તો દર બીજે કે ત્રીજે દિવસે પર્વતિથિનું નિર્માણ કરવામાં આવ્યું છે. બીજ, પાંચમ, આઠમ, અગિયારસ, ચૌદસ, પૂનમ વગેરે તિથિઓને પર્વતિથિ તરીકે ગણાવવામાં આવી છે. જેઓ પોતાના જીવનની મર્યાદાઓને કારણે આટલી પણ આરાધના ન કરી શકે તેવા ઓછી શક્તિવાળા મનુષ્યો માટે પાંચમ, આઠમ, ચૌદસ અથવા માત્ર ચૌદસ (પાખી) ની તિથિની આરાધના યથાશક્તિ કરવાની ભલામણ કરવામાં આવી છે. આ ઉપરાંત બીજા કેટલાક પર્વદિવસોનું પણ આયોજન થયું છે. જેમ પર્વ મોટું તેમ એની આરાધનાના દિવસોની સંખ્યા પણ વધુ. જૈન ધર્મમાં આઠ દિવસના અઠ્ઠાઇપર્વનો મહિમા વિશેષ ગણાયો છે. વર્ષમાં એવા છ અઠ્ઠાઇ પર્વો આવે છે. શ્રી લક્ષ્મીસૂરિએ 'ઉપદેશ પ્રાસાદ' માં કહ્યું છે :

**अष्टाहिनकाः षडवोक्ताः, स्याद्‌वादोमयदोत्तमैः ।**
**तत्स्वरूपं समाकर्ण्य, आरोव्याः परमार्हतैः ॥**

(સ્યાદ્‌વાદને મતે કહેનારા ઉત્તમ પુરુષોએ છ અઠ્ઠાઇ પર્વ કહ્યાં છે. તેનું સ્વરૂપ બરાબર સમજીને પરમ શ્રાવકોએ તે સેવવા યોગ્ય છે.)

અઠ્ઠાઇ એટલે આઠ દિવસનું. અઠ્ઠાઇ પર્વ એટલે આઠ દિવસ સુધી ચાલે તેવાં મોટાં પર્વ. વર્ષ દરમિયાન આવાં છ મોટાં પર્વનું આયોજન જૈન શાસનમાં મહર્ષિ શાસ્ત્રજ્ઞોએ ફરમાવ્યું છે, આ પર્વો થોડે થોડે કાળને અંતરે ગોઠવાયાં છે. ચૈત્ર, અષાઢ, શ્રાવણ – ભાદ્રપદ, આસો, કારતક અને ફાગણ મહિનામાં તે પર્વો આવે છે. ચૈત્ર અને આસો માસમાં આયંબિલની ઓળી આવે છે. આ બે ઓળીને શાશ્વતી પર્વ તરીકે ઓળખાવવામાં આવે છે. તદુપરાંત, અષાઢ, કારતક અને ફાગણ માસમાં ત્રણ ચાતુર્માસિક પર્વ ઊજવવામાં આવે છે. તથા શ્રાવણ–ભાદરવામાં પર્યુષણા પર્વ મહોત્સવ પૂર્વક ઊજવવામાં આવે છે. આ છ પર્વોમાં પર્યુષણા પર્વ સૌથી મહત્ત્વનું ગણાય છે. કહ્યું છે :

**पर्वाणि बहुनि सन्ति प्रोक्तानि श्री जिनागमे ।**
**पर्युषणा समं नान्यः कर्मणां मर्म भेदकृत् ॥**

(જિનાગમમાં કહેલાં એવાં ઘણાં પર્વ છે. પરંતુ તે બધાં પર્વોમાં કર્મના મર્મને ભેદનારું એવું પર્યુષણા પર્વ જેવું બીજું એક પર્વ નથી.)

કર્મના આઠ પ્રકારનાં છે. (૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય (૩) વેદનીય (૪) મોહનીય (૫) આયુષ્ય (૬) નામ (૭) ગૌત્ર અને (૮) અંતરાય. આ આઠ કર્મોમાં સૌથી ભયંકર કર્મ તે મોહનીય કર્મ છે. સંસારમાં અનેક જીવોને ભમાડનાર તે આ મોહનીય કર્મ છે.

મોહનીય કર્મનો એક પેટા પ્રકાર તે મિથ્યાત્વ મોહનીય છે. એ સૌથી વધારે ભયંકર કર્મ છે. જ્યાં સુધી આ કર્મ જીવને લાગેલું છે ત્યાં સુધી જીવ સમ્યગદર્શન પામી શકતો નથી. અને સમ્યગ દર્શન ન હોય ત્યાં સુધી કેવળજ્ઞાન અને મોક્ષની તો વાત જ શેની હોય ?

આમ, આ આઠ કર્મોમાં મર્મરૂપ જો કોઇ કર્મ હોય તો તે મોહનીય કર્મ છે અને તેમાં પણ મિથ્યાત્વ મોહનીય કર્મ છે. એ મિથ્યાત્વ મોહનીય કર્મને ભેદવામાં આવે તો ત્યાર પછી બાકીનાં કર્મોનો ક્ષય કરવાનું તેના જેટલું કઠિન નથી. એટલા માટે પર્યુષણ પર્વ મિથ્યાત્વ મોહનીય કર્મને હણવા માટેનું પર્વ છે અને એથી જ કહેવાયું છે કે જિનશાસનમાં જે જુદા જુદા પર્વ છે તેમાં પર્યુષણ પર્વ જેવું બીજું કોઇ પર્વ નથી. પર્યુષણ પર્વાધિરાજ છે, પર્વ શિરોમણિ છે.

આઠ પ્રકારનાં કર્મને હાથીની ઉપમા આપવામાં આવે છે. હાથીનાં ચાર પગ તે આયુષ્ય, નામ, ગૌત્ર અને વેદનીય કર્મ છે. હાથીની બે આંખો તે જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ છે. હાથીની પૂછડી તે અંતરાય કર્મ છે. હાથીનું આખું શરીર તે મોહનીય કર્મ છે. અને હાથીનું ગંડસ્થળ તે મિથ્યાત્વ મોહનીય કર્મ છે. તોફાને ચઢેલા મદોન્મત હાથીને વશ કરવો હોય તો એના પગ કે સૂંઢ બાંધવાથી તે વશ થતો નથી, પરંતુ અંકુશ વડે એના ગંડસ્થળને ભેદવામાં આવે તો તે તરત શાંત થઇ જાય છે, વશ થઇ જાય છે. કારણ કે મર્મસ્થાન ઉપર પ્રહાર તે સહન કરી શકતો નથી. અંકુશ એક નાનું સરખું હથિયાર છે. એની બે અથવા ત્રણ તીક્ષ્ણ પાંખ જરાક સરખી ભોંકાતાં હાથી શાંત થઇ જાય છે. આ અંકુશ ક્ષમા, વિનય, કૃતજ્ઞતારૂપી છે. એ ગુણો વડે જીવે મિથ્યાત્વ મોહનીય કર્મને હટાવવાનું છે.

જિનશાસનમાં જે જુદા જુદા પર્વ છે તેમાંના કેટલાંક પર્વ દર્શન વિશુદ્ધિ માટે છે, કેટલાંક પર્વ જ્ઞાનવિશુદ્ધિ માટે છે અને કેટલાંક પર્વ ચારિત્ર વિશુદ્ધિ માટે છે. પર્યુષણાપર્વ મુખ્યત્વે દર્શન વિશુદ્ધિનું મોટું પર્વ છે, કારણ કે પર્યુષણા પર્વ મિથ્યાત્વને દૂર કરી સમ્યક્ત્વને પ્રાપ્ત કરવા માટેનું પર્વ છે. પર્યુષણા પર્વ એટલા માટે સમકિતની આરાધના માટેનું પર્વ છે.

પર્યુષણા પર્વની રૂડી પેરે આરાધના કરવી હોય તો તેને માટે પૂર્વાચાર્યોએ પાંચ મહત્ત્વનાં કર્તવ્યો બતાવ્યાં છે : (૧) અમારિ પ્રવર્તન (૨) સાધર્મિક વાત્સલ્ય (૩) અઠ્ઠમતપ (૪) ચૈત્યપરિપાટી અને (૫) ક્ષમાપના.

પર્યુષણા પર્વની આરાધનામાં અમારિ પ્રવર્તન એટલે કે જીવહિંસા ન થાય એ માટેની સાવધાની રાખવા ઉપર સૌથી વધુ ભાર મૂકવામાં આવ્યો છે. સંસારના સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ રહે અને જીવની હિંસા દ્વારા વિરાધના ન થાય તે જોવું એ પરમ કર્તવ્ય છે. તેથી જગતમાં વેરઝેર ઓછાં થાય છે અને સુખશાંતિ પ્રવર્તે છે. સાધર્મિક વાત્સલ્ય, અઠ્ઠમતપ અને ચૈત્યપરિપાટી દ્વારા આરાધક પર્યુષણ પર્વનો સંયમપૂર્વક ઉલ્લાસ અનુભવે છે. આ પર્વની ચરમ કોટિ તે ક્ષમાપના છે. ક્ષમા માગીને અને ક્ષમા આપીને જે જીવ ઉપશાંત થતો નથી તે જીવ સાચો આરાધક થઇ શકતો નથી

પર્યુષણા પર્વ આ રીતે મિથ્યાત્વ મોહનીયને દૂર કરીને, જીવનમાં ક્ષમાના ભાવને અવતારીને આરાધના કરવાનો અમૂલ્ય અવસર છે.

□ રમણલાલ ચી. શાહ

**સંઘ દ્વારા આયોજિત આર્થિક સહાયનો કાર્યક્રમ**
**સહયોગ કુષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ – રૂા. ૨૫૦૦/– ની નોંધાયેલી ભોજનતિથિ**

| | |
|---|---|
| ૧૦૦૦૦ | શ્રી નવનીત પ્રકાશન. હ. ડુંગરશીભાઇ ગાલા |
| ૧૦૦૦૦ | શ્રી દામજીભાઇ એંકરવાલા |
| ૧૦૦૦૦ | શ્રી મફતલાલ ભીખાચંદ શાહ |
| ૫૦૦૦ | શ્રી સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ |
| ૫૦૦૦ | શ્રી બિપિનભાઇ જૈન |
| ૫૦૦૦ | શ્રી રસિકલાલ લહેરચંદ શાહ |
| ૫૦૦૦ | શ્રીમતી વિદ્યાબહેન મહાસુખભાઇ ખંભાતવાલા |
| ૫૦૦૦ | હિંમતલાલ ડાહ્યાભાઇ કોઠારી ચેરીટેબલ ટ્રસ્ટ |
| ૨૫૦૦ | શ્રી વસનજી લખમશી શાહ |
| ૨૫૦૦ | શ્રી ડૉ. રમણલાલ ચી. શાહ, તારાબહેન ર. શાહ |
| ૨૫૦૦ | શ્રી ચીમનલાલ જે. શાહ |
| ૨૫૦૦ | શ્રીમતી નિરુબહેન તથા શ્રી સુબોધભાઇ શાહ |
| ૨૫૦૦ | શ્રી પ્રવીણચન્દ્ર કે. શાહ |
| ૨૫૦૦ | શ્રીમતી સુલીબહેન અનિલભાઇ હિરાણી |
| ૨૫૦૦ | શ્રીમતી પુષ્પાબહેન એમ. મોરજરિયા |
| ૨૫૦૦ | શ્રીમતી સી. એન. સંઘવી |
| ૨૫૦૦ | શ્રી વસુબહેન ભણશાળી |
| ૨૫૦૦ | શ્રી મુકુન્દભાઇ ગાંધી |
| ૨૫૦૦ | શ્રીમતી ચંચળબહેન જગજીવનદાસ તલસાણિયા |
| ૨૫૦૦ | શ્રીમતી લીલાબહેન ગફુરભાઇ મહેતા |
| ૨૫૦૦ | શ્રીમતી કુસુમબહેન એન. ભાઉ |
| ૨૫૦૦ | શ્રીમતી કલાવતીબહેન શાંતિલાલ લાલભાઇ મહેતા |
| ૨૫૦૦ | શ્રીમતી ચન્દ્રાબહેન પી. કોઠારી |
| ૨૫૦૦ | શ્રીમતી રમાબહેન વોરા |
| રૂા. ૯૫૦૦૦ | |

# સમ્યક્ત્વ અને સાધના પ્રક્રિયા

□ પંડિત શ્રી પનાલાલ જ. ગાંધી

આત્માના સ્વ સ્વરૂપની સાથે જે અંતર પડી ગયું છે, તે અંતરને દૂર કરવું અર્થાત આવરણ ભંગ કરવો તે રૂપાંતર છે. રૂપાંતર કરવાની પ્રક્રિયા માત્ર સંસારી–સંસાર ભાવવાળા આત્મદ્રવ્યમાં જ કરવાની છે. બીજા કોઇ પણ દ્રવ્યમાં રૂપાંતર કરવાની વૃત્તિ રાખવાની કે પ્રવૃત્તિ કરવાની જરૂર નથી. કારણ કે જીવદ્રવ્ય સિવાયના બાકીના દ્રવ્યો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાય પોતાના નીજ સ્વભાવમાં જ છે.

પુદ્‌ગલદ્રવ્યમાં રૂપ રૂપાંતર થવું એ તો એનો નીજ સ્વભાવ છે. ઘાસમાંથી દૂધ થવું; દૂધમાંથી દહીં થવું, દહીંમાંથી માખણ થવું અને માખણમાંથી ઘી થવું એ બધો પુદ્‌ગલદ્રવ્યનો સ્વ (નીજ) સ્વભાવ છે. તેમાં કદી સ્વરૂપાંતર – જાત્યાંતર કહેતાં દ્રવ્યાંતર થતું નથી.

આપણે – આત્મદ્રવ્ય, આપણા નીજ સ્વભાવમાં, મૂળ શુદ્ધ સ્વરૂપમાં જવાની વૃત્તિ–પ્રવૃત્તિ નહિ કરતાં પુદ્‌ગલદ્રવ્યમાં રૂપ રૂપાંતર કરવાનો સદા સતત પ્રયત્ન કરીએ છીએ. અને એથી આપણી વૃત્તિ એમાંજ ગૂંચવાયેલી રહે છે. પુદ્‌ગલદ્રવ્યના રૂપ રૂપાંતર કરવાની વૃત્તિનો કોઇ અર્થ નથી. એ રૂપ રૂપાંતર એનું કાર્ય હોય, સ્વભાવ હોવાથી ભવિતવ્યતાનુસાર એના આધારે થયાં કરશે.

આત્માએ તો પોતાના જ્ઞાન–દર્શનના ઉપયોગમાં રૂપાંતર કરવાનું છે. જો આત્મા પોતાના જ્ઞાનોપયોગ, દર્શનોપયોગમાં રૂપાંતર કરી નાખે, એ જ્ઞાનોપયોગ, દર્શનોપયોગમાંથી મોહભાવ–રાગભાવ કાઢી નાખે અને વીતરાગ ભાવ દાખલ કરે તો કોઇ પણ અવસ્થામાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકે. પછી એ આત્મા ગૃહસ્થાવસ્થામાં હોય કે સાધુ અવસ્થામાં હોય, પુરુષ હોય કે સ્ત્રી હોય, જૈન હોય કે અજૈન હોય, સ્વલિંગે હોય કે અન્યલિંગે હોય ! આમાં બાહ્ય લિંગ–વેશ, દેશ–કાળ આદિનું કોઇ વિશિષ્ટ મહત્વ નથી. પરંતુ....

ઉપયોગમાં રૂપાંતર કરવું – ઉપયોગ નિર્વિકારી કરી નિરાવરણ કરવો તે જ અતિ મહત્વનું છે, જે ખરી સાધના છે.

નિશ્ચય નયનું જેવું જ્ઞાન છે તેવી દૃષ્ટિ જોઇએ. નિશ્ચય દૃષ્ટિ થવી તેજ રૂપાંતર છે. વર્તમાનકાળમાં અને પ્રાચીનકાળમાં નિશ્ચયનું પ્રરૂપણ કરનારા ઘણા છે અને થઇ ગયા છે. નિશ્ચય નયનું જ્ઞાન મેળવવું અને એનું પ્રરૂપણ કરવું તે જરાય મહત્વનું નથી. પરંતુ નિશ્ચયનય પ્રમાણે પોતાની દૃષ્ટિ કેળવવી, નિશ્ચયનય પ્રમાણે પોતાના જ્ઞાનોપયોગને દર્શનોપયોગને બનાવવા એજ રૂપાંતર કહેવાય. અને તેજ મહત્વની વાત છે. સિદ્ધિને માટેની સાચી સાધનાની પ્રક્રિયા છે.

આપણું શરીર, ઇન્દ્રિય, પ્રાણ, મન, બુદ્ધિ અને ભૌતિક જગત એ બધું દૃશ્ય છે. આપણને એનું નિત્ય અસ્તિત્વ દેખાય છે અગર એને નિત્ય રાખવા સતત પ્રવૃત્ત છીએ. આજ આપણી મોટી ભૂલ છે. દૃશ્ય વસ્તુ નિત્ય નથી અને તે કદી નિત્ય બની શકનાર નથી. એ સાદિ સાંત છે – અનિત્ય છે – ક્ષણભંગુર છે.

સંસારની દૃશ્ય અવસ્થાઓ, દૃશ્ય જગત વિનાશી છે જ્યારે એને જોનારો દૃષ્ટા અવિનાશી છે.

આપણે પહેલાં કે શાસ્ત્ર પહેલાં ? આપણે પહેલાં છીએ અને પછી શાસ્ત્ર છે. આપણા જીવનોત્થાન માટે શાસ્ત્ર રચાયાં છે. આપણા હિત માટે શાસ્ત્રો બનાવાયાં છે.

" જેવી દૃષ્ટિ તેવું શાસ્ત્ર. " શાસ્ત્રે તો સ્પષ્ટ જણાવ્યું છે કે સમ્યગદૃષ્ટિ માટે જગતનું તમામ શાસ્ત્ર સમ્યગશાસ્ત્ર છે. અને મિથ્યાદૃષ્ટિ માટે જગતનાં તમામ શાસ્ત્ર મિથ્યા શાસ્ત્ર છે. આગમગ્રંથો અને ધર્મશાસ્ત્રો મિથ્યા દૃષ્ટિ આત્મા માટે મિથ્યા શાસ્ત્રો છે. સમ્યગદૃષ્ટિ ન હોય તો સાડાનવ પૂર્વ સુધીનું વિશાળ જ્ઞાન ધરાવનાર જ્ઞાનીનું પણ પતન થાય છે એવું શાસ્ત્રવિધાન છે. આ વિધાનનું રહસ્ય જ એ થયું કે દૃષ્ટાની જેવી દૃષ્ટિ તેવું શાસ્ત્ર !

તેથી જ તો શાસ્ત્રજ્ઞાન ભણી જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ રૂપ, સ્વયંની દૃષ્ટિને રૂપાંતરિત કરીને શુદ્ધ બનાવવાની છે. આપણા આત્માના સ્વરૂપને નિરાવરણ બનાવવાનું છે.

શાસ્ત્ર એ દૃશ્ય છે. દૃષ્ટિ અને દૃષ્ટા સ્વયં આત્મા છે. આપણી દૃષ્ટિમાં જે અશુદ્ધતા–દોષ છે, જે મિથ્યાભાવ – દુર્ભાવ – વિભાવ – વિપરીતતા છે તે દૂર કરવાની છે. આપણી દૃષ્ટિમાં જ પરિવર્તન કરવાનું છે; સ્વરૂપ દશામય દૃષ્ટિ કેળવવાની છે.

શાસ્ત્ર દ્વારા, દૃશ્યથી – સાધનથી અસંગ થવાનું છે. શાસ્ત્ર એ આલંબન છે. સાધન છે. સાધન દ્વારા સાધના કરવાની છે. આગળ આગળની ભૂમિકાએ – સાધનો ઓછાં ને ઓછાં થતાં જાય છે અને સિદ્ધિ સાંપડતા સાધક સાધનાતીત સિદ્ધ બની જાય છે. વાંદરીનું બચ્ચું વાંદરીને વળગી પડે તેમ સાધનને કાયમ વળગી રહેવાનું નથી. સાધના કરી એનાથી અલગ થવાનું છે. – અલિપ્ત થવાનું છે. હા... એટલું ધ્યાન રાખવું કે સાધના સિદ્ધ થયા પછી શાસ્ત્રથી અલિપ્ત થવાનું છે. નહિ કે સાધના થયાં પહેલાં.

શાસ્ત્રમાં સાધનાના ચૌદ સોપાન અર્થાત ચૌદ, ગુણ સ્થાનક દર્શાવેલ છે. તે કોઇ નામ, લિંગ કે વેષના સ્થાનકો નથી. એટલું જ નહિ અધિકરણ, ઉપકરણ કે કરણના સ્થાનકો નથી પણ મોહભાવ ઘટવાથી ગુણોના આધારે અકષાય ભાવના સ્થાનકો છે. અર્થાત અંતઃકરણમાં આવિર્ભાવ થતાં ગુણોના સ્થાનકો છે. ગુણોની ઉપર ઉપરની કક્ષા છે. સાધનામાં જેમ સાધક ઉપલી કક્ષાએ પહોંચતો જાય છે તેમ તેમ સાધનો ઓછાં ને ઓછાં થતાં જાય છે અને સાધનાકાળ પણ ઘટતો જાય છે.

આ દેહમાં રહી આપણે મન દ્વારા દેહભાવને ભોગવીએ છીએ. પુદ્‌ગલદ્રવ્યના વેદનાની સુખાનુભૂતિ કે દુઃખાનુભૂતિ કરીએ છીએ. તેને બદલે સાધકે સાધનામાં દેહમાં રહે તે છતે મન દ્વારા, અંતઃકરણ દ્વારા આત્મપ્રદેશે આત્મસ્વસ્વરૂપાનુભૂતિ અનુભવવાની છે. – સ્વરૂપવેદન કરવાનું છે. સ્વરૂપ દશાના સ્વાદનો આંનદ માણવાનો છે. નિરાવરણ જ્ઞાનની વાનગી ચાખવાની છે. આ માટે આપણે અલ્પાંશે ય સંકલ્પ કર્યો છે ખરો ?

ધર્મક્ષેત્રે આપણે અંતર્મુખ થવાનું છે. અંતરાત્મા બનવાનું છે. બાહ્ય દૃશ્ય જગતથી વિમુખ–પર થવાનું છે. જેટલે જેટલે અંશે આપણે દૃશ્ય જગતથી પર થતાં જઇશું અને જેટલે જેટલે અંશે આપણે અંતર્મુખ થઇશું તેટલે તેટલે અંશે સ્વાનુભૂતિ થતી જશે.

દૃશ્ય જગતની સાથે આપણું મન જોડાયેલું રહે છે. તેજ મન સ્વરૂપાનુભૂતિમાં મહાવિઘ્નરૂપ બને છે.

શરીરમય અને ઇન્દ્રિમય બનેલું મન, સંકલ્પ વિકલ્પ, તરંગ, વિમાસણ, વિચારણા, કલ્પના, વૃત્તિ, આકાંક્ષા, અભિલાષા આદિ કરે છે અને અસ્થિર બને છે. આવું વૃત્તિઓથી ભરેલું અંતઃકરણ આત્મામાં દોષોનો ઉમેરો કરે છે અને આવરણ–પડળ ગાઢા બનાવે છે. આમ આત્મા સ્વરૂપાનુભૂતિથી – નિજાનંદથી – સચ્ચિદાનંદ સ્વરૂપથી દૂર ને દૂર થતો જઇ પુદ્‌ગલાનંદી બની જાય છે.

બ્રહ્મદત્ત ચક્રવર્તીનો આત્મા પૂર્વના ભવમાં સંભૂતિ મુનિ તરીકે ચારિત્રમાં વિહરતો હતો. સ્વરૂપાનંદના અચ્છા આસ્વાદમાં મસ્ત હતો. ત્યાં એક પ્રસંગે નગરમાં ગોચરીએ જતાં તીરસ્કૃત થયાં તેથી અણસણ સ્વીકારી દેહત્યાગની પ્રવૃત્તિ આદરી. એમાં ચક્રવર્તી વંદન કરવા આવ્યા. સાથે સ્ત્રીરત્ન હતું. તે પણ વંદન કરે છે. વંદન કરતાં અંબોડો છૂટી ગયો અને કેશની લટ મુનિને સ્પર્શી ગઇ. ખેલ ખતમ થયો ! મુનિના અંતઃકરણમાં સ્ત્રી વૃત્તિએ સ્થાન લીધું. ભોગ ભાવનાએ હૃદયનો કબજો લીધો. સ્વરૂપાનુભૂતિ ચાલી ગઇ. પુદ્‌ગલવૃત્તિ આવી ગઇ. આનું જ નામ શરીરમય અને ઇન્દ્રિયમય વૃત્તિ.

જ્યારે એ જ મન અંતઃકરણમાં ધારણા, ધ્યાન, સમાધિને સ્થાન આપે અને સ્વયં સ્થિર બનતું જાય, એકાગ્ર થાય ત્યારે શરીર અને ઇન્દ્રિયથી મન ઉપર ઉઠી જાય છે. નવી નવી કલ્પનાના ચિત્રામણો કરતું બંધ થાય છે અને દૃશ્ય જગતને સાક્ષીભાવે જોવાની શરૂઆત કરે છે. ત્યારે એ મન–અંતઃકરણ પરમાત્માના સ્વરૂપમાં કહો કે સ્વની સ્વરૂપાનુભૂતિમાં કહો, એમાં લીન બને છે. આ રીતે ધીરે ધીરે ઉન્મની ભાવ આવે છે. મન લય પામે છે વિલય પામે છે, અર્થાત મનનો પ્રલય થાય છે. – મન અમન બની જાય છે. તૃપ્ત થાય છે. – પૂર્ણકામ બની જાય છે. અર્થાત આત્મા પૂર્ણતાને પ્રાપ્ત કરે છે. પરંતુ અશુદ્ધતા–આવરણોની વિદ્યમાનતામાં મન અમન

કદી નહિ બને. એ માટે સાધકે અંતઃકરણના દોષો ટાળવા જ રહ્યાં !

મોહાદિ ભાવો એ જ ભાવદોષ છે ને ભવભ્રમણનું કારણ છે. આ મોહાદિભાવો જ આત્મા ઉપર આવરણ રચે છે. મોહાદિભાવો એ કારણ છે અને આવરણ એ કાર્ય છે.

આવરણ દૂર કરવા, આવરણ હટાવવા માટે જીવે પોતે સેવેલા દોષો જોતાં શીખવું જોઇશે. દોષને દોષરૂપે જોયા જાણ્યા પછી દોષ દૂર કરવા પ્રયત્ન કરવો જોઇશે. આ આખીય પ્રક્રિયા નિષ્કપટ ભાવે અંતઃકરણમાં થવી જોઇએ.

આધ્યાત્મભાવે અર્થાત ધર્મભાવે દોષોને ટાળવાનું મન હોય તો દોષો જાય. અને દોષ જતાં દુઃખ પણ જાય. જ્ઞાની ભગવંતોએ સ્વદોષ દર્શન કરવા ફરમાવેલ છે. આ સ્વદોષ દર્શનને તપના બાહ્ય અભ્યંતર બાર ભેદમાંનો એક અભ્યંતર ભેદ જણાવેલ છે.

આવરણનું કારણ દોષ છે. દોષનું ઉદ્‌ભવક્ષેત્ર મોહાદિભાવ છે. – મોહનીય કર્મ છે.

અન્યના દોષ જોવાં એ સ્વયંને માટે દોષરૂપ બની જાય છે. જ્યારે સ્વયંના દોષ જોવાં, સ્વદોષ દર્શન કરવું તે સ્વયંને માટે ગુણરૂપ બની જાય છે.

" પરદોષ દર્શન અવગુણ છે. સ્વદોષ દર્શન ગુણ છે. " પોતાનામાં રહેલાં દોષો સતાવતા હોય, એની પીડા, દુઃખી બનાવતી હોય, એ દોષોના પ્રતિપક્ષી ગુણોનો અભાવ દિલમાં ખટકતો હોય તો ગુણીજનોમાં રહેલા ગુણોને જોઇ ભૂરિ ભૂરિ અનુમોદના કરવી કે જેથી પોતામાં રહેલાં અવગુણો ટળે અને ગુણો ખીલે.

દોષ એ આશ્રવ છે. – બંધ છે. – પાપ છે. – અધર્મ છે. – આવરણ છે. દોષોને અટકાવવા વીતરાગ ભગવંતોએ સંવર બતાવેલ છે. અને દોષને ટાળવા નિર્જરા બતાવેલ છે.

અનિત્યાદિ બાર ધર્મભાવનામાં દોષની ઓળખ માટે આશ્રવ ભાવના, ગુણ કેળવવા અને દોષ અટકાવવા માટે સંવર ભાવના તથા દોષ ટાળવા નિર્જરા બતાવેલ છે. અને સમ્યગદર્શનના સ્થિરીકરણ માટે બોધિ દુર્લભભાવના બતાવેલ છે.

આ ભાવનાઓ દ્વારા આશ્રવો અટકે છે, નિર્જરા થાય છે. આવરણ ટળે છે. આ કારણે જીવનું મૂળભૂત આત્મસ્વરૂપ પ્રગટે છે. અસત અને અનિત્યપણું ટળે છે. સત અને નિત્યપણું પ્રાપ્ત થાય છે.

આત્મામાં સત્તાગત કેવળજ્ઞાન છે જ ! અખૂટ અને અખંડ આનંદનો ઝરો તો આત્મામાં છે જ ! ધરતીમાં પાણીના વહેણ અખંડ ઝરા છે જ ! પરંતુ તેની ઉપર માટીના અને પથ્થરના આવરણો છે. એમ આત્મામાં કેવળજ્ઞાન અને આનંદના વહેણ – ઝરા છે જ ! પરંતુ તેની ઉપરના મોહના – અજ્ઞાનના પડળો – આવરણ હઠાવવાની જરૂર છે. જેમ માટી અને પથ્થર આઘા હઠાવતા પાણીના દર્શન થાય છે તેમ આત્મા ઉપરના આવરણ હઠાવતાં – પડળો દૂર થતાં કેવળજ્ઞાન વેદન એટલે કે આનંદ વેદન થાય છે. આવરણ હઠાવવાનો – નિરાવરણ થવાનો જ – નિર્મોહી વીતરાગ બનવાનો જ પુરુષાર્થ કરવાનો છે.

પુદ્‌ગલદ્રવ્યના ભૌતિક પદાર્થોમાં જેટલે અંશે સ્વરૂપ બુદ્ધિ ઘટે એટલે અંશે આનંદ અનુભવાય. પર – મિથ્યા – અસત – વિનાશી તત્વમાં – પદાર્થમાં સ્વ બુદ્ધિ કરવી અર્થાત સ્વરૂપ બુદ્ધિ કરવી તેનું જ નામ મિથ્યાત્વ ! જેમાં જે નથી, તે છે એવી બુદ્ધિ કરવી તેનું જ નામ મિથ્યાત્વ ! જેમાં જે નથી, તે છે એવી બુદ્ધિ કરવી તેનું જ નામ મિથ્યાત્વ ! રેતીમાં તેલ નથી છતાં તેમાંથી તેલ મળશે તેવી વાત કરનારને અને રેતીમાંથી તેલ કાઢવાની પ્રવૃત્તિ કરનારને મૂઢ કે મુર્ખ કહીએ છીએ તેવી આ વાત છે.

સમ્યક્ત્વમાં પ્રવેશ કર્યા બાદ આનંદનો અનુભવ થવા લાગશે. સંસાર પરત્વેનો રાગ હઠવા લાગશે. વૈરાગ્ય આવતો જશે. પછી દુન્યવી – ભૌતિક વસ્તુઓના ગ્રહણમાં અને ઉપરના મોહમાં પડવાનું મન નહિ થાય.

સમ્યગદર્શન દ્વારા મોક્ષમાર્ગમાં પ્રવેશ કર્યા બાદ આત્માએ આનંદ અને કેવળ આનંદનો જ અનુભવ કરવો જોઇએ. પ્રતિકૂળતામાં પણ અનુકૂળતાની અનુભૂતિ થવી જોઇએ. જ્ઞાન ઓછું હશે કે વધુ હશે તો તે ચાલશે. પણ દૃષ્ટિ તો વાસ્તવિક સમ્યગ જ જોઇશે અને સ્વરૂપાનંદની અનુભૂતિ કરતાં આવડવું જોઇશે. સ્વરૂપાનંદની અનુભૂતિ દ્વારા સાચી વીતરાગતા પ્રાપ્ત થશે અને વીતરાગતાથી જ્ઞાન નિરાવરણ બનશે..

પ્રતિક્ષણે વીતરાગતા ટકાવી રાખવા માટે આપણે જાગૃત રહેવું જોઇએ. આવી સતત, સરલ, અને સહજ જાગૃતિ એજ સમ્યગદર્શન.

" હું સિદ્ધ સ્વરૂપ છું. " આવું જ્ઞાન તે નિશ્ચયનયનું જ્ઞાન કહેવાય. બુદ્ધિનો એક વિકલ્પ ગણાય. એની ખરી સાધના શું ? " હું સિદ્ધ સ્વરૂપ છું " એની ખરી સાધના " હું દેહ નથી " એવી દૃષ્ટિમાં છે, એવી આંશિક અનુભૂતિમાં છે. એ વખતે દેહભાવો અંતઃકરણમાં ન આવવા જોઇએ, જેથી, વીતરાગદશા આવતી જાય. છેવટે " હું સિદ્ધ સ્વરૂપ છું." એ વિકલ્પ પણ યાદ કરવો ન પડે એવી નિર્વિકલ્પ દશા આવે અને તે સ્થિર રહે ત્યારે છેવટના સંજવલન કષાયો પણ ક્ષય પામે છે. મોક્ષની ખરી સાધના સમ્યગદર્શન પછી ધ્યાન અને સમાધિમાં છે.

ધ્યાન એટલે પોતાના સ્વરૂપરસને પોતાના આત્માના સહજ અખંડ આનંદને વેદવો – અનુભવવો. અને સમાધિ એટલે આત્માના અખંડ આનંદમાં ડૂબકી મારી પડયા રહેવું. આ પ્રક્રિયાથી મોહનીય કર્મ તૂટશે. મોહનીય કર્મ તૂટતા, જ્ઞાનાવરણીય કર્મ પણ તૂટશે.

આપણે જો ધ્યાન અને સમાધિ દ્વારા સ્વરૂપરસના આનંદનો અનુભવ નહિ કરીએ તો દેહભાવના ક્ષણિક આનંદમાં ગબડી પડવાના જ ! અને પછી દુઃખમાં સબડવાના જ !

આપણને પહેલાં તો બાહ્યજગત, સ્વપ્નવત, અનિત્ય અને મિથ્યા લાગવું જોઇએ. જેથી આપણી દૃષ્ટિ, સ્વરૂપદૃષ્ટિ બને, સચ્ચિદાનંદમય બને ! આપણે જગતના દૃષ્ટા છીએ અને નહિ કે ભોકતા !

સમ્યગદૃષ્ટિ આત્મા ક્ષણિક જીવન જીવતો હોય, દેહમાં પૂરાયેલ છે એટલે ક્ષણિક જીવન જીવ્યા વિના ચાલે તેમ નથી. છતાં તે ક્ષણિકજીવનનો, નશ્વર દેહનો, પ્રાપ્ત કાળનો, એવો સદ્‌ઉપયોગ કરે કે તે દેહાતીત બની જાય, કાળાતીત બની જાય. અકાલ બની જાય. નિત્ય બની જાય. જીવન ભલે વિનાશી હોય પણ તે જ જીવન જો જીવી જતાં આવડે તો તે અવિનાશી – અજરામર પદની પ્રાપ્તિ કરાવી આપવા સમર્થ છે. વર્તમાનકાળ-પ્રાપ્ત સ્વ સમયનો સદુપયોગ થાય તો સમયાતીત, અકાલ – ત્રિકાળ નિત્ય બની શકાય છે.

સમ્યગદૃષ્ટિ દશ્યને ન જુએ, દૃશ્યના પરિણામને જુએ. 'પરિણામનું લક્ષ્ય તે જ નિશ્ચયદૃષ્ટિ' અને એજ નિશ્ચય નય !

નિશ્ચય દૃષ્ટિએ એટલે કે નિશ્ચય નયની દૃષ્ટિએ પર દ્રવ્યમાં સ્વ બુદ્ધિ ન જ રખાય. અરે ! વ્યવહાર પણ એવો છે કે પારકાના ધનને પોતાનું નહિ મનાય કે નહિ ગણાવાય. પર પદાર્થનું સ્વામિપણું ન હોય. આવી અંતઃકરણની વૃત્તિ એજ પરમાર્થદૃષ્ટિ છે. આવી નિશ્ચયનયપૂર્વકની પરમાર્થદૃષ્ટિ આવ્યા પછી પર વ્યક્તિઓ સાથેના મોહભાવપૂર્વકના સંબંધો, સાધક, ઓછાં ને ઓછાં કરતો જાય અને પર પદાર્થનો ઉપયોગ પણ ઘટાડતો જાય. આ રીતથી જ નિશ્ચયદૃષ્ટિ સ્થિર અને હિતસ્વી રહી શકે.

આપણો દેહ એ આપણો નથી. તે પુદ્‌ગલ દ્રવ્યનો છે. તેનો ઉપયોગ પોતાના માટે કેવી રીતે થાય ? એનો ઉપયોગ પરાર્થે, અન્યના હિતમાં થવો જોઇએ.

જ્યારે દેહ જ પોતાનો નથી ત્યાં એના વડે પોતાના જીવનનું અસ્તિત્વ માનવું એ અજ્ઞાનદશા છે. – મિથ્યાત્વ છે. ખેર ! કર્મના ઉદયે દેહમાં રહેવું પડે તો તે વાત જુદી છે. બાકી વાસ્તવિક તો, દેહના અસ્તિત્વ વિના જ આત્માનું ખરું અને સાચું અસ્તિત્વ છે. સિદ્ધદશા એટલે દેહની અસ્તિત્વ વિનાની દશા. સિદ્ધ ભગવંતો દેહાતીત છે. એ જ દશાને પોતાની શુદ્ધ દશા માને તે સમ્યગદૃષ્ટિ. અને આગળ દેહભાવ રહિત જીવન વ્યવહાર તે સમ્યગ ચારિત્ર્ય.

આપણો દેહ પુદ્‌ગલ રાશિના એક અંશરૂપ છે. તે આપણો નથી. જે આત્માઓ પુદ્‌ગલમાં સ્વરૂપ બુદ્ધિ રાખે છે, સુખબુદ્ધિ અને ભોગવૃત્તિ રાખે છે તે તેમની અનાત્મદશા અર્થાત અજ્ઞાનદશા છે અને એવી બુદ્ધિને મિથ્યાત્વ, બુદ્ધિ જણાવેલ છે. સમ્યગ દૃષ્ટિએ આ દેહનો, સાધનામાં સાધન તરીકે ઉપયોગ કરી લેવો જોઇએ. સાધકની સાધના સિદ્ધ થયા બાદ સાધના અને સાધન બન્ને છૂટી જશે. આયુષ્ય પૂર્ણ થયે અજન્મા થવાશે. નિર્વાણ થતાં દેહનો પરિત્યાગ થશે અને નવો દેહ ધારણ કરવાનો નહિ રહેશે. નિર્વાણનો અર્થ જ નિઃ + વાન (શરીર) છે.

જેમ ચક્રવર્તી પુણ્યના ઉદય વખતે ભેદજ્ઞાનથી સમ્યકત્વ પામી શકે છે તેમ નારકીનો આત્મા પોતાના પાપના ઉદય વખતે ભેદજ્ઞાનથી સમ્યકત્વ પામી શકે છે. ભલે પુણ્ય અને પાપ સામસામા વિરોધી તત્વો હોય છતાં તેના ઉદય વખતે સમ્યકત્વ પામી શકાય છે. કારણ કે આત્મા તો પુણ્ય અને પાપથી પર છે. માત્ર બદ્ધ સંબંધને કરીને પુણ્યપાપ કર્મથી જોડાયેલો છે. "

જેમ આત્મા દેહથી ભિન્ન છે તેમ આત્મા પુણ્યકર્મ અને પાપકર્મથી પણ પરમાર્થથી ભિન્ન છે.

પુણ્યના ઉદયમાં એટલે શાતા વેદનીય આદિ શુભ પ્રકૃતિના ઉદયમાં સમ્યકત્વ, એટલે પર પદાર્થોમાં સુખબુદ્ધિ અને ભોગવૃત્તિ નહિ તેમજ પાપના – અશાતાવેદનીય આદિ અશુભ પ્રકૃતિના ઉદયમાં સમ્યકત્વ એટલે દુઃખમાં દુઃખ બુદ્ધિ નહિ અને દુઃખથી ઉદ્વેગની વૃત્તિ નહિ.

" ભેદજ્ઞાન એટલે સુખ અને દુઃખ એ બંન્નેથી પોતાને પર એટલે કે જુદો માનવો. "

સમ્યકત્વ એટલે અંતરાત્મા ! અંતરાત્મા માટે પુણ્ય અને પાપથી પ્રાપ્ત થનારા બહિરંગ દૃશ્ય પદાર્થો દૃશ્યરૂપ નથી. એને તો એનું અંતઃકરણ જ દૃશ્યરૂપ છે. અંતરને જુએ તે અંતરાત્મા બને અને બાહ્યદૃશ્યને જુએ તે બહિરાત્મા બને.

અંતરાત્મા પોતાના અંતરમાં થતાં મોહાદિ ભાવો ખતમ કરે છે. આત્માએ પોતાના જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગમાં ઉત્પન્ન થતાં મોહાદિભાવોને ખતમ કરવાના છે. ઉપયોગમાંથી મોહાદિભાવો ખતમ થયેથી ઉપયોગ શુદ્ધ બને છે, પૂર્ણ બને છે, નિત્ય બને છે. આનું નામ જ " કેવળજ્ઞાન " અને " કેવળદર્શન."

મોહાદિભાવો જીવના જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગનો આધાર લઈને રહે છે. આપણી દૃષ્ટિ જો જાગૃત બને, વિવેકી બને, સમ્યગ બને તો મોહાદિભાવો હણાતા જશે.

મહેલાતોમાં મહાલતો પુણ્યવંત સમ્યગદૃષ્ટિ ચક્રવર્તી અને રસ્તે રઝળતો પાપોદયવંત સમ્યગદૃષ્ટિ ભિખારી પોતાના ઉદયને બદલવા શકિતમાન ન થઈ શકે પણ સમ્યકત્વના આધારે, ભેદજ્ઞાનના બળે પોતાના મોહાદિ ભાવો ખતમ કરવા શકિતમાન છે.

જીવ કદી પણ પોતાનાથી અભિન્ન એવાં જ્ઞાન દર્શન વિહોણો બની શકતો નથી. પરંતુ પોતાથી પર – ભિન્ન એવાં મોહાદિ ભાવ વગરનો તે અવશ્ય બની શકે છે જો તે પુરુષાર્થ કરે તો. જીવે પોતાને મોહાદિભાવથી મુકત કરવો એજ સમ્યકત્વશીલ આત્માનું કર્તવ્ય છે.

**□ અવતરણકાર : શ્રી સૂર્યવદન ઠાકોરદાસ ઝવેરી**

# આપણી ભયંકર ભૂલોની ભૂતાવળ

**– □ વિજયગુપ્ત મૌર્ય**

દેશવ્યાપી આર્થિક અને રાજકીય ઘોંઘાટ અને ઉથલપાથલ વચ્ચે એક સમાચાર આવ્યા છે કે તળ ગુજરાતના એક માત્ર જંગલ ડાંગના ગેરકાયદે જંગલ કપાઈ રહેલ છે. ડાંગ ડાંગીઓ માટે છે એવું આંદોલન શરૂ થયું છે. "ભૂમિહીન આદિવાસી કિસાન હિતરક્ષક સમિતિ" ની આગેવાની નીચે સરકારી અનામત જંગલ પણ કપાઈ રહેલ છે. ખેતી અને ખનિજો માટેની જમીનની ભૂખ ગુજરાત ઉપરાંત દેશવિદેશોમાં પણ ઉગ્ર બનતી જાય છે. ભૂતકાળમાં મેં બે વખત ડાંગનો પ્રવાસ કર્યો અને એ સમયગાળા વચ્ચે ડાંગનું જંગલ કેટલું પાતળું પડયું છે તેનો ખ્યાલ મેળવ્યો. આ પ્રશ્ન ફકત ડાંગીઓનેજ સ્પર્શતો નથી, તેનો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વ્યાપ છે. તેમાં ખેતી અને ખનિજ માટેની જમીનની ભૂખ ઉપરાંત ઈમારતી લાકડા, બળતણના લાકડા અને ખાદ્ય વનેચર પ્રાણીઓની પણ ભૂખ છે. ડાંગમાં આવા પ્રાણીઓ લગભગ નામશેષ થઈ રહ્યાં છે.

દુનિયામાં સૌથી મોટું જંગલ સોવિયેટ સંઘમાં છે. મુખ્યત્વે તે સીડ જેવા શંકુ આકારના વૃક્ષોનું છે. દક્ષિણ અમેરિકામાં, એમેઝોન જુથની નદીઓના બ્રાઝિલના પ્રદેશમાં, કદાચ એકમાત્ર ગણનાપાત્ર જુદા પ્રકારનું સઘન વરસાદી જંગલ છે. બ્રાઝિલના કેટલાક નેતાઓને એવો વિચાર આવ્યો કે, દુનિયાના ઘણા દેશો, વેરાન રેગીસ્તાન જેવા આરબ દેશો પણ, પોતાની ધરતીમાંથી ખનિજ તેલ અને ગેસ મેળવીને ખૂબ ખૂબ ધનવાન થયા છે. દક્ષિણ આફ્રિકા જેવા કેટલાક દેશો હીરા, સોનું, યુરેનિયમ વગેરે જેવા કિમતી ખનિજો કાઢીને ખૂબ સમૃદ્ધ થયાં છે. ત્યારે અમારો બ્રાઝિલ એક એવો દેશ છે કે જગતના પર્યાવરણની રક્ષાને બહાને પોતાના અતિ વિશાળ જંગલ સાચવી રાખીને બેઠો છે. તેથી બ્રાઝિલની સરકારે રજા આપી દીધી કે, એમેઝોન અને તેની ઉપનદીઓનું જંગલ કાપી નાંખવું અને બાળી નાંખવું અને કિમતી ખનિજોની શોધ માટે આ પ્રદેશને છૂટો કરવો. જગતનું પર્યાવરણ રાષ્ટ્રીય સીમાડા ધરાવતું નથી. બ્રાઝિલનું જંગલ નાશ પામે તો, જગતના પર્યાવરણ ઉપર કોઈને કોઈ ખરાબ અસર થયા વિના રહે નહીં, કુવૈતના, સાઉદી અરબસ્તાનના અને ઈરાકના તેલ કુવાઓને અને તેલક્ષેત્રોને આગ ચાંપવામાં આવે અને સમુદ્રમાં લાખો પીપ તેલ વામી દેવામાં આવે ત્યારે તેની સીધી અસર તરીકે કાશ્મીરમાં કાળો વરસાદ પડયો, ચામડીને દઝાડે એવો એસિડવાળો વરસાદ પણ વરસ્યો, તેમાં કાંઈ આશ્ચર્ય નથી. આ બધા દાખલા બતાવે છે કે, માણસો ધન લોભી બનીને, કેવા ગાંડા અને માનવજાતના હિત પ્રત્યે આંધળા બની શકે છે. મેશ, ધુમાડા, અને તેજાબથી લદાયેલા વાદળા કાશ્મીર સુધી પહોંચ્યા તો આગ્રાના તાજમહેલ સુધી પણ પહોંચી શકે, અને આ અમૂલ્ય ઈમારત રૂપી રત્નના સૌન્દર્યનો નાશ કરી શકે. માનવીની મુર્ખાઈ અને હળાહળ અપ્રમાણિકતા વિવિધ સ્વરૂપે વ્યકત થાય છે. તે હિમાલયની વન સમૃદ્ધિ કાપી નાખીને આ નગાધિરાજને મૂંડી નાંખી શકે છે. તેમાં કેટલાક પ્રધાનોથી માંડીને વન્ય અધિકારીઓ, કોન્ટ્રેકટરો વગેરેની અપ્રામાણિકતા બેફામ બની જાય છે. ગુજરાતને તેની ૩૩ ટકા ધરતી પર જંગલો જોઈએ, પણ હાલ પૂરા દશ ટકા પણ નથી, અને જે છે તે હવે સઘન નથી. તેમાં ગરવો ગિરનાર પણ બચ્યો નથી. એવી દલીલ કરવામાં આવે છે કે, આ એક આર્થિક સમસ્યા છે. ગરીબ લોકોને બાંધકામ માટે, બળતણ માટે અને રોજી કમાવા માટે લાકડા ન મળે તો તેઓ ભૂખે મરે. પરંતુ આ દલીલ મજબૂત નથી. જંગલની પેદાશો અને કુદરતી રીતે સુકાઈ જતા વૃક્ષો તથા ઈમારતી કામ માટે પાડેલા પાકા સાગ જેવા વૃક્ષો પણ કમાણી કરાવી આપે છે, અને તેની ઉપર લાખો ગિરીજનો નભે છે. મધ્ય પ્રદેશ, ઓરિસ્સા વગેરે રાજયોમાં બીડી બનાવવા માટે વપરાતા ટીમરૂના પાન એકઠા કરવાના લાખો રૂપિયાના ઈજારોઓ અપાય છે. (અને લાખો રૂપિયાની લાંચો પણ ખવાય છે) હિમાલયના ચીડ વર્ગના વૃક્ષો તથા બીજી વનસ્પતિ કમાઉ દિકરા જેવી છે. તેથી જયારે કોન્ટ્રેકટરો વૃક્ષ કાપવા માટે પરવાના અને પરવાના વિનાની રજા લાવે છે, ત્યારે ગિરીજનોએ ચીપકો નામનો સત્યાગ્રહ શરૂ કર્યો, જેમાં તેઓ કોન્ટ્રાકટરે કાપવા ધારેલા વૃક્ષોને વળગી રહીને – ચીપકી રહીને – કોન્ટ્રાકટરોના માણસોને ઝાડ કાપતા અટકાવે છે. વૃક્ષોના વાવેતરની પસંદગી, તેમની કમાઉ–ઉપયોગીતાની દૃષ્ટિએ ગણવામાં આવે અને ઉછેરવામાં આવે તો તેઓ મબલખ કમાણી કરાવી શકે છે. કેટલીક ઔષધિય વનસ્પતિ બહુ મોટા જથ્થામાં વિદેશ જાય છે. વાંસ અને વૃક્ષોનો માવો જુદી જુદી જાતના કાગળ બનાવવા માટે અનિવાર્ય હોય છે. અને આપણા દેશમાં જયાં વનસ્પતિની અછત હોય ત્યાં કાગળની અછત અને અતિ મોંઘારત હોય તેમાં આશ્ચર્ય શું ? જયાં એક આનામાં દૈનિક છાપું મળતું હતું ત્યાં આજે તેની કિમત બે રૂપિયા છે ! ટરપેન્ટાઈન બનાવવા માટે ચીડના કુળના વૃક્ષો જોઈએ. રબ્બર આપનાર છીર (ક્ષીર) ચીકુના કુળના વૃક્ષો આપે છે. કાગળ જેટલો જ, કે તેથી પણ વધુ ગંભીર દુકાળ ઈમારતી લાકડાનો છે. ઈમારતી લાકડા આપતા વૃક્ષો પાકટ વયના થાય ત્યારે જ પાકા અને મજબૂત ગણાય. સાગનું વૃક્ષ વાપરવા માટે ઓછામાં ઓછા ત્રીસ વર્ષની વયનું હોવું જોઈએ અને જેટલા વૃક્ષ કાપો તેનાથી વધુ ઉછેરવા ફરજીયાત હોય છે. પરંતુ જયાં વૃક્ષો કાપી નાખીને ધરતી ખેડી નાખવામા આવતી હોય ત્યાં સરકારી અનામત જંગલ પણ ઘસાતું જાય તેમાં નવાઈ નથી.

દક્ષિણ ગુજરાતીની ધરતી ઈમારતી લાકડાંના વૃક્ષોની, ખાસ કરીને સાગના વૃક્ષો માટે, પંકાતી હતી. ડાંગ, વાંસદા, વ્યારા, ધરમપુર, વલસાડ વગેરે તેમના

મજબૂત, ટકાઉ, વજનદાર સાગના લાકડા માટે પ્રખ્યાત હતા. તેમાંથી ઘણો સાગ વલસાડ બંદરેથી નિકાસ થતો, અને આ પ્રદેશોનો સાગ, વલસાડી સાગ તરીકે ઓળખાતો હતો. દક્ષિણમાં કારવાર, કોચીન, કલિકટ, (કોઝી–કોડે) વગેરે બંદરો સાગના લાકડાની નિકાસ માટે પ્રખ્યાત હતા. આજે એ યુગ આથમી ગયો છે. અને બાંધકામમાં તથા ફરનીચરમાં સાગનું લાકડું લગભગ અલભ્ય બની ગયું છે. પાણીનો અને જીવાતનો પ્રતિકાર પાકા સાગ જેવા મજબૂત લાકડાં જ કરી શકે. બીજા લાકડાનું આયુષ્ય ટૂંકું હોય છે, અને તેમાં જીવાત થાય છે. સાગના ઝાડ ગીરના જંગલમાં પણ છે. પરંતુ વૈજ્ઞાનિક આયોજન, વાવેતર અને ઉછેરના અભાવે સંખ્યા અને ગુણવત્તામાં તે ઉતરતા રહ્યાં છે.

કોન્ટ્રેક્ટરોની નજર હવે આંદામાન–નિકોબારના ટાપુઓ ઉપર ઠરી છે. આ ટાપુઓના બે પ્રકાર છે : કેટલાક પરવાળાના ટાપુ છે અને તેમની સપાટી પાણીની સપાટીથી બહુ ઉચી નથી. તાડના કુળના નાળિયેરી, તાડ વગેરે વૃક્ષોના વાવેતર માટે તે ઉત્તમ ગણાય. અગ્નિ એશિયામાંથી, જ્યાંથી આપણે કોપરેલ તેલ અને પામોલિન તેલ મંગાવીએ છીએ ત્યાં આવા પરવાળાંના ટાપુઓનો લાભ લેવાય છે. બીજા ટાપુઓ મોટા છે, અને મુખ્યત્વે અગ્નિકૃત ખડકોના બનેલા હોય છે. અહી બે ચોમાસાં છે. અને તેથી પુષ્કળ વરસાદ પડે છે. અહીના જંગલ " કુંવારી વનશ્રી" તરીકે ઓળખાય છે. હવે ત્યાંથી પણ પાકા ઇમારતી વૃક્ષો વઢાઇ રહ્યાં છે, અને નિકાસ થઇ રહ્યાં છે. લાકડા માટે જંગલો કાપી નાખવા તે કેટલું નુકસાનકારક છે તેનો દાખલો બ્રહ્મદેશ પૂરો પાડે છે. અહી લોકશાહીને કચડી નાંખવામાં આવી છે, વિકાસ માટે કશું આયોજન નથી અને સેંકડો વર્ષ જૂના ઇમારતી લાકડાનાં ઝાડ બેફામ રીતે કપાઇ અને નિકાસ થવા લાગ્યાં છે. બ્રહ્મદેશનું અર્થતંત્ર તેની ઉપર નીરભર છે. બ્રિટિશ જમાનામાં તેના સાગના અને બીજી ઇમારતી લાકડાના વૃક્ષો અંગ્રેજીમાં BURMA TEAK તરીકે વિશ્વવિખ્યાત હતા. બરમા ટીક એટલે સૌથી વધુ શ્રેષ્ઠ લાકડું.

આપણા દેશમાં ખાદ્યતેલની ભયંકર તંગી અને મોંઘારત છે. તેથી હમણાં સમાચાર આવ્યા હતા કે ગુજરાતમાં, ગુજરાત સરકાર પામોલિન તેલ આપનાર તાડ વૃક્ષો ઉછેરશે. બીજા સમાચાર એ આવ્યા હતા કે ગુજરાત સરકારે વધુ તેલ આપે એવા શીંગદાણાની બે નવી જાત વિકસાવી રહેલ છે. સંભવ છે કે, આપણને નહિ તો આપણા પુત્રો અને પૌત્રોને આ તેલ મળે !

આમ આપણે ઘણી કઠોર સમસ્યાઓથી જકડાઇ રહ્યા છીએ. તેમાંથી ઘણી સમસ્યાઓ આપણા અજ્ઞાન અને મુર્ખાઇથી આપણે સર્જી છે. આપણે જે ઝાડની ડાળ ઉપર બેઠા છીએ તેને જ કાપી રહ્યાં છીએ. આપણે આપણા પગ ઉપર કુહાડો મારી રહ્યાં છીએ. આ બધી કઠોર સમસ્યાઓનું પગેરું કાઢો તો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આપણો ભયંકર વસ્તી વધારો જવાબદાર છે. દર સેકડે જ નહિ, દર સેંકડે વસ્તીમાં વધારો થાય છે. અને પછી વધારાનો દર પણ વધે છે. આપણાંમાંથી ઘણાને સાંભરણ છે કે અખંડ હિંદની વસ્તી ૩૩ કરોડની હતી. આજે ખંડિત ભારતની વસ્તી ૮૪ કરોડ છે. અને થોડા વર્ષ પછી આપણી વસ્તી, ચીનની વસ્તી કરતાં પણ વધી જશે. વસ્તી વધારાને ઘટાડવા અને વસ્તીને તેના જીવનની અનિવાર્ય જરૂરિયાતો પૂરી પાડવા આપણે હજારો અબજ રૂપિયા દરવરસે હોમી રહ્યાં છીએ. પરંતુ વસ્તી વધારો પોતેજ જીવની જરૂરિયાતના ઉત્પાદનને ખાઇ જાય છે, જેથી તે જરૂરિયાતની ચીજોની મોંઘવારીનો ગુણાકાર થતો રહે છે. આપણે સુધરેલા સમાજ તરીકે જીવવું હોય તો, ચોખ્ખું પાણી, પોષક ખોરાક, સોંઘા ઔષધો, કાંઇ નહિ તો માધ્યમિક કક્ષા સુધીની કેળવણી, રહેવા માટે પાકાં ખોરડા, ખેતીમાટે જોઇતી સગવડો, કિફાયત બળતણ, વગેરે ઘણી સગવડો જોઇએ. પરંતુ સ્વતંત્રતાના આશરે પચાસ વર્ષ પછી આપણા નેતાઓ હજી ચોખ્ખું પાણી પાવાની જ આશા આપે છે ! સિંધુ સંસ્કૃતિથી માંડીને આજસુધી હજુ આપણું અર્થતંત્ર ખેતી ઉપર આધારિત રહ્યું છે, ઉદ્યોગોનો હિસ્સો ગણનાપાત્ર નથી. ખેતી વર્ષાઋતુને આધિન હોય છે, અને વરસાદ કોઇ વરસે ક્યાંક જાનમાલનો અને વાવેતરનો નાશ કરે એટલો વરસે છે, તો કોઇવાર ક્યાંક આખું વર્ષ સૂકું જાય છે. જળ બંધો અને નહેરોમાં હજારો અબજ રૂપિયા ખરચવા છતાં વરસાદનું કરોડો ટન પાણી દર વરસે સમુદ્રમાં વેડફાઇ જાય છે, અને આપણા નાદાન નેતાઓ નદીઓના પાણીના અધિકાર વિષે જોરશોરથી લડતા હોય છે. દક્ષિણમાં કાવેરી નદીના પાણી વિષે કર્ણાટક અને તમિલનાડુ વચ્ચે ચાલતો ઉગ્ર વિવાદ તેનું દૃષ્ટાંત છે. નર્મદાનો જળ–બંધ યોજના ત્રણ–ચાર દાયકા પહેલાં અમલમાં આવવી જોઇતી હતી, આ વિલંબ અને વિખવાદના કારણે ખર્ચ અનેકગણો વધી ગયો અને હજી તેનું શું થશે તે આપણે જાણતા નથી. યોજનાઓનો વિરોધ કરનારા અને તેનું સમર્થન કરનારા એટલા લડ્યા છે અને હજી લડે છે કે આવા ઝનૂનથી સપ્તસિંધુના પાણી માટે ભારત અને પાકિસ્તાન પણ નહોતા લડયાં.

આપણા દેશની સ્વતંત્રતા અને સંગઠીત એકતા માટે મથી રહેલા બે વડાપ્રધાનો (ઇંદીરા ગાંધીને અને પછી રાજીવ ગાંધી) ને મારી નાખવામાં આવ્યા. જ્યારે દેશની એકતા ઉપર ભયંકર પ્રહારો થઇ રહ્યાં છે ત્યારે આપણા આગેવાનો પ્રાદેશિક ઝગડા અને સત્તા માટેની સાઠમારી વધારી રહ્યા છે. સત્તા અને હોદ્દા દ્વારા રૂશ્વતખોરીથી કરોડો રૂપિયાની કમાણી કરાવી આપે છે. ઘણા પ્રધાનોની અપ્રામાણિક્તાના કિસ્સા આપણને હચમચાવી દે એવા હોય છે. અહી પ્રાંતીય કે પ્રાદેશિક પ્રેમનું પ્રદર્શન થાય છે. આપણા આગેવાનોમાં ગુજરાતી, મહારાષ્ટ્રી, તમિળ, બંગાળી, રાજસ્થાની, વગેરે ઘણાં છે, પરંતુ ભારતીય રાષ્ટ્રવાદીઓને શોધવા પડે છે.

આ કાંઇ નિરાશવાદીનો આક્રોશ નથી. પરંતુ દેશની એકતા અને સ્વતંત્રતા ભયંકર ભયમાં મૂકાઇ રહી છે તેની ચેતવણી છે. પહેલાં કાશ્મીરમાં અને પછી પંજાબ, આસમ, અને બંગાળમાં જે હિંસાખોરીની આગ વધવા લાગી તે હવે તમિલનાડુ, ઓરિસ્સા, ઝારખંડ, વગેરે રાજ્યો અને પ્રદેશો પર અંગારા વરસાવી રહી છે. તેનો લાભ લેવા પાકિસ્તાન યોગ્ય તકની રાહ જુએ છે. આપણી ભૂલો ભૂતકાળની ભૂલો કરતાં વધુ ગંભીર ભૂલો છે, અને બીજી તો ઘણી ભૂલો છે.

○ ○ ○

## અસ્થિ સારવાર કેન્દ્ર

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે નિષ્ણાત અસ્થિ ચિકિત્સક ડૉ. જે. પી. પીઠાવાલા દ્વારા હાડકાંનાં રોગોની નિ:શુલ્ક સારવાર દર રવિવારે સવારેના ૯–૩૦ થી ૧–૩૦ સુધી શ્રી જૈન યુવક સંઘ, પરમાનંદ કાપડિયા સભાગૃહ, ૩૮૫, સરદાર વલ્લભભાઇ પટેલ માર્ગ, રસધારા કો.ઓપ. સોસાયટી, બીજે માળે, પ્રાર્થના સમાજ, વનિતા વિશ્રામની સામે, મુંબઇ–૪૦૦૦૦૪ (ફોન : ૩૫૦૨૯૬) ખાતે આપવામાં આવે છે.

આ ઉપરાંત સંઘના ઉપક્રમે દર મહિનાના છેલ્લા રવિવારે બપોરના ૩–૦૦ થી ૫–૦૦ સુધી શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, ઝાલાવાડનગર, સી. ડી. બરફીવાલા માર્ગ, જુહુલેન, અંધેરી (પશ્ચિમ) મુંબઇ – ૪૦૦ ૦૫૯ ખાતે ડૉ. જે. પી. પીઠાવાલા દ્વારા ઉપરોક્ત સારવાર વિનામૂલ્યે અપાય છે. જરૂરિયાતવાળા દરદીઓ અવશ્ય તેનો લાભ ઉઠાવે તેવી વિનંતી છે.

**પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ**
**સંયોજક**

**નિરુબહેન એસ. શાહ**
**પ્રવીણચંદ્ર કે. શાહ**
**મંત્રીઓ**

## સ્વ. ધીરજલાલ ધનજીભાઇ શાહ
## પારિતોષિક

' પ્રબુદ્ધ જીવન 'માં વર્ષ દરમિયાન પ્રગટ થયેલા લખાણોમાં શ્રેષ્ઠ યોગદાન આપનાર લેખકને સ્વ. ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક અપાય છે. અમને જણાવતાં આનંદ થાય છે કે ૧૯૯૦ ના વર્ષ માટેનું પારિતોષિક શ્રી **'સત્સંગી'** ને તેમના લેખો માટે આપવામાં આવે છે:

આ પારિતોષિક માટે નિર્ણાયક તરીકે ડૉ. રમણલાલ ચી. શાહ, શ્રી ઘનશ્યામ દેસાઇ અને શ્રી પન્નાલાલ ર. શાહે સેવા આપી છે.

અમે શ્રી 'સંત્સંગી' ને અભિનંદન આપીએ છીએ અને નિર્ણાયકોનો આભાર માનીએ છીએ.

□ **મંત્રીઓ**

# 'એલજિબ્રા'ની ભાતીગળ તવારીખ

□ પ્રવીણચન્દ્ર જી. રૂપારેલ

શાળાંત પરીક્ષાઓ (એસ.એસ.સી.; આઇ.સી.એસ.ઇ. વગેરે) ના પરિણામો પછીની, કોલેજોમાં પ્રવેશ મેળવવાની ધમાલ હવે લગભગ શમી ગઇ છે. આ બધી પરીક્ષાઓમાં કેટલાયે વિદ્યાર્થીઓના વિષયોમાં એક 'એલજિબ્રા' પણ હશે. કેટલાંક આને 'ઓલજિબ્રા' પણ કહે છે. આપણે એને 'બીજગણિત' ને નામે ઓળખીએ છીએ.

ઉચ્ચ કક્ષાના ગણિતની આવશ્યકતા હોય એવા સર્વ શાસ્ત્રોની – વિજ્ઞાનોની – સર્વ શાખાઓમાં આ 'એલજિબ્રા' અત્યંત મહત્ત્વનું સ્થાન ધરાવે છે. મોટા ગણિતશાસ્ત્રીઓ તથા વિજ્ઞાનીઓએ પણ ભિન્ન ભિન્ન કક્ષાઓએ– આ વિષયથી પરિચિત રહેવું પડે છે.

આ વિદ્યામાં, અજ્ઞાત સંખ્યાના પ્રતીક તરીકે અક્ષરોનો વિનિયોગ કરીને ગણતરી થતી હોવાથી આને અક્ષરગણિત પણ કહેવાય છે.

વળી આ ગણિતમાં વ્યક્ત તેમ જ અવ્યક્ત સંખ્યાઓના પરસ્પર સંબંધનું વિશ્લેષણ થતું હોવાથી ગુજરાત વિશ્વ વિદ્યાલયે એને માટે 'અવ્યક્ત ગણિત' એવું પારિભાષિક નામ પણ યોજ્યું છે.

આમ છતાં શિક્ષિત વર્ગમાં તેમ જ શિક્ષણ ક્ષેત્ર જોડે સંકળાયેલા લોકોના વ્યવહારમાં મોટેભાગે એ 'એલજિબ્રા' કે ઓલજિબ્રા' નામે જ વધુ ઓળખાય છે.

આ 'એલજિબ્રા' નામ આપણે તો અંગ્રેજીમાંથી અપનાવ્યું છે – જો કે હવે તો એ લગભગ આંતરરાષ્ટ્રીય નામ પણ બન્યું છે. પણ હકીકતમાં આ નામ અંગ્રેજી છે જ નહીં !

આ 'એલજિબ્રા' કે 'બીજ ગણિત' ના ઉત્પત્તિ ને વિકાસનો ઇતિહાસ વિદ્વાન સંશોધકોને સુદૂર પ્રાચીનકાળ સુધી ખેંચી ગયો છે.

ઇ.સ. પૂર્વે ૧૮૦૦–૧૬૦૦ના બેબિલોનથી માંડીને ઇજિપ્ત, ગ્રીક, ભારતીય ને અરબી સંસ્કૃતિ પછી અર્વાચીન કાળમાં એ યુરોપ સુધી આવે છે. ઇજિપ્તે આમાંની અવ્યક્ત સંખ્યા માટે 'હ' અને ગ્રીસે એને માટે 'સ' અક્ષર પ્રયોજ્યો. અરબીમાં એ અવ્યકત સંખ્યા 'રી' (વસ્તુ–અમુક, ધ થિંગ) કહેવાઇ છે. આને અનુસરીને પછી લેટિન ભાષામાં 'એ' કહેવાઇ છે ને ઇટાલિયન ભાષામાં 'કોઝ' નામે ઓળખાઇ છે.

પણ પ્રારંભના, સૂચક માત્ર તથા કંઇક તૂટક ને ખામીભર્યા અપૂર્ણ જ્ઞાન પછી આ વિચારને વ્યવસ્થિત શાસ્ત્રીય સ્વરૂપ આપવાનું શ્રેય, આપણા પ્રાચીન પાટલીપુત્રમાં જન્મેલા ગણિતશાસ્ત્રી આર્યભટ્ટ (આસરે ઇ.સ. ૪૭૬) ને ફાળે જવાની નોંધ મળે છે – મોટાભાગના વિદ્વાનોએ આ માન્ય કર્યું છે.

જો કે આ પછી યે બ્રહ્મગુપ્ત (આશરે ઇ.સ. ૬૩૦) તથા લીલાવતી અને બીજગણિતના રચયિતા ભાસ્કરાચાર્ય (આશરે ઇ.સ. ૧૧૫૦) જેવા બીજા નિષ્ણાત ગણિતશાસ્ત્રીઓએ પણ આ શાસ્ત્રના વિકાસમાં ઘણો મહત્ત્વપૂર્ણ ફાળો આપ્યો હતો.

આ માન્યતા અનુસાર, આ શાસ્ત્રનું જ્ઞાન અહીંથી ભારતમાંથી જ યાકુબ, મુસા વગેરેના ગ્રંથો દ્વારા અરબ પ્રજામાં પહોંચ્યું તથા ત્યાર બાદ, આ આરબો દ્વારા જ યુરોપમાં પહોંચ્યું

ઇસ્લામના ઉદય પછી આરબ વિશ્વ, ગણિતવિદ્યાનું મહત્ત્વનું કેન્દ્ર બન્યું. અહીંના ગણિત નિષ્ણાતોએ બીજગણિતમાં પણ આગળ વિકાસ સાધ્યો. અરબી ભાષામાં આ વિદ્યા 'ઇલ્મ – અલ જબ્ર – વ (ઓ) અલ મુકાબલહ' નામે ઓળખાતી; 'ઇલ્મ'= વિદ્યા; 'અલ' અંગ્રેજી 'ધ' જેવો આર્ટિકલ; (મહાન વિભૂતિઓના નામની પહેલાં પણ એ માનાર્થે વાપરવાનો રિવાજ છે. દા.ત. ગ્રીક ફિલસૂફ 'પ્લેટો' નું ગ્રીક નામ રૂપ 'પ્લેટોન' છે; અરબીમાં એ 'અલ–પ્લાતૂન' બન્યું ને પછી એણે 'અફલાતૂન' રૂપ ધારણ કર્યું છે.) પછી 'જબ્ર' એટલે ફરી જોડવું, બેસાડવું; ભાંગેલા ટુકડા જોડી–સાંધી, આખું કરવું, સમારી લેવું વગેરે. આ પરથી ગણિતની ભાષામાં, અપૂર્ણાંકને પૂર્ણાંકમાં ફેરવવા કે અવ્યક્ત સંખ્યાને વ્યકત સંખ્યામાં ફેરવી લેવી તે પણ 'જબ્ર'.

હવે 'વ' (ઓ) એટલે અને તથા 'મુકાબલહ' એટલે મુકાબલો, બરાબરી, સરખામણી, સરખાવી લેવું – એટલે કે, ગણિતની ભાષામાં 'સમીકરણ' !

આમ કોઇ એક અવ્યક્ત સંખ્યાને (દા.ત. ગુજરાતીમાં 'ક' અથવા અંગ્રેજીમાં 'એક્સ') ફરી વ્યક્ત સંખ્યામાં બદલી લેવાની–બેસાડી લેવાની–જોડી લેવાની ને એમ 'સમીકરણ' કરી લેવાની વિદ્યા તે "ઇલ્મ–અલ–જબ્ર–વ (ઓ)–અલ મુકાબલહ" – એટલે કે બીજ ગણિત, એલજિબ્રા.

અરબ વિશ્વમાં આ ક્ષેત્રે અનેક નિષ્ણાત ગણિતશાસ્ત્રીઓએ ખેડાણ કર્યું. વિશ્વવિખ્યાત દાર્શનિક કવિ ઉમર ખય્યામ પણ આમાંના એક હતા.

આરબો પાસેથી આ વિદ્યાજ્ઞાન–ઘણું કરીને ઇટલી દ્વારા– યુરોપમાં પ્રવેશ્યું. આ જ્ઞાન જોડે તે વિશેના અરબી ગ્રંથો પણ ત્યાં પ્રવેશ્યા. આમાંના 'કિતાબ–અલ–જબ્ર–વ–અલ–મુકાબલહ'નો પ્રભાવ એટલો પ્રબળ હતો કે પછી એ વિદ્યા એ ગ્રંથને નામે જ ઓળખાતી થઇ. જે વ્યવહારમાં – ઇટાલિયન તથા લેટિન ભાષાઓમાં વપરાતા એના સંક્ષિપ્તરૂપ 'અલ–જબ્ર' પરથી 'એલજિબ્રા' નામે જાણીતી થઇ. અંગ્રેજીમાં પણ આ નામ (ઇ.સ. ૧૫૫૧માં) અપનાવાયું. ઉર્દૂમાં તો આજે પણ આ વિદ્યા, એના મૂળ નામને અનુસરીને 'જબ્રોમુકાબલહ' નામે ઓળખાય છે.

એક નોંધવા જેવી રસપ્રદ વાત પણ છે. 'જબ્ર' શબ્દના આપણે આ પહેલાં નોંધ્યા તે અર્થોમાં, એક ઉમેરવા જેવો અર્થ છે. 'હાડકું બેસાડવું' ! તૂટેલાં કે ખડી ગયેલાં હાડકાં ફરી યોગ્ય રીતે – મૂળની જેમ – બેસાડી લેવાના કાર્ય માટે પણ આ ક્રિયાપદ વપરાતું; આ પરથી 'હાડકું બેસાડવાની વિદ્યા' – એટલે કે 'હાડવૈદું' એવા અર્થમાં પણ આ શબ્દ ઇટલીમાં વપરાતો. પછી તો એ અંગ્રેજીમાં પણ પ્રવેશ્યો ને એક જમાનામાં અંગ્રેજીમાં પણ એ હાડવૈદના અર્થમાં પ્રચલિત હતો, એવી યે નોંધ મળે છે. 'એલજિબ્રા' શબ્દના અર્થોમાંથી નિપજેલી આ પણ એક આડપેદાશ જ છે ને !

આમ ૧૬–૧૭મી સદીમાં ખૂબજ ઝડપી વિકાસ પામેલી આ વિદ્યા હવે તો ગણિતશાસ્ત્રનું એક અત્યંત મહત્ત્વનું અંગ બની ગઇ છે.

પણ પરિસ્થિતિ હવે એવી થઇ છે કે આપણે ત્યાં વ્યવસ્થિત થઇ, વિકાસ માર્ગે વળેલી આ વિદ્યાના અવનવા ઉન્મેષો માટે આપણે પશ્ચિમ તરફ નજર રાખવી પડે છે.

આ વિદ્યા હવે વધુ વિકાસોન્મુખ પશ્ચિમમાં છે એ ખરું; પણ એના 'એલજિબ્રા' નામે એના ત્યાંના મૂળ સ્રોતનું અરબીરૂપ જાળવી રાખ્યું છે. એમાં યે એક વાત ઉમેરીએ ? એક નોંધ પ્રમાણે અરબીએ પણ એનું આ નામ, એના પાયાના અર્થ પરથી યોજ્યું છે; બાકી એક વખત ત્યાં પણ આ વિદ્યા એના મૂળ સ્રોત પરથી 'હિન્દ સા' નામે ઓળખાતી હતી.

○ ○ ○

## સાભાર સ્વીકાર

□ **તાઓ દર્શન** લે. ડૉ. રમણલાલ ચી. શાહ * પૃષ્ઠ – ૮૧ * મૂલ્ય રૂા.૧૮–૦૦ * પ્રકાશક : સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર – ૩૮૮૧૨૦.

□ **જો જાગત હૈ સો પાવત હૈ** લે. મુનિ શ્રી રત્નસુંદરવિજયજી * પૃષ્ઠ – ૧૩૫ * મૂલ્ય રૂા. ૨૮/– * પ્રકાશક : રત્નત્રયી ટ્રસ્ટ C/o શ્રી કલ્પેશ વી. શાહ, ૩૯, હસમુખ કોલોની, વિજયનગર રોડ, નારણપુરા, અમદાવાદ – ૩૮૦૦૧૩.

□ **આત્મજ્ઞાન અને સાધનાપથ** લે. મુનિ શ્રી અમરેન્દ્રવિજયજી * પૃષ્ઠ – ૩૨૮ * મુલ્ય રૂા. ૯૦/– * પ્રકાશક : જ્ઞાનજ્યોત ફાઉન્ડેશન, C/o શ્રી રતિલાલ સાવલા, શેઠના હાઉસ, ૧૩, લેબર્નન રોડ, ગામદેવી, મુંબઇ – ૪૦૦ ૦૦૭.

□ **મૃત્યુની મંગળ પળે** સંપાદક : મુનિ શ્રી કીર્તિયશવિજયજી * પ્રકાશક : શ્રી કીર્તિલાલ જેવતલાલ શાહ – અમદાવાદ

□ **ભવ અનંતમાં દરિશન દીઠ** લે. આ. શ્રી વિજય ભુવનભાનુસૂરિજી * પૃષ્ઠ – ૧૪૪ * મૂલ્ય રૂા. ૧૦–૦૦ * પ્રકાશક : દિવ્યદર્શન ટ્રસ્ટ, ૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા–૩૮૭૮૧૦.

અથવા મોક્ષપ્રાપ્ત શુભવ્યવહારને યોગ કહેવામાં આવે છે.

આ યોગબીજમાં સૌથી પ્રથમ અને સૌથી પરમ એવું યોગબીજ શ્રી જિનેશ્વરની ભક્તિ છે. આ ભક્તિ કોઇ પણ લૌકિક ભાવથી નહિ પરંતુ શુદ્ધ ભાવથી થવી જોઇએ. કોઇપણ મકાનનું ચણતર પાયા વિના થાય નહિ, તેમ ભક્તિમાં પણ પ્રથમ ભૂમિકા બંધાયા વિના પ્રભુસેવાનો મહાપ્રસાદ મળે નહિ. આ મહાપ્રસાદ પામવા માટે પ્રથમ તો ત્રણ દોષ ટાળવાનાં છે, જેવાં કે ભય, દ્વેષ ને ખેદ.

ભય ચંચળતા હો જે પરિણામની રે, દ્વેષ અરોચક ભાવ
ખેદ પ્રવૃત્તિ કરતાં થાકીએ રે, દોષ અબોધ લખાવ....

જે ભયનાં પરિણામરૂપ ચંચળતા, અસ્થિરપણુ, કંપાયમાનપણું આવે ત્યારે ચિત્ત ચંચળ બને છે. તેથી પ્રભુની ભક્તિ કરનારે ચિત્ત ચંચળતાના કારણ છોડી પરમ અભયદાનદાતા પ્રભુનો આશ્રય લઇ અભય પ્રાપ્ત કરવું જોઇએ. તેવી જ રીતે કોઇ પણ પ્રવૃત્તિ કરતાં થાક લાગે તે ખેદ, અને અરૂચિ થાય, અણગમો આવે તેનું નામ દ્વેષ. આ ત્રણેય સાથે ભક્તિ કરતાં તે ક્રિયા, જડક્રિયા– લૌકિક ક્રિયા થઇ જાય છે. અંતરનો ઉલ્લાસ આવતો નથી.

પ્રથમ તો આપણે વિચારવાનું કે ચિત્ત ચંચલતાનાં, ભયનાં મુખ્ય કારણ શું ? શાસ્ત્રોમાં કહ્યું છે કે દશ સંજ્ઞાઓને કારણે ભય ઉત્પન્ન થાય છે. આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહ સંજ્ઞા, ક્રોધ, માન, માયા, લોભ; ઓઘ સંજ્ઞા અને લોકસંજ્ઞા.

ભક્તિ કરતી વખતે આ દશ પ્રકારની સંજ્ઞાને નિરોધવામાં આવે તો જ સંશુદ્ધ ભક્તિ થઇ ગણાય. તો જ ભક્તિકાર્યમાં પ્રથમ ભૂમિકારૂપ અભયની પ્રાપ્તિ થાય. ઉપરાંત ઇહલોકભય, પરલોકભય, આદાનભય, અકસ્માત ભય, આજીવિકા ભય, મૃત્યુભય, અપયશ ભય. એમ સાત પ્રકારના મહાભય પણ ચિત્તની ચંચલતાના કારણરૂપ છે. આ સર્વભય છોડીને અભય થઇને ભક્તિ કરવી જોઇએ.

દ્વેષ એટલે અરોચક ભાવ, જો રુચિપૂર્વક પ્રભુસેવા કરવામાં ન આવે તો મનનો ઉલ્લાસભાવ નથી આવતો. જેમ તેમ પતાવી દેવાનો ભાવ હોય છે, કે ધર્મીપણાનો ખોટો દેખાવ કરવા જે ક્રિયા કરવામાં આવે તેને દ્વેષ અરોચક ભાવ કહ્યો છે. આ અરોચક ભાવ છોડીને ભક્તિ કરવા માટે આનંદઘનજી આપણને ત્રીજા સ્તવનમાં માર્ગદર્શન આપે છે.

ત્રીજું વિશેષણ છે અખેદ. શુભ પ્રવૃત્તિઓનો થાક ન લાગે, પ્રભુભક્તિમાં થાકવું તે જેમ ખેદ છે તેમ પરમાર્થ વ્યવહારની પ્રવૃત્તિ કરતાં, ધર્મમોક્ષનો પુરુષાર્થ કરતાં થાકવું એ પણ એક પ્રકારનો ખેદ છે. તેથી જ આ ત્રણે પ્રકારનાં દોષને ટાળીને, ભક્તિ કરતાં આત્માનાં ગુણોનો આવિષ્કાર થાય છે. અને પ્રભુની નિકટ વધારે જવાય છે. જ્યારે જીવમાં યથાપ્રકારની ભવ્યતા પાકે, યોગ્યતા પરિપકવ થાય ત્યારે મિથ્યાત્વરૂપી વિષની કડવાશ દૂર થાય અને સંવેગરૂપ માધુર્યની મીઠાશની સિદ્ધિ સાંપડે છે. અને ત્યારે સંસારમાં રખડવાનો છેડો આવી પહોંચે છે. તેની દૃષ્ટિ પ્રત્યેક સદ્ગુરુને ઓળખી લે છે, કુગુરુઓના ફંદ ને સ્વચ્છંદ છોડી દે છે. પ્રત્યક્ષ સદ્ગુરુનાં પ્રવચન પર શ્રદ્ધા બેસે છે અને ચાવીરૂપ ભેદજ્ઞાન પ્રાપ્ત કરવાનો માર્ગ મળે છે; દૃષ્ટિ ખુલે છે.

ચરમાવર્ત હો ચરમ કરણ તથા રે, ભવ પરિણતિ પરિપાક
દોષ ટળે વળી દૃષ્ટિ ખુલે ભલી રે, પ્રાપ્તિ પ્રવચન પાક.

જ્યારે આ દૃષ્ટિ ખૂલે છે ત્યારે યથાર્થ સ્વરૂપનું દર્શન કરવાની તાલાવેલી લાગે છે.

ચોથા સ્તવનમાં 'દર્શન' શબ્દ શુદ્ધ શ્રદ્ધાનાં અર્થમાં વપરાયો છે. એટલે કે જે વસ્તુ જેવી હોય તેવી તેને સમજવી તે છે. તત્ત્વાર્થ શ્રદ્ધાને ' દર્શન' કહેવામાં આવે છે. એ આત્માનો ગુણ છે અને તેનો ઘાત કરનાર કર્મનું નામ દર્શનમોહનીય છે. આ કર્મને કારણે આત્માને વસ્તુનો સાચો બોધ થતો નથી. દર્શનમોહનીય કર્મ ઉપર વિજય મળે તો સમ્યગ-દર્શન થાય છે. આ સમ્યગ-દર્શનની પ્રાપ્તિ ઘણી દુર્લભ છે તેથી જીવની સંસારની રખડપટ્ટી ચાલુ છે. આ સાચું દર્શન કરવા માટે મનશુદ્ધિ, વચનશુદ્ધિ અને કાયશુદ્ધિની ખાસ જરૂરિયાત છે. મનમાં શુદ્ધ વિચાર કરવા, મનોવિકાર ઉપર કાબુ રાખવો એ મનશુદ્ધિ...

સત્ય – પ્રિય – હિત – મિત અને પથ્ય વચન બોલવું એ વચન શુદ્ધિ....

શરીર ઉપર અંકુશ રાખવો, તેની પાસેથી કામ લેવું અને તેને ભાડું આપવું એ કાર્યશુદ્ધિ....

મન, વચન ને કાયશુદ્ધિ પર જ યોગપ્રગતિનો આધાર છે. આમ આત્મદર્શન કરવું, ચેતનને તેનાં મૂળસ્વરૂપે જોવો એ કામ ઘણું વિષમ છે. ભિન્ન ભિન્ન દર્શનાર્થીઓ પોતાનાં મતે તે આપણને સમજાવશે. પરંતુ વીતરાગ પરમાત્મા અનેકાંતથી આ દર્શન સમજાવશે. દર્શનપ્રાપ્તિ માટે છ સ્થાનો શાસ્ત્રમાં બતાવ્યાં છે.

(૧) જીવ છે એમ ચોક્કસ માનવું.
(૨) જીવ શાશ્વત છે, એનો કદી નાશ થવાનો નથી એમ માનવું.
(૩) પુણ્ય – પાપનો કર્તા જીવ છે એવી સ્પષ્ટ માન્યતા રાખવી.
(૪) અને કરેલ કર્મનો ભોકતા તે પણ જીવ છે એવી ચોખ્ખી માન્યતા રાખવી.
(૫) યોગ્ય રીતે પુરુષાર્થ કરતાં એ જીવની મુક્તિ છે એવી નિશ્ચલ માન્યતા રાખવી.
(૬) અને એની મુક્તિ માટેના ઉપાય છે એવી માન્યતા રાખવી.

દર્શન વિષેની જ્ઞાનપૂર્વકની સમજણ પ્રાપ્ત કર્યા વિના 'દર્શન' 'દર્શન' ની બૂમો પાડયાં કરીએ તો આનંદઘનજી કહે છે તેમ જ થાય કે :-

દરિસણ દરિસણ રટતો જો ફિરું, તો રણરોઝ સમાન;
જેહને પિપાસા હો અમૃતમાનની, કિમ ભાંજે વિષપાન.

આત્મદર્શનની તાલાવેલી સાથે જ આત્માની ઓળખાણ કરવાની દરેક સાધકને બહુ જરૂરી છે.

આત્મા તો શુદ્ધ-બુદ્ધ-ચૈતન્યઘન છે. પરંતુ કર્મોના વિપાકને કારણે બહિરાત્મા – અંતરાત્મા અને પરમાત્માનાં ભેદરૂપ દેખાય છે. એમ આનંદઘનજી કહે છે –

ત્રિવિધ સકલ તનુધરગત આત્મા, બહિરાતમ ધુરિ ભેદ,
બીજો અંતર આતમાં તીસરો, પરમાતમ અવિચ્છેદ સુજ્ઞાની,

કસ્તુરી મૃગ પોતાની સુગંધને બહાર શોધતો ફરે છે તે પ્રમાણે જે જીવ પોતાનામાંથી નીકળતાં પોતાનાં સુખને બહાર શોધતો ફરે છે અને પુદ્ગલમાં સુખબુદ્ધિ ને ભોગવૃત્તિ સ્થાપીને એમાંથી સુખ મળે છે એવી ભ્રાંતિમાં જે રાચે છે તે જીવબહિરાત્મા છે.

' આતમબુદ્ધે કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ અઘરૂપ સુજ્ઞાની '

સુમતિનાથ ભગવાનની આ કડી દ્વારાં આનંદઘનજી મહારાજે કહ્યું છે કે આવા બહિર્મુખી જીવો પુદ્ગલાભિનંદી એટલે કે ભૌતિકવાદી કહેવાય છે. તેઓ કેવળ દેહભાવથી જીવનારા, દેહાધ્યાસમાં જ રાચનારાં છે તથા મનથી શરીરને જ જોનારાં અને તેને સર્વસ્વ માનનારાં હોય છે.

આ મોહ અને અજ્ઞાનવશ આત્માનું દેહ પ્રત્યેનું મારાપણું તે જ બહિરાત્મપણું છે અને તેજ સંસાર ઊભો કરે છે. સરતિ ઇતિ સંસાર. એક વસ્તુ ઉપરથી બીજી વસ્તુ પર, એક વ્યક્તિથી બીજી વ્યક્તિ પર અને એક ઇચ્છામાંથી બીજી ઇચ્છામાં, એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં અને એક ભવમાંથી બીજાં ભવમાં જીવ સર્યા કરે છે એમ વારંવાર સર્યા કરે છે તેથી તેને સંસાર કહે છે. એમાં આત્મા, મન અને શરીરનું એકક્ષેત્રીય એકીકરણ છે. તેમાં કર્મના ઉદયની આધીનતા છે. એવા જીવો પરમાત્માથી પણ વિરુદ્ધ છે અને પોતાનાં સ્વરૂપથી પણ વિમુખ છે અને આધિ-વ્યાધિ ઉપાધિનાં ત્રિવિધ તાપથી ગ્રસ્ત છે.

આવા પુદ્ગલાભિનંદી ભૌતિકવાદી જીવ જયારે સુખ દુઃખના ચકરાવાથી થાકે છે. સુખ મેળવવા જતાં દુઃખી થાય છે ત્યારે આંતરખોજ કરે છે અથવા તો કોઇ સંતના સમાગમમાં આવે છે ત્યારે કે પછી અધ્યાત્મગ્રંથના વાચનથી પોતાની ઝાંઝવાનાં જળ મૃગજળ પાછળની પરિણામવિહીન દોટને પીછાને છે, ત્યારે અંતરમુખ થાય છે, આંતરનિરીક્ષણ કરે છે અને આંતરદોષોને જોતો થાય છે. પોતાના સ્વરૂપનું ત્યારે એને ભાન થાય છે અને બહિરાત્મપણામાંથી અંતરાત્મપણા તરફ વળે છે. આ બહિરાત્મપણાનું અંતરાત્મપણામાં રૂપાંતર કરવું તે સત્યાગ્રહ છે. એ દુર્જનમાંથી જન બને છે અને જનમાંથી સજ્જન બને છે, આગળ વધે છે. સાધુ થાય છે, સંત-મુનિ-મહાત્મા ધર્માત્મા બને છે એથીય આગળ વિકાસ સાધતો નિર્ગ્રંથ, જીતેન્દ્રિય, અણગાર થઇ અંતે પોતાના પરમ આત્મસ્વરૂપનું પ્રાગટીકરણ કરી પરમાત્મા બની કૃતકૃત્ય થાય છે

આમ આપણો આત્મા આ વર્તમાન મનુષ્ય દેહથી જ પરમાત્મ પદ પ્રાપ્ત કરવાનો દૃઢ નિશ્ચય કરે અને પુણ્યનાં ઉદયને પોતાનો જ માનવારૂપ ભ્રમ ટળી જાય તો આપણો આત્મા પરમાત્મપદ પ્રાપ્ત કરે છે તેમ આનંદઘનજી કહે છે.

આતમ અર્પણ વસ્તુ વિચારતાં, પરમ ટળે મતિદોષ – સુજ્ઞાની
પરમ પદારથ સંપત્તિ સંપજે, 'આનંદઘન' રસપોષ–સુજ્ઞાની...

આ પરમાત્મપદની પ્રાપ્તિ ત્યારે જ થાય જ્યારે આત્માને ચોંટેલા કર્મના પડળોનો નાશ થાય. આનંદઘનજીએ પદ્મપ્રભુનાં સ્તવનમાં કર્મનો સંબંધ આત્મા જોડે કેમ બંધાય છે ? અને તેનું પરિણામ શું છે ? એ આંતરો કેમ છૂટે ? એ સર્વ બાબતોની વિચારણા કરી છે.

કર્મનાં મૂળભેદો બે છે ઘાતી અને અઘાતી. કર્મ લાગવાનાં કારણરૂપે મિથ્યાત્વ – અવિરતિ – કષાય અને યોગ છે. અને જ્યારે કર્મબંધન થાય છે ત્યારે પ્રકૃત્તિ, સ્થિતિ, રસ અને પ્રદેશ – એ બંધન વખતે જ મુકરર થાય છે.

કર્મની મૂળ પ્રકૃતિ આઠ પ્રકારે છે.

(૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય (૩) વેદનીય (૪) મોહનીય (૫) નામ (૬) ગોત્ર (૭) આયુષ્ય (૮) અંતરાય.

આ કર્મનાં બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા ક્યારે થાય છે અને કેમ થાય છે તે સ્વતંત્ર અભ્યાસ કરવા યોગ્ય છે. અને તે સમજાય પછી જ કર્મનો સર્વથા છેદ થાય તે સાધક સમજે તો એ પ્રમાણે સાધના કરતાં પ્રભુ સાથેનું આપણું અંતર ઓછું થતું જાય.

કારણ જોગે હો બાંધે બંધને રે, કારણ મુગતિ મુકાય,
આશ્રવ – સંવર નામ અનુક્રમે રે, હેય – ઉપાદેય સુણાય.

મનુષ્ય યોનિમાં જ પ્રભુ સાથેનાં અંતર ઘટવાનાં ઉપાદેય કારણો મળી શકે છે. જે કારણો સૂક્ષ્મ નિગોદમાં કે બાદર નિગોદમાં કે પૃથ્વી, પાણી, અગ્નિ કે વાયુકાયમાં નથી મળ્યાં કે નથી મળ્યાં દેવયોનિ કે નરકયોનિમાં. કવિએ કહ્યું છે કે –

અવતાર માનવીનો ફરીને નહિ મળે,
અવસર તરી જવાનો ફરીને નહિ મળે.

આ મળેલા અવસરનો સદુપયોગ ત્યારે જ થાય કે જ્યારે આપણે આનંદઘનજીએ દર્શાવી છે એ પ્રમાણે વિશ્વાસપૂર્વક પૂજા કરીએ.

દ્રવ્ય ભાવ શુચિ ભાવ ધરીને, હરખે દેરે જઇએ રે ;
દહ તિગ પણ અહિગમ સાચવતાં, એકમનાં ધુરિ થઇએ રે....

દ્રવ્યથી પવિત્ર થઇને એટલે સ્નાન કરીને, શુદ્ધ વસ્ત્ર પહેરી, ભાવથી એટલે કે મનની ઇચ્છાપૂર્વક, હર્ષપૂર્વક દેરાસરે જવાનું. ગ્રંથોમાં જેમ કહ્યું છે તેમ દશ ત્રિક અને પાંચ અધિગમ જાળવીને પૂજા કરવી.

દશ ત્રિક એટલે શું ?

(૧) પ્રથમ ત્રણ વખત નિસિહિ કહેવું (૨) ત્રણ પ્રદક્ષિણા કરવી. (૩) ત્રણ ખમાસણાં આપવાં (૪) ભગવાનની અંગ પૂજા, અગ્ર પૂજા અને ભાવપૂજા કરવી (૫) પીડસ્થ, પદસ્થ, રૂપાતીત ધ્યાન ધરવું (૬) ત્રણ દિશાએ ન જોવું (૭) ત્રણ વાર ભૂમિપદ પૂજવાં (૮) ચૈતવંદન કરતાં ધીમે ધીમે ભાવપૂર્વક અને સ્પષ્ટ ઉચ્ચારથી બોલવું. (૯) શરીરને અનુકૂળ આવે એવી મુદ્રામાં બેસવું અને (૧૦) નવકાર મંત્રની માળા કરવી અને કાઉસ્સગ કરવો.

પ્રથમ નિસિહિ દેરાસરમાં દાખલ થતી વખતે કુટુંબ, ધંધા સંબંધી કે વ્યાપાર સંબંધી વિચાર નહિ કરવો તે છે. બીજી નિસિહિ પૂજા માટેની સામગ્રીનાં વિચારનો ત્યાગ કરવો તે છે. પ્રભુની પૂજા કર્યા પછી છેવટે ચૈત્યવંદન કરવામાં આવે તેની પહેલાં ત્રીજી નિસિહિ કહેવી. આમ દેરાસરમાં પેસતી વખતે પ્રથમ, દેરાસરનાં અગ્રદ્વારે બીજી અને ચૈત્યવંદન કરતી વખતે ત્રીજી નિસિહિ બોલવી એટલે કે ઉપરની દ્રવ્યપૂજાનો નિષેધ કરીને ભાવપૂજા કરું છું એમ બોલવું.

ત્રણ નિસિહિ પૂરી થાય પછી ત્રણ પ્રદક્ષિણા કરવાની છે. સમ્યગદર્શન – જ્ઞાન અને ચારિત્રની પ્રદક્ષિણા કરવાની એટલે કે પૂજ્ય ભગવંતને જમણી બાજુએ રાખી તેને ફરતાં ત્રણ ફેરા મારવા.

અંગપૂજા, અગ્રપૂજા અને ભાવપૂજા, જળ, ચંદન અને પુષ્પ (ફુલ) ને અંગપૂજા કહેવામાં આવે છે. ધૂપ, દીપક, અક્ષત ફળ, નૈવેદ્યથી બહાર ઊભા રહીને પૂજા કરવામાં આવે તેને અગ્રપૂજા કહેવામાં આવે છે. ભાવપૂજામાં સ્તવન ગાઇને, મનને એકાગ્ર કરીને પરમાત્મપદનું ધ્યાન કરવું તે છે.

પિંડસ્થ – અવસ્થા એટલે પ્રભુની છદ્મસ્થ અવસ્થા. પદસ્થ – અવસ્થા એટલે ભગવંતની સર્વજ્ઞ–સર્વદર્શી થાય પછીની અવસ્થા.

રૂપાતીત એટલે ભગવંત સર્વ કર્મથી મુક્ત થઇને સિદ્ધ થાય તે દશા. આમ પિંડસ્થ – પદસ્થ ને રૂપાતીત એ ત્રણ અવસ્થાનું અવસ્થા ત્રિક થાય.

પ્રભુને વંદના કરતી વખતે અને ચૈત્યવંદન કરતી વખતે ત્રણ વખત ભૂમિશુદ્ધિ કરવી જોઇએ.

ચૈત્યવંદન વખતે ઉચ્ચારની શુદ્ધિ, અર્થની ચિંતવના અને ભાવશુદ્ધિ હોવી જોઇએ.

હાથની દશે આંગળીઓને માંહોમાંહે આંતરી કમળના ડોડા પેઠે બન્ને હાથ રાખી બંને હાથની કોણીઓ પેટ પર સ્થાપવાથી યોગમુદ્રા થાય છે.

પગનાં બે આંગળના ભાગમાં ચાર આંગળનું અંતર રાખવું અને તેથી કંઇક ન્યૂન અંતર પાછળનાં ભાગમાં રાખીને ઊભા રહેવું તે બીજી જીનમુદ્રા. હાથની આંગળીઓને આંતર્યા વગર બન્ને હાથ પહોળા રાખી લલાટ સ્થળે સ્થાપવા તેને ત્રીજી મુક્તાશુક્તિ મુદ્રા કહેવાય. આ રીતે યોગમુદ્રા, જિનમુદ્રા, અને મુક્તશુક્તિમુદ્રા એમ નવમું મુદ્રાત્રિક થાય છે.

' જાવંત ચેઇઆઇ, ' જાવંતી કેવિ સાહુ ' અને ' જય વિયરાય' આ ત્રણે પ્રણિધાનત્રિકના નામથી ઓળખાય છે. અથવા મન, વચન, કાયાના યોગને એકાગ્ર કરવા, તે રૂપ પણ પ્રણિધાનત્રિક કહેવાય છે.

પાંચ અધિગમ કોને કહેવાય ?

દેવગુરુ પાસે જઇએ ત્યારે પાંચ મર્યાદાઓ એટલે કે પાંચ અધિગમ સાચવવાનું કહેવામાં આવ્યું છે:

(૧) દેવગુરુ પાસે જતાં સર્વ સચેત વસ્તુ અંદર લઇ ન જવી અને આપણાં નિમિત્તે રાખેલા ખાનપાન અથવા સચેત વસ્તુ પણ અંદર લઇ ન જવી.

(૨) વસ્ત્ર, અલંકાર પ્રમુખ અચિત્ત વસ્તુઓ સાથે રાખી શકાય.

(૩) મનમાં કશો વિક્ષેપ, સંકલ્પ વિકલ્પ ન રાખતાં જે કંઇ મનમાં સંકલ્પવિકલ્પ થતાં હોય તેને શમાવી દઇ એકાગ્ર ચિત્તે દેવગુરુ પાસે અંદર પ્રવેશ કરવો.

(૪) એક અખંડ વસ્ત્રનું ઉત્તરાંગ કરવું, જેને જનોઇની પેઠે રાખી, વંદન કરતી વખતે તેનાં છેડા વડે ત્રણ વાર ભૂમિનું પ્રમાર્જન કરવું, તેમજ તે ઉત્તરાંગને પૂજા કે સ્તુતિ કરતી વખતે મુખ આગળ ધરી રાખવું

(૫) ગમે તેટલે દૂરથી પ્રભુ દૃષ્ટિએ પડે કે તરત જ બે હાથ જોડી, મસ્તક નમાવવારૂપ અંજલિબદ્ધ નમસ્કાર કરવો.

આ પાંચ પ્રકારનાં અધિગમ સર્વને માટે છે. એ પાંચે અધિગમ અગ્રદ્વારે પેસતાં જ કરવાનાં છે.

હવે આ પૂજાનાં ક્યાં પ્રકારો છે ?

કુસુમ, અક્ષત, વર વાસ સુગંધી, ધૂપ દીપ મન સાખી રે.
અંગ પૂજા પણ ભેદ સુણી ઇમ, ગુરુમુખ આગમ ભાખી રે.

કુસુમ, સુગંધી, વાસક્ષેપ, ન્હવણ, કેસર આદિ અંગપૂજા કહેવાય છે. તે પૂજા વખતે ભગવાનના અંગનો સ્પર્શ થાય છે.

દશાંગ ધૂપ–દીવો, અક્ષતથી થતી પૂજાને અગ્રપૂજા કહે છે. આ પૂજા ગભારાની બહાર ઊભાં રહીને કરી શકાય છે.

અષ્ટ પ્રકારી પૂજામાં ફૂલ, અક્ષત, સુંદર ધૂપ, ગંધ–કેસર, કસ્તુરી, સુખડ આદિ. સુવાસવામાં પદાર્થો, દીપક–દીવો, નૈવેદ્ય, ફળ અને જળનો ઉપયોગ કરવામાં આવે છે. આવી અષ્ટ પ્રકારી પૂજા ભાવપૂર્વક કરવાથી ભવ્ય પ્રાણી શુભગતિ પ્રાપ્ત કરે છે.

આ દ્રવ્યપૂજા તે ભાવપૂજાનું નિમિત્ત છે. ભાવપૂજા ઉત્તમ પ્રકારે થાય તે આશયને જ બરોબર લક્ષમાં રાખવું. દ્રવ્યપૂજાનો આશય ભાવપૂજાનાં અધિકારી બનવા માટે છે. આ પ્રકારની પૂજાથી બે પ્રકારે ફળ મળે છે. (૧) અનંતર (૨) પરંપર.

અનંતર ફળમાં પ્રભુની આજ્ઞાનું પાલન કરવું અને તેનાથી ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થાય તે છે.

પરંપર ફળમાં મુક્તિ, સારી ગતિ અથવા દેવગતિ મળે છે આ પ્રકારના પૂજાના ફળ બતાવવાનો આશય સાધકમાં પૂજા કરવાનાં ભાવ જાગે તે માટે છે, પરંતુ ફળની અપેક્ષાએ પૂજા કરવામાં આવે તો તે પૂજા નિષ્ફળ જાય છે. આ માટે સાધકે સદાય જાગૃત રહેવું.

**( અનુસંધાન પૃષ્ઠ – ૨૧ પર જુઓ )**

# સામાયિક

□ રમણલાલ ચી. શાહ

'સામાયિક' શબ્દ જૈન ધર્મનો એક અત્યંત મહત્વનો, વિશિષ્ટ કોટિનો ગહનગંભીર પારિભાષિક શબ્દ છે.

તત્ત્વદર્શનની દૃષ્ટિએ 'સામાયિક'ના સ્વરૂપમાં જૈન ધર્મનું ઉચ્ચતમ તત્ત્વદર્શન સમાયેલું છે અને સ્થૂલ ક્રિયાવિધિની દૃષ્ટિએ 'સામાયિક' જૈન ધર્મનું એક ઉત્તમોત્તમ આધ્યાત્મિક અનુષ્ઠાન છે.

'સામાયિક એટલે આત્મા' એવી સામાયિકની શ્રેષ્ઠતમ વ્યાખ્યા કરવામાં આવી છે અને 'સામાયિક' એટલે સાધકે રોજેરોજ કરવાનું પરમ આવશ્યક કર્તવ્ય છે એમ કહેવાયું છે.

મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયો જીવને સંસારમાં અનંત પરિભ્રમણ કરાવે છે. પરિભ્રમણ કરતા જીવનું અંતિમ લક્ષ્યસ્થાન મોક્ષગતિ છે. એની પ્રાપ્તિ જ્યાં સુધી નથી થતી ત્યાં સુધી ભવચક્રમાં એ ભટક્યા કરે છે. મોક્ષપ્રાપ્તિ અર્થાત ભવચક્રમાંથી મુક્તિ કેવી રીતે થાય ?'તત્વાર્થસૂત્ર'માં વાચક ઉમાસ્વાતિએ કહ્યું છે : सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ।

(સમ્યગ દર્શન, સમ્યગ જ્ઞાન અને સમ્યક ચારિત્ર એ મોક્ષમાર્ગ છે.) માર્ગ શબ્દ એમણે એક વચનમાં પ્રયોજ્યો છે. એનો અર્થ એ થયો કે માત્ર સમ્યગદર્શનથી કે માત્ર સમ્યગજ્ઞાનથી કે માત્ર સમ્યક ચારિત્રથી નહિ પણ એ ત્રણે સાથે મળીને જ મોક્ષમાર્ગની પ્રાપ્તિ કરાવી શકે. આ રત્નત્રયીની આરાધના કરતાં કરતાં જીવ રાગદ્વેષમાંથી, કષાયોમાંથી મુક્તિ મેળવી શકે છે, જે કેવળજ્ઞાન પ્રગટ થવામાં અને નિર્વાણ અથવા સિદ્ધદશા પ્રાપ્ત થવામાં સહાયભૂત થઇ શકે છે. રાગદ્વેષની મુક્તિ માટે સમત્વની સાધના અનિવાર્ય છે. સંસારના સર્વ જીવો પ્રત્યે આત્મવત તુલ્યતાના ભાવ માટે, વિભિન્ન વિષમ પરિસ્થિતિમાં રાગદ્વેષથી રહિત થવા માટે સમત્વની સાધના જરૂરી છે. સમત્વની સાધના માટે 'સામાયિક' અમોઘ સાધન છે. એટલા માટે જ સામાયિક જીવને પરંપરાએ મોક્ષગતિ પ્રાપ્ત કરાવવાનું સામર્થ્ય ધરાવે છે.

જૈન ધર્મમાં પ્રાથમિક કક્ષાના બાળજીવોથી માંડીને પરમ સાધકો સુધી સર્વને માટે તરતમતાની અપેક્ષાએ સામાયિકના સ્વરૂપની વિભિન્ન કોટિ દર્શાવવામાં આવી છે. આત્મસ્વરૂપ અથવા આત્મદર્શનના સ્વરૂપથી માંડીને બે ઘડીની દ્રવ્યક્રિયા માટે 'સામાયિક' શબ્દ પ્રયોજ્યો છે.

'સામાયિક' શબ્દ 'સમ' ઉપરથી બનેલો છે. 'સમ' એટલે 'આત્મા'; 'સમ' એટલે 'સરખાપણુ' ; 'સમ' એટલે સર્વ જીવો પ્રત્યે મૈત્રી.

સંસ્કૃત 'આય' શબ્દનો અર્થ થાય છે 'લાભ', સમ+આય= સમાય = સમનો લાભ. 'સમાય'ને ઇક પ્રત્યય લાગતાં પ્રથમ વર્ણ 'સ'માં રહેલો સ્વર (અ) દીર્ઘ (આ) થાય છે. સમ+આય+ઇક= સામાયિક એટલે કે જેમાં 'સમનો લાભ થાય છે તે.' (સમય એટલે કાળ. સમય+ઇક = સામયિક, જે અમુક સમયે થાય છે તે. સાપ્તાહિકો, માસિકો વગેરે માટે વપરાતો શબ્દ તે 'સામયિક' છે. કેટલાક લોકોને 'સામાયિક' અને 'સામયિક' એ બંને શબ્દો જુદા જુદા છે અને બંનેના અર્થ અને ઉચ્ચાર જુદા છે તેની ખબર નથી હોતી.) આમ 'સામાયિક' શબ્દ જૈન ધર્મમાં વિશિષ્ટ પારિભાષિક અર્થમાં વપરાયો છે અને બહુ પ્રાચીન કાળથી રૂઢ થયેલો છે. વળી સામાયિકના સમાનાર્થ શબ્દો પણ શાસ્ત્રગ્રંથોમાં પ્રયોજાયેલો છે.

આવશ્યક નિર્યુક્તિમાં સામાયિક શબ્દના પર્યાય તરીકે 'સમતા', 'સમ્યક્ત્વ', 'શાંતિ', 'સુવિહિત' જેવા શબ્દો આપવામાં આવ્યા છે. એ ઉપરથી 'સામાયિક' શબ્દ કેટલા વ્યાપક, ઉચ્ચ અને ગહન અર્થમાં વપરાયો છે તે જોઇ શકાય છે.

વળી 'આવશ્યક નિર્યુક્તિ'માં કહ્યું છે કે સામાયિકના 'સમ' શબ્દના 'સામ' અને 'સામ્ય' એવા પર્યાયો પણ થાય છે. જુઓ :

सामं समं च सम्मं इग मिइ सामाइअस्स एगट्ठा ।
महुर परिणाम सामं, समं तुला, सम्म खीरखंड जुइ ।।

(સામ, સમ અને સમ્મ એ સામાયિકના અર્થ છે મધુર પરિણામ તે 'સામ'; તુલા (ત્રાજવાં) જેવું પરિણામ તે 'સમ' અને ખીર તથા ખાંડ એકરૂપ બની જાય તેવું પરિણામ તે 'સમ્મ'. )

સામાયિકની નીચે પ્રમાણે જુદી જુદી વ્યાખ્યાઓ શાસ્ત્રકારોએ આપી છે :

(૧) समो - रागद्वेषयोरपान्तरालवर्ती मध्यस्थः
इण गतौ, अयनं अयो गमनमित्यर्थः,
समस्य अयः समायः – समीभूतस्य
सतो मोक्षध्वनि प्रवृतिः समाय एव सामायिकम्

'સામાયિક'ની ઉપર મુજબ વ્યાખ્યા આપતાં શ્રી મલયગિરિએ 'આવશ્યકવૃત્તિ'માં કહ્યું છે કે રાગદ્વેષમાં મધ્યસ્થ રહેવું એનું નામ 'સમ' . સમ નો લાભ થાય એવી મોક્ષાભિમુખી પ્રવૃત્તિ એનું નામ 'સામાયિક'

(૨) સમ નો અર્થ 'શમ', ઉપશમ કરવામાં પણ આવે છે. શ્રી હેમચંદ્રચાર્યે 'યોગશાસ્ત્ર' ઉપરની સ્વોપજ્ઞ વૃત્તિમાં કહ્યું છે :

रागद्वेष निर्मुक्तस्य सतः आयो ज्ञानादीनां लाभः प्रशमसुखरूप समायः । समा एव सामायिकम् ।

(રાગ અને દ્વેષથી મુક્ત થયેલા આત્માને જ્ઞાન વગેરેનો પ્રશમ સુખરૂપી જે લાભ થાય તે 'સમાય' અને તેજ સામાયિક.)

વિશેષાવશ્યક ભાષ્યમાં શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે આજ પ્રમાણે કહ્યું છે

रागदोस विरहिओ समो त्ति अयणं अयोत्ति गमणं त्ति ।
समगमण (अयणं) त्ति समाओ, स एव सामाइयं नाम ।।

(રાગ અને દ્વેષથી રહિત એવી આત્માની પરિણતિ તે 'સમ' છે. અય એટલે અયન અથવા ગમન. તે ગમન સમ પ્રત્યે થાય તેથી 'સમાય' કહેવાય. એવો જે સમાય તેજ સામાયિક કહેવાય.)

(૩) समानि - ज्ञान दर्शन चारित्राणि तेषु अयनं
गमनं समायः, स एव सामायिकम् ।

મોક્ષમાર્ગના સાધન તે જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે. તેને 'સમ' કહે છે. તેમાં અયન કરવું એટલે ગમન કરવું કે પ્રવૃત્તિ કરવી તેનું નામ સામાયિક.

આની સાથે સરખાવો વિશેષાવશ્યક ભાષ્યની નીચેની ગાથા :

अहिवा समाइं सम्मत - नाण चरणाइं तसु तेहिं वा ।
अयणं अओ समाओ स एव सामाइयं नाम ।।

વળી કહેવાયું છે :

समानां मोक्ष साधनं प्रति सदृशसामर्थ्यानां
सम्यग दर्शन ज्ञान चारित्राणां आयः लाभः ।

(મોક્ષ સાધન પ્રત્યે 'સમ' અર્થાત સમાન (એક સરખુ) સામર્થ્ય જેનું છે એવાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણેનો 'આય' (લાભ) તે સામાયિક.

(૪)

सर्व जीवेषु मैत्री साम, साम्नो आयः लाभः सामाय स एव सामायिकम् ।

(સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ રાખવો તેને 'સામ' કહે છે. સામનો આય એટલે લાભ તે સામાન્ય. જેમાં સામાય થાય તે સામાયિક)

સરખવો :

अहवा सामं मित्ती तत्थ अओ तेण वत्ति सामाओ ।
अहवा सामस्साओ लाओ सामाइयं नाम ।।

(અંથવા 'સામ' એટલે મૈત્રી. તેનો લાભ તે સામાયિક)

समः सावद्ययोग परिहार निरवद्योगोनुष्ठान रूप जीव परिणामः तस्य अ लाभः समायः स एव सामायिकम्

(સાવદ્ય યોગનો (પાપકાર્યનો) પરિહાર તથા નિરવદ્ય યોગ (અહિંસા-દયા-સમતા વગેરે) નું અનુષ્ઠાન – આચરણ તે જીવાત્માનું શુભ પરિણામ (શુદ્ધ સ્વભાવ) તે સમ છે. એ સમનો જેમાં લાભ થાય તે સામાયિક)

(૬)

सम्यक् शब्दार्थः समशब्दः सम्यगमनं वर्तनम् समयः स एव सामायिकम्

(સમ શબ્દનો અર્થ થાય છે સમ્યક (સાચું – સારું). જેમાં સમનું અયન થાય છે અર્થાત સારું, શ્રેષ્ઠ આચરણ થાય છે તે સામાયિક કહેવાય

છે.)

(૭) समये कर्तव्यम् सामायिकम्

(સમયે કરવા યોગ્ય તે સામાયિક)

યોગ્ય સમયે અહિંસા, દયા, સમતા વગેરે ઉચ્ચ કર્તવ્યો જે કરવામાં આવે છે તે સામાયિક. છ આવશ્યક કર્તવ્યમાં પ્રથમ કર્તવ્ય સામાયિક છે. તે યોગ્ય સમયે અવશ્ય કરવું જોઇએ. એટલા માટે તે સામયિક કહેવાય છે. આ વિશેષ વ્યાખ્યા છે.

આ બધી વ્યાખ્યાઓનો સારાંશ એ છે કે તે દરેકમાં 'સમ' અર્થાત સમતા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. એટલે સામાયિકનો ભાવાર્થ થાય છે સમતા. રાગદ્વેષથી રહિત બનીને, સમતાભાવ ધારણ કરીને પોતાના આત્મસ્વભાવમાં સમ બનવું, સ્થિર રહેવું, એકરૂપ બની જવું તેનું નામ સામાયિક.

શ્રી હરિભદ્રસૂરિએ 'અષ્ટક પ્રકરણ'માં સામાયિકનાં લક્ષણો નીચે પ્રમાણે જણાવ્યાં છે :

समता सर्व भुतेषु संयमः शुभभावना।
आर्तरौद्रपरित्यागस्तद्धि सामायिकं व्रतम् ॥

(સર્વ જીવો પ્રત્યે સમતા રાખવી, સંયમ ધારણ કરવો, શુભ ભાવના ભાવવી, આર્ત અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરવો તેને સામાયિક વ્રત કહેવામાં આવે છે.)

શ્રી હેમચંદ્રાચાર્યે 'યોગશાસ્ત્ર'માં સામાયિકનાં લક્ષણો નીચે પ્રમાણે જણાવ્યાં છે : त्यक्तार्तरौद्रध्यानस्य तक्त सावद्य कर्मणः।
मुहूर्त समता या तां विदुः सामायिकम् व्रतम् ॥

(આર્ત અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરીને તથા સાવદ્ય કર્મનો ત્યાગ કરીને એક મુહૂર્ત સુધી સમભાવમાં રહેવું તેને સામાયિક વ્રત કહેવામાં આવે છે.)

सावद्य कर्ममुक्तस्य दुर्ध्यानरहितस्य च।
समभावो मुहूर्ततद - व्रतं सामायिकाहवम् ॥

ધર્મ૦ અધિ૦ ૩૭

(સાવદ્ય કર્મથી મુક્ત થઇને આર્ત અને રૌદ્ર એવા દુર્ધ્યાનથી રહિત થઇને મુહૂર્ત માટે સમભાવનું વ્રત લેવામાં આવે છે તેને સામાયિક કહેવામાં આવે છે.)

આમ આ ત્રણે મહર્ષિઓએ સામાયિકનાં લક્ષણો જે દર્શાવ્યાં છે તે નીચે પ્રમાણે છે :

(૧) સર્વ જીવો પ્રત્યે સમતાભાવ ધારણ કરવો.
(૨) આર્ત અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરવો
(૩) શુભ ભાવના ભાવવી
(૪) સાવદ્ય યોગથી (પાપમય પ્રવૃત્તિથી) નિવૃત્ત થવું
(૫) સંયમ ધારણ કરવો
(૬) આ વ્રતની આરાધના ઓછામાં ઓછા એક મુહૂર્ત જેટલા સમય માટે (બે ઘડી અથવા ૪૮ મિનિટ માટે) કરવી.

સામાયિકનું સૌથી મહત્ત્વનું લક્ષણ તે સમભાવ-સમતાભાવની પ્રાપ્તિ છે. એ પ્રાપ્ત કરવા માટે આર્ત અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરવાની તથા શુભ ભાવ ભાવવાની જરૂર છે. એ માટે સંયમની આવશ્યકતા છે. સાવદ્ય કર્મનો એટલે પાપમય પ્રવૃત્તિઓ અર્થાત મન, વચન અને કાયાના અશુભ યોગોનો જો ત્યાગ કરવામાં આવે તો અશુભ ધ્યાન ઓછાં થાય અને જીવ સંયમમાં આવે. એ માટે ગૃહસ્થ જો દ્રવ્ય ક્રિયારૂપે એક મુહૂર્ત જેટલો સમય પચ્ચકખાણ લઇને એક આસને બેસે તો તેને 'સામાયિક વ્રત' કહેવામાં આવે છે.

કોઇ પ્રશ્ન કરે કે જૈનધર્મનો સાર શું ? રાગદ્વેષથી મુક્તિ મેળવીને મોક્ષગતિ પ્રાપ્ત કરવી એ જૈનધર્મનો સાર છે. રાગદ્વેષની મુક્તિ કેવી રીતે મેળવાય ? એનો ઉત્તર છે 'સમતાની સાધનાથી'. માટે 'સમતા' એ જૈનધર્મનો, જિનપ્રવચનનો સાર છે. સામાયિક એ સમતાની સાધનાનું સાધન છે. માટે જ કહેવાયું છે કે 'સામાયિક' એ જિનપ્રવચનનો, ભગવાનની દેશનાનો, દ્વાદશાંગીનો, ચૌદપૂર્વનો સાર છે.

વિશેષાવશ્યક ભાષ્યમાં જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે સામાયિકને ચૌદ પૂર્વના સારરૂપ કહ્યું છે. જુઓ :

सामाइयं संखेवो चोदसपूव्वत्य पिंडो त्ति।

નવકાર મંત્રની જેમ સામાયિકને પણ ચૌદપૂર્વના સાર તરીકે મહર્ષિઓએ ઓળખાવ્યું છે. એવી જ રીતે, 'તત્ત્વાર્થ સૂત્ર'ની ઉપરની પોતાની ટીકામાં ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજે સામાયિકને દ્વાદશાંગીના ઉપનિષદ તરીકે દર્શાવ્યું છે. જુઓ :

सकल द्वादशाङ्गोपनिषद भूत सामायिक सूत्रवत्

બધા જ તીર્થંકર પરમાત્માઓ પૂર્વજન્મની એવી આરાધનાને કારણે સ્વયંસબુદ્ધ જ હોય છે. ગૃહસ્થવાસનો ત્યાગ કરી જયારે તેઓ દીક્ષિત થાય છે ત્યારે તેઓને કોઇ ગુરુમહારાજ પાસે દીક્ષા લેવાની હોતી નથી. તેઓને કોઇ ગુરુ હોતા નથી. તેઓ ગૃહસ્થ વેષનો ત્યાગ કરી, પંચ મુષ્ટિ લોચ કરી સ્વયંદીક્ષિત થાય છે. તેઓ સિદ્ધ ભગવંતોની સાક્ષીએ અને પોતાના આત્માની સાક્ષીએ સાવદ્યયોગનાં પચ્ચકખાણ લઇ યાવજજીવન સામાયિક કરે છે. તેઓ ગૃહસ્થપણામાં મતિ,શ્રુત અને અવધિજ્ઞાન ધરાવતા હોય છે. સ્વયંદીક્ષિત થતાં જ તેમને મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થાય છે.

આમ પ્રત્યેક તીર્થંકર પરમાત્મા દીક્ષા લેતી વખતે સામાયિકની સાધનાની પ્રતિજ્ઞા લે છે :-

सव्वं मे अकरणिज्जं पावकम्मं त्ति कट्टु सामाइयं चरितं पडिवज्जइ।

વળી પ્રત્યેક તીર્થંકર પરમાત્મા કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી ચતુર્વિધ સંઘની સ્થાપના કરી સૌથી પ્રથમ ઉપદેશ સામાયિક વ્રતનો આપતા હોય છે. આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે :

सामाइयाइया वा वयजीवाणिकाय भावणा पढमं।
एसो धम्मोवाओ जिणेहिं सव्वेहिं उवइट्ठो ॥

ધર્મની આરાધના કરનાર જીવો માટે જૈનધર્મમાં છ પ્રકારનાં આવશ્યક કર્તવ્ય બતાવવામાં આવ્યાં છે. પ્રત્યેક શ્રાવકે આ છ આવશ્યક કર્તવ્ય રોજેરોજ કરવાં જોઇએ. એ 'આવશ્યક' આ પ્રમાણે છે : (૧) સામાયિક, (૨) ચઉ-વિસત્થો (ચતુર્વિંશતિસ્તવ – ચોવીશ તીર્થંકર પરમાત્માની સ્તુતિ), (૩) વંદન, (૪) પ્રતિક્રમણ, (૫) કાઉસગ્ગ અને (૬) પચ્ચકખાણ. આ ક્રિયાઓ અવશ્ય કરવાની હોવાથી એટલે કે આજ્ઞારૂપ તે હોવાથી તેને 'આવશ્યક' કહેવામાં આવે છે. જૈન આગમ ગ્રંથોમાં આ છ આવશ્યક ઉપર ઘણો ભાર મૂકવામાં આવ્યો છે. એના ઉપર ગણધરોએ સૂત્રની રચના કરી છે. એ 'આવશ્યક સૂત્ર' તરીકે ઓળખાય છે. આ આવશ્યક સૂત્ર ઉપર વિશેષ પ્રકાશ પાડવા માટે નિર્યુક્તિ, ચૂર્ણિ વગેરે પ્રકારની રચનાઓ થઇ છે.

આ છ આવશ્યક ક્રિયાઓમાં સામાયિકને સૌથી પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. એ ઉપરથી સામાયિકનું મહત્ત્વ જૈનધર્મમાં કેટલું બધું છે તે સમજી શકાય છે.

આ છ એ આવશ્યક ક્રિયાઓ પરસ્પર સંલગ્ન છે. એટલે કોઇ પણ એક આવશ્યક ક્રિયા વિધિપૂર્વક બરાબર ભાવથી કરવામાં આવે તો તેમાં બીજી ક્રિયાઓ સૂક્ષ્મ કે સ્થૂલ રીતે આવી જ જાય છે. પ્રતિક્રમણની વિધિમાં તો છ એ આવશ્યક ક્રમાનુસાર વ્યવસ્થિત રીતે ગોઠવાયેલાં છે.

સામાયિકના ' કરેમિ ભંતે ' સૂત્રમાં આ છ એ આવશ્યક નીચે પ્રમાણે ઘટાવવામાં આવ્યાં છે.

(૧) કરેમિ...... સામાઇ યં....... સમતા ભાવ માટે વિધિપૂર્વક સામાયિક માટેની અનુજ્ઞા. એમાં 'સામાયિક' રહેલું છે.
(૨) ભન્તે....... ભદન્ત....... ભગવાન ! જિનેશ્વર ભગવાનને પ્રાર્થના– આજ્ઞા – પાલનરૂપી 'ચતુર્વિંશતિસ્તવ' છે.
(૩) તસ્સભંતે...... ગુરુને વંદન કરવાપૂર્વક નિંદા, ગર્હા કરવાની હોય છે. – 'વંદન' છે.
(૪) પડિક્કમામિ........ પાપોની નિંદા, ગર્હા અને તેમાંથી પાછા ફરવાની ક્રિયા. એમાં 'પ્રતિક્રમણ' છે.
(૫) અપ્પાણં વોસિરામિ...... પાપોથી મલિન થયેલા આત્માને વોસિરાવું છું. એમાં 'કાયોત્સર્ગ ' છે.
(૬) સાવજજં જોગં પચ્ચકખામિ......એમાં સાવદ્ય યોગનાં 'પચ્ચકખાણ છે.

આમ, સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાઉસગ્ગ અને પચ્ચકખાણ એ છ એ આવશ્યક કર્તવ્ય 'કરેમિ ભંતે' સૂત્રમાં રહેલાં છે.

આ છ એ પ્રકારની આવશ્યક ક્રિયાઓથી જીવને શો શો લાભ થાય છે તે વિશે ભગવાન મહાવીરને પ્રશ્ન પૂછવામાં આવ્યા છે. ભગવાન તેના

સંક્ષેપમાં સ્પષ્ટ ઉત્તર આપ્યા છે.

ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯ મા અધ્યયનમાં ભગવાનને પ્રશ્ન પૂછવામાં આવ્યો છે : **सामाइएणं भन्ते जीवे किं जणइ ?**

(સામાયિક કરવાથી હે ભગવન ! જીવને શો લાભ થાય છે ?)

ભગવાન ઉત્તર આપે છે **सामाइएणं सावज्जजोग विरइ जणयइ**

(સામાયિક કરવાથી જીવ સાવદ્યયોગથી વિરતિ પામે છે.)

આમ, સામાયિક કરવાથી, એક આસન ઉપર નિશ્ચિત કાળ માટે પ્રતિજ્ઞાપૂર્વક બેસવાથી કાયાની અન્ય પ્રવૃત્તિઓથી આરાધક નિવૃત્ત થાય છે. ત્યાર પછી મન અને વાણીને સ્થિર કરી આત્માના ઉપયોગમાં એ જેટલે અંશે પોતાના ચિત્તને જોડી શકે છે તેટલે અંશે તે સાવદ્ય (પાપરૂપ) યોગોમાંથી નિવૃત્ત થાય છે. આ રીતે પ્રાથમિક લાભની દૃષ્ટિએ જોઇએ તો સામાયિક નવાં પાપરૂપ કર્મોને અટકાવવાનું પ્રબળ સાધન બને છે.

શ્રી હરિભદ્રસૂરિએ 'અષ્ટક પ્રકરણ'માં સામાયિકને મોક્ષાંગ તરીકે એટલે કે મોક્ષના અંગ તરીકે ઓળખાવ્યું છે :

**सामायिकं च मोक्षांग परं सर्वज्ञ भाषितम् ।**
**वासी चन्दन कल्पानामुक्तमेतन्महात्मानाम् ॥**

'વાસી ચંદન કલ્પ' માં વાસી શબ્દનો અર્થ થાય છે 'વાંસલો', જે સુથારનું ઓજાર છે. એ લાકડું છોલવામાં વપરાય છે. કોઇ એક હાથે વાંસલો ફેરવી હાથની ચામડી ઉખાડતો હોય અને બીજે હાથે કોઇ ચંદનનો લેપ કરતો હોય તો એ બંને પ્રત્યે સમભાવ રાખી શકે એવી મહાત્માઓની સમતાને મોક્ષાંગ તરીકે ઓળખાવવામાં આવી છે.

'વાસી ચંદન' નો બીજો અર્થ એવો કરવામાં આવે છે કે જેમ ચંદનના વૃક્ષને કાપવાથી તે કાપવાવાળા કુહાડાને પણ સુગંધિત કરે છે તેવી રીતે મહાપુરુષોનું સામાયિક વૈર-વિરોધ ધરાવનાર પ્રતિ સમભાવરૂપી સુગંધ અર્પણ કરનાર હોય છે. એટલા માટે સર્વજ્ઞ ભગવાને કહ્યું છે કે સામાયિક મોક્ષાંગ છે, મોક્ષનું અંગ છે. આ બે અર્થમાંથી 'વાસી ચંદન' નો પહેલો અર્થ વધારે સાચો છે.

સામાયિક વગર મોક્ષપ્રાપ્તિ થઇ ન શકે. મોક્ષપ્રાપ્તિ માટે કેવળજ્ઞાન પ્રગટ થવું જોઇએ. જ્યાં સુધી ચાર ઘનઘાતી કર્મો (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય કર્મ ) નો ક્ષય ન થાય ત્યાં સુધી કેવળજ્ઞાન પ્રકાશિત થાય નહિ. જ્યાં સુધી જીવ સંવર દ્વારા નવાં કર્મોને અટકાવે નહિ અને નિર્જરા દ્વારા જૂનાં કર્મોનો ક્ષય ન કરે ત્યાં સુધી ઘાતી કર્મોમાંથી મુક્ત ન થઇ શકે. જ્યાં સુધી રાગદ્વેષનાં પરિણામો ચાલ્યા કરે ત્યાં સુધી ઘાતીકર્મો રહ્યા કરે. સાચી સમતા આવે તો રાગદ્વેષ જાય. સમતાભાવ લાવીને શુદ્ધ આત્મરમણતા અનુભવવા માટે સામાયિક એ જ એક માત્ર ઉપાય છે.

એટલા માટે શ્રી હરિભદ્રસૂરિએ 'અષ્ટક પ્રકરણ' માં સામાયિકનું ફળ દર્શાવતાં કહ્યું છે :

**सामायिक - विशुद्धात्मा सर्वथा घातिकर्मणः ।**
**क्षयात्केवलमाप्नोति लोकालोक प्रकाशकम् ॥**

(સામાયિક કરવાથી વિશુદ્ધ થયેલો આત્મા જ્ઞાનાવરણીય વગેરે ચાર ઘાતિ કર્મોનો સર્વથા ક્ષય કરીને લોકાલોક પ્રકાશક એવું કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે.)

સામાયિક દ્વારા આત્માને સર્વથા વિશુદ્ધ કરવા માટે પ્રબળ પુરુષાર્થની અપેક્ષા રહે છે. કેટલાકને તો કેટલાય જન્મની ઉત્તરોત્તર વધતી જતી સાધના પછી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. એટલા માટે જીવે ગૃહસ્થના બે ઘડીના ક્રિયાવિધિયુક્ત સામાયિક થી શરૂ કરી નિશ્ચય સ્વરૂપ ભાવ સામાયિક સુધી પહોંચવાનું હોય છે. એમાં કોઇકનો વિકાસક્રમ મંદ હોય અને કોઇકનો અત્યંત વેગવંતો હોય, પરંતુ એટલું નિશ્ચિત છે કે સામાયિક વગર મોક્ષની પ્રાપ્તિ નથી.

એટલા માટે જ કહેવાયું છે કે :

**जे केवि गया मोक्खं जे वियं गच्छन्ति जे गमिस्सन्ति ।**
**ते सव्वे सामाइय माहप्पेणं मुणेयव्वा ॥**

( જે કોઇ મોક્ષે ગયા છે, જે વળી મોક્ષે જાય છે અને જે મોક્ષે જશે તે સર્વે સર્વે સામાયિકના પ્રભાવથી જ છે એમ જાણવું)

શ્રી ભગવતી અંગમાં પણ કહ્યું છે :

**किं तिव्वेण तवेणं किं च जवेणं किं च चरित्तेणं ।**
**समयाइ विण मुख्खो न हु हुओ कहवि न हु होइ ॥**

(ગમે તેવું તીવ્ર તપ તપે, જપ કરે અને ચારિત્રનું (દ્રવ્ય ચારિત્રનું) ગ્રહણ કરે, પરંતુ સમતા વિના (ઉત્કૃષ્ટ ભાવના સામાયિક વિના) કોઇનો મોક્ષ થયો નથી, થતો નથી અને થશે પણ નહિ)

સમતા એ સામાયિકનો પ્રાણ છે. સમ એટલે સરખું. સમતા અથવા સમત્વ એટલે સરખાપણાનો ભાવ અનુભવવો. મનુષ્યના ચિત્તમાં ગમવાના કે ન ગમવાના ભાવો સતત ચાલતા રહે છે. પ્રિય વસ્તુઓ, પદાર્થો, વ્યક્તિઓ, સંજોગો માણસને ગમે છે. અપ્રિય ગમતાં નથી. માણસને સુખ ગમે છે, દુઃખ ગમતું નથી; વિજય ગમે છે, પરાજય ગમતો નથી; સફળતા ગમે છે, નિષ્ફળતા ગમતી નથી; લાભ કે નફો ગમે છે; ગેરલાભ કે ખોટ ગમતાં નથી. પરંતુ જે વ્યક્તિ આવા ભિન્ન ભિન્ન પ્રસંગોમાં હર્ષશોકથી પર થઇ શકે તે જ સમતા અનુભવી શકે. ગમવું એટલે રાગ. અણગમો કે ધિક્કાર એટલે દ્વેષ. જેમ દ્વેષથી માણસ પર થઇ જાય તેમ રાગથી પણ પર થઇ જવું જોઇએ. આપણે ધારીએ એટલું એ સરળ નથી. જ્યાં સુધી મમત્વભાવ છે ત્યાં સુધી રાગ છે. દુનિયાના તમામ પદાર્થો અને સંબંધો છોડયા પછી પણ માણસને પોતાની કાયા માટે રાગ રહે છે, અને કાયામાં પ્રવેશેલી વ્યાધિઓ માટે દુર્ભાવ રહે છે. સમત્વની સૂક્ષ્મ સાધના એટલે છેવટે કાયાથી પણ પર થઇ જવું અને શુદ્ધ આત્મોપયોગ દ્વારા સાક્ષીભાવે બધી વસ્તુઓને કે અનુભવોને નિહાળવાં.

એક વખત ચિત્તમાં સમતાભાવ આવ્યો એટલે તે કાયમ રહેવાનો છે એવું માની લેવાની ઉતાવળ ન કરવી જોઇએ. સ્વસ્થ અને સુખદ સંજોગોમાં સમતાભાવનો અનુભવ કે આભાસ થાય છે, પરંતુ વિપરીત સંજોગો વખતે સમતાભાવની કસોટી થાય છે. એવે વખતે પણ પુરુષાર્થથી પ્રાપ્ત કરેલો સમતાભાવ વધુ સમય ટકી રહે એ જોવું જોઇએ. એ માટે અભ્યાસ અને પુરુષાર્થ જરૂરી છે. એવી તાલીમ માટે સામાયિક સારો અવકાશ પૂરો પાડે છે. એટલા માટે જ સામાયિક વારંવાર કરવાની શાસ્ત્રકારોએ ભલામણ કરી છે. સામાયિક દ્વારા સ્થૂળ સપાટી પરની સમતાથી એવી સૂક્ષ્મતમ, ઉચ્ચતમ આત્માનુભૂતિ સુધી પહોંચાય છે, કે જ્યારે સંસાર અને મુક્તિને તે 'સમ' ગણે છે. શ્રી આનંદઘનજી મહારાજે સોળમા શ્રી શાંતિનાથ ભગવાન સ્તવનમાં કહ્યું છે :

માન અપમાન ચિત્ત સમ ગણે,
સમ ગણે કનક પાષાણ રે;
વંદક નિંદક સમ ગણે,
ઇસ્યો હોયે તું જાણે રે,
સર્વજંતુને સમ ગણે,
સમગણે તૃણ મણિ ભાવ રે;
મુક્તિ સંસાર બેઉ સમ ગણે,
મુણે ભવજલનિધિ નાવ રે.
આપણો આતમભાવ જે,
એક ચેતના ધાર રે;
અવર સવિ સાથ સંજોગથી,
એહ નિજ પરિકર સાર રે.

મુક્તિ અને સંસાર એ બંનેને જે સમગણે તે સમતાનો આદર્શ છે. એ સૂક્ષ્મ ચેતનાધાર અનુભવ ગોચર છે, પણ એનું શબ્દમાં યથાર્થ વર્ણન થઇ શકતું નથી.

આવી સમતાનો મહિમા મહાત્માઓએ જુદી જુદી રીતે વર્ણવ્યો છે.

**निंदापसंसासु समो य माणावमाणकारीसु ।**
**सम समण परजणमणो सामाइय संगओ जीवो ॥**

(નિંદા કે પ્રશંસામાં, માન કે અપમાન કરનાર પ્રત્યે, સ્વજનમાં કે પરજનમાં જે સરખું મન રાખે (સમતાનો શુભ ભાવ રાખે) તે જીવને સામાયિક સંગી જાણવો)

'આવશ્યક નિર્યુક્તિ 'માં ભદ્રબાહુ સ્વામીએ કહ્યું છે :

**जो समो सव्वभूएसु तसेसु थावरेसु य ।**
**तस्स सामाइयं होय इइ केवलिभासियं ॥**

(જે સાધકો ત્રસ અને સ્થાવરરૂપી સર્વ જીવો પ્રત્યે સમભાવ રાખે છે એનું સામાયિક શુદ્ધ હોય છે. એવું કેવલી ભગવંતોએ કહ્યું છે.)

હરિભદ્રસૂરિએ 'પંચાશક' ગ્રંથમાં લખ્યું છે :

**समभावो सामाइयं तण-कंचण सत्तु-मित्र विसओ त्ति ।**
**णिरभिस्संग चित्तं उचिय पवित्तिप्पहाणं च ॥**

(સમભાવ એ જ સામાયિક છે. તણખલું હોય કે સોનું હોય,શત્રુ હોય કે મિત્ર હોય, સર્વત્ર પોતાના ચિત્તને આસક્તિરહિત રાખવું તથા પાપરહિત ઉચિત ધર્મ પ્રવૃત્તિ કરવી એ સામાયિક છે.)

પ. પૂ. સ્વ. ભદ્રંકરવિજયજી ગણિવર્યે લખ્યું છે કે 'સામાયિકનું પરમ રહસ્ય એ છે કે પ્રત્યેક જીવને આત્મવત જોવો. પોતાને સુખ ગમે છે, દુઃખ ગમતું નથી. તેમ જીવનમાત્રને સુખ ઈષ્ટ છે, દુઃખ અનિષ્ટ છે. તેથી કોઈના પણ દુઃખના નિમિત્ત ન બનવું જોઈએ. કોઈ પણ જીવને સહેજ પણ દુભવતાની સાથે મનને આંચકો લાગવો તે સામાયિક ધર્મની પરિણતિની નિશાની છે..... આત્મામાં વિશ્વવ્યાપી વિશાળતા પ્રગટ કરવાનું સાધન સામાયિક છે. એથી સ્વાર્થ સાથેનું સગપણ દૂર થઈ, સર્વ સાથેનો આત્મીય ભાવ પ્રગટે છે. સ્વસંરક્ષણ વૃત્તિને સર્વ–સંક્ષરણ વૃત્તિમાં બદલવાનો સ્તુત્ય પ્રયોગ તે સામાયિક છે. વિશ્વના જીવોના હિતની ઉપેક્ષા કરીને કોઈ આત્મા 'સામાયિક' માં રહી શકતો નથી. '

સમતા, સમત્વ, અનાસક્તિ જીવનમાં સરળતાથી આવતાં નથી. પૂર્વના સંસ્કારો અને પૂર્વનાં શુભ કર્મનો ઉદય એમાં કામ કરે જ છે, પરંતુ તેની સાથે અપ્રમત્ત પુરુષાર્થની પણ જરૂર રહે છે. જીવનમાં સમતા આણવા માટે સંયમ, શુભ ભાવના તથા આર્ત અને રૌદ્ર ધ્યાનના ત્યાગની જરૂર રહે છે. જ્યાં સુધી જીવન અસંયમિત હોય, અશુભ ભાવો ચાલ્યા કરતા હોય, આર્ત અને રૌદ્ર ધ્યાનનું પોષણં થયા કરતું હોય ત્યાં સુધી સમતા આવી શકે નહિ.

શ્રી હરિભદ્રસૂરિએ સામાયિકનાં લક્ષણોમાં એટલા માટે સંયમનો પણ ખાસ નિર્દેશ કર્યો છે. મન અન્યંત ચંચલ હોય છે. પાંચે ઈન્દ્રિયોના ભોગોપભોગના વિષયો ઘણા બધા હોય છે. જીવ એમાંથી જ્યાં સુધી નિવૃત્ત થતો નથી ત્યાં સુધી સંયમ ધારણ કરી શકતો નથી. એટલે ત્યાં સુધી રાગ અને દ્વેષનાં નિમિત્તો એને મળ્યાં કરવાનાં. એટલા માટે ઈન્દ્રિયો અને મન ઉપર સંયમ ધારણ કરવાની વિશેષ આવશ્યકતા છે.

અન્ય જીવો પ્રતિ ચિત્તમાં વિવિધ પ્રકારના ભાવો જન્મતા હોય છે. એમાં શુભ ભાવોમાં મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ એ ચાર ઉપર બહુ ભાર મૂક્વામાં આવ્યો છે.

આ ચારની ભાવનાઓને જૈન ધર્મમાં ધર્મધ્યાનની ભાવના તરીકે ઓળખાવામાં આવી છે. આ ભાવનાઓ ભાવવાથી આર્ત અને રૌદ્ર ધ્યાન દૂર થવા લાગે છે.

બીજાનું હિત ચિંતવવું એનું નામ મૈત્રી. બીજાના ગુણો જોઈને આનંદ અનુભવવો એનું નામ પ્રમોદ, બીજાનું દુઃખ જોઈને દુઃખી થવું અને તે દૂર કરવા માટે ચિંતા કરવી એનું નામ કરુણા અને બીજા પોતાની હિતશિક્ષા ન માને તો ઉદાસીનભાવ ધારણ કરવો તેનું નામ માધ્યસ્થ. આ ચાર ભાવનાઓ ઉપરાંત અનિત્યાદિ બાર ભાવનાઓ વૈરાગ્યની પણ છે. આ ભાવનાઓના સેવનથી સમત્વનો ભાવ દૃઢ થાય છે.

ચિત્તમાં ઊઠતા સંકલ્પ – વિકલ્પોને શાસ્ત્રકારોએ મુખ્ય ચાર પ્રકારના ધ્યાન તરીકે દર્શાવ્યા છે : (૧) આર્તધ્યાન (૨) રૌદ્ર ધ્યાન (૩) ધર્મ ધ્યાન અને (૪) શુકલ ધ્યાન. આર્ત ધ્યાન અને રૌદ્ર ધ્યાન તે અશુભ ધ્યાન છે અને ત્યજવા યોગ્ય છે. આર્ત ધ્યાનના ચાર પેટાપ્રકાર બતાવવામાં આવ્યા છે. : (૧) અનિષ્ટસંયોગજનિત (૨) ઈષ્ટવિયોગજનિત (૩) પ્રતિકૂલ વેદનાજનિત અને નિદાજનિત. એવી રીતે રૌદ્રધ્યાનના પણ ચાર પ્રકાર બતાવવામાં આવ્યા છે : (૧) હિંસાનંદ, (૨) મૃષાનંદ, (૩) ચૌર્યાનંદ, (૪) પરિગ્રહાનંદ. જ્યાં સુધી આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એ બે અશુભ ધ્યાન જાય નહિ ત્યાં સુધી જીવ શુભ ધ્યાન તરફ વળી શકતો નથી. સામાયિક કરનારે અશુભ ધ્યાનનો ત્યાગ કરવાનો હોય છે.

વળી સામાયિક કરનારે સાવદ્યયોગ – પાપમય પ્રવૃત્તિથી નિવૃત્ત થવાનું હોય છે. પ્રાણાતિપાત વગેરે અઢાર પ્રકારનાં પાપસ્થાનો શાસ્ત્રકારોએ બતાવ્યાં છે. એમાંથી જ્યાં સુધી નિવૃત્ત ન થવાય ત્યાં સુધી સારી રીતે સામાયિક થઈ શકે નહિ. આ ઉપરથી જોઈ શકાશે કે સાચું સામાયિક કરવા માટે મન, વચન અને કાયાથી કેટલી બધી પૂર્વ તૈયારી કરવાની રહે છે.

સમતાભાવમાં રમનારા બધા જીવોનો સમતાભાવ એક સરખો નથી હોતો. આથી સામાયિકના પ્રકારો જુદા હોઈ શકે છે.

વિશાળ વર્ગીકરણની દૃષ્ટિએ સામાયિકના મુખ્ય ચાર પ્રકારો બતાવવામાં આવે છે : (૧) શ્રુત સામાયિક (૨) સમ્યક્ત્વ સામાયિક (૩) દેશવિરતિ સામાયિક અને (૪) સર્વ વિરતિ સામાયિક.

(૧) શ્રુત સામાયિક :– શ્રુતજ્ઞાન અથવા જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપેલા તત્ત્વના અભ્યાસથી આવતી સ્વરૂપરમણતા.

(૨) સમ્યક્ત્વ સામાયિક :– જેમ જેમ મિથ્યાત્વ એટલે અજ્ઞાન દૂર થતું જાય અને સમ્યગ જ્ઞાનનું પાલન થતું જાય અને તેથી આત્મરમણતા પ્રગટ થતી જાય તેનું નામ સમ્યક્ત્વ સામાયિક.

(૩) દેશવિરતિ સામાયિક :– બે ઘડી માટે સાવદ્ય યોગ અથવા પાપ પ્રવૃત્તિથી બચવા માટે ગૃહસ્થ એક આસન ઉપર બેસી આત્મરમણતા કરે તે સામાયિક.

(૪) સર્વવિરતિ સામાયિક :– સાધુ ભગવંતોનું સામાયિક યાવદ્જીવન હોય છે. તેઓ સ્વેચ્છાએ સર્વવિરતિ ધારણ કરનારા હોય છે. એટલે તેઓએ સાવદ્યયોગનાં જાવજીવ પચ્ચકખાણ લીધાં હોય છે. આથી સતત સમભાવ ધારણ કરવા દ્વારા તેઓએ આત્મસ્વરૂપમાં રમણતા કરવાની હોય છે.

સામાયિકના આ ચાર પ્રકારો ક્રમાનુસાર છે અને તે ગુણ સ્થાનકની દૃષ્ટિએ પણ બરાબર ગોઠવાયેલા છે.

શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ 'વિચારરત્નસાર' માં લખે છે :

૧. 'શ્રુત સામાયિકમાં દીપક સમકિત અને પહેલું ગુણઠાણુ હોય. તે અભવ્યને પણ હોય, કારણ તે જિનવચનાનુસાર પ્રરૂપણા કરે. તેથી પરને ધર્મ દીપાવે, ધર્મ પમાડે પણ પોતાને અંધારું હોય.

૨. દર્શન સામાયિક સમ્યગદૃષ્ટિ ચોથા ગુણઠાણીને હોય.

૩. દેશવિરતિ સામાયિક તે છઠ્ઠે સાતમે ગુણઠાણે વર્તતા મુનિમહારાજને હોય. એ સર્વ ગુણઠાણાની પરિણતિરૂપ ક્ષાયનાં ક્ષયોપશમને લીધે હોય છે.'

(કિટલાક આ ચાર પ્રકારમાં સમકિત સામાયિકને પ્રથમ મૂકે છે અને ત્યાર પછી શ્રુત સામાયિકને મૂકે છે. દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ક્રમાનુસાર તેઓ સામાયિકના ત્રણ પ્રકાર ગણાવી, ત્રીજા પ્રકારના દેશવિરતિ અને સર્વવિરતિ એમ બે પ્રકાર બતાવે છે. અપેક્ષા ભેદથી તેમ બતાવી શકાય છે.)

ગૃહસ્થોનું એક સામાયિક એક મુહૂર્ત (બે ઘડી – ૪૮ મિનિટ) માટેનું હોય છે. એટલે એ સામાયિક અલ્પ નિશ્ચિત કાળ માટે હોય છે. એટલા માટે એ સામાયિકને 'ઇત્વરકાલિક' (થોડા કાળ માટેનું) કહેવામાં આવે છે. સાધુ ભગવંતોનું સામાયિક જીવનપર્યંતનું હોય છે. એટલા માટે એ સામાયિકને 'યાવત્કથિત ' કહેવામાં આવે છે.

પૂર્વેના સમયમાં ગૃહસ્થોના સામાયિકના પણ બે પ્રકાર પાડવામાં આવ્યા હતા. (૧) ઋદ્ધિપાત્ર અને (૨) સામાન્ય. રાજા, મંત્રી, મોટા શ્રેષ્ઠીઓએ વાજતેગાજતે ઠાઠમાઠ સાથે ઉપાશ્રયમાં સામાયિક કરવા જવું જોઈએ, કે જેથી આવા મોટા મોટા માણસો પણ સામાયિક કરવા જાય છે એવો સામાન્ય લોકો ઉપર ઘણો પ્રભાવે પડે. સામાન્ય ગૃહસ્થો ઉપાશ્રયમાં અથવા ઘરમાં સામાયિક કરે તેને 'સામાન્ય ' સામાયિક કહેવામાં આવતું. વળી ત્યારે એવી માન્યતા પણ પ્રવર્તતી હતી કે દેવાદાર માણસોએ તો ઘરે જ સામાયિક કરવું. તેઓએ ઉપાશ્રયમાં સામાયિક કરવા ન આવવું, કારણ કે લેણદાર ત્યાં સામાયિક કરવા આવ્યો હોય અથવા ઉઘરાણી કરવા આવ્યો હોય તો પોતાના, લેણદારના અને બીજા સામાયિક કરનારાઓના મનના ભાવ બગડે અથવા તેમાં ખલેલ પડે.

સામાયિકના ' દ્રવ્ય સામાયિક ' અથવા ' વ્યવહાર સામાયિક ' અને ' ભાવ સામાયિક ' અથવા ' નિશ્ચય સામાયિક ' એવા બે પ્રકાર પણ બતાવવામાં આવે છે. એમાં ભાવ સામાયિક અથવા નિશ્ચય સામાયિક દેખીતી રીતે ચડિયાતો અને વધારે સાચો પ્રકાર છે. દ્રવ્ય સામાયિકનો આદર્શ પણ ભાવ સામાયિક સુધી પહોંચવાનો છે. ગૃહસ્થો એક આસન ઉપર બેસી, ઉચિત વેશ સાથે, મર્યાદિત ઉપકરણો (ચરવાળો, નવકારવાળી, જ્ઞાનનાં પુસ્તકો) સાથે બે ઘડીનું વિધિપૂર્વક સામાયિક કરે તેને દ્રવ્ય સામાયિક કહે છે. તેમાં

સમતાભાવની સાધના કરવાની હોય છે. આત્માનું સ્વ-ભાવમાં રમણ તે ભાવ સામાયિક અથવા ' નિશ્ચય સામાયિક ', એટલા માટે જ ભગવતીસૂત્રમાં કહ્યું છે :

**अप्पा सामाइयं, अप्पा सामाइयस्स अत्थो ।**

(ભગવતી સૂત્ર શ. ૧, ઉ. ૯)

(આત્મા સામાયિક છે, આત્મા જ સામાયિકનો અર્થ છે)

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ સવાસો ગાથાના સ્તવનમાં કહ્યું છે :

ભગવતી અંગે ભાખીઓ, સામાયિક અર્થ,
'સામાયિક પણ આતમા' ધરો સૂધો અર્થ
આત્મ તત્વ વિચારીએ,

શ્રી કુંદકુંદાચાર્યે ' નિયમસાર ' માં આ પ્રકારના નિશ્ચય સામાયિકને ' સ્થાયી ' સામાયિક તરીકે ઓળખાવ્યું છે. જુઓ :

**जो समो सव्वभूएसु तसेसु थावरेसु य ।**
**तस्स सामाइयं ठाइ इय केवलि भासियं ॥ १२६ ॥**

(ત્રસ અને સ્થાવર એવા સર્વ જીવો પ્રત્યે જે સમતાભાવ રાખે તેનું સામાયિક સ્થાયી છે એમ કેવલી ભગવંતોએ કહ્યું છે.)

ભગવતીસૂત્રમાં (શ. ૧ ઉ.૯) માં નિશ્ચય સામાયિકના તત્વસ્વરૂપ ઉપર પ્રકાશ પાડતો એક સરસ પ્રસંગ આવે છે.

ભગવાન મહાવીર સ્વામીના સમયમાં ભગવાન પાર્શ્વનાથની પરંપરાના કેટલાક સાધુઓ વિચરતા હતા. ભગવાન પાર્શ્વનાથના સમયમાં ચાતુર્યામ સંવર (ચાર મહાવ્રત) નો ધર્મ પળાતો હતો. ભગવાન મહાવીરે દેશકાળ પારખીને ચાર વ્રતમાંથી પંચ મહાવ્રતનો ઉપદેશ આપ્યો તથા રોજે રોજ ઉભયકાળ પ્રતિક્રમણનો પણ ઉપદેશ આપ્યો.

ભગવાન પાર્શ્વનાથની પરંપરાના કાલાસ્યવેષિપુત્ર નામના અણગાર ભગવાન મહાવીર સ્વામીના કેટલાક સાધુ ભગવંતોને મળે છે. ત્યારે તેઓ પૂછે છે, 'હે સ્થવિરો ' તમે સામાયિકને જાણો છો ? તમે સામાયિકના અર્થને સમજો છો ? '

સ્થવિરોએ કહ્યું, ' હે કાલસ્યવેષિપુત્ર ! અમે સામાયિકને જાણીએ છીએ. અમે સામાયિકનો અર્થ પણ સમજીએ છીએ.'

' હે સ્થવિરો ! જો તમે જાણતા હો તો સામાયિક શું છે તે મને કહો ! '

' હે આર્ય ! અમારો આત્મા એ સામાયિક છે અને એજ સામાયિકનો અર્થ છે. '

ત્યાર પછી તે સ્થવિરોએ કાલાસ્યવેષિપુત્રને સંયમની સાધના માટે ક્રોધાદિ કષાયોની નિંદાગર્હા કેવી રીતે જરૂરી છે તે સમજાવ્યું. આવી રીતે કેટલાક પદાર્થોની જે સમજણ પોતાને નહોતી તે સ્થવિરો પાસેથી મળતાં કાલાસ્યવેષિપુત્રે પ્રતિક્રમણ સહિત પંચ મહાવ્રતનો ધર્મ સ્વીકાર્યો અને સારી રીતે તે ધર્મનું પાલન કરી, ઉપસર્ગાદિ સમભાવે સહન કરી, કર્મક્ષય કરી, કેવળજ્ઞાન પામી, મોક્ષગતિ પામ્યા.

આમ, સામાયિક એટલે આત્મા એટલી ઊંચી દશા સુધી સામાયિકનું માહાત્મ્ય દર્શાવવામાં આવ્યું છે :

આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે :

**सामाइय भावपरिणइ भावाओ जीव एव सामाइयं ।**

(સામાયિક એ સ્વભાવની પરિણતિ છે. એમ સ્વભાવની દૃષ્ટિએ જોતાં જીવ (આત્મા) એ જ સામાયિક છે.)

વિશેષાવશ્યક ભાષ્યમાં પણ કહ્યું છે :

**सामाइओवउत्तो जीवो सामाइयं सयं चेव ।**

(સામાયિકમાં ઉપયોગયુક્ત જીવ (આત્મા) પોતે જ સ્વયં સામાયિક છે.)

સામાયિકના પ્રકારો એના પર્યાયવાચક નામોની દૃષ્ટિએ પણ બતાવવામાં આવ્યા છે. સામાયિકનાં આઠ પ્રકારનાં નામ અને તે દરેક ઉપર દૃષ્ટાંત શાસ્ત્રકારોએ આપ્યાં છે. એ માટે નીચે પ્રમાણે ગાથાઓ છે :

**सामाइयं समइयं सम्मं वाओ समास संखेवो ।**
**अणवज्जं य परिण्णा पच्चखाणेय ते अट्ठा ॥**

(સામાયિક, સમયિક, સમવાદ, સમાસ, સંક્ષેપ, અનવદ્ય, પરિજ્ઞા અને પ્રત્યાખ્યાન એમ આઠ નામ સામાયિકનાં છે )

**दमदंते मेअज्जे कालय पुत्था चिलाइपुत्ते य ।**
**धम्मरुइ इला तेइली सामाइय अट्ठुदाहरणा ॥**

(૧ દમદંત રાજા, ૨. મેતાર્ય મુનિ, ૩. કાલકાચાર્ય, ૪. ચિલાતી પુત્ર, ૫, લૌકિકાચાર પંડિતો ૬, ધર્મરુચિ સાધુ ૭. ઇલાચીપુત્ર અને ૮. તેતલીપુત્ર એમ સામાયિક વિશે આઠ ઉદાહરણો છે.)

સામાયિકનાં આઠ નામના અર્થ નીચે પ્રમાણે છે :

(૧) સામાયિક :- જેમાં સમતાભાવ રાખવામાં આવે છે. આ સમભાવ સામાયિક ઉપર દમદંત રાજાનું દૃષ્ટાંત છે.

(૨) સમયિક :- સ-મયિક મયા એટલે દયા. સર્વ જીવ પ્રતિ દયાનો ભાવ ધારણ કરવો તે. આ સમયિક – સામાયિક ઉપર મેતાર્યમુનિનું દૃષ્ટાંત સુપ્રસિદ્ધ છે.

(૩) સમવાદ :- સમ એટલે રાગદ્વેષ રહિતતા. જેમાં એવાં પ્રકારનાં વચન ઉચ્ચારવાં તે સમવાદ – સામાયિક. એના ઉપર કાલકાચાર્ય (કાલિકાચાર્ય) નું દૃષ્ટાંત આપવામાં આવે છે.

(૪) સમાસ :- સમાસ એટલે જોડવું, એકત્ર કરવું, વિસ્તાર ઓછો કરવો, થોડા શબ્દોમાં શાસ્ત્રોના મર્મને જાણવો તે. આ સમાસ સામાયિક ઉપર ચિલાતી પુત્રનું દૃષ્ટાંત આપવામાં આવે છે.

(૫) સંક્ષેપ :- થોડા શબ્દનો ઘણો અર્થ વિસ્તાર વિચારવો અથવા દ્વાદશાંગીનું સારરૂપ તત્ત્વ જાણવું તે. આ સંક્ષેપ સામાયિક ઉપર લૌકિકાચાર પંડિતોનું દૃષ્ટાંત આપવામાં આવે છે.

(૬) અનવદ્ય :- અનવદ્ય એટલે નિષ્પાપ. પાપ વગરના આચરણ રૂપ સામાયિક તે અનવદ્ય સામાયિક. તેના ઉપર ધર્મરુચિ અણગારનું દૃષ્ટાંત આપવામાં આવે છે.

(૭) પરિજ્ઞા :- પરિજ્ઞા એટલે તત્ત્વને સારી રીતે જાણવું તે. પરિજ્ઞા સામાયિક ઉપર ઇલાચીકુમારનું દૃષ્ટાંત સુપ્રસિદ્ધ છે.

(૮) પ્રત્યાખ્યાન :- પ્રત્યાખ્યાન એટલે પચ્ચખાણ. કોઇ વસ્તુનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા લીધી હોય તે પ્રત્યાખ્યાન. પ્રત્યાખ્યાન સામાયિક ઉપર તેતલીપુત્રનું દૃષ્ટાંત આપવામાં આવે છે.

આવી રીતે સામાયિકના આઠ જુદા જુદા પર્યાય દૃષ્ટાન્તસહિત બતાવવામાં આવ્યા છે.

ભગવાન મહાવીરે સ્યાદ્વાદ અને અનેકાન્તવાદની દૃષ્ટિ આપીને જગતના જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. પ્રત્યેક પરિસ્થિતિને જુદી જુદી અપેક્ષાએ તપાસી શકાય છે. સામાયિકના વિષયમાં અર્થ, રહસ્ય કે ધ્યેયની સમજણ વગર, માત્ર ગતાનુગતિક રીતે જેવું તેવું સામાયિક કરનારથી માંડીને સમભાવની વિશુદ્ધતમ પરિણતિ સુધી સામાયિકની અનેક કક્ષાઓ હોય છે. નય અને ન્યાયના પ્રખર અભ્યાસી ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ સાતે નયની અપેક્ષાએ સામાયિકના પ્રકારો દર્શાવ્યા છે અને તે સામાયિક કેવું હોય તેનું વર્ણન તેમણે એક પદમાં કર્યું છે. તેઓ લખે છે :

ચતુર નર ! સામાયિક નય ધારો.
લોક પ્રવાહ છાંડ કર અપની પરિણતિ શુદ્ધ વિચારો.

ત્યાર પછીની કડીમાં તેઓ સંગ્રહનયની અપેક્ષાએ સામાયિકનો આદર્શ રજૂ કરતાં કહે છે :

દ્રવ્યત અખય અભંગ આતમા સામાયિક નિજ જાતે,
જ્ઞાનવંતકી સંગતિ નાહી, રહિયો પ્રથમ ગુણઠાને.

આમ પ્રથમ ગુણસ્થાનકથી તેરમા ગુણસ્થાનક સુધી જીવનું સામાયિક કેવું કેવું હોય તે આ પદમાં તેમણે વર્ણવ્યું છે. એટલા માટે જ સામાયિક એ સતત અભ્યાસ દ્વારા ઊંચે ચડવાની સાધના છે, એમ દર્શાવતાં એ પદમાં અંતે તેઓ કહે છે :

સામાયિક નર અંતર દૃષ્ટે, જો દિન દિન અભ્યાસે,
જગ જશવાદ લહે જો બેઠો, જ્ઞાનવંત કે પાસ.

સામાયિકમાં દ્રવ્યક્રિયાથી માંડીને દેશવિરતિ, સર્વવિરતિ, સંવર અને નિર્જરા, ઉપશમ શ્રેણી, ક્ષપકશ્રેણી, આત્માના આઠ રુચક પ્રદેશો, ચાર ઘનઘાતી કર્મનો ક્ષય, કેવળજ્ઞાન અને છેલ્લે સિદ્ધગતિ. એ બધાંને લક્ષમાં લઇ ઠેઠ સિદ્ધાત્માઓ સુધીની દશા માટે જુદી જુદી ગતિની અપેક્ષાએ જુદા જુદા નય કેવી રીતે ઘટી શકે છે તે શાસ્ત્રકાર મહર્ષિઓ દર્શાવ્યું છે.

અનંત વૈવિધ્યમય સંસારમાં બધા જ જીવો એક સરખી કોટિના હોઇ

ગૃહસ્થો વિધિપૂર્વક, જયણાપૂર્વક સામાયિક કરવા બેસે તેમ છતાં કેટલીક વાર જાણતાં અજાણતાં મન, વચન અને કાયાના કેટલાક દોષ થઇ જવાનો સંભવ છે. શાસ્ત્રકારોએ દસ મનના, દસ વચનના અને બાર કાયાના એમ બત્રીસ પ્રકારના દોષ ગણાવ્યા છે, જે જાણવાથી એવા દોષમાંથી બચી જઇ શકાય છે.

નીચેની ગાથામાં મનના દસ દોષ ગણાવવામાં આવ્યા છે :

**अविवक जसो कित्ती लाभत्थो गव्व भय नियाणत्थो ।**
**संसय रोस अविणउ अबहुमाण ओ दोसा भणियव्वा ॥**

(૧) અવિવેક (૨) યશોવાંછા (૩) લાભવાંછા (૪) ગર્વ (૫) ભય (૬) નિદાન (નિયાણુ) (૭) સંશય (૮) રોષ (૯) અવિનય અને (૧૦) અબહુમાન એમ દસ મનના દોષ ગણાવવામાં આવે છે :

(૧) અવિવેક :– સામાયિકનું પ્રયોજન અને સ્વરૂપ જાણ્યા વગર સામાયિક કરવું અને ચિત્તમાં વિકલ્પો કરવો કે સામાયિકથી લાભ થશે કે નહિ ? એથી કોઇ તર્યું છે કે નહિ ? – વગેરે

(૨) યશોવાંછા :– પોતાને યશ મળે, વાહવાહ થાય એવા આશયથી સામાયિક કરવું.

(૩) લાભ :– સામાયિક કરીશ તો ધનલાભ થશે, બીજા ભૌતિક લાભ થશે. એવા ભાવથી સામાયિક કરવું.

(૪) ગર્વ :– મારા જેવું સામાયિક કોઇ ન કરી શકે એવો ગર્વ રાખવો.

(૫) ભય :– હું સામાયિક નહિ કરું તો લોકો મારી ટીકા કરશે કે નિંદા કરશે. માટે એવી ચિંતા કે ભયથી સામાયિક કરવું.

(૬) નિદાન : નિદાન એટલે નિયાણું. ધન, સ્ત્રી, પુત્ર વેપારનો અમુક લાભ મેળવવાના ખાસ પ્રયોજનપૂર્વક સંકલ્પ સાથે સામાયિક કરવું.

(૭) સંશય :– સામાયિક કરવાથી લાભ થાય છે કે નહિ તેની કોની ખબર છે એવો સંશય રાખ્યા કરવો.

(૮) રોષદોષ :– રોષથી એટલે કે ક્રોધથી સામાયિક કરવા બેસી જવું. (ક્રોધથી ઉપરાંત અન્ય કષાયો સહિત સામાયિક કરવું તે.)

(૯) અવિનય દોષ :– વિનયના ભાવ વગર સામાયિક કરવું.

(૧૦) અબહુમાન દોષ :– સામાયિક પ્રત્યે બહુમાન હોવું જોઇએ. એવા બહુમાન વગર કે એવા ઉત્સાહ – ઉમંગ – વગર પ્રેમાદરના ભાવ વગર કે ભક્તિભાવ વગર સામાયિક કરવું તે.

સામાયિકના દસ પ્રકારના વચનના દોષ બતાવવામાં આવ્યા છે.

**कुवयण सहसाकारे, सछंद संखेव कलहं च ।**
**विगहा विहासो ऽ सुद्धं निरवेक्खो मुणमुणा दोसा दस ॥**

(૧) કુવચન :– સામાયિકમાં કુવચનો, અસભ્ય વચનો, તોછડા શબ્દો, અપમાનજનક શબ્દો, બીભત્સ શબ્દો વગેરે બોલવા તે.

(૨) સહસાકાર :– અચાનક, અસાવધાનીથી, વિચાર્યા વિના, મનમાં જેવા આવ્યાં તેવાં વચનો બોલી નાખવાં.

(૩) સ્વચ્છંદ :– શાસ્ત્ર સિદ્ધાંતની વિરુદ્ધ, સામાયિકનું ગૌરવ ન સચવાય એવાં અસત્યમય, મનમોજી, હલકાં, સ્વચ્છંદી વચનો બોલવો.

(૪) સંક્ષેપ :– સૂત્રના પાઠ વગેરેમાં આવતા શબ્દો ઇત્યાદિ પૂરેપૂરાં ન ઉચ્ચારતાં તેનો સંક્ષેપ કરી નાખવો, અક્ષરો, શબ્દો ટુંકાવી દઇને બોલવા.

(૫) કલહ :– સામાયિકમાં બીજાની સાથે કલેશ કંકાશ થાય, ઝઘડા થાય એવાં વચનો બોલવાં અથવા એવાં વચનો ઇરાદાપૂર્વક બોલવાં કે જેથી બીજા લોકો વચ્ચે ક્લહ થાય, ઝઘડા થાય, કલેશ કંકાસ થાય, અણબનાવ થાય.

(૬) વિકથા :– ચિત્તને વિષયાંતર કરાવે અને અશુભ ભાવ કે ધ્યાન તરફ ખેંચી જાય એવી વાતોને વિકથા કહેવામાં આવે છે. એવી મુખ્ય ચાર પ્રકારની વિકથા ગણાવવામાં આવે છે : સ્ત્રી કથા, ભક્તકથા, રાજકથા અને દેશકથા.

(૭) હાસ્ય :– સામાયિકમાં કોઇની મજાક ઉડાવવી, મશ્કરી કરવી, કટાક્ષ વચનો બોલવાં, બીજાને હસાવવા માટેનાં વચનો બોલવાં, બીજાનાં વચનોના ચાળા પાડવા, જાણી જોઇને ઊંચા નીચા અવાજો કરવા અને સામાયિકનું પૂરું ગાંભીર્ય ન સાચવવું.

(૮) અશુદ્ધ :– જૈનધર્મમાં શબ્દોના ઉચ્ચારણની શુદ્ધિ ઉપર બહુ ભાર મૂક્યો છે. કાનો, માત્રા વગેરે વધારે ઓછાં બોલવાથી અને સ્વરવ્યંજનના અશુદ્ધ ઉચ્ચારો કરવાથી ઘણા અનર્થો થાય છે.

(૯) નિરપેક્ષ :– સૂત્ર સિદ્ધાંતની ઉપેક્ષા કરી, અસત્ય વચન બોલવું અથવા સમજ્યા વગર અવળી રજૂઆત કરવી.

(૧૦) મુણમુણ :– મુણમુણ એટલે ગુણગુણ કરવું. સૂત્ર વગેરેનો પાઠ કરતી વખતે શબ્દોનું સ્પષ્ટ ઉચ્ચારણ ન કરતાં ઉતાવળે નાકમાંથી અડધા અક્ષરો બોલી ઝપાટાબંધ ગરબડાવી જવું. (દસમા દોષ તરીકે મુણમુણને બદલે આવાગમનની બીજાને સૂચનાઓ આપવી તેને દોષ તરીકે વિકલ્પે ગણાવવામાં આવે છે.)

સામાયિકમાં કાયાના બાર પ્રકારના દોષ નીચે પ્રમાણે બતાવવામાં આવ્યા છે,

**कुआसणं चलासणं चला दिट्ठी सावज्ज किरिया ऽऽ लंबणाकुंचण पसारण।**
**आलसमोटन मल विमासणं निद्रा वेयावच्चति बारस कायदोसा ॥**

(૧) કુઆસન (પલાંઠી) :– સામાયિકમાં પગ ઉપર પગ ચડાવીને અયોગ્ય રીતે, અભિમાનપૂર્વક, અવિનયપૂર્વક બેસવું.

(૨) ચલાસન (અસ્થિરાસન) :– સામાયિકમાં સ્થિર ન હોય તેવા, હાલકડોલક થાય તેવા આસન ઉપર બેસવું અથવા બેસવાની જગ્યા વારંવાર બદલવી.

(૩) ચલદૃષ્ટિ :– દૃષ્ટિ સ્થિર ન રાખતાં ચંચલ રાખવી, સામાયિકમાં આતતેમ જુદી જુદી દિશામાં જોયાં કરવું.

(૪) સાવદ્ય ક્રિયા :– સામાયિકમાં બેઠાં પછી પાપરૂપ, દોષરૂપ કાર્યો કરવાં અથવા ગૃહસ્થે ઘરનાં કામો કર્યાં કે કરાવવાં.

(૫) આલંબન :– ભીંત વગેરેનો ટેકો લઇને બેસવું, તે આળસ, પ્રમાદ, અવિનયનું સૂચક છે.

(૬) આકુંચન – પ્રસારણ :– નિષ્પ્રયોજન હાથપગ લાંબાટૂંકા કર્યા કરવા.

(૭) આળસ :– આળસ મરડવી.

(૮) મોટન (મોડન) :– સામાયિકમાં બેઠા બેઠાં હાથપગની આંગળીઓના ટાચકા ફોડવા (ટચાકા વગાડવા)

(૯) મલ :– શરીરને ખંજવાળી મેલ ઉતારવો.

(૧૦) વિમાસણ :– લમણે અથવા ગળામાં હાથ નાખી ચિંતામાં બેઠા હોય તેમ બેસી રહેવું અથવા કંઇ સૂઝ ન પડે એથી ઊભા થઇ આતતેમ આંટા મારવા.

(૧૧) નિદ્રા :– સામાયિકમાં ઝોકા ખાવાં, ઊંઘી જવું.

(૧૨) વૈયાવચ્ચ :– સામાયિકમાં બીજા પાસે શરીર કે માથુ દબાવરાવવું, માલીસ કરાવવું વગેરે પ્રકારની સેવાચાકરી કરાવવી, કેટલાક વૈયાવચ્ચને બદલે વસ્ત્ર સંકોચનને દોષ તરીકે ગણાવે છે. ઠંડી ગરમીને કારણે અથવા નિષ્કારણ કપડાં સરખાં કર્યા કરવાં તે. કેટલાક આચાર્યો વૈયાવચ્ચને બદલે 'કંપન' દોષ ગણાવે છે. શરીરને ડોલાવ્યા કરે અથવા ઠંડી વગેરેને કારણે શરીર ધ્રૂજ્યા કરે.

(સામાયિકમાં કાયાના આ બાર પ્રકારના દોષ માટે નીચે પ્રમાણે ગાથા પણ છે.

**पल्लठि अथिरासन, दिशि पडिवति कज्ज अदुं भे अंगोवंगमोहणं आलस करडक मलकंडु ।**
**विमासणा तह उंघणाइ इव दुवालस दोस वज्जियस्स काय समइ विशुद्धं अेगविहं तस्स सामाइयं ॥**

પાક્ષિકાદિ પર્વને દિવસે પ્રતિક્રમણમાં વંદીત્તુ સૂત્રમાં તથા મોટા અતિચારમાં સામાયિક માટે નીચેનો પાઠ આવે છે. એમાં સામાયિકના અતિચારની સ્પષ્ટ–પણે દર્શાવવામાં આવ્યા છે :

વંદિત્તુ સૂત્રમાં સામાયિક વ્રતના અતિચાર માટે નીચેની ગાથા આપવામાં આવી છે.

તિવિહે દુપ્પણિહાણે, અણવઠ્ઠાણે તહા સઇ વિહૂણે
સામાઇય વિતહકએ, પઢમે સિક્ખાવએ નિંદે

(ત્રણ પ્રકારના દુષ્પ્રણિધાન (મન, વચન અને કાયાનાં) સેવવાં તથા અવિનયપણે સામાયિક કરવું તથા યાદ ન રહેવાથી સામાયિક વ્રતને ભૂલી જવું એ પ્રમાણે ખોટી રીતે સામાયિક કરવાને કારણે પ્રથમ શિક્ષાવ્રતને લાગેલા

(૨) સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય, મિથ્યાત્વ મોહનીય પરિહરું.
(૩) કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ પરિહરું.
(૪) સુદેવ, સુગુરુ, સુધર્મ આદરું.
(૫) કુદેવ, કુગુરુ, કુધર્મ પરિહરું.
(૬) જ્ઞાન, દર્શન, ચારિત્ર આદરું.
(૭) જ્ઞાન વિરાધના, દર્શન વિરાધના, ચારિત્ર વિરાધના પરિહરું.
(૮) મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ આદરુ.
(૯) મનદંડ, વચનદંડ, કામદંડ પરિહરું.
(૧૦) હાસ્ય, રતિ, અરતિ પરિહરું.
(૧૧) ભય, શોક, દુર્ગંચ્છા પરિહરું.
(૧૨) કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્મા, કાપોત લેશ્યા પરિહરું.
(૧૩) રસગારવ, ઋદ્ધિગારવ, શાતાગારવ પરિહરું.
(૧૪) માયાશલ્ય, નિયાણશલ્ય, મિથ્યાત્વશલ્ય પરિહરું.
(૧૫) ક્રોધ, માન પરિહરું.
(૧૬) માયા, લોભ પરિહરું.
(૧૭) પૃથ્વીકાય, અપકાય, તેઉકાયની જયણા કરું.
(૧૮) વાઉકાય, વવનસ્પતિકાય, ત્રસકાયની રક્ષા કરું.

આમ, સામાયિકનું સ્વરૂપ અત્યંત ગહન છે અને એનો પ્રભાવ ઘણો મોટો છે, સામાયિકથી સ્થૂલ ચમત્કારોના પ્રસંગો પણ બને છે. બીજા જીવો ઉપર એની અસર થયા વગર રહેતી નથી. 'મૂલાચાર' માં કહ્યું છે :

**सामाइए कदे सावए ण विद्धो मओ अरण्णम्मि ।**
**सो य मओ उद्वायो ण य सो सामाइयं फडियो ॥**

(અરણ્યમાં શ્રાવકે સામાયિક કરવાથી પશુઓનો (શિકારીઓ દ્વારા) વધ થતો નથી. વળી તે પશુઓ પણ ઉદ્ધત (ક્રૂર) થતાં નથી કે જેથી સામાયિકમાં વિઘ્ન આવે છે.)

એટલે શ્રાવક શુદ્ધ ભાવથી સામાયિક જો કદાચ જંગલમાં કરે તો શિકારીઓનો શિકાર કરવાનો ભાવ શાંત થઇ જાય છે. અને હિંસક પશુઓને ક્રૂરભાવ પણ શાન્ત થઇ જાય છે.

શ્રી કર્પૂરપ્રકર ગ્રંથમાં સામાયિકનું માહાત્મ્ય દર્શાવતાં કહેવાયું છે કે :-

**सामायिकं द्विघटिकं चिरकर्मभेदि, चंद्रावतसकवदुच्चधियो ऽ त्रं किंतु ।**
**स्पर्शेऽ पि सत्यमुदकं मलिय त्वनाशि, घोरं तमो हरति वा कृत एव दीप ॥**

(બે ઘડીનું સામાયિક પણ ચંદ્રાવતસક રાજાની જેમ ઘણા કાળનાં સંચેલાં કર્મોને ભેદનારું થાય છે. તો પછી ઘણીવાર કરવાથી ઊંચી બુદ્ધિવાળાને કર્મનો નાશ થાય તેમાં શું આશ્ચર્ય ? વાત સાચી છે કે સ્પર્શ કરવા માત્રથી પણ પાણી મલિનતાનો નાશ કરે છે. તથા ઘણા કાળનો ભયંકર અંધકાર હોય તો પણ દીવો તેનું હરણ કરે છે.)

સામાયિકનો મહિમા દર્શાવતાં શ્રીમદ રાજચંદ્રે લખ્યું છે કે :

' સામાયિક આત્મશક્તિનો પ્રકાશ કરે છે, સમ્યગદર્શનનો ઉદય કરે છે, શુદ્ધ સમાધિભાવમાં પ્રવેશ કરાવે છે, નિર્જરાનો અમૂલ્ય લાભ અપાવે છે, રાગદ્વેષથી મધ્યસ્થ બુદ્ધિ કરે છે. '

સામાયિકનો આવો પરમ મહિમા હોવાથી કહેવાય છે કે દેવો પણ પોતાના દેવપણામાં સામાયિકની ઝંખના સેવતા હોય છે.

**सामाइयसामग्गिं देवा विचिंतंति हियमज्झम्मि ।**
**जइ हुइ मुहुत्तमेगं ता अम्ह देवत्तणं सहलं ॥**

(દેવો પોતાના હૃદયમાં સામાયિકની સામગ્રીનો (તેવી અનુકૂળતાનો) વિચાર કરે છે અને એવી ભાવના ભાવે છે કે જો અમને એક મુહૂર્ત માત્ર પણ સામાયિક મળી જાય તો અમારું દેવપણું સફળ થઇ જાય.)

સામાયિકનું મૂલ્ય થઇ શકે એમ નથી. કદાચ કોઇને સામાયિકનું મૂલ્ય કરવું હોય તો શાસ્ત્રકારે કહ્યું છે :

**दिवसे दिवसे लक्खं देइ सुवन्नस्स खंडियं एगो ।**
**एगो पुण सामाइयं करेइ न पहुप्पए तस्स ॥**

(કોઇ એક માણસ દરરોજ એક લાખ ખાંડી સુવર્ણનું દાન આપે અને કોઇ એક માણસ સામાયિક કરે તો દાન આપનારો માણસ સામાયિક કરનારની તોલે ન આવે.)

વળી સામાયિકનું ફળ દર્શાવતાં કહેવાયું છે કે :

**सामाइयं कुणंतो समभावं सावओ अ घडिय दुग्ग ।**
**आउ सुरेसु बंधइ इति अमित्ताइ पलियाइ ॥**

(બે ઘડીના સમભાવથી સામાયિક કરનાર શ્રાવક (જો તદ્ભવ મોક્ષગામી ન હોય તો) અસંખ્ય વરસોનું પલ્યોપમવાળું દેવગતિનું આયુષ્ય બાંધે છે.)

આમ, બે ઘડીના શ્રાવકના શુદ્ધ સામાયિકનો પણ ઘણો મહિમા બતાવવામાં આવ્યો છે. સામાયિકથી અશુભ કર્મોનો નાશ થાય છે. વળી ગૃહસ્થ માટે તો એ બે ઘડીનું સાધપણુ છે. સંસારમાં કેટલાયે એવાં મનુષ્યો હશે કે જેઓ પૂર્વના તેવા ઉદયને કારણે, વર્તમાન સંજોગોને કારણે આજીવન સાધુપણુ સ્વીકારી શકતા નથી, પરંતુ તેમના હૃદયમાં તો સાધુપણાના ભાવ સતત રમતા જ હોય છે. આવા ગૃહસ્થો માટે પૌષધ અને સામાયિક કરવાથી સાધુપણાનો આનંદ તેટલો સમય માણી, અનુભવી શકે છે. એટલા માટે જ ગૃહસ્થોએ વારંવાર જ્યારે પણ અવકાશ મળે ત્યારે સામાયિક કરવું એવી શાસ્ત્રકારોએ ભલામણ કરી છે. આવી રીતે શિક્ષાવ્રત સામાયિકનો સતત અભ્યાસ કરવાથી વ્યક્તિ દ્રવ્ય સામાયિકમાંથી ભાવ સામાયિક સુધી, નિશ્ચય સામાયિક સુધી પહોંચી જઇ શકે છે. પરંપરાએ એ કેવળજ્ઞાન અને મોક્ષપદ સુધી પહોંચાડી શકે છે. એટલા માટે જ સામાયિકને સિદ્ધગતિની સીડી તરીકે ઓળખાવવામાં આવે છે.

જેમણે સામાયિકનો શુદ્ધ અનુભવ જાણ્યો, માણ્યો હશે તેમને એના આ મહિમાની સદ્યપ્રતીતિ અવશ્ય થશે ! □ □ □

---

**(આનંદઘનજીની ચોવીશીમાં ભક્તિનો મહિમા – પૃષ્ઠ ૧૦ થી ચાલુ)**

પૂજા કરવાનો લક્ષ આત્મા પ્રગટ કરવાનો છે. એ લક્ષ સાથે કરાતી પૂજાનો ચોથો પ્રકાર પ્રતિપત્તિ પૂજા છે. આનો મુખ્ય ઉદ્દેશ ૧૧ માં ગુણસ્થાનકેથી આત્મા પીછેહેઠ ન કરે તે જ રાખવાનો છે. આવી પૂજા કરવાથી શુક્લધ્યાનની શ્રેણી માંડી આત્મા ૧૨ માં ગુણસ્થાનકે આવી જાય છે.

આમ પૂજા પુણ્ય કરનારી છે. એ ખ્યાલ છોડીને તે કર્મની નિર્જરા કરનાર છે તે ખ્યાલ નહિ રાખીએ તો દ્રવ્યપૂજાઓ સોનાની બેડીરૂપ બની જશે.

ઉત્તમ પ્રકારની પૂજા મોક્ષ ભણી આપણને લઇ જાય છે ત્યારે એ મોક્ષ પામનાર વીતરાગ પરમાત્મા કેવાં છે તેનો મનમાં સહેજે વિચાર કરતાં મન અહોભાવથી કૃતકૃત્ય થઇ જાય છે.

શાંતરસનાં સમુદ્ર અને આ સંસારમાં પૂલ સમાન એવાં પ્રભુ સાત મહાભયને ટાળનાર છે.

આ ભગવાનમાં શિવપણું છે. જે કર્મનાં ઉપદ્રવને નિવારે છે.

આ ભગવાન શંકર છે કારણ કે તે મહાકલ્યાણકારી છે.

આ ભગવાનમાં જ્ઞાનનો આનંદ હોઇ જાતે ચિદાનંદ સ્વરૂપ છે.

આ ભગવાન કામ, ક્રોધ, રાગ-દ્વેષ ઇત્યાદિ શત્રુને જીતનાર છે. તેથી જિન છે.

આ ભગવાન કર્મરૂપી શત્રુને જીતનાર છે તેથી અરિહંત છે.

આ ભગવાન તીર્થનાં સ્થાપનાર છે તેથી તીર્થંકર છે.

આ ભગવાન જ્યોતિસ્વરૂપ છે તેથી તેજવંત છે.

આ ભગવાન જગદીશ્વર છે. તેઓ સ્વર્ગ, મૃત્યુને પાતાળ એમ ત્રણે જગતમાં પૂજવા લાયક ઇશ્વર છે.

આ ભગવાનને બુદ્ધિથી સમજી શકાતાં નથી, લખી શકાતાં નથી, કોઇ ઉપમા તેને માટે યોગ્ય નથી માટે અલક્ષ્ય (અલખ) ને નામે ઓળખાય છે.

આ ભગવાનને કર્મરૂપી અંજન નથી તેથી નિરંજન કહ્યા છે.

આ ભગવાન પૂર્ણ છે તેથી પૂર્ણના નામને યોગ્ય છે.

આ ભગવાન પુરુષોમાં ઉત્કૃષ્ટ પુરુષ છે તેથી પરમાત્મા છે.

આવા રત્નચિંતામણિ ભગવંતને પામવા માટે ભક્ત કવિ નરસિંહ મહેતા પણ કહે છે કે –

જ્યાં લગી આત્મા તત્ત્વ ચીન્યો નહિ,
ત્યાં લગી સાધના સર્વ જૂઠી,
મનખા દેહ તારો એમ એળે ગયો,
માવઠાંની જેમ વૃષ્ટિ વૂઠી.

□ □ □

# પર્યુષણ વ્યાખ્યાનમાળા

## શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ગુરુવાર, તા. ૫-૯-૧૯૯૧ થી ગુરુવાર, તા. ૧૨-૯-૧૯૯૧ સુધી એમ આઠ દિવસની વ્યાખ્યાન સભાઓ બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઈ - ૪૦૦ ૦૦૭ મધ્યે યોજવામાં આવી છે. આ આઠેય દિવસની વ્યાખ્યાન સભાઓનું પ્રમુખસ્થાન **ડૉ. રમણલાલ ચી. શાહ** શોભાવશે. દરેક સભામાં પ્રાર્થના પછી સવારે ૮-૩૦ થી ૯-૧૫ અને ૯-૩૦ થી ૧૦-૧૫ એમ બે વ્યાખ્યાન રહેશે. વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે પ્રમાણે છે :

| દિવસ | તારીખ | વ્યાખ્યાતા | વિષય |
|---|---|---|---|
| ગુરુવાર, | ૫-૯-૯૧ | ૧. પૂ. સાધ્વીશ્રી ફૂલકુમારીજી | आत्मा – बिंब और प्रतिबिंब |
| | | ૨. શ્રી શશિકાન્ત મહેતા | અહમ થી અર્હમની યાત્રા |
| શુક્રવાર, | ૬-૯-૯૧ | ૧. પૂ. સાધ્વીશ્રી જયંતપ્રભાશ્રીજી | વેરથી વેર શમે નહિ |
| | | ૨. ડૉ. ગૌતમ પટેલ | પીડ પરાઈ જાણે રે |
| શનિવાર, | ૭-૯-૯૧ | ૧. શ્રી હરિભાઈ કોઠારી | જન જાગે તો જ સવાર |
| | | ૨. ડૉ. સુષમા સિંઘવી | भगवान महावीरका जीवन – एक चुनौती |
| રવિવાર, | ૮-૯-૯૧ | ૧. ડૉ. હુકમચંદ ભારિલ્લ | क्रमबद्ध पर्याय |
| | | ૨. ડૉ. ગુણવંત શાહ | વાત, પિત્ત અને કફ : માનવ સ્વભાવનાં |
| સોમવાર, | ૯-૯-૯૧ | ૧. શ્રી મદનરાજ ભંડારી | मांस निर्यात एवम् कतलखानों की समस्याएं |
| | | ૨. ડૉ. રમણલાલ ચી. શાહ | અભ્યાખ્યાન |
| મંગળવાર, | ૧૦-૯-૯૧ | ૧. ડૉ. સર્વેશ વોરા | તને કોણ ડરાવે ભાઈ ? |
| | | ૨. શ્રી પ્રકાશ ગજ્જર | આજની ઘડી રળિયામણી |
| બુધવાર | ૧૧-૯-૯૧ | ૧. શ્રી અરવિંદ ઈનામદાર | युवावर्ग की समस्याएं |
| | | ૨. શ્રી પ્રવીણચંદ્ર રૂપારેલ | રસકવિ રસખાન |
| ગુરુવાર, | ૧૨-૯-૯૧ | ૧. પ્રો. તારાબહેન રમણલાલ શાહ | દસ પૂર્વધર શ્રી વજ્રસ્વામી |
| | | ૨. ડૉ. સાગરમલ જૈન | प्रतिक्रमण – आत्मविशुद्धि की कला |

વ્યાખ્યાનમાળાની શરૂઆતમાં દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૨૦ પ્રાર્થના અને ભજનો રહેશે. તે રજૂ કરશે અનુક્રમે (૧) કુ. ફાલ્ગુની દોશી (૨) શ્રીમતી આરતીબહેન નિર્મલ શાહ (૩) શ્રી મધુસુદન ભીડે (૪) શ્રીમતી અવનીબહેન પરીખ (૫) શ્રીમતી ગુણવંતીબહેન સંઘવી (૬) શ્રીમતી મીરાંબહેન શાહ (૭) શ્રીમતી રેખાબહેન સોલંકી અને (૮) શ્રીમતી શોભાબહેન સંઘવી.

આ વ્યાખ્યાનોનો લાભ લેવા સંઘના સર્વ સભ્યો, શુભેચ્છકો અને મિત્રોને પ્રેમભર્યું નિમંત્રણ છે

**ચીમનલાલ જે. શાહ**
**ઉપપ્રમુખ**

**પન્નાલાલ ર. શાહ**
**કોષાધ્યક્ષ**

**રમણલાલ ચી. શાહ**
**પ્રમુખ**

**નિરુબહેન એસ. શાહ**
**પ્રવીણચંદ્ર કે. શાહ**
**મંત્રીઓ**

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, ● ● સ્થળ : ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪ ફોન : ૩૫૦૨૯૬, મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૮. ફોટોટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

વર્ષ : ૨ ● અંક : ૯ ● તા. ૧૬-૯-૧૯૯૧ Regd. No. MH. BY / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂ. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## પ.પૂ. સ્વ. વિજય રામચન્દ્રસૂરીશ્વરજી

સુવિશાલ ગચ્છાધિપતિ, સંઘસ્થવિર, જૈન શાસનના મહાન જ્યોતિર્ધર, યુગપુરુષ, પરમ ગીતાર્થ પૂજ્યપાદ આચાર્ય દેવ શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ ૯૬ વર્ષની ઉંમરે અમદાવાદમાં સં. ૨૦૪૭ ના અષાઢ વદ-૧૪ (તા.૯-૮-૧૯૯૧) ના રોજ અરિહંત પરમાત્માના ધ્યાનમાં મગ્ન બનીને સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. એમના સ્વર્ગવાસથી જૈન શાસનને એક મહાન આચાર્ય-પ્રવરની ખોટ પડી છે.

છેલ્લાં ત્રણેક વર્ષથી એમની તબિયત નબળી રહેતી હતી, તેમ છતાં તેઓ અપ્રમત રહેતા. તેઓ રાત્રે માત્ર બે કલાકની નિદ્રા લેતા અને ધ્યાનમાં તથા જાપમાં સમય વીતાવતા. આવી વૃદ્ધાવસ્થામાં પણ તેઓ નવી નવી ગાથાઓ કંઠસ્થ કરતા. સં. ૨૦૪૬ નું ચાતુર્માસ ખંભાતમાં કરી તેઓ અમદાવાદ પધાર્યા હતા અને અંતિમ શિષ્ય મુનિ હિતરુચિવિજયની દીક્ષા પછી સાબરમતીમાં ચાતુર્માસ માટે પધાર્યા હતા.

પ. પૂ. સ્વ. વિજય રામચંદ્રસૂરીશ્વરજીનુ ૭૯ વર્ષનું સુદીર્ઘ દીક્ષા જીવન સંખ્યાબંધ મહત્ત્વની ઘટનાઓથી સભર હતું. એમનું જીવન એટલે ઈતિહાસ. છેલ્લા સૈકામાં થઇ ગયેલા મહાન જૈનાચાર્યોનો ઈતિહાસ પ.પૂ. રામચંદ્રસૂરીશ્વજીના જીવન અને કાર્યની નોંધ વિના અધૂરો ગણાય.

પ. પૂ. ગચ્છાધિપતિના નિકટના સંપર્કમાં આવવાનું મારે છેલ્લાં થોડાં વર્ષોમાં વિશેષ બન્યું. એક રીતે કહીએ તો અમારો સંબંધ એક જુદી જ ભૂમિકા ઉપરનો હતો. મારું વતન પાદરા છે. પ. પૂ. વિજય રામચંદ્રસૂરીશ્વરજી પાદરાના વતની હતા. એક જ ગામના વતની તરીકેનો અમારો સંબંધ, બીજા ભક્તો જેટલો ગાઢ નહિ તો પણ સહેજ જુદી કોટિનો હતો. મારા પિતાજી શ્રી ચીમનલાલ અમૃતલાલ શાહની હાલ ઉંમર ૯૬ વર્ષની છે. તેઓ અને પૂ. રામચંદ્રસૂરિ સહાધ્યાયી હતા.

પ. પૂ. રામચંદ્રસૂરિ અને મારા પિતાશ્રીનો ઉછેર પાદરા ગામમાં સાથે થયો હતો. પાદરામાં તેઓ બંનેએ સરકારી (ગાયકવાડી) શાળામાં પ્રાથમિક શિક્ષણ સાથે લીધું હતું. મારા પિતાશ્રીનાં એ સમયનાં સંસ્મરણો હજુ પણ તાજાં છે. કાળધર્મના થોડા દિવસ પહેલાં જ સ્વ.પૂ. રામચંદ્રસૂરિએ પાદરાના એક વતની શ્રી મોતીલાલ કસ્તુરચંદ સાથે મારા પિતાશ્રીને ધર્મલાભ કહેવડાવ્યા હતા.

રામચંદ્રસૂરિનો જન્મ એમના મોસાળના ગામ દેહવાણમાં વિ. સં. ૧૯૫૨ ના ફાગણ વદ – ૪ ના રોજ થયો હતો. એમનું નામ ત્રિભુવન રાખવામાં આવ્યું હતું. એમના પિતાનું નામ છોટાલાલ અને માતાનું નામ સમરથબહેન હતું. બાળક ત્રિભુવનના જન્મ પછી માતા પિયરથી પાદરા આવે તે પહેલાં તો પિતાશ્રી છોટાલાલનું અવસાન થયું હતું. છોટાલાલને બીજા બે ભાઇઓ હતા. છોટાલાલની માતાનું નામ (ત્રિભુવનની દાદીમાનું નામ) રતનબા હતું. એમના કુટુંબમાં બાળકો જીવતાં રહેતાં નહોતાં. જે બાળક જીવી જાય તેને કોઈની નજર ન લાગે તે માટે વિચિત્ર નામ પાડવાની પરંપરા ગામડાઓમાં હજુ પણ ચાલી આવે છે. આથી બાળક ત્રિભુવનને માતા તથા દાદીમા 'સબૂડો' કહીને બોલાવતાં.

પાદરામાં ઝંડા બજાર તરફ આવેલી સરકારી શાળા પાસેની એક ખડકીમાં રતનબાનું કુટુંબ એક નાનકડા ઘરમાં રહેતું. તેમની આર્થિક સ્થિતિ સાધારણ હતી. થોડા વખત પછી ત્રિભુવનની માતા સમરથ મરકીના રોગમાં મૃત્યુ પામ્યાં. ત્યારે ત્રિભુવનની ઉંમર સાત વર્ષની હતી.

ત્રિભુવને પાદરાની સરકારી શાળામાં અભ્યાસ ચાલુ કર્યો. તે જમાનામાં છોકરાઓમાં અડધી ચડ્ડી કે પાયજામાં પહેરવાનો રિવાજ હજુ ચાલુ થયો નહોતો. ખમીસ, ધોતીયું અને માથે ટોપી પહેરીને શાળામાં વિદ્યાર્થીઓ જતા. મારા પિતાશ્રી અને ત્રિભુવન એક વર્ગમાં ભણતા. શાળામાં હજુ પીવાના પાણીની વ્યવસ્થા થઇ નહોતી એટલે છોકરાઓ આસપાસના ઘરોમાં જઈને પાણી પી આવતા. ત્રિભુવનનું ઘર શાળાની નજીક હતું એટલે કેટલાક જૈન છોકરાઓ ત્રિભુવનના ઘરે પાણી પીવા જતા.

શાળામાં ત્યારે હેડમાસ્તર તરીકે રણછોડરાય નામના શિક્ષક હતા. બીજા શિક્ષકોમાં વિશ્વનાથ, ભૂલાભાઇ, વલ્લભભાઇ, મગનલાલ વગેરે હતા. મોહનલાલ નામના એક માસ્તરને એમના ચકલી જેવા નાકને કારણે ગામના બધા લોકો ' મોહન ચકલી ' અથવા 'ચકલી માસ્તર' કહીને બોલાવતા. ખુદ માસ્તર પોતે પણ પોતાને ' ચકલી માસ્તર' તરીકે ઓળખાવતા. ભણાવવામાં તેઓ ઘણા હોંશિયાર હતા. ત્રણ પેઢી સુધીના વિદ્યાર્થીઓને તેમણે ભણાવેલા. આ ચકલી માસ્તર પાસે મારા પિતાશ્રી સાથે ત્રિભુવને પણ અભ્યાસ કર્યો હતો.

એ દિવસોમાં પાદરામાં અંગ્રેજી શાળા ચાલુ થઇ ગઇ હતી. ઘણાખરા વિદ્યાર્થીઓ છ ધોરણ સુધીનો વર્નાક્યુલર ફાઇનલનો અભ્યાસ કરતા. કેટલાક વિદ્યાર્થીઓ ચોથા ધોરણ પછી અંગ્રેજી શાળામાં ફર્સ્ટ સ્ટાન્ડર્ડમાં દાખલ થતા. ત્રિભુવને છઠ્ઠા ધોરણ સુધી અભ્યાસ ચાલુ રાખેલો. મારા પિતાશ્રી ચોથા ધોરણ પછી અંગ્રેજી શાળામાં (ટાવરવાળી શાળામાં) દાખલ થયેલા.

એ દિવસોમાં મુંબઇથી અમદાવાદ અને દિલ્હી સુધીની બ્રોડગેજ રેલવે લાઈન ચાલુ થઇ ગયેલી. ભારતની રેલવેનું આયોજન સિમલાનું રેલવે બોર્ડ કરતું. મુંબઇથી ઊપડેલી ટ્રેન વડોદરા રાજ્યમાંથી પસાર થઇ દિલ્હી જતી. એટલે રેલવે બોર્ડ એ વિભાગની ટ્રેન માટે 'બી.સી.આઇ. રેલવે' એવું નામ રાખવા વિચારેલું. બી.સી.આઇ. એટલે બોમ્બે એન્ડ સેન્ટ્રલ ઈન્ડિયા. પરંતુ ગાયકવાડ સરકારે એ નામનાં 'બરોડા' શબ્દ ઉમેરવા માટે આગ્રહ રાખેલો અને એ શરતે પોતાના રાજ્યની પરવાનગી આપેલી. એટલે બોમ્બે, બરોડા એન્ડ સેન્ટ્રલ ઈન્ડિયા રેલવે (બી.બી. એન્ડ સી.આઇ. રેલવે) એવું નામ રાખવું પડેલું. ગાયકવાડ સરકારે ડભોઇથી વિશ્વામિત્રી સુધી આવતી પોતાની મીટરગેજ જી. ડી. રેલવે (ગાયકવાડ ડભોઇ રેલવે) ને વિ. સં. ૧૯૫૩ માં પાદરા સુધી લંબાવી હતી. ત્યાર પછી એ રેલવેને માસર રોડ સુધી લંબાવવામાં આવી અને એનું નામ ગાયકવાડ બરોડા સ્ટેટ રેલવે રાખવામાં આવ્યું, પરંતુ માસર રોડથી આગળ બ્રિટિશ રાજ્ય ચાલુ થતું હતું. ગાયકવાડ સરકારની ઈચ્છા એ લાઈનને જંબૂસર સુધી લઇ જવાની હતી. પરંતુ સિમલા બોર્ડે ઘણાં વર્ષ સુધી એ પરવાનગી આપી નહોતી. એટલે એ વિસ્તારમાં ગાડામાં

કે પગપાળા સફર કરવી પડતી.

શાળામાં અભ્યાસ કર્યા પછી ત્રિભુવનને નોકરીએ બેસાડવામાં આવ્યો હતો. એ વખતે પાદરામાં ચુનીલાલ શિવલાલની અનાજની મોટી પેઢી ચાલતી હતી અને રાજસ્થાન તથા ઉત્તર ભારતમાંથી અનાજ ટ્રેન દ્વારા પાદરામાં આવતું. કિશોર ત્રિભુવનની હોશિયારી જોઈને શેઠ ચુનીલાલે એને રાજસ્થાનમાં બાલોતરા ગામે અનાજની ખરીદી માટે મોકલેલો. આવો દૂરનો પ્રવાસ જાતે એકલા કરવાને લીધે ત્રિભુવનની હોશિયારીની વાત પાદરામાં જાણીતી થઇ ગઇ હતી.

ત્રિભુવનને વ્યાહારિક કેળવણીમાં બહુ રસ ન હતો. પરંતુ નવઘરી નામની શેરીમાં આવેલા ઉપાશ્રયમાં સાંજે પાઠશાળા ચાલતી તેના અભ્યાસમાં વધુ રસ હતો. પાદરાની નવઘરી એ જમાનામાં ધર્મપ્રવૃત્તિઓથી સતત ધબકતી રહેતી. મોટા મોટા આચાર્ય ભગવંતો પાદરા જેવા નાના ગામને ચાતુર્માસનો લાભ આપતા. પ. પૂ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીએ પણ કેટલાંક ચાતુર્માસ પાદરામાં કર્યા હતા. એ જમાનામાં પાદરામાં વખતોવખત દીક્ષાના પ્રસંગો ઊભા થતા. જૈન સાધુ સમાજમાં પાદરાનું યોગદાન નાના ગામના પ્રમાણમાં ઘણું મોટું રહ્યું છે. છેલ્લાં પચાસ-સાઠ વર્ષમાં પાદરામાંથી પચાસથી વધુ વ્યક્તિઓએ દીક્ષા લીધી છે, એમાં પાદરાની જૈન પાઠશાળાનો પણ ઠીક ઠીક ફાળો રહ્યો છે. એ જમનામાં પાઠશાળાનો વહીવટ વકીલ મોહનલાલ હીમચંદ તથા ડાહ્યાભાઇ વનમાળીદાસ કરતા.

પાદરામાં બે દેરાસર છે. નવઘરી પાસેનું શાન્તિનાથ ભગવાનનું મોટું દેરાસર અને ઝંડા બજાર પાસે આવેલું સંભવનાથ ભગવાનનું નાનું દેરાસર. ત્રિભુવન નાના દેરાસર પાસે રહેતો એટલે ત્યાં પૂજા કરવા જતો. પણ પાઠશાળા ફક્ત નવઘરીમાં હતી. એટલે સાંજના નવઘરીમાં ભણવા આવતો.

પાદરાના ધાર્મિક વાતાવરણમાં વખતોવખત પધારતા સાધુ ભગવંતોની પ્રેરક અને ઉદ્બોધક વાણીનો લાભ મળવા ઉપરાંત પાઠશાળાના એક શિક્ષક શ્રી ઊજમશી માસ્તરનું યોગદાન પણ ઘણું મોટું હતું. તેઓ કાઠીયાવાડમાં ચોટીલા ગામના વતની હતા. એમની બહેનને પાદરામાં શ્રી કેશવલાલ પ્રેમચંદ સાથે પરણાવ્યાં હતા. એટલે ઊજમશી માસ્તરને પાદરા આવવાનું વારંવાર થતું. તેમણે મહેસાણાની પાઠશાળામાં અભ્યાસ કર્યો હતો અને ધાર્મિક શિક્ષક તરીકે વ્યવસાયાર્થે પાદરામાં આવીને વસ્યા હતા, કારણ કે એમને પાદરાનું ધાર્મિક વાતાવરણ ગમી ગયું હતું.

તેમનો આત્મા ઘણી ઊંચી કોટિનો હતો. શિક્ષક તરીકેની નોકરી કરતાં લોકોમાં ધર્મભાવના જગવવાની હોંશ તેમનામાં ઘણી બધી હતી. પોતાના બાળ-કિશોર વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને સૂત્રો, સ્તવનો, સજ્ઝાયો તેઓ કંઠસ્થ કરાવતા. તેઓ એટલો બધા ઉત્સાહપૂર્વક અભ્યાસ કરાવતા કે વિદ્યાર્થીઓ ગાથાઓ, સ્તવનો, સજ્ઝાયો હોંશે હોંશે કંઠસ્થ કરતા.

ઊજમશી માસ્તરનો કંઠ બહુ મધુર હતો. તેમના ઉચ્ચારો અત્યંત શુદ્ધ હતા. તેઓ સંગીતના જાણકાર હતા. હારમોનિયમ સરસ વગાડતા અને મધુર કંઠે સ્તવનો, સજ્ઝાયો ગાતા અને વિદ્યાર્થીઓને ગવડાવતા. તેઓ કવિ પણ હતા અને પોતે નવાં નવાં સ્તવનો, સજ્ઝાયોની રચના કરતા. એમની સ્વરચિત કૃતિઓની એક પસ્તિકા પણ છપાયેલી.

વિદ્યાર્થીઓમાં ધર્મભાવના વધારવા માટે ઊજમશી માસ્તર દર પૂનમે તથા રજાના દિવસે પાદરાની આસપાસનાં ગામોમાં પાઠશાળાના વિદ્યાર્થીઓને પગપાળા જાત્રા કરવા લઇ જતા. અને ત્યાં દેરાસરમાં સ્નાત્રપૂજા રાગરાગિણી સાથે ભણાવતા. પાદરા પાસે આવેલા કાના કડિયાના ગામ દરાપરા તો મહિનામાં બે ત્રણ વાર જાત્રા માટે જવાનું થતું. પાદરાની જેમ દરાપરા પણ ત્યારે ધાર્મિક પ્રવૃત્તિઓથી ગુંજતું. ઊજમશી માસ્તર દરાપરાની પાઠશાળામાં ભણાવવા પણ જતા. ઊજમશી માસ્તરને આ વ્યવસાય નિમિત્તે પોતાને પણ ધર્મનો રંગ એટલો બધો લાગ્યો હતો કે વખત જતાં તેમણે શિક્ષકનો વ્યવસાય છોડી દઈને પૂ. નીતિસૂરિ પાસે દીક્ષા લીધી હતી. તેઓ મુનિ ઉદયવિજયજી બન્યા હતા. સમય જતાં આચાર્યની પદવી ધારણ કરી તેઓ પૂ. ઉદયસૂરિ બન્યા હતા. મારા પિતાશ્રી જ્યારે પણ પ.પૂ. સ્વ. રામચંદ્રસૂરિને વંદનાર્થે મળ તા ત્યારે ઊજમશી માસ્તરને અચૂક યાદ કરતા. ત્રિભુવનને બાલ્યકાળમાં અને કિશોરાવસ્થામાં પંચ પ્રતિક્રમણના સૂત્રો તથા જીવ વિચાર, નવતત્ત્વ ઇત્યાદિ સૂત્રો અને સ્તવનો તથા સજ્ઝાય કંઠસ્થ કરવાનો ઉત્સાહ જાગ્યો હતો તેમાં આ ઊજમશી માસ્તરનું યોગદાન પણ ઘણું મોટું હતું. (મારા પિતાશ્રીને આજે ૯૬ વર્ષની વયે પણ પંચ પ્રતિક્રમણ, નવસ્મરણ, જીવવિચાર. નવતત્ત્વની ગાથાઓ તથા દોઢસો જેટલાં સ્તવનો કંઠસ્થ છે. અને રોજ વારાફરતી તેનું પઠન કરવાનો મહાવરો છે.) ઊજમશી માસ્તરે ત્રિભુવનને ઉપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત સમકિતના સડસઠ બોલની સજ્ઝાય સરસ પાકી કરાવી હતી. એની પરીક્ષામાં ત્રિભુવન પ્રથમ નંબરે આવ્યો હતો.

કિશોર ત્રિભુવન ધર્મ અભ્યાસમાં ઘણો તેજસ્વી હતો અને સાધુ ભગવંતના સંપર્કને લીધે દીક્ષા લેવાના કોડ એના મનમાં જન્મ્યા હતા. પરંતુ એનાં દાદીમા, એના કાકાઓ એને દીક્ષા લેતા અટકાવતાં હતાં, કારણ કે ત્રણ ભાઇઓ વચ્ચે આ એક જ દીકરો હતો. ત્રિભુવનના પિતાના એક કાકાએ તો ત્રિભુવન જો દીક્ષા ન લે તો પોતાની દુકાન ત્રિભુવનના નામ પર કરી આપવાનું પ્રલોભન પણ બતાવ્યું હતું, પરંતુ એથી ત્રિભુવન જરા પણ આકર્ષિત થયો નહોતો.

ત્રિભુવનના એક મામાએ એવી દલીલ કરી કે તારે દીક્ષા લેવી હોય તો લે જે, પરંતુ તારાં નવાં સીવડાવેલાં કપડાં ફાટી જાય પછી દીક્ષા લેજે જવાબમાં ત્રિભુવને કહેલું કે કાતર આપો તો હમણાં જ કપડાં ફાડી નાખું.

ત્રિભુવનને સમજાવવા માટે કાકાએ પાદરાના એક વકીલને કહ્યું. વકીલ ત્રિભુવનને પાદરાના પારસી ન્યાયાધીશ નાનાભાઇ પેસ્તનજી નવસારીવાલા પાસે લઇ જઈને દીક્ષા ન લેવા માટે સમજાવવા વિનંતી કરી, પરંતુ એ ન્યાયાધીશ પણ ત્રિભુવનની દલીલ આગળ નિરુત્તર થઇ ગયા હતા અને કહ્યું હતું કે આ છોકરો દીક્ષા લીધા વગર રહેશે નહિ.

એ દિવસોમાં ગાયકવાડી રાજ્યમાં દીક્ષા અંગે કેટલાક કડક ધારાઓ હતા. એમાં પણ ત્રિભુવનના સગાઓએ છાપામાં નોટિસ છપાવી હતી કે કોઇએ ત્રિભુવનને દીક્ષા આપવી નહિ. જે કોઇ દીક્ષા આપશે તેની સામે કાયદેસરનાં પગલા લેવામાં આવશે.

કિશોર ત્રિભુવને દીક્ષા લેવાનો અડગ નિશ્ચય કર્યો હતો, પરંતુ કોની પાસે દીક્ષા લેવી એ નિર્ણય હજુ થઇ શક્યો ન હતો. બીજી બાજુ ત્રિભુવનની દીક્ષા અંગે કાયદેસરની ચેતવણી પછી દીક્ષા આપવાની બાબતમાં સાધુ ભગવંતો પણ વિમાસણ અનુભવતા. ત્રિભુવનને પૂ. દાનવિજયજી મહારાજનું ચાતુર્માસ પાદરા પાસે દરાપરા નામના ગામમાં થયું હતું તે વખતે ઊજમશી માસ્તર સાથે વારંવર દરાપરા જવાને લીધે પૂ. દાનવિજયજી મહારાજ તથા તેમનાં શિષ્ય પૂ. પ્રેમવિજયજી મહારાજ સાથે ગાઢ સંપર્ક થયો હતો. પોતાની દાદીમાની હયાતી સુધી દીક્ષા ન લેવાનો વિચાર જ્યારે એણે પૂ. પ્રેમવિજયજી મહારાજ પાસે વ્યક્ત કર્યો ત્યારે મહારાજશ્રીએ એટલું જ કહ્યું, ' ત્રિભુવન ,! કાળની કોને ખબર છે ? કોને ખબર છે કે તું પહેલાં જઇશ કે દાદીમા પહેલાં જશે ?

પૂ. પ્રેમવિજયજી મહારાજનું આ વાક્ય ત્રિભુવનના હૃદયમાં સોસરવું ઊતરી ગયું અને વહેલીતકે દીક્ષા લેવાનું નક્કી કર્યું. એણે થોડા વખત પછી વડોદરામાં પૂ. પ્રેમવિજયજી મહારાજ પાસે જઈને પોતાની દીક્ષાનું મુહુર્ત કઢાવ્યું. પરંતુ એ માટે સમય ઓછો હતો (ઓછો હોય એ જરૂરી પણ હતું.) અને દીક્ષા ચૂપચાપ લેવી હતી. દીક્ષા વડોદરા રાજ્યની હદની બહાર આપવામાં આવે તો તાત્કાલિક કાયદાનો કોઇ પ્રશ્ન ઊભો ન થાય. એટલે પૂ. પ્રેમવિજયજી મહારાજે ત્રિભુવનને દીક્ષા માટે બ્રિટિશ સરહદમાં આવેલા જંબુસર ગામે પહોંચવાનું કહ્યું. માસરરોડ, પહોંચી ત્યાંથી પગે ચાલીને જંબુસર જવાનું હતું. ત્રિભુવન વિશ્વામિત્રીથી ટ્રેનમાં બેઠો. રસ્તામાં પાદરા સ્ટેશન આવતું હતું. મુસાફરોની ચડઊતરમાં પોતાના ગામના કોઇ માણસો પોતાને જોઇ ન જાય તે માટે પાદરા સ્ટેશન આવતાં પહેલાં ત્રિભુવન પાટીયા નીચે સૂઈને સંતાઇ ગયો હતો. સાંજના માસર રોડ પહોંચીને પગપાળા ચાલીને તે જંબુસર રાતના સાડા અગિયાર વાગે પહોંચ્યો. ઉપાશ્રયમાં જઈને એણે મોટા મહારાજને બધી વાત જણાવી. બીજે દિવસે આમોદમાં દીક્ષા આપવાનું વિચારાયું હતું, પરંતુ ત્યાં પણ ઉપાશ્રયમાં ત્રિભુવનનાં દૂરનાં એક કાકી ત્રિભુવનને જોઇ ગયાં. એટલે આમોદમાં દીક્ષા આપવાનું માંડી વાળવામાં આવ્યું અને જૈનોની વસતી વગરના તીર્થધામ ગંધારમાં દીક્ષા આપવાનું નક્કી થયું. મુનિ મંગળવિજયજીએ એ કાર્ય માટે હિંમત દર્શાવી. તેઓ તથા મુનિ નયવિજયજી તથા મુનિ પ્રકાશવિજયજી કિશોર ત્રિભુવનની સાથે ૧૯ માઇલનો વિહાર કરી ગંધાર પહોંચ્યા. ગંધારમાં દીક્ષાના મુહૂર્તનો સમય થઇ ગયો હતો અને મુંડન માટે ગામમાંથી હજામને આવતાં વાર લાગી તો ત્યાં સુધી મુનિ મંગળ વિજયજીએ પોતે કેશલોચ ચાલુ કરી દીધો હતો. હજામ આવી પહોંચતાં

મુંડન થયું. આ રીતે પાંચ–સાત જણની વચ્ચે ત્રિભુવનનો દીક્ષાવિધિ ગુપ્ત રીતે થઇ ગયો. એમનું નામ મુનિ રામવિજય રાખવામાં આવ્યું.

દીક્ષા પછી મુનિ મંગળવિજયજી નવદીક્ષિત સાધુ સાથે વિહાર કરીને ભરૂચ પહોંચી ગયા. આ બાજુ એમની દીક્ષાના સમાચાર પાદરામાં પહોંચતાં ત્યાં બહુ ખળભળાટ મચી ગયો. સગા–સંબંધીઓમાં આ અંગે તુરત કાયદેસર પગલાં લેવાની વાતો થઇ. બીજી બાજુ દીક્ષિત ત્રિભુવનને બળજબરીથી ઉઠાવીને ઘરે લઇ આવવાની વાતો પણ વિચારાઇ. અલબત્ત દીક્ષાના સમાચાર સાંભળ્યા પછી દાદીમા રતનબાનું હૈયું. કંઇક ઢીલું પડયું. ત્રિભુવનને પાછો લઇ આવવા માટે જનારા સગાઓને આ બાબતમાં કંઇ ઉગ્ર બોલાચાલી કે ઝપાઝપી ન થાય તેવી રીતે વર્તવા તેમણે વિનંતિ કરી. સગાંઓ ભરૂચ પહોંચ્યા, પણ નવદીક્ષિત રામવિજયજી મહારાજ તો પોતાના નિર્ણયમાં મક્કમ હતા. એટલે સગાઓનું બહુ ચાલ્યું નહિ. તેઓ નિરાશ થઇને પાદરા પાછા ફર્યા અને દાદીમાં રતનબાને બધી વાત કરી. બનેલી પરિસ્થિતિ સાથે હવે મનથી સમાધાન કરવા સિવાય તેમને માટે બીજો કોઇ રસ્તો રહ્યો ન હતો.

દીક્ષા પછી રામવિજયજી મહારાજે સં. ૧૯૬૯ નું પ્રથમ ચાતુર્માસ સિનોર ગામમાં કર્યું. એ વખતે વ્યાખ્યાનની જવાબદારી શ્રી દાનવિજયજી મહારાજની હતી. પરંતુ એક દિવસ દાનવિજયજી મહારાજની તબિયત સારી ન હતી ત્યારે એમના ગુરુ ભગવંત વડીલ પંજાબી મહારાજ ઉપાધ્યાય શ્રી વીરવિજયજીએ નૂતન સાધુ પૂ. રામવિજયજીને વ્યાખ્યાન આપવા માટે ફરમાવ્યું, કારણ કે રામવિજયજીમાં એ શકિત એમણે નિહાળી હતી. પાટ ઉપર બિરાજી વ્યાખ્યાન આપવાનો રામવિજયજી માટે આ પહેલો જ પ્રસંગ હતો. પોતે ના પાડી છતાં ગુરુ ભગવંતની આજ્ઞા થતાં એ જવાબદારી એમણે સ્વીકારવી જ પડી. કયા વિષય ઉપર વ્યાખ્યાન આપવું એનો એમણે વિચાર કરી લીધો. સમકિતના સડસઠ બોલની સજઝાય પોતાને જે કંઠસ્થ હતી એના વિવેચનરૂપે એમણે સરસ વ્યાખ્યાન આપ્યું. ઉપાધ્યાય શ્રી વીરવિજયજીએ એ વ્યાખ્યાન સાંભળીને તે વખતે આગાહી કરી હતી કે રામવિજયજી ભવિષ્યમાં એક સમર્થ વ્યાખ્યાતા થશે અને પોતાના વિષયને તર્કબદ્ધ રીતે શ્રોતાઓ સમક્ષ રજૂ કરી શકશે.

મુનિ શ્રી રામવિજયને દીક્ષાના પહેલા વર્ષે જ એમને શરીરમાં પિત્ત પ્રકોપને કારણે દાહની અસહ્ય વેદના થઇ હતી. પરંતુ તે વખતે એમણે ચિત્તની પૂરી સમાધિ જાળવી હતી. ત્યાર પછી પણ પિત્તને કારણે જયારે જયારે એમને દાહ ઊપડતો ત્યારે તેઓ પૂરી સ્વસ્થતા ધારણ કરતા.

શ્રી રામવિજયજી મહારાજે વિ. સં. ૧૯૭૦ તથા ૧૯૭૧ ના ચાતુર્માસ ગુરુમહારાજ સાથે ભાવનગરમાં કર્યા. તે દરમિયાન ' કમ્મપયડી ' નો અભ્યાસ ગુરુ ભગવંત પાસે એમણે કર્યો હતો ત્યાર પછી પોતાના ગુરુ ભગવંતો સાથે જ તેઓ વિહાર કરતા રહ્યા હતા. એમના વિદ્યાભ્યાસ માટે પ્રત્યેક ચાતુર્માસમાં પંડિતોની વ્યવસ્થા કરવામાં આવતી. એને પરિણામે એમનો શાસ્ત્રીય અભ્યાસ ઘણો ઊંડો થયો હતો. એમની બુદ્ધિ શક્તિ ઘણી બધી ખીલી હતી. દીક્ષાના સાતમા વર્ષથી તો તેઓ સરસ વ્યાખ્યાન આપતા થઇ ગયા હતા. એટલી યુવાન વયે પણ એમના વ્યાખ્યાનનો પ્રભાવ શ્રોતાઓ ઉપર જબરદસ્ત પડતો. જે એમના જીવનના અંતપર્યન્ત રહ્યો હતો.

પૂજયશ્રી રામવિજયજી મહારાજની વાણીનો પ્રભાવ શ્રોતાઓ ઉપર એટલો બધો પડતો કે તે સાંભળીને કેટલાકના હૃદયમાં ત્યાગ–વૈરાગ્યનો ભાવ ઉભરાઇ આવતો. કેટલાકને દીક્ષા લેવાનું મન થતું. પૂ. શ્રી રામવિજયજીના અંગત સંપર્કમાં આવતી વ્યક્તિ ઉપર જાણે કે કોઇ પવિત્ર જાદુઇ અસર થતી. અને એમની પાસે દીક્ષા લેવાનું મન થતું. પૂ. રામવિજયજી મહારાજનું પોતાનું ચારિત્ર એટલી ઊંચી કોટિનું હતું. એમનો શાસ્ત્રાભ્યાસ ઘણો ઊંડો હતો. એમની તર્કશક્તિ અને બીજાને સમજાવવાની શૈલી એવી અદ્‌ભુત હતી અને એમનો વાત્સલ્યભાવ એટલો છલકાઇ રહેતો કે એમની પાસે દીક્ષા લેવાનો ઉમંગ 'પરિચયમાં આવનારને થઇ આવતો. યુવાનવયે જ અમદાવાદના કોટયાધિપતિ શેઠશ્રી જેશીંગલાલે તેમની પાસે દીક્ષા લીધી હતી. એ ઘટનાએ અનેક લોકોને આશ્ચર્યચકિત કરી દીધા હતા, આવા તો બીજા અનેક પ્રસંગો છે. પોતાના સ્વજન ઘર છોડીને દીક્ષા લે એ ઘટના કોઇ પણ કુટુંબને વ્યવહારુ દૃષ્ટિએ ન ગમે એ દેખીતી વાત છે. પૂજયશ્રી રામવિજયજી પાસે દીક્ષા લેનારાઓની સંખ્યા વધતી જતી હતી. એ સંજોગોમાં દીક્ષા વિરોધી વાતાવરણ પ્રસરે એ સ્વાભાવિક હતું. પોતાના પતિએ પૂ. રામવિજયજી પાસે દીક્ષા લીધી હતી એના વિરોધમાં રતનબાઇ નામની એક મહિલાએ એક જાહેરસભામાં રામવિજયજી પાસે જઇને ' મારો પતિ મને પાછો આપો ' એમ કહીને રામવિજયજીના કપડાં ખેંચવાનો પ્રયત્ન કર્યો હતો. આ ઝગડો કોર્ટ સુધી ગયો હતો અને કોર્ટે રામવિજયજીને નિર્દોષ જાહેર કર્યા હતા.

શ્રી રામવિજયજી મહારાજ ઉપર આવા જુદાં જુદાં કારણોસર જુદે જુદે સ્થળે મળીને લગભગ ત્રીસેક જેટલીવાર કોર્ટમાં જુબાની આપવા જવાનું થયું હશે. પરંતુ તે દરેકમાં કોર્ટે પૂ. મહારાજશ્રીને નિર્દોષ જાહેર કર્યા હતા.

સં. ૧૯૭૬ નું ચાતુર્માસ એમણે અમદાવાદમાં વિદ્યાશાળામાં કર્યું હતું. આઝાદી પૂર્વેના એ દિવસો હતા. ચાનું વ્યસન લોકોમાં વધતું જતું હતું. એ વખતે ચાનો વિરોધ પણ સખત થતો હતો. એ જમાનામાં અમદાવાદમાં રીચી રોડ (ગાંધી માર્ગ) પર આવેલી બે જાણીતી હોટેલોમાં આખો દિવસ ચા પીનારાનો ઘસારો રહેતો એમાં જૈનોની સંખ્યા પણ મોટી હતી. સાથે અભક્ષ્ય પણ ખવાતું. હોટેલમાં રોજનું સત્તર મણ દૂધ વપરાતું. એ વખતે રામવિજયજી મહારાજે એની સામે ઝુંબેશ ઉપાડી હતી. ઠેર ઠેર પ્રવચનો કર્યા હતા અને એ પ્રવચનોનો પ્રભાવ લોકો ઉપર એટલો બધો પડયો હતો કે હોટેલની ઘરાકી એકદમ ઘટી ગઇ અને રોજના સત્તર મણ દૂધને બદલે માત્ર બે ત્રણ મણ જેટલું દૂધ વપરાવા લાગ્યું હતું. આજે તો ચાના વ્યસનો કોઇ વિરોધ રહ્યો નથી. પણ એ જમાનામાં રામવિજયજી મહારાજની વાણીનો પ્રભાવ કેટલો બધો હતો તે આ ઘટના સૂચવે છે.

એ જ વર્ષમાં પ્રાણી હિંસાની એક બીજી વિચિત્ર ઘટના પણ અમદાવાદમાં બની હતી. અમદાવાદમાં તે સમયે કૂતરાંઓનો ત્રાસ વધતો જતો હતો. એ ત્રાસમાંથી બચવું હોય તો કૂતરાઓને મારી નાખવા જોઇએ એવો એક વિચાર વહેતો થયો હતો. આવા વિચારને જૈન સમાજ સ્વીકારે જ નહિ બલકે એનો સખત વિરોધ કરે એ દેખીતું છે. પરંતુ શરમજનક ઘટના તો એવી બની કે પાશ્ચાત્ય કેળવણી લીધેલા એક સુધારાવાદી નાસ્તિક શ્રીમંત જૈન ઉદ્યોગપતિએ લોકોની લાગણીને વધુ દુભવવા માટે જાણી જોઇને સંવત્સરિના પવિત્ર પર્વના દિવસે જ પોતાના બંગલાના કમ્પાઉન્ડમાં સાઠ જેટલાં કૂતરાંઓને મરાવી નાખ્યાં હતાં, આ ઘટનાનો ત્યારે જબરદસ્ત વિરોધ થયો હતો. કૂતરા મારવાની હિમાયત કરનારા સામે પૂ. રામવિજયજી મહારાજે પ્રખર આંદોલન ઉપાડયું હતું. પરણિામે કૂતરાઓને મારી નાખવાની હિમાયત કરતી પ્રવૃત્તિ તરત બંધ થઇ ગઇ હતી.

વિ. સં. ૧૯૭૬ નું વર્ષ અમદાવાદમાં મહત્ત્વનું બની ગયું હતું અમદાવાદમાં નવરાત્રીના દિવસો દરમિયાન માતાજીનો ઉત્સવ થતો અને દશેરાના દિવસે ભદ્રકાળી માતાના મંદિરમાં બલિ તરીકે એક બકરાનો વધ કરવાનો રિવાજ ચાલ્યો આવતો હતો. અમદાવાદ જેવી ધર્મનગરીમાં ધર્મના નામે એક મોટા પંચેન્દ્રિય જીવનો વધ કરવામાં આવે એ રિવાજ અસહ્ય થઇ પડયો હતો. એ બંધ કરાવવા માટે પૂ. રામવિજયજી મહારાજે અમદાવાદમાં ઉગ્ર આંદોલન ચાલુ કર્યું. પોળે પોળે જઇને એમણે પોતાના પ્રવચનમાં આજ વિષય પર ભાર મૂકયો અને આ હિંસક પ્રવૃત્તિ બંધ કરવા માટેના બધા જ ઉપાયો અજમાવી દેવા માટે ઉદ્‌બોધન કર્યું હતું. આ આંદોલનને પરિણામે અમદાવાદમાં ઠેર ઠેર આજ ચર્ચાનો વિષય બની ગયો. એમાં અહિંસા પ્રેમી હિન્દુઓ પણ જોડાયા. અમદાવાદમાં માણેકચોકમાં પચાસ હજારની મેદની સમક્ષ પૂ. રામવિજયજી મહારાજે જોરદાર ઉદ્‌બોધન કર્યું. એથી અમદાવાદમાં એક મોટું આંદોલન સર્જાયું. બીજી બાજુ સંઘો તરફથી કોર્ટનો આશ્રય લેવામાં આવ્યો અને કાનૂની કાર્યવાહી પણ કરાવાઇ. પરિણામે ભદ્રકાલી માતાના મંદિરના પૂજારીઓ ગભરાઇ ગયા. વિજયાદશમીના દિવસે ભદ્રકાલી માતાના મંદિર આગળ આ હિંસક પ્રથા અટકાવવા હજારો માણસ એકત્ર થઇ ગયા. આવા પ્રચંડ વિરોધની સામે પૂજારીઓને નમતું જોખવું પડયું અને બોકડાનો વધ થઇ શક્યો નહિ. લોકોએ હર્ષના પોકારો કર્યા. ત્યારથી ભદ્રકાલીના મંદિરમાં બકરાના વધની પ્રથા કાયમ માટે કાયદેસર બંધ થઇ ગઇ.

એ દિવસોમાં જૈન શાસનમાં એક વિચિત્ર ઘટના બનવા પામી હતી. લાલન નામના એક પંડિત ઘણા વિદ્વાન હતા. એમનાં પ્રવચનોનો પ્રભાવ લોકો ઉપર બહુ સારો પડયો હતો. એમનો એક જુદી કોટીનો અનુયાયીવર્ગ ઊભો થવા લાગ્યો હતો. એમના શિષ્યોમાં શિવજીભાઇ નામના એક શિષ્ય મુખ્ય હતા. લાલન જયાં જતા ત્યાં 'લાલન મહારાજ કી જય' ના જયનાદ એમના ભક્તજનો પોકારતા. એમના અનુયાયી વર્ગનો પંડિત લાલન પ્રત્યેની

ભક્તિનો અતિરેક એટલી હદ સુધી વધી ગયો કે તેઓ તેમને તીર્થંકર તરીકે માનતા. એક દિવસ લાલન મહારાજની એમના ભક્તોએ સિદ્ધગિરિ – શત્રુંજયની તળેટીમાં પચીસમાં તીર્થંકર તરીકે આરતી ઉતારી. આ ઘટનાએ જૈન સમાજમાં ઘણો ખળભળાટ મચાવી દીધો. તે સમયે આગમોદ્ધારક શ્રી સાગરાનંદજી મહારાજે આ ઘટનાનો સખત વિરોધ કર્યો હતો. પૂ. રામવિજયજી મહારાજે પણ આ ઘટના સામે આંદોલન જગાવ્યું હતું. એમણે પૂ. સાગરજી મહારાજ સાથે વિચાર વિનિમય કરીને આ બાબતમાં કંઇક કરવું જોઇએ તેવો નિર્ણય કર્યો હતો. એ સમયે સાગરનંદજી મહારાજના ભક્તોએ લાલન–શિવજી સામે આ બાબત અંગે અદાલતમાં કેસ દાખલ કર્યો હતો. અદાલતમાં જુબાની આપવા માટે છાણીથી ઉગ્ર વિહાર કરીને પૂ. સાગરજી મહારાજ સુરત આવી પહોંચ્યા હતા. શાસ્ત્રોના આધારે એમણે આપેલી સમર્થ જુબાનીને કારણે અદાલતનો ચૂકાદો લાલન–શિવજીની વિરુદ્ધ આવ્યો હતો.

એમ કહેવાય છે કે પંડિત લાલનને પોતાને તીર્થંકર તરીકે ઓળખાવવાની કોઇ ઇચ્છા નહોતી, પરંતુ ભક્તોના આગ્રહને તેઓ વશ થઇ ગયા હતા. એ માટે એમને પશ્ચાત્તાપ થયો હતો. ત્યાર પછી તો પંડિત લાલન અમદાવાદમાં પૂ. રામવિજયજી મહારાજના વ્યાખ્યાનમાં આવતા અને એ સાંભળીને તેમણે પોતાની ભૂલ માટે પોતાનો પ્રશ્ચાત્તાપ વ્યક્ત કર્યો હતો અને તેમના હૃદયનું પરિવર્તન થયું હતું.

દેવ દ્રવ્ય, બાળદીક્ષા, વ્યવહારુ કેળવણી, સમાજસુધારો, તિથિચર્ચા વગેરે વિષયોમાં પૂ. રામવિજયજી મહારાજ પોતાના વિચારો મોક્ષના લક્ષ્યની દૃષ્ટિથી તત્ત્વદર્શન અને શાસ્ત્રના આધારે સચોટ રીતે રજૂ કરતા, પરંતુ ફક્ત વર્તમાન વ્યવહારું ઉપયોગી દૃષ્ટિથી જ વિચારતા લોકો સાથે આવા વિષયોમાં વૈચારિક સંઘર્ષ થાય અને તેના આઘાત–પ્રત્યાઘાત પડે એ સ્વાભાવિક છે. પોતાના જીવનકાળ દરમિયાન પૂ. રામચંદ્રસૂરિજી મહારાજે આવા ઘણા ઝંઝાવાતો જોયા હતા અને તે દરેક પ્રસંગે તેઓ જરાપણ ચલાયમાન થયા નહોતા. પોતાના વિચારો અને પોતાના નિર્ણયમાં તેઓ હંમેશાં અડગ રહ્યા હતા. એમની આવી નીડરતાને કારણે એમને કેટલીકવાર સહન પણ કરવું પડતું પરંતુ તે તેઓ નિર્ભયતાથી સહન કરતા. એમના ઉપર ખૂન કરવાની ધમકીના પત્રો પણ ક્યારેક આવતા અને એથી એમના ગુરુ મહારાજ શ્રી પ્રેમવિજયજી રાત્રે ઉપાશ્રયમાં રામવિજયજીના સંથારાનું સ્થાન બદલાવી નાખતા. એમની વહોરવા માટેની ગોચરીમાં ઝેર ભેળવી દેવાશે એવી અફવાઓ પણ ઉડતી. એટલા માટે એમના એક શિષ્ય ચારિત્રવિજયજી ભક્તિભાવપૂર્વક સ્વેચ્છાએ પહેલાં પોતે ગોચરી વાપરી પછી જ એમને વાપરવા આપતા. રામવિજયજી મહારાજની યુવાન વયે આવી કેટલીક કનડગત થોડો સમય ચાલેલી.

પૂ. આચાર્ય ભગવંતે ગુજરાત અને રાજસ્થાન ઉપરાંત દિલ્હી, ઉત્તરપ્રદેશ, બિહાર, બંગાળ, કલકત્તા, સમેત શિખર, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક જેવા વિસ્તારોમાં સ્થળે સ્થળે વિહાર કરી પોતાની પ્રભાવક વાણીનો લાભ અનેક લોકોને આપ્યો હતો. અમદાવાદના પ્રેમાભાઇ હૉલમાં 'રામાયણમાં સંસ્કૃતિનો આદર્શ' ઉપરના તેમનાં વ્યાખ્યાનો, પાવાપુરીમાં ભગવાન મહાવીર સ્વામીના જીવનચરિત્ર પરનાં વ્યાખ્યાનો, રાજગૃહીમાં આગમસૂત્ર ઉપરની વાચના અને વ્યાખ્યાનો વગેરેએ અનેક લોકોને આકર્ષિત કર્યા હતા. એમના વ્યાખ્યાન દરમિયાન કોઇ પણ વ્યક્તિને કોઇપણ વિષય ઉપર પ્રશ્ન પૂછવાની છૂટ રહેતી અને કટલીયવાર તો આખું વ્યાખ્યાન પ્રશ્નોત્તરીરૂપ બની જતું. તેઓ વ્યાખ્યાનમાં ક્યારેય માઇક વાપરતા નહિ. યુવાનવયે એમનો અવાજ ઘણો બુલંદ હતો અને હજારોની મેદની તેમનું વ્યાખ્યાન શાંતિપૂર્વક સાંભળતી. વૃદ્ધાવસ્થામાં જીવનના અંત સુધી એમણે ક્યારેય વ્યાખ્યાન આપવાની બાબતમાં પ્રમાદ સેવ્યો નથી. અશક્તિ હોય, નાદુરસ્ત તબિયત હોય તો પણ તેઓ પાટ ઉપર બિરાજમાન થઇ અચૂક વ્યાખ્યાન આપતા. છેલ્લાં કેટલાક વર્ષોમાં તો એમનો અવાજ બધા શ્રોતાઓ સુધી પહોંચતો નહિ તો પણ શ્રોતાઓ સંપૂર્ણ શાંતિ જાળવીને એમના શબ્દોને પકડવા પ્રયત્ન કરતા. કેટલાય લોકોને એમના પ્રત્યે શ્રદ્ધાપૂર્વકનો એવો દૃઢ ભક્તિભાવ રહેતો કે પોતાને વ્યાખ્યાનમાં કશું સ્પષ્ટ સાંભળવા ન મળે તો પણ એમના પવિત્ર મુખારવિંદના દર્શન કરીને પણ તેઓ અનેરો ઉત્સાહ અનુભવતા.

પૂ. આચાર્ય ભગવંત જ્યાં જ્યાં વિચર્યા ત્યાં ત્યાં એમના પગલે પગલે અંજનશલાકા, પ્રતિષ્ઠા, દીક્ષા, વડી દીક્ષા, પદવીપ્રદાન, ઉપધાન, જિનમંદિરની વર્ષગાંઠ, રથયાત્રા, તીર્થંકર પરમાત્માના કલ્યાણકોની તથા અન્ય પર્વોની ઊજવણી, ઇત્યાદિ પ્રકારના ઉત્સવો સતત યોજાતા રહ્યા હતા. એમને પગલે પગલે ઉત્સવ થતો હતો. એમની પ્રેરણાથી સંઘ અને શાસનનાં ઘણાં મહત્ત્વનાં કાર્યો સ્થળે સ્થળે થયાં છે. પોતાના સુદીર્ઘ જીવનકાળ દરમિયાન એમના હાથે અંજનશલાકા, પ્રતિષ્ઠા કે દીક્ષાના પ્રસંગો વર્તમાન સમયમાં જેટલા થયા છે એટલા અન્ય કોઇથી થયાનું જાણ્યું નથી. ખંભાતમાં એક સાથે ૨૪ અને અમલનેરમાં એક સાથે ૨૬ વ્યક્તિઓએ એમની પાસે લીધી હતી. એમના પોતાના ૧૧૭ જેટલા શિષ્યો હતા. પ્રશિષ્યો મળીને એમને હાથે ૨૫૦ થી વધુ મુનિઓને અને ૫૦૦ થી વધુ સાધ્વીઓને દીક્ષા અપાઇ છે. એ ઘટના જૈન શાસનના ઇતિહાસમાં ઘણી મોટી ગણાશે. શતાધિક શિષ્ય–શિષ્યાઓ સાથે વિચરતા આચાર્ય ભગવંત તરીકે એમનું પુણ્યશ્લોક નામ સુદીર્ઘ કાળ સુધી ગુંજતું રહેશે.

પૂ. આચાર્ય ભગવંત પોતાના સાધુ સમુદાયમાં આચાર પાલન માટે બહુ જ ચુસ્ત રહ્યા છે. જરા સરખી શિથિલતાને પણ તેઓ ચલાવી લેતા નહિ. પરંતુ પોતાના દીક્ષિત સાધુઓને તેઓ પોતાની પ્રેરક વાણીથી અને વાત્સલ્યભાવથી એવા તો આત્માભિમુખ બનાવી દેતા કે જેથી એમના સાધુઓ સાંસારિક પ્રલોભનો કે લોકૈષણાથી ચલિત થતા નહિ. એકંદરે ફોટા પાડવા–પડવવાનું પણ એમના સમુદાયમાં નિષિદ્ધ રહ્યું છે. (અજાણતાં કોઇ પાડી લે તે જુદી વાત છે.) વિવિધ યોજનાઓ માટે ટ્રસ્ટો કરાવી, ધન એકત્રિત કરાવવાનું લક્ષ્ય પણ એમના સમુદાયમાં રખાયું નથી.

પૂ. આચાર્ય ભગવંત શાસનના કાર્યો માટે કે અનુકંપા જેવા વિષયો માટે પોતાની પ્રેરક વાણી વહાવતા, પરંતુ દાન આપવા માટે સીધી અપીલ કે વ્યક્તિગત દબાણ તેઓ ક્યારેય કરતા કે કરાવતા નહિ. પરંતુ એમના વક્તવ્યની અસર જ એવી થતી કે લોકો સામેથી દાન આપવા માટે હંમેશાં તત્પર રહેતા. એને પરિણામે એમની કોઇ પણ વાત ઉપર ધનની રેલમછેલ થઇ જતી. એમની આ એક વિશિષ્ટ લબ્ધિ હતી. એમના કાળધર્મ પ્રસંગે એક કરોડ કરતાં અધિક રકમ ઉછામણીમાં બોલાઇ તે એમના પ્રભાવક પુણ્યની પ્રતીતિ કરાવે છે.

સંસાર ભુંડો, દુઃખમય અને છોડવા જેવો છે, લેવા જેવો સંયમ છે અને મેળવવા જેવો મોક્ષ છે એ વાતનું નિરંતર લક્ષ રાખનાર અને રખાવનાર પરમ ગીતાર્થ પૂજ્યપાદ સ્વ. શ્રી રામચન્દ્રસૂરીશ્વરજીને કોટિ કોટિ ભાવભરી વંદના !

**□ રમણલાલ ચી. શાહ**

---

## શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

# વાર્ષિક સામાન્ય સભા

સંઘની વાર્ષિક સામાન્ય સભા શનિવાર, તા. ૧૨–૧૦–૧૯૯૧ ના રોજ સાંજના ૪–૩૦ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળશે, જે વખતે નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે :

(૧) ગત વર્ષના વૃત્તાંત તથા સંઘ તેમજ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજિક વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબો મંજૂર કરવા.

(૨) નવા વર્ષના અંદાજપત્રો મંજૂર કરવા.

(૩) પદાધિકારીઓ તેમજ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચૂંટણી.

(૪) સંઘ તેમજ વાચનાલય–પુસ્તકાલયના ઓડિટર્સની નિમણૂંક.

(૫) સંઘના આજીવન સભ્યનું લવાજમ રૂા. ૭૫૦/– કરવા માટે સમિતિની ભલામણ અંગે નિર્ણય.

ઉપર જણાવેલી વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં જણાવવાનું કે સંઘનો વૃત્તાંત તથા સંઘ તેમજ વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબો સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યાં છે. તા. ૧–૧૦–૯૧થી તા. ૧૦–૧૦–૯૧ સુધીના દિવસોમાં બપોરના ૧ થી ૫ સુધીમાં કોઇ પણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે. કોઇને પ્રશ્ન પૂછવાની ઇચ્છા હોય તો બે દિવસ અગાઉ લેખિત મોકલી આપવા વિનંતી.

વાર્ષિક સામાન્ય સભામાં સર્વ સભ્યોને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

**નિરુબહેન એસ. શાહ**
**પ્રવીણચંદ્ર કે. શાહ** મંત્રીઓ

# ભારતીય સંસ્કૃતિમાં ચક્ર

□ હેમાંગિની વી. જાઈ

ગીતાનાં કર્મચક્રપ્રવર્તનથી બુદ્ધના ધર્મચક્રપ્રવર્તન સુધી
શ્રીકૃષ્ણના સુદર્શનચક્રથી ગાંધીજીના ચરખાચક્ર સુધી
વિધાતાના વિશ્વચક્રથી, કુંભારના કુલાલચક્ર સુધી
યોગના સહસ્રારચક્રથી કોલગેટના સુરક્ષાચક્ર સુધી
બૌદ્ધોના પ્રાર્થનાચક્રથી જૈનોના સિદ્ધચક્ર અને હિન્દુના શ્રીચક્ર સુધી
સ્રીનાં કંકણથી શીખોના કડા સુધી
એકચક્રી શાસ્તા સૂર્યથી ચક્રવર્તી સમ્રાટો સુધી
ધર્મચક્રથી રાજચક્ર સુધી અને ઋતુચક્રથી કાલચક્ર સુધી..
નાનાં–મોટાં ચક્રોની કે મોટાં ચક્રોમાંના નાનાં ચક્રોની
અબાધિત શાશ્વત ગતિ છે.

નિસર્ગના ચક્રનેમિક્રમમાં કઇ વસ્તુ ક્યારે ઊર્જિત દશાને પામે તે કહેવું મુશ્કેલ છે. શતકાનુશતક સારનાથની ધૂળમાં રગદોળાતા સમ્રાટ અશોક નિર્મિત સચક્ર સિંહસ્તંભનું ભાગ્યચક્ર ફર્યું અને ભારતમાં સાર્વભૌમત્વના પ્રતીક તરીકે એને માનભર્યું સ્થાન મળ્યું. તે સર્વમાન્ય અને સર્વપૂજ્ય ઠર્યો. તેની નીચે નવું કાંઇ પણ ઉમેરાયું હોય તો ફક્ત " સત્યમેવ જયતે "

આ સિંહસ્તંભ એટલે સમ્રાટ અશોકનું મહત્ત્વપૂર્ણ સ્મારક. સમ્રાટની પદવી એ જ માત્ર અશોકનું વૈશિષ્ટ્ય નથી; તે ઉદારહૃદયી અને પરમકારુણિક હતો આ તેનું ખરું વૈશિષ્ટ્ય. બૌદ્ધધર્મ અને સંઘ સાથે એનો જીવોભાવનો સંબંધ હતો. માનવના હૃદયમાં નૈતિક ભાવનાની પ્રતિષ્ઠા કરવી એ બૌદ્ધધર્મનું ઇંગિત છે, એમ માનનાર સમ્રાટ અશોકે આ મહાન કાર્યની પ્રતિષ્ઠા માટે પોતાનું અમૂલ્ય જીવન સમર્પિત કર્યું. સંતપણું અને રાજવીપણું–સદૈવ દૂર રહેનારી આ બે પ્રવૃત્તિઓનો દુગ્ધ – શર્કરાસંગમ ભારતના ઇતિહાસમાં સર્વપ્રથમ ભગવાન બુદ્ધના આ અનુયાયી સમ્રાટ અશોકના ચરિત્રમાં મળે છે.

ભગવાન બુદ્ધને સંબોધિ પ્રાપ્ત થઇ પછી સારનાથમાં પહેલું પ્રવચન કર્યું. આ ઘટનાને બૌદ્ધ સાહિત્યમાં ધર્મચક્રપ્રવર્તન કહે છે. ધર્મચક્રને ગતિ આપવાનું કાર્ય કેવળ જ્ઞાનબલસંપન્ન વ્યક્તિ જ કરવા સમર્થ છે પણ ગતિમાન થયેલા ચક્રને અટકાવવું દેવોને પણ અશક્ય છે એવી બૌદ્ધોની કલ્પના છે. ચક્રનો વર્તુળાકાર સાતત્યસૂચક છે. બુદ્ધે ધર્મચક્ર પ્રવર્તિત કર્યું અને તે માર્ગસ્થ થયું હવે સાક્ષાત બુદ્ધ પણ તેની ગતિ અવરોધી શકશે નહિ એવી બૌદ્ધોની માન્યતા છે.

આ ધર્મચક્ર અખંડ ગતિમાન રહે માટે અશોકે ભગીરથ પ્રયત્ન કર્યા. સારનાથના અશોકસ્તંભ (સિંહસ્તંભ) પર જે ચક્ર છે તેને આપણે ધર્મચક્ર તરીકે ઓળખીએ છીએ. લોકસેવા અને લોકકલ્યાણ આ બન્નેમાં અશોક ધર્મના રહસ્યનું દર્શન કરે છે. ગીતાની પરિભાષામાં એને જ લોકસંગ્રહ કાજે પ્રવર્તિત કરેલું યજ્ઞચક્ર અથવા કર્મચક્ર એવી સંજ્ઞા છે.

एवं प्रवर्तितं चक्रं नानुवर्तयतीह य : ।
अघायुरिन्द्रियारामो मोघं पार्थ स जीवति ॥ ३.१६

कर्मणैव हि संसिद्धिमास्थिता जनकायदय : ।
लोकसंग्रहमेवापि संपश्यन्कर्तुमर्हसि ॥ ३.२०

અર્થાત આ યજ્ઞચક્રનું જે અનુસરણ કરતો નથી તેનું જીવન વ્યર્થ છે. તે ઇન્દ્રિયારામ અને પાપાચારી છે.

કર્મ કરીને જ જનકાદિ પરમ સિદ્ધિપદ પામ્યા છે. લોકસંગ્રહને ધ્યાનમાં રાખીને પણ કર્મ કરતા રહેવું તે જ ઇષ્ટ છે.

ધર્મચક્રને સન્માર્ગસ્થ કરવું એટલે દેવોનું જ કાર્ય કરવું એવી બૌદ્ધોની માન્યતા છે. તેના પ્રતીકરૂપે બૌદ્ધવિહારોમાં પ્રાર્થનાચક્રો હોય છે. માત્ર હિંદમાં જ નહી, બેબિલોનમાં પણ આવાં ચક્ર હોવાનો ઉલ્લેખ છે.

ભગવાન બુદ્ધ ધર્મચક્રનું પ્રવર્તન કરે છે. ચક્રેશ્વરી તીર્થંકર શ્રી ઋષભનાથની શાસનદેવી છે, જેને કારણે જૈન શિલ્પકલામાં એને માનભર્યું સ્થાન છે. ગીતાના યોગેશ્વર શ્રીકૃષ્ણ કર્મચક્રના પ્રવર્તક છે, એમનું આયુધ પણ સુદર્શન ચક્ર છે. ચક્રધર વિષ્ણુ વિશ્વચક્રને શાશ્વત ગતિમાન રાખે છે, તો સૂર્ય કાલચક્રનો ચાલક છે.

આ કાલચક્રનો સાક્ષાત્કાર સર્વપ્રથમ થયેલો ઋગ્વેદના દીર્ઘતમા ઋષિને

द्वादशारं न हि तज्जराय ।
ववर्ति चक्रं परि धामृतस्य ॥ ऋग्वेद १.१६४.११

અર્થાત કદીયે જર્જરિત ન થતું આ બાર આરાવાળું દિવ્યચક્ર આકાશમંડળમાં નિરંતર ભ્રમણ કરે છે.

બારના અંકનો અને સૂર્યનો સમવાયી સંબંધ છે. દ્વાદશી સૂર્યની તિથિ છે. આદિત્યોની સંખ્યા ૧૨ છે. સંસ્કૃતમાં પ્રસિદ્ધ ઉક્તિ છે –द्वादशात्मा दिवाकरः । હિંદુ સંસ્કૃતિ મૂળે દ્વાદશમાન પદ્ધતિને અનુસરનારી છે. દશાંશ પદ્ધતિ અહીં પાછળથી વિકસી. આપણી બારાખડીના અક્ષર બાર. સંગીતમાં સ્વર બાર, કુંડળીના ભાવ ૧૨, જ્યોતિષમાં રાશિઓ ૧૨, વર્ષના મહિના ૧૨, ડઝનના નંગ ૧૨, ફૂટના ઇંચ ૧૨, બોલી બદલે તેય બાર ગાઉએ અને બાવો બોલે તે ય બારે વરસે. જીવનમાં સુખદુઃખની બારમાસી અને મરણ પછીનું ય બારમું. બાર હાથનું બી અને વાગ્યા તો ય બાર.

જૈનોના અંગસૂત્રોની સંખ્યા બાર. વળી જૈનોમાં કહે – છઠ્ઠ અઠ્ઠમ દશમ દ્વાદશ કરે તપ ઉપવાસ. વૈષ્ણવોનો મોટો મંત્ર " ૐ નમો ભગવતે વાસુદેવાય " તે ય દ્વાદશાક્ષરી. બૌદ્ધોમાં દ્વાદશાયતન તનુની કલ્પના છે, અર્થાત માનવદેહ એ – પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, મન અને બુદ્ધિ મળીને બાર તત્ત્વોનું આયતન છે.

જો કે બારના અંકનો વિશેષ વિસ્તાર કરવો અહી અપ્રસ્તુત છે. મૂળ મુદ્દત પર આવીએ. કાલચક્રના ચાલક સૂર્યનો અને બારની સંખ્યાનો કોઇ ગૂઢ સંબંધ છે. સૂર્યનો સંબંધ ચક્ર સાથે પણ જોડયો છે. સૂર્ય એકચક્રી રથથી ગગનમાર્ગ આક્રમિત કરે છે. એવી વૈદિક ઋષિઓની કલ્પના છે. રવીન્દ્રનાથનો ભાવુક આત્મા સૂર્યમૂખીના ફૂલમાં સૂર્યના ચક્રનાં દર્શન કરે છે

પૃથ્વી સૂર્યની આસપાસ ચક્રાકાર ભ્રમણ કરે છે અને દિવસ–રાત્રિનું નિર્માણ કરે છે, અહોરાત્રચક્ર ફરતું થાય છે. ફાગણ ચૈત્રની સાથે હસ્તધૂનન કરે છે અને માસચક્ર ચાલુ થાય છે. વર્ષાનો પાલવ શરદને અડે છે અને ઋતુચક્ર ગતિમાન થાય છે. ઋતુચક્ર સંવત્સર ચક્રને પ્રવર્તિત કરે છે. આકાશગંગારૂપી ચક્રમાં સૂર્ય ભ્રમણ કરે છે અને કાલચક્રને અબાધિત રાખે છે.

મહાભારત એક આખ્યાન છે. મહાભારતના આદિ પર્વમાં આ કાલચક્રનો ઉલ્લેખ રસપ્રદ કથાનકના રૂપમાં કર્યો છે. ઉત્તંકના કુંડળો તક્ષકે તફડાવ્યા. તક્ષકનો પીછો કરતાં ઉત્તંક પાતાળમાં પ્રવેશ્યો. ત્યાં તેણે અનેક આશ્ચર્યો જોયાં. તેમાનું એક તે ફરતું ચક્ર. આ ચક્રના ૩૬૦ આરા હતા. ૨૪ પુઠ્ઠાથી તેને બાંધેલું હતું. ૬ કુમારો તેને ફેરવતા હતા. આ ચક્ર એટલે વર્ષચક્ર. ૨૪ પૂઠ્ઠાં એટલે વર્ષના ૨૪ શુકલ–કૃષ્ણ પક્ષ. અને ૬ કુમારો એટલે ૬ ઋતુઓ.

તક્ષક સર્પ છે. અધ્યાત્મની પરિભાષામાં સર્પને કાળની ઉપમા આપવામાં આવી છે. ઉદાહરણતઃ શ્રીમદ્ ભાગવતમાં कालव्यालमुखग्रासः અર્થાત જીવમાત્ર કાળસર્પનો કોળિયો છે. સર્પની ગતિ કળાતી નથી પણ દંશ કળાય છે. સંસાર/જીવન સર્પની જેમ સરકે છે. જીવનની ગતિ કળાતી નથી, વર્ષોનાં વ્હાણાં વાય કળાતું નથી કિન્તુ મરણનો દંશ કળાય છે. હિંદુઓના બે મોટા દેવ શિવ અને વિષ્ણુ – શિવ નાગભૂષણ છે, એ કાળને ક્રીડાનું સાધન સમજે છે. વિષ્ણુ કાળને શય્યા બનાવી શેષનાગ પર પોઢેલા છે. બન્ને કાલાતીત છે.

આ તો થઇ કેવળ મહાભારતની વાત. કિન્તુ ભારતમાં અતિ પ્રાચીન કાળથી દર્શનશાસ્રોમાં કુંભારના ચાકને અર્થાત કુલાલચક્રને સૃષ્ટિ ઉત્પત્તિનું પ્રતીક માનવામાં આવ્યું છે. વિધાતાને કુંભારની અને વિશ્વચક્રને કુલાલચક્રની ઉપમા આપણા પ્રાચીનગ્રંથોમાં આપવામાં આવી છે.

ચક્ર ભારતમાં પૂર્ણતાનું પ્રતીક છે. જેને બૌદ્ધો શૂન્ય કહે છે તેને જ ઉપનિષદો પૂર્ણ કહે છે. ઉપનિષદના કાળમાં ચક્રને ગૂઢ શક્તિનું પ્રતીક માન્યું છે.

सर्वाजीवे सर्वसंस्थे बृहन्ते तस्मिन हंसो भ्राम्यते ब्रह्मचक्रे।
पृथगात्मानं प्रेरितारं च मत्वा जुष्टेस्ततस्तेनामृतत्वमेति ॥

અર્થાત સમસ્ત જીવોનું જે જીવન છે અને પ્રાણીમાત્રનું અધિષ્ઠાન છે તે બ્રહ્મચક્રમાં આત્મરૂપી હંસલો જીવાત્મા અને પરમાત્માને ભિન્ન માની ભમ્યા કરે છે. પરંતુ જે ક્ષણે અભિન્નતાની અનુભૂતિ થાય છે તે ક્ષણે અમૃતત્વને પામે છે.

પૂર્ણતાના પ્રતીક ઉપરાંત ચક્ર શાશ્વતગતિ અને સંરક્ષણનું પણ પ્રતીક છે. સ્રીનાં કંકણ, બાળકોની વાળીઓ, પગનાં કડાં, કાનની કડીઓ, શીખોનું

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુંબઈ
### તા. ૩૧ મી માર્ચ ૧૯૯૧ ના દિવસનું સરવૈયું

| ૧૯૯૦ | ફંડો અને દેવું | | ૧૯૯૧ |
|---|---|---|---|
| | **રીઝર્વ ફંડ** | | |
| ૧૪૧૪૭૯૧=૧૮ | ગયા સરવૈયા મુજબ બાકી | ૧૪૮૭૯૯૮=૧૮ | |
| ૫૮૧૦૭=૦૦ | ઉમેરો : આજીવ સભ્યોનાં : | ૨૫૦૪૫=૦૦ | |
| | લવાજમના વસુલ (નેટ) | | |
| ૧૫૦૦૦=૦૦ | પેટ્રન સભ્યોના લવાજમના | ૩૦૦૦=૦૦ | |
| ૧૪૮૭૯૯૮=૧૮ | | | ૧૫૧૫૯૪૩=૧૮ |
| | **અન્ય ફંડો** | | |
| ૧૩૧૨૭૬૯=૩૫ | પરિશિષ્ટ અ મુજબ | | ૧૩૭૪૦૭૫=૯૦ |
| | **દેવું** | | |
| ૬૫૬૦૬=૫૯ | સ્ટાફ પ્રોવિડન્ડ ફંડના | ૪૭૯૪૯=૯૪ | |
| ૧૨૦=૦૦ | અગાઉથી આવેલ લવાજમના | ૦=૦૦ | |
| ૧૬૦૬૦૧=૩૭ | પરચુરણ દેવું | ૨૪૦૬૪૨=૮૭ | |
| ૨૨૬૩૨૭=૯૬ | | | ૨૮૮૫૯૨=૮૧ |
| | **શ્રી જનરલ ફંડ** | | |
| | વર્ષ દરમિયાન ખર્ચ કરતાં | | |
| | આવકમાં વધારો | ૧૮૭૧૩૦=૪૨ | |
| | બાદ : ગયા સરવૈયા મુજબ ઉધાર | ૮૯૮૮૧=૨૯ | |
| | | | ૯૭૨૪૯=૧૩ |
| ૩૦૨૬૯૯૫=૪૯ | | આગળ લઈ ગયા | ૩૨૭૫૮૬૧=૦૨ |

| ૧૯૯૦ | મિલ્કત અને લેણું | | ૧૯૯૧ |
|---|---|---|---|
| | **બ્લૉક (કરાર મુજબ)** | | |
| | રસધારા કો. ઓ. હા. સો. લિ. | | |
| ૫૧૨૩૦=૪૦ | ગયા સરવૈયા મુજબ બાકી | | ૫૧૨૩૦=૪૦ |
| | ઈન્વેસ્ટમેન્ટસ (ચોપડાં પ્રમાણે) | | |
| | પરિશિષ્ટ બ પ્રમાણે | | |
| ૨૮૩૫૦=૦૦ | શેરો તથા ડિબેન્ચર્સ | ૨૮૩૫૦=૦૦ | |
| ૨૦૨૦૦૦=૦૦ | યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા યુનિટો | ૨૦૨૦૦૦=૦૦ | |
| ૧૭૫૫૦૦૦=૦૦ | ગર્વ. કું. માં ડીપોઝીટ | ૧૯૮૫૦૦૦=૦૦ | |
| ૬૬૫૦૦૦=૦૦ | બેન્કોમાં ફિક્સ ડીપોઝીટ | ૬૬૫૦૦૦=૦૦ | |
| ૨૬૫૦૩૫૦=૦૦ | | | ૨૮૮૦૩૫૦=૦૦ |
| | **ફર્નીચર અને ફિક્ષર** (ચોપડા પ્રમાણે) | | |
| ૩૧૩૪૧=૨૪ | ગયા સરવૈયા મુજબ બાકી | ૩૧૩૪૧=૨૪ | |
| ૧૧૬૭૬=૨૪ | બાદ : કુલ ઘસારાના ૧૯૮૯ સુધી ૧૩૬૪૨=૨૪ | | |
| ૧૯૬૬૫=૦૦ | ચાલુ વર્ષ દરમિયાન ઘસારાના ૧૦% ૧૭૬૯=૦૦ | | |
| ૧૯૬૬=૦૦ | | ૧૫૪૧૧=૨૪ | |
| ૧૭૬૯૯=૦૦ | | | ૧૫૯૩૦=૦૦ |
| | **ડીપોઝીટ** | | |
| ૧૨૫=૦૦ | પોસ્ટ ઓફિસમાં | ૧૨૫=૦૦ | |
| ૧૩૨૫=૦૦ | બી. ઈ. એસ. ટી | ૧૩૨૫=૦૦ | |
| ૩૬૦=૦૦ | ટેલિફોન અંગે | ૩૬૦=૦૦ | |
| ૧૧૦૦=૦૦ | બિરલા ક્રીડા કેન્દ્ર | ૧૧૦૦=૦૦ | |
| ૨૯૧૦=૦૦ | | | ૨૯૧૦=૦૦ |
| | **લેણું : સધ્ધર** | | |
| ૧૮૫૭૯=૬૨ | શ્રી એમ.એમ. શાહ સા.વા. પુસ્તકાલય | ૪૬૭૫૬=૦૨ | |
| ૨૫૦૫૦=૩૨ | ઈન્કમટેક્ષ રિફંડ | ૧૭૫૬૮=૦૦ | |
| ૫૭૫૧૯=૪૦ | ડિબેન્ચરો તથા ડીપોઝીટ પર ચઢેલ વ્યાજની | ૮૦૩૭૧=૬૦ | |
| ૪૮૫૦૭=૮૫ | સ્ટાફ પાસે | ૪૨૯૫૮=૮૫ | |
| ૧૫૦૫૩=૨૫ | ખર્ચ અંગે અને પરચુરણ લેણું | | |
| ૧૬૪૭૧૦=૪૪ | | | ૧૮૭૬૫૪=૪૭ |
| ૨૮૮૬૯૯=૮૪ | | આગળ લઈ ગયા કુલ | ૩૧૩૮૦૭૪=૮૭ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩૦૨૬૯૯૫=૪૯ | પાછળથી લાવ્યા | ૩૨૭૫૮૬૧=૦૨ | ૨૮૮૯૮૯૯=૮૪ | પાછળથી લાવ્યા | | ૩૧૩૮૦૭૪=૮૭ |
| | | | | **રોકડાં તથા બેન્ક બાકી** | | |
| | | | ૬૫૪૫=૮૩ | બેન્ક ઓફ ઈન્ડિયા ચાલુ ખાતે | ૯૩૨૪=૩૩ | |
| | | | ૪૩૬૬૧=૮૭ | બેન્ક ઓફ ઈન્ડિયા બચત ખાતે | ૧૨૮૨૬૫=૦૧ | |
| | | | ૬=૬૬ | રોકડ પુરાંત | ૧૯૬=૮૧ | |
| | | | ૫૦૨૧૪=૩૬ | | | ૧૩૭૭૮૬=૧૫ |
| | | | | **શ્રી જનરલ ફંડ** (આવક ખર્ચ ખાતુ) | | |
| | | | ૨૫૦૦૦=૦૦ | શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના આવેલ | | |
| | | | ૧૦૦૦૦૦=૦૦ | શ્રી કિશોર ટિંબડીઆ કેળવણી યોજનાના આવેલ | | સામી બાજુ પ્રમાણે |
| | | | ૩૪૬૩૨૫=૦૨ | ઉમેરો : વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો | | |
| | | | ૪૭૧૩૨૫=૦૨ | | | |
| | | | ૩૮૧૪૪૩=૭૩ | બાદ : ગયા સરવૈયા મુજબ જમા હતાં | | |
| | | | ૮૯૮૮૧=૨૯ | | | |
| ૩૦૨૬૯૯૫=૪૯ | | કુલ રૂા. ૩૨૭૫૮૬૧=૦૨ | ૩૦૨૬૯૯૫=૪૯ | | | કુલ રૂા. ૩૨૭૫૮૬૧=૦૨ |

**ઓડીટરનો રિપોર્ટ :**

અમોએ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુંબઇ તા. ૩૧-૩-૧૯૯૧ ના દિવસનું ઉપરનું સરવૈયું મજકુર સંઘના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે, અને અમારા ધી મુંબઇ પબ્લીક ટ્રસ્ટ એક્ટ અનુસાર જુદા રિપોર્ટ આધીન બરાબર છે.

મુંબઇ, તા. ૧૮-૭-૧૯૯૧ ઉત્તમચંદ સાંકરચંદ શાહ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડિટર્સ

પ્રમુખ, મંત્રી, ટ્રેઝરર, ટ્રસ્ટી

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુંબઈ

## તા. ૩૧-૩-૯૧ ના દિવસના સરવૈયામાં બતાવેલ ટ્રસ્ટ ફંડો અને ટ્રસ્ટ ખાતાઓનું વિગત દર્શાવતું પરિશિષ્ટ : અ

| અનુક્રમ | | તા. ૧-૪-૯૦ ના રોજ | વર્ષ દરમિયાન ભેટ | હવાલા | વ્યાજના હવાલા | વર્ષ દરમિયાન ખર્ચ | તા. ૩૧-૩-૯૧ ના રોજ |
|---|---|---|---|---|---|---|---|
| | **(૧) ટ્રસ્ટ ફંડો** | | | | | | |
| ૧ | શ્રી મકાન ફંડ : | ૪૧૮૪=૬૯ | | | | | ૪૧૮૪=૬૯ |
| ૨ | શ્રી પુસ્તક પ્રકાશન ખાતું | ૨૧૭૦૧=૦૯ | | | | | ૨૧૭૦૧=૦૯ |
| ૩ | શ્રી પ્રબુદ્ધ જીવન કાયમી ફંડ | ૨૦૦૦=૦૦ | | | | | ૨૦૦૦=૦૦ |
| ૪ | શ્રી વિદ્યાસત્ર પ્રવૃત્તિ ખાતું | ૪૫૦૦૦=૦૦ | | | | | ૪૫૦૦૦=૦૦ |
| ૫ | શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ પર્યુષણ | ૨૭૫૦૦૦=૦૦ | ૨૫૦૦૦=૦૦ | | | | ૩૦૦૦૦૦=૦૦ |
| ૬ | શ્રી આ. વિજય વલ્લભસૂરિ સ્મારક વ્યાખ્યાન ફંડ શ્રેણી | ૭૫૦૦૦=૦૦ | | | | | ૭૫૦૦૦=૦૦ |
| ૭ | શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહ શ્રેષ્ઠ લેખક પારિતોષિક ફંડ | ૧૧૦૦૦=૦૦ | | | | | ૧૧૦૦૦=૦૦ |
| ૮ | શ્રી ધીરજબહેન દીપચંદ રમકડાં ઘર | ૭૦૦૦૬=૪૯ | | | | | ૭૦૦૦૬=૪૯ |
| ૯ | શ્રી મહાવીર વંદના સ્નેહ મિલન | ૧૫૦૦૦૦=૦૦ | | | | | ૧૫૦૦૦૦=૦૦ |
| ૧૦ | શ્રી અનાજ રાહત ફંડ | ૭૪૨૪૬=૦૦ | | | | | ૭૪૨૪૬=૦૦ |
| ૧૧ | શ્રી મોહનલાલ મહેતા – 'સોપાન' પારિતોષિક ફંડ | ૧૫૦૦૦=૦૦ | | | | | ૧૫૦૦૦=૦૦ |
| ૧૨ | શ્રી વસંત વ્યાખ્યાનમાળા ફંડ | ૫૧૦૦૦=૦૦ | | | | | ૫૧૦૦૦=૦૦ |
| ૧૩ | શ્રી કિશોર ટિંબડિઆ કેળવણી યોજના ફંડ | ૧૦૦૦૦૦=૦૦ | ૫૦૦૦=૦૦ | | | | ૧૦૫૦૦૦=૦૦ |
| | | કુલ રૂા. ૮૯૪૧૩૮=૨૭ | ૩૦૦૦૦=૦૦ | | | | ૯૨૪૧૩૮=૨૭ |
| | **(૨) ટ્રસ્ટ ખાતાઓ :** | | | | | | |
| ૧ | શ્રી પ્રેમળ જ્યોતિ પ્રવૃત્તિ ખાતુ | ૨૫૭૨૦૫=૧૧ | ૧૭૭૬૦૯=૦૦ | ૧૦૦૧=૦૦ | | ૯૭૨૧૮=૦૫ | ૩૩૮૫૯૭=૦૬ |
| ૨ | શ્રી દીપચંદ ત્રિ. શાહ ટ્રસ્ટ | ૬૩૫૨૨=૬૨ | ૫૮૮૦=૦૦ | | ૬૩૫૨=૦૦ | ૨૫૦૧૬=૦૦ | ૫૦૭૩૮=૬૨ |
| ૩ | શ્રી સી. યુ. શાહ મેડિકલ એઈડ | ૩૫૮૬૯=૮૫ | | | | ૩૫૮૬૯=૮૫ | ૦=૦૦ |
| ૪ | શ્રી સરસ્વતી ડાહ્યાભાઈ ઝવેરી ચશ્માઘર | ૩૦૪૨૫=૫૦ | ૫૩૦૦=૦૦ | | | ૧૩૮૨=૦૦ | ૩૪૩૪૩=૫૦ |
| ૫ | શ્રી મોહનલાલ મહેતા 'સોપાન' પારિતોષિક ફંડ : આવક ખર્ચ ખાતું. | ૨૦૦૦=૦૦ | | | ૧૫૦૦=૦૦ | ૧૫૦૦=૦૦ | ૨૦૦૦=૦૦ |
| ૬ | શ્રી ધીરજબહેન દીપચંદ રમકડાં ઘર :આવક ખર્ચ ખાતું. | ૦=૦૦ | ૧૦૧૬૫=૦૦ | | ૭૦૦૦=૦૦ | ૧૦૮૫૫=૦૫ | ૬૨૦૯=૯૫ |
| ૭ | શ્રી અનાજ રાહત ફંડ : આવક ખર્ચ ખાતું. | ૭૪૧૦=૧૦ | ૯૭૦૬=૦૦ | | ૭૪૨૪=૦૦ | ૧૯૫૯૩=૦૦ | ૪૯૪૭=૧૦ |
| ૮ | શ્રી વિદ્યાસત્ર : આવક ખર્ચ ખાતું | ૩૩૨૮=૯૦ | | | ૪૫૦૦=૦૦ | ૪૪૭૩=૦૦ | ૩૩૫૫=૯૦ |
| ૯ | શ્રી આ વિજય વલ્લભસૂરિ સ્મારક વ્યાખ્યાન શ્રેણી : આવક ખર્ચ ખાતું | ૭૦૯૯=૦૦ | ૧૫૧=૦૦ | | | | ૭૨૫૦=૦૦ |
| ૧૦ | શ્રી સ્નેહ સંમેલન : આવક ખર્ચ ખાતું | ૧૧૬૭૦=૦૦ | | ૧૧૫૮૮=૦૦ | ૧૫૦૦૦=૦૦ | ૩૮૨૫૮=૦૦ | ૦=૦૦ |
| ૧૧ | શ્રી પર્યુષણ વ્યાખ્યાનમાળા : આવક ખર્ચ ખાતું | ૦=૦૦ | | ૨૬૨૧૫=૯૫ | ૨૮૧૨૫=૦૦ | ૫૪૩૪૦=૯૫ | ૦=૦૦ |
| ૧૨ | શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહ : શ્રેષ્ઠ લેખક આવક ખર્ચ ખાતુ. | ૧૦૦=૦૦ | | ૫૦=૦૦ | ૧૧૦૦=૦૦ | ૧૨૫૦=૦૦ | ૦=૦૦ |
| ૧૩ | શ્રી વસંત વ્યાખ્યાનમાળા આવક ખર્ચ ખાતુ | ૦=૦૦ | | ૯૨૩૧=૭૦ | ૫૧૦૦=૦૦ | ૧૪૩૩૧=૭૦ | ૦=૦૦ |
| ૧૪ | શ્રી કિશોર ટિંબડિઆ કેળવણી યોજના સ્કોલરશીપ ફંડ આવક ખર્ચ ખાતું | ૦=૦૦ | | | ૧૦૦૦૦=૦૦ | ૭૬૯૫=૦૦ | ૨૩૦૫=૦૦ |
| ૧૫ | શ્રી પરિસંવાદ આવક ખર્ચ ખાતું | ૦=૦૦ | ૭૦૦૦=૦૦ | | | ૬૮૦૯=૫૦ | ૧૯૦=૫૦ |
| | | ૧૩૧૨૭૬૯=૩૫ | ૨૪૫૮૧૧=૦૦ | ૪૮૦૮૬=૬૫ | ૮૬૧૦૧=૦૦ | ૩૧૮૬૯૨=૧૦ | ૧૩૭૪૦૭૫=૯૦ |

મુંબઈ તા. ૨૮-૭-૧૯૯૧ ઉત્તમચંદ સાંકરચંદ શાહ : ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ : ઓડિટર્સ

પ્રમુખ, મંત્રી, ટ્રેઝરર, ટ્રસ્ટી

## પરિશિષ્ટ : બ

### તા. ૩૧-૩-૯૧ ના રોજ ઈન્વેસ્ટમેન્ટ

| ૧૯૯૦ | (૧) શેરો અને ડિબેન્ચરો | | |
|---|---|---|---|
| ૫૦૦=૦૦ | રસધારા કો. ઓ. હા. સો. લિ. શેર ૧૦ | | ૫૦૦=૦૦ |
| ૫૦૦=૦૦ | | | |
| ૪૦૦૦=૦૦ | તાતા ઓઈલ કું. લિ. ડિબેંચરો ૨૦૦ | ૪૦૦૦=૦૦ | |
| ૧૫૦૦૦=૦૦ | બોમ્બે ડાઈંગ એન્ડ મેન્યુ કું. લિ. ૧૫૦ | ૧૫૦૦૦=૦૦ | |
| ૩૦૦૦=૦૦ | વોલ્ટાસ લિ. | ૩૦૦૦=૦૦ | |
| ૫૮૫૦=૦૦ | તાતા લોકો એન્ડ એ. કું. લિ. બોન્ડ | ૫૮૫૦=૦૦ | |
| ૨૭૮૫૦=૦૦ | | | ૨૭૮૫૦=૦૦ |
| ૨૦૨૦૦૦=૦૦ | (૨) યુનિટ ટ્રસ્ટ ઓફ ઈં. ના યુનિટો | | ૨૦૨૦૦૦=૦૦ |
| | (૩) ગર્વ. કું. ફિક્સ ડીપોઝીટ | | |
| ૩૫૦૦૦=૦૦ | હિન્દુસ્તાન ઝિંક લિ. | | |
| ૪૦૦૦૦૦=૦૦ | ભારત પેટ્રો. કોર્પોરેશન | ૩૪૦૦૦૦=૦૦ | |
| ૪૦૦૦૦=૦૦ | રાષ્ટ્રીય કેમિકલ્સ એન્ડ ફર્ટીલાઈઝર | ૪૦૦૦૦=૦૦ | |
| ૫૮૦૦૦૦=૦૦ | સ્ટીલ ઓથોરિટી ઓફ ઈ. લિ. | ૯૫૫૦૦૦=૦૦ | |
| ૧૦૦૦૦૦=૦૦ | મદ્રાસ રીફાઈનરી કું. લિ. | ૧૦૦૦૦૦=૦૦ | |
| ૫૦૦૦૦=૦૦ | નેયવેલી લેગ્નાઈટ કોર્પોરેશન | ૫૦૦૦૦=૦૦ | |
| ૧૦૦૦૦૦=૦૦ | સિમેન્ટ કોર્પોરેશન ઓફ ઈ. લિ. | ૧૦૦૦૦૦=૦૦ | |
| ૫૦૦૦૦=૦૦ | હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. | | |
| ૪૦૦૦૦૦=૦૦ | ઈન્ડિયન પેટ્રોકેમિકલ્સ કોર્પોરેશન લિ. | ૪૦૦૦૦૦=૦૦ | |
| ૧૭૫૫૦૦૦=૦૦ | | | ૧૯૮૫૦૦૦=૦૦ |
| | (૪) બેન્કોમાં ફિક્સ ડીપોઝીટ | | |
| ૨૭૫૦૦૦=૦૦ | બેન્ક ઓફ ઈન્ડિયા ફિક્સ ડીપોઝીટ વી.પી. રોડ | ૨૭૫૦૦૦=૦૦ | |
| ૯૦૦૦૦=૦૦ | માંડવી કો. ઓ. બેન્ક લિ. | ૯૦૦૦૦=૦૦ | |
| ૯૦૦૦૦=૦૦ | ધી. બોમ્બે મરકન્ટાઈલ્સ કો.ઓ. બેન્ક લિ. | ૯૦૦૦૦=૦૦ | |
| ૯૦૦૦૦=૦૦ | સારસ્વત કો. ઓ. બેન્ક લિ. | ૯૦૦૦૦=૦૦ | |
| ૧૨૦૦૦૦=૦૦ | કપોળ કો. ઓ. બેન્ક લિ. | ૧૨૦૦૦૦=૦૦ | |
| ૬૬૫૦૦૦=૦૦ | | | ૬૬૫૦૦૦=૦૦ |
| | | | ૨૮૮૦૩૫૦=૦૦ |

### તા. ૩૧-૩-૧૯૯૧ ના રોજ લેણું અને દેવું :

| દેવું | | |
|---|---|---|
| મુનિ સેવાશ્રમ | ૨૫૦૦=૦૦ | |
| ખર્ચ અંગે | ૨૨૫૦=૦૦ | |
| પ્રવાસ ફંડ અંગે | ૨૭૪૩=૦૦ | |
| સર્વોદય પરિવાર | ૯૯૧૧૧=૦૦ | |
| અંધ બાળક ખાતું | ૧૬૬૬૦= | |
| અલ્પાહાર | ૩૩૭=૮૭ | |
| ઈન્ટર નેશનલ લેક્ચર સીરીઝ | ૯૯૩૦=૦ | |
| શ્રમ મંદિર | ૨૫૦૦=૦૦ | |
| શ્રી ભગવાન મહાવીર વચનો | | |
| પુસ્તક 'પ્રકાશન' અંગે અગાઉથી આવેલ | ૧૦૭૬૧૧=૦૦ | |
| | | ૨૪૦૬૪૨=૮૭ |
| **પ્રોવિડન્ડ ફંડ :** | | |
| શ્રી એલ.એમ. મહેતા. પ્રો. ફંડ | ૩૮૪૪૮=૨૪ | |
| શ્રી ચીમનલાલ એમ. શાહ પ્રો.. ફંડ | ૩૨૫૩=૫૦ | |
| શ્રી મનસુખભાઈ મહેતા પ્રો. ફંડ | ૧૪૮૫=૦૦ | |
| પ્યુન અશોક પલસમકર પ્રો. ફંડ | ૨૩૬૬=૦૦ | |
| શ્રી વિજય સાવંત પ્રો. ફંડ | ૨૩૯૬=૪૦ | |
| | | ૪૭૯૪૯=૯૪ |
| **લેણું :** | | |
| સ્ટાફ પાસે | | |
| શ્રી એલ. એમ. મહેતા | ૧૭૧૨૦=૩૦ | |
| શ્રી દીપક એન. શાહ | ૧૨૮૫૮=૫૫ | |
| પ્યુન હરિચંદ્ર એ. નવાળે | ૨૩૬૦=૦૦ | |
| પ્યુન અશોક પલસમકર | ૪૯૬૦=૦૦ | |
| પ્યુન વિજય સાવંત | ૫૬૬૦=૦૦ | |
| | | ૪૨૯૫૮=૮૫ |

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ – મુંબઈ

## તા. ૩૧-૩-૯૧ ના રોજ પૂરા થતાં વર્ષનો આવક ખર્ચનો હિસાબ

| ૧૯૯૦ | આવક | | |
|---|---|---|---|
| | ભેટના | | |
| ૩૨૦૨૮૩=૦૦ | ચાલુ ભેટના | ૩૪૩૯૩૩=૫૦ | |
| ૧૦૧=૦૦ | પ્રબુદ્ધ જીવનને | ૨૧=૦૦ | |
| | નેત્રયજ્ઞને | ૨૬૦૦૧=૦૦ | |
| ૩૨૦૩૮૪=૦૦ | | | ૩૬૯૯૫૫=૫૦ |
| | **લવાજમના** | | |
| ૩૨૪૦=૦૦ | વસુલ આવ્યા | ૨૬૮૫=૦૦ | |
| ૬૩૦૯=૦૦ | પ્રબુદ્ધ જીવન લવાજમના | ૮૬૧૩=૫૦ | |
| ૯૫૪૯=૦૦ | | | ૧૧૨૯૮=૫૦ |
| | **વ્યાજ તથા કમિશનના** | | |
| ૪૧૦૩=૦૦ | ડિબેન્ચરો અને બોન્ડના | ૩૩૩૦=૦૦ | |
| ૭૫૫૩૦=૭૫ | બેન્કની ફિક્સ ડીપોઝીટ પર | ૭૯૮૧૨=૭૬ | |
| ૨૪૭૬૧૯=૬૪ | ગર્વ. કું. ની ડીપોઝીટ પર | ૨૫૯૦૭૪=૯૮ | |
| ૨૦૨૦૮=૩૩ | યુનિટ ટ્રસ્ટની પર | ૨૧૫૦૦=૦૦ | |
| ૯૬૩૫=૧૭ | ખાતા પર તથા કમિશનના | ૧૧૧૨૭=૧૫ | |
| ૩૫૭૦૯૬=૮૯ | | ૩૭૪૮૪૪=૮૯ | |
| ૯૧૩૨૪=૦૦ | બાદ : અન્ય અંકીત ફંડોને ૧૦% | ૮૬૧૦૧=૦૦ | |
| ૨૭૫૭૭૨=૮૯ | | | ૨૮૮૭૪૩=૮૯ |
| | **પરચુરણ આવક** | | |
| ૫૦૫=૦૦ | શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહના | ૮૫૫=૦૦ | |
| ૧૩=૦૦ | કેસેટના | ૧૩૭=૦૦ | |
| ૫૧૮=૦૦ | | | ૯૯૨=૦૦ |
| ૬૦૬૨૨૩=૮૯ | | આગળ લઈ ગયા રૂ. | ૬૭૦૯૮૯=૮૯ |

| ૧૯૯૦ | ખર્ચ | | |
|---|---|---|---|
| | વહીવટી તથા વ્યવસ્થાખર્ચ | | |
| ૧૧૮૬૩૫=૦૦ | પગાર તથા બોનસ તથા ગ્રેચ્યુએટી | ૧૭૩૬૧૦=૦૦ | |
| ૧૪૯૩૯=૦૦ | સ્ટાફ પ્રો. ફંડ ફાળો તથા વ્યાજના | ૧૬૫૭૩=૫૦ | |
| ૫૪૯૬૪=૮૦ | ગાડી ભાડું તથા અન્ય ખર્ચના | ૨૭૫૯૫=૩૫ | |
| ૨૦૮૮૮=૫૦ | સ્ટાફ બેનિફિટ ખર્ચ | ૨૩૮૭૭=૦૦ | |
| ૧૧૨૨૧=૭૫ | બ્લોક મેન્ટેનન્સ તથા વિજળી ખર્ચ | ૧૦૦૯૨=૫૦ | |
| | લિફ્ટ ખર્ચ | ૧૮૫૦=૦૦ | |
| ૫૪૯૬=૦૦ | ટેલિફોન ખર્ચ | ૪૭૪૩=૦૦ | |
| ૭૪૯૦=૫૦ | પ્રિન્ટિંગ અને સ્ટેશનરી | ૧૦૭૨૯=૦૦ | |
| ૩૯૯=૩૦ | પોસ્ટેજ | ૩૭૦=૦૦ | |
| ૭૭=૫૦ | બેન્ક કમિશન | ૮૩=૦૦ | |
| ૬૦૦=૦૦ | પ્રોફેશનલ ટેક્ષ | ૬૦૦=૦૦ | |
| ૧૫૦૦=૦૦ | ઓડિટરને ઓનેરિયમ | ૧૫૦૦=૦૦ | |
| ૨૨૭૩૦=૦૦ | બોમ્બે પબ્લિક ટ્રસ્ટ: ફંડ ફાળાના | ૦=૦૦ | |
| ૧૯૬૬=૦૦ | ફરનીચર પર ઘસારાના | ૧૭૬૯=૦૦ | |
| ૨૬૦૯૦૮=૩૫ | | | ૨૭૩૩૯૨=૩૫ |
| | **ઉદ્દેશો અંગે** | | |
| ૪૮૨૬૬=૯૨ | પર્યુષણ વ્યાખ્યાનમાળા અંગે ખર્ચ | ૨૬૨૧૫=૯૫ | |
| ૧૨૬૫૩=૦૦ | વસંત વ્યાખ્યાનમાળા અંગે ખર્ચ | ૯૨૩૧=૭૦ | |
| ૬૮૦૦૩=૦૦ | હિરક જયંતી અંગે ખર્ચ | | |
| | સ્નેહ સંમેલન અંગે ખર્ચ | ૧૧૫૮૮=૦૦ | |
| ૩૦૧૫=૫૦ | ભક્તિ સંગીત અંગે ખર્ચ | ૪૭૩૩=૦૦ | |
| ૬૦૩=૦૦ | સંઘના અન્ય ઉદ્દેશ અંગે ખર્ચ | ૨૦૭૩=૭૫ | |
| | મુનિ સેવાશ્રમ અંગે ખર્ચ | ૧૦૬૨૩=૨૫ | |
| | ચીયાણ પર્યટન અંગે ખર્ચ | ૧૨૯૨=૦૦ | |
| | ધીરજલાલ ધનજીભાઈ શાહ પારિતોષિક | | |
| | આવક ખર્ચના | ૫૦=૦૦ | |
| ૧૪૬૯=૨૫ | ક્રાંતિવીર કાર્યક્રમ | ૫૨=૦૦ | |
| ૧૪૫૫=૮૪ | ઈન્કમટેક્ષ રિફંડના ન આવતા માંડી વાળ્યા | ૩૮૮૬=૩૨ | |
| ૬૧૧૪=૮૦ | શ્રી ધીરજબેન દીપચંદ શાહ રમકડાં ઘર | ૦=૦૦ | |
| ૫૦૦૦૦=૦૦ | શ્રી એમ. એમ. શાહ લાઈબ્રેરીને ઠરાવ પ્રમાણે | ૨૫૦૦૦=૦૦ | |
| ૧૧૦૦૦૦=૦૦ | સંઘના ઠરાવ પ્રમાણે અન્ય સંસ્થાઓને | ૦=૦૦ | |
| ૨૯૧૫૮૧=૩૧ | | | ૯૪૭૪૫=૯૭ |
| ૫૫૨૪૮૯=૬૬ | | આગળ લઈ ગયા રૂ. | ૩૬૮૧૩૮=૩૨ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૯૦૬૨૨૩=૮૯ | પાછળથી લાવ્યા | ૬૭૦૯૯૯=૮૯ | ૫૫૨૪૮૯=૬૬ | પાછળથી લાવ્યા | | ૩૯૯૧૩૮=૩૨ |
| ૩૪૬૩૨૫=૦૨ | આવક કરતાં ખર્ચનો વધારો | | ૭૭૦૨=૫૦ | જ્ઞાનગોષ્ટિ ખર્ચ | | |
| | | | ૨૦૦=૦૦ | તેજપાલ ડીપોઝીટના માંડી વાળ્યા. | | |
| | | | ૫૬૦૩૯૨=૧૬ | | | |
| | | | | **વૈદ્યકિય** | | |
| | | | ૬૪૩૨૯=૪૦ | નેત્રયજ્ઞ | ૩૭૦૦૦=૦૦ | |
| | | | ૨૧૦૦૦૦=૦૦ | અન્ય સંસ્થાને ઠરાવ અનુસાર | ૧૦૦૦૦=૦૦ | |
| | | | | | | ૪૭૦૦૦=૦૦ |
| | | | | **પ્રબુદ્ધ જીવન અંગે** | | |
| | | | ૯૯૫૪=૮૦ | પ્રબુદ્ધ જીવન પોસ્ટ ખર્ચ | ૬૨૯૭=૦૦ | |
| | | | ૬૯૫૯=૫૦ | પ્રબુદ્ધ જીવન પુરસ્કાર ખર્ચ | ૩૩૨૫=૦૦ | |
| | | | ૬૭૨૬૫=૫૦ | પ્રબુદ્ધ જીવન પ્રિન્ટિંગ ખર્ચ | ૩૪૯૧૨=૦૦ | |
| | | | ૩૭૦૦=૦૦ | પ્રબુદ્ધ જીવન પગાર ખર્ચ | ૨૫૦૦=૦૦ | |
| | | | ૨૭૮૭=૫૫ | પ્રબુદ્ધ જીવન ખર્ચ | ૨૮૩૭=૦૦ | |
| | | | ૧૭૧૬૦=૦૦ | પ્રબુદ્ધ જીવન પેપર ખરીદ | ૧૮૮૫૦=૦૦ | |
| | | | ૧૦૭૮૨૭=૩૫ | | | ૬૮૭૨૧=૧૫ |
| | | | | ખર્ચ કરતાં આવકમાં વધારો | | ૧૮૭૧૩૦=૪૨ |
| ૯૫૨૫૪૮=૯૧ | | ૬૭૦૯૯૯=૮૯ | ૯૫૨૫૪૮=૯૧ | | | ૬૭૦૯૯૯=૮૯ |

ઉપરનો હિસાબ તપાસ્યો છે. અને તે બરોબર છે.

મુંબઇ, તા. ૧૮-૬-૧૯૯૧ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડિટર્સ

પ્રમુખ, મંત્રી, ટ્રેઝરર, ટ્રસ્ટી

## શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય – મુંબઈ
### તા. ૧-૪-૯૦ થી તા. ૩૧-૩-૯૧ સુધીના વર્ષનો આવક ખર્ચનો હિસાબ

| ૧૯૯૦ | આવક | | | ૧૯૯૦ | ખર્ચ | | |
|---|---|---|---|---|---|---|---|
| | **વ્યાજના** | | | | **વહીવટી તથા વ્યવસ્થા ખર્ચ** | | |
| ૮૧૩=૨૫ | બેન્ક વ્યાજના | ૯૬૮=૮૭ | | ૧૦૪૩૫=૪૦ | પેપર લવાજમ | ૮૯૯૩=૭૫ | |
| ૬૭૪૦=૭૫ | ગર્વ. કંપનીની ફિક્સ ડીપોઝીટ પર | ૬૨૭૦=૦૬ | | ૫૨૫૪૦=૦૦ | પગાર તથા બોનસ વગેરે | ૫૮૨૧૦=૦૦ | |
| ૭૫૫૪=૦૦ | | | ૭૨૩૮=૯૩ | ૧૦૯૬=૫૦ | બુક બાઈડીંગ | ૮૬૫=૫૦ | |
| | **ભેટના તથા ગ્રાંટ અને લવાજમના** | | | ૫૪૪૧=૦૦ | પ્રોવિડન્ડ ફંડ ફાળાના તેના પર વ્યાજના | ૭૪૯૭=૦૦ | |
| ૩૫૦૦૦=૦૦ | પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ તરફથી | ૨૫૦૦૦=૦૦ | | ૧૦૫=૦૦ | વિમા પ્રિમિયમ | ૧૦૯=૦૦ | |
| ૬૯૬૩=૮૦ | મ્યુનિસિપલ ગ્રાંટ | ૨૪૪૦૦=૦૦ | | ૩૧=૦૦ | બેન્ક કમિશન | | |
| ૭૭૩૮=૦૦ | પુસ્તક લવાજમના | ૧૧૯૧૮=૦૦ | | ૬૯૬૪૮=૯૦ | | | ૭૫૬૭૫=૨૫ |
| ૦=૦૦ | સંઘ તરફથી | ૨૫૦૦૦=૦૦ | | | **વ્યવસ્થા ખર્ચ** | | |
| ૪૯૫૦૧=૮૦ | | | ૮૬૨૧૮=૦૦ | ૧૦૦૦=૦૦ | ઓડિટરને ઓનેરિયમના | ૧૦૦૦=૦૦ | |
| | **પરચુરણ આવક** | | | ૧૦૫૦૭=૫૦ | સ્ટાફ બેનિફિટ ખર્ચ | ૧૧૩૬૪=૦૦ | |
| ૧૧૮૪=૦૦ | પસ્તી વેચાણના | ૧૫૦૮=૨૫ | | ૩૧૫૮=૫૦ | સાફ સફાઈ તથા પરચુરણ ખર્ચ | ૪૬૬૧=૪૦ | |
| ૮૦૩=૫૦ | લેઈટ ફીના | ૪૬૫=૦૦ | | ૬૦૦=૦૦ | પ્રોફેશનલ ટેક્ષ | ૬૦૦=૦૦ | |
| ૪૬૦=૦૦ | દાખલ ફીના | ૫૦૫=૦૦ | | ૧૫૨૬૬=૦૦ | | | ૧૭૬૨૫=૪૦ |
| ૨૪૪૭=૫૦ | | | ૨૪૭૮=૨૫ | | **ઘસારાના** | | |
| | વર્ષ દરમિયાન આવક કરતાં | | | ૯૦૪=૦૦ | ફરનીચર પર ઘસારાના ૧૦% | ૮૧૩=૦૦ | |
| ૩૮૫૪૬=૬૦ | ખર્ચનો વધારો | ૧૦૬૯૨=૪૭ | | ૧૨૨૩૧=૦૦ | પુસ્તક પર ઘસારાના ૧૫% | ૧૨૫૧૪=૦૦ | |
| | | | ૧૦૬૯૨=૪૭ | ૧૩૧૩૫=૦૦ | | | ૧૩૩૨૭=૦૦ |
| ૯૮૦૪૯=૯૦ | | | કુલ રૂા. ૧૦૬૬૨૭=૬૫ | ૯૮૦૪૯=૯૦ | | | કુલ રૂા. ૧૦૬૬૨૭=૬૫ |

ઉપરનો હિસાબ ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યો છે અને બરાબર માલુમ પડ્યો છે.

મુંબઈ, તા. ૧૮-૭-૧૯૯

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
ઓડિટર

મંત્રી, ટ્રેઝરર, ટ્રસ્ટી

## શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય - મુંબઈ

### તા. ૩૧-૩-૯૧ ના દિવસનું સરવૈયું

| ૧૯૯૦ | ફંડો અને દેવું | | | |
|---|---|---|---|---|
| | **કાયમી ફંડો :** | | | |
| ૩૦૭૯૯૪=૦૦ | ગયા સરવૈયા મુજબ | ૩૫૭૯૯૪=૦૦ | | |
| | ઉમેરો : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ | | | |
| ૫૦૦૦૦=૦૦ | તરફથી કાયમી ફંડમાં | ૦=૦૦ | | |
| ૩૫૭૯૯૪=૦૦ | | | | |
| | **શ્રી પુસ્તક ફંડ** | | | |
| ૫૫૦૦=૦૦ | ગયા સરવૈયા મુજબ | ૫૫૦૦=૦૦ | | |
| ૫૫૦૦=૦૦ | | | | |
| | શ્રી ફરનીચર ફંડ : | | | |
| ૨૪૦૦=૦૦ | ગયા સરવૈયા મુજબ | ૨૪૦૦=૦૦ | | |
| ૨૪૦૦=૦૦ | | | | |
| | **શ્રી રીઝર્વ ફંડ :** | | | |
| ૩૧૬૭૩=૪૨ | ગયા સરવૈયા મુજબ | ૩૧૬૭૩=૪૨ | | |
| ૩૧૬૭૩=૪૨ | | | | |
| | **દેવું** | | | ૩૯૭૪૬૭=૪૨ |
| ૨૩૦૭૬=૦૦ | પુસ્તકો અંગે ડીપોઝીટના | ૨૯૬૨૬=૦૦ | | |
| ૨૩૫૨૮=૫૯ | સ્ટાફ પ્રોવિડન્ડ ફંડના : | ૩૧૬૭૯=૨૬ | | |
| | શ્રી દીપક એન. શાહ : | | ૧૨૩૧૮=૪૪ | |
| | શ્રી ઈન્દિરાબેન ભટ્ટ : | | ૮૮૩૧=૧૫ | |
| | શ્રી હિના એન. રાઠોડ : | | ૭૦૭=૮૦ | |
| | પ્યુન હરિચંદ નવાળે : | | ૯૮૨૧=૮૭ | |
| | | | | ૬૦૩૦૫=૨૬ |
| ૧૮૫૭૯=૬૨ | શ્રી મુંબઇ જૈન યુવક સંઘના | ૪૬૭૫૬=૦૨ | | |
| ૧૦૦૦=૦૦ | ખર્ચ અંગે | ૧૦૦૦=૦૦ | | |
| ૬૬૧૮૪=૨૧ | | | | ૪૭૭૫૬=૦૨ |
| ૪૬૩૬૫૧=૬૩ | | | કુલ રૂ. | ૫૦૫૫૨૮=૭૦ |

| ૧૯૯૦ | મિલ્કત અને લેણું : | | | |
|---|---|---|---|---|
| | **ઈન્વેસ્ટમેન્ટસ : ફિક્સ ડીપોઝિટ** | | | |
| ૫૦૦૦૦=૦૦ | હિન્દુસ્તાન ઓર્ગેનિક કેમિકલ્સ લિ. | | ૦=૦૦ | |
| | સ્ટીલ ઓથોરિટી ઓફ ઇ. લિ. | | ૫૦૦૦૦=૦૦ | |
| | | | | ૫૦૦૦૦=૦૦ |
| | **ફરનીચર (ખરીદ કિંમતે)** | | | |
| ૧૯૧૮૭=૬૩ | ગયા સરવૈયા મુજબ | | ૧૯૧૮૭=૬૩ | |
| | ઉમેરો : વર્ષ દરમિયાન ખરીદ | | ૧૦૦૦=૦૦ | |
| | | | ૨૦૧૮૭=૬૩ | |
| ૧૦૧૪૭=૬૩ | બાદ : કુલ ઘસારાના ૩૧-૩-૯૦ : ૧૧૦૫૧=૬૩ | | | |
| ૯૦૪=૦૦ | વર્ષ દરમિયાન ઘસારાના | ૯૧૩=૦૦ | | |
| ૯૧૩૬=૦૦ | | | ૧૧૯૬૪=૬૩ | |
| | | | | ૮૩૨૩=૦૦ |
| | **પુસ્તકો (ખરીદ કિંમતે) :** | | | |
| ૯૧૫૪૪=૭૦ | ગયા સરવૈયા મુજબ : | | ૯૧૫૪૨=૮૫ | |
| ૧૨૨૨૯=૧૫ | ઉમેરો : વર્ષ દરમિયાન ખરીદી : | | ૧૮૯૫=૩૫ | |
| ૯૩૭૭૩=૮૫ | | | ૮૩૪૩૮=૨૦ | |
| | બાદ : વર્ષ દરમિયાન ઘસારાના | | | |
| ૧૨૨૩૧=૦૦ | લખી વાળ્યા | | ૧૨૫૧૪=૦૦ | |
| ૯૧૫૪૨=૮૫ | | | | ૭૦૯૨૪=૨૦ |
| | **રોકડ તથા બેન્ક બાકી :** | | | |
| ૧૦૮૦૧=૩૮ | બેન્ક ઓફ ઈન્ડિયા બચત ખાતે (ટ્રસ્ટના નામે) | | ૪૯૮૧૮=૮૩ | |
| ૪૯=૩૦ | રોકડ પૂરાંત | | ૨૮૦=૧૦ | |
| ૧૦૮૫૦=૬૮ | | | | ૫૦૦૯૮=૯૩ |
| | **શ્રી આવક ખર્ચ ખાતુ :** | | | |
| ૨૭૪૫૭૫=૫૦ | ગયા સરવૈયા મુજબ | | ૩૧૩૧૨૨=૧૦ | |
| ૩૮૫૪૬=૬૦ | ઉમેરો : આવક કરતાં ખર્ચનો વધારો | | ૧૦૬૯૨=૪૭ | |
| ૩૧૩૧૨૨=૧૦ | | | | ૩૨૩૮૧૪=૫૭ |
| | **લેણું :** | | | |
| | ફિક્સ ડીપોઝીટ પર ચઢેલ વ્યાજના | | | |
| | વસુલ નહિ થયેલ. | | | ૨૩૬૮=૦૦ |
| | | | | ૨૩૬૮=૦૦ |
| ૪૬૩૬૫૧=૬૩ | | | કુલ રૂ. | ૫૦૫૫૨૮=૭૦ |

ઓડિટર્સનો રીપોર્ટ

અમોએ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય : મુંબઈનું તા. ૩૧-૩-૯૧ ના દિવસનું ઉપરનું સરવૈયું મજકુર લાઈબ્રેરીના ચોપડાં તથા વાઉચરો વગેરે સાથે તપાસ્યા છે. અને અમારા ધી મુંબઇ પબ્લીક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ ના અનુસાર જુદા રિપોર્ટ આધીન બરાબર માલુમ પડ્યું છે.

મુંબઇ, તા. ૧૮-૭-૧૯૯૧ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ : ઓડિટર્સ

માનદ મંત્રી, ટ્રેઝરર, ટ્રસ્ટી

# નાની વસ્તુઓ

**□ 'સત્સંગી'**

બર્નાર્ડ શૉનું એક મજાનું નાટક છે ' You NeVer Can Tell - તમે કદી કહી ન શકો. ' આ નાટકમાં પત્ની પતિના વધુ પડતા ગુસ્સાને લીધે ત્રણ સંતાનો હોવા છતાં પતિથી અલગ બને છે. અઢાર વર્ષ પછી ત્રણે સંતાનો સાથે તે લંડન આવે છે. આકસ્મિક રીતે જ સંતાનો તેમના પિતાને ભોજન માટે મહેમાન તરીકે આમંત્રે છે. પછી તે તેમનો પિતા છે એની સંતાનોને ખબર પડે છે. પતિ તથા પત્ની બંનેનો એક મિત્ર વકીલ પાસેથી સલાહ લઇને મૈત્રીભર્યું સમાધાન થાય એવું ગોઠવે છે. એ જ હોટેલમાં બેઠક યોજાય છે. પતિનું નામ ક્રેમ્પ્ટન છે, જ્યારે પત્નીએ ક્લેન્ડન નામ રાખ્યું છે. તેથી વકીલ શ્રીમતી ક્લેન્ડનને કહે છે, 'સામાજિક સગવડ અને યોગ્યતા ખાતર તમારે ક્રેમ્પ્ટન નામ રાખવું જોઇએ અથવા તમારા પતિએ ક્લેન્ડન નામ રાખવું જોઇએ.' પતિપત્ની બંને કંઇ ફેરફાર ન કરવા માટે કૃતનિશ્ચયી હોય છે. તેથી હિતેચ્છુ મિત્ર કહે છે, 'આપણે પહેલાં અગત્યની બાબતોનું સમાધાન કરીએ તો વધારે સારું.' એટલે વકીલ કહે છે, " There will be no difficulty about the important question. There never is. It is the trifles that will Wreck you at the harbor mouth. અર્થાત અગત્યના પ્રશ્નો અંગે કદી મુશ્કેલી થતી હોતી નથી. નાની-નજીવી વસ્તુઓ જ તમને સલામતીના સ્થળે જ પછાડે છે - ભાંગી નાખે છે. "

શૉનું આ જીવનદર્શન રમૂજ ઉત્પન્ન કરવા માટેનું નથી, પરંતુ અર્થસભર છે. કેટલીક વાર માણસ નાની ગણાતી બાબત કે બાબતોની ફરિયાદ કરતો હોય છે ત્યારે તેને આવી સલાહ આપવામાં આવે છે, ' એમાં શું ?તારું ગુજરાન સારું ચાલે છે, પછી શું ? એ કંઇ મોટી બાબત નથી. તો પણ તેનું સમાધાન નથી થતું એમ જુએ ત્યારે સલાહ આપનાર જરા ભારપૂર્વક કહે છે, ' એ કંઇ જીવનમરણનો પ્રશ્ન થોડો છે ? નાની બાબતોને મહત્ત્વ અપાય તો જીવન કેમ ચાલે ? પ્રગતિ શી રીતે થાય ? રાઇનો પર્વત કરવાનું વલણ તારે છોડવું જ ઘટે. આવી દલીલોથી નાની વસ્તુઓની પીડા અનુભવતી વ્યક્તિ સાંત્વન પામી શક્તી નથી.

વ્યક્તિને બુદ્ધિગમ્ય દલીલો કેમ સમાધાન આપતી નથી ? માણસ વિચારશીલ પ્રાણી છે, તેથી તેને વિચારપૂર્વક મંતવ્યો દ્વારા પોતાના પ્રશ્નોનો ઉકેલ હાથ આવવો જોઇએ એ સાચું. પરંતુ માણસમાં લાગણીનું તત્ત્વ રહેલું છે એ ભૂલી જવાય છે. માણસ પુખ્ત બને, પીઢ બને ત્યાં સુધીમાં ઉછેર, ઘડતર, વિવિધ અનુભવો વગેરે દરમ્યાન આ લાગણીનું તત્ત્વ તેનાં માનસિક જીવનમાં અસરકારક રહેતું હોય છે. દરેક માણસને પોતાના ગમાઅણગમા બંધાયા હોય છે એને પરિણામે કેટલીક ટેવો પડી હોય છે. પોતાનો અહમ બંધાયો હોય છે, ભયની ગ્રંથિ પણ અમુક રીતે કામ કરતી હોય છે. પરિસ્થિતિ પ્રત્યેનો દરેક વ્યક્તિનો પ્રત્યાઘાત આગવો હોય છે. કોઇ યુવતી પોતાના પતિનું અનિયમિત જીવન સહન કરી લે, પણ પોતાના પોષાકમાં મેચિંગ ન હોય તો ન ચાલે. જે માણસને સિગારેટનું વ્યસન હોય તે પોતાની પત્નીની સ્વાદરહિત રસોઇ ચલાવી લે, પરંતુ અર્ધી રાતે પણ સિગારેટની તલપ લાગે ત્યારે તે સિગારેટ વિના ચલાવી ન લે. કોઇ ભાઇને તેના સહકાર્યકર સાથે મન ભળ્યું હોય. પછી તે ભાઇ કોઇ વાર રજા પર હોય તો આ ભાઇને ચેન ન પડે.

આવી નાની વસ્તુઓ પ્રત્યેની માણસની આસક્તિ તેનો મૂડ - મિજાજ નિર્માણ કરતી હોય છે. ' કેમ ભાઇ, આજે કંઇ લહેરમાં દેખાઓ છો ?' લહેરમાં કેમ ન હોઇએ ? આજે શ્રીમતીજીએ કંટોલાંનું શાક ઘણે વખતે ખવડાવ્યું છે, ભાઇ. ' " મનસુખરામ, આજે તમે વહેલા બહાર જાઓ છો, ખરુંને ? ' ત્યાં ગંભીર અને જરા કડક મુખમુદ્રાથી જવાબ મળે, ' મારું નામ મનસુખરામ નથી, પણ મન:સુખરામ છે. આમાં મન પછી વિસર્ગનો સ્પષ્ટ ઉચ્ચાર હોય. તમે તો તમારા મામાને ત્યાં રોકાવાના હતાને ! " " હા, રોકાવું તો હતું; પરંતુ બંને વખત મારે તેમની સાથે જ જમવા બેસવું એવો મારા મામાનો વધુ પડતો આગ્રહ મને ન ગમ્યો. " " હું આપને મળવા આવ્યો હતો, પણ આપ કામમાં હતા. " " સારું, પણ બોલવામાં થોડા વિવેક શીખો.. " અહીં ગુડ મોર્નિંગ કે ગુડ ઇવનિંગ, સર કહી સલામ ભરવાનું સૂચન હોય.

જીવનના ગંભીર પ્રશ્નોની સરખામણીએ આ બધી નાની વસ્તુઓ છે. પરંતુ માણસના આ નાની વસ્તુઓ પ્રત્યેના ગમાઅણગમા એવા દૃઢ થઇ ગયા હોય છે કે તે તેમનો બીજો સ્વભાવ બની જાય છે. પ્રખ્યાત અંગ્રેજ સાહિત્યકાર સમરસેટ મોમની એક મજાની ટૂંકી વાર્તા ' Kite ' છે. આમાં નાયકને પતંગ ચગાવવાનો શોખ હોય છે અને તેની માતા આ અંગે તેને ખૂબ ઉત્તેજન આપે છે. નાયકની પત્નીને આ વાતની ખબર પડે છે, ત્યારે તેને તેના પતિની બાલિશતા લાગે છે. જુદો રહેવા ગયેલો પુત્ર પતંગના નિમિત્તે જ પાછો માતા પાસે આવતો થાય છે. તેની પત્ની તેને પતંગ ચગાવવાને મહત્ત્વનું ન ગણવા ખૂબ આગ્રહ રાખે છે. એક વાર પતિનો સુંદર પતંગ પત્ની તોડીફોડી નાખે છે. તેના પતિને ખબર પડે છે. આ વાત પર તે છૂટાછેડા લે છે. પરંતુ કોર્ટના ચુકાદા પ્રમાણે તેણે પત્નીને દર મહિને ખર્ચ આપવું જોઇએ. તે તેને એક પેન્સ આપવા તૈયાર નથી એવું તે રોષભરી રીતે બોલે છે. તેને કોર્ટ તરફથી જેલમાં જવાની ધમકી મળે છે, છતાં તે એકનો બે થતો નથી. જેલમાં જવા તે તૈયારી દાખવે છે, પરંતુ તેની પત્નીને કોર્ટના ચુકાદા પ્રમાણે તે કશું આપવા તૈયાર નથી એવો અકથ્ય રોષ તેની પત્ની પ્રત્યે તેને હોય છે. પતંગની બાબત જીવનમરણનો પ્રશ્ન શી રીતે ગણાય ? તેમ છતાં, દામ્પત્યજીવન શૂન્યવત બને છે.

રોજબરોજનાં જીવનમાં નાની નાની વસ્તુઓ મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. નાની વસ્તુઓ પ્રત્યે ધ્યાન આપવાથી કામ થતું હોય છે અને તેમને અવગણવાથી પરેશાની થતી હોય છે. અંગ્રેજ નિબંધકાર એ. જી. ગાર્ડિનર ' In Saying Please ' નામના નિબંધમાં બતાવે છે કે લિફ્ટમેને આવેલા માણસને ' Top please ' કહેવાનું કહ્યું, પણ માણસે તેમ કહેવાની ના પાડી, તેથી લિફ્ટમેને તે માણસને લિફ્ટથી બહાર ફેંકી દીધો. એક વાર બસમાં લેખકના પગ પર કન્ડક્ટરના ભારે જોડાવાળો પગ આવ્યો. લેખક સમસમી રહ્યા. પરંતુ કન્ડક્ટરે ' Sorry, sir ' કહીને એવી સરસ રીતે વાત કરી કે લેખકે તેને ખાતરીપૂર્વક કહ્યું કે તેમને ઇજા થઇ નથી. મહાન રશિયન સાહિત્યકાર તોલ્સતોયની વાર્તા ' A Spark Neglected Burns the House ' માં પડોશમાં રહેતાં બે કુટુંબોને સારો મેળ હોય છે. પરંતુ જ્યારે બંને કુટુંબોમાં પુત્રોએ મુખ્ય વ્યક્તિનું સ્થાન લીધું ત્યારે પરિસ્થિતિ બદલાઇ જાય છે. એક વખત એક કુટુંબની મરઘી બાળકોથી ગભરાઇને પડોશીના વાડામાં ઊડી જાય છે અને ત્યાં ઇંડું મૂકે છે. તે કુટુંબની સ્ત્રીને ખબર પડે છે એટલે તે પડોશમાં પૂછવા જાય છે. પરંતુ તે ઘરની સ્ત્રી કર્કશતાથી જવાબ આપે છે. પૂછવા આવેલી સ્ત્રીને માઠું લાગે છે, તેથી તે પણ બોલવા લાગે છે. થોડી જ વારમાં ગાળાગાળી પર વાત આવે છે. પછી તો મહાભારત રચાય છે. અંતે ધાર્મિક વિચારસરણીથી સમાધાન અને મૈત્રી થાય છે.

' Thank you ', ' Sorry', ' Please' વગેરે એવા ભાવવાહી શબ્દો છે કે તે પરિસ્થિતિને યોગ્ય બનાવે છે. તેવી જ રીતે વિવેકભર્યો મીઠો જવાબ આપવાથી પરિસ્થિતિ યોગ્ય રીતે હલ થાય છે, પરંતુ તોછડા જવાબથી વૈમનસ્ય નિર્માણ થતાં વાર લાગતી નથી. કોઇ વ્યક્તિ જે નાની વસ્તુથી ખુશ થતી હોય તે અજમાવો અને તમારું કામ થઇ પણ જાય અથવા તમને સારો પ્રત્યુત્તર અવશ્ય મળે. જે નાની વસ્તુથી તે ચિડાય એવું આચરણ કરો અને વાત બગડી જશે. ઘડીભર અજાણપણે તમે તેવું વર્તન કરો તો પણ સામી વ્યક્તિને તમારો અવિવેક લાગે; તેથી તમને તેની સાથે તમારી વાત કરતાં પરેશાની થાય. જે નાની બાબતો ગણાય તેવી વ્યક્તિની ખાસિયતો તે વ્યક્તિને પણ હાનિરૂપ થઇ પડતી હોય છે, પરંતુ તે તેનાં માનસમાં એવી જડાઇ ગઇ હોય છે કે તેમાંથી મુક્ત થવું તેને માટે લગભગ અશક્ય બની ગયું હોય છે. આવી ખાસિયતોમાં વ્યક્તિના ગમા અણગમા, માનાપમાન, સભ્યતા, વિવેક વગેરેના ખ્યાલો પોતાના હોય છે. પરિણામે, આવી વ્યક્તિઓના અન્ય લોકો સાથે સંબંધો ટકી શક્તા નથી અને ટકે તો સંબંધો સુખદ રહેતા હોતા નથી. સામાજિક સંબંધો બગડતા રહે કે સુખદ ન રહે તો તે દુ:ખ

# તાઓ તત્ત્વદર્શન

□ રમણલાલ ચી. શાહ

આજથી અઢી હજાર વર્ષ પૂર્વે યુરોપ અને એશિયાની ધરતી ઉપર તત્ત્વચિંતનનો એક નવીન મહાન યુગ પ્રવર્તવા લાગ્યો હતો. ભારતમાં ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ, ચીનમાં લાઓત્સે અને કન્ફ્યૂશિયસ, યુરોપમાં સૉક્રેટિસ, પ્લેટો, એરિસ્ટોટલ અને પાયથાગોરસ તથા ઈરાનમાં ઝરથુસ્ટ્ર– આ બધી મહાન વિભૂતિઓ લગભગ એક સૈકાના ગાળામાં જન્મી હતી. ૨૫૦૦ વર્ષ પૂર્વે વિશ્વમાં ધર્મચેતનાનો આ એક મહાન ઉદય થયો હતો. ત્યાર પછી આજ સુધી વિશ્વમાં આવી મહાન વિભૂતિઓ એક સાથે થઇ નથી. આ વિભૂતિઓનાં જીવન અને તત્ત્વચિંતનનો પ્રભાવ માનવજાત ઉપર આજ પર્યંત રહ્યા છે અને હજુ હજારો વર્ષ સુધી રહેશે, કારણ કે એમાં જીવનનું રહસ્ય, જીવનનો ક્રમ, જીવનનું ધ્યેય, જીવનની વ્યવસ્થા, સંસારનું સ્વરૂપ, વિશ્વનું દર્શન, જડ અને ચેતન તત્ત્વનો પરસ્પર સંયોગ અને વિયોગ, કાળ અને નિયતિ, પરમતત્ત્વ અને તેને પામવાના ઉપાયો ઇત્યાદિ અનેક વિષયોની ગહન, ગંભીર વિચારણા થયેલી છે. સતત પરિવર્તનશીલ એવા ભૌતિક દશ્યમાન જગતમાં આ સનાતન વિષયો માનવજીવનને માટે સદાય પ્રેરક અને માર્ગદર્શક રહ્યા છે.

તાઓ તત્ત્વદર્શનના પ્રવર્તક લાઓત્સેના જીવન વિશે બહુ માહિતી મળતી નથી. લાઓત્સેનો જન્મ એક સુખી સંસ્કારી કુટુંબમાં થયો હતો. પરંતુ તેમના જન્મસમય અને જન્મસ્થળ વિશે બે મત પ્રવર્તે છે : એક મત પ્રમાણે તેમનો જન્મ ઇ. સ. પૂર્વે ૫૭૧ માં કુદુસિયેનમાં થયો હતો. બીજા મત પ્રમાણે તેમનો જન્મ ઇ. પૂ. ૬૦૪માં શુ–રેઝ નામના ગામમાં થયો હતો.

લાઓત્સે 'લિ' નામના કુટુંબના સંતાન હતા. ચીની ભાષામાં 'લિ' એટલે બોર. લાઓત્સેનો જન્મ બોરના વૃક્ષ નીચે થયો હતો. તેમના કુટુંબની અટક હતી 'ઇઅર'. તેમને લોકો 'લાઓ–તેન' કહીને પણ બોલાવતા. 'લાઓ' એટલે વૃદ્ધ અને 'તેન' એટલે કાનની લાંબી બૂટ. એટલે કે તેઓ કરુણાવંત મહાત્માઓની જેમ લાંબા કાનવાળા હતા. વળી તેમને 'લાઓત્સે' (અથવા લાઓત્ઝે, લાઓત્ઝુ) તરીકે પણ બધા ઓળખતા હતા. 'લાઓ' એટલે વૃદ્ધ અથવા જ્ઞાની અને 'ત્સે' એટલે બાળક. લાઓત્સે એટલે વૃદ્ધ બાળક અથવા જ્ઞાની બાળક. એક દંતકથા પ્રમાણે લાઓત્સે જન્મ્યા ત્યારે શ્વેત વાળ સાથે જન્મ્યા હતા. બીજી એક દંતકથા પ્રમાણે તેમનો જીવ માતાના ઉદરમાં બાસઠ વર્ષ સુધી રહ્યો હતો. તેથી તેઓ જયારે જન્મ્યા ત્યારે તેમના વાળ વૃદ્ધ માણસની જેમ ધોળા હતા. લાઓત્સે જન્મ્યા ત્યારથી જ ચિંતનશીલ અને જ્ઞાની હોવાની ખાતરી એમનાં માતપિતાને અને આસપાસનાં લોકોને થઇ ગઇ હતી.

લાઓત્સે ચાઉ નામના શહેનશાહના દરબારમાં ઇતિહાસના દફતર ખાતામાં માનવંતો હોદ્દો ધરાવતા હતા. તેઓ ઐતિહાસિક લેખસંગ્રહાલયના પાલક કે રખેવાળ હતા. રાજયની નોકરીમાંથી નિવૃત્તિ લીધા પછી તેમણે જાહેર જીવનનો સ્વેચ્છાએ ત્યાગ કર્યો હતો. તેઓ સંન્યાસી થઇ ગયા હતા. પોતે જે રાજયમાં નોકરી કરી હતી એ ચાઉ રાજયની બરબાદીના દિવસો આવી રહ્યા છે એવી તેમણે આગાહી કરી હતી. એમની ઇચ્છા રાજયની સરહદ છોડીને દૂર ચાલ્યા જવાની હતી. તેઓ જયારે ઘાટ ઓળંગીને સરહદ પાર જતા હતા ત્યારે ઘાટના રક્ષક એવા જકાતઅધિકારી 'યિન–હિ' (અથવા મિન–હિ) એ લાઓત્સેને ઓળખી લીધા હતા. એને લાઓત્સેને વિનંતી કરી કે તેઓ પોતાના વિચારો ગ્રંથરૂપે લખી આપે. એની વિનંતી સ્વીકારીને લાઓત્સે ત્યાં જ થોડા દિવસ રોકાઇ ગયા હતા. તેમણે કુલ – ૪૯૯ વચનો લખ્યાં હતાં. પાંચ હજાર જેટલા શબ્દોની એ નાની કૃતિ બની હતી. એની હસ્તલિખિત પ્રત 'યિન–હિ'ને આપીને લાઓત્સે એક પાડા ઉપર બેસીને સરહદ ઓળંગીને, ઘાટ પાર કરીને દૂર દૂરની ડુંગરમાળાઓમાં અદશ્ય થઇ ગયા હતા. તેઓ ક્યાં ચાલ્યા ગયા, માર્ગમાં ક્યાં ક્યાં મુકામ કર્યો, ક્યાં વસવાટ કર્યો, કેટલું જીવ્યા, કયે સ્થળે અને ક્યારે અવસાન પામ્યા તેની ત્યારપછી કશી જ માહિતી મળી નહિ.

ચીનના આ મહાન ફિલસૂફ લાઓત્સે વાણીના, સંયમના, મૌનના ઉપાસક હતા. તેમને બોલવા કરતાં મનમાં મનન કરવાનું વિશેષ ગમતું. તેઓ પ્રકૃતિ–સૌંદર્યનાં પણ ચાહક હતા. રોજ સવારે ઊઠીને તેઓ ટેકરીઓમાં દૂર દૂર સુધી ફરવા જતા.

લાઓત્સે વિશે કેટલીક દંતકથાઓ પ્રચલિત છે. એક દંતકથા પ્રમાણે તેમની પડોશમાં એક માણસ રહેતો હતો. તે પણ લાઓત્સેની સાથે રોજ ફરવા જતો. બંને જણા વર્ષોથી વહેલી સવારે ફરવા જતા અને બેત્રણ કલાક એ રીતે સાથે રહેતા. પરંતુ ઘેર પાછા ફરે ત્યાં સુધી તેઓ એકબીજા સાથે એક શબ્દ પણ બોલે નહિ. મૌનના તેઓ ઉપાસક હતા.

બંને સાથે નીકળે. પ્રકૃતિસૌંદર્યનું પાન કરતાં ચાલ્યા જાય. એક સુંદર જગ્યાએ થોડીવાર બેસે. પ્રકૃતિ સૌંદર્યમાં તલ્લીન થાય અને પછી પાછા ફરે.

પડોશીને ત્યાં એક દિવસ એક મહેમાન રહેવા આવ્યા. એમણે પણ લાઓત્સે સાથે સવારના ફરવા આવવાની ઇચ્છા બતાવી. પડોશીએ કહ્યું, 'તમારે આવવું હોય તો ભલે આવો, પરંતુ જતાં–આવતાં કે ફરવાના સ્થળ બેસતાં કોઇ કંઇ પણ બોલે એ લાઓત્સેને ગમતું નથી. માટે શરત એટલી છે કે ઘેર પાછા ફરતાં સુધી આપણે કશું બોલવું નહીં.'

એ શરતે મહેમાન આવવા તૈયાર થયા. બીજે દિવસે સવારે ત્રણ જણ સાથે નીકળ્યા. આખે રસ્તે કોઇ કંઇ બોલ્યું નહીં. પરંતુ ટેકરીઓની પાછળ સૂર્યોદય થતાં જ મહેમાનથી રહેવાયું નહિ. એણે કહ્યું, ' અહાહા ! જૂઓ, કેવો સરસ સૂર્યોદય થઇ રહ્યો છે.'

મહેમાને ફક્ત આટલું જ વાક્ય કહ્યું, પરંતુ કોઇએ કંઇ જવાબ આપ્યો નહિ. પડોશી અને લાઓત્સે સૂર્યોદયનું દૃશ્ય નિહાળવામાં જ તલ્લીન રહ્યા હતા. મહેમાન બોલીને ભોંઠા પડયા. પાછા ફરતાં આખા રસ્તે કેટલીક વખત એમને બોલવાનું મન થયું, પણ તેઓ ચૂપ રહ્યા. જયારે ઘરે પાછા ફર્યા ત્યારે લાઓત્સેએ પડોશીને ધીમેથી કાનમાં કહ્યું, ' આવતી કાલથી તમારા આ મહેમાનને સાથે લાવતા નહિ. તેઓ વાતોડિયા છે. એક સૂર્યોદય જોયો એમાં એ કેટલું બોલ્યા ! શું આપણને સૂર્યોદયની ખબર નથી પડતી ? માટે આવા વાતોડિયા મહેમાનને આવતી કાલથી તમે સાથે લાવશો નહિ.'

પ્રકૃતિના સૌંદર્યનું પાન કરતી વેળા થોડા શબ્દોથી પણ લાઓત્સેની એકાગ્રતામાં જો ભંગ પડે તો તે તેમને ગમતું નહિ. તેઓ મૌનના ચાહક અને ઉપાસક હતા. એટલે એમને બોલવાનું ગમે નહિ એ સ્વાભાવિક હતું.

બીજી એક દંત કથા પ્રમાણે લાઓત્સએ ફરતાં ફરતાં એક ગામમાં મુકામ કર્યો હતો. પોતાના મિત્રને ત્યાં તેઓ કેટલાક દિવસ રહેવાના હતા નાનું સરખું ગામ હતું. ગામના લોકોએ લાઓત્સેનું નામ સાંભળ્યું હતું. પોતાના ગામમાં આવા એક મહાત્મા પધાર્યા છે તે જાણી લોકોને એમની વાણીનો લાભ લેવાનું મન થયું. ગામના આગેવાનો લાઓત્સે પાસે આવ્યા અને વિનંતી કરી કે ' તમે અમને કંઇક વ્યાખ્યાન સંભળાવો.' લાઓત્સેએ કહ્યું, ' હું કંઇ વ્યાખ્યાન આપતો નથી.' લોકો જાણતા હતા કે લાઓત્સે ધૂની અને વિચિત્ર કહી શકાય એવા મહાત્મા છે. ઘણા આગ્રહને અંતે લાઓત્સેએ વ્યાખ્યાન આપવા માટેનું નિમંત્રણ સ્વીકાર્યું. આગેવાનોએ કહ્યું, ' તમે અમને પરમાત્મા વિશે વ્યાખ્યાન આપો.'

દિવસ નકકી થયો. તે દિવસે લાઓત્સે આવ્યા. વ્યાખ્યાન શરૂ કરતાં પહેલાં એમણે સભાને પ્રશ્ન કર્યો 'પરમાત્મા વિશે હું શું કહેવાનો છું તેની તમને કોઇને ખબર છે ? '

લોકોએ ના પાડી.

લાઓત્સેએ કહ્યું, ' જો તમને કંઇ ખબર ન હોય તો મારે તમારી આગળ ભાષણ કરવાનો અર્થ શો ? તમે કંઇક તૈયારી કરીને આવ્યા હોત તો મારા કહેવાનો અર્થ સરત.' એમ કહી લાઓત્સે ચાલ્યા ગયા.

આથી ગામના આગેવાનો મૂંઝાયા. તેઓએ અંદર અંદર મળીને નકકી કર્યું કે જો હવે ફરીથી લાઓત્સે પૂછે તો આપણે હા પાડવી. એમ વિચારી તેઓ લાઓત્સે પાસે ગયા. આગ્રહ કર્યો. બીજીવાર વ્યાખ્યાન નકકી થયું.

લાઓત્સે આવ્યા. તેમણે સભાને પ્રશ્ન કર્યો, ' પરમાત્મા વિશે હું શું કહેવાનો છું તે તમે જાણો છો ?'

બધાએ હા પાડી.

લાઓત્સેએ કહ્યું, ' જો તમે બધા જાણતા હો તો પછી મારે તે વિશે વ્યાખ્યાન આપવાની કંઇ જરૂર નથી.' એમ કહી લાઓત્સે ચાલ્યા ગયા.

આગેવાનો મૂંઝાયા. તેમને થયું જવાબ આપવામાં પોતે ભૂલ કરી છે. એટલે તેઓએ ફરીથી નકકી કર્યું કે હવે જયારે લાઓત્સે વ્યાખ્યાન આપવા આવે ત્યારે અડધા લોકોએ હા કહેવી અને અડધાએ ના કહેવી. ફરી તેઓ લાઓત્સે પાસે ગયા. આગ્રહ કર્યો. લાઓત્સેએ છેલ્લી એકવાર આવવા સંમતિ આપી. તેઓ આવ્યા. સભાને તેમણે પ્રશ્ન ક્યો. ' પરમાત્મા વિશે હું શું કહેવાનો છું તેની તમને ખબર છે ?' અડધા લોકોએ હા કહી, અડધા લોકોએ ના કહી.

લાઓત્સેએ કહ્યું, 'તમારામાંના જે અડધા લોકોએ હા કહી છે એટલે કે જેમને ખબર છે તેઓ જેમને ખબર નથી એવા બાકીના લોકોને પરમાત્મા વિશે સમજાવી દેશે. એટલે બધાને ખબર પડી જશે. એટલે મારા વ્યાખ્યાનની જરૂર નથી.' એમ કહી લાઓત્સે પાછા ફર્યા. આ તો માત્ર દંતકથા છે, પરંતુ લાઓત્સે કેટલા બુદ્ધિશાળી, ચિંતક, હાજરજવાબી, પ્રસિદ્ધિથી વિમુખ અને વાણીના સંયમના ઉપાસક હતા તે આ દંતકથા પરથી જોઇ શકાય છે.

લાઓત્સે અને કન્ફ્યૂશિયસ એ બે ચીનની સંસ્કૃતિના મહાન ઘડવૈયા હતા. બંને તત્વચિંતકોની કીર્તિ ચોમેર પ્રસરી હતી. બંનેને રાજ્યદરબારમાં ઘણું મોટું માન મળ્યું હતું.

કન્ફ્યૂશિયસ લાઓત્સે કરતાં ઉંમરમાં નાના હતા. લાઓત્સે જ્યારે ૮૦ વર્ષની ઉંમરના હતા ત્યારે ૩૪ વર્ષના યુવાન કન્ફ્યૂશિયસ પોતાના શિષ્યો અને રસાલા સાથે તેમને ચાઉના રાજદરબારમાં મળવા આવ્યા હતા. પરંતુ લાઓત્સે અને કન્ફ્યૂશિયસ એ બંનેની વિચારસરણી જુદી હતી. લાઓત્સે નિવૃત્તિમાર્ગી હતા; કન્ફ્યૂશિયસ પ્રવૃત્તિમાર્ગી હતા. લાઓત્સેએ વૈયક્તિક સદાચાર અને આત્મસાધના ઉપર ભાર મૂક્યો હતો. કન્ફ્યૂશિયસે વ્યવહારુ નીતિનિયમો ઉપર ભાર મૂક્યો હતો. લાઓત્સે અંતર્મુખ હતા. તેમણે આત્મસંવાદ અને વૈશ્વિક ચેતનામાં અવગાહન કરવાનું મહત્વ સમજાવ્યું હતું. કન્ફ્યૂશિયસ બહિર્મુખ હતા. તેઓ ગરીબોની અને દુ:ખીઓની સેવામાં માનતા હતા. તેમણે સમાજના ભૌતિક કલ્યાણનો માર્ગ અપનાવ્યો હતો. તેઓ કાયદો અને ન્યાયને મહત્વ આપતા હતા. તેઓ દુર્જનોને કે ગુનેગારોને યોગ્ય શિક્ષા કરવાના હિમાયતી હતા. તેમનો ધર્મ વ્યવહારપ્રધાન હતો. એથી તેમણે પ્રબોધેલો ધર્મ લોકોમાં વધુ પ્રિય નીવડ્યો હતો. લાઓત્સેનો તાઓ ધર્મ તાત્વિક દૃષ્ટિએ વધુ ઉચ્ચ અને ઉદાત્ત હતો. તેઓ અપકાર પ્રત્યે પણ ઉપકાર કરવાના હિમાયતી હતા. તેઓ સાદાઇ, પ્રેમ, સંયમ, સદાચાર, દયા, કરુણા, તત્વચિંતન, આત્મશુદ્ધિ વગેરેને વધુ ચડિયાતાં ગણતા. તેઓ બાહ્ય દેખાવ, દંભ તથા આડંબરના વિરોધી હતા. આહાર, રહેઠાણ, પહેરવેશ વગેરેમાં સાદાઇને તેઓ મહત્વ આપતા હતા. સંગ્રહવૃત્તિ, મોજશોખ વગેરેને છોડીને સાદું, સંતોષી જીવન જીવવાની તેઓ હિમાયત કરતા. તેઓ માનતા કે રાજા જેમ વધારે કાયદાઓ કરે અને વધુ કર નાખે તેમ પ્રજામાં અશાંતિ, ગરીબી, બેકારી, ચોરી, લૂંટફાટ, ભૂખમરો, ભ્રષ્ટાચાર વગેરે અનિષ્ટો વધે. રાજાએ ઓછામાં ઓછા કાયદાઓ કરીને પ્રજા ઉપર એવી રીતે શાસન ચલાવવું જોઇએ કે જેથી પ્રજાને ખબર પણ ન પડે કે પોતાના ઉપર કોઇકનું શાસન ચાલી રહ્યું છે. તેઓ શસ્ત્રાગાર, યુદ્ધનીતિ વગેરેની વિરુદ્ધ હતા. પ્રેમ, બંધુત્વ, કૃતજ્ઞતા, પરોપકાર વગેરે માટે તેમનો રાજ્યકક્ષાએ પણ આગ્રહ હતો. રાજાનો આદર્શ કેવો ઉચ્ચ હોવો જોઇએ એ વિશે તેમણે પોતાનો સ્પષ્ટ મત દર્શાવ્યો છે.

લાઓત્સેનો માર્ગ કઠિન હોવાથી, દેખીતી રીતે જ, તે બહુ લોકપ્રિય નહોતો થયો, તો પણ પછીથી આવેલા ચીની તત્વચિંતકોએ લાઓત્સેમાંથી ઘણી પ્રેરણા લઇને પોતાની વિચારસરણી ઘડી હતી.

કન્ફ્યૂશિયસ જ્યારે લાઓત્સેને મળ્યા ત્યારે બંને વચ્ચે વિચારોનો ઘણો વિનિમય થયો હતો. લાઓત્સેએ કન્ફ્યૂશિયસને કહ્યું હતું કે 'સમાજને સુધારતાં પહેલાં માણસે પોતાની જાતને પ્રથમ સુધારવી જોઇએ. માણસે સૌ પ્રથમ પોતાના હૃદય અને ચિત્તની આંતરિક શુદ્ધિ કેળવવી જોઇએ. તમે બીજાઓના વિચારોને ઘડવાની માથાકૂટમાં પડશો નહિ. માનવહૃદયમાં કુદરતી રીતે જે સાધુતા વસેલી છે તેમાં દખલગીરી કરશો નહિ. બાહ્ય દેખાવ અને આડંબરથી મુક્ત થજો, કારણ કે તે તમારા સદ્‌ગુણોને વધારવાને બદલે ઘટાડે છે.તાઓનું તત્વ ગૂઢ છે. અહમના વિસર્જન વિના તે પામી શકાતું નથી. તમે જ્યાં સુધી વ્યવહારું ડહાપણ અને સમાજસુધારાની પ્રવૃત્તિઓમાં રચ્યાપચ્યા રહેશો ત્યાં સુધી તમે તાઓને સાચી રીતે પામી શકશો નહિ.'

લાઓત્સેને મળ્યા પછી કન્ફ્યૂશિયસની દૃષ્ટિ ખૂલી ગઇ હતી. તેમણે પોતાના શિષ્યોને એકત્ર કરી લાઓત્સેની ફિલસૂફી સમજાવી હતી. પોતે પ્રબોધેલા નીતિધર્મ અને સમાજધર્મમાં તેમણે લાઓત્સેની ફિલસૂફીનો યથાશક્ય વિનિયોગ કર્યો હતો. લાઓત્સેએ ઠપકા કે ચેતવણીરૂપે કહેલા શબ્દોમાંથી પણ કન્ફ્યૂશિયસ ઘણું પામ્યા હતા. આથી ચીની સંસ્કૃતિને ઘડવામાં લાઓત્સે અને કન્ફ્યૂશિયસનો પ્રભાવ સૈકાઓ સુધી રહ્યો હતો.

સમય જતાં તાઓ ધર્મ બે શાખામાં વિભક્ત થઇ ગયો હતો : (૧) ઉત્તર પ્રદેશનો પંથ અને (૨) દક્ષિણ પ્રદેશનો પંથ. આમ, બે શાખાઓ ભૌગોલિક દૃષ્ટિએ થઇ હતી. તેમાં ઉત્તરની શાખામાં ધ્યાન, પ્રાણાયામ, આત્મતત્વચિંતન ઇત્યાદિ પર વિશેષ ભાર મુકાતો ગયો હતો. દક્ષિણની શાખામાં મંત્ર, તંત્ર, ચમત્કારો, અનુષ્ઠાનો, ક્રિયાકાંડ ઇત્યાદિને વધુ પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. આ બંને શાખાઓ ઉપર પાછળથી ચીનમાં પ્રવર્તેલા બૌદ્ધધર્મની ઘણી પ્રબળ અસર પડી હતી, જો કે ચીનમાં બૌદ્ધધર્મના પ્રચાર પછી પણ લાઓત્સે અને કન્ફ્યૂશિયસ ભુલાઇ ગયા નહિ કે ભુંસાઇ ગયા નહિ એ જ એમની સિદ્ધિ દર્શાવે છે. વસ્તુત: લાઓત્સે, કન્ફ્યૂશિયસ અને બૌદ્ધધર્મ વચ્ચે એવો પરસ્પર કોઇ વિખવાદ કે વિસંવાદ નહોતો કે એકનું અસ્તિત્વ નાબૂદ કરીને જ બીજો ધર્મ પ્રવર્તી શકે. તો પણ નવા ધાર્મિક જુવાળ સામે આંતરિક સામર્થ્ય વગર ટકી શકવાનું સરળ નહોતું. બૌદ્ધધર્મનો રાજકીય સ્તરે સ્વીકાર અને પ્રચાર થયો તે પછી પણ લાઓત્સે અને કન્ફ્યૂશિયસનું તત્વદર્શન ટકી રહ્યું એ એની સમર્થ સત્વશીલતાની પ્રતીતિ કરાવે છે. અલબત્ત, બૌદ્ધધર્મમાં તત્વદર્શન અને આચારસંહિતાના વિષયમાં જેટલાં ગહનતા, વ્યાપકતા, વિભિન્ન પરિસ્થિતિઓનું પૃથક્કરણ અને નિયમાવલિઓ, ઇત્યાદિ જોવા મળે છે તેટલાં તાઓ ધર્મ કે કોન્ફ્યૂશિયસ ધર્મમાં જોવા મળતાં નથી.

તાઓ દર્શનનો મુખ્ય ગ્રંથ તે 'તાઓ-તે-ચિંગ' છે. તાઓના પ્રણેતા લાઓત્સેને જે કંઇ કહેવાનું હતું તે આ ગ્રંથમાંથી પ્રાપ્ત થાય છે. આ ગ્રંથ આરંભમાં સળંગ હશે, પણ પાછળથી તે ૮૧ કંડિકામાં વિભક્ત કરવામાં આવ્યો હશે ! તેમાં માત્ર તત્ત્વદર્શન છે, જુદી આચારસંહિતા નથી. તત્ત્વદર્શનમાં પણ કેટલુંક સૂક્ષ્મ, દુર્બોધ અને પૃથક્જન સુધી ન પહોંચી શકે એવું છે.

'તાઓ-તે-ચિંગ' સૂત્રાત્મક ગ્રંથ છે. તેમાં દરેક વિચારની માર્મિક શૈલીએ રજૂઆત કરવામાં આવી છે. તેની કેટલીક સચોટ પંક્તિઓ કવિતાની ઊંચી કોટિ સુધી પહોંચેલી છે.

ચીની ભાષામાં લગભગ પાંચ હજાર શબ્દમાં લખાયેલો આ ગ્રંથ શબ્દ અને અર્થ બંનેની દૃષ્ટિએ ઘણો ગૂઢ છે. વળી એનું તત્વજ્ઞાન પણ રહસ્યમય છે. આ ગ્રંથ લખાયાંને અઢી હજાર વર્ષ થઇ ગયાં, એટલે એ ગ્રંથ સંપૂર્ણપણે એના મૂળ શબ્દસ્વરૂપે જ અત્યાર સુધી ઉપલબ્ધ રહ્યો છે એમ નહિ કહી શકાય. એમાં શાબ્દિક ફેરફારો થયા હશે અને કેટલાક શબ્દોના અર્થમાં પણ સંકોચ-વિસ્તારની પ્રક્રિયા થઇ હશે. એટલે ખુદ ચીની ભાષામાં પણ 'તાઓ-તે-ચિંગ'નાં વચનોનાં એક કરતાં વધારે અર્થ કરવામાં આવે છે. આ ગ્રંથનાં ભાષાંતરો દુનિયાની ઘણી ભાષાઓમાં થયાં છે. જુદા જુદા ભાષાંતરકારોએ પણ કેટલાક શબ્દોના કે વાક્યોના જુદા દુદા અર્થ કર્યા છે. ફક્ત અંગ્રેજી ભાષામાં થયેલાં ભાષાંતરો તપાસીએ તો પણ ભાગ્યે જ કોઇ બે ભાષાંતર સમગ્રપણે મળતાં આવતાં જણાશે. વસ્તુત: ગહન ગ્રંથોની એ ખૂબી હોય છે કે થોડા શબ્દોમાં તે ઘણું બધું કહી જાય છે. એટલે સમયે સમયે તેનો અર્થવિસ્તાર થતો રહે છે.

ઇ. સ. પૂર્વે ત્રીજી શતાબ્દીમાં હનવંશીય રાજાઓના શાસનકાળ દરમિયાન તાઓ દર્શનનો સવિશેષ પ્રચાર થયો હતો. ખુદ રાજાઓએ પોતે તાઓ દર્શનને અપનાવ્યું હતું. પોતાને તાઓ પંથના અનુયાયી કહેવડાવવામાં તેઓ ગૌરવ અનુભવતા હતા. કેટલાંક વર્ષ પછી, ઇ. સ. ૧૫૬ની આસપાસ, તો રાજ્ય તરફથી એવો હુકમ પણ બહાર પડ્યો હતો કે તમામ રાજદ્વારી દરબારો અને કચેરીઓમાં 'તાઓ-તે-ચિંગ' ગ્રંથનું નિયમિત અધ્યયન કરાવવું. ત્યારથી ચીનમાં 'તાઓ-તે-ચિંગ'નું સ્થાન સન્માનભર્યું રહ્યું હતું.

સુપ્રસિદ્ધ ચીની લેખક લિન યુતાંગે એક સ્થળે કહ્યું છે કે "સમગ્ર પ્રાચીન ચીની સાહિત્યમાં સૌથી વધુ વાંચવો ગમે એવો ગ્રંથ હોય તો તે લાઓત્સે કૃત 'તાઓ-તે-ચિંગ' છે. વિશ્વના તત્વચિંતનના ગ્રંથોમાં 'તાઓ-તે-ચિંગ એક પરમ રહસ્યમય અને ગૌરવમય ગ્રંથ છે."

ચીની ભાષામાં 'તાઓ'નો શાબ્દિક અર્થ થાય છે 'માર્ગ' પરંતુ તાઓ એટલે શાનો માર્ગ ? - એવો પ્રશ્ન થવો સ્વાભાવિક છે. તેના ઉત્તરરૂપે 'તાઓ' શબ્દની આગળ 'તાએન' શબ્દ વપરાતો. 'તાએન' એટલે ઇશ્વર અથવા પરમ તત્વ. કોન્ફ્યૂશિયસ પણ ત્યારે પોતાના તત્વદર્શનને માટે 'તાઓ' શબ્દ વાપરતા, એટલે લાઓત્સેના તાઓને સ્પષ્ટ રીતે જુદો દર્શાવવા માટે તાએન-તાઓ શબ્દ પ્રચલિત બન્યો હતો. આ વિશ્વમાં સૂર્ય, ચંદ્ર અને તારાઓ સહિત પ્રકૃતિને નિયમમાં રાખનાર, કુદરતની ઘટનાઓનું શાસન કરનાર, સમગ્ર સંસારનું સ્વાભાવિક રીતે સંચાલન કરનાર પરમ તત્વ તે 'તાએન' છે. (તાએન શબ્દ ભારતમાં વેદના ઋત શબ્દ સાથે કે ઉપનિષદના બ્રહ્મ શબ્દ સાથે મળતો આવે છે.) તાએનનો માર્ગ તે 'તાએન તાઓ,' અર્થાત પરમ માર્ગ અથવા ઇશ્વરનો માર્ગ છે.

'તાએન-તાઓ' શબ્દ સમય જતાં ઘસાઇને 'તા-તાઓ' શબ્દ બની ગયો; અને 'તા-તાઓ' શબ્દ ઘસાતાં ઘસાતાં છેવટે તેમાંથી 'તાઓ' શબ્દ અવશેષરૂપે રહ્યો. પરંતુ પછી 'તાઓ' શબ્દ માત્ર સામાન્ય અર્થમાં મર્યાદિત ન રહેતાં ઇશ્વરના માર્ગના અર્થમાં અથવા કુદરતના ધોરી માર્ગના અર્થમાં વપરાવા લાગ્યો, જે ચીનમાં આજ સુધી પ્રચલિત રહ્યો છે અને તત્વદર્શન માટે રૂઢ થઇ ગયો છે.

તાઓનો ધ્વન્યાર્થ જુદા જુદા વિચારકોએ, ચિંતકોએ જુદો જુદો કર્યો છે. એ બધા અર્થ નજીકની અર્થચ્છાયાવાળા છે. તાઓ દર્શનની એક અથવા અન્ય લાક્ષણિકતાને એ દર્શાવનારા છે.

'તાઓ' ના નીચે પ્રમાણે જુદા જુદા અર્થ જોવા મળે છે :

(૧) તાઓ એટલે સ્વર્ગનો માર્ગ.

(૨) તાઓ એટલે દેવોએ અપનાવેલો માર્ગ અથવા દૈવી માર્ગ.

(૩) તાઓ એટલે બુદ્ધિ, તર્ક, સત્ય અને સિદ્ધાંતનો માર્ગ.

(૪) તાઓ એટલે સદ્‌ગુણોનો શુદ્ધ માર્ગ.

(૫) તાઓ એટલે નીતિના અને સદાચારના આદર્શ તરફ લઇ જનારો માર્ગ.

(૬) તાઓ એટલે સૃષ્ટિની નૈસર્ગિક, ભૌતિક અને નૈતિક વ્યવસ્થા.

(૭) તાઓ એટલે દેવોએ અનુસરેલો એવો જીવનનો સાચો માર્ગ.

(૮) તાઓ એટલે પ્રજાના પાલનહાર ઇશ્વરનો માર્ગ.

(૯) તાઓ એટલે શબ્દ.
(૧૦) તાઓ એટલે 'પાણી' (એટલે કે પાણી જેવો સર્વશ્રેષ્ઠ ધર્મ).
(૧૧) તાઓ એટલે પરમતત્ત્વ, પરબ્રહ્મ, પરમગૂઢ તત્ત્વ.
(૧૨) તાઓ એટલે વિશ્વનું મૂળ.
(૧૩) તાઓ એટલે 'સ્વયંસિદ્ધ સ્વરૂપ.'
(૧૪) તાઓ એટલે બધામાં વ્યાપી રહેલું અપરિમિત તત્ત્વ.
(૧૫) તાઓ એટલે બધી વસ્તુઓમાં નિહિત રહેલી પ્રભાવક શક્તિ.
(૧૬) તાઓ એટલે સહજ પ્રકારની અભિવ્યક્તિનો નૈસર્ગિક અનાયાસ માર્ગ.

'તાઓ'ની આવી જુદી જુદી વ્યાખ્યાઓમાં કેટલુંક સમાન તત્ત્વ રહેલું દેખાશે..

લાઓત્સેએ પોતાના ગ્રંથમાં સ્થળે સ્થળે 'તાઓ'ની, એટલે કે માર્ગની, લાક્ષણિક્તાઓ દર્શાવી છે. એ સમજવાથી 'તાઓ'ના સ્વરૂપનો આપણને વિશેષ પરિચય મળી રહેશે. તેમાંથી નમૂનારૂપ અહીં આપેલાં કેટલાંક વચનો જુઓ :

(૧) સ્વર્ગ અને પૃથ્વીના જન્મ પહેલાં પણ કશુંક તત્ત્વ હતું. અંત પછી પણ તે રહેશે.

તે શાંત છે, તે અનાદિ છે અને અનંત છે. તે અદ્વિતીય છે અને અપરિવર્તનશીલ છે. તે બધામાં રહેલું છે. બધા માટે તે પ્રેરક છે. તે તત્ત્વને વિશ્વની માતા તરીકે ઓળખાવી શકાય.

તેને શું નામ આપવું તેની મને ખબર નથી; છતાં હું તેને 'તાઓ--માર્ગ' તરીકે ઓળખાવું છું. તેનું વર્ણન કરવું હોય તો હું તેને 'મહાન' તરીકે ઓળખાવું.

મહાન એટલે સવિસ્તર. સવિસ્તર એટલે દૂરગામી.

(૨) માર્ગની કોઇ વ્યાખ્યા નથી. માર્ગનું કોઇ નામ નથી. એમાં અપાર સરળતા છે, છતાં તેને પામવાનું સહેલું નથી.

(૩) માર્ગ અમૂર્ત અને અવર્ણનીય છે.

અમૂર્ત અને અવર્ણનીય હોવા છતાં એના કેન્દ્રમાં પ્રતિમા છે.

અમૂર્ત અને અવર્ણનીય હોવા છતાં એમાં પ્રકૃતિનો નિયમ રહેલો છે. ગૂઢ અને રહસ્યમય હોવા છતાં એમાં જીવનતત્ત્વ રહેલું છે.

(૪) બધી વસ્તુઓ માર્ગમાંથી ઉત્પન્ન થાય છે. તેની શક્તિ તેમને પોષે છે. તેઓ વિકસે છે, તેમની સંભાળ લેવાય છે. તેમને આશ્રય અપાય છે. તેમનું રક્ષણ થાય છે.

માર્ગ તેઓને ઉત્પન્ન કરે છે; પણ તેમના ઉપર કબજો જમાવતો નથી.

તેઓ કાર્ય કરે છે, પણ કોઇ અપેક્ષા રાખતા નથી. તેઓને વિકસાવે છે, પણ તેમાં દખલગીરી કરતા નથી.

માર્ગ ઉપર ચાલવું એનું નામ જીવન. એનાથી વિપરીત ચાલવું એનું નામ મૃત્યું.

(૫) માર્ગ કશું કરતો નથી, છતાં તે નિષ્ક્રિય નથી. માર્ગને અનુસરવામાં આવે તો આખા વિશ્વમાં સ્વાભાવિક શાંતિ અને વ્યવસ્થિતતા સ્થપાય. માર્ગની ગતિ મૂળ તરફ પાછા ફરવાની છે. સ્વીકાર એ માર્ગની રીતિ છે.

(૬) મહાન માર્ગ સરળ છે, પરંતુ લોકો અવળે રસ્તે જવાનું પસંદ કરે છે. માર્ગમાં જેનાં મૂળ ઊંડા છે તેને કોઇ ઉખેડી શકતું નથી. જે માર્ગને દૃઢતાથી વળગી રહે છે તેને અવળે રસ્તે કોઇ દોરી શકતું નથી.

(૭) માર્ગ ખાલી છે, પરંતુ તે ઉપયોગી છે; તે સઘન અને ગહન છે. અનેક વસ્તુઓના સ્રોત જેવો તે અતલ છે.

તમે સામેથી જોશો તો તેનો આરંભ નહિ દેખાય. તમે પાછળ જઇને જોશો તો એનો અંત નહિ દેખાય.

(૮) માર્ગ પ્રકાશિત હોય છે, પણ અંધકારમય દેખાય છે. માર્ગ પ્રગતિશીલ હોય છે, પણ પીછેહઠ કરતો લાગે છે. માર્ગ સમથળ હોય છે, પણ ખાડા ટેકરાવાળો લાગે છે.

(૯) માર્ગ જમણી બાજુ પણ વહે છે અને ડાબી બાજુ પણ વહે છે. અનેક વસ્તુઓનો વિકાસ માર્ગ ઉપર અવલંબે છે. એ તેમને ક્યારેય ના પાડતો નથી. તે પોતાનું કાર્ય પાર પાડે છે; છતાં તેના કર્તૃત્વનો દાવો કરતો નથી. તે અનેક વસ્તુઓને પોષણ આપે છે, છતાં તેમનો સ્વામી થઇને વર્તતો નથી.

(૧૦) જેઓ આ માર્ગને અનુસરે છે તેઓ પૂર્ણ થવા નથી ઇચ્છતા. પૂર્ણ થવા ઇચ્છતા નથી માટે જ તેઓને કોઇ ઘસારો લાગતો નથી. માટે જ તેઓ પૂરમાં તણાઇ જતાં નથી.

(૧૧) દુનિયામાં બધા કહે છે માર્ગ મહાન છે, છતાં તે અગમ્ય છે. અલબત્ત, એ મહાન છે માટે જ અગમ્ય છે. એ જો બધાંને ગમ્ય હોત, તો તે ક્યારનો નકામો થઇ ગયો હોત.

(૧૨) જ્યારે વિશ્વ માર્ગ ઉપર હોય છે ત્યારે ઘોડાઓની લાદ પણ કામમાં લેવાય છે. જ્યારે વિશ્વ માર્ગથી રહિત હોય છે ત્યારે યુદ્ધના ઘોડાઓ પણ નગર બહાર ઉપવનોમાં રખડતા હોય છે.

(૧૩) માર્ગ વાળેલા ધનુષ્ય જેવો છે. ધનુષ્યનો જે છેડો ઊંચે છે તે નીચે આવે છે; ધનુષ્યની પણછ (દોરી) વધારે લાંબી હોય તો તેને ટૂંકી કરવામાં આવે છે. જો ટૂંકી હોય તો તેને લાંબી કરવામાં આવે છે.

(૧૪) જેઓ માર્ગનો આશ્રય લે છે, તેની પાસે બધા આવીને મળે છે. જેઓ એને ભજે છે તેમની કશી હાનિ થતી નથી. તેઓને સુખશાંતિ અને સંવાદિતા સાંપડી રહે છે.

(૧૫) માર્ગને સાચી રીતે અનુસરનારાઓ સફળતાને વરે છે, પણ બડાશ મારતા નથી.

તેઓ સફળતાને વરે છે, પણ તેનો દાવો કરતા નથી
તેઓ સફળતાને વરે છે, પણ અભિમાન કરતા નથી.
તેઓ સફળતાને વરે છે, પણ તેમાં રાચતા નથી.
તેઓ સફળતાને વરે છે, પણ હિંસા આચરતા નથી.

(૧૬) આ પ્રાચીન માર્ગને તમે બરાબર પકડી રાખો, જેથી આજની વાસ્તવિકતાને તમે બરાબર વશ રાખી શકો. પ્રાચીન માર્ગના આરંભને ઓળખવાની શક્તિ તે આ માર્ગનું સારતત્ત્વ છે.

(૧૭) માર્ગને તમારા જીવનમાં ઉતારો તો તેના સદ્‌ગુણ તમે પામશો. તમારા ગામમાં માર્ગને સાચવશો તો સદ્‌ગુણો તમારા ગામમાં ટકી રહેશે. તમારા રાજ્યમાં માર્ગને અપનાવશો તો તમારું રાજ્ય સમૃદ્ધ બનશે. આખું વિશ્વ જો માર્ગ ઉપર ચાલશે તો એના સદ્‌ગુણો વિશ્વવ્યાપી બની જશે..

તાઓના ઉપદેશમાં રહેલાં કેટલાંક લક્ષણો નીચે પ્રમાણે છે, જે સુખી થવા માટે વ્યક્તિએ અને સમાજે અપનાવવાં જોઇએ :

૧. નિવૃત્તિ ૨. વૈયક્તિક સદાચાર ૩. કુદરતમય જીવન ૪. સાદાઇ, સરળતા અને નિરાડંબરતા ૫. સંતોષ, નિર્લોભીપણું ૬. ત્યાગ ૭. કરકસર ૮. નિર્ભયતા ૯. અહંકારનું વિસર્જન અને નમ્રતા ૧૦. આત્માનુશાસન ૧૧. વૈશ્વિક ચેતનામાં અવગાહન ૧૨. વિશ્વ સાથે સુસંવાદી જીવન ૧૩. સાક્ષીભાવ ૧૪. કુદરતના ક્રમમાં હસ્તક્ષેપનો અભાવ ૧૫. શાંતિ અને પવિત્રતા.

આમ, તાઓનું પાલન કરનાર વ્યક્તિ ઋજુ પ્રકૃતિની હોય છે. એને ધન, પદ, પ્રતિષ્ઠા, પ્રસિદ્ધિ, સત્તા, વૈભવ, સન્માન ઇત્યાદિની ખેવના નથી હોતી. તાઓને અનુસરનાર વ્યક્તિ બાળક જેવી નિર્દોષ હોય છે. સાપ, વીંછી, હિંસક પશુઓ કે પક્ષીઓનો પણ તેને ડર નથી હોતો. તેઓ પણ તેને સતાવતાં નથી.

તાઓને અનુસરનાર સંતપુરુષો જેમાં કશો કર્તૃત્વનો દાવો કરવાનો ન હોય તેવું કાર્ય કરે છે. અને મૌનનો બોધ આપે છે. તેઓ બીજાને જીવન અર્પે છે, પણ કોઇ માલિકીનો દાવો કરતા નથી. તેઓ કામ કરે છે, પણ કોઇ યશની કે ઋણસ્વીકારની અપેક્ષા રાખતા નથી.

લાઓત્સે કહે છે :

(૧) સંતપુરુષ પોતાની જાતને છેલ્લી રાખે છે, પરંતુ તે પહેલી થઇ જાય છે.

(૨) તેઓ પોતાની ઇચ્છાઓને વ્યકત કરતા નથી, પરંતુ એટલા માટે જ તેઓ પોતાની ઇચ્છા પ્રમાણે પામે છે.

(૩) તેઓ બધા માણસો સાથે નિષ્પક્ષ વ્યવહાર રાખે છે. તેઓ બધાંની સાથે ભળે છે અને બધાંનું ભલું ચાહે છે.

(૪) તેઓ બાહ્ય વસ્તુને છોડી તેના તત્ત્વને ગ્રહણ કરે છે.

આમ, તાઓ દર્શન મનુષ્યમાં રહેલા શ્રેષ્ઠ અભ્યંતર સદ્‌ગુણો ખીલવવાનો બોધ આપે છે. કુટુંબ, સમાજ અને રાષ્ટ્રની કક્ષાએ સરળતા, સાહજિક્તા અને સાચાં સુખશાંતિ તાઓને અપનાવવાથી પ્રાપ્ત થઇ શકે છે. વિશ્વશાંતિનો ઉપાય તાઓ પાસે છે. ભૌતિક સમૃદ્ધિ પાછળ દોટ મેલનાર માનવી શું શું ગુમાવે છે અને કેવી કેવી આપત્તિ નોંતરે છે, એ તો પાછું વળીને તાઓને જાણવા-સમજવાનો અને જીવનમાં ઉતરવાનો પ્રયાસ કરે તો જ સમજી શકે.

તાઓ દર્શનને સમજવા માટે 'તાઓ-તે-ચિંગ' કૃતિનું સૂક્ષ્મ અધ્યયન આવશ્યક છે.

**(લેખકના તાજેતરમાં પ્રગટ થયેલા ગ્રંથ 'તાઓ તત્ત્વદર્શન' માંથી)**

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ● ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, ● ● સ્થળ : ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઇ - ૪૦૦૦૦૪
ફોન : ૩૫૦૨૯૬, મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦૦૦૮. ફોટોટાઇપસેટિંગ : મુદ્રાંકન, મુંબઇ-૪૦૦ ૦૯૨

વર્ષ : ૨ ● અંક : ૧૦ ● તા. ૧૬-૧૦-૧૯૯૧ Regd. No. MH. BY / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## અપહરણ

છેલ્લા કેટલાક સમયથી મુંબઇ, દિલ્હી, કલકત્તા વગેરે મોટાં શહેરોમાં તથા પંજાબ; કાશ્મીર, આસામ, આન્ધ્રપ્રદેશ વગેરે રાજ્યોમાં અપહરણના વધુ ગંભીર પ્રકારના કિસ્સા બની રહ્યા છે.

ઐતિહાસિક દૃષ્ટિએ જોઇએ તો અપહરણની ઘટના વગર કોઇ જમાનો બાકી રહ્યો નથી. મૂળ શબ્દ 'હરણ' છે. 'અપ' એટલે ખરાબ. ખરાબ રીતે થયેલું હરણ તે અપહરણ એમ કહી શકાય. વસ્તુતઃ હરણ પોતે જ ખરાબ છે. સંસ્કૃત ' હૃ ' ધાતુ ઉપરથી હરણ શબ્દ આવ્યો છે. હરણ એટલે ઉપાડી જવું, ચોરી જવું, સંતાડી દેવું. સંસ્કૃત શબ્દકોશમાં મૂળ ધાતુ તરીકે શબ્દ જોવા મળે છે એનો અર્થ જ એ કે માનવજાતના આદિકાળ થી ચીજવસ્તુઓના કે વ્યક્તિઓના હરણની ઘટનાઓ બનતી રહી છે. બાળકો, કિશોર વિદ્યાર્થીઓ, રૂપવતી સ્રીઓ, રાજદ્વારી પુરુષો, વેપારીઓ, સાધુસંન્યાસીઓ વગેરેનાં હરણના કિસ્સાઓ ઇતિહાસમાં નોંધાયેલા છે.

કેટલાંક અપકૃત્યો જાહેર પ્રકારનાં હોય છે તો કેટલાંક ગુપ્ત પ્રકારનાં હોય છે. ઓછી શક્તિ હોય, નૈતિક હિંમતનો અભાવ હોય અને તાત્કાલિક પરિણામનો કે કાયદેસરની શિક્ષાનો ડર હોય ત્યારે માણસ જાહેરમાં અપકૃત્ય કરતાં ડરે છે. ચોરી, ખૂન, વ્યભિચાર વગેરે પ્રકારનાં અપકૃત્યો કરવામાં માણસને જયારે પોતાના શરીરની દૃષ્ટિએ જોખમ લાગે છે, કાયદાની દૃષ્ટિએ ડર રહે છે અને પ્રતિષ્ઠાની દૃષ્ટિએ ભય રહે છે ત્યારે તેવા ગુનાઓ માણસ ગુપ્ત રીતે કરે છે. પોતે ઓળખાય નહિ કે પકડાય નહિ તેવી રીતે રહેવાનો કે ભાગવાનો પ્રયત્ન કરે છે. કેટલાક સશક્ત, શસ્રયુક્ત ભારાડી માણસો બીજાઓનાં દેખતાં લૂટફાટ કરે છે કે કોઇનું ખૂન કરીને ભાગી જાય છે. તાત્કાલિક સામનાનો તેમને ડર નથી હોતો. પોલિસ તથા કાયદાનો ડર તો જો તેઓ પકડાઇ જાય તો જ હોય છે. એટલે એવા લોકો છડે ચોક ગુનો કરતાં અચકાતા નથી. એક બાજુ એકલદોકલ વ્યક્તિ હોય અને બીજી બાજુ કેટલાક માણસોનું જૂથ હોય, એક બાજુ નાનું જૂથ હોય અને બીજી બાજુ પોલિસ તંત્ર હોય, એક બાજુ મોટું જૂથ હોય પણ બીજી બાજુ સૈન્ય હોય ત્યારે ઓછી શક્તિવાળા જાહેરમાં સામનો ન કરતાં ગુપ્ત રીતે અપકૃત્ય કરે છે. જયારે પૂરું વેર લઇ શકાતું નથી ત્યારે મોટા જૂથને છાનીછપની રીતે સતાવ્યાનો સંતોષ લેવાય છે.

પ્રેમના ક્ષેત્રમાં યુવક કે યુવતીનું અપહરણ કરવાના કે કરાવવાના કિસ્સાઓ તો હજારો વર્ષથી થતા આવ્યા છે. રાવણે સીતાનું હરણ કર્યું એ પૌરાણિક ઘટના તો જગજાહેર છે. સુભદ્રાહરણ, રૂકિમણી હરણ, લક્ષ્મણાહરણ જેવી પૌરાણિક ઘટનાઓ કે સંયુક્તાહરણ જેવી મધ્યકાલીન ઘટનાઓ જાણીતી છે. માત્ર સ્રીનું જ અપહરણ થાય છે એમ નથી. ઓખાએ અનિરુદ્ધનું અપહરણ કરાવ્યું હતું. આવા કેટલાક હરણોમાં યુવક કે યુવતીની સંમતિ પણ હોઇ શકે છે. કેટલાંક હરણો લગ્નમાં પરિણમે છે. તો કેટલાંક હરણોના કિસ્સાઓમાં યુવક કે યુવતીને પાછા મેળવાય છે. ભગાડીને કરેલા લગ્નમાં બધા જ સુખી થાય છે તેવું નથી. તો પણ યુવક કે યુવતીને ભગાડી જઇને લગ્ન કરવાની ઘટનાઓ, માતાપિતાની સંમતિ ન મળવાને કારણે બનતી આવી છે અને બનતી રહેવાની.

સાધુ-સંન્યાસીઓની એક મોટી સમસ્યા તે ચેલાઓ મેળવવાની છે. સ્વેચ્છાએ સંન્યાસ લેનારા માણસો ઓછા હોય છે. વૃદ્ધાવસ્થા આવે ત્યારે સાધુ સંન્યાસીને પોતાની સેવા ચાકરી કરનાર માણસની જરૂર પડે છે. અથવા પોતાની ગાદીના વારસ શોધવાની જરૂર પડે છે. તેવે વખતે જો કોઇ યોગ્ય પાત્ર ન મળે તો નાનાં છોકરાઓને ઉઠાવી લાવવાની ઘટનાઓ પણ બને છે. સમજણનો અભાવ, સામનો કરવાની હિંમતનો અભાવ, ખાવાપીવાની લાલચ વગેરેને કારણે બાળકો કે કિશોરો બાવાઓને તાબે થઇ જાય છે અને વખત જતાં પોતે પણ પોતાના ગુરુ જેવા જબરા થઇ જાય છે. સાધુ-સંન્યાસીઓ દ્વારા છોકરાઓને ભગાડી જવાની ઘટના માત્ર ભારતમાં જ બને છે એવું નથી. દુનિયાના બધા જ દેશોમાં અને બધા જ ધર્મોમાં થોડેવત્તે અંશે આવી ઘટનાઓ બનતી આવી છે. વળી સાધુસંસ્થાઓમાં બીજા ગુરુના તેજસ્વી શિષ્યને એની સંમતિથી કે સંમતિ વગર ઉપાડી જવાના કિસ્સા પણ બનતા રહ્યા છે. શિષ્યહરણ કે શિષ્યચોરીના નિર્દેશો પ્રાચીન ગ્રંથોમાં મળે છે. દેવ દેવીઓને બલિ તરીકે ચડાવવા માટે નાનાં છોકરાંઓનાં અપહરણની ઘટનાઓ આજ દિવસ સુધી બનતી રહી છે. પ્રસૂતિગૃહમાંથી તાજાં જન્મેલાં બાળકોના અપહરણના કિસ્સા દેશવિદેશમાં બનતા રહ્યા છે. પોતાની સાધના માટે અઘોરી બાવાઓ સ્મશાનમાંથી શબનું અપહરણ કરતા રહ્યા છે.

જૂના વખતમાં પગપાળા કે ગાડામાં પ્રવાસ કરવો પડતો ત્યારે રસ્તામાં જંગલ-ઝાડીમાં છૂપાઇને ડાકુઓ અચાનક છાપો મારતા અને કિંમતી ચીજવસ્તુઓ લૂટી જતા. દરિયાઇ સફરમાં એકલ દોકલ વહાણને ચાંચિયાઓ ઉઠાવી જતા અથવા તેનો માલસામાન લૂટી લેતા. આથી જમીન માર્ગે જેમ વણઝારો નીકળતી તેમ દરીયાઇ માર્ગે વહાણોના કાફલા નીકળતા. કે જેથી કોઇ એવા મોટા સમુદાયને લૂટવાની હિંમત કરી શકે નહિ. વિમાન વ્યવહાર ચાલુ થયા પછી છેલ્લાં કેટલાક વર્ષોમાં હવાઇ ચાંચિયાગીરીના બનાવો નોંધાયા છે. ઘણુંખરું એવા બનાવ રાજદ્વારી કારણોસર બનતા રહ્યા છે. અમુક રાજદ્વારી કેદીઓની મુક્તિ માટે અથવા વેર લેવા માટે આવી ઘટનાઓ બનતી રહે છે. જે દેશો વચ્ચે દુશ્મનાવટ હોય તે દેશના કેટલાક આતંકવાદીઓ વિમાનોના અપહરણ કરે છે. ક્યારેક તેમનો હેતુ ફળે છે. તો ક્યારેક મુસાફરોનો પ્રાણ જાય છે. હવાઇ અપહરણ કરનારને બરાબર બોધપાઠ ભણાવ્યો હોય તો તે ઇઝરાયલે. યુગાન્ડાના એરપોર્ટમાં જઇને પોતાના વિમાનને તેઓ બહાદુરીપૂર્વક અને યુક્તિપૂર્વક છોડાવી લાવી શક્યા હતા.

અપહરણની સમસ્યા ભારતમાં અને વિદેશોમાં દિવસે દિવસે વધુ અને વધુ ગંભીર બનતી જાય છે. સામાજિક ક્ષેત્રે અને વેપારઉદ્યોગના ક્ષેત્રે બનતી વ્યક્તિના અપહરણની ઘટનાઓ બનવાની સાથે એનો ચેપ રાજદ્વારી ક્ષેત્રને પણ લાગ્યો છે. તેનાં પરિણામો અને પ્રત્યાઘાતો હવે વધુ ભયંકર સ્વરૂપ ધારણ કરવા લાગ્યાં છે.

ભારતમાં પંજાબ અને કાશ્મીરની સમસ્યાઓ ઘણી ગંભર બની ગઇ છે. એ બંને રાજયોનાં આતંકવાદીઓને પાકિસ્તાન તરફથી તાલીમ અને

શસ્ત્રોની સહાય એટલી બધી ખુલ્લી રીતે અપાય છે કે ભારતે એના નિરાકરણ માટે કોઇ આકરાં પગલા લીધા સિવાય છૂટકો નથી. આતંક્વાદીઓ ગમે ત્યારે ગમે તેનું ખૂન કરી નાખે છે. પોતાની બાતમી આપનારના કુટુંબીઓ ઉપર વેર લે છે. અને મહત્ત્વની વ્યક્તિઓનું અપહરણ કરવાની યોજનાઓ ઘડે છે. બાન પકડેલી વ્યક્તિઓને છોડાવવા માટે સરકાર તરફથી મોટી કિંમત ચૂકવવામાં આવે છે એટલે વાઘ જાણે લોહી ચાખી ગયો હોય એવી પરિસ્થિતિ પ્રવર્તે છે. આસામમાં પણ ઉલ્ફાવાદીઓને બંગલાદેશની ગુપ્ત સહાય મળ્યા કરે છે. ભારતમાં આંતંક્વાદની સમસ્યાઓ સર્જવામાં આ બે પડોશી રાષ્ટ્રો દુશમનની જેમ પાછળ પડ્યા છે.

ઉચ્ચકક્ષાના મહત્ત્વના રાજદ્વારી પુરુષનું કરાતું અપહરણ એક ગંભીર સમસ્યા બની જાય છે. તેને મરવા દેવાતા નથી. એટલે જ એની ઘણી ભારે કિંમત ચૂકવવી પડે છે. દુનિયાભરના આંતક્વાદીઓને પોતાના સાથીઓને છોડાવવા માટે આ એક સારો કીમિયો જડી ગયો છે. કાયદો અને ન્યાય એની આગળ લાચાર થઇ જાય છે. કેટલીયવાર સરકારને નમતું જોખવું પડે છે.

ભારતમાં રાજદ્વારી ક્ષેત્રે ભ્રષ્ટાચાર અને ગંદવાડ એટલો બધો વધી ગયો છે કે પ્રધાનો, સંસદસભ્યો, ધારાસભ્યો વગેરેને રાજ્ય કરવા કરતાં ખુરશી મેળવવામાં અને સાચવવામાં અને આર્થિક લાભો માટે ગેરરીતિઓ આચરવામાં વધુ રસ રહ્યો છે. આથી સમગ્ર દેશનું પોલિસતંત્ર ઘણું બધું નિષ્ક્રિય થઇ ગયું છે. પરિણામે વધતી જતી ગુનાખોરીને કારણે ભારતને લાંબે ગાળે ઘણું નુકશાન ભોગવવાનું રહેશે. વિદેશી રાજદૂતોને સરકાર જો સરખું રક્ષણ ન આપી શકે તો બીજા દેશો સાથેના રાજદ્વારી સંબંધો ઉપર એની માઠી અસર અવશ્ય પડશે, એટલું જ નહિ વિદેશોના મોટા ઔદ્યોગિક એકમો પણ ભારતમાં આવતાં ડરશે. અને વિદેશી સહેલાણીઓ ભારતમાં પ્રવાસ કરતાં ડરશે.

ભારતમાં એકબાજુ અતિશય શ્રીમંતાઇ ભર્યું રજવાડી જેવું અને ક્યારેક તો વરવા ધનપ્રદર્શનવાળું જીવન જીવાય છે અને બીજી બાજુ ઝુપડપટ્ટીઓમાં ચીથરેહાલ દશામાં પશુ કરતાં પણ ભૂંડું જીવન જીવાય છે. સમાજના બે વર્ગ વચ્ચે જ્યાં આટલું બધું અંતર હોય ત્યાં નિર્ધન લોકોને શ્રીમંતો પ્રત્યે દ્વેષ, ધિક્કાર, ઇર્ષ્યા રહ્યા કરે, શ્રીમંતોના દુ:ખની વાત સાંભળી ખુશ થવાય તેમ બનવું સ્વાભાવિક છે. એટલે શ્રીમંતોના અપહરણની વાતો સાંભળીને તેઓ રાજી થાય તો તેમાં કંઇ નવાઇ નથી. શ્રીમંતો પ્રત્યે પોતાનું અંગત વેર વસૂલ કરવા માટે અપહરણના તુક્કા તેમને સૂઝે તો તેથી આશ્ચર્ય ન થવું જોઇએ.

વેપાર અને ઉદ્યોગના ક્ષેત્રે પોતાનો હિસાબ ચૂકતે કરવો હોય, લેણી નીકળતી મોટી રકમ બળજબરીથી વસૂલ કરવી હોય તો અપહરણનો કરાવવાનો માર્ગ લેવાય છે. બીજી બાજુ પોતાને મોટી રકમ મેળવવી હોય તો ગુનેગારોને હવે શ્રીમંતોના કે તેમના સંતાનોના અપહરણ કરવાની સારી ફાવટ આવતી જાય છે. પકડાવાનો હવે ડર ઓછો થતો જાય છે કારણ કે પોલીસતંત્ર સડેલું અને ભળેલું હોય છે.

વ્યાવસાયિક અપહરણના ઘણા ખરા કિસ્સાઓમાં નાણાંની ચૂક્વણી થાય છે. કોઇને નાણાં ચૂક્વવું ગમતું નથી, પરંતુ ન ચૂક્વે તો અપહરણ કરાયેલી વ્યક્તિનો જાન જોખમમાં હોય છે. એક બાજૂ નાણાંની મોટી રકમ અને બીજી બાજુ પોતાના સ્વજનનું મૃત્યુ એ બેની વચ્ચે પસંદગી કરવાની હોય ત્યારે દેખીતી રીતે જ માણસ ગમે તે ભોગે પોતાના સ્વજનનને છોડાવવાનો પ્રયત્ન કરે છે. અપહરણ કરાયેલી વ્યક્તિ જીવતી પાછી ફરે છે, પરંતુ કેટલીક વાર તેવી વ્યક્તિઓનું જીવન ધૂળધાણી થઇ જાય છે. આર્થિક પાયમાલી તો હોય છે, પરંતુ માનસિક ત્રાસમાંથી જે રીતે તેઓ પસાર થાય છે તેને પરિણામે તેવી કેટલીક વ્યક્તિઓ માનસિક રીતે ભાંગી પડે છે અને જીવનભર તેની વ્યથા ભોગવે છે.

અપહરણ થયું ન હોય, થવાની શકયતા પણ ન જણાતી હોય, તો પણ એક વખત અપહરણની ધમકીનો સંદેશો સીધી કે આડકતરી રીતે પોતાને મળે છે ત્યારે માણસ વિમાસણમાં મુકાઇ જાય છે. નીડરતાનો દાવો કરનારા કેટલાક માણસો પણ એવે વખતે અસ્વસ્થ થઇ જાય છે.

જો કાયદો અને વ્યવસ્થા બરોબર જળવાતા હોય અને પોલીસતંત્ર સંનિષ્ઠ, ફરજ માટે તત્પર, નીડર અને જાગૃત હોય તો અપહરણના કિસ્સા ઓછા બને. ગુપ્તચર સંસ્થા અનેક કાવત્રાઓની અગાઉથી ગંધ મેળવીને તેને વેળાસર નિષ્ફળ બનાવી શકે છે, પરંતુ આવી કાબેલ ગુપ્તચર સંસ્થાઓ દુનિયાના ઘણા ઓછા દેશોમાં રહી છે. ગીચ વસતીવાળા દેશોમાં તો તે બહુ સફળ થઇ શકતી નથી. આજે અઅહરણ કરીને ભાગી જવા માટેનાં ઝડપી વાહનોની સુલભતા અને સંતાઇ જવાના આવાસો એટલા બધાં વધી ગયા છે કે પોલસતંત્ર પણ એને પહોંચી શકે તેમ નથી. ગુનેગાર સશસ્ત્ર હોય છે, એટલે શસ્ત્ર રહિત માણસો તેમનો સામનો કરવાને કે પીછો પકડવાને અશક્ત હોય છે. હવે તો એક દેશમાં ગુનો કરીને વિમાન દ્વારા ચૂપચાપ બીજા દેશમાં ભાગી જવું એટલું બધું સરળ બની ગયું છે કે કેટલાય એવા ગુનાઓને તો અટકાવી શકાશે નહિ. કેટલાય દુશ્મન દેશો આવા ગુનેગારોને રક્ષણ આપે છે. એટલું જ નહિ ઉત્તેજન પણ આપે છે.

અપહરણના કિસ્સાઓ જેમ જેમ વધુ બનતા જાય છે અને તે સફળ થતા જાય છે તેમ તેમ ભારત સરકારની પ્રતિષ્ઠા હલકી પડતી જાય છે. પ્રજાને સરકારની કાબેલિયતમાંથી વિશ્વાસ ઊઠતો જાય છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારતને નીચું જોવાનું થાય છે. આથી જ કેટલાક અપહરણના કિસ્સઓમાં 'શ્રીમંતો ઇચ્છે છે કે સરકાર અમારી વાતમાં વચ્ચે ન પડે તો સારું. અમે અમારી રીતે અમારું કામ સરકાર કરતાં સારી રીતે પતાવી શકીશું.' કેટલાક અપહરણના કિસ્સાઓ સરકારની દખલગીરીથી બગડ્યા છે કે વિલંબમાં પડી ગયા છે એ સાચું, તો પણ સરકાર વચ્ચે ન આવે તે કેમ ચાલે ? સરકારની એ જવાબદારી છે. જો શ્રીમંતોના કહેવાથી સરકાર ઢીલું મૂકે તો આ પ્રકારના ગુનાઓ વધતા જ જવાના. જેની પાસે ચૂકવવા માટે નાણાં નથી તેવી વ્યક્તિઓને વધુ સહન કરવાનું થાય.

વસ્તુત: ભારતમાં સરકારે રાજ્ય કક્ષાએ અને કેન્દ્ર ક્ક્ષાએ પોતાના પોલિસતંત્રને અને પોતાની ગુપ્તચર સંસ્થાને વધુ જાગ્રત અને કાર્યક્ષમ બનાવવાની જરૂર છે. દુનિયામાં સ્કોટલેન્ડ યાર્ડનું– બ્રિટીશ પોલિસતંત્રનું નામ એટલું મશહૂર હતું કે કોઇ પણ ગુનેગારને ચોવીસ કલાકમાં તે પકડી શક્તું. એની શાખ પહેલાં જેવી નથી રહી તો પણ એની ધાક તો રહી જ છે. ભારતના પોલિસતંત્રોની શાખ પણ નથી રહી અને ગુનેગારોને તેની ધાક પણ નથી રહી. પોલિસતંત્રની સાથે સાથે કાયદાની પરિસ્થિતિ પણ ઘણી વિચિત્ર છે. જયારે ન્યાયાધીશો અને વકીલો પ્રામાણિક હતા ત્યારે પણ ચુકાદો આવતાં અને ગુનેગારોને સજા થતાં વર્ષો નીકળી જતાં, તો હવે જયારે ખુદ ન્યાયાધીશો અને વકીલોની પ્રતિષ્ઠા ઝાંખી થઇ ગઇ છે ત્યાં ન્યાય માટે કેટલી આશા રાખી શકાય ? ગુનેગારોને હવે શરમ નથી રહી, ચિંતા નથી રહી, ડર નથી રહ્યો.. ' તો પછી હું તને કોર્ટમાં જોઇ લઇશ ' એવી ધમકી ઉચ્ચારી ન્યાય મેળવવાનો પ્રયત્ન કરનાર હવે હાંસીપાત્ર ગણાવા લાગ્યો છે.

માત્ર અપહરણના જ નહિ, બધી જાતના ગુનાઓની બાબતમાં પરિસ્થિતિને સુધારવી હોય તો સરકારે કાયદાઓમાં, વ્યવસ્થામાં અને પોલિસતંત્રમાં ધરખમ ફેરફારો કરવા પડશે. બીજા અનેક ફાલતુ ખાતાંઓના ફાલતુ ખર્ચા બંધ કરીને પોલિસતંત્રને વધુ સુદૃઢ કરીને પ્રજાજીવનને સુરક્ષિત બનાવવા તરફ સરકારે વધુ લક્ષ આપવાની જરૂર છે. અપહરણના કિસ્સાઓમાં તો સરકારે વધુ કડક કાયદાઓ કરવાની જરૂર છે કે જેથી ગુનેગારોને તેનો ડર રહે.

અપહરણમાંથી છૂટ્યા પછી કેટલીક વિગતો અવશ્ય બહાર આવે છે. વ્યક્તિઓનાં નામ પણ બહાર આવે છે, પરંતુ તેવી કેટલીયે વ્યક્તિઓ બનાવટી નામ અને ફોટા ધરાવતી હોય છે અને ભાગતી ફરતી હોય છે. કેટલીક વ્યક્તિઓ તો ભાડૂતી હોય છે. મૂળ અપહરણ કરાવનાર વ્યક્તિ વળી કોઇ જુદી જ હોય છે. અપહરણ કરનારાઓ પકડાય અને તેમને કાયદેસર શિક્ષા થાય એવી ઘટનાઓ પ્રમાણમાં ઓછી બને છે. અપહરણ કર્તાઓને પોતાને ખબર પડી ગઇ હોય તો પણ કેટલીક વ્યક્તિઓ તેમના નામ જાહેર કરતાં ડરે છે. તેઓ અપહરણ કરનારાઓ ઉપર વેર લેતાં કે કાયદેસર પગલાં લેતાં પણ ડરે છે, કારણ કે એમ કરવા જતાં વળી પાછા નવા સંકટો ઊભા થવાનું જોખમ રહે છે, કારણ કે વેરની પ્રતિક્રિયા જલદી શમતી નથી. કેટલાક લોકો પોતે કેટલાં નાણાં ચૂક્વ્યાં તેની સ્પષ્ટ વાત કરતા નથી. કેટલાક લોકો ઘણી મોટી રકમ ચૂકવીને છૂટતા હોય છે, પરંતુ પોતે ઘણું મોટું પરાક્રમ અને યુક્તિ પ્રયુક્તિ કરીને બહાદુરીથી છૂટ્યાં હોય એવું મિથ્યાભિમાન દર્શાવે છે.

અપહરણના કેટલાક કિસ્સાઓનું એના આયોજકો એવું સરસ સ્વાભાવિક આયોજન કરતા હોય છે કે માણસને છેલ્લી ઘડી સુધી ગંધ ન આવે. ક્યારે,

કેટલા વાગે કે ક્યા સ્થળે, કેવી રીતે અપહરણ કરવું, તેમને ક્યાં લઇ જવા, કેવી રીતે સંતાડવા, કેવી રીતે પૈસા માટે કોની મારફત સંદેશો કહેવડાવવો, કેવી રીતે અને ક્યાં અપહૃત વ્યક્તિને છોડી મૂકવી એ બધી વિગતોનો એટલો સારો અભ્યાસ કરે છે અને પછી એવી રીતે અપહરણ કરે છે કે બિલકુલ પકડાયા વગર તેઓ ધ્યેયને સફળ કરે છે. એટલે અપહરણ કરાયેલી કોઇ વ્યક્તિ છૂટીને પાછી આવે છે ત્યારે તેનો અનુભવો જાણવા માટે સૌ ઉત્સુક રહે છે. કેટલા અપહરણના કિસ્સાઓ તો વાર્તા જેવા રસિક બની રહે છે. અપહરણનું અપકૃત્ય એક કાયદેસરનો ગુનો છે અને સર્વ રીતે વખોડવા લાયક જ છે, તેમ છતાં કોઇક વખત આયોજકોએ જે રીતે પોતાનું ભેજું દોડાવ્યું હોય છે અને સીફતથી આખી યોજનાને પાર પાડી હોય છે એની વિગતો જ્યારે જાણવા મળે છે ત્યારે એની બુદ્ધિમત્તા માટે કોઇકને માન થાય તો તે સ્વાભાવિક છે.

અપહરણના કિસ્સાઓની વાતો બહાર આવે છે ત્યારે તે કેટલીક રમૂજ પૂરી પાડે છે. કેટલાક રમૂજી સ્વભાવના માણસો આખા વિષયને રમૂજી દૃષ્ટિથી જોતા હોય છે. જૂના વખતમાં જાતજાતની ચોરીઓ થતી એ વિષય ઉપર હળવી શૈલીથી કોઇક લેખકને લખવાનું મન થયું એટલે એણે 'ચૌર્યકલા' નામનો ગ્રંથ લખ્યો હોવાનું કહેવાય છે. (મૃચ્છકટિકમાં એનો નિર્દેશ છે) એમાં ચોરીના વિષયમાં કલાના અંશો કેવી રીતે ઉમેરી શકાય તેનું રમૂજી નિરૂપણ લેખકે કર્યું હતું. અપહરણના કિસ્સાઓમાં જાત જાતની નાટ્યાત્મક યુક્તિ પ્રયુક્તિઓ યોજાવા લાગી છે. ભવિષ્યમાં કોઇક લેખક અપહરણના વિષયમાં નૃત્ય-નાટક-સંગીત-વેષભૂષા વગેરેના કલાત્મક અંશો કેવી રીતે ઉમેરી શકાય તે વિષે ' અપહરણ કલા' નામનો કોઇ ગ્રંથ લખે તો નવાઇ નહિ ! અપહરણની વિદ્યા તે વિજ્ઞાન છે કે કલા છે, એ શાસ્ત્ર છે કે લઘુ ઉદ્યોગ છે એવી ચર્ચાઓ ભવિષ્યમાં યુનિવર્સિટીઓમાં થયા કરવાની. અમેરિકાની કોઇક યુનિવર્સિટી ' The Science of Kidnaping' નામનો નવો અભ્યાસક્રમ દાખલ કરે તો પણ નવાઇ નહિ.

□ રમણલાલ ચી. શાહ

# 'મસાલા' નો પરિવાર

□ પ્રવીણચન્દ્ર જી. રૂપારેલ

આમ તો અથાણાં બારેમાસ આપણા ભોજનમાં સ્વાદ ઉમેરતાં હોય છે; પણ એની ઘેર ઘેર ઉત્સાહભેર ઊજવાતી મોસમ તો મોટેભાગે માર્ચ-એપ્રિલ-મે દરમિયાન જ હોય છે.

પણ આ અથાણાં માટે આથીયે વહેલી ને પહેલી આવશ્યકતા હોય છે એ માટેના વિવિધ મસાલાની ! – ને એની મોસમ તો પેલી મોસમ પહેલાં ક્યાંય વહેલી બેસી જાય છે, ને ત્યારે મસાલા-તેજાનાના ગરમ બજારો-'સેલ'ની શીતળતાની જાહેરાતો છતાં – ગરમ થતાં જ રહે છે.

આ દરમિયાન મસાલા અંગેની મસલતો આગળથી જ શરૂ થઇ જાય છે ને વડીલો-અનુભવીઓની સલાહ પણ લેવાતી રહે છે; ને એમ પછી મસાલા ખરીદાય છે, ખંડાય છે ને છેવટે અથાણાંના શિખરો સર કરી, ધીમે ધીમે વરસના વપરાશની વાતોમાંએ મસલતો વિલાઇ જાય છે.

આ મસાલા એટલે શું ? સામાન્ય રીતે અથાણાંમાં વપરાતાં મરચાં, હળદર, રાઇ, મેથી, હિંગ, જીરુ વગેરેને આપણે મસાલો કહીએ છીએ.. જો કે અથાણામાં તો આ ઉપરાંત પણ વિવિધ વસ્તુઓ વપરાય છે. સમગ્ર રીતે એ બધાને ' મસાલા ' શબ્દમાં આવરી લેવાય ! બીજે પક્ષે, અન્ય મસાલા પણ હોય છે – જેમ કે ચાહનો મસાલો, દૂધનો મસાલો વગેરે ! પણ આ બધામાં કંઇ હળદર-મરચાં વગેરે નથી હોતાં ! આમ, આ 'મસાલો' શબ્દ આપણે ધારીએ તે કરતાં ઘણો વધુ વ્યાપક અર્થ ધરાવે છે.

આ સમજવા માટે આપણે 'મસાલો' શબ્દના ઘડતરના મૂળ સુધી પહોંચવું પડશે.

□ **સલાહ – સાલેહ :** આ 'મસાલો' શબ્દનાં મૂળમાં છે અરબી ધાતુ 'સ-લ-હ' – એટલે યોગ્ય, ઉચિત, બરાબર. આ પરથી, જેમાં ભલાઇ, હિત વગેરે સમાયાં હોય એવું ઉચિત, યોગ્ય તે 'સલાહ' ! – જેથી, સારું થાય, ભલું થાય, યોગ્ય થાય, હિત સધાય, એવી વાત, એવું માર્ગદર્શન, એવે માર્ગે દોરવા પ્રેરતો અભિપ્રાય, તે 'સલાહ' ! આપણે પણ આ શબ્દ આવા જ અર્થમાં વાપરીએ છીએ. મરાઠીમાં એ 'સલા' ને 'સલ્લા' રૂપે વપરાય છે.

આપણા વોરા-ખોજા ભાઇઓમાં એક સારું એવું પ્રચલિત નામ છે – 'સાલેહભાઇ '; આમાં 'સાલેહ' (કે 'સાલિહ') એટલે સારો, ભલો યોગ્ય વગેરે. આમ 'સાલેહભાઇ' એટલે આપણી રીતે 'સારાભાઇ' એમ-થાય ! – 'ભલાભાઇ' પણ કહી શકાય.

□ **ઇસ્લાહ :** શાયરોની ભાષામાં ઘણીવાર 'ઇસ્લાહ' શબ્દ વપરાતો હોય છે– આવો ઉલ્લેખ ખાસ તો 'ઉસ્તાદ' અને 'શાગિર્દ' (ગુરુ-ચેલો) ના સંબંધના સંદર્ભમાં થતો હોય છે.

આ 'ઇસ્લાહ' પણ 'સ-લ-હ' પરથી જ બન્યો છે. 'ઇસ્લાહ' એટલે મઠારવું, સુધારવું, ત્રુટિઓ દૂર કરવી – એટલે કે – મૂળ રચનાના સંદર્ભમાં, સુધારી, મઠારી, એને – યોગ્ય, ઉચિત, સારું લાગે એવું કરવું. એ રીતે 'સલાહ'ને સક્રિય રૂપ આપવું. નવકવિઓ-ઊગતા શાયરો, ઉસ્તાદ ને જાણકાર પાસેથી આવી 'ઇસ્લાહ' લેતા હોય છે.

□ **મસલત :** સારું, હંમેશાં સ્વસ્થ, શાંત ને સમાધાનકારી વલણ ધરાવતું હોય છે. કંઇ સારું કરવા, એનું સારું પરિણામ આણવા, મતભેદ – વિચારભેદ નિવારવા – દૂર કરવા, સમજી – વિચારીને એ વિશે સમાધાન સાધવા – એટલે કે યોગ્ય પરિસ્થિતિ નિર્માણ કરવા, બે કે વધુ વ્યક્તિઓ સાથે મળીને વિચાર વિનિમય કરે, અભિપ્રાયોની આપ-લે કરે, પરસ્પરનાં સૂચનો વિચારે, તે આ પરથી 'મસ્લહત' કહેવાયું. આ 'મસ્લહત' શબ્દે આપણે ત્યાં ને મરાઠી-હિન્દીમાં પણ 'મસલત' રૂપ ધારણ કર્યું છે.

□ **સુલેહ :** કોઇવાર મતભેદ થાય, વૈમનસ્ય વધે, ક્યારેક્ય એ ઉગ્ર કક્ષાએ પણ પહોંચે ને ક્યારેક ઝગડા કે લડાઇમાં પરિણમે, એવું યે બને! – પણ એ યોગ્ય તો ન જ હોય ને ! એટલે આવી પરિસ્થિતિમાંથી યોગ્ય સમજણપૂર્વકની – એટલે કે સમાધાનપૂર્વકની પરિસ્થિતિ નિર્માણ કરવી તે, આ 'સ-લ-હ' પરથી 'સુલેહ' કહેવાઇ. અલબત્ત આવી ' સુલેહ' સાધવા ઘણીવાર 'મસલતો' યે થાય – કરવી એ પડે !

□ **મસાલા :** આપણે ફરી 'મસલત' શબ્દ લઇ આગળ વધીએ. એનું મૂળ રૂપ છે – 'મસ્લહત' – એટલે ઉચિત, સારા માટે, હિત માટે, ભલાઇ માટે એકઠા મળીને વિચાર કરવો-પરામર્શ કરવો. આ 'મસ્લહત' રૂપનું બહુવચનનું રૂપ છે – 'મસાલેહ' (કે મસાલિહ) – એટલે, શબ્દાર્થમાં, હિતો, ભલાઇઓ વગેરે આ બહુવચન રૂપ ફારસી ભાષામાં એકવચન રૂપે વપરાયું.

સારા, યોગ્ય વિચારોને અભિપ્રાયોના 'મેળ' થી – 'મસ્લહત' થી જેમ સારું પરિણામ લાવી શકાય, તેમ જે ચીજો, વસ્તુઓ, સામગ્રીના ઉચિત 'મેળ' થી કોઇ વસ્તુ, વાની, સારી બને, સુધરે, તે ચીજો-સામગ્રી પણ આવા સાદૃશ્યથી 'મસાલેહ' કહેવાઇ. ફારસી ભાષામાં 'મસાલેહ' શબ્દ આવા અર્થમાં વપરાયો છે.– જેનું ઉર્દૂમાં 'મસાલહ' રૂપ થયું છે ને તે સામગ્રીના અર્થમાં વપરાયું છે.

અથાણાં સ્વાદિષ્ટ બનાવવા માટે વપરાતી 'સામગ્રી' આમ 'મસાલહ' પરથી 'મસાલા' બની, 'મસાલો' કહેવાય છે. રસોઇ બનાવવા માટે વપરાતી સામગ્રી, ધાણાજીરું, રાઇ, મેથી કોથમરી, આદુ, મરચું વગેરે પણ આ જ રીતે 'મસાલો' કહેવાઇ છે. ચહા, દૂધના મસાલા પણ આવો જ 'સામગ્રી' નો અર્થ ધરાવે છે.

આ અર્થ વિસ્તારમાં, ઇમારત બાંધવાની સામગ્રી પણ સમાય છે : ઇંટ, ચૂનો, ખડી વગેરે પણ એ માટેનો મસાલો કહેવાય છે. વસ્ત્રો વધુ સુંદર – આકર્ષક દેખાય તે માટે વપરાતી સોનેરી રૂપેરી લેસ, કિનાર-કોર પણ ઉર્દૂમાં આવા અર્થમાં વસ્ત્રોનો મસાલો કહેવાય છે.

ટૂંકમાં, જે ઉમેરવાથી, ભેળવવાથી, જેના મેળથી, કોઇ વસ્તુ વધુ સારી થાય, તે બધી જ સામગ્રી તે તે વસ્તુના સંદર્ભમાં 'મસાલહ' એટલે કે 'મસાલો ' છે. □ □ □

# પ્રબોધ જોશી – ભરી ભરી ઉષ્મા !

□ ડૉ. પ્રવીણ દરજી

ઓગણીસો ત્યાશીનું વર્ષ અંગત રીતે બે–ત્રણ બાબતોએ સ્મરણમાં રહ્યું છે. એમાંની એક બાબત છે એક નહિ પણ બે બે પ્રબોધભાઇ સાથેના પરિચય – સંબંધની. આ બે પ્રબોધભાઇમાં એક આપણા ગુજરાતના રાજકારણના અગ્રણી પ્રબોધભાઇ – પ્રબોધભાઇ રાવળ. અને બીજા આપણા નાટ્યકાર પ્રબોધભાઇ જોશી. પ્રબોધભાઇ રાવળની વાત વળી ક્યારેક એમના વિશે, એમની ત્વરિત બુદ્ધિશક્તિ અને દક્ષતા વિશે ઘણું કહી શકાય તેમ છે. પણ અહીં આજે આપણી નિસબત પ્રબોધભાઇ જોશી સાથે છે.

' પ્રબોધ જોશી ' એવું નામ તો વિદ્યાર્થીકાળથી સાંભળ્યું હતું. તેમની નાટ્યપ્રવૃત્તિઓ વિશે પણ અવારનવાર વાંચતો. ' પત્તાંની જોડ ' દ્વારા એમની સર્જકશક્તિનો પણ પરિચય થઇ ગયેલો. મુંબઇનાં છાપાંઓ વાંચવાનું બને ત્યારે એમના નાટ્યપ્રયોગોની વાતો પણ વિગતે જાણવા મળતી. પણ એ એમનું અક્ષર વ્યક્તિત્વ હતું. ક્ષર વ્યક્તિત્વ વિશે તો મારે કલ્પનાઓજ કરવાની રહેતી. ક્ષર અને અક્ષર ઉભય દ્વારા એમના વ્યકિતત્વની જે અખંડ છબી મનમાં ઉપસવી જોઇએ એ હજી ઉપસી શકી નહોતી અને એ નિમિત્ત આવી મળ્યું ઓગણીસો ત્યાશીમાં.... ગાંધીનગરમાં.

ઓગણીસો ત્યાશીની એક બપોરે, સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રમાણપત્ર બોર્ડની પ્રથમ બેઠકમાં અજાણતાં જ જોડાજોડ બેસી પડેલા ! અને પછી લાગલગાટ લગભગ સાતેક વર્ષ ઘણું ખરું પછી જાણતાં જોડે બેસતા ! બોર્ડના અધ્યક્ષ નીરુભાઇ દેસાઇએ પરસ્પર એક પછી એક સભ્યોની ઓળખ આપી અને એ ઓળખમાં અમે બે જોડાજોડ. પ્રબોધભાઇના ક્ષર દેહનો – વ્યકિતત્વનો એ પ્રથમ પરિચય. બે કન્યારાશિવાળાઓની મૈત્રીની એ સ્મરણીય પળ ! પછી તો સતત અમદાવાદ, સૂરત, મહેસાણા, જામનગર, વડોદરા, નડીયાદ એમ અનેક બેઠકોમાં સાથે જ હોઇએ. થોડાક વહેલા – મોડા આવ્યા હોઇએ અને જુદા બેસવાનું બને તો જુદી વાત. અને કદાપિ એમ થતું તો મીટિંગ પૂરી થતાં ગુફ્તેગુ શરૂ થઇ જ સમજો. એવી ગુફ્તેગુમાં મુંબઇની નાટ્યપ્રવૃત્તિઓની કથાઓ હોય, દિગ્દર્શકોની વાત હોય, નાટકને નામે ધંધો લઇને બેઠેલા છેતરપીંડી કેવી રીતે કરે છે તેની પણ ચિંતા હોય અને ગુજરાતી નાટકના ઉજળા ભવિષ્ય વિશે પણ તેમના પ્રસન્નોદ્‌ગારો હોય. કૌટુંબિક વાતો નહિવત, સાહિત્ય – નાટક અને એની ફરતેની દુનિયા જ વિષયો રહેતાં. પણ એ વ્યકિતત્વ એટલું પારદર્શક કે એ બધી વાતો કરતાં તેમના ગમા અણગમા તરત કળી શકાય. દલીલો કરે તો સાધાર. આગ્રહો હોય પણ ડંખ નહિ કે દુરાગ્રહ નહિ. પોતાની વાત સ્વીકારાય કે ન સ્વીકારાય પણ બેઠકમાં તેઓ અચૂક રજૂ કરતા. કોઇકવાર, કોઇક કારણસર બેઠકમાં એમની હાજરી ના હોય તો ફિક્કું લાગે, બેઠકમાં કશુંક ખૂટતું લાગે. એમની પરિસ્થિતિ એવી સક્રિય રહેતી તેથી તે જયારે ન હોય ત્યારે તેમનો અભાવ સાલે જ સાલે.

સરસ ઊંચાઇ, ભરાવદાર શરીર અને એવો જ ભરાવદાર ચહેરો અને વળી એ ચહેરા ઉપર અવારનવાર સહજ રીતે ઊમટી આવતું હાસ્ય–આ બધું કોઇને પણ પ્રબોધભાઇમાં રસ જગવે. કમ–સે–કમ એ માણસ સાથે વાત કરવાનું અજાણ્યાને પણ ગમે. એવા દૈહિક આકર્ષક વ્યકિતત્વની ભીતર પ્રબોધભાઇનું અંદરનું જે વ્યકિતત્વ હતું એ એથી ય વધુ વશીકરણ કરે તેવું હતું એ એમની સાથે સંપર્ક વધતાં અનુભવાય. પ્રબોધભાઇ ખુલ્લા દિલના માણસ. મુંબઇનો દરિયો જ જાણે જોઇએ લો ! ' અમદાવાદી ' સ્પર્ધા નહિ, કશી છાનીછાની નહિ જે કહેવું હોય તે સ્પષ્ટ કહી દે. પછી એ બેઠક હોય કે અંગત વાતો હોય. ઘેરી નિસબત સાથે દરેક વાત રજૂ કરે. એટલે જ પ્રમાણપત્ર બોર્ડના કેટલાક ચુસ્ત નિયમોમાં જરૂર જણાય તો ઉદાર થવાનું કહેતા અને જયાં કડક રહેવાનું હોય ત્યાં તેઓ બાંધછોડ પણ ન કરતા. પોલીસ વગેરેની ડખલગીરી વિશે તેમના અભિપ્રાયો હંમેશાં તીવ્ર રહેતા.

પ્રબોધભાઇ ભારે વાત રસિયા. બેઠકમાં પણ અન્ય મિત્રોની વાતો ચાલતી હોય ત્યારે કશોક ને કશોક વાતદોર એમની રીતનો ચાલુ જ હોય – ક્યારેક નીરુભાઇ – મણિભાઇ અધ્યક્ષપદેથી નામ જોગ આદેશ આપે – ' વાતો બંધ ' ત્યાં સુધીનો ! પણ એમાં કોઇની ટીકા ન હોય, કોઇ તરફ પૂર્વગ્રહ ન હોય. ભરી ભરી ઉષ્મા, નરી નિખાલસતા, નરી મોકળાશ. એ બરાબરના ખીલે ઓફ રેકર્ડ પળોમાં. એમનામાં રહેલો હાસ્યકાર ત્યાં તરત આવી ચઢે. દેશ – વિદેશની વાતો ખેંચી લાવે – ખેંચાતી આવે. આપણા સાહિત્યકારોની ખાસિયતો એમાં હોય, રાજકારણમાં થતી રહેતી ઉથલપાથલો પણ ક્યારેક આવે તો કયારેક મુંબઇગરા સાહિત્યકારોની દુનિયા પણ ખૂલે. વિદેશીનાટ્યકાર કે નાટક અંગેની પણ કશીક રમૂજ હોય. વાતાવરણ એકદમ હળવું કરી નાખે. પ્રબોધભાઇ એટલે સમજો નરી નિર્ભારિતા. આપ–લેનું કશું ગણિત કે લેખાં–જોખાં નહિ. પળ મળી છે તો બથ ભરીને મળી લો, હસી લો. કેટલાક નાટકના માણસોમાં, કેટલાક આપણા સાહિત્યકારોમાં પણ, જે પેલું ' નાટકીય ' તત્ત્વ દેખાય છે, એવું ' નાટકીય ' તત્ત્વ તમે પ્રબોધભાઇમાં ક્યાંય નહિ જુઓ. જયાં મળે, જેમને મળે તેઓ તેમનાં થઇ જતાં અને મળનાર એમનાં થઇ રહેતાં. પ્રબોધભાઇના વ્યકિતતવનો એ જાદુ, માણસપ્રેમી માણસનો જાદુ હતો. તેથી તો તેમનું મૈત્રીવર્તુળ નિઃસીમ હતું. તેમાં પ્રબોધભાઇ રાવળ જેવા રાજકારણના માણસો હોય, સિનેમાક્ષેત્રની વ્યકિતઓ હોય, સાહિત્યના પણ હોય, સેવાકીય સંસ્થાઓના ક્રિકેટના–વિજ્ઞાનના ને શિક્ષણના પણ હોય અને સામાન્ય ધંધાદારીઓ પણ હોય. અને નાટક–રંગભૂમિ સાથે સંકળાયેલા પણ હોય. સૌની સાથે તેમનો સમાન અને સરળ વ્યવહાર રહેતો. પ્રબોધભાઇએ કોઇથી પર કે ઉપર રહીને નહિ, એક અદના વ્યકિત તરીકે પોતાના વ્યકિતત્વને વિસ્તાર્યું છે. એટલે જ એ સૌના થઇ રહ્યા, ને એમ એમની અજાતશત્રુતાનો તેમણે આપણને અનુભવ કરાવ્યો.

અમારા મેળાપ પછીનાં બેએક વર્ષની વાત હશે. એટલે લગભગ ઓગણીસો પંચાશીના વર્ષની. વાત ફરી વાત નીકળતાં પ્રબોધભાઇને મેં કહ્યું કે આ વખતે બોર્ડના સૌ મિત્રો મારે ગામ લુણાવાડા મળીએ. બેઠક તો ખરી જ પણ એક કાર્યક્રમ પણ. છેક મુંબઇથી પંચમહાલ જિલ્લાના એક ખૂણામાં પડેલા છેવાડેના ગામમાં આવવાનું અને છતાં તેમણે સહાસ્ય, સપ્રેમ હા ભણી – મારા આશ્ચર્ય વચ્ચે ! પ્રોમીસ આપ્યું ને એમ વાત આગળ વધી. કાર્યક્રમ ગોઠવાયો. અન્ય મિત્રોની સાથે એ પણ આવ્યા. આવ્યા જ નહિ હજારેક માણસોના એ કાર્યક્રમમાં પૂરા દિલથી, ખૂલીને બોલ્યા. મારા વિશેની, અમારા સંબંધ વિશેની વાત કરતાં કરતાં તેઓ આનંદથી ગદ્‌ગદિત થઇ ગયા. સભાગૃહે ભારે તાળીઓથી તેમનું, તેમના વકતવ્યનું અભિવાદન કર્યું. પછી જયારે મળીએ ત્યારે લુણાવાડાની એ પળો – કોઇક ને કોઇક રૂપે અમારી વાતોમાં આવે.... પણ અત્યારે એ બધી કથા કહેવી, અહીં કહેવી ઠીક નથી લાગતી. કંઇક વધુ અંગત પણ ખરીને ? હા, અમારી પ્રેમ ગાંઠ તે પછી વધુ ને વધુ મજબૂત બનતી ગયેલી. મળવાનું તો મહિને – બે મહિને થાય પણ ક્યારેક કશુંક વિશિષ્ટ બન્યું હોય, કશુંક નવીન થયું હોય તો પત્રો પણ પરસ્પરને લખીએ. પત્રોમાં કૌટુંબિક બાબતો વિશે, બાળકોની પ્રવૃત્તિઓ કે એવી અન્ય ઝીણી ઝીણી બાબતો વિશે પણ તેઓ પૃચ્છા કરે. અને દિવાળીના દિવસોમાં, નૂતન વર્ષે એમનું અભિનંદન કાર્ડ અચૂક હોય. એમના વ્યકિતત્વ જેવું જ સરળ અને છતાં હૃદ્ય. એમની ચિત્રકળાનો પણ એમાં પરિચય થાય. બધી વખતે કળાનો જ માણસ લાગે એ રીતનો. સફેદ ફુલસ્કેપ કાગળમાં જુદા જુદા રંગની સ્કેચ પેનથી કોઇક ભૌમિતિક આકૃતિ ઉપસાવી હોય, નીચે હસ્તાક્ષર હોય. ચિત્રની એ રેખાઓમાં જ પ્રબોધભાઇની શુભેચ્છાઓ વાંચી શકાય. એ રંગોમાં એમના મેઘધનુષી વ્યકિતત્વની આત્મકથા ઘણીવાર તો ઉઘડી લાગે એવાં સરસ ચિત્રો દોરીને મોકલે.

સાત વર્ષના સંબધોમાં એમને એક જ વાર થોડાક ગમગીન, અંદરથી સહેજ તૂટી ગયેલા જોયેલા. પરદેશ ગયેલા પણ નિકટના સ્વજનના મૃત્યુને કારણે એકાએક પાછું આવવાનું બનેલું ઘણું ખરું એ એમનાં બહેન હતાં તેવું સ્મરણમાં છે. એ મૃત્યુથી તેઓ લગભગ ભાંગી પડયા હતા. વાત કરતાં કરતાં પણ ગળગળા થઇ ગયેલા. પછી એમને હસતા જોયા છે, નાટકની વાતો કરતાં પણ સાંભળ્યા છે, પણ એ ચહેરા ઉપર ઉદાસીની એક રેખા અંકાઇ ગઇ તે અંકાઇ ગઇ.

એપ્રિલ, સત્યાવીશ, ઓગણીસો એકાણુંએ પ્રબોધભાઈનું એકાએક અવસાન થયું. અવસાનના સમાચાર બીજે દિવસે દૈનિકમાં વાંચ્યા. ઘડીભર એ સમાચાર સાચા માનવા મન તૈયાર ન થયું. આમ, એકાએક, પ્રબોધભાઇ જેવો જોશીલો, ઊષ્માસભર માણસ ચાલી જઇ શકે ? કોઈને ન છેતરવાની દાનતવાળો આ સંવેદનાથી ભર્યો ભર્યો આદમી આમ એના મૃત્યુમાં જરૂર છેતરી ગયો ! ને એમ આઠસોથી ય એકાંકીઓ – નાટકો આપનાર પ્રબોધભાઇ, ગુજરાતી – મુંબઇની રંગભૂમિને જીવંત રાખવા મથતા પ્રબોધભાઇના ક્ષર જીવન ઉપર પૂર્ણવિરામ મૂકાઇ ગયું. નાટક – રંગભૂમિની માહિતીનો મસમોટો ચોપડો એમ એકાએક બીડાઇ ગયો.

'પત્તાની જોડ ' ના સાતેક હજાર શો થયા હશે ! આનાથી બીજી મોટી સફળતા કઇ હોઇ શકે ? ' માફ કરજો આ નાટક નહિ થાય, ' 'તીન બંદર', 'સર્જકનાં સર્જન' અને 'પાગલ' જેવાં લોક ખ્યાત નાટકોમાં પણ તેમનું હીર બરાબરનું પ્રકાશ્યું છે. વિજ્ઞાનના આ સ્નાતકે આમ નાટક અને નાટકનું – રંગભૂમિનું વિજ્ઞાન આપણને આપ્યું. ક્રિકેટની કોમેન્ટરીઓ આપી, દૈનિકોમાં હાસ્યકટારો ચલાવી, મુંબઇ – ગુજરાતી અનેક સાંસ્કૃતિક સંસ્થાઓ સાથે સક્રિયપણે સંલગ્ન રહ્યા, સિનેમા માટે પટકથાઓ લખી અને સૌથી વધુ તો ગુજરાતી રંગભૂમિની ઉજળી આવતીકાલ માટે અપારશ્રદ્ધા રાખી ખંતથી કામ કર્યા કર્યું. – એ બધું આજે આમ અચાનક......

છેલ્લે અમે સંયુક્તપણે પ્રમાણપત્ર બોર્ડની ચારેક હજાર નાટ્યકૃતિઓનું વર્ગીકરણ કરવા વિચારેલું. સાચવી રાખવા જેવી કૃતિઓ વિશે મારે સારાંશ કરી આપવાનો ને તેમણે વર્ગીકરણ. ઓગણીસો એકાણુંમાં નવા રચાયેલા બોર્ડમાં અમારી જોડી તૂટી. એ રહ્યા. મરણના થોડાક દિવસો પૂર્વે ગાંધીનગરમાં ચાર-પાંચ દિવસ હાજર રહી તેમણે ધૂળખાતી એ ચાર હજાર નાટ્યકૃતિઓનું વર્ગીકરણ કરી આપ્યું ! આ એમના નાટ્યસમર્પિત વ્યક્તિત્વનું પ્રેરક દૃષ્ટાંત છે.

પોતાના મરણ પાછળ શોકસભાઓ ભરવાની ના ભણનાર અને ચક્ષુદાન કરવાની જાહેરાત કરી ગયેલા પ્રબોધભાઇ ખુદવફાઇવાળા માણસ હતા. દંભ અને ડંખ વિનાના આવા માણસો આજે કેટલા ? માણસ સાથે ઉષ્મા ભર્યા માણસ તરીકેનો વ્યવહાર કરનાર કેટલા જણ ? તેમણે તેમના પ્રબોધનામને અનેકશ: સાર્થક ઠેરવે એવું જીવી જાણ્યું છે... ☐

---

# ગુજરાતી લોકસાહિત્યનું ક્ષેત્ર

**☐ સ્વ. જયમલ પરમાર**

વિનોબાજી કહે છે તેમ બુઝર્ગોના ખભા ઉપર બેસીને દૃષ્ટિપાત કરતાં મારી નજર દેશ અને કાળને ઓળગતી રહીને અસ્ખલિત ધારે ચાલી રહેલી માનવ વણઝારો માથે મંડાય છે. અતીતને ભેદતી રહી, ઇતિહાસયુગને ઓળંગતી રહી એ નજર પુરાણયુગ માથે મંડાય છે. ત્યાં પણ એ જ માનવ–વણઝાર વહેતી દેખાય છે. .... વહેતી દેખાય છે. દૃષ્ટિ દોડતી રહે છે. પુરાણકાળને વીંધીને એ વેદકાળ માથે સ્થિર થાય છે. રૂપે રંગે બદલતી પણ એ જ માનવ – વણઝાર ચાલી રહી દેખાય છે. સિંધુ સંસ્કૃતિની આગળ નીકળી જઇ પ્રસ્તર યુગની યે પેલીપાર નજર પહોંચે છે ને આદિ–સ્વરૂપે પણ માનવોની એ જ વણઝાર નજરે પડે છે.

ઇતિહાસો, પુરાણો, ને માનવ સમૂહોનાં વિધિ–વિધાનો તથા ધર્મના ગ્રંથો નહોતાં રચાયા ત્યારે પણ 'લોક' હતો અને હજી આજે પણ છે. શરીર, મન, ઇન્દ્રિયો, બુદ્ધિ અને સાધન–સંપત્તિના ઓછા વધતા વિકાસને કારણે અહં–ના તથા સંસ્કારના ભેદ ઊભા થતા ગયા ને એમાંથી 'લોક' તેમ જ 'વિશિષ્ટ ' એવી બે પરિપાટી આપણે ત્યાં સર્જાણી.

એમ કહેવાય છે કે એક કાળે જાતિ ધર્મે કે કુળના ભેદ ન હતા., મતમાંતરો ન હતાં ત્યારે મનુષ્ય પ્રાકૃતિક જીવન જીવતો હતો. એના આચાર–વિચાર ને રહન–સહન સરલ, સહજ અને સ્વાભાવિક હતાં. લોકો આડંબર તથા કૃત્રિમતારહિત હતાં. લોકો સ્વાભાવિકતાની ગોદમાં ઉછરતા હતાં. એટલે તેની સમસ્ત ક્રિયા બેસવું, ઉઠવું, હસવું, બોલવું કે હિજરાવુ તે બધું સ્વાભાવિકતામાં જ થતું.

વિખ્યાત લોકસાહિત્યકાર ડૉ. કૃષ્ણદેવ ઉપાધ્યાયના શબ્દોમાં કહીએ તો " એ યુગનો પ્રધાન ગુણ જ સ્વાભાવિકતા, સ્વચ્છંદતા ને સરળતા હતો. સ્વાભાવિકતા એટલે વન–ઉપવનમાં ખીલતાં ફૂલ જેવી, સ્વચ્છંદતા એટલે આકાશમાં વિહરતાં પક્ષી જેવી અને સરળતા એટલે સરિતાની ધારા જેવી. એ સમયના સાહિત્યના જે કંઇ અંશ બચી ગયા છે એ લોકસાહિત્યના રૂપમાં મળી આવે છે. "

લોકસાહિત્યની વ્યાખ્યા કે એના અન્ય સ્વરૂપોમાં જવાનો અહિ હેતુ નથી. લોકસાહિત્ય એ તો હજારો વર્ષોથી જીવતું સાહિત્ય છે. લોકોના જીવનમાંથી પ્રતિબિંબત થતું સાહિત્ય છે. ગુજરાતની વાત કરીએ તો ગઇ સદીમાં નર્મદથી શરૂ કરીને લોકસાહિત્યે એક જીવંત બળ તરીકે પોતાનું અસ્તિત્વ પુરવાર કર્યુ છે. નાટ્યમાં અને નૃત્યમાં સંગીતમાં અને સંતવાણીમાં, કથા–આખ્યાન અને વાર્તાકથન ક્ષેત્રે, ચિત્રકળા અને કંડારણમાં, શિલ્પ અને ધાતુકામમાં, અલંકારો અને વસ્રોમાં, મનોરંજન અને મેળાવડાઓમાં, લોકસંસ્કૃતિનો અવગણી ન શકાય એવો પ્રભાવ પથરાતો રહ્યો છે.

મેઘાણીભાઇ પછી સંશોધન અને સંપાદનનો, લેખન અને પ્રકાશનનો પ્રવાહ ચાલું જ રહ્યો છે. એની ગુણવત્તા વિશે બે મત હોઇ શકે. સંશોધન તથા પ્રકાશનના ક્ષેત્રની જેમ મનોરંજન તથા કલા–સાહિત્યનાં સર્વ ક્ષેત્રો સુધી એની સરવાણીઓ વહેતી રહી છે. અને લોકસાહિત્ય, સમાજ જીવનનું એક અભિન્ન અંગ બની ગયું છે.

લોકસંસ્કૃતિનો પ્રભાવ જેમ વિસ્તરતો ગયો છે તેમ એનાં ભયસ્થાનો પણ વધ્યાં છે. ગુજરાતને લાગે વળગે છે ત્યાં સુધી લોકસંસ્કૃતિનાં કેટલાંક અંગોમાં પ્રજાને મનોરંજન આપીને લોકપ્રિય બનવાની પ્રબળ તાકાત પડી છે. એથી વાર્તાકથન, લોકસંગીત તેમજ લોકકલાઓનો એક વ્યવસાય બંધાઇ ગયો છે.

વ્યવસાયમાં વિવેકનું તત્ત્વ ન રહે ત્યારે એ તરંગોને વાસ્તવમાં ખપાવે, કલ્પિતને ઐતિહાસિકમાં ખપાવે, અંધશ્રદ્ધા અને વહેમોને ચમત્કારો અને પરચામાં ખપાવે અને મહેફિલી ગાયકીને ભજનો કે લોકગીતોમાં ખપાવે. ત્યાં સંસ્કૃતિ એ વિકૃતિ બની જાય છે. લોકસાહિત્યની લોકરીઝવણ રજૂઆત કેટલેક અંશે છેલ્લાં દોઢેક દાયકાથી વર્ણસંકર ગાયકોનું રંગીલું રમકડું બની રહી છે.

આજ સુધી લોકોમાંથી, લોકજીવનમાંથી જે કાંઇ કલા–સાહિત્ય કે સંશોધન સમીક્ષાને અંતે કોઇ સત્યો કે તત્વો તારવવામાં આવ્યા હોય તેમાનું બહુ ઓછું લોકોમાં પાછું વાળવામાં આવ્યું છે. લોકો તો જયાં હતા ત્યાં જ છે. પણ જેઓ આ લોકજીવનના પ્રવાહથી અલગ પડી ગયા છે, તેમને માટે સાંસ્કૃતિક સંપર્ક અને સાંસ્કૃતિક સમરૂપતાનો પ્રકાશ જરૂરી છે. આપણી પ્રાચીન જાતિઓ તો સમાન સંસ્કૃતિથી સંકળાયેલી જ છે. સંસ્કૃતિના શાસ્ત્ર કે તેની પરિભાષાથી તેઓ અજાણ હશે. પણ સંસ્કૃતિ જીવે છે જરૂર.

જે લોકોની આ સંસ્કૃતિ છે ને જે શિક્ષિતો ને આ સંસ્કૃતિનો પ્રકાશ લાધ્યો છે તે પ્રકાશ જો બંન્ને વચ્ચે સેતુરૂપ ન બને તો લોકસાહિત્ય કે લોકસંસ્કૃતિની શોધ, સંગ્રહ સમીક્ષા અને તત્વોની તારવણી માત્ર મુઠ્ઠીભર માણસોનો સાહિત્યિક વિલાસ જ બની રહે. લોકો અને શિક્ષિતો સમરૂપ ન બને, એકરૂપ ન બને તો એ સંસ્કૃતિથી સંકળાયેલા પ્રદેશો કેમ કરીને એકરૂપ બને ? આમ જયાં નથી બનતું ત્યાં ભાવાત્મક એકતા થોડા શિક્ષિતોની લાગણીનું, પ્રતિષ્ઠાનું કે એના અહંને પોષવાનું સાધન બની રહે છે. આજ સુધી એમ જ બનતું આવ્યું છે. સંસ્કૃતિના શાસ્રને અને એ સંસ્કૃતિ જીવતા લોકોને કોઇ સંબંધ રહ્યો નથી !

કોઇ સંસ્કૃતિ ચિરસ્થાયી રહી નથી, રહેવાની પણ નથી. બ્રહ્માંડ પોતે

જ પરિવર્તનશીલ છે ત્યાં કોઇ સંસ્કૃતિને મહાકાળ પણ પકડી રાખી શક્યો નથી. લોકસંસ્કૃતિએ કોઇ ઉછીઉધારાની નહિ, પાશ્ચાત બીબાંઢાળ નહિ, કોઇ વ્યક્તિની મનઘડંત નહિ, પણ સર્વદેશીય સંસ્કૃતિ છે. તે છતાં લોકસંસ્કૃતિ પ્રત્યે કોઇ અકળ કારણોસર સૂગ કેળવાયેલી રહી છે.

ગુજરાત લોકસાહિત્યની સમૃદ્ધ ભૂમિ છે. ગુજરાત પાસે શાસ્રીય સંગીત કે શાસ્રીય નૃત્યનો કોઇ આગવો ઘરાનો નથી. હવેલી સંગીત બહારથી આવેલું છે. સુગમ સંગીત એ વર્ણસંકર કે મિશ્ર સંગીત છે. ત્યારે પોતાના સમૃદ્ધ અને ઉજ્જવળ લોકસાહિત્ય પર ગુજરાત જરૂર ગૌરવ અને અભિમાન લઇ શકે તેમ છે. મેઘાણી, રાયચુરા, કારાણી કે દુલાભાઇ જેવા તો લોકસાહિત્યની વચ્ચે જ ઉછર્યાં હતાં. તે સિવાય નાનાભાઇ, ગિજુભાઇ, પન્નાલાલ, મનુભાઇ, હરિવલ્લભ ભાયાણી, અનંતરાય રાવળ, મરકંદભાઇ જેવા આપણા કેટલાય સન્માન્ય સાહિત્યકારો અને કવિઓએ લોકસાહિત્ય કે લોકજીવનમાંથી પ્રેરણાપિયુષ પ્રાપ્ત કર્યા છે.

આમ છતાં અન્ય પ્રદેશોની સરખામણીમાં ગુજરાતમાં લોકસાહિત્યનો શૈક્ષણિક દૃષ્ટિએ બહુ ઓછો અભ્યાસ થયો છે. એક યા બીજા કારણોસર ગુજરાતી સાહિત્ય પરિષદ, યુનિવર્સિટીઓ અથવા અન્ય સંસ્થાઓ ગુજરાતના સમૃદ્ધ સાંસ્કૃતિક અને સાંસ્કારિક વારસારૂપ લોક-સાહિત્યના ક્ષેત્રે પૂરતા કાર્યરત બની શક્યા નથી તે વાસ્તવિક્તા સાહિત્યરસિકો માટે આઘાતજનક છે.

લોકસાહિત્યના સંશોધન, સંગ્રહ અને સમીક્ષાનું કામ પશ્ચિમના દેશોમાં વિશાળ પાયા ઉપર અને વૈજ્ઞાનિક ઢબે થયું છે અને થાય છે. પશ્ચિમના સંશોધકો આપણે ત્યાં આવીને દરિયાકાંઠે, આદિવાસીઓમાં, કાઠી-મેર જેવી પ્રજા વચ્ચે, ગ્રામવિસ્તારોમાં ઘુમે છે. તેમના ઉપર સંશોધનો કરે છે. પાળિયાઓની પરિભાષા ઉકેલે છે. ત્યારે આપણે ત્યાં હજી પરિભાષા પણ મજબૂતપણે નકકી કરી શક્યા નથી. જે શબ્દો અંગ્રેજીમાં નિયત થયા છે એનું જ હિન્દી અને ગુજરાતી કરવામાં આપણે ગોથાં ખાધાં કર્યા છે.

પશ્ચિમનાં સંશોધકો અને અભ્યાસીઓની ભૂમિકા ઉપર આપણી લોકસંસ્કૃતિ કે લોકસાહિત્યને ન મૂલવી શકાય. ભારતમાં પણ એક પ્રદેશના લોકસાહિત્ય ઉપરથી કોઇપણ પ્રદેશનાં કોઇપણ પ્રકારનાં વિધાનો સ્વીકારતાં પહેલાં પોતાના પ્રદેશના લોકસાહિત્યનો ઠીક ઠીક પ્રમાણમાં સંગ્રહ થઇ જવો જોઇએ. એ સંગ્રહની સંશુદ્ધિ થવી જોઇએ ને ત્યારબાદ એની નીતિરીતિ અને અભિવ્યક્તિના નિર્ણયો લેવાવા જોઇએ. દંતકથા સમી કે ઉપજાવી કાઢેલી ઐતિહાસિક વાતોના ટુકડાઓના સંગ્રહોને તારવી લેતાં શુદ્ધ લોકવારતાઓ આપણે ત્યાં ઓછી ગ્રંથસ્થ થઇ છે. લોકગીતોના ઢગલાબંધ સંગ્રહો પ્રગટ થયા છે. પણ તે સંશુદ્ધિઓ માંગે છે. એમાં ખૂબ પૂનરુક્તિઓ થઇ છે, કેટલાંક લોકગીતો નથી એવાં સંઘરાયાં છે.

લોકસાહિત્યના ક્ષેત્ર તો અઢળક કામ કરવાનું બાકી પડયું છે. એકલો આપણો દરિયાકાંઠો જ જીવનભરનું ભાથું પુરું પાડી શકે તેમ છે. આપણી ભૂમિને કોઇ સંશોધનના મોહરનો સ્નેહશીતલ સ્પર્શ મળી જાય તો આપણા ભૂતકાળનો અધૂરો પડેલો ઇતિહાસ એક શૂરવીર વાણી સમૃદ્ધિથી છલકાઇ ઊઠે.

લોકસાહિત્ય એ જેમ કેવળ મનોરંજન નથી, તેમ કેવળ કળાઓની અદ્દભુતતાઓ પણ નથી. હજારો વર્ષના લોકજીવનના રસાયણમાંથી પ્રાપ્ત થયેલ સંજીવની છે. લોકજીવનની આધારશીલા આજે ય એની સંસ્કૃતિ જ છે. એ સંસ્કૃતિની વિકૃતિથી આપણું લોકજીવન વિકૃત બનતું જશે. વિશ્વની પ્રજાઓ જ્યારે બરબાદ બની છે, ત્યારે પ્રથમ એમણે પોતાની સંસ્કૃતિની બરબાદી નોતરી છે. ને સંસ્કૃતિની બરબાદીથી સર્વનાશ નોતર્યો છે.

લોકસંસ્કૃતિ અને લોકસાહિત્ય દ્વારા આધુનિક યુગના સંદર્ભમાં લોક નહિ જાગે તો લોકસાહિત્ય ફેંકાઇ જશે. યુગની માગ લોકસાહિત્ય થકી મળતા મનોરંજન અથવા એના વાર્તા-સાહિત્યમાં નથી પડી. પણ માનવીમાં રહેલી બંધુતાની, સમાનતાની, ન્યાયની ને સર્વાંગી ઉન્નતિમાં પડી છે.

જો લોકસાહિત્ય કે લોકસંસ્કૃતિ નવા યુગની માગને નહિ સંતોષી શકે તો આવી રહેલો નવો વિચાર જૂની સંસ્કૃતિને નવાં માનવ ઘડતરનું અને નૂતન સમાજનું અવરોધક ગણશે. આ નવો વિચાર આક્રમક બનશે તો લોક સાહિત્યની સંશોધન પૂરતી યે કિંમત નહિ રહે. લોકસાહિત્યમાં નવાં પ્રાણ જગાડવાની વાતો વાતો જ રહી જશે. આજે વિશ્વમાં બે બળો વ્યક્તિ જીવનને સમાજ જીવનને વળુંધી રહ્યાં છે. એક છે સંઘજીવન અને બીજું છે જીવનનો અસંયમી રઝળપાટ. સંઘજીવનની મર્યાદામાં માનવહૃદય જકડાઇ રહીને નવો પ્રકાશ મેળવવા મથી રહ્યું છે. ત્યારે રઝળપાટે ચડેલા અરાજક જીવનમાં માનવ હૃદય ભૂલું ભટક્યા કરે છે.

હજારો વર્ષથી માનવમન સુખના-આનંદના અદીઠ એવા શિખરની શોધમાં પડયું છે. એનો તલસાટ, એના કેડા, એના પુરુષાર્થના પગલાં આ લોકસાહિત્યમાં પડ્યા છે. એમાં જ્ઞાન છે ને અજ્ઞાન પણ છે. એમાં અંધશ્રદ્ધા છે ને સમર્પણની શક્તિ પણ છે. એમાં વહેમો છે ને રૂઢ મનોદશા પણ છે. સાથોસાથ અજ્ઞાન, અંધશ્રદ્ધા, વહેમો અને જડતા તોડીને આત્મખોજ આદરવાની તાકાત પણ ભરી પડી છે. ખુમારી અને પરાક્રમશીલતા લોકસંસ્કૃતિમાં ભારોભાર પડી છે. આ બે ગુણો સિવાય કોઇપણ પ્રજા પ્રાણવાન બની ન શકે.

મેઘાણીભાઇએ કહ્યું છે તેમ લોકસાહિત્ય માત્રા ટાઢાબોળ થીજેલાં અક્ષરો નથી. એ તો જીવાતું સાહિત્ય છે. લોકસાહિત્યના બુલંદ અવાજે સદા સચ્ચાઇની જ આરાધના કરી છે.

સત બોલો ! સત બોલો ! સત બોલો !
સતો બોલ રે ! નઇ તો મત બોલો રે !
મત બોલો રે !

(રાજકોટમાં તા. ૧૭-૪-૯૧ ના રોજ યોજાયેલા લોકસાહિત્ય સંમેલનનું ઉદ્‌ઘાટન પ્રવચન.) □□□

## સાભાર સ્વીકાર

□ **સામાયિક વ્રત** લે. તારાબહેન ર. શાહ * પૃષ્ઠ - ૬૪ * મૂલ્ય રૂ. ૭/- પ્રકાશક :- શ્રી જયભિખ્ખું સાહિત્ય ટ્રસ્ટ, ૧૩/બી, ચંદ્રનગર, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭.

□ **કલ્યાણ યાત્રા** : લે. પં. શ્રી પૂર્ણચંદ્રવિજયજી ગણિવર * પૃષ્ઠ - ૧૧૧ * મૂલ્ય રૂ. ૧૦-૦૦ પ્રકાશક :- સંસ્કૃતિ પ્રકાશન, શ્રી રંગ એપાર્ટમેન્ટ, ૧લા માળે, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત - ૩૯૫૦૦૨.

□ **સમરાદિત્ય મહાકથા** ભા. ૧/૨/૩ લે. શ્રી પ્રિયદર્શન * ત્રણે ભાગનું મૂલ્ય રૂ. ૨૦૦/- પ્રકાશક :- શ્રી વિશ્વકલ્યાણ પ્રકાશન ટ્રસ્ટ, કંબોઇ નગર પાસે, મહેસાણા - ૩૮૪૦૦૨.

□ **મંડલાચાર્ય શ્રી કુશલચંદ્રજી ગણિવર** લે. મુનિશ્રી ભુવનચંદ્રજી * પૃષ્ઠ - ૧૬૬ * પ્રકાશક :- શ્રી કચ્છ પ્રદેશ પાર્શ્વચંદ્રગચ્છ જૈન સંઘ C/o શાહ જખુભાઇ ગેલાભાઇ, બિદડા (કચ્છ) ૩૭૦૪૩૫.

□ **સો સલામ સંસ્કૃતિને** લે. પં. શ્રી પૂર્ણચંદ્રવિજયજી ગણિવર * પૃષ્ઠ - ૧૦૮ * મૂલ્ય રૂ. ૧૦/- પ્રકાશક :- સંસ્કૃતિ પ્રકાશન, શ્રીરંગ એપાર્ટમેન્ટ, ૧લા માળે, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત - ૩૯૫૦૦૨.

□ **વિકાસ કે સર્વનાશ** ? લે. મુનિશ્રી રત્નસુંદર વિજયજી * પૃષ્ઠ - ૯૦ * મૂલ્ય રૂ. ૧૨/- પ્રકાશક :- રત્નત્રયી ટ્રસ્ટ C/o શ્રી કલ્પેશ વી. શાહ ૩૬, હસમુખ કોલોની, વિજયનગર રોડ, નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩

□ **ચિંતન અને ચિનગારી** લે. પં. શ્રી પૂર્ણચંદ્રવિજયજી ગણિવર * પૃષ્ઠ - ૧૧૨ મૂલ્ય રૂ. ૧૦/- * પ્રકાશક - સંસ્કૃતિ પ્રકાશન, શ્રીરંગ એપાર્ટમેન્ટ , ૧લા માળે, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત - ૩૯૫૦૦૨.

□ **સંસ્કૃત સાહિત્ય દર્શન** લે. જયાનંદ લ. દવે * પૃષ્ઠ - ૧૯૯ * મૂલ્ય રૂ. ૬૦/- * પ્રકાશક - પ્રવીણ પુસ્તક ભંડાર, લાભ ચેમ્બર્સ, મ્યુ. કોર્પો. સામે, રાજકોટ - ૩૬૦૦૦૧.

# વકતૃત્વશકિત

**'સત્સંગી'**

વકતૃત્વશકિત અંગે ગેરસમજ પ્રવર્તે છે, તેથી જ કદાચ એમ હોય કે વિદ્યાર્થીઓમાં વકતૃત્વશકિત વિકસે એ પ્રત્યે શૈક્ષણિક સંસ્થાઓ તેમજ વડીલવર્ગ એકંદરે ઉદાસીન છે. વિદ્યાર્થીઓ અને યુવાનો નાના માનવસમૂહ કે મોટી માનવમેદની સમક્ષ પોતાના વિચારો દર્શાવી શકે એ હંમેશાં જરૂરી અને આવકાર્ય બાબત છે. ધારાસભા કે લોકસભાના સભ્ય બનવા માટે કે રાજકીય નેતા બનવા માટે જ વકતૃત્વશકિત વિકસાવવી જોઇએ એ માન્યતા ભૂલભરેલી છે. વાસ્તવમાં વકતૃત્વશકિત વિકસાવવા માટે રાજકીય નેતાનાં ચિત્રની વિસ્મૃતિ રાખવી એ ઇચ્છનીય છે. માણસનાં સમગ્ર જીવનની રીતે વિચારતાં સૌને પ્રતીત થશે કે એવા પ્રશ્નો, પ્રસંગો થતા જ હોય છે કે જયારે વ્યકિતએ પોતાના વિચારો દર્શાવવા જોઇએ. વકતૃત્વશકિતના વિકાસના અભાવે ઘણા પોતાના વિચારો દર્શાવવા માગતા હોય છતાં દર્શાવી શકતા નથી. વિદ્યાર્થીઓને કેવળ પરીક્ષામાં સફળતા મેળવનાર પ્રાણીઓ શી રીતે ગણાય ? યુવાનો-ગૃહસ્થોને કેવળ પૈસા કમાનારાં પ્રાણીઓ શી રીતે ગણાય ? પોતાના વિચારો દર્શાવવાનો ઇજારો ભણેલાં સ્રીપુરુષોનો જ હોઇ શકે નહિ: અભણ સ્રીપુરુષોને તેમના વિચારો દર્શાવવાનો અધિકાર તો છે જ, પરંતુ તેઓ તેમ કરે એ જરૂરી અને ન્યાયી પણ છે.

વિદ્યાર્થીઓમાં વકતૃત્વશકિત વિકસે એ અંગેની શૈક્ષણિક સંસ્થાઓ અને વડીલવર્ગની ઉદાસીનતાના મૂળમાં એક એવી માન્યતા રહેલી છે કે વકતૃત્વશકિતનો વિકાસ ઘણો અઘરો છે. બહુ ઓછા શિક્ષકોએ અને વડીલોએ તેમનાં વિદ્યાર્થીજીવનમાં વકતૃત્વશકિતમાં રસ લીધો હોય છે, તેથી તેમની આ ઉદાસીનતા ઘર કરી ગઇ હોય છે. પછી સંસ્થામાં સહઆભ્યાસિક પ્રવૃત્તિઓ કરવી જોઇએ. તેથી એક ઘરેડની બાબત તરીકે વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવે છે, જે વર્ષમાં એક વખતની બાબત હોય છે. તેમાં વડીલવર્ગ થોડો સહકાર આપે છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે જે મહાવરો હોવો જોઇએ તેવી પ્રવૃત્તિ શાળાકોલેજોમાં હોતી નથી – અપવાદરૂપ દાખલા હોય તો તે જુદી બાબત છે. તેવી જ રીતે સામાજિક સંસ્થાઓ અને મંડળો પણ વકતૃત્વ સ્પર્ધાઓ યોજે છે. વકતૃત્વશકિતનો મહાવરો આ સ્પર્ધાઓ જ હોય છે. ઇનામો આપીને વડીલવર્ગ સંતોષ માની લે છે.

કોઇ વિષય પર શ્રોતાજનો સમક્ષ પાંચથી દસ મિનિટ સારી રીતે વકતવ્ય રજૂ કરવું વધુ પડતું અઘરું છે એ ગેરસમજ દૂર કરવી જરૂરી છે. વકતવ્ય આપવું એટલે શું ? નક્કી કરેલા વિષય પર વિચારો વાણી દ્વારા દર્શાવવા. સૌને વિચારો તો આવે જ આવે. ચોક્કસ વિષય પર વિચારો દર્શાવવાનું મન થવું જોઇએ, ઉમળકો આવવો જોઇએ, થનગનાટ થવો જોઇએ. વિચારો દર્શાવવાનો ઉત્સાહ જોઇને કેટલાક ઉતારી પાડવાના ભાવવાળું સ્મિત કરે, તો કેટલાકને દોઢ ડહાપણ લાગે, તો કેટલાકને હોશિયારી દેખાડવાની તત્પરતા લાગે તો પણ આ ઉત્સાહ વકતા બનવાની લાયકાત છે.

પોતાના વિચારો દર્શાવવાની વૃત્તિ માણસમાં એવી પ્રબળ હોય છે કે મોટાં સંયુકત કુટુંબની સૌથી નાની વહુને પણ પોતાના વિચારો દર્શાવવાની અદમ્ય ઇચ્છા થતી હોય છે. પરંતુ સામાન્ય વ્યવહારમાં આપણે સહજ રીતે આપણા વિચારો દર્શાવતા હોઇએ છીએ જયારે સમૂહ સમક્ષ વિચારો દર્શાવવામાં આપણે વિચારો દર્શાવીએ છીએ એવી આપણને સભાનતા રહે છે. સામાન્ય વ્યવહારમાં વાતચીતમાં બે અથવા પાંચસાત વ્યકિતઓ સાથે સંવાદ બને છે, તેથી જે વ્યકિત વાત કરે તેનાં અનુસંધાનમાં પોતાના વિચારો દર્શાવવા સાહજિક તેમજ સરળ બને છે. ત્યારે વકતવ્યમાં બોલનાર વ્યકિતએ પોતાની રીતે ચોક્કસ વિષય પર પોતાના વિચારો દર્શાવવાના હોય છે, તેથી વાતચીત કરતાં વકતવ્યમાં સવિશેષ કાળજી લેવી પડે છે. કેટલીક વાર ઘરમાં, મિત્રમંડળમાં, સહકાર્યકરોના સમૂહમાં કે અન્ય સમૂહમાં સામાન્ય વાતચીત ચર્ચામાં ફેરવાઇ જાય એવું બનતું હોય છે.

ત્યારે પણ જે મુદ્દા ઉપસ્થિત થાય તે અંગે પોતાના પ્રતિભાવરૂપે વિચારો દર્શાવવાના હોય છે; આમાં ઘડીભર ચોક્કસ વિષય હોય તો પર જે મુદ્દાઓનો ઉલ્લેખ થાય તેમાં વિષયાંતર પણ થાય અને વિવિધ મુદ્દાઓ પણ પણ વાતચીત થવા લાગે. ત્યારે વકતવ્યમાં ચોક્કસ વિષય પર વ્યવસ્થિત રીતે મુદ્દાસર વિચારો દર્શાવવાના હોય છે, તેમાં વિષયાંતર ક્ષમ્ય નથી; વિષયને નજર સમક્ષ રાખીને જ સંબંધક મુદ્દાઓ જ દર્શાવવાના હોય છે. સામાન્ય વ્યવહારમાં કે સમૂહમાં થતી વાતચીતમાં સમયમર્યાદાનું બંધન નથી હોતું, જ્યારે ધારાસભા, લોકસભા, સંયુંક્ત રષ્ટ્રસંઘ, અદાલતો, રાજકીય પક્ષોની સભાઓ અને બેઠકો વગેરેને બાદ કરતાં વકતવ્યની ચોક્કસ સમયમર્યાદા પાંચ મિનિટથી માંડીને વધારેમાં વધારે એકથી દોઢ કલાક સુધીની સ્વીકારવાની રહે છે.

ચોક્કસ વિષય પર વિષયાંતર કર્યા વિના નક્કી કરેલી સમયમર્યાદામાં પોતાના વિચારો શ્રોતાજનો સમક્ષ કેવી રીતે દર્શાવવા એ પ્રશ્ન મહત્વનો છે, પણ માનવામાં આવે છે તેટલો અઘરો નથી. પોતાને જે કહેવાનું છે તે શ્રોતાજનો પર અસર કરે, તેમને ગમે, તેમને સાંભળવું પ્રિય લાગે તે મુદ્દા પર આ પ્રશ્ન આધારિત છે. મોટેથી ઘાંટા પાડીને બોલાય તો શ્રોતાજનો પર આપણા કહેવાની અસર થાય એમ માનવું ભૂલભરેલું છે. શ્રોતતજનોને અવારનવાર હસવું આવે તો વકતવ્ય અસરકારક બને તે માટે થોડી થોડી વારે રમૂજી ટુચકાઓ આપતા રહેવાનો અતિરેક કરવાથી પ્રહસનનો કાર્યક્રમ બને પણ અસરકારક વકતવ્યનો નહિ. વિચારો દર્શાવતી વખતે વધુ પડતો અભિનય (overacting) કરવાથી અસરકારક વકતવ્ય બની શકતું નથી. વિદ્યાર્થી વર્ગમાં પાઠ વાંચી જાય તેમ એકધારું બોલી જવાથી વકતવ્ય અસરકારક બનતું નથી. કોઇ સારા વકતાનું અનુકરણ કરીને કૃત્રિમ રીતે બોલવાથી વકતવ્ય અસરકારક બનતું નથી. તો પછી કેવી રીતે બોલવું કે જેથી વકતવ્ય અસરકારક બને ? આ પ્રશ્નનો જવાબ બે જ શબ્દોમાં છે :– સહૃદયતાથી અને કુદરતી રીતે બોલવું. જે વિષય અંગે બોલવાનું હોય તેમાં બોલનાર જે સચ્ચાઇપૂર્વક માનતો હોય, જે મુદ્દા બોલનારને સ્પર્શી ગયા હોય તે જ તેણે બોલવાં જોઇએ. હૃદયમાંથી નીકળતા શબ્દો અસરકારક બને છે. જે બોલવું હોય તે કુદરતી રીતે બોલવું જોઇએ. આપણે વાતચીતમાં જે કુદરતી રીતે બોલીએ છીએ તે કુદરતી રીતે સમૂહ સમક્ષ બોલવું જોઇએ. અલબત્ત, સમૂહ સમક્ષ બોલવામાં અવાજ થોડો મોટો કરવાનો હોય. જે વાક્યો બોલાય તેમાં જે ભાવ હોય તે સહજ રીતે દર્શાવવાનો હોય. સમગ્ર વકતવ્ય પૂરું થાય ત્યારે વકતવ્યની એકંદર અસર શ્રોતાજનો પર થવી જોઇએ. શ્રોતાજનોને એમ થવું જોઇએ કે આ વકતાને કંઇક કહેવાનું છે. સહૃદયતાથી કુદરતી રીતે બોલાયેલા વિચારો સફળ વકતવ્યનું રહસ્ય છે.

પોતાનું વકતવ્ય રજૂ કરતી વખતે પોતે કરેલી નોંધની મદદ લેવી કે તેવી કોઇ સહાય વિના બોલવું ? જે વિષય પર વિચારો દર્શાવવાના હોય તે શરૂમાં કાગળ પર લખવાના રહે એ દેખીતું છે. પરંતુ બોલતી વખતે આ લખાણની મદદ લીધા વિના વકતવ્ય આપવું એ વધારે સારું ગણાય પરંતુ અર્ધો કલાક કે તેથી વધારે સમય માટે બોલવાનું હોય તો તે અંગેના લખેલા મુદ્દાઓની સહાયથી બોલવું એ જરાપણ અયોગ્ય નથી. તો પછી આખું વકતવ્ય ગોખવું ? ગોખેલું ભૂલી ન જવાય ? ખરી વાત એ છે કે જે વિષય પર બોલવું હોય તે વિષયની સમજ મનમાં સ્પષ્ટ રીતે હોવી જોઇએ; વિષયની સ્પષ્ટતા અને સમર્થનના મુદ્દા ક્રમબદ્ધ ગોઠવવા જ જોઇએ. સમજપૂર્વક તૈયાર કરેલું વકતવ્ય ગોખેલું ન કહેવાય. બોલતી વખતે તૈયાર કરેલા મુદ્દાઓમાંથી કોઇ વિગત કે મુદ્દાની વિસ્મૃતિ થઇ જાય તો બોલાતા મુદ્દાનું અનુસંધાન જાળવતાં આવડવું જોઇએ. તેમજ આગળના વક્તાઓના કોઇ મુદ્દાનું સમર્થન કરતાં કે તે અંગે પોતાનો મતભેદ બતાવતાં સાહજિક્તાથી આવડવું જોઇએ. સમજપૂર્વક તૈયાર કરેલા મુદ્દાઓ મનમાં ગોઠવવા જોઇએ અને યાદ રહે તેવો પ્રયત્ન કરવો જોઇએ. આ ગોખણપટ્ટી ન જ કહેવાય.

તૈયારી કેવી રીતે કરવી ? બોલવાના વિષય અંગે પુસ્તકો, લેખો વગેરેની મદદ લેવાય. મિત્રો, વડીલો કે શિક્ષકો સાથે તે અંગે ચર્ચા કરાય અને તેમનું માર્ગદર્શન અવશ્ય મેળવાય. પરંતુ આ સઘળા વિચારો પરથી પોતાની રીતે પોતે જ વકતવ્ય તૈયાર કરવું જોઇએ. વકતૃત્વ સ્પર્ધાના નિર્ણાયકોને એમ ન કહેવું પડે, " અમારે શિક્ષકો કે પ્રોફેસરોને તપાસવાના રહે છે. " અર્થાત કોઇ શિક્ષક, પ્રોફેસર કે વકીલ વકતવ્ય લખી આપે એવું વલણ લેશમાત્ર ન

હોવું ઘટે. આવું પરાવલમ્બન પોતાની બૌદ્ધિક પ્રગતિ અને આત્મવિશ્વાસનાં ઘડતરનું અવરોધક છે.

શ્રોતાજનો સમજી શકે એવી ભાષા વક્તવ્યની હોવી જોઇએ. આડંબરયુક્ત ભાષાથી વક્તવ્ય અસરકારક બની શકતું નથી. જે ભાષામાં બોલવાનું હોય તે ભાષાની યોગ્ય જાણકારી બોલનાર ધરાવે છે એવી પ્રતીતિ શ્રોતાજનોને થાય તે બરાબર, પરંતુ અઘરા અને મોટા શબ્દોનો વધુ પડતો ઉપયોગ કર્ણપ્રિય બનતો નથી તેમજ બોલનારનું કથન સ્પષ્ટ રીતે સમજાતું હોતું નથી. તેવી જ રીતે વિષયનાં વસ્તુમાં કેવળ પાંડિત્યનો મોહ રાખવાથી બોલનાર વિષયનો મર્મ સ્પષ્ટ રીતે દર્શાવવામાં નિષ્ફળ નીવડે, ગોળ ગોળ બોલવાની ટેવ અને બોલેલા મુદ્દાઓનું પુનરાવર્તન શ્રોતાજનોમાં કંટાળો ઉત્પન્ન કરે છે એ વક્તાએ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. જે વિચારો દર્શાવવાના છે તે સીધી, સાદી અને સ્પષ્ટ રીતે દર્શાવવાના છે. એ પૂર્વતૈયારીનો માર્ગદર્શક આધાર છે.

સમયમર્યાદા નક્કી થયેલી હોય ત્યારે તો તેટલા સમયની મર્યાદામાં જ બોલવાનું રહે. પરંતુ ઘડીભર સમયમર્યાદા જેવું ન હોય ત્યારે પણ પોતાની રીતે સમયમર્યાદા બાંધવી યોગ્ય ગણાય. આ સંબંધમાં માનનીય ડૉ. રમણલાલ ચી. શાહનાં પુસ્તક 'સાંપ્રત સહચિંતન ભા. ૧' -માં णाइवेल वएज्जा નિબંધ મનનીય છે. णाइवेल वएज्जा એટલે મર્યાદા વગરનું ન બોલવું જોઇએ. જેમ વધારે સમય બોલાય તેમ તે વક્તવ્ય વધારે સારું અને અસરકારક એ માન્યતા ભ્રામક છે. બોલનારને ગમે તેટલો ઉત્સાહ હોય તો પણ બોલનારે સાંભળનારાઓનો વિચાર કરવો જોઇએ. બધા શ્રોતાજનોનું ધૈર્ય એકસરખું હોય જ નહિ. તેથી વિષયાંતર કર્યા વિના સમયમર્યાદા જાળવીને મુદ્દાસર બોલવું ઉચિત છે. પોતાને જે સહૃદયતાથી કહેવાનું હોય તે થોડા સમયમાં યોગ્ય રીતે કહી શકાતું હોય છે અને અસરકારક પણ બની શકતું હોય છે.

સ્ત્રીઓ માટે રોટલીથી માંડીને અવનવી વાનગીઓ સુધીની રાંધણકળા માટે મહાવરો અનિવાર્ય છે, તો કોઇ ચોક્કસ વિષય પર પોતાના વિચારો નાનામોટા સમૂહ સમક્ષ સારી રીતે દર્શાવવા માટે મહાવરો શા માટે જરૂરી ન ગણાય ? નાના મોટા સમૂહ સમક્ષ ઊભા થઇને બોલવામાં વ્યક્તિ બેચેન-નર્વસ બની જાય છે. તેને સભાક્ષોભ પણ કહેવાય. સ્પષ્ટ રીતે કહીએ તો પોતાની બેઠકેથી મંચ સુધી આવવાનું મન ન થાય, વિચારો દર્શાવતાં ક્ષોભ થાય, પગ ધ્રૂજવા લાગે, ખંડ જાણે ફરતો હોય એવું પણ થાય, જીભ થોથવાય, જે કહેવાનું હોય તે ભૂલી જવાય; નિષ્ફળતા, મજાક અને ટીકાનો ભય રહે એવું ઘણું બધું થાય. મહાવરા અને માર્ગદર્શનથી આ મુશ્કેલીઓ અદૃશ્ય થાય છે અને વક્તા આત્મવિશ્વાસપૂર્વક સહજતાથી પોતાના વિચારો યોગ્ય રીતે દર્શાવવા સમર્થ બને છે. માટે શૈક્ષણિક સંસ્થાઓ અને વડીલોએ વક્તૃત્વ કળા પ્રત્યેની ઉદાસીનતા ખંખેરીને વિદ્યાર્થીઓ અને યુવાનોને આ મહત્વની કળા હસ્તગત કરવાની તક માત્ર થોડાં ઇનામો દ્વારા નહિ, પરંતુ તેના મહાવરા માટેની યોગ્ય વ્યવસ્થા દ્વારા આપવી જોઇએ. ઘડીભર આ પ્રયાસ બૌદ્ધિક મોજશોખ ગણાય તો પણ તેવી ટીકા પચાવવામાં શાણપણ છે. વાકછટા રાજકીય નેતા, લોકસભા કે ધારાસભાના સભ્ય બનવા માટે ઉપયોગી છે એ મુદ્દાને હું સ્પર્શવા માગતો નથી. રાજકારણ જીવનનો એક ભાગ છે, સમગ્ર જીવન કદાપિ નહિ. સમગ્ર જીવનની દૃષ્ટિએ વક્તૃત્વશક્તિનો વિકાસ ઉપયોગી છે તેનો નિર્દેશ કરવાનો મારો હેતુ છે. દાખલા તરીકે, જ્યારે શિક્ષક કે પ્રોફેસરને પહેલી જ વાર વિદ્યાર્થીઓને ચોક્કસ વિષયની વાત કહેવાની હોય છે, ત્યારે કેટલીક વાર તેમની સ્થિતિ દયાજનક હોય છે. તેમણે તેમનાં વિદ્યાર્થીજીવનમાં વક્તૃત્વ કળામાં રસ ન પણ લીધો હોય. શિક્ષકો અને પ્રોફેસરો તેમના વિષયો સ્પષ્ટ રીતે અને સારી રીતે સમજાવી શકે એમ ક્યો સમાજ ન ઇચ્છે ? વક્તૃત્વશક્તિની ઉપયોગિતાનું બીજું ઉદાહરણ લઇએ. આજે જેમ સૌ કોઇ શિક્ષણની ગુણવત્તાનું દારિદ્ર સ્વીકારે છે, તેમ માનવજીવનનું દારિદ્ર દયાજનક અને આઘાતજનક કહેવાય છે અને તેનું કારણ છે માનવીએ મનસ્વી રીતે અપનાવી લીધેલો દૃષ્ટિકોણ. જીવનના દૃષ્ટિકોણને ધર્મ સાથે અભિન્ન સંબંધ છે. આજે તીવ્રમાં તીવ્ર જો કોઇ જરૂર હોય તો તે છે ધર્મની બાબતો અને વિગતો અંગે સાચી યોગ્ય સમજ આપનારા વક્તાઓની. જો પોતાનો વિકાસ સાધવો હોય અને દુનિયા છે તે કરતાં વધારે સારી બનાવવાનું કર્તવ્યપાલન યોગ્ય ગણવું હોય તો અનેક યુવાનો, પીઢ લોકો અને સશક્ત વૃદ્ધોએ આ કાર્ય માટે થોડો સમય આપવો અનિવાર્ય ગણાય. આ કાર્યમાં વક્તૃત્વશક્તિનો શ્રેષ્ઠ ઉપયોગ રહેલો છે.

વક્તૃત્વશક્તિના વિકાસથી વ્યક્તિની વિચારશક્તિ વિકસે છે, જુદા જુદા વિષયો અંગે સમજ પ્રાપ્ત થાય છે, આત્મવિશ્વાસ કેળવાય છે વગેરે સારા ફાયદા થાય છે. પરંતુ વક્તૃત્વશક્તિનો દુરુપયોગ પણ થઇ શકે એ બાબત ધ્યાનમાં લેવી પડે. દાખલા તરીકે, કોઇ કુશળ વકીલ નિર્દોષ વ્યક્તિને પોતાની વાકચાતુરીથી ગુનેગાર ઠરાવે. અસત્યની વકીલાત માટે વક્તૃત્વશક્તિની બક્ષિસ મળી નથી એ સનાતન સત્ય સ્વીકારવાનું જ રહે છે. વક્તૃત્વશક્તિનો બીજો ગેરફાયદો એ છે કે ઇનામ મેળવનાર વક્તાનો અહમ વધુ પડતો થાય છે. ઇનામ જાહેર થાય અને વક્તા મંચ પર ઇનામ લેવા આવે ત્યારે તાળીઓનો ગડગડાટ થાય એ પળ વક્તાને ગમે તેટલી ધન્ય લાગે, પરંતુ વાસ્તવિક જીવનમાં તેનાં વધુ પડતા અહમને લીધે તેને ઘણું સહન પણ કરવું પડે. જીવનમાં અનુકૂલન સાધવા માટે આ વધુ પડતો અહમ વિઘ્નરૂપ બને. તેવી જ રીતે જે વક્તાઓને ઇનામ નથી મળતું તેઓ નિરાશા અનુભવે છે. તેમનાં જીવનમાં લઘુતાગ્રંથિ અને આત્મવિશ્વાસનો અભાવ રહે છે. વિશેષમાં, બદલા તરીકે કંઇક મળે તો મન દઇને મહેનત કરાય એવો ખ્યાલ બંધાય છે જે તંદુરસ્ત બાબત નથી. માટે ઇનામોની પ્રથા બંધ જ કરી દેવી જોઇએ. ખરી રીતે જોતાં, 'સ્પર્ધા' શબ્દ જ ન રાખવો ઘટે, પરંતુ 'વક્તૃત્વ કાર્યક્રમ' એવો શબ્દપ્રયોગ યોજવો જોઇએ. પોતાના યોગ્ય વિકાસ માટે તેમજ સમાજ પ્રત્યેનું ઋણ અદા કરવા માટે બોલતાં શીખવું જોઇએ, તેથી તેમાં રસપૂર્વક ભાગ લેવો જ જોઇએ એ પ્રેરકબળ બની રહેવું જોઇએ. દરેક વક્તાને વાંચવા માટે જોઇતું પુસ્તક સળરતાથી મળે તેવું સુંદર, વ્યવસ્થિત અને સમૃદ્ધ પુસ્તકાલય વસાવાય એ સર્વથા ઉચિત ઉત્તેજન છે.

□ □ □

## અસ્થિ સારવાર કેન્દ્ર

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે નિષ્ણાત અસ્થિ ચિકિત્સક ડૉ. જે. પી. પીઠાવાલા દ્વારા હાડકાંનાં રોગોની નિઃશુલ્ક સારવાર દર રવિવારે સવારેના ૯-૩૦ થી ૧-૩૦ સુધી શ્રી જૈન યુવક સંઘ, પરમાનંદ કાપડિયા સભાગૃહ, ૩૮૫, સરદાર વલ્લભભાઇ પટેલ માર્ગ, રસધારા કો. ઓપ. સોસાયટી, બીજે માળે, પ્રાર્થના સમાજ, વનિતા વિશ્રામની સામે, મુંબઇ - ૪૦૦૦૦૪. (ફોન : ૩૫૦૨૯૬) ખાતે આપવામાં આવે છે.

આ ઉપરાંત સંઘનાં ઉપક્રમે દર મહિનાના છેલ્લા રવિવારે બપોરના ૩-૦૦ થી ૫-૦૦ સુધી શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, ઝાલાવાડનગર, સી. ડી. બરફીવાલા માર્ગ, જુહુલેન, અંધેરી (પશ્ચિમ) મુંબઇ - ૪૦૦ ૦૫૯ ખાતે ડૉ. જે. પી. પીઠાવાલા દ્વારા ઉપરોક્ત સારવાર વિનામૂલ્યે અપાય છે. જરૂરિયાતવાળા દરદીઓ અવશ્ય તેનો લાભ ઉઠાવે તેવી વિનંતી છે.

**પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ**
**સંયોજક**

**નિરુબહેન એસ. શાહ**
**પ્રવીણચંદ્ર કે. શાહ**
**મંત્રીઓ**

## સ્વ. શ્રી ચંદુલાલ મોહનલાલ ઝવેરીના સ્મરણાર્થે નેત્રયજ્ઞ

સ્વ. ચંદુલાલ મોહનલાલ ઝવેરીના સ્મરણાર્થે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તથા શ્રી રવિશંકર મહારાજ આંખની હોસ્પિટલ - ચિખોદરાના સંયુક્ત ઉપક્રમે એક નેત્રયજ્ઞનું આયોજન આગામી નવેમ્બર - ડિસેમ્બર મહિનામાં કરવામાં આવ્યું છે. સ્થળ અને તારીખ નિશ્ચિત થયે હવે પછી જણાવવામાં આવશે.

□ મંત્રીઓ

ગફુરભાઈ મહેતાના ૭૮ માં જન્મદિનની ખુશાલીમાં ખંભાત પાસેના મેતપુર ગામે તા. ૨૯ મી ડિસેમ્બર, ૧૯૯૦ ના રોજ નેત્રયજ્ઞનું આયોજન થયું હતું. સંઘની સમિતિના કેટલાક ભાઈ બહેનો આ નેત્રયજ્ઞમાં ઉપસ્થિત રહ્યા હતા.

☐ **ભક્તિ સંગીતના વર્ગો :** સંઘના ઉપક્રમે બહેનો માટેના ભક્તિ સંગીતના વર્ગો તા. ૧૬-૧૧-૯૦ ના સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યા હતા. શ્રી શ્યામ ગોગટેએ આ તાલીમવર્ગના અધ્યાપક તરીકે અને શ્રી ઉષાબહેન મહેતાએ આ વર્ગના સંયોજક તરીકે સેવાઓ આપી હતી. બંનેના અમે આભારી છીએ.

☐ **પરિસંવાદ :** શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક નિધિના આર્થિક સહયોગથી તા. ૧૦ મી અને તા. ૧૧ મી જાન્યુઆરી, ૧૯૯૧ ના રોજ સાંજના સમયે ઈન્ડિયન મરચન્ટસ ચેમ્બરના કમિટિરૂમમાં ' આજનું ગુજરાત અને ભારત : પત્રકારોની દૃષ્ટિએ ' એ વિષય પરનો પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. સર્વશ્રી તુષાર ભટ્ટ, ભગવતીકુમાર શર્મા, હરસુખ સંઘાણી, કુંદન વ્યાસ, હરીન્દ્ર દવે અને વિનોદ મહેતાએ આ વિષય પર રસપ્રદ વાર્તાલાપ આપ્યો હતો. કાર્યક્રમનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહે સંભાળ્યું હતું. પરિસંવાદના સંયોજકો શ્રી અમર જરીવાલા અને શ્રી સુબોધભાઈ એમ. શાહના અને વ્યાખ્યાતાઓના અમે આભારી છીએ.

☐ **નિવૃત્ત થતા શ્રી શાંતિલાલ ટી. શેઠનું સન્માન :** સંઘના સંનિષ્ઠ કાર્યાલય મંત્રી શ્રી શાંતિલાલ ટી. શેઠ પોતાની પચાસ વર્ષની સુદીર્ઘ, યશસ્વી સેવા આપી નિવૃત્ત થયા એ પ્રસંગે તેમના સન્માનનો એક કાર્યક્રમ ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને તા. ૨૨ મી જાન્યુઆરી, ૧૯૯૧ ના રોજ સંઘના કાર્યાલયમાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિવિધ વક્તાઓએ પ્રાસંગિક વક્તવ્યો કર્યાં હતા અને શ્રી શાંતિલાલ ટી. શેઠની સેવાઓને બિરદાવી હતી.

☐ **આનંદઘનજીનાં સ્તવનો પર ભક્તિસંગીત અને પ્રવચનો :** સંઘના ઉપક્રમે આનંદઘનજીના સ્તવનો પરના ભક્તિસંગીતનો અને પ્રવચનોનો કાર્યક્રમ તા. ૨૨, ૨૩, ૨૪, જાન્યુઆરી, ૧૯૯૧ ના રોજ પરમાનંદ કાપડિયા હોલમાં સાંજના સમયે યોજવામાં આવ્યો હતો. શ્રીમતી પૂર્ણિમાબહેન સેવંતીલાલ શેઠે આનંદઘનજીનાં સ્તવનો મધુર કંઠે રજૂ કર્યા હતા. તે પર ડૉ. રમણલાલ ચી. શાહે વિવેચનાત્મક પ્રવચનો આપ્યા હતાં. આ કાર્યક્રમ માટે ડૉ. રમણભાઈ શાહ, શ્રીમતી પૂર્ણિમાબહેન શેઠ અને સંયોજક શ્રીમતી રમાબહેન વોરાના અમે આભારી છીએ.

☐ **વાર્તાલાપો :** (૧) સંઘના ઉપક્રમે તા. ૧૭ મી ફેબ્રુઆરી, ૧૯૯૧ ના રોજ સવારના સાડા નવ વાગે બિરલા ક્રીડા કેન્દ્રમાં ડૉ. હુકમચંદ ભારિલ્લનું ' જૈન ધર્મ અને આહાર વિજ્ઞાન ' એ વિષય પરનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. વ્યાખ્યાતા ડૉ. ભારિલ્લ અને કાર્યક્રમના સંયોજક શ્રી ચીમનલાલ જે. શાહના અમે આભારી છીએ. (૨) સંઘના ઉપક્રમે તા. ૧૧ મી એપ્રિલ, ૧૯૯૧ ના રોજ સાંજના ૬-૧૫ કલાકે ઈન્ડિયન મરચન્ટસ ચેમ્બરના કમિટિરૂમમાં 'India TOday' એ વિષય પર શ્રી મધુ મહેતા, શ્રી રાહુલસિંગ અને શ્રી રામુ પંડિતે વાર્તાલાપ આપ્યો હતો. કાર્યક્રમનું પ્રમુખસ્થાન શ્રી અમર જરીવાલાએ લીધું હતું. તેમના અને વ્યાખ્યાતાઓના અમે આભારી છીએ.

☐ **સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ પુસ્તક પ્રકાશન ટ્રસ્ટ :** સંઘના ભૂતપૂર્વ મંત્રી સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ શાહના પરિવાર તરફથી એમની સ્મૃતિમાં જૈનધર્મના પુસ્તકોના પ્રકાશન માટે ભેટ રકમ આપવામાં આવી હતી અને ત્યાર પછી તેમાં વખતોવખત ઉમેરો થતો રહ્યો છે. આ વર્ષ દરમિયાન આ શ્રેણીમાં ડૉ. રમણલાલ ચી. શાહ કૃત જિનતત્ત્વ ભા. ૪ અને પ્રભાવક સ્થવિરો ભા. ૨ એ બે પુસ્તકો પ્રગટ થયા છે.

☐ **શ્રીમતી ધીરજબહેન દીપચંદ શાહ રમકડાં ઘર :** સંઘ દ્વારા બાળકોને ઘરે રમવા માટે રમકડા આપવાની આ પ્રવૃત્તિ દર રવિવારે ૩-૦૦ થી ૫-૩૦ સુધી નિયમિત ચલાવવામાં આવે છે. આ વર્ષે બાળકોની સભ્ય સંખ્યા ૧૨૫ જેટલી રહી છે. રમકડાઘર માટે વખતોવખત નવાં રમકડાં ખરીદવામાં આવે છે. અને બાળકો તેનો સારો લાભ લે છે. આ પ્રવૃત્તિના સંયોજક ડૉ. અમૂલ શાહ અને શ્રીમતી જયાબહેન વીરાના અમે આભારી છીએ.

☐ **શ્રી જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ :** શ્રી જે. એચ. મહેતાના કુટુંબીજનો તરફથી રૂા. ૨૫૦૦૦/- ની રકમ અનાજ રાહત ફંડમાં મળી છે અને તેમાં ઉમેરો થતો રહ્યો છે. એમાંથી જરૂરિયાતવાળા કુટુંબોને સસ્તા દરે અનાજ આપવાનું કાર્ય સારી રીતે ચાલી રહ્યું છે. આ પ્રવૃત્તિના સંયોજક તરીકે શ્રી ઉષાબહેન મહેતા, શ્રી રમાબહેન મહેતા અને અન્ય બહેનો સેવા આપી રહ્યા છે. આ પ્રવૃત્તિના સંયોજકો અને દાતાઓના અમે આભારી છીએ.

☐ **શ્રી સરસ્વતીબહેન ડાહ્યાભાઈ ઝવેરી ચશ્મા-બેન્ક :** સંઘના ઉપક્રમે સાધારણ સ્થિતિવાળા મોતિયાના દરદીઓને ઓપરેશન પછી ચશ્માની સહાય માટે શ્રીમતી સરસ્વતીબહેન ડાહ્યાભાઈ ઝવેરી તરફથી સંઘને મળેલી આર્થિક સહાયથી આ પ્રવૃત્તિ સારી રીતે ચાલી રહી છે.

☐ **કિશોર ટિમ્બડિયા કેળવણી ફંડ :** સ્વ. કિશોર ટિમ્બડિયાની સ્મૃતિમાં તેમના પરિવાર તરફથી શિષ્યવૃત્તિ માટે સંઘને રૂપિયા એક લાખનું દાન મળ્યું છે. આ ફંડમાંથી બૃહદ્ મુંબઈની કોલેજ કે યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી ભાઈ-બહેનોને આર્થિક સહાય આપવામાં આવે છે. આ પ્રવૃત્તિના સંયોજક શ્રી વસુમતીબહેન ભણશાલી, શ્રી ઉષાબહેન મહેતા અને શ્રી રમાબહેન મહેતાના આ તકે અમે આભારી છીએ.

☐ **સ્વ. ધીરજલાલ ધનજીભાઈ શાહ પારિતોષિક :** 'પ્રબુદ્ધ જીવન' માં વર્ષ દરમિયાન પ્રગટ થયેલ લખાણોમાં શ્રેષ્ઠ યોગદાન આપનાર લેખકને સ્વ. ધીરજલાલ ધનજીભાઈ શાહ પારિતોષિક અપાય છે. ૧૯૯૦ ના વર્ષ માટેનું પારિતોષિક શ્રી ' સત્સંગી ' ને તેમના લેખો માટે આપવામાં આવ્યું છે. આ પારિતોષિક માટે નિર્ણાયક તરીકે ડૉ. રમણલાલ ચી. શાહ, શ્રી ઘનશ્યામ દેસાઈ અને શ્રી પન્નાલાલ ર. શાહે સેવા આપી છે. અમે શ્રી ' સત્સંગી' ને અભિનંદન આપીએ છીએ અને નિર્ણાયકોનો આભાર માનીએ છીએ.

☐ **આભાર :**

☐ વર્ષ દરમિયાન કાર્યવાહક સમિતિની નવ સભા મળેલ હતી. કારોબારી સમિતિ, સહયોગ સમિતિ અને કારોબારી સમિતિના નિમંત્રિત સભ્યોનો દિલ અને ઉમંગથી સહકાર મળે છે એનો અમને આનંદ છે.

☐ વિવિધ પ્રવૃત્તિઓ માટે મળેલ માતબર રકમના દાન ઉપરાંત પર્યુષણ વ્યાખ્યાનમાળા પ્રસંગે કે વર્ષ દરમિયાન સંઘની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓ માટે અવારનવાર અર્થ સિંચન કરનાર દાતાઓને તો કેમ ભૂલાય ? સર્વ દાતાઓનો આ તકે હાર્દિક આભાર માનીએ છીએ.

☐ સંઘની વિવિધ પ્રવૃત્તિઓને લોકો સુધી પહોંચાડનારું માધ્યમ છે પ્રેસ. ચોથી જાગીરના ગુજરાતી, હિન્દી, મરાઠી અને અંગ્રેજી ભાષાના અખબારોએ અને એમના સંચાલકોએ સંઘની વિવિધ પ્રવૃત્તિના અહેવાલ યોગ્ય રીતે પ્રગટ કરી સંઘને સમાજમાં નવું પરિમાણ આપ્યું છે. તે દરેક વર્તમાનપત્રોનો અને સામયિકોનો અત્રે અમે આભાર માનીએ છીએ.

☐ આપણી વ્યાખ્યાનમાળાઓ, વ્યાખ્યાનશ્રેણીઓ કે વાર્તાલાપના વિદ્વાન વક્તાઓ આપણી પ્રવૃત્તિનું અંગ છે. એમના સહકાર માટે અમે દરેક વ્યાખ્યાતાઓનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

☐ સંઘની પ્રવૃત્તિઓના ફલકનો આટલો બધો વિસ્તાર થયો છે તેનું મુખ્ય કારણ સમિતિના ઘણા બધા સભ્યોએ યથાશક્તિ ઉત્સાહપૂર્વક જુદી જુદી પ્રવૃત્તિઓની સંપૂર્ણ જવાબદારી ઉપાડી લીધી છે. એ સર્વ સંયોજકોનાં નામોનો તો તે પ્રવૃત્તિના અહેવાલમાં નિર્દેશ કરવામાં આવ્યો છે. સંયોજકોનાં આવા ઉદારદિલ સહકાર અને સમયના ભોગ વિના સંઘની આટલી બધી પ્રવૃત્તિઓની જવાબદારી માત્ર મંત્રીઓ વહન કરી શકે નહિ, એ માટે એ સર્વ સંયોજકોનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

☐ સંઘને અનેક વિવિધ પ્રવૃત્તિઓથી સતત ધબકતો રાખવા માટે અને સંઘના સર્વ સભ્યોને પ્રેમભરી હૂંફ આપવા બદલ સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહના આ તકે અમે અત્યંત આભારી છીએ.

☐ સંસ્થાના હિસાબો ચીવટપૂર્વક જોઈ-તપાસી આપવા માટે ઓડિટર્સ મે. યુ. એસ. શાહ એન્ડ એસોસિએટસના શ્રીયુત ઉત્તમચંદ એસ. શાહના અમે આભારી છીએ.

☐ સંઘનો કર્મચારીગણ પણ સંઘની પ્રવૃત્તિઓમાં એટલો જ ઉપયોગી રહ્યો છે. એમની ચીવટ અને ખંતની નોંધ લેતા અમને આનંદ થાય છે.

અમને આશા, વિશ્વાસ અને શ્રદ્ધા છે કે આવો જ ઉમંગભર્યો સહકાર ભવિષ્યમાં સંઘને સૌ તરફથી મળતો રહેશે અને એથી સંઘની અવિરત વિકાસયાત્રા ચાલુ રહેશે.

**નિરુબહેન એસ. શાહ**
**પ્રવીણચંદ્ર કે. શાહ**
માનાર્હ મંત્રીઓ

☐ કારોબારી સમિતિએ મંજૂર કર્યા તા. ૨૬-૯-૧૯૯૧
☐ વાર્ષિક સામાન્ય સભાએ મંજૂર કર્યા તા. ૧૨-૧૦-૧૯૯૧

## સંઘ દ્વારા આયોજિત આર્થિક સહાયનો કાર્યક્રમ
## સહયોગ કુષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ – રાજેન્દ્રનગર
## રૂા. ૨૫૦૦/– ની ભોજનતિથિ અને અન્ય નોંધાયેલ રકમની યાદી

૫૧૦૦૦ શ્રી નરેન્દ્ર કે. ફાઉન્ડેશન
૨૫૦૦૦ શ્રી શ્રીપાળ કાંતિલાલ ઈશ્વરલાલ
૨૧૦૦૦ શ્રી કોન્વેસ્ટ પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ
૧૫૦૦૦ શ્રી એક ભાઈ તરફથી
૧૫૦૦૦ શ્રી મહિપતરાય જાદવજી શાહ
૧૫૦૦૦ શ્રી શાંતિલાલ બાલુભાઈ
૧૫૦૦૦ શ્રી એક સદ્ગૃહસ્થ
૧૫૦૦૦ શ્રી એક સદ્ગૃહસ્થ
૧૫૦૦૦ શ્રી રતિલાલ છબીલદાસ મુખટીઆ
૧૧૦૦૦ શ્રી સુરેશભાઈ ઉત્તમલાલ પેથાણી
૧૦૦૦૦ શ્રી મફતલાલ ભીખાચંદ શાહ
૧૦૦૦૦ શ્રી નવનીત પ્રકાશન હ: શ્રી ડુંગરશીભાઈ
૧૦૦૦૦ શ્રી દામજીભાઈ એન્કવાલા
૧૦૦૦૦ શ્રી સારાભાઈ નગરશેઠ
૧૦૦૦૦ શ્રી મે. અમર સન્સ
૧૦૦૦૦ શ્રી કાંતિલાલ કેશવલાલ શેઠ
૧૦૦૦૦ શ્રી અમીચંદ ર. શાહ
૧૦૦૦૦ શ્રી સુરેશભાઈ સોનાવાલા
૫૦૦૦ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
૫૦૦૦ શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ
૫૦૦૦ શ્રી હિમતલાલ ડાહ્યાભાઈ કોઠારી ટ્રસ્ટ
૫૦૦૦ શ્રી વિદ્યાબહેન મહાસુખભાઈ શાહ
૫૦૦૦ શ્રી બિપિનભાઈ જૈન.
૫૦૦૦ શ્રી છોટાલાલ નાથાલાલ શાહ ચે. ટ્રસ્ટ
૫૦૦૦ શ્રી રવિચંદ સુખલાલ શાહના સ્મરણાર્થે.
૫૦૦૦ શ્રી પ્રવીણચંદ ટી. શાહ
૫૦૦૦ શ્રી કિશોરભાઈ વર્ધન
૫૦૦૦ શ્રી સાકરબહેન પ્રેમજી ચેરીટેબલ ટ્રસ્ટ
૫૦૦૦ શ્રી ચમનલાલ લલ્લુભાઈ મહેતા ચે.ટ્રસ્ટ
૫૦૦૦ શ્રી ચંદ્રસેન અભયચંદ ઝવેરી
૫૦૦૦ શ્રી જે. આર. શાહ
૫૦૦૦ શ્રી મહેશભાઈ પી. શાહ
૫૦૦૦ સાધ્વીશ્રી મૃગાવતીશ્રીજીના સ્મરણાર્થે દિલ્હી જૈન સંઘ
૫૦૦૦ શ્રી કે. ટી. ઘડિયાળી
૫૦૦૦ શ્રી રમણિકલાલ એસ. ગોસલિયા
૫૦૦૦ શ્રી કાંતિલાલ નારણદાસ ચેરીટેબલ ટ્રસ્ટ
૫૦૦૦ શ્રી વિનોદભાઈ ઉમેદચંદ
૫૦૦૦ માતુશ્રી પાંચીબાઈ ખીમજી શાહ
૫૦૦૦ શ્રી લીબર્ટી પીઝમ પેલેસ
૫૦૦૦ શ્રી સુરેશભાઈ પોપટલાલ પાનાચંદ કોઠારી
૫૧૦૦ માતુશ્રી મેનાબાઈ સવરાજ શાહ ચે. ટ્રસ્ટ
૫૦૦૦ શ્રી ગુરુકૃપા ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦ શ્રી સુશિલાબહેન કિશનભાઈ મહેતા
૫૦૦૦ શ્રી સેવંતીલાલ ફકીરચંદ એન્ડ કં.
૫૦૦૦ શ્રી મોહનલાલ હેમચંદ ઝવેરી ટ્રસ્ટ
૫૦૦૦ શ્રી ભણસાળી ટ્રસ્ટ
૫૦૦૦ શ્રી કે. કે. મોદી
૫૦૦૦ શ્રી સુનીતાબેન કાપડિયા
૫૦૦૦ શ્રી જયંતીલાલ રાયચંદ ખંધાર
૫૦૦૦ શ્રી ધીરજલાલ મોરારજી અજમેરા
૫૦૦૦ શ્રી જયંતીલાલ ફતેહચંદ શાહ
૪૦૦૦ શ્રી અમૃતલાલ પોપટલાલ મણિયાર
૪૦૦૦ શ્રી જે. કે. ફાઉન્ડેશન
૩૦૦૦ શ્રી હરિભાઈ નારણદાસ ભાવસાર
૩૦૦૦ શ્રી પ્રવીણભાઈ
૩૦૦૦ શ્રી રમણિકલાલ ઉમેદચંદ તથા શ્રી મંજુલાબહેન
૩૦૦૦ શ્રી દિનેશ ધીરજલાલ મહેતા
૩૦૦૦ શ્રી ધીરેન્દ્ર ચીમનલાલ જોઈન્ટ એકાઉન્ટ
૩૦૦૦ શ્રી હર્ષાબહેન કે. દેસાઈ
૩૦૦૬ શ્રી નરેન્દ્રભાઈ નરોત્તમદાસ કાપડિયા
૩૦૦૬ શ્રી આદિત્ય પ્રેમલ કાપડિયા
૩૦૦૦ શ્રી અશોકકુમાર આર. શેઠ
૩૦૦૦ શ્રી રમાબહેન કાંતિલાલ દેસાઈ
૩૦૦૦ શ્રી મંજુલાબહેન રમણલાલ શાહ
૩૦૦૦ શ્રી સેજલબહેન સુરેશભાઈ પદાણી
૨૫૦૦ ડૉ. રમણલાલ ચી. શાહ તથા શ્રી તારાબહેન શાહ
૨૫૦૦ શ્રી ચીમનલાલ જે. શાહ
૨૫૦૦ શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ
૨૫૦૦ શ્રી સુબોધભાઈ એમ. શાહ
૨૫૦૦ શ્રી સુલીબહેન અનીલભાઈ હિરાણી
૨૫૦૦ શ્રી પુષ્પાબહેન એમ. મોરજરિયા
૨૫૦૦ શ્રી સી. એન. સંઘવી
૨૫૦૦ શ્રી ગણપતભાઈ એમ. ઝવેરી
૨૫૦૦ શ્રી પુષ્પાબેન પરીખ
૨૫૦૦ શ્રી વસનજી લખમશી શાહ
૨૫૦૦ શ્રી વસુમતીબહેન ભણસાળી
૨૫૦૦ શ્રી મુકુન્દભાઈ ગાંધી
૨૫૦૦ શ્રી ચંચળબહેન જગજીવન તલસાણિયા
૨૫૦૦ શ્રી લીલાબહેન ગફૂરભાઈ મહેતા
૨૫૦૦ શ્રી કુસુમબહેન એન. ભાઉ
૨૫૦૦ શ્રી કલાવતીબહેન શાંતિલાલ મહેતા
૨૫૦૦ શ્રી રમાબહેન વોરા
૨૫૦૦ શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ
૨૫૦૦ શ્રી રેણુકાબહેન યોગેશભાઈ પુંજાણી
૨૫૦૦ શ્રી ધીરજલાલ તલકચંદ શાહ
૨૫૦૦ શ્રી નટવરલાલ બેચરદાસ જસાણી અને શ્રીમતી વનીતાબહેન નટવરલાલ જસાણી ચેરીટેબલ ટ્રસ્ટ
૨૫૦૦ શ્રી સ્નેહલતાબહેન હસમુખરાય શાહ
૨૫૦૦ શ્રી શારદાબેન ભૂપતરાય શાહ
૨૫૦૦ શ્રી જેઠાલાલ ડામરશી શાહ હ: શ્રી વાડીભાઈ
૨૫૦૦ શ્રી ઉષાબહેન તથા શ્રી રમાબહેન મહેતા.
૨૫૦૦ શ્રી જમનાદાસ હેમચંદ હેમાણી ચે. ટ્રસ્ટ
૨૫૦૦ શ્રી દીપચંદ કે. શાહ
૨૫૦૦ શ્રી મનુભાઈ રાયચંદ સંઘવી
૨૫૦૦ શ્રી શર્મીબહેન ભણસાળી
૨૫૦૦ શ્રી ઈન્દુબહેન ઉમેદચંદ દોશી
૨૫૦૦ શ્રી જયાબહેન ચેરીટીઝ
૨૫૦૦ શ્રી ડાહ્યાભાઈ ભોળાભાઈ ઝવેરી હ : શ્રી ભૂપેન્દ્રભાઈ
૨૫૦૦ શ્રી તારાબહેન ચંદુલાલ ઝવેરી
૨૫૦૦ શ્રી ઈન મેમોરી ઓફ લેઈટ ડૉ. દાદાભાઈ એન્ડ મીઠાબાઈ ઈલીસ
૨૫૦૦ શ્રી મધુબહેન મગનલાલ અજમેરા
૨૫૦૦ શ્રી મણિલાલ કસ્તુરચંદ ગાંધી અને કાંતિબહેન ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ
૨૫૦૦ શ્રી નંદિતા જયંત છેડા ટ્રસ્ટ
૨૫૦૦ શ્રી પન્નાલાલ છેડા
૨૫૦૦ શ્રી મહેન્દ્રભાઈ વોરા
૨૫૦૦ શ્રી સુરેશભાઈ શાહ
૨૫૦૦ શ્રી શાંતિલાલ નાનચંદ કોઠારી
૨૫૦૦ શ્રી કાંતિલાલ ખૂબચંદ ભણસાલી
૨૫૦૦ શ્રી બિપિનભાઈ ઝવેરી.
૨૫૦૦ શ્રી ભગવાનદાસ ફતેહચંદ શાહ
૨૫૦૦ શ્રી ચંપકલાલ ચુનીલાલ ચોકસી તથા શ્રી હંસાબહેન ચોકસી
૨૫૦૦ શ્રી હંસાબહેન પી. ખીમાણી ચે. ટ્રસ્ટ
૨૫૦૦ શ્રી દેવરાજ નેણસી ટ્રસ્ટ
૨૫૦૦ શ્રી સુધાબહેન જગદીશભાઈ દોશી
૨૫૦૦ શ્રી રતનબહેન જેઠાલાલ માલદે
૨૫૦૦ શ્રી મધુસૂદનભાઈ એચ. શાહ
૨૫૦૦ શ્રી પી. ઝવેરચંદ
૨૫૦૦ શ્રી ગુણવંતીબહેન મહાસુખભાઈ દેવડાવાળા
૨૫૦૦ શ્રી સમર્પણ ટ્રસ્ટ
૨૫૦૦ શ્રી પ્રવીણચંદ કે. શાહ
૨૫૦૦ શ્રી ઈન્દુમતીબહેન કે. મુન્શફ
૨૫૦૦ ડૉ. ચંદ્રકાંત કે. પરીખ
૨૫૦૦ શ્રી મનુભાઈ એસ. શાહ
૨૫૦૦ શ્રી રમણિકલાલ પુરુષોત્તમદાસ
૨૫૦૦ શ્રી સહાનુભૂતિ ટ્રસ્ટ હ : શ્રી શાંતિભાઈ ઝાટકિયા
૨૫૦૦ શ્રી નરેન્દ્રભાઈ જી. શાહ
૨૫૦૦ શ્રી પારસ એન્જિનિયર્સ
૨૫૦૦ શ્રી શિરાજ લોખંડવાલા
૨૫૦૦ શ્રી પ્રાણલાલ ડુંગરશી
૨૫૦૦ શ્રી રમણલાલ નગીનદાસ
૨૫૦૦ શ્રી રમણલાલ પોપટલાલ શાહ
૨૫૦૦ શ્રી મોહનલાલ તારાચંદ તથા શ્રી મંછાબહેન મોહનલાલ પબ્લીક ટ્રસ્ટ
૨૫૦૦ શ્રી જયંતીલાલ શાહ
૨૫૦૦ શ્રી કમુબહેન ચિનુભાઈ શાહ
૨૫૦૦ શ્રી અનિલાબહેન શશિકાંત મહેતા
૨૫૦૦ શ્રી પન્નાલાલ અંબાલાલ કલકત્તાવાળા
૨૫૦૦ શ્રી સુંદર બિલ્ડર્સ

૨૫૦૦ શ્રી કાંતાબહેન સહયા
૨૫૦૦ શ્રી એસ. પટેલ
૨૫૦૦ શ્રી કૃષ્ણકાંત મફતલાલ પટેલ
૨૫૦૦ શ્રી મશિનરી ઈન્ટેક્ષ
૨૫૦૦ શ્રી વેલબાઈ રવજી ગાલાના સ્મરણાર્થે
૨૫૦૦ શ્રી મહેન્દ્ર વેલજી શાહ
૨૫૦૦ ડૉ. હસમુખલાલ ચીમનલાલ કુવાડિયા
૨૫૦૦ શ્રી સાકરચંદ માણેકલાલ શાહ ચે. ટ્રસ્ટ
૨૫૦૦ શ્રી એન. ડી. શેઠ
૨૫૦૦ શ્રી વિમળાબહેન કાંતિલાલ શાહ
૨૫૦૦ શ્રી અરુણાબહેન મૂળચંદ શાહ
૨૫૦૦ શ્રી પ્રભાવતી રસિકલાલ પરીખ
૨૫૦૦ શ્રી કુમુદબહેન રસિકલાલ ભણસાળી
૨૫૦૦ શ્રી સોમચંદ ઝવેરચંદ શાહ ફાઉન્ડેશન
૨૫૦૦ શ્રી ચંપાબહેન જયંતીલાલ શાહ
૨૫૦૧ શ્રી ગુણવંતીબહેન સંઘવી
૨૫૦૦ શ્રી રસિલા જયસુખલાલ પારેખ
૨૫૦૦ શ્રી મગનલાલ ડી. રેડીયા
૨૫૦૧ શ્રી ઈન્દિરાબહેન એચ. પરીખ.
૨૫૦૧ શ્રી હંસાબહેન પ્રદીપભાઈ ખીમાણી ચે. ટ્રસ્ટ
૨૫૦૧ શ્રી કેતન હેમાંગી
૨૫૦૦ શ્રી સવાઈ એ શેઠ એન્ડ ફેમિલિ
૨૫૦૦ શ્રી એક સદ્‌ગૃહસ્થ
૨૫૦૦ શ્રી કમળાબહેન રમણિકલાલ ધ્રુવ
૨૫૦૦ શ્રી લાલુભાઈ ઘુડાલાલ મહેતાની પુત્રીના સ્મરણાર્થે
૨૫૦૦ શ્રી છોટાલાલ નાનાલાલ શાહ
૨૫૦૦ શ્રી ગજેન્દ્ર કપાસી
૨૫૦૦ શ્રી કાંતિલાલ મોહનલાલના પરિવાર તરફથી
૨૫૦૦ શ્રી સુલોચનાબહેન એન. શાહ
૨૫૦૦ શ્રી વૈશાલી જયંત છેડા
૨૫૦૦ શ્રી રસિકા વી. શાહ
૨૫૦૦ શ્રી પોલિથીગ પ્રિન્ટિંગ એન્ડ સીલીંગ વર્ક્સ
૨૫૦૦ શ્રી વસંતલાલ કે. શાહ
૨૫૦૦ શ્રી જયંતીલાલ લલ્લુભાઈ પરીખ
૨૫૦૦ શ્રી મીરાંબહેન મહેતા.
૨૫૦૦ શ્રી મનસુખલાલ હરિલાલ દોશી
૨૫૦૦ શ્રી રેખાબહેન દોશી તથા દીપિકાબહેન દોશી
૨૫૦૦ શ્રી લાઠીયા રબ્બર મે. કું પ્રા. લિ.
૨૫૦૦ શ્રી શિવુભાઈ લાઠીયા પરિવાર તરફથી
૨૫૦૦ શ્રી મણિબહેન કે. ધ્રુવ
૨૫૦૦ ડૉ. રમિલાબહેન એ. સંઘવી
૨૫૦૦ શ્રી લાભુભાઈ વનેચંદ સંઘવી
૨૫૦૦ શ્રી વિજયભાઈ એ. દલાલ.
૨૫૦૦ માતુશ્રી કાશીબેન ચુનીલાલ આનંદપરા ચેરીટીબલ ટ્રસ્ટ
૨૫૦૦ શ્રી ઉષાબહેન એચ. શાહ
૨૫૦૦ શ્રી રીનાબહેન ઉપેન્દ્રભાઈ ગાંધી
૨૫૦૦ શ્રી જીજ્ઞાબહેન ઉપેન્દ્રભાઈ ગાંધી
૨૫૦૦ શ્રી ધીરજલાલ લક્ષ્મીચંદ અજમેરા
૨૫૦૦ શ્રી આરતીબહેન નિર્મળ શાહ
૨૫૦૦ શ્રી હેમાલી રમેશભાઈ મહેતા
૨૫૦૦ શ્રી સ્મિતાબહેન વૃજલાલ પરીખ
૨૫૦૦ શ્રી ઉર્વશીબહેન જવાહરલાલ ઝવેરી
૨૫૦૦ શ્રી ડાયા બ્રાઈટ
૨૫૦૦ શ્રી શારદાબહેન બાબુભાઈ શાહ
૨૫૦૦ શ્રી જે. એમ. શાહ
૨૫૦૦ શ્રી વિનોદભાઈ મણિલાલ મહેતા
૨૫૦૦ શ્રી રાજીવ નગીનદાસ શેઠ
૨૫૦૦ શ્રી ગુલાબચંદ ફૂલચંદ શાહ
૨૫૦૦ શ્રી પાંચાલાલ ભારમલ શાહ
૨૫૦૦ શ્રી પરેશભાઈ બાલુભાઈ ચોધરી
૨૫૦૦ સ્વ. તુલસીદાસ વિઠ્ઠલદાસ શાહ
૨૫૦૦ શ્રી રાજેન્દ્રભાઈ અંબાલાલ શાહ
૨૫૦૦ શ્રી રંજનબહેન હર્ષદભાઈ શાહ
૨૫૦૦ શ્રી દેવુભાઈ જેસંગભાઈ રાંભિયા
૨૫૦૦ શ્રી સી. યુ. મહેતા
૨૫૦૦ શ્રી દિવાળીબહેન કાંતિલાલ શેઠ
૨૫૦૦ સ્વ. તારાબહેન રમણલાલ પરીખ.
૨૫૦૦ શ્રી રમણલાલ ચંદુલાલ પરીખ
૨૫૦૦ શ્રી રસિલાબહેન મહેન્દ્રભાઈ ઝવેરી
૨૫૦૦ શ્રી કિશોર જમનાદાસ ચાડની
૨૫૦૦ શ્રી ચંદુલાલ એમ. ગાંધી.
૨૫૦૦ શ્રી કે. એડવીન એન્જિનરિંગ કું.
૨૫૦૦ શ્રી જયાબહેન ટી. વીરા
૨૫૦૦ શ્રી ભૂપેન્દ્ર હિંમતલાલ શાહ
૨૫૦૦ શ્રી રજનીકાંત ઠાકોરદાસ ઘડિયાળી
૨૫૦૦ શ્રી પુનમ એસ. શાહ
૨૫૦૦ શ્રી અતૂલ વી. શાહ
૨૫૦૦ શ્રી મહેન્દ્ર રસિકલાલ શાહ
૨૫૦૦ સ્વ. ચંપાબહેન હ: શ્રી દોઢીવાલાના સ્મરણાર્થે
૨૫૦૦ શ્રી એક બેન તરફથી
૨૫૦૦ શ્રી ચીમનલાલ મોહનલાલ ચે. ટ્રસ્ટ
૨૫૦૦ શ્રી મે. જય ફાર્મા
૨૫૦૦ શ્રી સી. કે. પરીખ
૨૫૦૦ શ્રી પાર્વતીબહેન હિરાલાલના સ્મરણાર્થે
૨૫૦૦ શ્રી મોના એન્ટરપ્રાઈઝ
૨૫૦૦ શ્રી નિર્મળાબહેન હરકિશનદાસ કાપડિયા
૨૫૦૦ શ્રી શશિકાંત બી. પત્રાવાલા
૨૫૦૦ શ્રી કલાબહેન સંઘવી
૨૫૦૦ શ્રી સરોજબહેન મહેતા
૨૫૦૦ શ્રી નિર્મળાબહેન ઈન્દ્રલાલ શેઠ
૨૫૦૦ શ્રી મહાવીર ઈલેક્ટ્રોનિક્સ
૨૫૦૦ શ્રી નરેશચંદ્ર મનસુખલાલ ચે. ટ્રસ્ટ
૨૫૦૦ શ્રી રસિલાબહેન જિતુભાઈ મહેતા
૨૫૦૦૦ શ્રી રમીલાબહેન નગીનદાસ વોરા
૨૫૦૦ શ્રી ઈન્દિરાબહેન કે. મોદી
૨૫૦૦ શ્રી જ્યોતિન્દ્ર વી. દોશી
૨૫૦૦ શ્રી દાદા ભગવાન વિતરાગ ટ્રસ્ટ
૨૫૦૦ શ્રી જયાબેન ચેરીટીઝ
૨૫૦૦ શ્રી એક્યુટર લેઈટ મીસીસ અનીએસ.. સરૈયા ઈસ્ટેટ
૨૫૦૦ શ્રી એ. આર. ગાંધી
૨૫૦૦ શ્રી નવનીતલાલ ધીરજલાલા ગાંધી
૨૫૦૦ શ્રી ઈન્ડિયન ફારમેક્ષ
૨૫૦૦ શ્રી નંદૂ ડ્રેસર્સ
૨૫૦૦ સ્વ. સુમતીબહેન બાબુભાઈ ચૌધરી
૨૫૦૦ શ્રી ચંપાબહેન જયંતીલાલ શાહ
૨૫૦૦ શ્રી સોમચંદ ઝવેરચંદ શાહ ફાઉન્ડેશન
૨૫૦૦ શ્રી મનુભાઈ રવચંદ શાહ
૨૫૦૦ શ્રી એક સદ્‌ગૃહસ્થ
૨૫૦૦ શ્રી ચંપકલાલ સી. ચોકસી.
૨૫૦૦ શ્રી ખાંતીલાલ લાલચંદ શાહ એન્ડ પરિવાર
૨૫૦૦ શ્રી મણિલાલ તલકચંદ શેઠ ફાઉન્ડેશન
૨૦૦૦ શ્રી સુશિલાબહેન કાંતિલાલ શેઠ
૧૫૦૦ શ્રી વી. પી. તુરખીયા
૧૦૦૦ શ્રી કે. પી. શાહ
૧૦૦૦ શ્રી કાંતિલાલ ઉગરચંદ પરીખ
૧૦૦૦ શ્રી નિરંજનભાઈ એસ. ભણસાળી
૧૦૦૧ શ્રી અમર જરીવાલા
૧૦૦૦ શ્રી ઈન્દુબહેન કે. ચોકસી
૧૦૦૧ શ્રી મહેન્દ્રભાઈ શાહ
૧૦૦૦ શ્રી મહેન્દ્રભાઈ પી. શાહ
૧૦૦૦ શ્રી સુરેખા એમ. શાહ
૧૦૦૦ શ્રી કમલ એમ. શાહ
૧૦૦૦ શ્રી નેહાલ એમ. શાહ
૧૦૦૦ શ્રી મીત્તલ એમ. શાહ
૧૦૦૦ શ્રી ઈન્દિરાબહેન રસિકલાલ મહેતા
૧૦૦૦ શ્રી કાંતિલાલ પુનમચંદ
૧૦૦૦ શ્રી મહેન્દ્ર મેઘજી સંઘોઈ
૧૦૦૧ શ્રી મહેન્દ્ર વસંતરાય શાહ
૧૦૦૦ શ્રી કપાસી પરિવાર
૧૦૦૦ શ્રી મોહનલાલ એમ. શાહ
૧૦૦૦ શ્રી તરલાબહેન કોઠારી
૧૦૦૦ શ્રી શાંતિલાલ ઉજમશીભાઈ શ્રોફ
૫૦૧ શ્રી ચંદ્રકુમાર ગણપતભાઈ ઝવેરી
૫૦૧ શ્રી દિનેશકુમાર રમણલાલ શાહ
૫૦૧ શ્રી ઉમેશ રમણલાલ શાહ
૫૦૧ શ્રી ધીરેન શાહ
૫૦૦ શ્રી માણેકલાલ મગનલાલ બગડિયા
૫૦૦ શ્રી જસવંતીબહેન માણેકલાલ
૫૦૦ શ્રી જયેશ માણેકલાલ
૫૦૦ શ્રી કવિતાબહેન જયેશ
૫૦૦ શ્રી કિરણબહેન એસ. ઝવેરી
૫૦૦ શ્રી નેહા ભૂપેન્દ્રભાઈ ગાંધી
૫૦૧ શ્રી શર્મિષ્ઠાબહેન પરીખ
૫૦૦ શ્રી ચંદ્રાબહેન હરસુખભાઈ શાહ
૫૦૧ શ્રી પ્રેમલ નરેન્દ્ર કાપડિયા
૫૦૧ શ્રી સેજલ પ્રેમલ કાપડિયા
૫૦૦ શ્રી વિમળાબહેન મફતલાલ શાહ
૩૦૦ શ્રી અનિતાબહેન શાહ
૨૫૧ શ્રી ભરતભાઈ જયંતીલાલ શાહ
૨૦૧ ડૉ. ભમગરા
૨૦૦ શ્રી બસંતલાલ નરસિંહપુરા
૨૦૦ શ્રી સુશિલાબહેન પટેલ
૧૦૧ શ્રી જયંતીલાલ ચુનીલાલ શાહ
૧૦૦ શ્રી પ્રતાપ બી. શાહ

૯૭૩૪૭૮ કુલ રકમ

(નોંધ : શ્રી જૈન યુવક સંઘને અન્ય હેતુ માટે મળેલી રકમોની યાદી હવે પછી પ્રગટ કરવામાં આવશે.)

# સાધર્મિક ભક્તિ

□ પ્રો. તારાબહેન ર. શાહ

પર્યુષણ પર્વ એ જૈન પર્વોમાં મુખ્ય અને મહત્ત્વનું પર્વ હોવાથી પર્વશિરોમણિ ગણાય છે. આ પર્વને અનુલક્ષીને શ્રાવકોએ આચરવા જેવાં જે કેટલાંક મહત્ત્વનાં કર્તવ્યો પૂર્વાચાર્યોએ બતાવ્યાં છે તેમાં સાધર્મિક ભક્તિ કે સાધર્મિક વાત્સલ્યનું સ્થાન મહત્ત્વનું છે. સાધર્મિક ભક્તિ એટલે સાધર્મિક પ્રત્યે બહુમાન. પરમાત્મા પ્રત્યેના ભક્તિ અને આદર પર તે આધારિત છે. પરમાત્મા પ્રત્યેની ભક્તિ જેટલી વધારે ઊંચી એટલી સાધર્મિકોની ભક્તિ વધારે દૃઢ અને ભાવપૂર્વકની હોય છે.

નવકાર મંત્રમાં પંચ પરમેષ્ઠિને એટલે કે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુના પદને આપણે નમસ્કાર કરીએ છીએ. 'નમોતિથસ્સ' માં આપણે તીર્થને નમસ્કાર કરીએ છીએ. તીર્થમાં ચતુર્વિધ સંઘ સમાઇ જાય છે. ચતુર્વિધ સંઘ એટલે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા. વિશાળ અર્થમાં જોઇએ તો આ ચારેની ભક્તિ એટલે સાધર્મિક ભક્તિ. પરંતુ શ્રાવક–શ્રાવિકાની ભક્તિના અર્થમાં તે વધુ પ્રચલિત છે. આવી ભક્તિ એ ધર્મની પ્રાપ્તિ માટેનો ઉત્તમ, સરળ અને સુલભ માર્ગ છે. ' સાધર્મિક' શબ્દના જુદા જુદા અર્થ કરવામાં આવે છે. સાધર્મિક એટલે સમાન ધર્મવાળી વ્યક્તિ. સાધર્મિક એટલે ધર્મમાં જે સહાય કરે તે. સાધર્મિક એટલે જે ધર્મસહિત છે તે. સાધર્મિક એટલે જે ધર્મ સમજે છે અને આચરે છે તે. આવી વ્યક્તિઓની ભક્તિ કરવી, તેમને સહાય કરવી તે સાધર્મિક ભક્તિ. આપણા પૂર્વાચાર્યોએ બહુ વિચારપૂર્વક આ શબ્દ પ્રયોજ્યો છે. જે ધર્મ સમજે છે અને આચરે છે પણ તેમને કંઇક સહાયની જરૂર રહે છે તેવા લોકોની ભક્તિ કરવી જોઇએ. ભક્તિ કરીને આપવાનું તો છે કોઇકને કોઇક પ્રકારનું દાન. પણ જ્યારે આપણે 'દાન' શબ્દ વાપરીએ ત્યારે પરિસ્થિતિનો કંઇક જુદી રીતે વિચાર થાય છે. દાનની પ્રવૃત્તિમાં એક આપનાર છે અને એક લેનાર છે. દાન આપનારનો હાથ ઉપર રહે છે અને દાન લેનારનો હાથ નીચે રહે છે. દાન દેનાર જો સાવધ ન રહે તો એનામાં કોઇવાર અહંકારનો, અભિમાનનો ભાવ આવે; વળી લેનાર પ્રત્યે તુચ્છકારના ભાવ આવે. બીજી બાજુ લેનારાનાં મનમાં લાચારીનો દીનતાનો ભાવ આવે. તેથી ભક્તિ શબ્દ મહત્ત્વનો છે. દેનાર ભક્તિના ભાવથી આપે તો તેનામાં ઉત્સાહ, ઉલ્લાસ અને નમ્રતા પ્રગટે. અને વિનય કેળવાય. નમ્રતા વિના ભક્તિ સંભવે નહિ. દાન દેતી વખતે દેનારનો હાથ ઉપર રહે અને લેનાર વ્યક્તિ પ્રત્યે મહેરબાની થઇ રહી છે તેવાં ભાવ પણ આવે. પરંતુ સાધર્મિક ભક્તિ કરતી વખતે દેનાર અને લેનાર બન્નેના હાથ જોડાયેલા એટલે કે નમસ્કારની મુદ્રામાં હોય છે. તેમાં નથી હોતો અહંકારનો ભાવ કે નથી હોતો પરોપકાર કરવાનો ભાવ. લેનારનાં પક્ષે નથી હોતો લઘુતાનો ભાવ. ત્યાં હોય છે. માત્ર કર્તવ્ય બજાવ્યાનો આનંદ અને સંતોષ, કારણ કે બન્ને એકબીજાને પોતાના સ્વજનો માને છે; ભગવાનના ભક્તો સમજે છે. આદર્શ સ્થિતિ તો એ છે કે સમાજમાં દરેક વ્યક્તિ અનેક પ્રકારે સુખી હોય. સંતોષી હોય. એમ હોય તો દ્રવ્યથી આવી સાધર્મિક ભક્તિ કરવાની જરૂર જ ન પડે. પરંતુ એવી પરિસ્થિતિનું નિર્માણ થવું તે અતિ મુશ્કેલ છે. જગતની ઘટમાળ એવી છે કે સમાજે અનેક પ્રકારનાં દાન કે ભક્તિ સતત કરવાંના રહે જ છે.

પૂર્વાચાર્યોએ દાન, શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારના આચારધર્મ પર બહુ ભાર મૂક્યો છે. ભક્તિભાવથી કરેલું દાન તે ઉત્તમ દાન છે. આચારધર્મમાં દાનને પહેલું સ્થાન છે. માણસ બીજું કંઇ ન કરી શકે, પણ દાન જરૂર કરી શકે. ભલે તે નાનું હોય. દાન કરે એટલે પોતાનું કંઇક ત્યાગે છે. ત્યાગથી શીલ પવિત્ર થાય છે. ત્યાગ કરે એટલે પોતાની માલિકી વસ્તુમાંથી કંઇક ઓછું કરે છે. એટલે ઓછો ભોગવટો થાય તો તપ થાય છે. ત્યાગથી ઉત્તમ પ્રકારનો ભાવ કેળવાય છે. આમ, સાધર્મિક ભક્તિથી દાન, શીલ, તપ અને ભાવ એ ચારે પ્રકારના આચારનું પાલન થાય છે.

'સાધર્મિક ભક્તિ'ની સાથે 'સાધર્મિક વાત્સલ્ય' અથવા 'સ્વામીવાત્સલ્ય' 'સાધર્મિક વત્સલતા ' શબ્દ પણ વપરાય છે. વાત્સલ્ય અથવા વત્સલતા એટલે વડીલોના પોતાનાં સંતાનો કે નાનેરાંઓ પ્રત્યેનો પ્રેમભાવ, વહાલનો ભાવ. જરૂરિયાતવાળી કોઇ પણ વ્યક્તિ પ્રત્યે તુચ્છકારના ભાવને બદલે વાત્સલ્યનો ભાવ દર્શાવવાથી સ્વાર્થ કે સંકુચિતતાનો દુર્ભાવ જતો રહે છે અને ઉદારતાનો અને કરુણાનો ભાવ પ્રગટે છે. એ દૃષ્ટિએ 'વાત્સલ્ય' શબ્દ પણ ઉચિત રીતે પ્રયોજાયો છે.

સાધર્મિક ભક્તિ દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારે કરી શકાય. અન્ન, વસ્ત્ર, આશ્રય, ઔષધ, શિક્ષણ માટેની જોગવાઇ વગેરે આપીને મદદ કરવી તે દ્રવ્યભક્તિ છે. કોઇ પણ જાતની આપત્તિમાં દ્રવ્યના, ચીજવસ્તુઓના માધ્યમ દ્વારા મદદ આપવી તે દ્રવ્યભક્તિ છ. ભાવથી પણ ભક્તિ કરી શકાય છે. બીજાની દ્રવ્યભક્તિની અનુમોદના કરી શકાય છે વળી દુઃખમાં કે આપત્તિમાં આશ્વાસન, મૂંઝવતા પ્રશ્નો ઉકેલવા માટે સાચી સલાહ, સારાં કામ માટે શાબાશી કે અનુમોદના કરવી, આનંદોદ્ગાર દ્વારા પ્રોત્સાહન આપવું, આબરૂનું રક્ષણ કરવું, કોઇની સુખાકારી માટે પ્રાર્થના કરવી, કોઇના ઉત્તમ ચારિત્ર્ય માટે સારો અભિપ્રાય આપવો, વડીલને વંદન કરવાં, તેમના પ્રત્યે વિનય દર્શાવવો વગેરે કાર્યો દ્વારા ભાવથી સાધર્મિક ભક્તિ કરી શકાય છે. સાધર્મિક ભક્તિ દ્રવ્યથી કરતી વખતે પણ તેમાં હૃદયનો શુભ ભાવ તો ભળવો જ જોઇએ.. પુણિયા શ્રાવક રૂની પુણી કાંતી પોતાની જરૂર પૂરતું રોજ કમાઇ લેતા. પણ જ્યારે સાધર્મિકને જમાડવાની તક મળે ત્યારે પોતે ઉત્તમ ભાવ સેવી ઉપવાસ કરી પોતાના ભાગનું અન્ન બીજાને ભાવપૂર્વક જમાડીને ભક્તિ કરતા. તેથી શાસ્ત્રકારોએ તેમની સાધર્મિક ભક્તિની ખૂબ પ્રશંસા કરી છે.

આ ભાવને ધ્યાનમાં રાખીને જ શાસ્ત્રકારોએ કહ્યું છે કે સાધર્મિકોની ભક્તિ તેમને આદર સન્માન આપીને અંતરના ખૂબ ઉલ્લાસ સાથે કરવી જોઇએ. ભક્તિ કરતી વખતે કેટલું આપીએ છીએ તેનું મહત્ત્વ તો છે જ, પરંતુ કેવા ભાવથી આપીએ છીએ તેનું વિશેષ મહત્ત્વ છે. પોતાની નિર્ધનાવસ્થા હોય છતાં આપેલું નાનું દાન અથવા શુભભાવથી કરેલી સાધર્મિકભક્તિ મહાન ફળ આપનારી નીવડે છે.

સાધિર્મિક ભક્તિ કરનાર અને જેની કરવામાં આવી છે તે વ્યક્તિ એમ બન્ને પક્ષે અનેક લાભ થાય છે. જેની ભક્તિ કરવામાં આવે છે તેની આધિ, વ્યાધિ અને ઉપાધિ હળવી થાય છે. મુખ્ય લાભ તો એ છે કે દાન દેનારની ઉદારતા અને વત્સલતા જોઇને લેનારની ધર્મમાં અને સત્કાર્યમાં શ્રદ્ધા જન્મે છે. એને અનેક સંકટો વચ્ચે જીવન જીવવાનું બળ મળે છે. પરમાત્માની ભક્તિ તરફ તે વળે છે, અભિમુખ થાય છે. આવી ભક્તિથી ધર્મપાલનમાં જો શિથિલતા હોય તો તે દૂર થઇ જાય છે. પોતાના ભાવને સ્થિર થવામાં ભક્તિ મદદરૂપ થાય છે. કોઇ વાર કોઇ સંયમશીલ અને સુપાત્ર આત્માની ભક્તિ કરી હોય તો તેની પુરુષાર્થની ભાવના વધારે દૃઢ થાય છે. યુવાન વયે બ્રહ્મચર્ય વ્રત ધારણ કરનાર પેથડ મંત્રીને બ્રહ્મચર્યના વ્રતધારી કોઇ એક શ્રાવકે શાલ ભેટ આપી તેમનું બહુમાન કર્યું હતું. પેથડ મંત્રી રોજ એ શાલનાં દર્શન કરતાં અને ભાવના ભાવતા કે પોતે લીધેલા બ્રહ્મચર્યવ્રતના પાલનમાં પોતાની ભાવના પણ દૃઢ રહે. આ દૃષ્ટાંત પરથી એમ પણ સમજી શકાય કે ભક્તિ કરનારે પોતાના ચારિત્ર્યને બને તેટલું ઉજજવળ રાખવા પ્રયત્ન કરવો. જેથી તેણે કરેલી ભક્તિની ઉમદા અસર અનેક જણ ઝીલી શકે.

સાધર્મિક ભક્તિનું મોટું ફળ મનુષ્ય જન્મની સફળતા છે. માનવજીવનની વિશેષતા એ છે કે તેમાં તે મન, વચન અને કાયાથી ભક્તિ કરી શકાય છે. સાધર્મિક ભક્તિથી ત્યાગ, પ્રેમ, કરુણા, ઉદારતા, ક્ષમા વગેરે અનેક પ્રકારના સદ્ગુણો ખીલે છે. પરિણામે ભક્તિ કરનારનું ચારિત્ર્યઘડતર થાય છે. માનવકલ્યાણનાં શુભ કાર્યો કરવા માટે, જરૂર પડે સહન કરવાની, જોખમો ખેડવાની શક્તિ તેનામાં પ્રગટ થાય છે. સાધર્મિક ભક્તિથી સાચી, સારી સમજણ શક્તિ ખીલે છે; સમકિત નિર્મળ થાય છે.

એક વાર ભક્તિનો ભાવ હૃદયમાં દૃઢ થયો તો ભક્તિ કરવી અઘરી નથી લાગતી. સાધર્મિક ભક્તિ જો સમજપૂર્વક, યોજનાપૂર્વક, દીર્ઘદૃષ્ટિથી અને ઉદારતાથી કરવામાં આવે તો એના લાભ અનેક છે. તેનાથી સમાજમાં કેટલેક અંશે દરિદ્રતા ઓછી થાય, માનસિક દુઃખો ઘટે, ભક્તિ કરનારને પરિગ્રહ પરિમાણ એટલે કે મર્યાદિત પરિગ્રહ રાખવાના ભાવ થાય, અભિમાન

ઓગળે અને ઉદારતા વધે. ગાંધીજીની ટ્રસ્ટીશીપની ભાવના સાધર્મિક ભક્તિથી ચરિતાર્થ થાય છે, સમાજમાં આર્થિક અસમાનતા ઓછી થાય છે. સમાજમાં સંપ, સહકાર, ભાતૃભાવ વધે છે અને શાંતિ સ્થપાય છે.

જૈન ધર્મ અહિંસાની ભાવનાને વરેલો છે. સાધર્મિક ભક્તિ કરુણા અને અહિંસાના ભાવ પર આધારિત છે. આ ભાવનાના પ્રેરક અનેક દૃષ્ટાંતો મળે છે. જૈનશાસનના જ્યોતિર્ધર હેમચંદ્રાચાર્ય એક વાર એક ગરીબ શ્રાવકના ઘરે વહોરવા પધાર્યા હતા. ત્યાં શ્રાવકની ગરીબી જોઇને એમને ખૂબ દુઃખ થયું. તેમણે રાજા કુમારપાળને ક્હ્યું કે તમે અહિંસાને પોષક એવી 'અમારિઘોષણા' તો કરાવી છે, પરંતુ એટલાથી અહિંસા ધર્મનું પરિપૂર્ણ પાલન થાય નહિ. કોઇને મારવું નહિ એટલું બસ નથી, પરંતુ કોઇને જીવાડવું અથવા તો જીવવા માટે મદદ કરવી એમાં અહિંસાની ભાવનાનું પરિપૂર્ણ પાલન થાય છે. રાજા કુમારપાળે પોતા ગુરુવર્ય શ્રી હેમચન્દ્રાચાર્યના વચનોનો તરત અમલ કર્યો. માણસ જો પોતાની સંપત્તિ ઓછી કરે તો બીજાને તે મદદ કરી શકે. તેથી કુમારપાળ મહારાજાએ પરિગ્રહ પરિમાણ વ્રત ધારણ કર્યું. રાજ્ય ભંડાર ગરીબો માટે ખુલ્લો મૂક્યો. પોતાના રાજ્યમાં કોઇ ભૂખ્યું ન રહે. દરેકને જરૂરિયાત પૂરતું મળી રહે તેવો પ્રબંધ કર્યો..

કુમારપાળ મહારાજાનો બીજો પણ એક પ્રસંગ નોંધાયેલો છે. એક વાર હેમચંદ્રાચાર્યને એક શ્રાવકે ખરબચડું અને જાડું વસ્ત્ર વહોરાવ્યું. રાજા કુમારળપાળને તે જોઇને શરમ આવી. પોતાના ગુરુ મહારાજ આવું વસ્ત્ર પહેરે ? તપાસ કરતાં ખબર પડી કે વસ્ત્ર વહોરાવનાર વ્યક્તિ અત્યંત ગરીબ છે. પોતાનો સાધર્મિક ભાઇ આવો ગરીબ કેમ રહે ? એટલા માટે કુમારપાળે પોતે જીવ્યા ત્યાં સુધી દરેક વર્ષે એક કરોડ સોનામહોર સાધર્મિક ભક્તિ માટે વાપરી, હતી.

સાધર્મિક ભક્તિનો મહિમા સમાજની દરેક વ્યક્તિ હૃદયપૂર્વક, સૂક્ષ્મ રીતે સમજે એ જરૂરી છે. તે માટે એક સુંદર દૃષ્ટાન્ત છે. એક નગરમાં એક શ્રીમંત શેઠે ઉપાશ્રયમાં સામાયિક માટે બેસતાં પહેલાં પોતાનો કોટ પાઘડી અને સોનાનો હાર ખીટીએ ટીંગાડયાં. થોડી વાર પછી એક ગરીબ શ્રાવક ત્યાં આવ્યો. વિષમ આર્થિક પરિસ્થિતિથી તે ખુબ મૂંઝાઇ ગયો હતો. તેણે સોનાનો હાર ખીટીએ લટકતો જોયો. ચોરીને તે ઘરે લઇ ગયો. શ્રાવક સ્વભાવે સજ્જન હતો. તેથી ઘરે ગયા પછી તેને ખૂબ પશ્ચાત્તાપ થયો. તેની પત્ની સમજુ અને શાણી હતી. તેને શેઠની ઉદારતામાં વિશ્વાસ હતો. તેણે પોતાના પતિને હારના માલીક શેઠને ત્યાં જ હાર ગીરવે મૂકી પૈસા લેવા મોકલ્યો. શેઠે પોતાના હારને ઓળખ્યો. શ્રાવકની દયનીય સ્થિતિનો ખ્યાલ કરી, હાર ગીરવે લઇ તેને નાણાં ધીર્યા. સદ્‌ભાગ્યે એ નાણાંથી શ્રાવક સારું કમાયો. અહીં નાણાં આપનાર અને લેનાર બન્નેના ભાવ ઉત્તમ હતા. દેણું ભરવા જેટલાં નાણા મળતાં જ શ્રાવક શેઠને તે રકમ આપવા ગયો. શેઠે પોતાને ત્યાં ગીરવે મૂકેલો હાર તેને પાછો આપવા માંડયો ત્યારે શ્રાવકે આખમાં આંસુ સાથે કહ્યું, ' શેઠ વિપરીત સંજોગોને કારણે મેં તમારો હાર ચોર્યો હતો. એ હાર તમારો જ છે. માટે તમે જ રાખો. '

શેઠે જવાબ આપ્યો, 'ભાઇ, એ વખતે હું સામાયિકમાં હતો. હું સાધુસમાન વ્રત વાળો હતો. મેં હાર ઉતારીને ખીટીએ મૂક્યો હતો. એ વખતે હાર પરની માલીકી મારી નહોતી. તેથી આ હાર તમે જ લઇ જાઓ. " બન્ને વચ્ચે મીઠી રકઝક ચાલી. અંતે એ હારને ધર્મના કામમાં વાપરવાનું બન્ને એ નક્કી કર્યું. એ દિવસોમાં ઉપાશ્રયમાં સાધુ ભગવંત બિરાજમાન હતા. ઉપાશ્રયમાં રાજા પણ પધારેલા. એ સમયે શેઠે અને શ્રાવકે પોતાની ભૂલનું પ્રાયશ્ચિત આપવા ગુરુમહારાજને વિનતી કરી, બનેલા બનાવની ચર્ચા થઇ. દરેકે પોતાના જીવનનું અવલોકન કરી પોતપોતાની ત્રૂટી શોધી કાઢી. હારના માલિક શેઠે કહ્યું કે મેં મારા સાધર્મિક ભાઇને સીધી મદદ ન કરી તેથી તેને ચોરી કરવાનો વખત આવ્યો. સાધુ મહારાજે કહ્યું, 'મેં' ઉપદેશ આપતાં સાધર્મિક ભક્તિની પ્રેરણા આપી હોત તો આ પરિસ્થિતિ ન સર્જાત' રાજાએ કહ્યું, ' મેં મારા રાજ્યની પ્રજાની પૂરી દેખભાળ ન કરી માટે ચોરીનો પ્રસંગ ઉપસ્થિતિ થયો.' આમ, દરેકે પોતાની ફરજનો વિચાર કર્યો. દરેક જાણ જો આમ સ્વની સાથે પરકલ્યાણનો વિચાર કરે તો સમાજમાં ભૌતિક અને **આધ્યાત્મિક દુઃખ ઓછું કરવામાં તે સહાયભૂત થઇ શકે.**

સાધર્મિક ભક્તિ માટે શેઠ જગડુશાનું નામ બહુ જાણીતું છે. ભક્તિ કરનારે નમ્ર રહેવું જોઇએ, લેનારની આબરુ સચવાય અને તેને જરૂરિયાત પ્રમાણે મદદ મળે એનો મહિમા સમજાવતો શેઠ જગડુશાનો સુંદર પ્રસંગ છે. ભયંકર દુષ્કાળની સ્થિતિમાં જગડુશાએ પોતે એકલાએ ત્રણ વર્ષ સુધી દાનશાળા ચલાવી હતી. પરિસ્થિતિ એટલી કપરી હતી કે ભલભલા આબરૂદારને પણ દાન લેવા આવવું પડે.. કેટલીક વાર જગડુશા પોતે દાન આપવા બેસતા. લેનારની આબરૂ સચવાય, તેને સંકોચ ન થાય તે માટે જગડુશા દાન આપતી વખતે વચ્ચે પડદો નાંખતા. પડદાની બીજી બાજુથી લેનારનો ફક્ત હાથ અંદર આવે અને દાન લઇ લે. દાનની આવી અનોખી રીત જાણી તે જાતે જોવા માટે રાજા વિશળદેવ પોતે વેશપરિર્વતન કરી દાન લેવા આવ્યા. તેમણે પડદામાંથી હાથ લાંબો કર્યો. જગડુશા તે હાથની રેખા જોઇ ચમક્યા. આ તો કોઇ રાજવીનો હાથ લાગે છે. રાજાને તો વધારે જરૂર હોય. તેથી કંઇક વધારે આપવું જોઇએ. પાત્ર પ્રમાણે વસ્તુ અપાય. જગડુશાએ તરત પોતાની પાસેનું એક મૂલ્યવાન રત્ન એ હાથમાં મૂકી દીધું. રત્ન જોઇ રાજાને નવાઇ લાગી. તેમણે પડદાની પાછળથી જ પૂછ્યું. આપે મને આ રત્ન શા માટે આપ્યું ? જગડુશાએ નમ્રતાપૂર્વક કહ્યું, ' લેનારાના ભાગ્ય પ્રમાણે, એમની પાત્રતા પ્રમાણે અને જરૂરિયાત પ્રમાણે મેં આપ્યું છે. રાજા વિશળ દેવ આ ઉતર સાંભળી પોતાના પ્રજાજન શેઠ જગડુશાની ઉદારતા, ભક્તિ, સમજ અને દૃષ્ટિ જોઇને આનંદ અને આશ્ચર્ય પામ્યા. તરત પોતે પડદા પાછળથી પ્રગટ થઇ જગડુશા માટે અહોભાવ વ્યક્ત કર્યો. પોતાના રાજ્યમાં આવું નરરત્ન છે તેનું તેમણે ગૌરવ અનુભવ્યું.

દરિદ્રતાના અનર્થો ઘણા હોય છે, જે ઠેર ઠેર જોવા મળે છે. આ અનર્થોમાંથી ઉગરવાનો મહત્ત્વનો એક માર્ગ છે ઉદારતાપૂર્વકની સાધર્મિકભક્તિ. આ ભક્તિ એટલે માત્ર થોડા વખત માટે ચાલે તેવી આર્થિક સહાય નહિ, પરંતુ સાધર્મિક ભાઇબહેન સ્વાવલંબી બની શકે, જાત મહેનતથી જરૂર જેટલું કમાઇ શકે, જીવનભર સ્વમાનથી અને સંતોષથી જીવી શકે તેવી આયોજનપૂર્વકની સહાય વધુ સારું ફળ આપી શકે. સહાય લેનારની પણ ફરજ કે કર્તવ્ય રહે છે કે તેણે સહાય આપનારનું કલ્યાણ ઇચ્છવું, પોતાનાથી બની શકે તેટલી બીજાને મદદ કરવી મહત્ત્વનું તો એ છે કે તેઓએ એવો પુરુષાર્થ કરવો કે ફરી સહાય લેવાનો પોતાને વખત જ ન આવે.

સાધર્મિક ભક્તિ એટલે ગરીબોને મદદ કરવી એટલો સંકુચિત અર્થ કરવાની જરૂર નથી. ગરીબોને મદદ કરવી એ તો જરૂરી છે જ. પરંતુ રાજ્યસત્તા સારી હોય, સમાજવ્યવસ્થા સુદૃઢ હોય, આર્થિક આયોજન સદ્ધર હોય, પ્રજા જાગ્રત, મહેનતુ અને ઉદાર હોય તો લોકોને આર્થિક મુશ્કેલીઓ રહે નહિ. તમામ નાગરિકો અન્ન, વસ્ત્ર, આવાસ, શિક્ષણ, ઔષધોપચાર વગેરેની બાબતમાં સ્વાવલંબી બની શકે. તેવે વખતે દ્રવ્યના પ્રકારની સાધર્મિક ભક્તિનો અવકાશ ઓછો રહે, તો પણ માનસિક મુશ્કેલીઓમાં બીજાને સહાયરૂપ બનવા માટેની તગથા સત્કાર્યોની અનુમોદનના કરવાના પ્રકારની ભાવથી સાધર્મિક ભક્તિ કરવાનો અવકાશ તો હંમેશાં રહેવાનો જ. એટલે જ ભગવાન મહાવીરે અને આપણા પૂર્વાચાર્યોએ સાધર્મિક ભક્તિને શ્રાવકાચારનું એક અનિવાર્ય અંગ તરીકે ગણાવ્યું છે. □□□

## શ્રીમતી તારાબહેન ચંદુલાલ ઝવેરી તરફથી નેત્રયજ્ઞ માટે મળેલ રૂપિયા એક લાખ એકાવન હજારનું દાન

અમને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે **શ્રીમતી તારાબહેન ચંદુલાલ ઝવેરી ચેરિટેબલ ટ્રસ્ટ** તરફથી **સ્વ. શ્રી ચંદુલાલ મોહનલાલ ઝવેરીના** સ્મરણાર્થે પ્રતિવર્ષ નેત્રયજ્ઞનું આયોજન કરવા માટે શ્રી મુંબઇ જૈન યુવક સંઘને રૂા. ૧,૫૧૦૦૦/- નું દાન મળ્યું છે. આ રકમ કાયમી ફંડ તરીકે રાખી તેના વ્યાજમાંથી પ્રતિવર્ષ નેત્રયજ્ઞનું આયોજન સંઘના ઉપક્રમે કરવામાં આવશે.

દાનની આ માતબર રકમ સંઘને આપવા માટે અમે **શ્રી તારાબહેન ચંદુલાલ ઝવેરીના** અને એમના ટ્રસ્ટના ટ્રસ્ટીઓના અત્યંત આભારી છીએ.

□ મંત્રીઓ

## મોહનલાલ દલીચંદ દેશાઈનું વ્યક્તિત્વ
(પૃષ્ઠ - ૧૬ થી ચાલુ)

કરવાનું એ કદી ચૂકતા નથી. પોતાની જાતને સુધારવા એ સદા તત્પર દેખાય છે. પંડિત સુખલાલજી વગેરે જેવા પોતે મૌલિક લેખક નથી એવું એ નિખાલસતાથી સ્વીકારે છે ને નિત્શે પોતે વાંચવો શરૂ કરેલો પણ જીરવવાની અશક્તિ જણાતાં છોડી દેવો પડ્યો એવી પણ કબૂલાત કરે છે.

'જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ હેરલ્ડ' નું તંત્રીપદ સંભાળતી વખતે મોહનભાઇ પોતાની મર્યાદા કેવા સાચા દિલથી વર્ણવે છે !

વિચારોની શ્રેણી હૃદય મુજ ના ગોઠવી શકે !
ન જાણું શી રીતે મુજ હૃદય ખુલ્લું થઇ શકે ?
છતાંયે આવે જે મગજમાં હિ તે કહી દઉં
ભલા ભાવો સાથે, તમ જિગરનો આદર ચહું.

પોતાના ગ્રંથોના નિવેદનોને અંતે પોતાના નામની સાથે મોહનભાઇએ જે શબ્દો જોડ્યા છે તે તો એમની અપાર નમ્રતાનું આપણને દર્શન કરાવે છે. જેમ કે : શાસનપ્રેમી (નયકર્ણિકા), જિનનચરણોપાસક, વીતરાગચરણરજ (જિન દેવદર્શન), પ્રથમ રસપિપાસુ (સામાયિક સૂત્ર), સંતસેવક (સ્વામી વિવેકાનંદના પત્રો, જૈન ઐતિહાસિક રાસમાળા), સંતચરણો પાસક (આત્માનંદ જન્મ શતાબ્દી સ્મારક ગ્રંથ), સંઘનો સદાનો સેવક (જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ હેરલ્ડ, જાન્યુ. ફેબ્રુ. ૧૯૧૯) વગેરે.

### ☐ નિઃસ્પૃહ સેવાનો સંકલ્પ :

આ શબ્દો આપણને મોહનભાઇના ઉત્કટ સેવકભાવની પણ પ્રતીતિ કરાવે છે. એ સેવકભાવે જેમ કીર્તિ કે કદરની અપેક્ષા રાખી નથી, તેમ પોતાનાં **કાર્યોના આર્થિક વળતરની પણ અપેક્ષા રાખી નથી.** 'સ્વામી વિવેકાનંદના પત્રો' નું ભાષાંતર સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલયને મોહનભાઇએ કંઇ પણ બદલો લીધા વિના કરી આપેલું. 'જિનદેવદર્શન' જેવાં કેટલાંક પુસ્તકો પોતે પ્રગટ કરેલાં ત્યારે એમાંથી કશા આર્થિક લાભની ગણતરી રાખી ન હતી. 'જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ હેરલ્ડ' અને 'જૈનયુગ' એ સામયિકોનું સંપાદન કર્યું તે સંસ્થા પર એક કારકુનનો બોજોયે પડવા દીધા વિના, પ્રૂફરીડીંગ વગેરે સઘળાં કામો જાતે જ કરી લઇને. 'જૈન ગૂર્જર કવિઓ' જેવા ભગીરથ કામો પણ કેવળ પ્રીતિપરિશ્રમ જ હતાં. ઊલટું આ કામમાં અનેક સ્થળોની મુલાકાત વગેરે નિમિત્તોથી મોહનભાઇને પોતાને ઘણું ખર્ચ વેઠવું પડયું હતું. મોહનભાઇ સંકલ્પપૂર્વક આ કામોમાંથી બદલો લેવાથી અળગા રહ્યા જણાય છે કેમ કે જ્યાં સહેલાઇથી બદલો મળી શકે તેમ હતો ત્યાં પણ એમણે લીધો નથી અને એમની છેલ્લી ઇચ્છા પણ વકીલાતમાંથી નિવૃત્તિ લઇને, કશો બદલો લીધા વિના જ, સાહિત્યની સેવા કરવાની હતી. જીવનનિર્વાહ માટે તો વકીલાત જ, વિદ્યાકાર્યો કે જાહેર સેવામાંથી પૈસોયે લેવાનો નહીં એ મોહનભાઇનો સંકલ્પ એક અસાધારણ ઘટના છે. એ આપણને પ્રભાવિત કરે છે અને મોહનભાઇમાં એક પ્રકારના સાધુજીવનની જાણે ઝાંખી કરાવે છે.

મોહનભાઇની આ ભાવનાનો વિચાર કરતાં આપણને પણ પરમાનંદ કાપડિયાની જેમ એમ માનવાનું મન થાય કે મોહનભાઇને માનપત્ર અને થેલી પણ અર્પાયાં રહી ગયાં એ એમની ભાવનાને અનુસરતું જ થયું.

### ☐ નર્યો વિદ્યાપ્રેમ :

મોહનભાઇમાં નર્યો વિદ્યાપ્રેમ હતો. કોઇની પણ દ્વારા વિદ્યાનું કામ થતું હોય તો આનંદ અનુભવે અને પોતાનાથી શક્ય તે મદદ કરી છૂટે. મુનિ જિનવિજયજીની ગુજરાત પુરાતત્ત્વ મંદિરની, સિંધી સિરીઝની કે ભારતીય વિદ્યાભવનની વિદ્યાપ્રવૃત્તિઓ ચાલે અને એનો ઉત્સાહ અનુભવે મોહનભાઇ, બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં જૈન ચેર સ્થાપવા માટે મોહનભાઇ કોન્ફરન્સને પ્રેરે અને પંડિત સુખલાલજી એ ચેર પર બનારસ જાય એમાં એ ભાગ ભજવે. ઘણા પ્રકાશકો, લેખકો મોહનભાઇની મદદ લેતા – રણજિતરામ અને મુનશીને મોહનભાઇએ માહિતી, સંદર્ભો પૂરા પાડ્યા છે – મોહનભાઇ કામનો વધારે બોજો ઉઠાવીને પણ એવી મદદ કરવાનું સ્વીકારતા, જો કે એની કૃતજ્ઞતાપૂર્વક નોંધ ભાગ્યે જ લેવાઇ છે. સામે પક્ષે મોહનભાઇ પોતે, પોતાને કોઇની મદદ મળી હોય તો એની કૃતજ્ઞતાપૂર્વક નોંધ લીધા વિના ન રહે. મોહનભાઇના ગ્રંથોના નિવેદનોમાં એમને મદદ આપનારાઓનાં જે નામો આવે છે તેની યાદી કરીએ તો ઘણી મોટી થાય.

મોહનભાઇનો વિદ્યાપ્રેમ વિદ્યાપ્રવૃત્તિઓમાં આર્થિક મદદ કરવા સુધી પહોંચતો. સુખલાલજી કશા કામનો વિચાર કરે ત્યારે એમના વારવા છતાં મોહનભાઇ, કામ પોતાને ગમે છે માટે રૂપિયા પાંચસો આપવા તૈયાર થઇ જાય, દરબારીલાલને સાહિત્ય પ્રકાશન માટે મુશ્કેલી છે એમ જાણતાં વગર માગ્યે પૈસા મોકલાવે, પરદેશ ભણવા જતા વિદ્યાર્થીને આર્થિક મદદ પૂરી પાડે. મોહનભાઇનો આ નર્યો વિદ્યાપ્રેમ સૌને સ્પર્શી જાય એવો હતો.

### ☐ ગુણાનુરાગ :

મોહનભાઇની પ્રકૃતિ ગુણાનુરાગી હતી. કોઇ પણ વ્યક્તિમાં જે કંઇ સારું જુએ એના એ ચાહક બની જતા. એમાં ઉંમર, નાતજાત, સંપ્રદાય કશું આડે ન આવે. જિનવિજયજી સાધુવેશ છોડે તેથી મોહનભાઇના એમના વિશેના આદરમાં કશો ફરક ન પડે. વાડીલાલ મોતીલાલ શાહ સામે જૈન સમાજમાં ઘણો વિરોધ, પણ મોહનભાઇને એમના જે ગુણો જણાય એની કદર કરવામાં એ પાછા ન પડે. આ કારણે મોહનભાઇ વિવિધ પ્રકારના લોકો સાથે સ્નેહસંબંધ નભાવી શકતા હતા અને એમના સ્નેહસંબંધો વિશાળ હતા.

### ☐ સત્યપ્રિયતા અને સ્પષ્ટ વક્તૃત્વ :

પણ મોહનભાઇમાં અંધ ગુણાનુરાગ ન હતો. સત્યપ્રિયતા અને સ્પષ્ટવક્તૃત્વનો ભોગે એ ગુણાનુરાગી ન હતા. મિત્ર સાથે મતભેદ હોય તો એ પ્રગટ કર્યા વિના ન રહેતા અને મિત્રનીયે ટીકા કરવાની થતી હોય તો એ કરી શકતા. કેસરિયાજી તીર્થના ઝઘડા વિશેના મોતીચંદ કાપડિયાના અહેવાલમાં દિગંબર મુનિ માટે એકવચન વપરાયું હતું તે પોતાને અનુચિત લાગે છે એમ એ નોંધ્યા વિના રહી શકતા નથી. વાડીલાલનાં લખાણોમાં ટુંકારા જોવાં મળે છે તેની ટીકા કરે છે અને એમના વૈમનસ્ય વધારે એવાં લખાણો **માટે અપ્રસન્નતા વ્યક્ત કરે છે.** (આ જ કારણે, પહેલાં જે વાડીલાલના અનન્ય ભક્ત હતા તે મોહનભાઇ પછીથી એમના વિશે તટસ્થ થઇ ગયેલા.) મુનશીની સાહિત્યસંસદના મોહનભાઇ એક સભ્ય હતા, પણ 'પાટણની પ્રભુતા' અને 'ગુજરાતનો નાથ' નાં કેટલાંક નિરૂપણોનો વિરોધ કરવાનું એ કર્તવ્ય સમજે છે. મનુશીને જૈન પરંપરાનું જે અજ્ઞાન છે તે જોતાં 'જૈન સાધુ વિશે લખવા માટે તમે યોગ્ય તો ન જ ગણાવ' એમ સ્પષ્ટ રીતે જણાવી શકે છે. 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' માં કેશવલાલ કામદારની પ્રસ્તાવના મૂકી પણ એ પ્રસ્તાવનાના " બધા વિચારો સાથે હું સંમત નથી " એમ નોંધ્યા વિના મોહનભાઇ રહી શકતા નથી.

મોહનભાઇનાં સત્યપ્રિયતા અને સ્પષ્ટવક્તૃત્વ અનેક સંસ્થાઓનાં કાર્યવાહક મંડળમાં તેઓ હતા તેની ચર્ચાઓમાં વ્યક્ત થયા વિના રહેતાં નહીં. પોતાના વિચાર અત્યંત સ્પષ્ટ અને નિશ્ચિત હોય ત્યારે એ ઉત્તેજિત પણ થઇ જતા. પણ એમના મનમાં કોઇ દંશ ન હતો તેથી પોતાના વિરોધી સાથે તરત જ મળી જવામાં એમને કોઇ મુશ્કેલી ન પડતી. એ ખેલદિલ – સાફદિલ આદમી હતા. આથી જ પરમાનંદ કાપડિયા એમ લખી શકે છે કે " ભિન્ન ભિન્ન સંસ્થાઓની કાર્યવાહીમાં તેમની બાજુએ બેસીને કે સામા બેસીને કામ કરવું, સહમતી અનુભવી કે વિચારોની અથડામણમાં આવવું... આ જીવનનો એક લહાવો હતો. "

### ☐ મહત્વકાંક્ષા વગરના માણસ :

મોટાં સાહિત્યિક કાર્યો માથે લેનારા અને જાહેરજીવન સાથે આટલાબધા સંકળાયેલા છતાં મોહનભાઇ મહત્વાકાંક્ષા વગરના માણસ હતા ! જે કંઇ કર્તવ્ય બજાવવાનું આવ્યું – અગ્રણી બનીને કે અનુયાયી બનીને – તે એમણે ધર્મભાવથી, એકમાત્ર સેવાની લગનીથી એમણે બજાવ્યું. મોહનભાઇનું જીવન એ જાણે એક અર્પિત જીવન હતું.

### ☐ વિનોદવૃત્તિ :

એટલે જ મોહનભાઇ મનથી અત્યંત હળવા રહી શકતા. વિનોદ કરે અને મિત્રો વિનોદ કરે એ પ્રેમથી સહી લે. ક્યારેક પોતે પોતાની જાતનોયે વિનોદ કરે. મુક્ત ખડખડાટ હાસ્ય એ એમના સ્વભાવનું એક લક્ષણ હતું.

ઉત્કટ વિદ્યાપ્રેમ અને નિઃસ્વાર્થ સેવાની લગની, કપરી કર્મઠતા અને નરી નિઃસ્પૃહતા, ગુણાનુરાગિતા અને સ્પષ્ટવક્તૃત્વ, સત્યનિષ્ઠા અને સરલતા, માનવપ્રેમ અને સહાયવૃત્તિ, તથા સાદાઇ ભર્યા નીતિનિષ્ઠ જીવનનો આદર્શ મોહનભાઇના વ્યક્તિત્વની આ છબી આપણા ઊંડા આદરને પાત્ર નથી લાગતી ? ☐☐☐

# મોહનલાલ દલીચંદ દેશાઈનું વ્યક્તિત્વ

□ જયંત કોઠારી

મોહનલાલ દલીચંદ દેશાઈ એટલે જૈન સમાજના એક અગ્રણી કાર્યકર્તા, " જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ હેરલ્ડ" તથા " જૈનયુગ" ના તંત્રી, ' જૈન ગૂર્જર કવિઓ' તથા 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ' એ આકર ગ્રંથોના નિર્માતા અને જૈન સાહિત્ય – ઈતિહાસના અત્યંત પુરુષાર્થી સંશોધક. એમનું વિદ્વત્કાર્ય આપણામાં આદર જગાવે છે એટલું જ એમનું માનવ–વ્યક્તિત્વ પણ પૂજ્યભાવ પ્રેરે એવું છે. એ માનવવ્યક્તિત્વની ઓળખ કરવા જેવી છે.

**□ દેખાવ :**

મોહનભાઈનું બાહ્ય વ્યક્તિત્વ આકર્ષક હતું – ઊંચી કદાવર દેહયષ્ટિ, ગૌરવર્ણની કાંતિ, સોહામણી મુખમુદ્રા, સ્નેહભરી ને આવકાર આપતી આંખો બહુધા માથે કાઠિયાવાડી પાઘડી પહેરતા. ક્યારેક ધોળી ટોપી પહેરી હોવાનું પણ સ્નેહીઓ કહે છે. (મેં કિશોરવયે એમને જોયેલા ત્યારનું કાળી ટોપીનું ઝાંખુંપાખું સ્મરણ છે, જેને કે. કા. શાસ્ત્રી ટેકો આપે છે.) કોટ અને ધોતિયું એ એમનો ઔપચારિક પહેરવેશ, પહેરવેશ ખાદીનો.

**□ અવાજ :**

મોહનભાઈનો મેઘગંભીર અવાજ. એથી એ પ્રભાવશાળી વક્તા બની રહેતા. કોમળ મીઠા કંઠથી રાગરાગિણીઓ પણ ગાતા. એમનાં રચેલાં પદ્યોમાં રાગોનો નિર્દેશ મળે છે તેથી એમને સંગીતનું કેટલુંક જ્ઞાન હશે એમ લાગે છે.

**□ આદતો :**

મોહનભાઈની તબિયત સામાન્ય રીતે સારી. શરીરપરિશ્રમથી થાકે નહીં. રાતના બેત્રણ વાગ્યા સુધી જાગીને કામ કરી શકે. અલબત્ત, એ કારણે ચા અને ધૂમ્રપાનનાં વ્યસન વળગ્યાં ખરાં. મોટે ભાગે સિગારેટ અને ક્વચિત દેશી બીડી પીતા. સતત પીનારા એટલે એમની આજુબાજુ બીડી–સિગરેટનાં ઠૂંઠાં પડ્યાં હોય. સિગરેટનું ઠૂંઠું ન થઈ જાય ત્યાં સુધી પીધા કરે અને સિગરેટ પડી પડી પણ સળગ્યા કરે બુઝાય નહીં, તેથી એક વખત એમના કાગળો બળી ગયેલા. ભંડારો જોવા જાય ત્યાં પણ થોડો સમય બહાર જઈ સિગરેટ – બીડીના કસ ખેંચી આવે.

મોહનભાઈનું પાચનતંત્ર સારું. ભારે ભોજન પણ પચાવી શકે. જમી લીધા પછી પણ ભાવતી વસ્તુ આવે તો જમી શકે. બીજાઓને જમાડવાના પણ એ શોખીન.

**□ ઝાઝી સગવડની જરૂર નહીં :**

કામ કરવા માટે મોહનભાઈને ઝાઝી સગવડની જરૂર પડતી. ઘેર ગાદી પર બેસી ખોળામાં પૂઠું કે પાટિયું રાખી સતત લખવાનું કામ કરી શકતા. સુખલાલજી કે જિનવિજયજી પાસે રહેવા જાય ત્યાંયે પોતાનું કામ લઈ જઈ શકે અને એકલા પડે ત્યારે કામ કર્યા કરે. કોર્ટમાં પણ નવરાશના સમયમાં પ્રૂફો જુએ.

**કાર્યપદ્ધતિનો કોયડો :**

મોહનભાઈનો દીવાનખંડ જોઈ અને કોઈને એમ લાગ કે એમનામાં વ્યવસ્થાબુદ્ધિ ન હતી. ચારે બાજુ ખડકાયેલાં પુસ્તકો–પોથીઓમાંથી પોતાને જોઈતી વસ્તુ કેવી રીતે શોધી શકતા હશે એવો પ્રશ્ન પણ થાય. પણ અનેક સંદર્ભોથી ઊભરાતાં મોહનભાઈનાં સર્વગ્રાહી લખાણો જોતાં એમની પોતાની કોઈક વ્યવસ્થા હશે જ એમ લાગ્યા વિના રહેતું નથી. એ પોતાની વસ્તુઓ આઘીપાછી ન થાય માટે ઘણી વાર પોતાની ગેરહાજરીમાં કચરો પણ કાઢવા ન દેતા. એમની સ્મૃતિ જો ઘણી સારી હતી જ. જોઈતું પુસ્તક પોતાની જગ્યાએ બેઠાંબેઠાં જ એ બતાવી શકતા અને એમાંથી જોઈતું પાનું પણ તરત શોધી શકતા.

મોહનભાઈએ જે પ્રકારનાં કામો કર્યાં છે તે તો ઘણી ઝીણી અને ચોકસાઈભરી વ્યવસ્થાઓ માગે. અનેક સંદર્ભો જોડવાના હોય, સમયના ક્રમથી સામગ્રી પ્રસ્તુત કરવાની હોય ત્યારે સૂચિકાર્ડની કે એવી કોઈ વ્યવસ્થા નિપજાવવી પડે. માત્ર સ્મૃતિથી એ બધું ન થઈ શકે. મોહનભાઈએ આવી વ્યવસ્થાઓ નિપજાવી હતી કે કેમ અથવા કઈ કાર્યપદ્ધતિથી એમણે આ કામો કર્યાં એ જાણવાનું અત્યારે કોઈ સાધન નથી. 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ' ની અનુક્રમણિકાઓની ૭૫૦૦ કાપલીઓ થયેલી, જેને ૨૩ વિષયોમાં વહેંચવામાં આવેલી એમ મોહનભાઈએ નોંધ્યું છે. પરંતુ ગ્રંથની મૂળ સામગ્રીને તૈયાર કરવામાં એમની કાર્યપદ્ધતિ કઈ હતી એ એમણે નોંધ્યું નથી.

**□ ધાર્મિક આચારવિચાર :**

મોહનભાઈ કુલધર્મથી મૂર્તિપૂજક જૈન હતા. પણ જૈન તરીકેના સઘળા બાહ્યાચારો ચુસ્ત રીતે પાળનારા ન હતા. તીર્થસ્થાનોએ જાય ત્યાં દર્શન–સેવા–પૂજાનો લાભ એ જરૂર લે, એક વખતે સગાંસ્નેહીઓને પાલીતાણાની જાત્રા પણ કરાવેલી, પરંતુ રોજ દેવપૂજા કરવાનો એમનો કોઈ નિયમ ન હતો. કોઈ યંત્રની પૂજા ઘેર કરતા એમ જાણવા મળે છે. રાત્રે મોડે સુધી જાગનારા અને ચા–સિગરેટના વ્યસની એટલે ચોવિહાર તો ન જ કરી શકે અને ઉપવાસ –એકટાણું કરવામાં પણ મુશ્કેલી જ. ડુંગળી, લસણ પણ એમને ત્યાજ્ય નહોતાં. મામા પ્રાણજીવનભાઈ આવા જૈન આચારો ચુસ્ત રીતે પાળનારા હતા, છતાં મોહનભાઈમાં એ વસ્તુ ન આવી એ જરા નવાઈ પમાડે એવું છે. પણ મોહનભાઈ ધર્મના બહિરંગને નહીં પણ અંતરંગને વળગનારા હતા એમ આ પરથી સમજાય છે.

**□ મનુષ્યપ્રેમ અને સહાયવૃત્તિ :**

મોહનભાઈ મનુષ્યપ્રેમી હતા. નાનામાં નાના માણસમાં એ રસ લેતા. રસ્તામાં મળે તોયે એવા માણસ પાસે દોઢ બે કલાક સુધી વાતો કરી એના વિશે ઝીણામાં ઝીણી માહિતી મેળવતા. પેલા માણસને એમ થાય કે મારા પ્રત્યે આમને કેટલોબધો ભાવ છે !

આ સાથે બીજાને સહાયરૂપ થવાની વૃત્તિ પણ હતી. તવાવાળા બિલ્ડીંગમાં કોઈ એવો પ્રસંગ બને કે જેમાં સહાયરૂપ થવાની આવશ્યકતા હોય તો પોતે સંકલ્પ કરતા કે આ દિવસની અથવા અમુક કલાકોની જે કંઈ રોકડ આવક થશે તે હું આ કામમાં આપી દઈશ. વળી પાછા એમ માનતા કે આમાં હું કંઈ કરતો નથી. જે ભાઈના ભાગ્યમાં જેટલું હશે એટલું જ બીજા પાસેથી મળી રહેશે. એક વિધવા બાઈને કોઈ યોગ્ય સંસ્થામાં આશ્રય અપાવવા માટે મોહનભાઈએ રણજિતરામ વાવાભાઈ સાથે પત્રવ્યવહાર કરેલો.

**□ નવયુવાનનો ઉત્સાહ :**

મોહનભાઈ હંમેશાં એક નવયુવાનના જેવા ઉત્સાહ અને ખંતથી તરવરતા. કાંઈ પણ નવીન વાત, વિચાર કે વસ્તુ સામે આવે તો એ જાણવાની એમને હોંશ થતી. દૃષ્ટિ આશાવાદી, તેથી અંતકાળ સુધી અનેક પ્રવૃત્તિઓમાં એ રત રહ્યા. એમની કર્મઠતા તો અનન્ય. એ સાથે ભળતી એમની સરળતા અને નમ્રતા. સાધારણમાં સાધારણ કામ કરવામાંયે એમને કશો સંકોચ ન થતો. ન પોતાની વકીલ તરીકેની પ્રતિષ્ઠા આવે કે ન આધુનિક સભ્યતાના ખ્યાલો નડે. મુનિ જિનવિજયજી કુંભારિયાના શિલાલેખો ઉકેલતા હોય ત્યારે મોહનભાઈ એ શિલાલેખો પરની માટી સાફ કરી આપવાનું કામ કરે અને સાથે સાથે જિનવિજયજી પાસેથી શિલાલેખો ઉકેલવાની તાલીમ લેતા જાય. પ્રવાસમાં પોતાનાં બધાંકામ જાતે કરી લે.

**□ અપાર નમ્રતા :**

મોહનભાઈએ કામો તો એવાં કર્યાં કે કોઈ યુનિવર્સિટી ડિપોર્ટમેન્ટ પણ ભાગ્યે જ કરી શકે. આમ છતાં પોતાની જાતનો કશો મહિમા એમના મનમાં કદી વસ્યો હોય એવું દેખાતું નથી. ' જૈન ગૂર્જર કવિઓ' ને ' જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ' જેવા આકર ગ્રંથોના નિવેદનમાંયે એકે વાક્ય એવું જડતું નથી કે જેમાં મોહનભાઈ પોતાના કામનો મહિમા કરતા હોવાનું આપણને લાગે. એ બીજાના અભિપ્રાયો નોંધે છે ખરા, પણ અભિપ્રાયો નોંધીને અટકી જાય છે. વળી, પોતાના ગ્રંથોમાં કોઈ ખામીઓ હોય તો તે સૂચવવાની વિનંતી

( અનુસંધાન પૃષ્ઠ – ૧૫)

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ • • મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, • • સ્થળ : ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઈ – ૪૦૦૦૦૪
ફોન : ૩૫૦૨૯૬, મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦૦૦૮. ફોટોટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ–૪૦૦ ૦૭૨.

વર્ષ : ૨ ● અંક : ૧૧ ● તા. ૧૬-૧૧-૧૯૯૧ Regd. No. MH. By / South 54 Licence No. : 37

●●● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ●●●

# પ્રબુદ્ધ જીવન

●●● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯ થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ●● વાર્ષિક લવાજમ રૂ. ૩૦ ●●●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## સ્વ. જયમલ પરમાર

લોકસાહિત્યના સંશોધન સંપાદન અને અધ્યયનના ક્ષેત્રે મહત્ત્વનું યોગદાન આપનાર, સાહિત્ય અને રાજકારણના સમર્થ અભ્યાસી, પીઢ પત્રકાર, 'ઊર્મિ-નવરચના'ના તંત્રી, સ્વ. ઝવેરચંદ મેઘાણીના સમર્થ અનુગામી શ્રી જયમલ પરમારનું એંશી વર્ષની વયે રાજકોટમાં થોડા સમય પહેલાં અવસાન થયું છે. એમના અવસાનથી કેટલાંયને એક હિતેચ્છુ મુરબ્બી સ્વજન ગુમાવ્યાનો અનુભવ થયો હશે !

સ્વ. જયમલ પરમારનું નામ તો કૉલેજના વિદ્યાભ્યાસનાં વર્ષો દરમિયાન ઠેઠ ૧૯૪૪માં સાંભળ્યું હતું, પરંતુ તેમને રાજકોટમાં રૂબરૂ મળવાનું પંદરેક વર્ષ પહેલાં થયેલું. ત્યાર પછી તો જયારે જયારે રાજકોટ જવાનું થતું ત્યારે અચૂક એમને મળવા જતો. એમની સાથે પત્રવ્યવહાર પણ નિયમિત થતો.

પંદરેક વર્ષ પહેલાં એક વખત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની એક મિટિંગ માટે મારે રાજકોટ જવાનું થયું ત્યારે કરણપરામાં રહેતા મારા પરમ મિત્ર શ્રી શશિકાન્તભાઈ મહેતા મને જાગનાથ પ્લોટમાં શ્રી જયમલભાઈ પરમારને મળવા માટે લઈ ગયા હતા. શશિકાન્તભાઈએ મારો પરિચય કરાવ્યો. પરંતુ જયમલભાઈએ કહ્યું કે તેઓ મારા નામથી પરિચિત હતા. 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થતા મારા લેખો ધ્યાનપૂર્વક તેઓ વાંચી જાય છે એ જાણી મને વિશેષ આનંદ થયો. પછી જયમલભાઈને પણ મેં મારા કૉલેજકાળનાં સ્મરણો કહ્યાં અને 'ગગનને ગોખે', 'ખંડિત કલેવરો', 'અણખૂટ ધારા', 'શાહનવાઝની સાથે' 'સરહદ પાર સુભાષ'. વગેરે પુસ્તકો કેટલાં રસપૂર્વક અને ઉત્સુકતાથી હું વાંચી ગયો હતો તે મેં એમને જણાવ્યું. એથી તેઓ પણ પ્રસન્ન થયા. એ લખાણોને એક આખો જમાનો વીતી ચૂકયો હતો.

ઈ.સ. ૧૯૪૪માં મેટ્રિકની પરીક્ષા પસાર કરીને હું જયારે કોલેજમાં દાખલ થયો ત્યારે કાકાસાહેબ કાલેલકરના 'જીવનનો આનંદ' (તે સમયની બૃહદ્ આવૃત્તિ)ના બધાં લેખો રસપૂર્વક વાંચી ગયો હતો. સ્થળ વિશેષના લેખો સમજવામાં તો કોઈ મુશ્કેલી નહોતી પડી, પરંતુ આકાશના તારાઓ-નક્ષત્રો વિશેના લેખોમાં એ કિશોર વયે યોગ્ય સંદર્ભના અભાવે બહુ સમજ પડતી ન હતી. એ વખતે હું મુંબઈમાં ગોવાલિયા ટેન્ક ઉપર આવેલ શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં રહીને ઝેવિયર્સ કૉલેજમાં અભ્યાસ કરતો હતો. એ વખતે શ્રી બિપિનભાઈ કાપડિયા નામના એક વિદ્વાન [ડૉ. હીરાલાલ રસિકલાલ કાપડિયાના સુપુત્ર] એમ.એ. થયા પછી સંસ્કૃત-પ્રાકૃતમાં Ph. D.ના અભ્યાસ માટે વિદ્યાલયમાં રહેવા આવ્યા હતા. ભાષાના વિષયમાં સમાન રસને કારણે તેમની સાથે મૈત્રી થઈ હતી. તેઓ અમને કેટલાક વિદ્યાર્થીઓને અગાસીમાં રાત્રે લઈ જઈ ખુલ્લા આકાશના તારાઓ, નક્ષત્રો વગેરેનો પરિચય કરાવતા. એથી એ વિષયમાં મારો રસ વધતો જતો હતો. પરંતુ ગુજરાતીમાં તે માટે કોઈ પુસ્તક મળતું નહોતું. તેવામાં નિરંજન વર્મા અને જયમલ પરમાર કૃત 'ગગનને ગોખે' નામનું પુસ્તક પ્રગટ થયું. એ પુસ્તકે તારાઓના અભ્યાસના મારા રસને વધુ દૃઢ બનાવ્યો. ત્યાર પછી તેમના 'આકાશપોથી' નામનું પુસ્તક અને શ્રી છોટુભાઈ સુથારના તારાઓ વિષેનાં પુસ્તકો મને બહુ સહાયરૂપ બન્યાં હતાં. નિરંજન વર્મા અને જયમલ પરમાર ૧૯૩૫ થી ૧૯૫૦ના ગાળામાં તે સમયના યુવાનોમાં બહુ રસપૂર્વક વંચાતા લેખક હતા. તેઓ વિવિધ વિષયો ઉપર લખતાં. તારાઓની જેમ પક્ષીઓ વિશે લખેલું 'આપણે આંગણે ઊડનારાં' પુસ્તક પણ હું રસપૂર્વક વાંચી ગયો હતો.

જયમલભાઈને પહેલીવાર મળતાંની સાથે જ તેમના સંસ્કારી અને પ્રભાવશાળી વ્યક્તિત્ત્વની તથા ઘરની સ્વચ્છતાની અને સુઘડતાની એક સરસ છાપ પડી હતી. સવારે ઊઠીને સ્નાન વગેરેથી સજ્જ થઈને તેઓ ખાદીના ઈસ્ત્રી બંધ પહેરણ અને પાયજામો પહેરીને બેઠા હોય. ઘરનું બારણું ખોલતાં જ તેમના વદન ઉપર સ્મિત અને આતિથ્ય સત્કારનો ભાવ છલકાતો હોય. ગમે તેવી નાની મોટી વ્યક્તિ આવી હોય તો પણ તેઓ એટલા જ ઉમળકાથી સહુને બોલાવતા. એમના ઘરમાં બધુ જ વ્યવસ્થિત. સ્વચ્છ અને સુઘડ જોવા મળે. કયાંય કાગળની ચબરખી જેટલો કચરો પણ જોવા ન મળે. પલંગની ચાદર ઉપર કોઈક કરચલી કે ડાઘ જોવા ન મળે.

સ્વ. જયમલભાઈનો જન્મ ૬ઠ્ઠી નવેમ્બર, ૧૯૧૧માં વાંકાનેરમાં થયો હતો. એમના પિતા દિવાન પ્રાગજીભાઈનું નાની વયે અવસાન થયું હતું. ત્યારે જયમલભાઈની ઉંમર માત્ર છ માસની થઈ હતી. એટલે જયમલભાઈનો ઉછેર એમના મોસાળ વાંકાનેરમાં નાના-નાની પાસે થયો હતો. તે વખતે સાંભળેલાં હાલરડાં, લોકગીતો બાળકથાઓ વગેરેના સંસ્કાર એમના ચિત્તમાં દૃઢપણે અંકિત થયેલાં.

૧૯૩૦માં ગાંધીજીએ જયારે મીઠાના સત્યાગ્રહ માટે દાંડીકુચ કરી ત્યારે ગુજરાત, સૌરાષ્ટ્ર અને સમગ્ર દેશમાં અનેક કિશોરો અને યુવાનોએ શાળા-કૉલેજનો અભ્યાસ છોડી આઝાદીની લડતમાં ઝંપલાવેલું. તેમાં જયમલભાઈ પણ હતા. તેમણે વાંકનેર અને ધોલેરામાં સત્યાગ્રહની લડતમાં સક્રિય ભાગ લીધો હતો. અમરેલીમાં વિદેશી કાપડના વિરોધમાં તેઓ ઉપવાસ પર ઊતરેલા. એમની સામે ધરપકડનું વોરંટ નીકળતાં તેઓ ભૂગર્ભમાં ચાલ્યા ગયેલા અને એક સ્થળેથી બીજે સ્થળે ભાગતા રહેતા.

૧૯૩૨માં સત્યાગ્રહની લડતમાં તેમની ધરપકડ થઈ હતી અને તેમને અઢી વર્ષ જેલમાં વીતાવ્યા હતાં. જેલમાંથી છૂટયા પછી તેઓ 'ફૂલછાબ' સાપ્તાહિકમાં જોડાયા હતા. પરંતુ ૧૯૪૨ની 'હિન્દ છોડો'ની લડત શરૂ થઈ ત્યારે 'ફૂલછાબ'ની નોકરી છોડીને તેઓ સ્વાતંત્ર્ય સંગ્રામના એક સૈનિક બન્યા હતા અને કાઠિયાવાડમાં અનેક ગામોમાં તેમણે સભાઓને સંબોધન કરીને લોકોને જાગૃત કર્યા હતા. જયમલભાઈએ આ રીતે ઊગતી યુવાનીનાં કિંમતી વર્ષો આઝાદીની લડતના એક સક્રિય કાર્યકર્તા તરીકે વીતાવ્યાં હતાં. એને લીધે સ્વાતંત્ર્ય સંગ્રામના સંખ્યાંબંધ નેતાઓ અને કાર્યકર્તાઓના નિકટના સંપર્કમાં આવવાનો એમને સુંદર અવસર સાંપડયો હતો.

'ફૂલછાબ'માં ત્યારે ઝવેરચંદ મેઘાણી તંત્રી હતાં. તેમના હાથ નીચે યુવાન જયમલભાઈએ, નિરંજન વર્માની સાથે 'ફૂલછાબ'ના સહતંત્રી તરીકેની જવાબદારી

સ્વીકારી હતી. જયમલભાઈની ઉંમર ત્યારે ૨૯ વર્ષની હતી. નિરંજન વર્માની ઉંમર ફક્ત બાવીસ વર્ષની હતી. ફૂલછાબમાં તેઓ સંયુક્ત નામથી લખતા. પોતાના જે ગ્રંથો પ્રગટ થતાં તે પણ તેઓ સંયુક્ત નામથી જ પ્રગટ કરતા. ૧૯૩૯ થી ૧૯૪૨ સુધીના વર્ષ દરમિયાન આ બે યુવાન લેખકોએ ઘણું લેખનકાર્ય કર્યું. એ જમાનામાં સાહિત્યના ક્ષેત્રમાં તેઓ છવાઈ ગયા હતાં. અનેક યુવાનો સ્વાતંત્ર્યની ભાવનાથી રંગાયેલા તેમનાં પ્રેરક, ઉદ્‌બોધક સાહિત્યને વાંચવાનું ચૂકતા ન હતા.

નિરંજન વર્મા અને જયમલ પરમારે આઝાદીની લડત દરમિયાન 'ખંડિત કલેવરો' નામની લખેલી હળવી રસિક નવલકથાએ કેટલોક ઉહાપોહ મચાવ્યો હતો. કારણ કે એ નવલકથામાં એમણે દોરેલા કેટલાંક શબ્દચિત્રો આઝાદીના લડતમાં ભાગ લેનાર વ્યક્તિના ઉપરથી દોર્યાં હતાં. એમાં હળવી શૈલીએ લખાયેલાં શબ્દ ચિત્રો વ્યંગ અને કટાક્ષથી ભરપૂર હતાં. જો એ શબ્દચિત્રમાંથી કોઈક વ્યક્તિની જાણ થાય તો તેમાં વધુ રસ પડે એવાં એ શબ્દ ચિત્રો હતાં. આ બંને લેખકો પાસે ગંભીર લેખનની સાથે સાથે હળવી હાસ્યરસિક શૈલી પણ હતી. એ આ નવલકથા ઉપરથી પ્રતીતિ થઈ હતી. ' ખંડિત કલેવરો' ઉપરાંત 'અણખૂટ ધારા', 'કદમ કદમ બઢાયે જા' જેવી નવલકથાઓમાં એમણે આપણી આઝાદીની લડતના દિવસોના વિવિધ પ્રવાહોનું વાસ્તવિક, નર્મમર્મયુક્ત ચિત્ર દોર્યું છે.

નિરંજન વર્મા અને જયમલ પરમાર એ બે પત્રકારોએ સંયુક્ત રીતે લેખન કાર્ય ઘણાં વર્ષ સુધી કર્યું.એ બંને લેખકોને ગૌરવ અપાવે એવી વાત છે. યુવાન વયે સંયુક્ત રીતે લેખનકાર્યનો આરંભ કરનારા લેખકો પછીથી પોતપોતાની શક્તિ અનુસાર સ્વતંત્ર લેખન કરવા તરફ વળી જાય છે. જેની પાસે વધુ સારી લેખન શક્તિ હોય તે લેખકને પોતાની શક્તિનો બીજો કોઈ લેખક યશભાગી થાય એ ગમતી વાત હોતી નથી, પરંતુ યશ કરતાં પણ મૈત્રી જયારે ચઢિયાતી હોય છે અને હૃદયની ઉદારતા તથા સ્વાર્પણની ભાવના હોય છે ત્યારે બે લેખકો સંયુક્ત નામથી ઘણા દીર્ઘકાળ સુધી લખી શકે છે. ગુજરાતી સાહિત્યમાં નિરંજન વર્મા અને જયમલ પરમારનું નામ એ દ્રષ્ટિએ ચિરઃસ્મરણીય રહેશે. દુર્ભાગ્યે ઈ. સ. ૧૯૫૧માં નિરંજન વર્માનું ૩૪ વર્ષની વયે અવસાન થતાં આ પત્રકાર બેલડી ખંડિત થઈ. ત્યાર પછી જયમલભાઈએ પોતાનું સ્વતંત્ર લેખનકાર્ય ચાલુ રાખ્યું. એમણે પત્રકારત્વના ક્ષેત્રે આજીવન કાર્ય કર્યું અને સંખ્યાબંધ ગ્રંથો પ્રગટ કર્યા. એ દર્શાવે છે કે નિરંજન વર્મા સાથેના લેખનકાર્યમાં તેમનું યોગદાન ઘણું મોટું રહ્યું હશે.

જયમલભાઈનો યુવાનીનો જમાનો એટલે સ્વાતંત્ર્ય સંગ્રામનો જમાનો પરંતુ એ જમાનામાં એક બાજુ બ્રિટિશ રાજયના પ્રદેશો હતા, તો સૌરાષ્ટ્રમાં મુખ્યત્વે દેશી રાજયો હતાં. સમગ્ર ભારતમાં સૌથી વધુ દેશી રાજયો સૌરાષ્ટ્રમાં હતાં. ત્રણસોથી પણ વધુ આ રાજયોમાંનાં કેટલાક નાનાં નાનાં રાજયો તો પાંચ પંદર ગામનાં જ હતાં. ભારતમાં આઝાદીની લડત વખતે દેશી રાજયોનો પણ એક મોટો પ્રશ્ન હતો. તેમાં પણ સૌરાષ્ટ્રમાં એ પ્રશ્ન વધુ જટીલ હતો. જયમલભાઈએ યુવાનવયે ફૂલછાબમાં સૌરાષ્ટ્રના દેશી રાજયોના પ્રશ્નો અંગે પોતાની અભ્યાસપૂર્ણ વેધક કોલમ ચલાવી હતી. આજે તો નવી પેઢીને એ સમયની દેશી રાજયોની સ્થિતિનો ખ્યાલ આવવો પણ મુશ્કેલ છે. જયમલભાઈએ એ દિશામાં કેટલું સંગીન કાર્ય ત્યારે કર્યું હતું તે તો તે સમયના સાક્ષીઓ જ વધારે સારી રીતે કહી શકે !

જયમલભાઈએ યુવાન વયે 'ભૂદાન', 'ઉકરડાનાં ફૂલ' જેવાં નાટકો ' સાંબેલાં', 'અમથી ડોશીની અમથી વાણી', જેવાં કટાક્ષકાવ્યો તથા 'આચાર્ય પ્રફુલ્લચંદ્ર રોય', 'સુભાષના સેનાનીઓ' વગેરે ચરિત્રો લખ્યાં હતાં. એમની સર્જક પ્રતિભા આમ જુદાં જુદાં સાહિત્યસ્વરૂપોમાં વિહરતી.

સ્વ. જયમલ પરમારનો ઉછેર અને વિકાસ મુખ્યત્વે તો એક રાષ્ટ્રીય રચનાત્મક કાર્યકર તરીકે થયેલો હતો. એટલે જ સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન સૌરાષ્ટ્રના ઘણા રચનાત્મક કાર્યોમાં એમણે સક્રિય ભાગ લીધો હતો. એમની એ પ્રવૃત્તિ આઝાદી પછી પણ ચાલુ રહી હતી. ઈ.સ. ૧૯૬૫ના ગાળામાં એમણે ગુજરાતમાં નશાબંધીની પ્રચાર પ્રવૃત્તિમાં ઘણું મહત્ત્વનું કાર્ય કર્યું હતું.

નિયમિત લેખનકાર્ય કરનાર પત્રકારની પાસે જો કોઈ સામયિક હોય તો તેના લેખન કાર્યને વધુ વેગ અને સગવડ મળે છે. 'ફૂલછાબ' માં પત્રકાર તરીકે કાર્ય કરનાર જયમલભાઈને પછીના વર્ષોમાં ઈશ્વરલાલ મો. દવેનો સહકાર સાંપડયો અને તેમના 'ઊર્મિ- નવરચના'માં સંપાદક તરીકે જયમમલભાઈ જોડાઈ ગયા. પછીના વર્ષોમાં ઈશ્વરલાલ દવેના અવસાન પછી 'ઊર્મિ-નવરચના'ના તેઓ તંત્રી બન્યા અને વર્ષો સુધી એ સામયિકને ખોટ ખાઈને પણ તેમણે નિષ્ઠાપૂર્વક ચલાવ્યું. એને પરિણામે એમના તરફથી આપણને એમની કેટલીક ઉત્તમ લેખન પ્રસાદી નિયમિત મળતી રહી. ભાઈ રાજુલ દવેનો એમાં સારો સહકાર મળતો રહ્યો હતો.

જયમલભાઈ જેમ એક સિદ્ધહસ્ત લેખક હતા તેમ એક સારા વક્તા પણ હતા. તેમનો અવાજ બુલંદ હતો. તેમની વાણી મધુર હતી. તેમનું વક્તવ્ય સચોટ અને માર્મિક હતું. તેઓ સભાઓનું સંચાલન કુશળતાપૂર્વક એવું સરસ કરતા કે એની છાપ શ્રોતાઓના ચિત્તમાં ચિરકાળને માટે અંકિત થઈ જતી જયમલભાઈ એટલે સભાઓના, સંગોષ્ઠીઓના માણસ. જયમલભાઈ અનેક ઠેકાણે ઘૂમી વળેલા, તેઓ અનેક વ્યક્તિઓના અંગત ગાઢ સંપર્કમાં આવેલા. એમનું વાંચન પણ અત્યંત વિશાળ. એટલે જયારે પણ એમની પાસે જઈએ ત્યારે એમની વાતોનો ખજાનો ખૂટે નહિ. એમનું જીવન એટલે અનુભવ સમૃદ્ધ જીવન.

સ્વ. મેઘાણીભાઈની જેમ જયમલભાઈ માટે પણ લોકસાહિત્ય જીવનભર રસનો વિષય રહ્યો હતો. એથી જ મેઘાણીભાઈની જેમ તેઓ પણ લોકસાહિત્યના અભ્યાસ અર્થે અનેક સ્થળે ઘૂમી વળ્યા હતા. ડાયરાઓમાં, ભજન મંડળીઓમાં, બારોટો અને ચારણો, બાવાઓ અને સંતો એમ વિવિધ પ્રકારના લોકોની વચ્ચે રહીને તેઓ તેનું સંશોધન-અધ્યયન કરતાં રહ્યા હતા.

લોક સાહિત્યના ક્ષેત્રે સ્વ. જયમલભાઈ સ્વ. ઝવેરચંદ મેઘાણીના સમર્થ અનુગામી બની ગયા હતા. તેમણે મેઘાણીભાઈ પાસેથી સરસ તાલીમ મળી હતી. એટલે જ સૌરાષ્ટ્રમાં તેમને લોક સાહિત્યને જીવંત રાખવામાં ઘણું મહત્ત્વનું કાર્ય કર્યું છે. 'લોક સાહિત્ય સભા' નામની સંસ્થાની સ્થાપના તેમણે કરી હતી અને તેના મંત્રી તરીકે ઘણાં વર્ષો સુધી સેવા બજાવી હતી. એવી બીજી કેટલીક સંસ્થાઓ સાથે તેઓ સક્રિયપણે જોડાયેલા રહ્યા હતા. સૌરાષ્ટ્રમાં ડાયરાઓના કાર્યક્રમને વધુ જીવંત અને સર્જનાત્મક બનાવવામાં તેમનો ફાળો ઘણો મોટો રહ્યો છે. આ ડાયરાઓ દ્વારા તેમણે કવિ સ્વ. દુલા કાગ, મેરુભા, કાનજી ભુટા બારોટ વગેરે કલાકારોને પ્રકાશમાં આણ્યા હતા. વર્તમાન પેઢીના ઘણા કલાકારો એ દ્રષ્ટિએ પોતાની સિદ્ધિઓ માટે સ્વ. જયમલભાઈના ઋણી છે.

લોકસાહિત્યના વિવિધ પ્રકારના કાર્યક્રમો, રેડિયો પ્રસારણો તથા ટી.વી.ના કાર્યક્રમો ઉપરાંત જયમલભાઈએ લોકસાહિત્યના સંશોધન-સંપાદન ક્ષેત્રે પણ ઘણું મહત્ત્વનું કાર્ય કર્યું છે. એમણે 'દેશ-દેશની લોકકથાઓ,' 'પરીકથાઓ', 'પંજાબની વાતો', 'રાજસ્થાનની વાતો', 'બુંદેલ ખંડની વાતો', 'કાઠિયાવાડની વાતો', 'ધરતીની અમીરાત' વગેરે લોકકથાના ગ્રંથો પ્રગટ કર્યા છે. ' લોક વાર્તાની રસ લ્હાણ,' 'જીવે ઘોડા, જીવે ઘોડા' એ નામના લોકકથાનાં સંપાદનો દ્વારા બીજા લેખકોએ લખેલી કેટલીક મહત્ત્વની લોકવાર્તાઓ એમણે આપણને આપી છે.

લોકસાહિત્યમાં બાળવાર્તાઓ અને કિશોરવાર્તાઓમાં પણ જયમલભાઈને એટલો જ રસ પડતો. એ ક્ષેત્રમાં પણ એમનું પ્રદાન પણ ઘણું મોટું છે. યુવાન વયે એમણે લોકસાહિત્યના બાળકથાના પંદરેક જેટલા સંગ્રહો પ્રગટ કર્યા હતા. એમાં 'ચાતુરીની વાતો', 'પાકો પંડિત', 'ચૌબોલા રાણી', 'સોન પદમણી', ' ફૂલવંતી', 'કુંવર પિયુજી', 'અજગરના મોંમાં' ઈત્યાદિ સંગ્રહો નોંધપાત્ર છે.

સ્વ. જયમલભાઈએ આપણા લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિના વિભિન્ન વિષયો ઉપર વખતોવખત જે અભ્યાસપૂર્ણ સંશોધનલેખો લખ્યા હતા તે ગ્રંથસ્વરૂપે પ્રગટ થતા રહ્યા હતા. 'આપણી લોકસંસ્કૃતિ', 'આપણાં લોકનૃત્યો', 'લોકસાહિત્ય અને સંસ્કૃતિ', ' લોકસાહિત્યવિમર્શ', 'લોકસાહિત્યતત્ત્વદર્શન અને મૂલ્યાંકન' જેવા સમર્થ ગ્રંથો દ્વારા સ્વ. જયમલભાઈએ રાસ, રાસડો, ગરબો, ગરબી વગેરે પ્રકારનાં લોકગીતો, વિવિધ પ્રકારનાં લોકનૃત્યો, પઢાર, કોળી, આયર, ભરવાડ, સીદીઓ વગેરે જાતિઓ, તેમના પહેરવેશ, ભરતગૂંથણની કલા, તેમની ગૃહસુશોભનની કલા, તેમના જન્મ, લગ્ન, મૃત્યુ વગેરેના પ્રસંગોના રીતરિવાજો ઈત્યાદિનું ઐતિહાસિક સંદર્ભો સાથે સરસ દિગ્દર્શન કરાવ્યું છે. સ્વ. ઝવેરચંદ મેઘાણી પછી એટલા જ વિશાળ ફલક ઉપર લોકસાહિત્યનું અધ્યયન, સમર્થ ગ્રંથો દ્વારા સ્વ. જયમલભાઈ પાસેથી આપણને સાંપડે છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સ્થાપના થઈ ત્યારે તેમાં ગુજરાતી ભાષાના વિભાગની સાથે લોકસાહિત્યનો વિભાગ પણ શરૂ કરવામાં આવ્યો હતો, કારણ કે સૌરાષ્ટ્રનું લોકસાહિત્ય બહુ સમૃદ્ધ છે. આ વિભાગમાં જયમલભાઈએ ૧૯૭૬ થી ૧૯૭૮ના ગાળામાં અધ્યાપન કાર્ય કરેલું. યુનિવર્સિટીના લોકસાહિત્યના વિષયના બોર્ડના સભ્ય તરીકે પણ તેમણે ઘણાં વર્ષો સુધી ઉપયોગી સેવા અને માર્ગદર્શન આપ્યાં હતાં. કોઈ કોઈ વાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સિલેકશન સમિતિમાં કે અન્ય કોઈ સમિતિમાં અમે સાથે મળતા ત્યારે એમના ઉષ્માભર્યા ઉદાર સ્વભાવની અને ઊંડા અધ્યયનની છાપ ચિત્ત પર અવશ્ય પડતી.

એક વખત રાજકોટમાં એમના ઘરે મળવા હું ગયો હતો ત્યારે ત્યાંની યુનિવર્સિટીની અને સાહિત્યના જાહેરક્ષેત્રની કેટલીક વાતો નીકળી. તેમણે ત્યારે કહ્યું હતું કે પોતે જાહેર સમિતિઓમાં અને સભાઓમાં હવે બહુ ઓછું જાય છે. એનું કારણ પોતાનો અત્યંત સંવેદનશીલ સ્વભાવ છે. કોઈક વાત નીકળે અને ચર્ચા થાય તો એ વિષય પછી પોતાના મનમાં લાંબા સમય સુધી ઘોળાયા કરે છે કોઈક વખત એથી રાત્રે ઊંઘ સરખી આવતી નથી. એના કરતાં ઘરે શાંતિથી બેઠાં હોઈએ અને મનગમતું વાચતાં હોઈએ તો ચિત્તની કોઈ વ્યગ્રતા ઊભી થતી નથી. અને દિવસ સારી રીતે પસાર થાય છે.

યુવાનવયે તેઓ ઘણું ફર્યા છે. ઘણી સભાઓનું સંચાલન કર્યું છે. ઘણા કાર્યક્રમોનું આયોજન કર્યું છે અને એનો આનંદ પણ માણ્યો છે, પરંતુ ઉંમર થતાં હવે નાની નાની અણગમતી વાતોના પ્રત્યાઘાતો ઝીલવાની શક્તિ ઓછી થતી જાય છે. આપણા રાજકીય, સાહિત્યિક, શૈક્ષણિક જાહેર જીવનમાં છાશવારે કંઈકને કંઈક ઘટનાઓ બનતી હોય છે અને ચર્ચા-વિવાદના વંટોળ ઊભા થતા હોય છે. એનાથી અલિપ્ત રહેવામાં હવે એમને મનની વધુ શાંતિ અનુભવવા મળતી હતી.

સ્વ. જયમલભાઈનું સ્મરણ થતાં મુ. શ્રી રતુભાઈ અદાણીનું સ્મરણ અવશ્ય થાય. ઠેઠ કિશોરવયથી જ તેઓ બંને જીગરજાન દોસ્ત રહ્યા છે. બંને નિયમિત મળે અને એકબીજાની પ્રવૃત્તિથી સતત માહિતગાર રહે. સૌરાષ્ટ્રમાં કયાંય પણ કોઈ પણ પ્રકારનું સંમેલન યોજવું હોય તો જો રતુભાઈ અદાણી અને જયમલ પરમારને તેની જવાબદારી સોંપવામાં આવે તો નિશ્ચિંત બની જવાય. કારણ કે આયોજનની સૂઝ અને વહીવટી દ્રષ્ટિને લીધે તેઓ બે ચાર દિવસનો આખો કાર્યક્રમ સાંગોપાંગ સારી રીતે પાર પાડી શકે. હું જયારે જયારે જયમલભાઈને મળ્યો છું ત્યારે ત્યારે મુ. શ્રી રતુભાઈ અદાણીની વાત નીકળ્યા વગર ન રહે. જીવરાજ મહેતા ટ્રસ્ટના તેઓ મુખ્ય ટ્રસ્ટીઓ અને તેના ઉપક્રમે કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓની માહિતી જયમલભાઈ હંમેશાં મને આપતા. જયમલભાઈ અને રતુભાઈ બંનેને લોકસાહિત્યમાં એટલો જ રસ, પરંતુ રતુભાઈ કરતાં જયમલભાઈની લેખન પ્રવૃત્તિ વધુ રહેતી. રતુભાઈને સક્રિય રાજકારણમાં જેટલો રસ તેટલો જ રસ રચનાત્મક કાર્યક્રમોમાં રહ્યો છે. એમાં જયમલભાઈનો સહયોગ પણ રહ્યો હતો. જયમલભાઈ અને રતુભાઈ એટલા માટે પ્રવાસમાં ઘણીખરી વાર સાથે જ હોય. તેઓ બંનેએ ગુજરાત બહાર ભારતમાં પણ અનેક સ્થળે સાથે પરિભ્રમણ કર્યું હતું.

સ્વ. જયમલભાઈએ જીવનમાં અંતિમ વર્ષોમાં કરેલું એક મહત્ત્વનું લેખન કાર્ય તે ગુજરાતના સંતો અને તેમનાં ધર્મ સ્થાનકોનો પરિચય કરાવવાનું છે. જયમલભાઈ કેટલાંય ધર્મ સ્થાનકોમાં જાતે રહેલા અને ત્યાંના વાતાવરણની સૂક્ષ્મ અનુભૂતિઓ ઝીલેલી. વળી તેઓ કેટલાય નામી-અનામી સંતોનાં પ્રત્યક્ષ સંપર્કમાં આવ્યા હતા અને તેમની પાસેથી પ્રેરણા મેળવી હતી. એટલે એમણે પોતાનાં અધ્યયન, અવલોકન અને સ્વાનુભવને આધારે 'સેવા ધરમનાં અમરધામ' નામની એક લેખમાળા 'ફૂલછાબ'માં ૧૯૮૬માં ચાલુ કરેલી. લગભગ ત્રણ વર્ષ સુધી એ લેખમાળા નિયમિત ચાલી હતી. એ લેખમાળામાં એમને ભાઈ શ્રી રાજુલ દવેનો સારો સહયોગ સાંપડયો હતો. અત્યંત લોકપ્રિય થયેલી એ લેખમાળા દળદાર ગ્રંથ રૂપે પ્રગટ થઈ છે, જે આપણા સંતોના જીવન કાર્ય વિશેના સાહિત્યનો એક મહત્ત્વનો ગ્રંથ બન્યો છે.

મુ. શ્રી જયમલભાઈ પ્લોટના પોતાના રહેઠાણેથી કાલાવડ રોડ ઉપર પોતાના 'નવરંગ' બંગલામાં રહેવા ગયા તે પછી તેમને જયારે જયારે હું મળવા જતો ત્યારે લેખન-વાંચનની તેમની પ્રવૃત્તિની વાતો થતી. હવે તેમાં થોડી મંદતા આવી હતી.' ઊર્મિ-નવરચના ' પણ બંધ કરવાનો વિચાર ચાલતો હતો. આંખે મોતિયો આવવાને કારણ તેઓ ઝાઝું વાંચી શકતા નહિ. સાંજે પાચેક વાગે તડકો આથમવા આવ્યો હોય ત્યારે તેઓ બહાર વરંડામાં ખુરશી ઢાળીને બેસતા હાથમાં બિલોરી કાચ રાખીને વાંચતા એમનું વાંચન ઓછું થયું હતું, પરંતુ તે માટેનો એમનો રસ ઓછો થયો ન હતો. છાપાં અને સામાયિકો તેઓ નિયમિત વાંચતા અને સાહિત્ય, રાજકારણ વગેરેના તત્કાલીન પ્રવાહોથી હંમેશા પરિચિત રહેતા. પત્રકાર તરીકેનું એમનું જીવન આ રીતે અંતિમ સમય સુધી સતત તાજગીસભર રહ્યા કર્યું હતું.

છેલ્લે જયારે હું એમને કાલાવડ રોડ પરના બંગલે મળવા ગયો હતો ત્યારે તેમને બહુ આનંદ થયો હતો. પરંતુ હવે તેમની ચાલવાની શક્તિ ઘણી ઘટી ગઈ હતી. ચાલતી વખતે લાકડીનો કે બીજા કોઈનો ટેકો લેવો પડતો. એમ છતાં એમની વાતચીતમાં પૂરેપૂરી સ્વસ્થતા જણાતી. એમની સ્મૃતિ પણ સારી રહી હતી. તેઓ કહેતા કે હવે આખો દિવસ ઘરમાં જ રહું છું. પથારીમાં પડયાં પડયાં જે વંચાય તે વાંચુ છું અથવા કોઈની પાસે મંગાવી લઉં છું.

સ્વ. જયમલભાઈએ અવસાનના થોડા વખત પહેલાં 'પ્રબુદ્ધ જીવન' માટે એક લેખ મોકલાવેલો. પરંતુ ત્યારે હું ત્રણેક મહિના માટે અમેરિકામાં હતો. 'પ્રબુદ્ધ જીવન'માં એ લેખ છપાય તે પહેલાં તો તેમનો સ્વર્ગવાસ થયો.

સ્વ. જયમલભાઈનો સ્વર્ગવાસ થતાં રાજકોટમાં રસસભર, અનુભવસમૃદ્ધ અંગત વાતો સાંભળવાનું અને માર્ગદર્શન મેળવવાનું એક સ્થાન મેં ગુમાવ્યું છે.

સ્વ. જયમલભાઈના આત્માને શાંતિ હો !

❑ રમણલાલ ચી. શાહ

## સહયોગ કુષ્ઠ યજ્ઞ ટ્રસ્ટમાં નોંધાયેલી વધુ રકમની યાદી

| | |
|---|---|
| ૫૦૦૦ | શ્રી મહિલાબહેન અશોકભાઈ શાહ |
| ૨૫૦૦ | શ્રી એસ. કે. એન્ટરપ્રાઈઝ |
| ૨૫૦૦ | શ્રી સુવર્ણાબહેન જિતુભાઈ દલાલ |
| ૨૫૦૦ | શ્રી શિશિરભાઈ કે. દિવાનજી |
| ૨૫૦૦ | શ્રી પ્રમિલાબહેન હિંમતભાઈ શાહ |
| ૨૫૦૦ | શ્રી કાશ્મિરાબહેન કિરીટભાઈ વોરા |
| ૨૫૦૦ | શ્રી વાસંતીબહેન દલપતલાલ દોશી |
| ૨૫૦૦ | શ્રી જયોત્સ્નાબહેન સેવંતીલાલ જોગાણી |
| ૨૫૦૦ | શ્રી શોભનાબહેન ધીરેન્દ્રભાઈ શાહ |
| ૨૫૦૦ | શ્રી તરુણભાઈ અમુલખચંદ |
| ૨૫૦૦ | શ્રી મનીષાબહેન જયેશભાઈ શાહ |
| ૨૫૦૦ | શ્રી ભારતીબહેન અરવિંદભાઈ શાહ |
| ૨૫૦૦ | શ્રી દિનલ ડાયમંડ |
| ૨૫૦૦ | શ્રી અનિલભાઈ ત્રિભુવનદાસ |
| ૨૫૦૦ | શ્રી સંજયભાઈ ચંપકલાલ |
| ૨૫૦૦ | શ્રી ભારતીબહેન પ્રકાશકુમાર જોગાણી |
| ૨૫૦૦ | શ્રી કિરીટભાઈ વોરા એન્ડ કું. |
| ૨૫૦૦ | શ્રી સરલાબહેન વસંતભાઈ શાહ |
| ૨૫૦૦ | શ્રી ગુલાબચંદ કરમચંદ શાહ |
| ૧૨૫૦ | શ્રી દક્ષાબહેન હિતેશભાઈ શાહ |
| ૫૧,૨૫૦ | કુલ રકમ |

***

## સંઘના આજીવન સભ્યનું લવાજમ રૂ. ૭૫૦/-

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની શનિવાર, તા. ૧૨-૧૦-૧૯૯૧ના મળેલી સામાન્ય સભામાં ઠરાવવામાં આવ્યું છે તે મુજબ સંઘના આજીવન સભ્યનું લવાજમ હવેથી રૂ. ૭૫૦/- કરવામાં આવ્યું છે.

❑ મંત્રીઓ

# કલશ અને કલેવર : કલદાર કૃતિ તારી, ઈશ્વર !

□ હેમાંગિની જાઈ

कलं कलं गृहित्वा च देवानां विश्वकर्मणा ।
निर्मितो यः सुरैर्यस्मात् कलशस्तेन उच्यते ॥

- અર્થાત્ વિશ્વકર્માએ દેવતાઓની કલા કલામાંથી અંશ તારવી નિર્માણ કર્યું તેથી તેને કળશ એવું નામ મળ્યું.

અધ્યાત્મની પરિભાષામાં કળશ એટલે જીવનરૂપી જળ અને પ્રાણરૂપી જ્યોતને ધારણ કરનાર સુઘટિત દેહ.

સકલ લોકનો સ્વામી ઈશ્વર સ-કલ (कलया सहितम् = કલાયુક્ત) છે. પ્રકૃતિની પ્રત્યેક કૃતિ કલામય છે. તેમાં ય માનવદેહ-કલાધર ઈશ્વરનું શ્રેષ્ઠ સર્જન છે, પ્રકૃતિની પ્રશસ્ય કલાકૃતિ છે. તેથી માનવશરીરને કલેવર (કલાઓમાં શ્રેષ્ઠ) એવી સંજ્ઞા છે.

પૂર્ણકુંભ યા પૂર્ણકલશના રૂપમાં ભારતીય કલાકારોએ ચૈતન્યપૂર્ણ માનવદેહની મધુર કલ્પનાને સાકાર કરી છે. કળશ ભારતીય સંસ્કૃતિનું સર્વગામી અગ્રગણ્ય માંગલિક પ્રતીક છે. જૈનોના અષ્ટ મંગલમાં કળશને પણ સ્થાન આપવામાં આવ્યું છે. મંગલકાર્યના શુભારંભે કળશને સાક્ષી રાખીને આપણે પુણ્યાહવાચન કરીએ છીએ. રંગોળી કરી પાટલો માંડી ધાન્યના પુંજ ઉપર કંકુથી સ્વસ્તિક દોરી કળશ સ્થાપીએ.છીએ. તેમાં અગ્રોદક ભરી જળને ગંધથી સુવાસિત કરી દુર્વા પધરાવીએ પછી પંચપલ્લવોથી મંગલકલશ સજાવીએ છીએ. પંચરત્નોથી કલશ શ્રીમંત બને છે. પાછળ વસ્ત્ર નાખીએ ત્યારે તે સુવાસસ્ થાય છે.

આટલું છતાંય કળશ પૂર્ણતયા શોભાયમાન લાગતો નથી. તેની સમગ્ર શોભા અને મહનીય ગૌરવની કોઈ અનિર્વચનીય મંગલ ભાવાનુભૂતિ તેના પર શ્રીફળ મૂકીએ ત્યારે જ થાય છે. તીર્થંકર પરમાત્માની માતાને જે ચૌદ સ્વપ્ન આવે છે તેમાં નવમું સ્વપ્ન તે 'પૂર્ણ કળશ' છે.

સર્જનહારની સૃષ્ટિ સુરમ્ય રંગોની વિવિધ ભાતોથી મઢી નયનમનોહર રંગોળી છે. "स्वस्ति पन्थामनुसरेम" એ સ્વસ્તિવાચન અને આશીર્વાદ સાથે સૃષ્ટિ નિર્માતા માનવ ઘટમાં પ્રાણ પ્રસ્થાપિત કરે છે. કળશનું સ્થાપન ધાન્યના પુંજ ઉપર જ થાય એનો ધ્વન્યાર્થ એ કે અન્નધાન્ય માનવદેહનું આધારભૂત તત્ત્વ છે. કહેવાય છે, अन्नमयः प्राणः प्राणमयः पराक्रमः - અર્થાત્ પ્રાણ એટલે કે જીવન-શક્તિનો આધાર અન્ન છે અને માનવની કર્તૃત્વશક્તિ અર્થાત્ એનું પરાક્રમ પ્રાણ ઉપર નિર્ભર છે. અન્નમય કોશથી પ્રાણમય કોશનો, પ્રાણમય કોશથી મનોમય કોશનો, મનોમય કોશથી વિજ્ઞાનમય કોશનો અને વિજ્ઞાનમય કોશથી આનંદમય કોશનું ક્રમશઃ વિકાસ થાય છે. અન્નથી આનંદ અને પ્રાણથી પરમાનંદ સુધીની ગતિના પાયામાં અન્ન છે. તેથી કરીને કળશનું સ્થાપન તેજપુંજનું વર્ધન કરનાર ધાન્યના પુંજ પર થાય છે.

કળશ જો માનવશરીરનું પ્રતીક છે તો અંદરનું સુવાસિત જળ જીવનસત્ત્વનું સૂચક છે. (આપણી ભાષાની કહેવતો કેટલી સૂચક હોય છે - 'એનામાં તો પાણી જ નથી') સંસ્કૃતમાં પાણીને જીવનમ્ કહે છે. માનવજીવનની સાર્થકતા તેમાં છે કે પાછળ સુવાસ મૂકી જાય. નાટ્યગીતની પંક્તિઓ યાદ આવે છે -

પ્રીતિ પારિજાત ગણાયે
સૂકાય કે બળી જાય છતાં યે
જ્યાં વિકસે ત્યાં સુવાસ એની
પાછળ મૂકી જાય

જળમાં પધરાવેલી દુર્વા વંશસાતત્યની સૂચક છે. દુર્વાનો એક વિશેષ ગુણ છે, એને કાપો તોય વધે, નિર્મૂળ થાય નહીં. દુર્વા સકલ જીવસૃષ્ટિનાં મૂળ સૂચવે છે. પૂર્ણકળશના મુખ પર મૂકેલ પુષ્પપલ્લવ જીવનસમૃદ્ધિનાં દ્યોતક છે. કળશમાં પધરાવેલ પંચરત્નો, પંચમહાભૂતો અને પંચેન્દ્રિયોનાં દ્યોતક છે.

ઈન્દ્રિયો સક્ષમ હોય, શરીર સ્વસ્થ હોય, સુખાકારી અને સમૃદ્ધિ હોય છતાંય માનવીને મહનીય ગૌરવ કેવળ રિદ્ધિથી નહીં, બુદ્ધિથી પ્રાપ્ત થાય છે. માનવ વિચારવંત પ્રાણી છે. કળશ પરનું શ્રીફળ માનવમસ્તિષ્કનું દ્યોતક છે. सर्वेषु गात्रेषु शिरः प्रधानम् અર્થાત્ શરીરના સર્વ અંગોમાં મસ્તક મુખ્ય છે.

કળશ સર્વમંગલ સર્વસુંદર ત્યારે જ લાગે જયારે શ્રીફળની તેના પર સ્થાપના થાય. કલેવર સર્વાંગસુંદર ત્યારે જ બને જયારે બુદ્ધિનો સંચાર થાય, સર્વાંગી વિકાસ થાય. અને વળી, परोपकाराय फलन्ति वृक्षाः - વક્ષો પરોપકારાર્થે ફળ આપે છે. ફળ એ વૃક્ષના વિકાસની ચરમસીમા છે તેવી જ રીતે બુદ્ધિનો વિકાસ અને તેમાંય સ્વાર્થ માટે નહીં કિન્તુ સમષ્ટિના શ્રેયાર્થે બુદ્ધિનું પ્રયોજન જીવનવૃક્ષની પરાકાષ્ઠા છે. શ્રીફળ ખારું જળ પીએ છે. તોય એને મધુરું બનાવીને જગતને આપે છે. તેથી એ કેવળ ફળ નહીં, શ્રીફળ છે. શ્રીફળ કૃતજ્ઞતાનું પ્રતીક છે. કૃતજ્ઞતા સર્વજ્ઞને પામવાનું એક સોપાન છે.

શ્રીફળની ભીતર જલ છે. જયાં સુધી પૂર્ણકલશ જળપૂર્ણ છે, જયાં સુધી કલેવર ચૈતન્યપૂર્ણ છે ત્યાં સુધી તે પવિત્ર છે, સુંદર છે. માનવદેહનું અર્ચનીય તત્ત્વ તે પ્રાણ. જયાં સુધી પ્રાણ ઉલ્લસે ત્યાં સુધી શરીરરૂપી ઘટ સર્વમંગલ છે, ભદ્ર છે. ( યોગશાસ્ત્રમાં પ્રાણના આયામને કુંભક સંજ્ઞા છે. તે પણ અતિ સૂચક છે.) નિષ્પ્રાણ દેહ એટલે મૂર્તિહીન મંદિર ! અભદ્ર, અમંગલ ! ઘટ ઘટમાં રમતા આત્મરાયાનો વિયોગ થયો કે ઘટ ફૂટયો જ જાણો. (મૃત્યુવેળા ઘટસ્ફોટ કરવા પાછળ કે કુંભમાં અસ્થિ પધરાવવા પાછળ આ ભાવના હશે એવી ધારણા છે.) આમ જન્મથી મૃત્યુ સુધી ઘટ જીવનનું પ્રતીક છે.

સંસ્કૃતમાં એક શ્લોક છે જેમાં વિદ્વાનને પૂર્ણઘટની ઉપમા આપી છે અને મૂઢને અધૂરા ઘડાની.

सम्पूर्णकुम्भो न करोति शब्द -
मर्धो घटो घोषमुपैति नूनम् ।
विद्धान्कुलीनो न करोति गर्व
ज्ल्पन्ति मूढास्तु गुणैर्विहीनाः ॥

જેવી રીતે ખીચડ ખદ્ખદ્ થાય ત્યાં લગી જ બોલે જયાં સુધી તે કાચી હોય, ચઢી જાય કે ખદ્ખદ્ અવાજ શમી જાય. તેમ પાણીથી પૂરો ભરાયો ન હોય ત્યાં સુધી જ ઘડો બુડબુડ અવાજ કરે અર્થાત્ બડબડ ગુણવિહીન મૂર્ખ હોય તે જ કરે. વિદ્વાન અને કુલીન નમ્ર હોય છે. (નમ્યા વિના તો ઘડોય પૂરો ભરાતો નથી, નમ્રતા વિના માનવ પણ પરિપૂર્ણ થતો નથી).

મરાઠી સંતકવિઓમાં ગોરા કુંભારનું પણ એક વિશિષ્ટ સ્થાન છે. વ્યવસાયે કુંભાર એવા આ સંતકવિને માટીના ઘડાને ટકોરા મારી માટલું કાચું છે કે પાકું તે ચકાસવાની હથોટી હતી. તેમ માણસ પારખવાની એમની એક અનોખી ઢબ હતી. એમની પાસે આવતા ભક્તજનને માથે ટકોરો મારી ખાતરી કરી લેતા કે આવનાર कच्चमडकं છે કે પ कुकमडकं,ભક્ત ખરેખર ભક્તિરસથી છલકાતો ઘડો છે કે અધૂરો ઘડો છે કે તદ્દન ખાલીખમ. એક બે આડવાત કરી લઉં. મહાભારતની કથામાં ભીમના શક્તિશાળી પુત્રનું નામ છે ઘટોત્કચ. ઘટ એટલે ઘડો અને ઉત્કચ એટલે જેના માથે બિલકુલ વાળ નથી તે - ટાલિયો આ ભીમપુત્ર ઘટોત્કચનું ટાલિયું માથું ધડ/શરીર પર એવું તો લાગતું હતું જાણે કે ઊંધો મૂકેલો ઘડો. તેથી તેનું નામ પડયું ઘટોત્કચ. અગસ્ત્યમુનિને ઘટયોનિ અને મંગળના ગ્રહને ઘટેશ એવી સંજ્ઞા છે.

ગોરા કુંભારની જેમ અન્ય ભક્તિમાર્ગી સંતકવિઓએ પણ દેહને ઘટની ઉપમા આપી છે. તુલસીદાસજી માનવમાત્રને અરજ કરે છેઃ -

"દયા ધરમ કો મૂલ હૈ પાપ મૂલ અભિમાન;
તુલસી દયા ન છાંડીએ જબ લગ ઘટ મેં પ્રાણ."

તો ગુરુ નાનક કહે છે -

"કાહે રે બન ખોજન જાઈ
સર્વનિવાસી સદા અલેપા.....
ઘટ હી ખોજો ભાઈ."

આવાં તો અનેક ઉદાહરણો છે જેમાં સંતોએ દેહને ઘટની ઉપમા આપી છે. કળશ મોટો હોય તો ઘટ બને. "ઘાટ ઘડિયાં પછી નામરૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોય."

ઘટ દુર્ગાનું ચિહ્ન છે. ગુડી પડવાએ સજાવેલી ગુડી પણ કળશનો જ પ્રકાર છે અને નવરાત્રિનો ગરબો અર્થાત્ દીપગર્ભઘટ એટલે પણ કળશ જ. માત્ર તે સજળ નહીં, સ-તેજ છે. કવિશ્રી ભાણદાસની ગરબી છે -

"ગગનમંડળની ગાગરડી ગુણ ગરબી રે
દિનમણિ સૂરજ દીપક કરીયું ગુણ ગરબી રે
તેજ તણો નહીં પાર ગાઉં ગુણ ગરબી રે.

નવરાત્રિનો 'ગરબો' એટલે સચ્છિદ્ર ઘટમાં દીપનું સ્થાપન. ઘડો દેહનું પ્રતીક છે. અંદરની દીપકળી આત્મજયોતિની, જયોતિષ્મન્ત પરમતત્ત્વની ઘોતક છે. છિદ્રો ઈન્દ્રિયોનું પ્રતીક છે. ઈન્દ્રિયો દ્વારા આત્માનો પ્રકાશ બહાર રેલાય છે. ઘડામાં છિદ્ર હોય તો પાણી વહી જાય, ચૈતન્ય વહી ગયા પછી રહી જાય ખોળિયા જેવો ઘડો. તેવી રીતે સચ્છિદ્ર ઘટમાંથી ઈન્દ્રિયોનું રેલાતું તેજ ધીમે ધીમે વિલાતું જાય. દેહ જીર્ણશીર્ણ થાય. કઠોપનિષદ કહે છે- सर्वेन्द्रियाणां जरयन्ति तेजः તેજ રેલાતું બંધ થાય અને માનવ કાળનો કોળિયો બને. (કલશ, કલેવર, કલા અને કાલ ચારેય શબ્દોમાં એક જ ધાતુ છે 'કલ')

નવરાત્રિના દીપગર્ભઘટની આજુબાજુ ગરબે ઘૂમવાની આપણી પ્રથા છે એનો આધ્યાત્મિક અર્થ એ કે હિરણ્યગર્ભ પરમતત્ત્વની આસપાસ આખો સંસાર, જન્મ અને મૃત્યુની ઘટમાળ ચક્રાકારે ગરબે ઘૂમે છે. સંસારચક્રને, કાલચક્રને અબાધિત રાખે છે.

ગલન્તિકાની (અર્થાત્ ૧. જળાધારી જે કળશનો જ એક પ્રકાર છે અથવા ૨. ઘટિકાયંત્ર) જેમ દેહ ગળતો જાય છે. સમયની રેત પર જીવન સરતું જાય છે. સંસાર સરસર સરકતો રહે છે. આ સંસારચક્રને ઘટમાળની ઉપમા આપી છે. આપણા મૂર્ધન્ય કવિશ્રી નરસિંહરાવ દિવેટિયાની પંક્તિઓ યાદ આવે છે.

"છે માનવી જીવનની ઘટમાળ એવી
દુઃખ પ્રધાન સુખ અલ્પ થકી ભરેલી."

દુઃખગ્રસ્ત સંસારના ઉદ્ધાર માટે ચાર આર્યસત્ય આપનાર ભગવાન બુદ્ધનું - અવલોકિતેશ્વરનું - વિશેષ અભિજ્ઞાનચિહ્ન કળશ છે. અવલોકિતેશ્વરનો આ કળશ કરુણામૃતથી છલકાય છે.

કળશમાં અમૃતની કલ્પનાનું મૂળ શક્યતો સમુદ્રમંથનની કથામાં મળે છે. અમૃતની પ્રાપ્તિ માટે દેવો અને દાનવોએ સમુદ્રમંથન કર્યું. પ્રથમ તો હલાહલ વિષ નીકળ્યું એને કલ્યાણકારી શિવજીએ પીધું. પછી ચૌદરત્નો અને અંતે અમૃતકુંભધારી ધન્વન્તરિ પ્રગટ થયા. અમૃતપ્રાપ્તિની ઝપાઝપીમાં અમૃતકુંભમાંથી જે જે સ્થળોએ અમૃતબિંદુઓ સરી પડયાં તે તે સ્થળોએ કુંભમેળો શરૂ થયો એવી માન્યતા છે. એનું તાત્પર્ય એ કે માનવદેહ એક કુંભ છે, દેહ ઘડુલો છે, દેહ છાલો છે, ઈશ્વરનો દીધેલો છે તો સૃષ્ટિ માનવરૂપી કુંભનો મહદ્ મેળો છે. એમાં વિષ પણ છે અને અમૃત પણ. દૈવી સંપદ્ પણ છે અને આસુરી પણ. બન્ને વચ્ચેનો સંઘર્ષ પણ છે અને સમાધાન પણ. સર્વથી એ ઉપર છે - આ સૃષ્ટિના રંગમેળામાં આપણને મ્હાલતા કરનાર, અમૃતત્વની મોહિની લગાડનાર, કરુણામૃતની લ્હાણ કરાવનાર - લોકમહેશ્વર માધવ. રસથી ભરેલી મટુકી છે, મટુકીમાં માધવ છે. ગોવિંદ આનંદ સ્વરૂપ છે. ગોવીંદામાં આનંદનો હિલ્લોળ છે. ગમતાંનો ગુલાલ છે. સહજીવનની રસલ્હાણ છે.

લોકોત્સવ, લોકસંગીત અને લોકનૃત્યના ક્ષેત્રમાં પણ ઘડાએ રસ રેલ્યો છે. ઉત્તરપ્રદેશનું ચરકલા, પંજાબનું જાગો અને ગુજરાતનું જાગ - આ બધાં ઘટનૃત્યો છે. દક્ષિણ ભારતનું વાદ્ય ઘટમ્ અને ગુજરાતની માણ પણ ઘડાના જ પ્રકાર છે.

તીર્થંકર પરમાત્માની સ્નાત્રપૂજામાં કળશનું ઘણું મહત્ત્વ છે. દેવો એક કરોડ સાઠ લાખ - કળશ વડે પ્રભુને ક્ષીરસમુદ્રના સુગંધી ઔષધયુક્ત જળથી સ્નાન કરાવે છે. કવિ વીરવિજયજી લખે છે, 'સાઠ લાખ ઉપર એક કોડી, કળશાનો અધિકાર.'

વાસ્તુકલામાં તો કલશ – सर्वोपरि विराजते – સર્વોચ્ચ સ્થાને વિરાજે છે. મંદિર કહીએ એટલે કળશ જોઈએ જ. તો જ મંદિર પૂર્ણત્વ પામે. કહેવાય છે – कलहान्तानि हर्म्याणि कलशान्तं मन्दिरम् અર્થાત્ જયાં કલહ-કંકાસનો અંત છે તે ઘર છે અને જયાં ઝળકતો કળશ છે તે મંદિર છે.

કળશ પૂર્ણાહુતિના પ્રતીક તરીકે પણ વપરાય છે. જૈનોની 'પૂજા' ના પ્રકારની રચનાઓમાં તથા અન્ય કેટલીક રચનાઓમાં અંતે 'કળશ' ની પંક્તિઓ આવતી હોય છે. ઘણી જૈન હસ્તપ્રતોમાં તે જયાં પૂર્ણ થાય ત્યાં 'કળશ'ની ઝીણી અક્ષર જેટલી આકૃતિ દોરવાની પ્રથા જોવા મળે છે. (એ આકૃતિ વખત જતાં લહિયાઓનાં અજ્ઞાન અને ઉતાવળને કારણે 'છ' જેવી બની ગઈ હતી.)

આ કળશ ઊંચો થઈને જગતને ઈતિકર્તવ્યતાનો સંદેશ આપતો રહે છે. સંત જ્ઞાનેશ્વરે શ્રીમદ્ ભગવદ્ ગીતાને ગીતામંદિરની ઉપમા આપી છે. ગીતા જો મંદિર છે તો ગીતાનો પંદરનો અધ્યાય અર્થાત્ પુરુષોત્તમયોગ ગીતામંદિરનો કલશાધ્યાય છે. જન્માષ્ટમીએ જન્મેલા સંતકવિ જ્ઞાનેશ્વરનો સમષ્ટિને સંદેશ છે -

"દેહને મંદિર બનાવી, આત્મરૂપી વિઠ્ઠલને ઓળખી, ઈશ્વરની આ કલદારકૃતિ એવા કલેવરની કૃતાર્થતાનો કલશાધ્યાય લખી જીવનગ્રંથની સમાપ્તિ કરો."

***

# ધર્મયુદ્ધોના ઝરતા અંગારા

□ વિજયગુપ્ત મૌર્ય

જગત મધ્યયુગનાં ખ્રિસ્તી વિરોધી મુસ્લિમ ધર્મયુદ્ધ તરફ ઘસડાઈ રહ્યું છે. ઈતિહાસમાં આ ધર્મયુદ્ધો "ક્રુઝેડ" નામે જાણીતાં છે. ધર્મયુદ્ધોનો બીજો મોરચો જેહાદ તરીકે ઓળખાય છે . જેમાં નવોદિત ઈસ્લામ ધર્મના કેટલાક ઝનૂની પ્રચારકો એમ માનતા હતા કે સ્વર્ગ માત્ર મુસ્લીમો માટે જ અનામત છે, અને ઈસ્લામમાં નહિ માનનારા લોકોનું બુદ્ધિ વડે નહિ તો બળ વડે, તેમનું ઈસ્લામીકરણ કરવું જોઈએ. અને તેમ કરનારને પણ પુણ્ય હાસલ થાય છે. ઈસ્લામમાં નહિ માનનાર "કાફરો" માટે સ્વર્ગ નથી. આ વિચારસરણી પાછળ ધાર્મિક ભાવના કરતાં રાજ્યો અને સામ્રાજ્યો જીતવાની મહત્ત્વાકાંક્ષા વધારે હતી. ચંગીઝખાન મુસ્લિમ ન હતો. પણ તેણે છેક પૂર્વ યુરોપ સુધી અને નૈઋત્ય એશિયા સુધીની દુનિયાને ધમરોળી નાખી હતી અને પૂર્વ એશિયાથી પૂર્વ યુરોપ સુધીના દેશોના જાનમાલનો એવો વિનાશ કર્યો હતો કે, જગતના ઈતિહાસમાં તેનો કોઈ જોટો નથી. (ચંગીઝખાન અથવા જંઘીઝખાન નામમાં ખાન શબ્દ મુસ્લિમ નથી. તે મોંગોલિયામાં ઉમરાવનો દરજ્જો દર્શાવતો શબ્દ છે. મોંગોલિયા આજે પણ મુખ્યત્વે બૌદ્ધ છે.)

ઈ.સ.ની ૧૫મી સદીથી ધર્મના નામે એક વધુ વ્યાપક યુદ્ધ સળગ્યું. ઈસુએ કોઈ ધર્મ સ્થાપ્યો ન હતો. તેઓ પોતે યહૂદી હતા. અને તેમણે ધર્મમાં પેઠેલા સડાને દૂર કરવા ઝુંબેશ ઉપાડી હતી. પશ્ચિમ એશિયા પર શાસન રોમન સામ્રાજયનું હતું. અને ઈસુ ખ્રિસ્તને દ્વેષી યહૂદીઓએ રોમન સૈનિકો દ્વારા પકડાવી દઈને વધસ્થંભ પર ખીલા વડે જડાવીને તેમનું મોત નીપજાવ્યું હતું. ખ્રિસ્ત શબ્દ કદાચ પહેલીવાર ઈસુ મસિહ (પયગંબર) માટે વપરાતો થયો. પયગંબર હોવાનો વિનમ્ર ઈસુનો કોઈ દાવો ન હતો. અને જો તેના શિષ્યો પૈકી ચાર શિષ્યો, મૅથ્યુ, માર્ક, લ્યુક અને જહૉને નવાં વસિયતનામાં તરીકે ઓળખાતું નવું બાઈબલ લખ્યું ન હોત તો, કદાચ આપણે ઈસુથી પરિચિત થયા ન હોત. ઈસુના નામે ઓળખાયેલો બોધ (GOSPEL) યહૂદી અને મુસ્લિમ ધર્મમાં વેરાઈ ગયો હોત. એક ઓછી જાણીતી હકીકત એ છે કે, યહૂદીઓ આપણા દેશમાં ઈસુના જન્મ પહેલાં અથવા તેની આસપાસના કોઈ સમયે આવ્યા હતા. મંદિર બાંધીને પોતાના ધર્મનો પ્રચાર કર્યો હતો. તેમને હિંદુસ્તાન સુધી આકર્ષી લાવનાર મલબારના તેજાના અને હિંદનું મુલાયમ કાપડ હતું.

ભૌગોલિક રીતે, ઈઝરાયેલ અથવા પેલેસ્ટાઈન (ફીલીસ્ટાઈન) પશ્ચિમ એશિયામાં ભૂમધ્ય સમુદ્રના કાંઠાના સિરિયાની ગોદમાં છે. ઈસુની હત્યા પછી, પશ્ચિમ એશિયા યહૂદીઓ અને ખ્રિસ્તીઓની વચ્ચેના ધર્મયુદ્ધનું રણમેદાન બની રહ્યું. જયાં સુધી યુરોપમાં રોમન સામ્રાજયનું વર્ચસ્વ હતું ત્યાં સુધી ખ્રિસ્તીઓ ત્યાં ફાવ્યા નહિ. રોમનોને તેમનો પોતાનો આર્ય ધર્મ કહી શકાય એવો ધર્મ હતો. તેમાં દેવદેવીઓના મંદિરો હતા. તેવું જ પ્રાચીન ગ્રીસ વિષે હતું. તેની ઉપર પણ, આપણા પૌરાણિક સાહિત્યનો અને સંસ્કૃત ભાષાના શબ્દોનો પ્રભાવ

હતો. બીજી આશ્ચર્યની વાત એ છે કે ખ્રિસ્તી ધર્મ યુરોપ પહોંચ્યો તે પહેલાં હિંદુસ્તાનના પશ્ચિમ કાંઠે તે સ્થપાયો હતો. આમ, આપણો દેશ જગતના બે પ્રાચિન ધર્મોનો યજમાન બન્યો હતો. ભારતમાં જૈન અને બૌધ્ધ ધર્મોનો પ્રભાવ તો સર્વોપરિ હતો. યહૂદી ધર્મ બહુ પ્રાચીન ધર્મ ગણાય છે. ઘણા વિદ્વાનો, જૈન અને બૌધ્ધ ધર્મને હિંદુ ધર્મની શાખાઓ જેવા સંપ્રદાય ગણે છે. તેમ છતાં, તે દરેકને પોતપોતાનું તત્ત્વજ્ઞાન છે, પોતપોતાનું સાહિત્ય છે. યહૂદી ધર્મના સ્થાપક અબ્રાહમ તરીકે ઓળખાય છે. ખ્રિસ્તી ધર્મના પયગંબર ઈસુ હતા. ઈસ્લામના સ્થાપક અને છેલ્લા પયગંબર તરીકે હઝરત મહંમદ પયગંબરને ઓળખાવવામાં આવે છે. પરંતુ હિંદુ ધર્મના સ્થાપક કોણ ? હિંદુ શબ્દ પણ આપણી ભાષાનો નથી ! વિદેશના મુસ્લિમો આપણા દેશને સિંધ અથવા સિંધુદેશ તરીકે ઓળખતા હતા. તેની ઉપરથી હિંદ અને હિંદુદેશ શબ્દો આવ્યા, અને આપણે પણ આપણને હિંદુ તરીકે ઓળખાવવા લાગ્યા ! હિંદુ ધર્મમાં ઘણા પંથ અથવા સંપ્રદાયો છે. જેમકે, શૈવ, વૈષ્ણવ, દૈવી અથવા શાક્તમાર્ગી, આર્યસમાજ વગેરે. પરંતુ આશરે ૩૫૦૦ થી ૪૦૦૦ વર્ષ પહેલાં, પશ્ચિમ એશિયામાંથી અથવા પૂર્વ યુરોપમાંથી આર્યો આ દેશમાં વસવા લાગ્યા, ત્યાં સુધી હિંદુ ધર્મના સ્થાપક તરીકે કોઈના નામનો ઉલ્લેખ થતો નથી. શીવપંથી શીવને મહાદેવ ગણે છે. વૈષ્ણવો વિષ્ણુને અને તેમના અવતાર તરીકે શ્રીકૃષ્ણને ભજે છે. અને ગીતાને શ્રીકૃષ્ણે આપેલો બોધ ગણે છે. શ્રીરામ પણ ઈશ્વરના અવતાર ગણાય છે. અને હિંદુઓના જીવનમાં ઓતપ્રોત હોય છે.

કેટલાક વિદ્વાનો એમ માને છે કે આર્યો બહારથી આવ્યા નથી, તેઓ અહીંના જ વતની હતા. અને દ્રવિડોને દક્ષિણમાં પાછળ હઠાવીને સમગ્ર દેશમાં હિંદુ ધર્મ ફેલાવ્યો. ઈતિહાસકારો એમ માને છે કે આર્યોએ આવીને સિંધુ સંસ્કૃતિ ઉપર વિજય મેળવ્યો, તેમના યજ્ઞ યાગાદિ, કર્મકાંડોમાં હિંસા ઘણી, થતી હોવાથી તેમના સંપ્રદાય સામે વિરોધ જાગવાથી જૈન અને બૌધ્ધ સંપ્રદાયો સબળ થયા. અહીં ઈતિહાસ અને ધર્મ એકબીજામાં ભળી ગયા છે.

આજે હિંદુ ધર્મના નામે જે સંપ્રદાયો ચાલે છે, તેમાં દેવદેવીઓની અછત નથી. ઈરાનના આર્યોની જેમ હિંદુ ધર્મમાં પણ આદિ અથવા મુખ્ય દેવ અગ્નિને માનવામાં આવે છે. ઈરાનમાં અને આપણા દેશમાં વારંવાર ભભુકતા દાવાનળો અને જ્યાં જ્વળામુખીઓ હોય ત્યાં તેમના બિહામણા સ્વરૂપ જોઈને, અગ્નિને, પ્રથમ દેવ તરીકે માનવામાં આવ્યા હશે. હિંદુ ધર્મમાં ત્રણ દેવોની ત્રિમૂર્તિ છે : પૃથ્વીના સર્જક બ્રહ્મા, સૃષ્ટિનાં પાલક વિષ્ણુ અને પૃથ્વીનો પ્રલય કરનાર મહાદેવ શિવ. પછી તો અસંખ્ય દેવદેવીઓની અને તેમના પ્રતીકરૂપ પ્રાણીઓની પણ કલ્પના કરવામાં આવી છે. જે બુધ્ધિયુક્ત ન હોવા છતાં, ભાવિકોની શ્રધ્ધાના પ્રતીક હોય છે.

સ્વામિ દયાનંદ કહેતાં, કે, જો તમે તમારા દેવદેવીઓને ઉંદરો વગેરેના ઉપદ્રવોથી બચાવી ન શકો તો તમને પોતાને વધુ ઉપદ્રવી શત્રુઓ સામે કેવી રીતે બચાવી શકશો ? ધર્મ હિંસા ઉપર આધારિત હોઈ શકે નહિં. હિંસાયુક્ત ધર્મ એ ધર્મ નથી, અધર્મ છે. યજ્ઞમાં જીવતા પ્રાણીને હોમવા તે ધર્મની વિકૃતિ છે. કોઈ ધર્મને કોઈ પ્રાણીનું બલિદાન જોઈતું નથી.

બલિદાનની પ્રથા આર્યો પશ્ચિમ એશિયા અને ભૂમધ્ય સમુદ્રના કાંઠાના દેશોમાંથી લાવ્યા હોય એમ લાગે છે. પ્રાચીન ગ્રીક- અને રોમન સંસ્કૃતિમાં મોટા ધાર્મિક ઉત્સવો યોજાતા હતા. જે સામાજિક આનંદ પ્રમોદ, વ્યાયામ, અને ખેલ-કુદ-દોડના આનંદોત્સવમાં ફેરવાઈ જતાં. અને સમગ્ર પ્રજા ખેલવીર તરીકે કે ઉત્સાહી પ્રેક્ષકો તરીકે ભાગ લેતી. યજ્ઞયાગાદિમાં દેવદેવીઓને પ્રસન્ન કરવા તથા યજ્ઞના પ્રાણીઓના આત્મા મૂક્ત કરવા, જીવતા પ્રાણીઓના બલિદાન પણ અપાતા હતા. એટલું જ નહિં પણ, માનવ બલિદાન પણ અપાતા હતાં. બળ અને યુધ્ધની સ્પર્ધામાં લોહીને રેડાય ત્યાં સુધી સ્પર્ધા બરાબર જામી ન કહેવાય. ભાંગફોડ અને હિંસાના દ્રશ્યો પ્રેક્ષકોને પ્રસન્ન કરતા હતાં. ત્યાં ગુલામીની પ્રથા પણ હતી. અને દેવસ્થાનોના ઉત્સવોમાં ગુલામોને જંગલી પ્રાણીઓ સાથે અને તેમના બલિદાન માટે નક્કી થયેલા ગુનેગારો સાથે લડાવવામાં આવતા હતા. ત્યારે આરબ અને યહૂદી પ્રજા સેમાઈટ તરીકે ઓળખાતી હતી. અને તેમાં એસીરીયન, હિબ્રુ, વગેરે તે કાળની ઘણી જાતિઓનો સમાવેશ થતો હતો. તેઓ પૌરાણિક કથાના એક નાયક નોઆહના અનુયાયીઓ હતા. નોઆહના પુત્ર શેમના વારસ તરીકે ગણાય અને ઈજીપ્તથી ઈરાન સુધી તેઓ પથરાયેલા હતા. પુરાણ કથામાં નોઆહે માનવ સૃષ્ટિને અને પ્રાણીસૃષ્ટિને જળપ્રલયમાંથી બચાવી લીધી હતી એમ કહેવાય છે. સેમાઈટ પ્રજાનું મૂળ વતન અરબસ્તાન હતું. આમ સેમાઈટ પ્રજામાં આરબો સાથે હિબ્રુઓ અથવા યહૂદીઓનો પણ સમાવેશ થાય છે.

યહૂદીઓનો મૂળ પુરુષ અબ્રાહમ હતો. કથાઓ કહે છે કે અતિ વૃધ્ધ વયે અબ્રાહમે હગાર નામની ઉપપત્ની કરી હતી. જેણે એ શતાયુ બુઝર્ગને ઈસ્માઈલ નામનો પુત્ર આપ્યો હતો.

યહૂદી અને ઈસ્લામ ધર્મમાં હજી પણ બલિદાનનું મહત્ત્વ ઘણું છે. એ બંને ધર્મોની ફીલસૂફી કહે છે કે જેની ઉપર તમને વધુમાં વધુ પ્રેમ હોય તેનું ઈશ્વરને બલિદાન આપો. અબ્રાહમને ઈસ્માઈલ પર વધુમાં વધુ પ્રેમ હતો, તેથી તેણે ઈસ્માઈલની હત્યા કરવા એક છરો કાઢયો, પરંતુ ઈશ્વરે પ્રસન્ન થઈને ઈસ્માઈલને ઠેકાણે એક બકરાને મૂકી દીધો. તેથી આજે પણ આ બંને ધર્મોમાં બલિદાનનું મહત્ત્વ ઘણું છે. હવે શ્રધ્ધાળુઓ કોઈપણ શુભ-અશુભ પ્રસંગોએ ઘેટાં અથવા બકરાના બલિદાન આપે છે. જેમ વધુ બલિદાન દેવાય તેમ, ઈશ્વર વધુ પ્રસન્ન થાય. ઈ.સ.૫૭૦ ના અરસામાં ઈસ્લામ ધર્મના સ્થાપક હઝરત મહંમદ પયગંબર સાહેબનો જન્મ થયો. અને તેમણે મોટા થઈને ધર્મ સુધારણાની ઝુંબેશ ઉપાડી. ત્યાં સુધી આરબો પણ મૂર્તિપૂજક હતા.ખુદ મક્કામાં દેવદેવીઓના મંદિરો હતા. મહંમદે કહ્યું કે અલ્લાહ એક જ છે, અને હું તેનો છેલ્લો પયગંબર છું. મૂર્તિ દ્વારા અલ્લાહની પૂજા કે આરાધના થઈ શકે નહિ તેથી, મક્કા અને મદિનામાં મંદિરોનો નાશ કરવામાં આવ્યો. તે વખતે પણ મક્કામાં આજે કાબા નામનો પથ્થર છે. તેનું મહાત્મ્ય ઘણું હતું. તેથી લોકોની માગણીને માન આપીને કાબાને મહંમદ પયગંબરના ઈસ્લામમાં કેન્દ્રમાં મૂકવામાં આવ્યો. હજી પણ ઈસ્લામ ધર્મમાં તેને સૌથી વધુ પવિત્ર પ્રતીક માનવામાં આવે છે. વિદ્વાનો માને છે કે તે આકાશમાંથી આવી પડેલ, ખરેલો તારો છે. પછી જે અથડામણ થઈ તેમાં પયગંબરને પીછેહઠ કરવી પડી. તેમણે બીજું પવિત્ર નગર મદીના જીતી લીધું.અને ત્યાંથી તેમના ઈસ્લામ પરસ્ત રાજ્યનું શાસન કર્યું. તેઓ મક્કાથી ઈ.સ. ૬૨૨માં ભાગી ગયા હતા. તેથી તેમની આ હિજરતથી તે સાલથી મુસ્લિમ કેલેન્ડર શરૂ થાય છે. ઈ.સ. ૬૩૦માં તેમણે લડાઈ વિના મક્કા જીતી લીધું. જગતના ઈતિહાસમાં આ બહુ મહત્ત્વની ઘટના હતી, કારણકે, થોડીક સદીઓમાં જ, ઈસ્લામ ધર્મ પશ્ચિમમાં અફ્રિકાના વાયવ્ય ખૂણામાં મોરોક્કો સુધી અને એશિયાના પ્રશાંત મહાસાગરને કાંઠે ચીન સુધી ફેલાઈ ગયો. મોરોક્કોથી જીબ્રાલટરની સામુદ્રધુની ઓળંગી જઈને યુરોપના નૈઋત્ય ખૂણે પોર્ટુગલ અને સ્પેન ઉપર મુસ્લિમોએ ચડાઈ કરી અરબસ્તાનમાંથી ઈરાકના બગદાદને કેન્દ્રમાં રાખીને મુસ્લિમ આરબોએ ઈરાન, અફઘાનીસ્તાન, અને છેક મધ્યએશિયામાં ચિનાઈ તુર્કસ્તાન ( વર્તમાન ચીનના સિંકીયાંગ પ્રાંત) સુધી પોતાની આણ ફેલાવી અને મુસ્લિમ રાજ્યો તથા સામ્રાજ્યો રચ્યાં. આ પ્રદેશોમાં ઈસ્લામનો પ્રતિકાર ચાલુ રાખવામાં અફઘાનીસ્તાન (સંસ્કૃત- અપગાન) છેલ્લું હતું. કાશ્મીર હિમાલયનો વિસ્તાર અફઘાનીસ્તાનમાં પહોંચે છે. તેના અતિ ઠંડા કઠોર હવામાનમાં આર્યોએ લગભગ ૧૯મી સદીના અંત સુધી સામનો કર્યો, પરંતુ છેવટે તેમને મારી નાખવામાં આવ્યા, તેની યાદમાં આ અફઘાન હિમાલયને હિંદુ કુશ (હિંદુઓની હત્યા) નામ આપવામાં આવ્યું. અહીં ભગવાન બુધ્ધની એક વિશાળ-સુંદર મૂર્તિ હતી, તેનો નાશ કરવા તોપગોળાનો પણ ઉપયોગ કરવામાં આવ્યો ! ભારતમાં શ્રીમતી ઈંદિરા ગાંધીની સરકાર હતી ત્યારે, અફઘાન સરકારે, તેમની મદદથી આ મૂર્તિનો જીર્ણોધ્ધાર કરાવ્યો.

મુસ્લિમોએ ઈસ્લામ ધર્મ ઠોકી બેસાડવા, એક હાથમાં કુરાન અને બીજા હાથમાં તલવાર ઉગામીને આક્રમણો કર્યા હતા, એવી છાપ પડી છે તે તદ્દન સાચી નથી. ઈસ્લામ તેમને જોમ અને જુસ્સો આપનાર પરિબળ હતું, એ ખરું, પરંતુ તેમનો મુખ્ય હેતુ તો જૂની દુનિયાના વિશાળ જગતના રાજ્યો અને

સામ્રાજ્યો ફેલાવવાનો હતો. અને એ રીતે નાના મોટા ઘણા દેશ-પરદેશોને પોતાની સત્તા નીચે આણ્યા હતા. એક પ્રજા તરીકે આરબ પ્રજાની સંસ્કૃતિ, વિદ્યાપ્રેમ અને વિજ્ઞાન પ્રત્યેની અભિરુચીની ઉપેક્ષા થઈ શકે નહિ. જૂની દુનિયાના હિંદી મહાસાગર અને દક્ષિણપૂર્વમાં ઈન્ડોનેશિયાના સાગર મહાસાગર ખેડવામાં ભારતીય વહાણવટીઓ અને ઈસ્લામ પહેલાના આરબો ભાગીદાર હતા. આપણા દેશી વહાણવટામાં આરબ શબ્દો છે અને કેટલાક ભૌગોલિક નામો સંસ્કૃત છે. દા.ત. ગુજરાતથી કે મલબારથી સઢવાળા વહાણો જયારે એક અઠવાડિયા કે વધુ દિવસો સુધી આજના અરબી સમુદ્ર અને હિંદી મહાસાગર ઓળંગે ત્યાં સુધી ઉપર આભ અને નીચે પાણી સિવાય બીજું કશું દેખાય નહિ, સિવાય કે ઘણીવાર હવામાનના અને સમુદ્રના બિહામણા તોફાનો, તેથી એડનના અખાતમાં પહોંચતી વખતે પહેલીવાર હરિયાળી ધરા નિહાળીને વહાણવટીઓ સુખ અનુભવે તે ધરતીનું નામ સુખધરા આપવામાં આવ્યું તે કેટલું યોગ્ય છે! આ ટાપુ આજે પણ સુખધરા જ છે, પરંતુ પોર્ટુગીઝોએ અને અંગ્રેજોએ તેનું અપભ્રંશ કરીને નકશામાં સોકોતરા છાપ્યું છે. સિંધુ સંસ્કૃતિથી માંડીને ઈસુની કેટલીક સદી સુધીનો સમય ભારતના વહાણવટાનો સુવર્ણયુગ હતો.

ઈસ્લામના આક્રમણના મોજાં અરબસ્તાનમાં ઈસ્લામના પ્રાગટ્ય સાથે શરૂ થયા. પરંતુ ઈસ્લામને કેવળ આક્રમક, મૂર્તિભંજક અને અસહિષ્ણુ ધર્મ તરીકે જોવો તે યોગ્ય નથી. આરબ જગતનો સુવર્ણયુગ બગદાદના ખલિફ હારૂન-અલ-રસિદના શાસનમાં હતો, ઈ.સ. ૭૮૬ થી ૮૦૯. ત્યારે વિદ્યા, વ્યાપાર, કળા, વિજ્ઞાન ખગોળ વગેરે ક્ષેત્રોમાં આરબોએ ઘણી શોધો કરી હતી- અને બગદાદ તેમનું આંતરરાષ્ટ્રીય વિદ્યાધામ હતું. અહીં વિધર્મી વિદ્વાનોને પણ આમંત્રવામાં આવતા હતા અને તેમના ગ્રંથોનું ભાષાંતર પણ થતું હતું. ચીનની વૈજ્ઞાનિક શોધો આરબોએ યુરોપીય પ્રજાને પહોંચાડી હતી. ગણિત અને રસાયણ વિજ્ઞાનમાં આરબો કુશળ હતા. વહાણવટા માટે ખગોળ અને ભૂગોળનું જ્ઞાન હોવું જરૂરી છે. હિંદી મહાસાગરમાં મસ્કત, (અરબસ્તાનના દ્વિપકલ્પ કાંઠે) અરબી સમુદ્રમાં ભારતના પૂર્વ કાંઠાના બંદરો અને પૂર્વ આફ્રિકામાં જંગબાર-ઝાંઝીબાર, આ બે પ્રજાના વ્યાપાર, વાણિજ્ય અને વહાણવટાના ત્રિકોણરૂપે હતા. અરબસ્તાનના દ્વિપકલ્પવાળા રાતા સમુદ્રમાં આ વહાણો યુરોપ માટે ભારતનો વ્યાપારી માલ લઈને જતા હતા, અને ઈરાની અખાતમાં યુફ્રેટિશ તથા ટિગ્રિસ નદીઓના સંગમમાં બસરાના આંતરરાષ્ટ્રીય બંદર સુધી અને ત્યાંથી બગદાદ સુધી પણ પહોંચતા હતા. પરંતુ મધ્ય એશિયામાંથી આવેલા મુસ્લિમ તુર્કો જયારે ખ્રિસ્તી રોમન સામ્રાજ્યના પાટનગર કોન્સ્ટૅટીનોપલ જીતી લઈને પશ્ચિમ એશિયા પર ફરી વળ્યા ત્યારે, ઈજીપ્તથી તુર્કી સુધી ફેલાયેલા અને સમુદ્ર ઓળંગ્યા પછી વણજારો દ્વારા ભૂમધ્યને માર્ગે ભારતનો માલ પહોંચાડનારા આપણા વ્યાપારી માર્ગો બંધ થઈ ગયા. ભારતીય માલમાં મુખ્યત્વે તેજાના અને મુલાયમ સુતરાઉ કાપડ હતા. માંસાહારી યુરોપની પ્રજાને, ભારતીય મસાલા વિના ખોરાક સ્વાદિષ્ટ ન લાગે અને દક્ષિણ યુરોપના દેશોમાં ઉનાળો ગરમ હોવાથી ગરમ કપડા ગમે નહિ, પરંતુ કૉન્સ્ટોટીનોપલ (હવે ઈસ્તંબુલ) વિધર્મી અને લડાયક તુર્કોના હાથમાં જવાથી યુરોપી પ્રજાને આંચકો લાગ્યો અને જેઓ પશ્ચિમ એશિયા અને ઈજીપ્તને માર્ગે સમુદ્રવાટે પૂર્વમાં ન જઈ શકે તો બીજે ક્યાંક સમુદ્ર માર્ગે ભારત પહોંચવાનો માર્ગ હોવો જોઈએ, એમ માનીને યુરોપી વહાણવટીઓ ભારત જવાનો સમુદ્રમાર્ગ શોધવા લાગ્યા. બાઈઝેનટાઈન અથવા પવિત્ર રોમન સામ્રાજ્યના પાટનગર તરીકે કૉન્સ્ટંટીનોપલનું સૌન્દર્ય અપ્રતિમ હતું. પરંતુ ઈ.સ. ૧૪૫૩માં ત્રીજા આક્રમણમાં સુલતાન મહંમદ બીજાએ તેને જીતી લઈને અભૂતપૂર્વ વિનાશ કર્યો. તુર્કોએ આરબોને હરાવ્યા અને પૂર્વમાં સિંધથી પશ્ચિમમાં પોર્ટુગલ સુધી ફેલાયેલું આરબ સામ્રાજ્ય ધીમેધીમે તુર્ક સામ્રાજ્યમાં લીન થવા લાગ્યું. મુસ્લિમ જગતના આગેવાન તરીકે આરબ સામ્રાજ્યનું સ્થાન તુર્કી સામ્રાજ્યે લીધું. ખલિફની ગાદી કોન્સ્ટંટીનોપલમાં આવી, પરંતુ આરબ જગત ભૂંસાઈ ગયું નહિ. સિંધથી જીબ્રાલ્ટર સુધી કોઈને કોઈ ભાંગેલા સ્વરૂપે, અરબી ભાષા પ્રચલિત રહી, કારણ કે તે હઝરત મહંમદ પયગંબરની ભાષા હતી, એટલે કે તે ઈસ્લામ ધર્મની ભાષા હતી, અને ધાર્મિક ગ્રંથો અરબીભાષામાં લખાતા હતા.

ખલિફા સલ્તનતના દુન્યવી સુલતાન હતા. તો ઈસ્લામના ધાર્મિક વડા પણ હતા. ખિલાફતની ગાદી તૂર્કોની સાથે બગદાદથી કોન્સ્ટંટીનોપલ ગઈ. આરબોએ વિદ્યા અને સંસ્કૃતિના ક્ષેત્રે જે નામના મેળવી હતી, તે તૂર્કોએ નહોતી મેળવી. તૂર્ક પ્રજામાં મોંગોલ નૃવંશની કેટલીયે જાતિઓ સમાઈ જતી હતી. તેમના ધાડાં રશિયામાં મૉસ્કો સુધી અને મધ્યયુરોપમાં હંગેરી સુધી ફરી વળ્યા હતા, જેના પરિણામે ખ્રિસ્તી યુરોપીઓ અને મુસ્લિમ તૂર્કો તથા આરબો વચ્ચે લાંબા વિગ્રહોની પરંપરા શરૂ થઈ.

આ પરિસ્થિતિમાં હિંદુસ્તાનમાં દરિયાઈ માર્ગે પહોંચવાની જરૂરિયાત ઘણી વધી ગઈ. તે વખતે યુરોપના દેશો ખ્રિસ્તી બની ગયા હતા. તેમનો સંપ્રદાય મહદ્ અંશે રોમન કૅથોલિક હતો. પોપને તેઓ પોતાના સર્વોપરિ ધાર્મિક નેતા તરીકે સ્વીકારતા હતા. અને તેમાં પણ સ્પેન અને પૉર્ટુગલ પોપના પરમભક્ત હતા. તેમને દુનિયા કેવી છે તેના આકાર અને પ્રકારનો ખ્યાલ ન હતો. તેઓ એટલું સમજતા હતા કે પૃથ્વી ગોળ છે. તેથી પૂર્વમાં આવેલ ભારત પહોંચવાનો દરિયાઈ માર્ગ એ દિશામાં ન મળે તો પશ્ચિમ દિશામાં હંકારવું, જેથી ભારત જવાનો દરિયાઈ માર્ગ મળી રહે. સ્પેનિયાર્ડોએ અને પોર્ટુગીઝોએ વધુ ને વધુ આગળ જઈને શોધખોળ શરૂ કરી દીધી હતી. તેમની વચ્ચે વિવાદ ન થાય તે માટે પોપે પૂર્વ ગોળાર્ધ અને પશ્ચિમ ગોળાર્ધના અક્ષાંશ-રેખાંશ અંદાજીને આ બે શિષ્યો વચ્ચે દુનિયા વહેંચી દીધી. અને તે દેશો જે દેશ પરદેશો નવા શોધે અને જીતે તેમને ખ્રિસ્તી બનાવી. સ્વર્ગના અધિકારી બનવાનો હક પણ કરી આપ્યો!

દરમ્યાન પોર્ટુગીઝ વહાણો વિષુવવૃત્ત ઓળંગી ગયા અને ખાત્રી કરી લીધી કે અહીં સમુદ્રનું પાણી ઉકળતું નથી અને સૂર્યના કિરણો માણસોને બાળી નાખતા નથી. આખરે દક્ષિણનો માર્ગ દક્ષિણ આફ્રિકાના કાંઠા પાસે પૂર્વમાં વળ્યો અને ત્યાંથી ઉત્તરપૂર્વમાં વળાંક લીધો ત્યારે પોર્ટુગીઝો આનંદમાં આવી ગયા. એ સમુદ્ર પૂર્વઆફ્રિકાના કાંઠાને ગજાવતો હિંદી મહાસાગર હતો. અને આરબ તથા હિંદી વહાણવટાની પ્રવૃત્તિથી ગાજતો હતો. આખરે ગુજરાતી વહાણવટીઓના માર્ગદર્શનથી વાસ્કો-દ- ગામાએ કલિકટ (કોઝિકોડે)ના ભવ્ય આંતરરાષ્ટ્રીય બંદરનો માર્ગ શોધી કાઢ્યો.

ઈ.સ. ૧૪૯૮માં વાસ્કો-દ-ગામાનો કાફલો કલિકટ બંદરે પહોંચ્યો ત્યારે ભરતખંડના સુભાગ્ય-દુર્ભાગ્યના ઈતિહાસનો નવો ખંડ શરૂ થયો.

હવે મુસ્લિમ અને બિનમુસ્લિમ જગત વચ્ચે જે સંઘર્ષ જાગી રહ્યો છે તેનું સ્વરૂપ ભૂતકાળના ધર્મયુદ્ધ - (ક્રુઝેડ) થી કાંઈક નિરાળું છે. મુસ્લિમ જગતમાં ઈસ્લામના રૂઢીચૂસ્ત સ્વરૂપ - FUNDAMENTALISM - ના ધોરણે અને નાણા તથા શસ્ત્રોના બળે બિનમુસ્લિમો પર આક્રમણ થઈ રહેલ છે, જે આપણને પણ જખ્મી બનાવે છે, અને આપણી રાષ્ટ્રીય એકતા ને સ્વતંત્રતા જોખમમાં મૂકાઈ ગઈ છે.

***

## વાર્ષિક સ્નેહ મિલન

**શ્રીમતી વિદ્યાબહેન મહાસુખભાઈ ખંભાતવાલાના** આર્થિક સહયોગથી સંઘના સર્વ સભ્યોનું વાર્ષિક સ્નેહમિલન રવિવાર, તા. ૫મી જાન્યુઆરી, ૧૯૯૨ના રોજ સવારે સાડા નવ વાગે બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઈ - ૪૦૦ ૦૦૭ ખાતે રાખવામાં આવ્યું છે. એનો સવિગત કાર્યક્રમ હવે પછી જણાવવામાં આવશે.

□ મંત્રીઓ

# શ્રીમદ્ રાજચંદ્રની દ્રષ્ટિએ સદાચાર - એક અનુશીલન

□ પ્રા. ચંદાબહેન વી. પંચાલી

'સત્ય, શાશ્વત, સનાતન અને અબાધિત છે. સ્થળકાળ બદલવા છતાં ન બદલાય; અનાદિકાળથી અનંતકાળ સુધી તેજ સ્વરૂપે રહે તે સત્ય (આત્મા) એવા પરમ સત્યને પામીને, એ સત્યના જ્ઞાનની જયોત અવિરત અખંડ જલતી રાખીને અનેક મહાપુરુષોએ વિશ્વના કલ્યાણમાં પોતાનો ફાળો આપ્યો છે. દરેક મહાપુરુષ કે સંતમહાત્માએ પોતે અનુભવેલા સત્યને જ પ્રકાશ્યું છે. તેનો જ બોધ કર્યો છે. અને કાળના વહેણમાં અનેક વર્ષો વીતી જવા છતાં તે શાશ્વત સનાતન પરમ સત્ય આજે ય અબાધિત રહ્યું છે. તે સમજવાને, તેને નિરખવાને હૃદયના આધ્યાત્મિક ચક્ષુઓ અને મુમુક્ષુતા જોઈએ મુમુક્ષુતા તે છે કે સર્વ પ્રકારની મોહાસક્તિથી મુંઝાઈ એક મોક્ષને વિષે જ યત્ન કરવો અને તીવ્ર મુમુક્ષતા એ છે કે અનન્ય પ્રેમે મોક્ષના માર્ગમાં ક્ષણે ક્ષણે પ્રવર્તવું.' આવું જેનું કવન છે તેવા પરમકૃપાળું શ્રીમદ્ રાજચંદ્ર આર્ષદ્રષ્ટા, દિવ્યચક્ષુધારક, પરમ જ્ઞાનાવતાર થયા. તેઓ કહે છે 'તું ગમે તે ધર્મ માનતો હોય તેનો મને પક્ષપાત નથી, માત્ર કહેવાનું તાત્પર્ય કે જે રાહથી સંસાર-મળ નાશ થાય તે ભક્તિ-તે ધર્મ અને તે સદાચારને તું સેવજે.' આમાં સદાચારની અર્થવ્યાપ્તિ સમજાય છે. સદાચારને સંસ્કૃતભાષાને આધારે વિચારીએ તો સદ્ + आचारः અર્થાત્ सत्ये आचरति ईति सदाचारः જે આત્મા સત્સ્વરૂપ આત્મામાં આચાર-રમણતા-સ્થિરતા કરે છે તે સત્‌સ્વરૂપ આત્મામાં હોવાથી સદાચારમાં સ્થિત છે. જ્ઞાની પુરુષોની અંતરંગ અધ્યાત્મધારા આ સદાચારને સેવવો તેવું અનુભવને આધારે કથિત કરે છે. અધ્યાત્મ ગ્રંથો પણ આ સદાચારનું નિરૂપણ કરે છે.

એક જ પદાર્થના બે સ્વરૂપ છે. એક સ્વરૂપનું આંશિક કથન કર્યું. બીજું સ્વરૂપ છે. વ્યવહાર સદાચાર - જે શ્રીમદ્ રાજચંદ્રના વચનામૃત ગ્રંથમાં જીવનના ક્રમ પ્રમાણે ઉદ્‌ઘાટિત થયા છે. 'ત્યાગના બે પ્રકાર છે એક બાહ્ય અને બીજો આભ્યંતર. તેમાંનો બાહ્યત્યાગ તે આભ્યંતર ત્યાગને સહાયકારી છે. ત્યાગ સાથે વૈરાગ્ય જોડાય છે કારણ કે વૈરાગ્ય થયે જ ત્યાગ થાય છે. ' આ જ પ્રમાણે અંતરંગ સદાચારને પુષ્ટ કરે તે બાહ્ય સદાચાર છે. તેથી આત્મસિદ્ધિશાસ્ત્રનાં પ્રારંભમાં જોઈ શકાય છે. " બાહ્યક્રિયામાં રાચતો, આંતરભેદ ન કાંઈ, જ્ઞાન માર્ગ નિષેધતાં, તેહ ક્રિયાજડ આંઈ, " આવી ક્રિયાની જડતા પ્રતિભાસિત થાય છે તો જ્ઞાનમાર્ગની સ્થિતિમાં શું બને છે તેને પ્રગટ કરતાં કહે છે."

"બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણી મોહી,"
વર્તે મોહાવેશમાં, શુષ્કજ્ઞાની તે આંહી.

એક માર્ગને મિથ્યાબુદ્ધિથી પકડી જીવ સ્વછંદે આવો બની જાય છે. ત્યારે એક સ્પષ્ટ, સુયોગ્ય, સત્માર્ગની આવશ્યકતા બની રહે છે. જે શ્રીમદ્જી સાક્ષાત્ પ્રત્યક્ષ અનુભવથી આપતાં જાય છે. "જયાં જયાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ; ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ."

આવું નકકર સત્ય નિરૂપણ શ્રીમદ્જીએ આપ્યું છે. પત્રાંક ૬૪૩માં કહે છે, "ત્યાગ, વૈરાગ્ય ઉપશમ અને ભક્તિ મુમુક્ષુ જીવે સહજ સ્વભાવરૂપ કરી મૂકયા વિના આત્મદશા કેમ આવે ? પણ શિથિલ પરિણામથી, પ્રમાદથી એ વાત વિસ્મૃત થઈ જાય છે."

"વચનામૃત ગ્રંથને દ્રષ્ટિ સમક્ષ રાખી સદાચારનો ક્રમિક વિકાસ શ્રીમદ્જી આ રીતે આપે છે. સત્તર વર્ષના આલેખનમાં દ્વાદશભાવનાનું કથયિત્વ હૃદયસ્પર્શી છે."

"સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી અનાથ એકાન્ત સનાથ થાશે, તેના વિના કોઈ ન બાહ્ય સહારો. એવી અશરણભાવના, અનિત્યભાવના, એકત્વભાવના, અન્યત્વ ભાવના આદિ બારભાવનાતું સદષ્ટાન્ત નિરૂપણ સદાચારની સ્થિરતાનું ઉત્તમ નિમિત્ત બને છે. મોક્ષમાળા શિક્ષાપાઠ ૩૪માં બ્રહ્મચર્યનો મહિમા ગાયો છે."

પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન,
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન.

આ સદાચારને માટે પ્રેરક છે. અજ્ઞાન દશાથી જીવાત્મા સાથે તૃષ્ણાની વિચિત્રતા કેવી જોડાઈ ગઈ છે તે શિક્ષાપાઠ ૪૯માં જોવા મળે છે.

સદાચારની ભૂમિકા માટે તેઓ લખે છે -મંદવિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર, કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર તથા દયા શાંતિ સમતા ક્ષમા, સત્ય ત્યાગ વૈરાગ્ય, હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદાય સુજાગ્ય.

જે સદાચારમાં આધારસ્થાન છે. "બિના નયન પાવે નહિ આ કવિતમાં સાધના સદાચારની આધારશિલા નિરૂપે છે. જો સંતની અધ્યાત્મકૃપા મળી તો તે બધુ જ સત્ માર્ગને દઢ બનાવે છે નહિતો જપ, તપ, વ્રત આદિ ભ્રમરૂપ બની રહે છે. માટે સ્વછંદ ત્યાગી સત્ પુરુષનો - તેની અંતરંગ દશાનો ચાહક બને તો તૃષાતૃપ્ત થાય અને પરમ આનંદનો અનુભવ સહજ બની શકે. રાળજ ક્ષેત્રમાં રચેલા 'વીસદોહરા' સદાચારના માર્ગને સુસ્પષ્ટ બનાવે છે. જયાં સુધી જીવ પ્રભુ પ્રભુની લયમાં નિરંતર લીન ન થાય ત્યાં સુધી માર્ગનો ઉદય થઈ શકતો નથી તેથી લખે છે -

'પડી પડી તું જ પદ પંકજે, ફરી ફરી માગું એજ,
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દઢતા કરી દેજ.

આ પદમાં 'એ દઢતા' શબ્દોમાં વિશેષતા છે. પ્રત્યેક સદાચાર શ્રેણી 'એ દઢતા'ના રહસ્યને લક્ષમાં રાખે તો સહજ આત્મસદાચારની પ્રાપ્તિ થાય.

અધ્યાત્મની યુવાવય અને દેહના ૨૪ વર્ષે 'યમ નિયમ સંયમ' - પદમાં સદાચારની યથાર્થ વિચારણા આપી છે. યમ નિયમ, સંયમ સાધ્યો, ત્યાગ વૈરાગ્ય વધાર્યો, વન ઉપવનમાં મૌનપણે દઢ આસનધારી આરાધના આરાધી, પ્રાણાયામ, હઠયોગ, જપયોગ, ઉદાસીન આરાધના પછી શાસ્ત્રના ખંડન મંડન આદિ સાધનો એકવાર નહિ અનંત અનંતવાર કર્યા પણ હજી સત્ નો અનુભવ દૂર છે ત્યારે વિચાર થાય કે જ્ઞાનીપુરૂષના હૃદયમાં રહેલો કોઈ ગુપ્ત આરાધનાનો ક્રમ બાકી રહી જાય છે. ત્યારે સદાચારી સાધક તનથી, મનથી, ધનથી અને સર્વસ્વથી સમર્પણ સ્વીકારી સદ્‌ગુરુની દશાનો ઈચ્છક બને છે. આરત જગાવી અદ્વૈત પામે છે. અમૃત સ્વરૂપ આત્માનો આસ્વાદક બની જાય છે. જે શાશ્વત-સાદિ અનંતકાળ અભેદભાવે પ્રણમી જાય છે. આત્મા-પરમાત્માના મહાસાગરમાં મ્હાલે છે.

સામાન્યજીવોના વ્યવહારમાં સદાચારનો ક્રમ આ રીતે પણ વણી શકાય છે. કર્મનાવશે દુઃખદ પ્રસંગ ઘટે-ત્યારે સદાચારી આત્મા તેના પ્રવાહમાં ન પ્રવાહીત થતાં તે પ્રસંગને 'સાર્થકતા'ના સહારે અસાર્થક અનુભવે છે. વિષયભોગની ક્ષણભંગુરતા તેને સ્વવિચારનાં પ્રદેશમાં લઈ જાય છે. જેથી વૈરાગ્યભાવ પ્રવેશે છે. વૈરાગ્યભાવની દઢતા સદાચારના રાહે દોરી જાય છે. સત્સંગ- સદ્‌ગુરુનો આશ્રય જીવને ગમે છે. તત્ત્વજ્ઞાનના-શાસ્ત્રના વાંચન-વિચાર-મનન-ચિંતન, નિદિધ્યાસન પ્રતિ જીવ અભિમુખ થાય છે. પછી વૈરાગ્યની દઢતા વિશેષ સ્થિર થાય છે. ચિત્ત વધુ ને વધુ નિર્મળ બને છે. વિચાર બળ સુદઢ બને છે. જીવનો અભિગમ તત્ત્વવિચારના અખંડ અભ્યાસમાં લાગે છે. નિરંતર તત્ત્વ અભ્યાસના પરિણામે ચિત્ત સ્થૈર્ય થાય છે અધ્યાત્મના અક્રમમાર્ગને આરાધવા ઉદ્યમશીલ બને છે. સહજ સ્વરૂપે આત્માને અનુભવે છે. પરિણામે શાશ્વત પરમપદ મોક્ષનો સ્વામી બને છે. સાદિ અનંતકાળ આત્મા સહજાનંદ સ્વરૂપે સ્થિત થાય છે.

શ્રીમદજીની જન્મભૂમિ વવાણીયામાં લગભગ ૧૯૫૩માં ૩૦માં વર્ષે લખાયેલ 'અપૂર્વપદની આરાધનાં'માં સદાચારનો શુદ્ધભાવ પ્રગટ થયો છે. શુદ્ધભાવનાનું શુદ્ધ નિદર્શન આ આરાધનાક્રમ છે. આત્મા આંતર-બાહ્ય નિગ્રંથ થવાની ભાવના ભાવે છે. દેહ દૃષ્ટિ વિસરી માત્ર આત્મદષ્ટિ પ્રધાનપણે જીવનમાં વણાય જાય છે. દર્શનમોહ નષ્ટ થતાં આત્મબોધનો ભાનુ ઉદિત થાય છે. સદાચારનો અરુણોદય થાય છે. જડ અને ચેતન બંને તત્ત્વો સુપ્રતીતપણે અનુભવાય છે. દર્શનમોહ નષ્ટ થયા પછી ચારિત્રમોહની પ્રક્ષીણતાનો ક્રમ આરંભાય છે. અપૂર્વ અવસર કાવ્યની ચાર પંક્તિથી તેર પંક્તિ સુધી સદાચારની સુચરિત્રસ્થિતિ, યથાર્થસ્વરૂપે - સત્ય સ્વરૂપે, અધ્યાત્મક્રમે આલેખાઈ છે. બાહ્ય ઉપસર્ગ ગમે તેટલા ભયંકર-વિપરીત આવી પડે પણ શુદ્ધ આત્મ સ્થિરતા પ્રગટી તેનો ભંગ અને અંત આવતો નથી. યોગ પ્રવર્તન અંતે પૂર્ણ થશે. શુદ્ધ

સ્વરૂપના નિરંતરભાન સાથે ક્ષપકશ્રેણીનું આરોહણ કરી શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ, અનન્યમય, અગુરુલઘુ અમૂર્ત પદ રૂપ એવા મોક્ષને પામે છે.

મહાત્મા ગાંધીજીના મન ઉપર શ્રીમદ્જીના સદાચારની ઊંડી છાપ હતી. ગાંધીજી લખે છે "તેમના લખાણોની એક અસાધારણતા એ છે કે પોતે જે અનુભવ્યું છે તે જ લખ્યું છે. તેમાં ક્યાંય કૃત્રિમતા નથી. તેમના લખાણોમાં સત્ નિતરી રહ્યું છે. વૈરાગ્યની લગની કવિ (શ્રીમદ્ રાજચંદ્ર)ની હતી. આ પુરુષે ધાર્મિક બાબતમાં મારું હૃદય જીતી લીધું અને હજી સુધી કોઈ પણ માણસે મારા હૃદય ઉપર તેવો પ્રભાવ પાડયો નથી. મેં બીજે સ્થળે કહ્યું છે કે મારું આંતરિક જીવન ઘડવામાં કવિ સાથે રસ્કિન અને ટોલ્સ્ટોયનો ફાળો છે. પણ કવિની અસર મારા ઉપર વધુ ઊંડી છે કારણકે હું કવિના પ્રત્યક્ષ ગાઢ પરિચય અને સહવાસમાં આવ્યો હતો- નૂતનભારતના નવસર્જનમાં - તેના પાયામાં શ્રીમદ્જીના અધ્યાત્મજ્ઞાન અને સદાચારની વિચારધારાનું અપૂર્વપ્રદાન છે."

સમાપન કરતાં કૃપાળુદેવના આ વચનોની સ્વીકૃતિ કરીએ. "બીજું કાંઈ શોધમાં માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યા જા પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.

સત્પુરુષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે. શાસ્ત્રમાં નથી અને સાંભળ્યામાં નથી છતાં અનુભવમાં આવે તેવું જેનું કથન છે. અંતરંગ સ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે. બાકી કાંઈ કહ્યું જાય તેમ નથી. અને આમ કર્યા વિના તારો કોઈકાળે છૂટકો થનાર નથી; આ અનુભવપ્રવચન પ્રામાણિક ગણ.

એક સત્પુરુષને રાજી કરવામાં, તેની સર્વ ઈચ્છાને પ્રસંશવામાં, તે જ સત્ય માનવામાં આખી જીંદગી ગઈ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદરભવે અવશ્ય મોક્ષ જઈશ."

***

# મારી વિસ્મયકથા

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

પ્રો. ચી. ના. પટેલ કૃત "મારી વિસ્મયકથા" તો મને ૧૯૯૧ ના સપ્ટેમ્બરમાં પુસ્તકરૂપે વાંચવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું. પણ હું હાઈસ્કૂલમાં વિદ્યાર્થી હતો ત્યારથી શ્રી ચીમનભાઈનું નામ મારે માટે વિસ્યજનક હતું ! ચીમનભાઈ અસારવાના મારા મોસાળના. મારા એક સંબંધી શ્રી શિવાભાઈ પી. પટેલ અસારવામાં રહે ને અમદાવાદની સરસ્વતી હાઈસ્કૂલમાં અધ્યાપક તરીકે નોકરી કરે. એમના તરફથી મને સાંભળવા મળેલું કે ચીમનભાઈ પરણવા ગયેલા (માંડ પંદરની વયે) ત્યારે પણ સાથે પુસ્તકોનો થેલો લઈને ગયેલા ! અલબત્ત, આ વાત 'મારી વિસ્મયકથા'માં ક્યાંય આવતી નથી પણ નાની વયે પણ એમની વાચન ભૂખ ' મિથ' (Myth) સમાન હતી એટલું સત્ય તો એ અતિશયોકિતમાં ખરું જ! .

'પ્રબુદ્ધજીવન'માં આ લેખમાળા પ્રગટ થતી હતી ત્યારે હું એ રસ-પૂર્વક વાંચતો એટલું જ નહીં પણ ચીમનભાઈ પરકાયા-પ્રવેશ કરીને જાણે કે મારી જ કથાનો કેટલોક અંશ આલેખી રહ્યા છે એવો સંભ્રમ થતો ! અમો બંને એક જ જ્ઞાતિના. એમનો વિવાહ ચાર વર્ષે થયો, મારો સવા વર્ષે.એ નિશાળે છ વર્ષે બેઠા,હું સાતમા વર્ષે. એમની જેમ મેં પણ બે ધોરણ સાથે કરેલાં. એમ.એ.ની પરીક્ષા પણ ૧૯૪૪ના એપ્રિલમાં અમોએ સાથે આપેલી. એમને બી.એ.માં ફર્સ્ટ ક્લાસ ન આવ્યો, મારે આવ્યો. એમ. એ.માં એમને ફર્સ્ટ ક્લાસ આવ્યો. મારે સેન્ડ ક્લાસ આવ્યો. એ આજીવન અધ્યાપક રહ્યા, હું પણ સાડા ત્રણ દાયકા માટે એમની જ જમાતનો બાવો !

એમને 'ગાંધી-વાઈરસ' મોડો લાગુ પડયો, મને ખૂબ વહેલો. અમારા બંનેના ગર્દભભાઈ પણ સરખી ચાલે ચાલનારા ! કડવા પટેલ જ્ઞાતિની જે વિશેષતાઓ અને મર્યાદાઓ એમણે 'મારી વિસ્મય કથા' માં આલેખી છે. એમાં ઈતર જ્ઞાતિના વાંચકોને ઓછો રસ પડે એ સમજી શકાય... પણ સમાજશાસ્ત્રની દૃષ્ટિએ એનું મૂલ્ય ઓછું આંકી શકાય નહીં. વિસ્મય તો એ વાતનું થાય છે કે જ્ઞાતિની આવી સંકુચિત સામાજિક પરિસ્થિતિને ભેદી, અતિક્રમી બીજ શક્તિની અંતર્ગત તાકાતને તેઓ ખીલવી શકયા.

નિરપેક્ષ દૃષ્ટિએ આ વિસ્મયકથાનું શીર્ષક ત્રિ-વિધ સાર્થક લાગે છે. એક તો લેખકના સમગ્ર સંવિતમાં એક પ્રકારનો વિસ્મયભાવ ગર્ભિત-ગૌપિત કે તદ્રૂપ છે, જે સ્થળે સ્થળે પ્રગટે છે. બીજું, જન્મના સાથી એવા 'ગર્દભભાઈ' પાસેથી તેમણે કેવુંક તો અદ્ભુત કાર્ય કરાવી લીધું છે ! એનો વિસ્મયભાવ પણ ખરો. અને ત્રીજું, નિયમ પ્રમાણે, ૫૫, ૫૮ કે ૬૦ વર્ષે નિવૃત્ત થનારાઓથી પણ વધુ વર્ષો સુધી (લગભગ ૬૬ વર્ષ સુધી) તેઓ નબળી તબીયતે પણ સક્રિય રહ્યા અને આંગ્લભાષા-સાહિત્યની તેમની સજ્જતા અને વ્યુત્પત્તિનો લાભ તેમણે ગુજરાતી ભાષાસાહિત્યને આપ્યો, આપી રહ્યા છે. એનુય તે વિસ્મય. એક રીતે ભલે લેખકની આ સંપૂર્ણ આત્મકથા ન હોય પણ એમાં બીજાં પણ વિસ્મય વંચાય છે. એક તો ગુજરાતના શૈક્ષણિક-સાંસ્કૃતિક ઈતિહાસનો આછો આલેખ, બીજું, ગાંધી-વાઈરસ'ની આબેહૂબ ને અચ્છી ઝલક.

સત્તરમી સદીના સર ટોમસ બ્રાઉન નામના અંગ્રેજ લેખકને પોતાનાં વીતેલાં ત્રીસ વર્ષ કાવ્ય જેવાં આશ્ચર્યમય લાગેલાં, વીસમી સદીના આ લેખકને એના 'બાળપણથી આજ સુધીના સમગ્ર જીવન વિષે એવો ભાવ થાય છે.' 'વિસ્મય કથા' શીર્ષકનું બીજ આ સામ્યમાં શોધવાનું.

ભાઈ સુરેશ દલાલે 'મારી વિસ્મય કથા'ને એક 'વિરલ આત્મકથા' તરીકે બિરદાવી છે એમાંનું 'વિરલ' વિશેષણ સાચુ છે પણ આત્મકથાના સાહિત્ય સ્વરૂપનાં સર્વ વ્યાવર્તક લક્ષણો આમાં જોવા ન પણ મળે ! અહીં તો સ્મરણ કથાની શૈલી અખત્યાર કરી છે એટલે એક આશય આત્મકથાનો સૂચિત થયા કરે છે, એ લક્ષમાં લઈએ તો લેખોરૂપે ભલે સ્મરણ કથા-ગાથા લખાઈ પણ એમાં કાળક્રમ પુનરાવર્તિત થયા કરે છે એ પુસ્તકરૂપે પ્રગટ કરતાં મઠારી લીધો હોત તો સારું થાત.

આ વિસ્મય કથા વાંચતાં એક પ્રબળ ભાવ એ જાગે છે કે કેવી સાંસારિક (વિશેષતઃ : શારીરિક) વિષમતાઓમાં લેખકથી ટકી જવાયું. એમાં સ્વ-મનોબળ અને સગાંસ્નેહીઓનો ઉષ્માસ્પર્શ જેવાં તત્ત્વો રૂપી પરિબળોની ઉપકારકતા કેવીક સબળ-સફળ નીવડી ! એ માટે લેખકે ઋણમુક્તિ-કૃતજ્ઞતાનો ભાવ પ્રગટ કર્યો છે અને એ વિષમતાઓને જીરવવાનો વિસ્મય સંકુલ મનઃસ્થિતિની અનુભૂતિરૂપે મૂર્ત કર્યો છે. વળી આ વિસ્મય કથામાં અન્ય ગુણ લક્ષણોમાં લેખકનો સૂક્ષ્મ હાસ્યરસ, પ્રચ્છન્ન અતૂટ વહેતો જીવનરસ, જીવન પ્રત્યેનું વિધાયક, દૃષ્ટિબિંદુ, એક સમય-સમાજનું ચિત્ર, કેટલાંક સંસ્મરણીય વ્યક્તિ ચિત્રો, રોજિન્દા જીવનવ્યવહારમાં અનુપાલન યોગ્ય નાનકડાં જીવન મૂલ્યોનું નિદર્શન આ બધાંનું પ્રોત્સાહિક શૈલીમાં નિરૂપણ - ગણાવી શકાય. જીવન પ્રત્યે જોવાનો લેખકનો નિરપેક્ષ અને તંદુરસ્ત તેમજ વિધેયાત્મક અભિગમ કોઈને પણ સ્પર્શી જાય તેવો છે. કોઈને આ પુસ્તકના વાંચનમાંથી રોગ-પ્રતિકારક શક્તિ પ્રાપ્ત થાય અને માનસસંબંધનું મૂલ્ય પણ સમજાય તો નવાઈ નહીં. અને આ બધા આલેખનમાં ગાંધીજીની આત્મકથાનાં ઘણાં બધાં ગુણ-લક્ષણો પ્રતિબિંબિત થયેલાં જોઈ શકાય છે. એમાંય 'કલમનું બ્રહ્મચર્ય' તો ખાસ અને વસ્તુ વિવેક તથા સત્ય માટેનો આગ્રહ પણ.

'ઘડપણ કેણે મોકલ્યું', (પ્રકરણ-૧), 'મારા ગર્દભભાઈના પરાક્રમ' (પ્રકરણ-૪), આધ્યાત્મિક સૌંદર્યયોગ (પ્રકરણ-૭), ' ગાંધી વાઈરસ' (પ્રકરણ-૧૬) અને 'બબુમાંથી ચીના' (પ્રકરણ-૧૮) આટલાં પ્રકરણો તો પુસ્તકના શિરમોર સમાન છે. પૃ. ૪૪-૪૫ ૧૧૮-૧૧૯, ૧૨૬, ૧૫૨-૧૫૩ પરના લખાણનું ચિંતન ને તેને અનુરૂપ સુંદરગદ્ય અને અર્થવાહી, ભાવવાહી, સંયમિત ગદ્ય ગુજરાતી ઉત્તમગદ્યના નમૂનારૂપ છે. પુસ્તકનાં ઘણાં પ્રકરણોમાં સંસ્કૃત તેમજ અંગ્રેજી ભાષાનાં અવતરણો આવે છે. એક નિયમ તરીકે કોઈપણ સંસ્કૃત કે અંગ્રેજી અવતરણનો ગુજરાતીમાં અનુવાદ આપ્યો હોત તો ઠીક રહેત. ક્યાંક ક્યાંક આપ્યો છે ને ક્યાંક ક્યાંક સંદર્ભ ઉપરથી અર્થ સ્પષ્ટ થતો હોય છે. છતાંયે અંગ્રેજી-સંસ્કૃત ભાષાઓથી અનભિજ્ઞ વાંચકો માટે એ જરૂરી હતું.

જીવનક્ષેત્ર ભલે સીમિત હોય, વિસ્મયનું અનુભવજગત ભલે મર્યાદિત હોય, પણ જો જીવનરસ વિમલ ને પ્રબલ હોય, આત્માની અતંદ્ર જાગૃતિ હોય ને અવ્યભિચારિણી આત્મનિષ્ઠા હોય તો સાહિત્યની કલા પણ ચંદ્રની કલાની માફક કેવી પ્રફુલ્લ અને અમીવર્ષાવતી હોય છે તેનો રોચક અનુભવ 'મારી વિસ્મયકથા વાંચતાં થાય છે.'

***

# દાન - ધનની સુગતિ

❑ પૂ. આચાર્યશ્રી પૂર્ણચંદ્રસુરિજી મહારાજ

અગિયારમાં પ્રાણ તરીકેની પ્રતિષ્ઠા આપીને, લોભી-લોકોએ દુનિયાને જે ધનની પાછળ પાગલ બનાવવાનું કામ કર્યું છે, એ ધનનું સંપાદન હજી સહેલું છે, કારણકે એ મેલા-પુણ્યના પ્રભાવેય થઈ શકે છે. પરંતુ એનો સદુપયોગ તો ખૂબ જ કઠિન છે. કારણ કે શુદ્ધ-પુણ્યના પ્રભાવ વિના એ થઈ શકતો નથી. ધન ચીજ જ એવી છે કે, એ ઘરમાં આવ્યા પછી સ્થિર ન રહી શકે. એને સન્માર્ગે વાળીએ, તો સારી વાત છે ! નહિ તો અધમ માર્ગેય હાથતાળી દઈને નાસી છૂટયા વિના એ રહેવાનું નથી.

ધનને માટે સંસ્કૃતમાં દ્રવ્ય શબ્દનો જે પ્રયોગ કરવામાં આવ્યો છે, એ ખૂબજ સાર્થક છે. જે દ્રવ એટલે પ્રવાહી-ચીજની જેમ સતત વહ્યા કરે, એ દ્રવ્ય ! ધનનો સ્વભાવ પણ સતત વહેવાનો જ છે ને ? ધનને આવવાના માર્ગો કદાચ અનેક હશે ! પણ એને જવાના માર્ગો તો ત્રણ જ છે. દાન, ભોગ અને નાશ: ધનની આ ત્રણ ગતિ છે. જે ધન દાનના કે ભોગના કામમાં ન આવે, એનો અંજામ નાશમાં આવ્યા વિના રહેતો નથી.

દાન, ભોગ અને નાશ: આમાં દાન જ ધનની સુગતિ છે, ભોગ અને નાશ તો ધનની દુર્ગતિ છે. ઉદારનું ધન દાનનો માર્ગ ગ્રહણ કરીને સ્વ-પર માટે ઉપકારક બની જાય છે. સ્વાર્થીનું ધન ભોગની અને કૃપણનું ધન વિનાશની દુર્ગતિ પામીને સ્વ-પર માટે અપકારક બની બેસે છે. વહેવાના સ્વભાવવાળા ધનની આસપાસ ગમે તેવા કોટ- કાંગરા રચીને એને સ્થિર કરવાના પ્રયાસ કરવામાં આવે, તોય એમાં સફળતા મળવી સંભવિત જ નથી. કારણ કે પાણીની જેમ પૈસો પણ સંગૃહીત થાય, તો આસપાસમાં બદબૂ ફેલાયા વિના રહી શકતો નથી.

માનવને ભવ પામ્યા પછી મુમુક્ષુએ એવા જીવનને અંગીકાર કરવું જોઈએ કે, જયાં બધાં અનર્થોના મૂળ સમા પૈસાનો પડછાયો પણ લીધા વીના ચાલી શકે ! આવું જીવન સાધુ જ જીવી શકે ! જેનામાં આ તાકાત ન હોય, એણે સંતોષી તરીકેનું જીવન જીવવું જોઈએ અને પગરખાની જેમ એણે પૈસાનો ઉપયોગ કરવો જોઈએ ! પગરખું જેમ નાનું હોય, તો એમાં પગ પેસે નહિ. કદાચ પગને એમાં પેસાડી દેવામાં આવે, તોય એ પગરખું ડંખ્યા વિના ન રહે; પગરખું જેમ મોટું હોય અને એ પહેર્યું હોય, તો એ ગુલાંટ ખવરાવે ! એમ સંતોષી-શ્રાવક પૈસાનો સંગ્રહ કરવો જ પડે, તો એ રીતે કરે કે, જેથી જીવનનિર્વાહ માટે કોઈની પાસે હાથ લંબાવવાનો અવસર ન આવે ! ધન-સંગ્રહ પ્રમાણસરનો હોય, તો જ વધુ અનર્થકારી ન નીવડે, એ વાતને સમજવા નખ અને વાળનું દ્રષ્ટાંત પણ સુંદર બોધ દઈ જાય છે. નખ જેમ પ્રમાણસર હોય, તો જ શોભે. નખને વધુ પડતો લાંબો બનાવવાનો લોભ, જેમ ઠેસ વાગતા આખાને આખા નખને મૂળથી ગુમાવવાની સ્થિતિનો ભોગ બનાવે છે. એમ ધનનો પણ અતિલોભ ઘણીવાર સંપૂર્ણ ધનની હાનિમાં પરિણમે છે. વાળ પણ જેમ પ્રમાણસર હોય, તો જ શોભે છે. એનું પ્રમાણ વધી જતા ગાંઠના પૈસા ખરચીનેય માણસ એને સપ્રમાણ બનાવે છે. ધનનું પણ આવું જ છે. જીવનની જરૂરીયાતથી અધિક ધન હોય, તો એનો દાન-માર્ગે સદુપયોગ કરવાથી જ માણસ શોભે છે. જરૂરિયાતમાં ઘટાડો કરીનેય દાન કરનાર માણસની મહાનતા તો અવર્ણનીય ગણાય છે.

ધનની સુગતિ દાન જ કઈ રીતે ? આના જવાબમાં કહી શકાય કે, ધનના ઢગ તો ઘણા મેળવી જાણે છે, અને ભોગ દ્વારા તેમજ કંજૂસાઈ દ્વારા એને વેડફી દેનારાઓનોય તોટો નથી. પણ ધન મેળવ્યા પછી પરિગ્રહના પ્રાયશ્ચિત કરવાની પ્રક્રિયા રૂપે દાન કરનારા વિરલ જ મળતા હોય છે. દાનના માર્ગે વહેતું ધન જયાંથી જાય છે અને જયાં જાય છે, એ બંને સ્થાને ઉપકારનો ઉદ્‌ઘોષ જ જગવતું હોય છે. માટે જ ધનની સુગતિનું સૌભાગ્ય દાનના કપાળે અંકિત થયું છે.

પાપની પરંપરાનો અનુબંધ ધરાવતા પુણ્યના પ્રભાવે મળતું ધન ભોગ અને નાશ દ્વારા વધુ મોટી પાપ-પરંપરાના સર્જનનું વાહક બની જાય છે, માટે જ ભોગ અને નાશ ધનની દુર્ગતિ ગણાય છે. જયારે પુણ્યની પરંપરાનો અનુબંધ ધરાવતા પુણ્યના પ્રભાવે મળતું ધન દાન દ્વારા વધુ મોટા પુણ્ય-પરંપરાના સર્જનનું વાહક બની જાય છે, માટે જ દાન ધનની સુગતિ ગણાય છે. *

# સંઘની નવી કાર્યવાહક સમિતિ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શનિવાર, તા. ૧૨-૧૦-૧૯૯૧ રોજ સાંજના ૪-૩૦ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળી હતી. સંઘના અન્વેષિત હિસાબો, સરવૈયું અને નવા વર્ષનાં અંદાજપત્રો રજૂ થયા બાદ અને તે મંજૂર થયા બાદ નીચે પ્રમાણે પદાધિકારીઓની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

❑ **પદાધિકારીઓ :** (૧) ડૉ. રમણલાલ ચી. શાહ - પ્રમુખ (૨) શ્રી ચીમનલાલ જે. શાહ - ઉપપ્રમુખ (૩) શ્રીમતી નિરુબહેન એસ. શાહ - મંત્રી (૪) શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ - મંત્રી (૫) શ્રી પન્નાલાલ ર. શાહ - કોષાધ્યક્ષ

❑ **કાર્યવાહક સમિતિ :** આ સભામાં કાર્યવાહક સમિતિની ચૂંટણી થતાં નીચેના સભ્યો મતાનુક્રમે ચૂંટાઈ આવ્યા હતા. (૧) પ્રા. તારાબહેન રમણલાલ શાહ (૨) શ્રી સુબોધભાઈ એમ. શાહ (૩) શ્રી મફતલાલ ભીખાચંદ શાહ (૪) શ્રી રસિકલાલ લહેરચંદ શાહ (૫) શ્રી કે.પી. શાહ (૬) શ્રીમતી સ્મિતાબહેન એસ. કામદાર (૭) શ્રી ઉષાબહેન મહેતા (૮) શ્રી પ્રવીણભાઈ મંગળદાસ શાહ (૯) શ્રી અમર જરીવાલા (૧૦) શ્રી વસુમતીબહેન ભણસાલી (૧૧) શ્રી ગણપતભાઈ મ. ઝવેરી (૧૨) શ્રી પુષ્પાબહેન સી. પરીખ (૧૩) શ્રી શૈલેશભાઈ એચ. કોઠારી (૧૪) શ્રી ધીરજલાલ ફૂલચંદ શાહ (૧૫) શ્રી નેમચંદ એમ. ગાલા

❑ **કો. ઓપ્ટ. સભ્યો :** શનિવાર, તા. ૧૯-૧૦-૧૯૯૧ના રોજ કાર્યવાહક સમિતિની પ્રથમ સભા મળતાં તેમાં આ પ્રમાણેના સભ્યોને કો. ઓપ્ટ. કરવામાં આવ્યા છે : (૧) શ્રી જયંતીલાલ પી. શાહ (૨) શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ (૩) શ્રી જયાબહેન ટી. વીરા (૪) શ્રી સુલીબહેન અનિલભાઈ હીરાણી અને (૫) શ્રી મીનાબહેન એન. શાહ.

❑ **શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય - પુસ્તકાલય સમિતિ :** (૧) શ્રી પ્રવીણભાઈ મંગળદાસ શાહ - મંત્રી (૨) પ્રા. તારાબહેન ર. શાહ (૩) શ્રી રસિકલાલ લહેરચંદ શાહ (૪) શ્રી ઉષાબહેન મહેતા (૫) શ્રી વસુમતીબહેન ભણસાલી (૬) શ્રી પુષ્પાબહેન સી. પરીખ અને (૭) શ્રી ગણપતભાઈ મ. ઝવેરી

વાચનાલય - પુસ્તકાલયના પાંચ ટ્રસ્ટીઓની નિયુક્તિ છ વર્ષ માટે થાય છે. સન- ૧૯૯૨ સુધી ચાલુ રહેનારા પાંચ ટ્રસ્ટીઓનાં નામ આ પ્રમાણે છે : (૧) ડૉ. રમણલાલ ચી. શાહ (૨) શ્રી ચીમનલાલ જે. શાહ (૩) શ્રી કે.પી. શાહ (૪) શ્રી પ્રવીણભાઈ મંગળદાસ શાહ (૫) શ્રી સુબોધભાઈ એમ. શાહ.

## સુધારો

સહયોગ કુષ્ટ યજ્ઞ ટ્રસ્ટમાં નોંધાયેલી અને ગત અંકમાં પ્રગટ થયેલી રકમો સરતચૂકને કારણે બે વાર છપાઈ ગઈ છે :

(૧) ૫૦૦૦/- શ્રી મહેશભાઈ પી. શાહ
(૨) ૨૫૦૦/- શ્રી જયાબહેન ચેરીટીઝ
(૩) ૨૫૦૦/- શ્રી પન્નાલાલ છેડા અને વૈશાલી જયંત છેડા
(૪) ૨૫૦૦/- શ્રી સુરેશભાઈ શાહ (મે. મશિનરી ઈન્ટેક્ષ)

શ્રીમતી રમીલાબહેન નગીનદાસ વોરાની રકમ રૂ. ૨૫૦૦/-ને બદલે રૂ. ૨૫૦૦૦/- છપાઈ છે તે મુદ્રણદોષ છે.

❑ તંત્રી

## શ્રદ્ધાંજલિ

છેલ્લા થોડાક માસ દરમિયાન સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો (૧) ડૉ. નરેન્દ્ર ભાઉ (૨) શ્રી અરવિંદ મોહનલાલ ચોકસી અને (૩) શ્રી પ્રમોદભાઈ પોપટલાલ શાહનું દુઃખદ અવસાન થયું છે. આથી સંઘને એમની ભારે ખોટ પડી છે.

સમિતિના આ ત્રણે સભ્યોના આત્માને અમે શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ.

❑ તંત્રી

# પર્યુષણ પર્વ પ્રસંગે સંઘને ભેટ મળેલ રકમની યાદી

૫૦૦૦ શ્રી નવનીત પ્રકાશન હ:શ્રી ડુંગરશીભાઈ

૫૦૦૦ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ

૫૦૦૦ શ્રી એ.આર. શાહ

૫૦૦૦ શ્રી લક્ષ્મીચંદ સંઘવી ચેરીટેબલ ટ્રસ્ટ

૩૬૦૦ શ્રી સોમચંદ ચુનીલાલ શાહ

૩૦૦૦ શ્રી સી. એન. સંઘવી

૨૭૦૦ શ્રી પ્રવીણચંદ્ર સોમચંદ શાહ

૨૭૦૦ શ્રી પ્રતાપ સોમચંદ શાહ

૨૭૦૦ શ્રી દિલીપ સોમચંદ શાહ

૨૭૦૦ શ્રી પ્રમોદચંદ્ર એસ. શાહ

૨૫૦૦ ડૉ. રમણલાલ ચી. શાહ તથા શ્રી તારાબહેન ર. શાહ

૨૫૦૦ શ્રી ચીમનલાલ જે. શાહ

૨૫૦૦ શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ

૨૫૦૦ શ્રી સુબોધભાઈ એમ. શાહ તથા શ્રી નીરુબહેન એસ. શાહ

૨૫૦૦ શ્રી સુલીબહેન અનીલભાઈ હિરાણી

૨૫૦૦ શ્રી પુષ્પાબહેન એમ. મોરજરિઆ

૨૫૦૦ શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ

૨૫૦૦ શ્રી કલાવતીબહેન શાંતિલાલ મહેતા

૨૫૦૦ શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ

૨૫૦૦ શ્રી લાલભાઈ જેઠુભાઈ

૨૫૦૦ શ્રી સેન્ટ્રલ બેંક એક્ષલસિયર એન્ડ ટ્રસ્ટ

૨૫૦૦ શ્રી ઉષાબહેન એચ. શાહ ટ્રસ્ટ

૨૫૦૦ શ્રી શેઠ માણેકલાલ ઉજમશી મેમોરિયલ પબ્લિક ચેરી. ટ્રસ્ટ

૨૦૦૦ શ્રી ચીમનલાલ કેશવજી

૧૮૦૦ શ્રી વસુમતીબહેન સૂર્યકાંત શાહ

૧૮૦૦ શ્રી અતુલ સૂર્યકાંત શાહ

૧૮૦૦ શ્રી કેતકી અતુલ શાહ

૧૮૦૦ શ્રી નમના દુષ્યંત શાહ

૧૮૦૦ શ્રી ઝરણા સૂર્યકાંત શાહ

૧૮૦૦ શ્રી સરલાબહેન પી. શાહ

૧૮૦૦ શ્રી તરુણ પી. શાહ

૧૮૦૦ શ્રી પ્રીતિ તરુણ શાહ

૧૮૦૦ શ્રી કિન્નરી પી. શાહ

૧૮૦૦ શ્રી વિરમતી નરેન્દ્ર દલાલ

૧૮૦૦ શ્રીમતી સુરેશ શાહ

૧૮૦૦ શ્રી જ્યોત્સ્નાબહેન પી. શાહ

૧૮૦૦ શ્રી નીરવ પી. શાહ

૧૮૦૦ શ્રી ઉષાબહેન ડી. શાહ

૧૮૦૦ શ્રી દર્શિની એ. ઐથલ

૧૮૦૦ શ્રી અનિશ ડી. શાહ

૧૮૦૦ શ્રી સબરિના જી. શાહ

૧૮૦૦ શ્રી ગૌતમ પી. શાહ

૧૮૦૦ શ્રી બિન્દુ એસ. શાહ

૧૮૦૦ શ્રી શ્રીકાંત પી. શાહ

૧૮૦૦ શ્રી જ્યોતિબહેન એસ. ઝવેરી

૧૮૦૦ શ્રી પ્રમિલાબહેન પી. શાહ

૧૫૦૦ શ્રી મહેન્દ્રભાઈ વોરા

૧૫૦૦ શ્રી રમણિકલાલ યુ. શાહ

૧૫૦૦ શ્રી નગીનભાઈ પદમશી શેઠ

૧૨૫૦ શ્રી હિમાંશુ ચોકસી

૧૨૫૦ શ્રી બિનાબહેન ચોકસી

૧૦૦૦ શ્રી મફતલાલ ભીખાચંદ શાહ

૧૦૦૦ શ્રી કે. પી. શાહ

૧૦૦૦ શ્રી ગણપતભાઈ મ. ઝવેરી

૧૦૦૦ શ્રી રમેશભાઈ પી. મહેતા

૧૦૦૦ શ્રી કુસુમબહેન ઝવેરી

૧૦૦૦ શ્રી મંજુલાબહેન મહેતા

૧૦૦૦ શ્રી નયનાબહેન એ. શેઠ

૧૦૦૦ શ્રી સવાણી ટ્રાન્સપોર્ટ કું.

૧૦૦૦ શ્રી સમતાબહેન હિંમતલાલ શાહ

૧૦૦૦ શ્રી પરશોત્તમ લહેરચંદ શાહ

૧૦૦૦ શ્રી ચંદ્રકાંત હરગોવિંદ શાહ

૫૦૧ એક બેન તરફથી

૫૦૧ શ્રી વિજયભાઈ દલાલ

૫૦૧ એક શુભેચ્છક તરફથી

૫૦૧ શ્રી રમિલાબહેન કાકાબળિયા

૫૦૧ શ્રી ભારતીબહેન ભૂપેન્દ્ર શાહ

૫૦૧ શ્રી જયંતીભાઈના સ્મરણાર્થે

૫૦૦ શ્રી દેવુબાઈ જે. રાંભીઆ

૫૦૦ શ્રી કસ્તુરબાઈ ડી. સંગોઈ

૫૦૦ શ્રી ચંદ્રાબહેન એચ. શાહ

૫૦૦ શ્રી અતુલભાઈ સી. શેઠ

૫૦૦ શ્રી ઊર્મિબહેન એ. શેઠ

૫૦૦ શ્રી એન. એ. શેઠ

૩૦૦ શ્રી લાભુભાઈ વી. સંઘવી

૩૦૦ શ્રી અનિતાબહેન શાહ

૨૫૧ શ્રી લક્ષ્મીચંદ કે. શાહ

૨૫૧ શ્રી દીપક એલ. શાહ

૨૫૧ શ્રી હેમલતાબહેન શાહ

૨૫૧ શ્રી કિરણ લક્ષ્મીચંદ શાહ

૨૫૧ શ્રી સંસ્કારબહેન તથા શ્રી ભારતીબહેન

૨૫૧ શ્રી શાંતાબહેન મનુભાઈ શેઠ

૨૫૧ શ્રી વિનયચંદ્ર ચીમનલાલ

૨૫૦ શ્રી નટુભાઈ પટેલ

૨૫૦ શ્રી પલ્લવીબહેન વકીલ

૨૦૧ શ્રી સંયુક્તાબહેન મહેતા

૨૦૧ શ્રી રમાબહેન એચ. ઝવેરી

૧૫૨ એક બેન તરફથી

૧૦૧ શ્રી રસિલાબહેન મણિલાલ

૧૦૧ શ્રી મુકેશ પી. સંઘવી

૧૦૧ શ્રી પ્રેમચંદ ચંદેરિઆ

૧૦૧ શ્રી મધુસૂદન એચ. શાહ

૧૦૦ શ્રી સરસ્વતીબહેન ઝવેરી

૧૦૦ શ્રી બસંતલાલ નરસિંહપુરા

૧૦૦ શ્રી સવિતાબહેન કોઠારી

૫૧ શ્રી હેમલત્તાબહેન દલાલ

૫૧ સ્વ. શ્રી દીપચંદ એલ. સંઘવી

૨૧ શ્રી હસમુખભાઈ શાહ

૧,૪૧,૨૪૪ કુલ રકમ

# સંઘ હસ્તકના પ્રેમળ જ્યોતિના કિડની ફંડમાં નોંધાયેલી રકમની યાદી

૨૫૦૦૦ શ્રી અનિલભાઈ મીઠાલાલ

૨૫૦૦૦ શ્રી નિમીષભાઈ શાહ

૨૫૦૦૦ શ્રી સુબોધભાઈ શાહ

૨૫૦૦૦ શ્રી શારદાબહેન મનસુખલાલ કામદાર ચેરિટેબલ ફાઉન્ડેશન

૧૫૦૦૦ શ્રી મનુભાઈ માણેકલાલ તેમના પરિવાર તથા મિત્રો તરફથી

૧૨૦૦૦ શ્રી જયંતીલાલ છોટાલાલ પારેખ

૧૧૦૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી

૧૦૦૦૦ શ્રી પ્રભુદાસ લીલાધર પ્રા. લિ.

૧૦૦૦૦ શ્રી મહાવીર જૈન સાધર્મિક કલ્યાણ કેન્દ્ર હ: શ્રી મંજુલાબહેન સંઘરાજકા

૧૦૦૦૦ શ્રી પિયુષભાઈ મહેતા

૭૫૦૦ એક બેન તરફથી

૭૫૦૦ બહેનોના ગ્રુપ તરફથી

૭૦૦૦ એક ભાઈ તરફથી

૭૦૦૦ એક સજ્જન તરફથી

૬૦૦૦ એક મંડળ તરફથી

૫૦૦૦ એક સન્નારી તરફથી

૫૦૦૦ મે. અરવિંદકુમાર મગનલાલ એન્ડ કું.

૫૦૦૦ શ્રી નિલમબહેન દોશી

૫૦૦૦ શ્રી પુષ્પાબહેન શાહ

૫૦૦૦ શ્રી રતિલાલ ચોકસી ચે. ટ્રસ્ટ

૫૦૦૦ શ્રી નરભેરામ હરખચંદ

૫૦૦૦ શ્રી સુશીલાબહેન મનહરલાલ શેઠ

૫૦૦૦ શ્રી મણિલાલ શામજી વિરાણી તથા શ્રીમતી નવલબહેન મણિલાલ વિરાણી ટ્રસ્ટ

૫૦૦૦ શ્રી રાજપુરીઆ સેવાનિધિ

૫૦૦૦ શ્રી અમર ચેરીટેબલ ટ્રસ્ટ

૫૦૦૦ શ્રી સરોજબહેન હસમુખલાલ વોરા

૫૦૦૦ શ્રી ચત્રભુજ સંઘવી

૫૦૦૦ શ્રી પ્રકાશભાઈ મહેતા

૩૦૦૦ શ્રી Lionettes Club of Bombay

૨૫૦૧ શ્રી રમેશભાઈ ગોવિંદરામ ચેલારામ

૨૫૦૦ શ્રી કેલિકો ઈન્ડસ્ટ્રીયલ એન્જિનિયર્સ

૧૨૫૨ શ્રી ભાનુબહેન ખંડેરીઆ

૧૧૧૧ શ્રી જયંતીલાલ વલ્લભદાસ વાઘેલા

૧૦૧૧ શ્રી જીવણભાઈ ભાનુશાળી

૧૦૦૧ એક સન્નારી તરફથી

૧૦૦૧ ડૉ. પ્રજ્ઞાબહેન રમેશભાઈ પટેલ

૧૦૦૦ શ્રી સુભદ્રાબહેન પારેખ

૫૦૧ શ્રી વિનોદ એન્ટરપ્રાઈઝીસ

૫૦૧ શ્રી રોલવે બેરીંગ્સ

૧૦૧ ડૉ. અભિજિત અપૂર્વભાઈ પરીખ

૨,૮૩,૪૮૦ કુલ રકમ

# સાલ મુબારક અને નૂતન વર્ષાભિનંદન

□ પ્રવીણચંદ્ર જી. રૂપારેલ

દિવાળીની વિદાય અને નૂતન વર્ષની પધરામણી, આ પર્વો આપણે અત્યંત ઉત્સાહને ઉલ્લાસથી ઊજવીએ છીએ. આસો વદ અમાસ- દિવાળીને દિવસે આપણું ચાલુ વર્ષ સમાપ્ત થાય છે ને પછી કાર્તિક સુદ પડવા (એકમ)ના દિનથી આપણા નૂતન વર્ષનો પ્રારંભ થાય છે.

આ નૂતન વર્ષના પ્રારંભના દિવસે-નૂતન વર્ષના પાંગરતા પરોઢથી મોડી રાત સુધી વાતાવરણ 'સાલ મુબારક'ની શુભેચ્છાઓથી ગુંજતું રહે છે.

આ 'સાલ મુબારક' પ્રયોગમાં બે શબ્દો છે :- 'સાલ' અને ' મુબારક' આમાં 'સાલ' એટલે વર્ષ, સંવત્સર; આ ફારસી શબ્દ છે. અને બીજો શબ્દ છે- 'મુબારક'. સામાન્ય રીતે આ શબ્દ દ્વારા આપણે શુભ, ભાગ્યશાળી, એવો ભાવ દર્શાવીએ છીએ.

આ શબ્દ અરબી મૂળનો છે. એના મૂળમાં છે 'બ-ર-ક'; આ પરથી ' બરકત' એટલે કૃપા, સદ્‌ભાગ્ય, કલ્યાણ, આબાદી, લાભ, સિદ્ધિ, ફતેહ, વિપુલતા, સમૃદ્ધિ, વૃદ્ધિ વગેરે- આમ ક્રમેક્રમે અનેક અર્થછાયાઓ સાધી આ શબ્દ વપરાતો રહ્યો છે. શહેરો કરતાં કસ્બા અને ગામડાના વેપારીઓ ગણતી વખતે પ્રારંભના એકમ માટે ' એક' બોલવાને બદલે 'લાભ' કે 'બરકત' બોલે છે તે શુકન અને વૃદ્ધિના અર્થમાં.

આ 'બ-ર-ક' પરથી જ 'મુબારક' શબ્દ બન્યો છે. મુબારક એટલે ' બરકતવાળું શુભ, મંગલ, કલ્યાણકારી

આમ 'સાલ મુબારક' એટલે (નૂતન) વર્ષ (સાલ) તમને શુભદાયી (મુબારક) નીવડો ! - આમ આ પ્રયોગ એકંદરે નવા વર્ષની શુભેચ્છાઓ દર્શાવે છે.

મારા એક મિત્રે એક વખત મને લખ્યું હતું. આ 'સાલ મુબારક' પ્રયોગ ઉર્દૂમાંથી આવ્યો લાગે છે. આપણે ત્યાં એ છૂટથી વપરાય છે - જાણે કેમ આ માટે આપણી પોતાની ભાષાનો શબ્દ ન હોય ! શા માટે આપણા લોકો આ માટે 'નૂતન વર્ષાભિનંદન'નો પ્રયોગ ન કરે ?... વગેરે.

કોઈ શબ્દ કે પ્રયોગ 'આપણો' કહીએ, એનો અર્થ શો ? ગુજરાતી ભાષા સંસ્કૃતમાંથી ઘડાઈ હોઈ મૂળ સંસ્કૃત (તત્સમ) કે સંસ્કૃત મૂળમાંથી વિકસેલા (તદ્‌ભવ) શબ્દો જ આપણા, એવો એક વ્યાપક પણ કંઈક ધૂંધળો ખ્યાલ આપણે ત્યાં પ્રચલિત છે.

આ એક જબરો ભ્રમ છે. અર્વાચીન વિશ્વની કોઈપણ વિકસિત ભાષા એવી નથી જેમાં અન્ય ભાષાના શબ્દોનું સીધું કે આડકતરું પ્રદાન ન હોય.

કોઈપણ ભાષામાં અન્ય ભાષાના શબ્દો અપનાવાય છે તેની પાછળ અનેક પરિબળો કામ કરતાં હોય છે. અન્ય સંસ્કૃતિ તથા એ લોકોનો સંપર્ક, તેનાં સ્વીકારાયેલાં મહત્ત્વ ને પ્રતિષ્ઠા ઐતિહાસિક સંજોગો, આ બધા દ્વારા અપનાવાતા શબ્દોમાં અનુભવાતી સચોટતા વગેરે જેવા કારણોને લઈને ડૉ. ભાયાણી કહે છે તેમ ભાષામાં શબ્દોના 'પ્રવેશ-નિકાલ' થતા જ રહે છે.

વખત જતા આવા શબ્દો ભાષામાં એવા ઓતપ્રોત થઈ જાય છે કે એને ' પરાયા' માનવા જેવું રહેતું જ નથી- એ ધરાર 'પોતીકા' થઈ જાય છે. આવા શબ્દો પ્રત્યે એ વાપરનારનું ખાસ ધ્યાન દોરીએ ત્યારે એને, એનું આશ્ચર્ય થાય, એટલી હદે આવા શબ્દો ભાષામાં ભળી ગયા હોય છે- ભાષાએ એમને આત્મસાત કરી લીધા હોય છે.

વ્યવહારમાં આ 'સાલ મુબારક' શબ્દ એવો સ્વાભાવિક થઈ પડયો છે કે એને સ્થાને 'નૂતન વર્ષાભિનંદન' બોલવા જતાં કંઈક કૃત્રિમ ભાવ જેવું લાગે! ખરું કહીએ તો કોઈ નાટકના ગોખેલા સંવાદ જેવું જ લાગે ! લખવા-વાંચવામાં 'નૂતન વર્ષાભિનંદન' જેટલું સરળ લાગે છે એટલું બોલવામાં નથી એ સરળ કે નથી સ્વાભાવિક લાગતું - બોલી જુઓ !

અત્યારે વ્યવહારમાં આપણે ત્યાં પ્રચલિત જરૂર, શહેર, રસ્તો, હજાર, તરફ, કીમત, ચહેરો, જગા કે જગ્યા, કુદરત જેવા આ અરબી- ફારસી મૂળના શબ્દો એટલા આત્મસાત થઈ ગયા છે કે એમને બદલે ' અવશ્ય, નગર, માર્ગ, સહસ્ર, પ્રતિ, મૂલ્ય, વદન, સ્થાન કે સ્થળ, પ્રકૃતિ જેવા શબ્દો બોલી જુઓ ! તમને પોતાને જ કંઈક ' નાટકીય' લાગશે-કોઈ નાટકમાં કે સાહિત્યિક લખાણમાં ભલે આ વપરાયા પણ રોજબરોજની ભાષામાં તો હાસ્યાસ્પદ જ થઈ પડે !

શબ્દોના સામાજિક મહત્ત્વમાં થતા પરિવર્તનને લઈનેસ્તો આજે લોકો નોકરી માટે સર્વિસ, માતા-પિતા માટે મધર ને ફાધર, પત્ની માટે વાઈફ ને પતિ માટે હસ્બંડ કે મિસ્ટર જેવા અંગ્રેજી શબ્દો પણ છૂટથી બોલતા થયા છે, એ ધ્યાન બહાર રહે એવું નથી !

વળી સંસ્કૃત મૂળના, તે જ આપણા, એવો ખ્યાલ ધરાવનારને કદાચ નવાઈ લાગે - આઘાત લાગે એવી પણ હકીકત એ છે કે ખુદ સંસ્કૃતે પણ અન્ય ભાષાના શબ્દો આત્મસાત કર્યા છે- આપણે એ વિશે જાણતા નથી હોતા, એટલું જ ! ઉદાહરણ તરીકે સંસ્કૃત 'કેન્દ્ર' અને 'દ્રમ્મ' શબ્દો ગ્રીક મૂળના છે; સંસ્કૃત 'શૃંગવેર' શબ્દ દ્રાવિડી મૂળનો છે: શક્કપાર માટેનો 'શંખપાલ' શબ્દ ફારસી મૂળનો છે.

આપણે દિવાળી ને નૂતનવર્ષની વાતથી આરંભ કર્યો છે તો એક બીજું પણ જાણી લો ! દિવાળીના લક્ષ્મીપૂજન ઉપરાંત અન્ય અનેક પ્રસંગે થતી પૂજન વિધિમાં દેવોને ગંધદ્રવ્યો ચઢાવવાનો વિધિ પણ હોય છે. આ વખતે બોલાતા એક શ્લોકનું પ્રથમ ચરણ છે-

અબીલંચ ગુલાલંચ
ચૂવા ચંદનમેવ ચ...

આમાં 'અબીલ' શબ્દ અરબી મૂળનો છે; 'ગુલાલ' શબ્દ ફારસી મૂળનો છે ને 'ચૂવા' શબ્દ તો સાવ દેશી રૂપ છે.

આ 'ચૂવો' સહેજ ચિકાશ પડતો, મેલા ભૂખરાં રંગનો પદાર્થ હોય છે જેની ખુશબૂ મનને તરબતર કરી દે એવી હોય છે. જૂના રિવાજ પ્રમાણે લગ્ન પ્રસંગે દીકરીને આપવાની વસ્તુઓમાં આ 'ચૂવા' નું પણ સ્થાન હોય છે- આજે અપાતી સેંટની બાટલીને સ્થાને ત્યારે શૃંગારના સાધન તરીકે આ 'ચૂવો' મુકાતો. જુદી જુદી જાતના સુગંધી દ્રવ્યો એકઠા કરીને, એને અમુક રીતે ગરમી આપીને ટપકાવવામાં આવતો ચિકાશ પડતો રસ તે આ ચૂવો.

આની મનને તરબતર કરનારી ખુશબૂ સંસ્કૃતને તથા સંસ્કૃતના પંડિતોને પણ ગમી ગઈ લાગે છે. આ 'ચૂવો' રૂપ સંસ્કૃત નથી જ (ચૂવું-એટલે ટપકવું; સરખાવો- "ચૂંદડી ઓઢું ત્યારે રંગ ચૂએ રે, રંગબેરંગી હોય."- મીરાંબાઈ) છતાં પૂજાવિધિમાં એને અબીલ ગુલાલના જોડે જ સ્થાન મળ્યું છે એ નોંધવા જેવું છે.

ખુદ સંસ્કૃતે અન્ય ભાષાઓનાં શબ્દો અપનાવવામાં એવી કોઈ આભડછેટની ભાવના નથી રાખી, તો હવે આપણે એવી ભાવના સેવવી કે બહિષ્કારની વૃત્તિ કેળવવી એ ભાષાને કૃત્રિમતાની દિશામાં ધકેલવા જેવું થાય. આપણે ત્યાં જમાનાઓથી વપરાતા રહેલા, આત્મસાત થયેલા શબ્દો-પ્રયોગો હવે આપણા જ છે, એ દૃષ્ટિ કેળવવાથી જ ભાષાની સ્વાભાવિકતા જળવાય છે. શુદ્ધિના ભ્રામક ખ્યાલ યા બહિષ્કારની વૃત્તિ ભાષાની સ્વાભાવિકતાને રુંધવાનું જ પરિણામ લાવશે.

* * *

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ●● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, ●● સ્થળ : ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૪
ફોન : ૩૫૦૨૯૬, મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૮. ફોટોટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦૦૯૨.

વર્ષ : ૨● અંક : ૧૨ ● તા. ૧૬-૧૨-૧૯૯૧ Regd. No. MH. BY / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## સ્વ. પૂ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

ગુજરાતના પરમ સન્માનનીય વયોવૃદ્ધ સાક્ષર પૂ. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનું ૯૨ વર્ષની વયે ૧૦ મી નવેમ્બર ૧૯૯૧ ના રોજ સુરતમાં અવસાન થયું. એમના સ્વર્ગવાસથી આપણને એક શીલપ્રજ્ઞ સારસ્વતની ખોટ પડી છે.

અવસાનના થોડા દિવસ પહેલાં મેં એમને મારાં બે નવાં પ્રકાશનો મોકલાવ્યાં હતાં. એના સ્વીકારપત્રમાં એમણે લખ્યું હતું કે 'હવે આંખે બરાબર દેખાતું નથી. શરીરમાં શિથિલતા ઘણી રહે છે. વાંચવાનું પણ બહુ મન થતું નથી.' દર વખત કરતાં આ વખતે વિષ્ણુભાઇના આવેલા પત્ર પરથી લાગતું હતું કે હવે એમના અક્ષર વધુ બગડયા છે. શબ્દો બરાબર ઉકલતા નહોતા. એમણે લખેલી પોતાની શારીરિક નબળી સ્થિતિની પ્રતીતિ એમના અક્ષરો કરાવતી હતી. પરંતુ થોડા દિવસમાં જ તેમનો દેહવિલય થશે એવું ધાર્યું નહોતું. એમના જવાથી અમે એક પિતાતુલ્ય શિરછત્ર ગુમાવ્યું છે.

વિષ્ણુભાઇને સૌ પ્રથમ મેં જોયા હતા ઇ. સ. ૧૯૪૯ માં જૂનાગઢ ની સાહિત્ય પરિષદમાં. આઝાદી પછી સાહિત્ય પરિષદનું તે પહેલું અધિવેશન હતું. જૂનાગઢને કબજે કરવામાં શામળદાસ ગાંધીએ મહત્વનો ભાગ ભજવ્યો હતો. કનૈયાલાલ મનુશી સાહિત્ય પરિષદના સર્વેસર્વા જેવા હતા. સાહિત્ય પરિષદમાં પ્રમુખ સ્થાન લેખકને એક વાર મળે એવો આરંભકાળથી ધારો ચાલ્યો આવતો હતો. એનો ભંગ કરીને મુનશી જૂનાગઢમાં બીજીવાર પ્રમુખ થયા હતા. ( અને નડિયાદમાં ત્રીજીવાર પણ થયા હતા. માટે તો મુનશીનો વિરોધ થયો હતો અને એમના હાથમાંથી પરિષદ લઇ લેવામાં આવી હતી) જૂનાગઢનું આ અધિવેશન સાહિત્ય કરતાં પણ રાજદ્વારી મંત્રણા માટે વિશેષ હોય એવું એ વખતે જણાયું હતું, કારણ કે સરદાર પટેલ પણ એ પ્રસંગે પધાર્યા હતા અને મુનશી તથા શામળદાસ એમની સાથે રાજદ્વારી વાટાઘાટોમાં વધુ રોકાયેલા રહ્યા હતા. આમ છતાં સાહિત્ય પરિષદના એ અધિવેશનમાં જવાનો ઉત્સાહ ઘણો હતો. મુંબઇના દૈનિક 'સાંજ વર્તમાન' માં ત્યારે હું પત્રકાર તરીકે જોડાયો હતો. એટલે 'સાંજ વર્તમાન' ના પ્રતિનિધિ તરીકે મારે જૂનગઢ જવાનું હતું. જૂનાગઢ સ્ટેશને બધા સાહિત્યકારો ઊતર્યા હતાં, પરંતુ સ્ટેશનથી ઉતારે લઇ જવાની વ્યવસ્થા અસંતોષકારક હતી. સ્ટેશનની બહાર રસ્તા ઉપર બધા સામાન સાથે બેસી રહ્યા હતા. અમે બધા કચવાટ અનુભવતા હતા. ત્યાં કોઈકે ટકોર કરી કે અધિવેશનના વિભાગીય પ્રમુખ વિષ્ણુપ્રસાદ ત્રિવેદી પણ જો પોતાનો બિસ્રો નાખીને તેના ઉપર તડકામાં બેસી રહ્યા હોય તો આપણી તો શી વાત ? ધોતીયું, ખમીસ, લાંબો ડગલો અને પાઘડી પહેરેલા વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને ત્યારે મેં પહેલી વાર જોયા હતા. એમનાં પત્ની અને માતુશ્રી પણ સાથે આવેલાં હતાં. આટલી અવ્યવસ્થા હોવા છતાં તેઓ સ્વસ્થ અને શાંત ચિત્તે બેઠા હતા.

મેં ત્યારે મુંબઇ યુનિવર્સિટીમાંથી ગુજરાતી વિષય સાથે બી.એ. ની પરીક્ષા પસાર કરી હતી. 'સાંજ વર્તમાન' દૈનિકમાં પત્રકાર તરીકે નોકરી કરવા સાથે એમ. એ. નો અભ્યાસ કરતો હતો એટલે વિષ્ણુભાઇના વિવેચનલેખો તો અમારે અવશ્ય વાંચવા પડતા હતા. એ દિવસોમાં વિષ્ણુપ્રસાદ, વિજયરાય અને વિશ્વનાથ ભટ્ટ એ ત્રણ 'વિ' – આદ્યાક્ષરવાળા વિવેચકોનું વિવેચન વાંચ્યા વગર બી.એ. ની પરીક્ષામાં પાસ થવાનું સરળ નહોતું. આથી વિષ્ણુભાઇનો શબ્દદેહે પરિચય થયો હતો, પરંતુ પ્રત્યક્ષ પરિચય તો જૂનાગઢ ના સ્ટેશન ઉપર પહેલીવાર થયો હતો..

વિષ્ણુભાઇનો જન્મ ૪ થી જુલાઇ (અમેરિકાનો સ્વાતંત્ર્યદિન ૧૮૯૯ ના રોજ ઉમરેઠમાં થયો હતો. વિષ્ણુભાઇના પિતા રણછોડલાલ પ્રાણનાથ ત્રિવેદીએ મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યો હતો. એમના જમાનાની દૃષ્ટિએ એ ઘણો સારો અભ્યાસ ગણાય. તેમણે સરકારના મહેસૂલ ખાતામાં કારકૂન તરીકે નોકરી લીધી હતી. સરકારી નોકર તરીકે તેમની બોરસદ, ઠાસરા, કપડવંજ, નડિયાદ વગેરે સ્થળે બદલી થઇ હતી. એને લીધે વિષ્ણુભાઇએ પોતાની પ્રાથમિક અને માધ્યમિક કેળવણી તે તે ગામની શાળામાં લીધી હતી. એક જ સ્કૂલમાં સળંગ અભ્યાસ કરવાનું વિષ્ણુભાઇને મળ્યું ન હતું.

વિષ્ણુભાઇની માતાનું નામ જેઠીબાઇ હતું. વિષ્ણુભાઇમાં વાત્સલ્યનો ગુણ તેમની માતામાંથી આવ્યો હતો. જેઠીબાઇ કર્મકાંડી હરિપ્રસાદ ભટ્ટનાં દીકરી હતા. વિષ્ણુભાઇના માતામહ હરિપ્રસાદ અસાધારણ સ્વસ્થતા અને ધૈર્યવાળા હતા. એક વખત એમને પગે સાપે ડંખ માર્યો ત્યારે પાસેના એક તાપણામાંથી અંગારો લાવીને એમણે પોતાના પગ ઉપર સાપે ડંખ મારેલી જગ્યાએ મૂકી દીધો અને ચામડી, માંસ બળવા દીધાં. એથી સાપનું ઝેર એમના શરીરમાં પ્રસર્યું નહિ અને તેઓ બચી ગયા હતા.

એ દિવસોમાં મરકી (પ્લેગ) નો રોગ દુનિયામાંથી નાબૂદ થયો ન હતો. ભારતમાં પણ વારંવાર મરકીનો ઉપદ્રવ થતો. પોતે કિશોરાવસ્થામાં હતા ત્યારે ગુજરાતમાં મરકીનો ઉપદ્રવ થયો હતો. વિષ્ણુભાઇ પણ મરકીના રોગમાં પટકાઇ પડયા હતા. મરકીનો રોગ જીવલેણ ગણાતો. ટપોટપ મૃત્યુ થતાં પરંતુ સદ્ભાગ્યે વિષ્ણુભાઇ એ રોગમાંથી બચી ગયા હતા. મૃત્યુના મુખમાંથી પાછા આવ્યા હતા. અણીચૂક્યા બાણું વર્ષ જીવ્યા.

વિષ્ણુભાઇએ મેટ્રિકની પરીક્ષા નડિયાદમાંથી આપી હતી અને પરીક્ષામાં સારા માર્કસ, મળવાને લીધે તેમને ભાઉદાજી સ્કોલરશીપ મળી હતી. આ સ્કોલરશીપ મળી એટલે જ તેઓ કોલેજનો અભ્યાસ કરી શકયા. કોલેજનો અભ્યાસ કરવા માટે તેઓ અમદાવાદ ગયા અને ગુજરાત કોલેજમાં જોડાયા. તેઓ હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતા. એ દિવસોમાં પણ અમદાવાદમાં સાઇકલનો વપરાશ વધારે હતો. વિષ્ણુભાઇ સાઇકલ પર કોલેજમાં જતા. વળી તેમણે એ દિવસોમાં જ ટેનિસ રમવાનો શોખ કેળવ્યો હતો. કોલેજમાં ટેનિસના એક સારા ખેલાડી તરીકે તેમણે નામના પ્રાપ્ત કરી હતી. કોલેજમાં બી. એ. માં તેમણે સંસ્કૃત અને અંગ્રેજીનો વિષય લીધો હતો. એથી તેમને પોતાના સંસ્કૃત વિષયના પ્રોફસર આનંદશંકર ધ્રુવના ગાઢ પરિચયમાં આવવાની સારી તક સાંપડી હતી. અભ્યાસની સાથે સાથે આનંદશંકરના સંસ્કારનો વારસો પણ તેમને મળ્યો હતો. આથી વિષ્ણુભાઇને જ્યારે મળીએ ત્યારે આનંદશંકરની વાત તેઓ ઉલ્લાસ અને આદરપૂર્વક કરતા. આનંદશંકરના 'આપણો ધર્મ,' 'કાવ્ય તત્ત્વ વિચાર' વગેરે ગ્રંથો તેઓ હંમેશાં પોતાના

ટેબલ ઉપર રાખતા અને જયારે જયારે અવકાશ મળે ત્યારે તેમાંથી યથેચ્છ વાંચન કરતા. બી. એ. ની પરીક્ષામાં વિષ્ણુભાઇ પ્રથમ વર્ગમાં આવ્યા હતા. એથી એમને કૉલેજમાં દક્ષિણા ફેલોશિપ મળી હતી, એટલે એમ. એ.નો અભ્યાસ કરવામાં એમને સરળતા રહી હતી. એમ. એ. માં એમણે સંસ્કૃત સાથે ગુજરાત વિષય લીધો હતો.

વિષ્ણુભાઇ અમદાવાદની કૉલેજમાં અભ્યાસ કરવા ગયા ત્યારે તેમના લગ્ન થઇ ચૂક્યાં હતાં. તેમના પત્નીનું નામ તારાવતી પ્રાણશંકર મહેતા હતું. પત્નીની ઉંમર ત્યારે પંદર વર્ષની હતી. પોતાની આ પ્રથમ પત્ની સાથેનું દામ્પત્ય જીવન પંદરેક વર્ષ રહ્યું હતું. આ પત્નીથી તેમને બે સંતાનો થયાં હતાં, પરંતુ તે બંને સંતાનો બાળવયમાં જ ઉટાટિયું થતાં ગુજરી ગયાં હતાં. વિષ્ણુભાઇનાં પત્નીની તબિયત પણ નરમગરમ રહેતી હતી. ૧૯૩૨માં આ પ્રથમ પત્નીનું અવસાન થયું હતું. એ વખતે વિષ્ણુભાઇના કુટુંબમાં પોતે અને પોતાની માતા જેઠીબાઇ એમ બે જ જણ રહ્યાં હતાં. ભર યુવાન વયે વિધુર થયેલા વિષ્ણુભાઇને બીજાં લગ્ન કરવાની ઇચ્છા નહોતી, પરંતુ એમની માતાનો તે માટે અત્યંત આગ્રહ રહ્યા કર્યો હતો. તેથી ૧૯૩૪ માં વિષ્ણુભાઇએ બીજાં લગ્ન શાંતાબહેન માણેકલાલ ભટ્ટ સાથે કર્યા હતાં.

એમ. એ. નો અભ્યાસ કરવા સાથે વિષ્ણુભાઇ સુરતની એમ.ટી.બી. કૉલેજમાં સંસ્કૃત વિષયના અધ્યાપક તરીકે જોડાયા હતા. તે વખતે કૉલેજના પ્રિન્સિપાલ શ્રી બી. આર. ગાડગીલ હતા, જેમણે આગળ જતા આઝાદીની લડતમાં સક્રિય ભાગ લીધો હતો. ગાડગીલ પછી કેટલેક વખતે કૉલેજના પ્રિન્સિપાલ તરીકે ડૉ. એન.એમ. શાહ આવ્યા હતા. તેઓ ગણિતના નિષ્ણાત હતા. ગણિત વિષે તેમણે કેટલાંક પાઠ્યપુસ્તકો લખ્યાં હતાં. એન. એમ. શાહ શિસ્તની બાબતમાં ઘણા કડક હતા, પરંતુ અત્યંત ઉત્સાહી અને કૉલેજના વિદ્યાર્થીઓના અભ્યાસના સ્તરને ઊંચે ચડાવવાની ધગશવાળા હતા. વિદ્યાર્થીઓની અને અધ્યાપકોની શક્તિના તેઓ પારખુ હતા અને કદર કરવાવાળા હતા. એટલે એ દિવસોમાં વિષ્ણુભાઇ કૉલેજમાં સંસ્કૃતના અધ્યાપક તરીકે કામ કરતા હતા તેમને અંગ્રેજી સાહિત્યનો વિષય ભણાવવાનું સોંપ્યું હતું અને પછીનાં વર્ષોમાં તેમણે જોયું કે વિષ્ણુભાઇનો ગુજરાતી સાહિત્યનો અભ્યાસ પણ ઘણો સારો છે અને તેઓ એક સમર્થ લેખક અને વિવેચક છે એટલે ગુજરાતી વિષય ભણાવવાનું પણ તેમણે વિષ્ણુભાઇને સોંપ્યું હતું.

સુરતની કૉલેજમાં પોતે અધ્યાપક તરીકે જોડાયા અને સુરત રહેવા ગયા ત્યારે વિષ્ણુભાઇએ એ વખતના સુરતીઓમાં પહેરાતી કાળી ગોળ જરીભરતવાળી ટોપી પહેરવાનું ચાલું કર્યું હતું. માથે ટોપી કે પાઘડી પહેરવાનો એ જમાનો હતો. ઉઘાડે માથે ઘરની બહાર જઇ ન શકાય એવી ત્યારે પ્રથા હતી. (ફક્ત ડાઘુઓ જ સ્મશાનમાં ઉઘાડે માથે જાય. જો કોઇ રસ્તામાં ઉઘાડે માથે જાય તો લોકો પૂછતા કે ઘરમાં કોઇ ગુજરી ગયું છે કે કેમ ?) આવી ગોળ કાળી ટોપી સુરતમાં ત્યારે 'ઝવેરી ટોપી' તરીકે ઓળખાતી. કેટલાક લોકો ચાંચવાળી બેંગ્લોરી ટોપી પહેરતા, કેટલાક કાશ્મીરી ભરતવાળી ટોપી પહેરતા, કેટલાક લોકો સાદી, કાળી ટોપી પહેરતા. કેટલાક લોકો ખાદીની ગાંધી ટોપી પહેરતા. વિષ્ણુભાઇ સુરતમાં પ્રચલિત એવી ઝવેરી ટોપી ત્યારે પહેરતા હતા.

કૉલેજના અધ્યાપન કાળ દરમિયાન વિષ્ણુભાઇને એક વખત ટાઇફોઇડની ભારે માંદગી થઇ હતી. તેમાંથી તેઓ જેમ તેમ કરીને બચ્યા હતા, પરંતુ તેની અસર તેમના હૃદય ઉપર થઇ હતી. હૃદય નબળું પડવાને કારણે તેમને વારંવાર શરદી, તાવ, દમ જેવી વ્યાધિ થઇ આવતી. ધૂળ, રજ્જાણની તેમને એલર્જી રહેતી. શરીરમાં તેમને અશક્તિ ઘણી વરતાતી. પોતાને શરદી ન લાગી જાય એટલા માટે વિષ્ણુભાઇએ ટોપી પહેરવાનું છોડી દઇને માથે વળ વગરનો ફેંટો બાંધવાનું ચાલુ કર્યું હતું. કૉલેજમાંથી પોતે નિવૃત્ત થયા ત્યાં સુધી તે પહેરવાનું તેમણે ચાલુ રાખ્યું હતું. પગમાં ચંપલને બદલે મોજાં અને બુટ પહેરવાનું તેમણે ચાલુ કર્યું હતું. તેઓ વર્ગમાં ભણાવવા જાય ત્યારે વિદ્યાર્થીઓને આપેલી સૂચના અનુસાર વિદ્યાર્થીઓ વર્ગની બારીઓ બંધ કરી દેતા. વિષ્ણુભાઇના દાખલ થયા પછી વર્ગનો દરવાજો પણ ઘણું ખરું બંધ થઇ જતો. કૉલેજમાં તેઓ પગથિયાં ધીમે ધીમે ચઢતા અને દાદર ચડવાનો આવે ત્યારે તેઓ દરેક પગથિયે વારાફરતી બે પગ મૂકીને આસ્તે આસ્તે ચડતા. પોતાને શ્વાસ ન ભરાઇ આવે તેની દરકાર રાખતા. કૉલેજના કમ્પાઉન્ડમાં તેમને કૉલેજ તરફથી નિવાસસ્થાન મળ્યું હતું. નિવાસ સ્થાનથી કૉલેજ જતાંઆવતાં તેઓ સાવ ધીમે ચાલતા. ધૂળ કે રજ્જાણ ઊડે કે તરત તેમને એલર્જી થતી. કૉલેજ તરફથી એમના નિવાસસ્થાનમાં જ્યારે પણ સાફસૂફી કે રંગરોગાન કરાવવામાં આવે ત્યારે વિષ્ણુભાઇ બહાર હીંચકા પર બેસતા અને રાત્રે હિંચકા પર જ સૂઇ રહેતા. ઘરમાં દાખલ થતા નહિ. જમવાનું પણ બહાર મંગાવતા. હીંચકાનો એમને શોખ પણ હતો. પોતાના ચિંતન મનન માટે તેઓ હીંચકા પર બેસતા.

વિષ્ણુભાઇએ કૉલેજમાં ગુજરાતી વિષય શીખવવાનું ચાલુ કર્યું ત્યારે એ વિષયના બીજા અધ્યાપક તે વિજયરાય વૈદ્ય હતા. વિજયરાય વિષ્ણુભાઇ કરતાં બેત્રણ વર્ષ મોટા હતા. પરંતુ એમ. ટી. બી. કૉલેજમાં વિષ્ણુભાઇ કરતાં દસેક વર્ષ મોડા જોડાયા હતા. બંનેની અધ્યાપન શૈલી જુદી જુદી હતી. બંનેની પ્રકૃતિ પણ જુદી જુદી હતી. બંનેના ઉચ્ચારની લઢણ પણ જુદી જુદી હતી. વિજયરાયે ત્યારે 'કૌમુદી' નામનું પોતાનું સામયિક બંધ પડ્યા પછી 'માનસી' નામનું સામાયિક ચાલુ કર્યું હતું. એ દિવસોમાં પણ સામયિક ચલાવવાનું એટલું સહેલું ન હતું. એમાંથી અર્થપ્રાપ્તિ થતી નહિ, પરંતુ ગાંઠના પૈસા જોડવા પડતા. વિજયરાય કૉલેજના પગારમાંથી પૈસા બચાવીને ' માનસી 'માં પૈસા ખર્ચતા, પરંતુ 'માનસી' બંધ કરવા માટે તેઓ તૈયાર નહોતા. આર્થિક મુશ્કેલીઓ ઘણી વધી ગઇ ત્યારે 'માનસીનો મૃત્યુઘંટ' અથવા 'ઘંટનાદ' એવા શીર્ષક હેઠળ માનસીને આર્થિક સહાય કરવા માટે તેઓ વારંવાર અપીલ કરતા. એમ કરવા છતાં પણ પૂરતી રકમ ન મળે ત્યારે તેઓ હઠાગ્રહપૂર્વક મિત્રો – સંબંધીઓ પાસેથી 'માનસી'નું લવાજમ ઉઘરાવતા. કેટલાય સાહિત્યકારોને એમની આ લવાજમલૂંટ પસંદ પડતી નહિ. વિજયરાય આ રીતે સાહિત્યકારોના પૈસા લૂંટે છે એવા અર્થમાં એક કટાક્ષ લેખ એમના સમવયસ્ક સુરતી ચંદ્રવદન મહેતાએ તે સમયે 'વજુ ધાડપાડુ' ના શીર્ષકથી લખ્યો હતો. (જો કે એમના કરતાં મોટા ધાડપાડુઓથી ગુજરાતી સાહિત્ય આજે વધારે સમૃદ્ધ છે !) ત્યાર પછી વિષ્ણુભાઇને ત્યાં ચંદ્રવદન અને વિજયરાય મળ્યા ત્યારે તેઓ ત્રણ આ વિષય પર નિખાલસતાથી ખૂબ હસ્યા હતા. વિજયરાયે ચંદ્રવદનના લેખને અત્યંત ખેલદિલીથી સ્વીકાર્યો હતો. ત્યાર પછી જ્યારે 'માનસી' વધારે ડગુમગુ થયું ત્યારે અને આર્થિક સહાય ન મળી ત્યારે વિજયરાયે પોતાની પત્ની પાસે ઘરેણાં વેચવા માટે માગ્યાં. એ વખતે વિજયરાયનાં પત્ની વિષ્ણુભાઇને ત્યાં રોતાં રોતાં પહોંચ્યાં હતાં. વિષ્ણુભાઇએ વિજયરાયને સમજાવ્યા હતા કે પત્નીનાં ઘરેણાં વેચીને 'માનસી' ચલાવાય નહિ. તે ચાલે ત્યાં સુધી ચલાવો. વિજયરાયે વિષ્ણુભાઇની સલાહ સ્વીકારી હતી અને થોડા વખત પછી 'માનસી' બંધ પડ્યું હતું. (જો કે ત્યાર પછી ફરી થોડી અનુકૂળતા મળતાં પત્રકારી જીવ વિજયરાયે 'રોહિણી' નામનું સામયિક ચાલુ કર્યું હતું, પરંતુ તે તો અલ્પજીવી નીવડ્યું હતું.)

વિષ્ણુભાઇનો પ્રથમ વિશેષ પરિચય તો મને ઇ.સ. ૧૯૫૦માં થયો હતો. મારા કવિમિત્ર મીનુ દેસાઇ સાથે સુરત હું પહેલીવાર ગયો હતો. પ્રવાસનો શોખ હતો અને નવી નવી વ્યક્તિઓને મળવાનો પણ શોખ હતો. અમે બંનેએ 'મનીષા' નામના સોનેટસંગ્રહના સંપાદનનું કાર્ય હાથ ધર્યું હતું. એ વખતે એમ. ટી. બી. કૉલેજમાં વિષ્ણુભાઇ અને વિજયરાય વૈદ્ય ગુજરાતી વિષય શીખવતા. એટલે દેખીતી રીતે જ એમને મળવાનું મન થયું. વિજયરાયની એક પ્રકારની લાક્ષણિક મુદ્રા હતી. તેઓ વિદ્વાન ખરા પણ અધ્યાપકીય વક્તૃત્વ શક્તિ એમનામાં ઓછી ગણાતી. એમના ઉચ્ચારો પણ લાક્ષણિક હતા. તેઓ પણ ધોતીયું, ખમીસ, લાંબોકોટ અને ટોપી પહેરતા અથવા કોઇવાર કોટને બદલે પહેરણ ઉપર બંડી પહેરતા. વિદ્યાર્થીઓને વિજયરાય કરતાં વિષ્ણુભાઇ પ્રત્યે માન વધારે હતું.

અમે વિષ્ણુભાઇને મળ્યા. મારા મિત્ર મીનું દેસાઇએ મારો પરિચય કરાવ્યો. 'સાંજ વર્તમાન' માં હું તે વખતે સાહિત્યના વિભાગનું સંપાદન કરતો અને દર બુધવારે પ્રગટ થતા એ વિભાગની એક નકલ વિષ્ણુભાઇને પણ હું નિયમિત મોકલતો. ' સાંજ વર્તમાન' માં મારા લખાણો ઉપર પોતે કોઇ કોઇ વાર નજર નાખી જાય છે તે અંગે વાત નીકળી. ત્યાર પછી મારા મિત્રે વિષ્ણુભાઇને કહ્યું કે 'આ વખતનો બળવંતરાય ઠાકોર સુવર્ણચંદ્રક રમણભાઇને મળ્યો છે.'

વિષ્ણુભાઇએ તરત હર્ષપૂર્વક કહ્યું, 'એમ ? તમને મળ્યો છે ? તો તે માટે મારા અભિનંદન. તમને મળીને મને બહુ આનંદ થયો.'

પછી એમણે પ્રશ્ન કર્યો, 'તમને ભાષાવિજ્ઞાનમાં ૯૪ માર્કસ મળ્યા છે ?'

મેં કહ્યું, ' હા. આપને કેવી રીતે ખબર પડી ? રિઝલ્ટ હમણાં જ આવ્યું છે. મેં હજુ કોઇને મારા માર્કસ કહ્યા નથી.'

એકાદ મિનિટ તેઓ શાંત રહ્યા. પછી કહ્યું, ' જો કે આ વાત મારાથી તમને કહેવાય નહિ, પણ હવે તમને કહેવામાં વાંધો નથી. પરંતુ આ વાત બીજે કરશો નહિ. તમારું એમ.એ. નું ભાષાવિજ્ઞાનનું પેપર મેં તપાસ્યું છે. તમારું પેપર તપાસતાં ખરેખર મેં બહુ જ આનંદ અનુભવ્યો છે. મારી જિંદગીમાં મેં કોઇને આટલા માર્કસ આપ્યા નથી. આખા પેપરમાં એકે એક પ્રશ્નોના ઉત્તર તદ્દન સાચા, મુદ્દાસર અને પૂરા સંતોષકારક હતા. આખા પેપરમાં જોડણીની એક પણ ભૂલ નહોતી કે કોઇ ઠેકાણે છેકછાક પણ નહોતી લાલ લીટો કરવો પડે એવું એક પણ સ્થળ પેપરમાં મને જોવા મળ્યું નહિ. એટલે માર્કસ ક્યાં કાપવા તેની મને મૂંઝવણ થતી હતી. પૂરા સૌ માર્કસ તો અપાય નહિ, કારણ કે કોઇએ હજુ સુધી આપ્યા નથી. એટલે દરેક સવાલનો એક એક માર્કસ ઓછો કરીને મેં તમને ૯૪ માર્કસ આપ્યા છે. યુનિવર્સિટીમાં આટલા માર્કસ હજુ સુધી કોઇને અપાયા નથી.'

વિષ્ણુપ્રસાદ જેવા વડીલ સાહિત્યકાર અને પરીક્ષકને હાથે આવું પ્રમાણપત્ર મળ્યું તેથી મારા જીવનની એક ધન્યતા મેં અનુભવી હતી.

ઇ. સ. ૧૯૫૨માં સુરતની એમ. ટી. બી. કોલેજ તરફથી ગુજરાતી વિષયના અધ્યાપકોના સંઘનું સંમેલન યોજવા માટે નિમંત્રણ મળ્યુ હતું. મુંબઇની ઝેવિયર્સ કોલેજના ગુજરાતી વિષયના અધ્યાપક તરીકે એ મારું પહેલું સંમેલન હતું. એ સંમેલનમાં અધ્યાપનના પ્રશ્નોની ઘણી માર્મિક છણાવટો થઇ હતી. અધ્યાપક સંઘના શરૂઆતનાં એ વર્ષો ઘણાં સક્રિય હતાં. ઠરાવો થતા અને તેનો અમલ થતો. પરંતુ સુરતના એ સંમેલનમાં એક વિષયની બાબતમાં અધ્યાપકોમાં બે પક્ષ પડી ગયા હતા. એ દિવસોમાં મુંબઇમાં 'જન્મભૂમિ'માં અને અમદાવાદમાં 'સંદેશ'માં શબ્દરચના હરિફાઇ બહુ મોટા પાયા ઉપર ચાલવા લાગી હતી. એ જમાનાની અપેક્ષાએ મોટા મોટા જંગી ઇનામો જાહેર થતાં હતાં અને રોજ આખા પાનાંની જાહેરખબરો હરીફાઇ માટે આવતી. ગામેગામ લોકો શબ્દરચના હરીફાઇમાં લાગી ગયા હતા. એ શબ્દરચના હરીફાઇમાં નિર્ણાયક તરીકે જોડાનાર મોટા મોટા વિદ્વાનોને સારો પુરસ્કાર આપવામાં આવતો. કારણ કે છાપાંઓને પણ હરીફાઇ દ્વારા ધૂમ કમાણી થતી. એ વખતે કેટલાક વડીલ અધ્યાપકો પણ શબ્દરચના હરીફાઇમાં નિર્ણાયક તરીકે જોડાવા લાગ્યા હતા. એ વખતનું વાતાવરણ હજુ ગાંધીજીની અસર નીચે હતું એટલે આ પ્રકારની હરીફાઇઓ તે મોટો જુગાર છે અને તેમાં ગુજરાતી વિષયના અધ્યાપકોએ ન જોડાવું જોઇએ એવો ઘણોનો મત હતો. મુંબઇમાંથી પ્રો. મનસુખલાલ ઝવેરી નિર્ણાયક તરીકે જોડાયા હતા. ગુજરાતમાંથી પણ કેટલાક વડીલ અધ્યાપકો નિર્ણાયક તરીકે જોડાયા હતા. બીજી બાજુ આચાર્ય શ્રી ડોલરરાય માંકડ, શ્રી ઉમાશંકર જોશી, શ્રી યશવંત શુકલ વગેરેનો એ માટે સખત વિરોધ હતો. તેઓ આ સંમેલનમાં ઠરાવ લાવ્યા હતા કે અધ્યાપક સંઘના સભ્ય એવા કોઇ પણ અધ્યાપકે શબ્દ રચના હરીફાઇમાં નિર્ણાયક તરીકે ભાગ લેવો નહિ. આ ઠરાવને લીધે અધ્યાપકોમાં બે પક્ષ પડી ગયા હતા અને તે બંને વચ્ચે ગરમાગરમ કટુતાભરી ચર્ચા ચાલી હતી. નિર્ણાયક તરીકે કામ કરતા અધ્યાપકોએ સંઘમાંથી નીકળી જવાની ધમકી ઉચ્ચારી હતી. આરંભના જ વર્ષમાં અધ્યાપક સંઘ ભાંગી પડે એવી શક્યતા ઊભી થઇ હતી. બંને પક્ષ પોતપોતાના વિચારમાં મક્કમ હતા. એ વખતે વિષ્ણુભાઇએ બંને પક્ષને પ્રેમપૂર્વક સમજાવીને ઠરાવના કડક શબ્દો દૂર કરાવીને ઠરાવને ભલામણના રૂપમાં રજૂ કરાવ્યો હતો. બીજી બાજુ જે અધ્યાપકો એમાં જોડાય હતા તેમની પાસેથી વ્યક્તિગત ખાતરી ઉચ્ચારાવી હતી. એથી વિષ્ણુભાઇ પ્રત્યે સૌ કોઇનો આદર ઘણો વધી ગયો હતો. ત્યાર પછી કેટલાંક વર્ષે વડોદરામાં ગુજરાતી વિષયના અધ્યાપકોનું સંમેલન મળ્યું હતું. વિષ્ણુભાઇ એકંદરે સંમેલનમાં આવતા નહિ. પરંતુ વડોદરાના સંમેલનની એક બેઠકમાં અચાનક તેઓ આવી ચડયા. એમના આગમનની સાથે જ સભાનું વાતાવરણ બદલાઇ ગયું. કોઇ એક ભાષાકીય મુદ્દાની ચર્ચા ચાલતી હતી. જુદા જુદા અધ્યાપકો જુદો જુદો મત વ્યક્ત કરતા હતા અને ચર્ચામાં ગરમાગરમી થઇ હતી. તે વખતે વિષ્ણુભાઇને ઉપસંહાર કરવાનું કહેવામાં આવ્યું. વિષ્ણુભાઇએ બધા જ મુદ્દાઓને આવરી લઇને એવો સરસ ઉપસંહાર કર્યો હતો કે બધો વિવાદ શમી ગયો, એટલુ જ નહિ વિષ્ણુભાઇના એ ઉપસંહારથી અધ્યાપકોએ પ્રસન્નતા અનુભવી હતી. દરેક વિષયનાં પક્ષપાત રહિત, અભિનિવેશ રહિત, સમગ્ર દર્શી, સમતોલ વિવેચનમાં એમની પરિણત પ્રજ્ઞાનાં અને એમના ઉદાત્ત શીલનાં જે દર્શન થતાં. તેનો ત્યારે અમને પ્રત્યક્ષ અનુભવ થયેલો.

વિષ્ણુભાઇ કોલેજમાં અધ્યાપક તરીકે સક્રિય હતા તે વર્ષોમાં ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં મુંબઇ યુનિવર્સિટીએ એક જ યુનિવર્સિટી હતી. વિષ્ણુભાઇ ત્યારે યુનિવર્સિટીની સમિતિઓમાં કે પરીક્ષાના કાર્ય માટે મુંબઇ વારંવર આવતા. જો કે તે વખતે પણ પ્રવાસમાં તેઓ પોતાની જાતને બહુ સાચવતા. તેઓ તે સમયના મુંબઇ રાજય તરફથી ગુજરાતી પુસ્તકો અપાતા પારિતોષિકો માટેની નિર્ણાયક સમિતિના એક સભ્ય તરીકે કામ કરતા. શ્રીમતી ઇન્દુમતીબહેન શેઠ ત્યારે શિક્ષણપ્રધાન હતાં અને નિર્ણાયકોની નિમણૂક તેઓ કરતાં. એ વખતે અમારી ઝેવિયર્સ કોલેજના પ્રો. ગૌરીપ્રસાદ ઝાલા પણ નિર્ણાયક સમિતિમાં હતા. એક વખતે વિષ્ણુભાઇ અને ઝાલા સાહેબ બંનેએ સાથે મળીને નિર્ણય આપવાનો રહતો. ત્યારે વિષ્ણુભાઇ મુંબઇ ઝેવિયર્સ કોલેજમાં આવતા, તેઓ બંને આખો દિવસ બેસી પુસ્તકોની વિચારણા કરતા. દાદરો ચઢવાની તકલીફને કારણે વિષ્ણુભાઇ માટે કોલેજમાં નીચે એકાદ રૂમ ખાલી રખાતો. ત્યાં બેસી વિષ્ણુભાઇ અને ઝાલા સાહેબ કામ કરતા. નિર્ણાયક તરીકેનું કામ અત્યંત ગુપ્ત રહેતું. સરકાર નિર્ણાયકોનાં નામ જાહેર કરતી નહિ. નિર્ણાયક સમિતિમાં કોણ કોણ છે એની અટકળ થતી, પણ ભાગ્યે જ કોઇને ખબર પડતી. કોલેજમાં ઝાલાસાહેબના સહાયક અધ્યાપક તરીકે હું કામ કરતો. એટલે ઝાલાસાહેબ અને વિષ્ણુભાઇ જયારે કામ કરતા ત્યારે તેમના સહાયક તરીકે કામ કરવાની મને તક મળતી. મારી પાસેથી વાત બહાર કયાંય જશે નહિ એવી તેઓ બંનેને પૂરેપૂરી શ્રદ્ધા હતી. સૂટબૂટ પહેરવાની પદ્ધતિના એ દિવસો હતા. ઝાલા સાહેબ કોલેજમાં હંમેશાં સૂટમાં સજજ રહેતા. વિષ્ણુભાઇ પોતાનો ગરમ લાંબો ડગલો અને ધોતીયું પહેરીને આવતા. માથે પાઘડી રાખતા. પગમાં ગરમ મોજા સાથે બુટ તેઓ પહેરતા. પોતાને ઠંડી ન લાગે, શરદી ન થઇ જાય એટલે ભર ઉનાળામાં, મે મહિનાની ગરમીમાં તેઓ બધી બારીઓ બંધ રખાવતા. રૂમનું બારણું ઘડીએ ઘડીએ ન ખૂલે (ગુપ્તતા કરતાં હવાની બીકે) તે માટે ચીવટ રાખતા અને તે માટે મને સૂચના આપતા. ઝાલા સાહેબને બંધ બારીબારણા અને સૂટના કારણે ગરમી થતી. પરંતુ વિષ્ણુભાઇને પંખો ચલાવવો ફાવતો નહિ. ઝાલાસાહેબ એમને બધી રીતે આદરપૂર્વક સહકાર આપતા અને પોતાને ગરમી લાગે તો વિષ્ણુભાઇને કહીને થોડી થોડી વારે બહાર જઇ આવતા. વિષ્ણુભાઇ ઠડું પાણી પીતા નહિ. એમના માટે કેન્ટીનનું પાણી ગરમ કરાવીને પછી ઠારીને હું લઇ આવતો અને તે પાણી તે પીતા. ચા કરતાં કોફી તેમને વધારે અનુકૂળ રહેતી. પોતાની આવી શારીરિક પ્રતિકૂળતા છતાં વિષ્ણુભાઇ આખો દિવસ બેસીને સતત કામ કરતા. વાંચવું, વિચારવું, નિર્ણય લેવો એ બધું એમની પ્રિય એવી પ્રવૃત્તિ હતી. એટલે માનસિક શ્રમ એમને ઓછો લાગતો. પોતાને સરકારે સોંપલું કામ તેઓ બંને ખંત, ચીવટ અને નિષ્ઠાથી કરતા. નિર્ણાયક તરીકે પોતાની પસંદગી થઇ છે એવું બીજાને જણાવીને જશ કે મોટાઇ મેળવવાની તેમનામાં જરા પણ વૃત્તિ નહોતી. એ જોઇને તેમના પ્રત્યે મને ઘણો આદર થતો.

વિષ્ણુપ્રસાદ કોલેજમાં અધ્યાપન કાર્ય કરતાં ત્યાં સુધી તો સ્વસ્થાતાનુસાર સક્રિય રહેતા. સાહિત્ય પરિષદ, યુનિવર્સિટી કે સરકારી સમિતિઓનાં તેઓ નિમંત્રણ સ્વીકારતા અને બહાર ગામનો પ્રવાસ પણ કરતા. કલકત્તામાં યોજાયેલા સાહિત્ય પરિષદના અધિવેશનમાં પ્રમુખસ્થાને પણ તેઓ બિરાજી ચૂકય હતા. યુવાન વયે તેઓ ટેનિસ પણ રમતા અને સાઇકલ ફેરવતા એટલે શરીરે સશક્ત હતા. પરંતુ નિવૃત્તિકાળ ચાલુ થયા પછી તેમને કોઇ કોઇ વખત એવા અનુભવો થયા કે જેથી એમને સ્વેચ્છાએ સતત ગૃહવાસ સ્વીકારી લીધો. તેઓ 'ગૃહસ્થ' શબ્દાર્થથી બની ગયા હતા. એકાદ વખત લાબું ચાલવાને કારણ, એકાદ વખત દોડવાને કારણ એમને ગભરામણ થયેલી; શરીર પરસેવે રેબઝેબ થઇ ગયેલું. ત્યારથી 'હું બહુ ચાલીશ તો મને કંઇક થઇ જશે' એવી ભીતિ એમના મનમાં ઘર કરી ગઇ હતી. આવો એક પ્રકારનો phobia – માનસિક વ્યાધિ એમને થઇ ગયો હતો. એવા એક પ્રસંગનું વર્ણન કરતાં તેમણે મને કહ્યું હતું કે પહેલાં પોતે સાંજે એક માઇલ સુધી ફરવા જતા. એટલી એમની શક્તિ હતી. એક વખત કોઇકની સાથે ફરવા

ગયેલા ત્યારે સાથે ફરનાર વ્યક્તિએ કહ્યું કે આપણે તો સવા માઇલ સુધી ચાલ્યા' કહેનારે સહજ ભાવથી કહ્યું પણ વિષ્ણુભાઇને મનમાં ફાળ પડી કે 'હું મારી શક્તિની ઉપરવટ ચાલ્યો છું.' એટલે તરત તેઓ પરસેવે રેબઝેબ થઇ ગયા અને હાંફતા હાંફતા માંડ માંડ ઘરે પહોંચ્યા. આવા કેટલાક અનુભવો પછી તેમણે સંકલ્પ કર્યો હતો કે હવેથી ઘરની બહાર ક્યાય જવું જ નહિ અને ઘરમાં બેસી આખો દિવસ સ્વસ્થતાપૂર્વક સ્વાધ્યાય અને લેખનમાં વિતાવવો. પોતે આ રીતે સ્વેચ્છાએ હર્ષપૂર્વક આ એક મર્યાદા સ્વીકારી લીધી એટલે પોતાને બહાર જવા નથી મળતું એ વાતનો એમને ક્યારેય વસવસો રહ્યો નહિ. પોતાની માનસિક વ્યાધિને આશીર્વાદમાં એમણે ફેરવી કાઢી હતી અને બહુ જ સ્વસ્થતા અને ઉલ્લાસપૂર્વક પોતાનું જીવન જીવવા લાગ્યા હતા.

આમ છતાં વિષ્ણુભાઇ પોતાની તબિયત માટે પૂરી કાળજી લેતા. ગરમી કરતાં ઠંડીની તેમને વધુ બીક રહેતી. પવનની જરા સરખી લહેરખી આવે તો વિષ્ણુભાઇને તેની તરત ખબર પડે. એક વખત હું એમને ઘરે ગયો હતો. અમે બંને સાહિત્યજગતની વાતો કરતા હતા. રૂમની બંને બારીઓ બંધ હતી. ત્યાં એમણે શાન્તાબહેનને બૂમ પાડીને બોલાવ્યાં અને કહ્યું કોઇ બારી જરા ખુલ્લી રહી ગઇ લાગે છે. શાન્તાબહેને કહ્યું, 'નથી ખુલ્લી રહી ગઇ' મેં બરાબર બંધ કરેલી છે. 'વિષ્ણુભાઇએ કહ્યું, 'મને ઠંડી લાગે છે, એટલે જરાક તિરાડ જેટલી પણ ખુલ્લી રહી ગઇ હોવી જોઇએ. જરા ફરી જુઓને !'શાન્તાબહેને બેય બારી ફરીથી બરાબર જોઇ તો એક બારી બરાબર વસાઇ નહોતી. તિરાડ જેટલી જગ્યા બકી રહી ગઇ હતી. તેમણે તે બરાબર ખેંચીને બંધ કરી. વિષ્ણુભાઇનું શરીર ઠંડી અને હવાની બાબતમાં કેટલું બધું સંવેદનશીલ બની ગયું હતું તે એ પ્રસંગે પ્રત્યક્ષ મને જોવા મળ્યું હતું.

વિષ્ણુભાઇએ ઘરની મર્યાદા સ્વીકારી લીધી હતી, પરંતુ ચૈતસિક અને આત્મિક દૃષ્ટિએ તેઓ બાહ્ય જગતના સતત સંપર્કમાં રહેતા અને સમગ્ર વિશ્વ સાથે એકરૂપતા અનુભવતા હતા. અનેક સાહિત્યકારો, મિત્રો, વિદ્યાર્થીઓ સાથે પત્રલેખન દ્વારા તેઓ સતત સંપર્કમાં રહેતા. વર્તમાનપત્રો નિયમિત વાંચતા અને દુનિયાભરની ઘટનાઓ વિશે જાણકારી ધરાવતા. રોજ રોજ મહેમાનો દ્વારા પણ તેમને અવનવી વાતો જાણવા મળતી. જીવનમાં કશું ખૂટે છે એવું તેમને ક્યારેય લાગતું નહિ.

વિષ્ણુભાઇ પોતાના રૂમની બહાર બહુ જ ઓછું નીકળે. પોતાના મકાનની બહાર તો કેટલાંય વર્ષોમાં કોઇક અપવાદરૂપ પ્રસંગોમાં નીકળ્યા હશે ! વિષ્ણુભાઇએ પોતાના 'મૈત્રી' નામના મકાનમાં રહેવાનું ચાલુ કર્યું તે પછી એક દાદર ચડીને પોતાના ઘરની અગાસીમાં તેઓ ક્યારેય જિજ્ઞાસાવૃત્તિથી પણ ગયા નહોતા. અગાશી કેવી છે તે વિષ્ણુભાઇએ જોઇ નહોતી. પરંતુ એક દિવસ અચાનક સંજોગવશાત તેમને અગાસીમાં ફરજિયાત જવું પડયું હતું. એ પ્રસંગ હતો તાપી નદીના પૂરનો. કેટલાંક વર્ષ પહેલા તાપી નદીમાં મોટું પૂર આવ્યુ હતું. ત્યારે આખા સુરત શહેરમાં પાણી ભરાઇ ગયાં હતાં. એ વખતે વિષ્ણુભાઇના ઘરમાં પણ પાણી ભરાઇ જવાને લીધે પોતાની પત્ની અને પુત્રી સાથે તેઓને પણ ઉપર અગાશીમાં ચડી જવું પડયું હતું. જયારે પૂર ઊતરતું ગયું ત્યારે સુરતના એકે એક ઘરમાં પુષ્કળ કાદવ ઠાલવતું ગયું. એવા કાદવવાળા ઘરને સાફ કરવામાં ઘણો પરિશ્રમ લેવો પડે એમ હતો. એ વખતે પોતાનો રૂમ સાફ થયા પછી વિષ્ણુભાઇ અગાશીમાંથી નીચે આવ્યા હતા. એ પછી તેઓ જીવનના અંત સુધી અગાશીમાં ક્યારેય ગયા નહોતા. આ રીતે પોતાના જ ઘરમાં પોતાની અગાશીમાં જવાનો પ્રસંગ ત્રીસેક વર્ષના નિવાસ દરમિયાન એક જ વાર તેમને માટે બન્યો હતો અને તે તાપી નદીમાં આવેલા પૂરને કારણે.

વિષ્ણુભાઇ કોઇ કોઇ વખત કહેતા કે જગતમાં અને જીવનમાં કેટલીક વસ્તુઓ સારભૂત અને અમૂલ્ય છે. આપણા બધા ભારતીય ગ્રંથોમાં તેમને માટે ઉપનિષદો અને શ્રીમદ્ ભગવદ્ ગીતા પ્રિયમાં પ્રિય ગ્રંથો હતા. તેઓ કહેતા કે કોઇ કદાચ મને પૂછે કે દુનિયમાં પ્રલય થવાનો છે અને તમને સલામત જગ્યાએ લઇ જવાના છે તો તમે તમારી કઇ પ્રિય વસ્તુઓ સાથે લઇને પહોંચી જાવ ? તો હું જવાબમાં કહું કે ઉપનિષદો અને શ્રીમદ્ ભગવદ્ ગીતા લઇને હું સલામત સ્થળે ચાલ્યો જઇશ.' તાપી નદીમાં જયારે પૂર આવ્યાં અને વિષ્ણુભાઇ પોતાના ઘરની અગાશીમાં ચાલ્યા ગયા તે વખતે ઉપનિષદો અને શ્રીમદ્ ભગવત ગીતા લઇને ગયા હતા. પૂર આવવાના કારણે ઘણા લોકોએ પોતાની સ્વસ્થતા ગુમાવી હતી. પરંતુ વિષ્ણુભાઇ એ પ્રસંગે પણ સ્વસ્થ રહ્યા હતા. પૂરને લીધે ઘરવખરીને કેટલુંક નુકસાન થયું હતું, પરંતુ વિષ્ણુભાઇની મનોદશા તો સ્થિતપ્રજ્ઞ જેવી, नानु शोचंति पंडिताः જેવી જ રહી હતી.

વિષ્ણુભાઇએ પોતાની નિવૃત્તિના અરસામાં પોતાની કમાણી અને બચતમાંથી અમદાવાદમાં શ્રી સભ્ય સોસાયટીમાં ઘર લીધુ હતું. પ્રો. અનંતરાય રાવલ, આચાર્યશ્રી યશવંત શુક્લ વગેરે અધ્યાપકોની સાથે પોતાને પણ રહેવા મળે અને સાહિત્યકારોનો સહવાસ મળે એ આશયથી ઘર લીધુ હતું, પરંતુ તે દરમિયાન તો પોતાની માનસિક બીમારી ચાલુ થઇ ગઇ હતી. એટલે સોસાયટીમાં પોતે કરાવેલા ઘરનો કબજો લેવા માટે કે વાસ્તુ કરવા માટે પણ તેઓ અમદાવાદ ગયા ન હતા. આ સોસાયટી થયાને દસેક વર્ષ વીતી ગયા હતાં. એકાદ વખત હું એમને સુરત મળવા ગયો હતો ત્યારે સભ્ય સોસાયટીના ઘરની વાત નીકળી હતી. એમણે કહ્યું કે 'ઘર કરાવ્યાંને વર્ષો થઇ ગયાં છે, પરંતુ મારું એ ઘર કેવું છે તે મેં હજુ નજરે જોયું નથી. મને એ માટે કોઇ ઉત્સુકતા પણ નથી. રહી. હું મારું ઘર જોયા વગર રહી ગયો એવા ભાવ પણ મને ક્યારેય થયો નથી.'

સભ્ય સોસાયટીની આ ઘરની મુલાકાત અચાનક ફરજિયાત લેવાનો પ્રસંગ વિષ્ણુભાઇને પ્રાપ્ત થયો હતો. એમનાં પત્ની શાંતાબહેનને પક્ષાઘાતનો એકાએક હુમલો થયો. ડૉક્ટરે સલાહ આપી કે હુમલો ગંભીર છે અને તેની સારવાર સુરતમાં સરખી નહિ થાય, માટે દર્દીને મુંબઇ અથવા અમદાવાદ લઇ જવાનું સલાહભર્યું છે. મુંબઇ કરતાં અમદાવાદ વધારે અનુકૂળતા રહે. પોતાનું ઘર પણ ત્યાં છે. એ દૃષ્ટિએ શાંતાબહેનને અમદાવાદ લઇ જવાનું નકકી થયું. એ માટે મોટરની ખાસ વ્યવસ્થા કરવામાં આવી. ઘરમાં બીજા કોઇ સભ્યો પણ નહિ અને વિષ્ણુભાઇએ જાતે તો જવું જ પડે. એ વખતે મજબૂત મનોબળ કરીને વિષ્ણુભાઇ શાંતાબહેનની સાથે સુરતથી અમદાવાદ ગયા. એમને માટે મોટરકારનો આટલો લાંબો પ્રવાસ જિંદગીમાં પહેલીવારનો હતો.. અમદાવાદ જઇને એમણે પોતાનું ઘર પણ ઘણાં વર્ષે પહેલીવાર જોયું. શાંતાબહેનને કંઇક સારું થતાં તે એક વાર ફરી પાછા મોટરમાં સુરત આવી ગયા હતા. ત્યાર પછી હું સુરત એમને મળવા ગયો હતો. શાંતાબહેન ખુરશીમાં બેઠા હતાં. મેં એમની સાથે વાત ચાલુ કરી. કેટલાક જવાબ બરાબર નહોતા અપાતા. ત્યાં વિષ્ણુભાઇએ જ કહ્યું કે તેમની સ્મૃતિ ચાલી ગઇ છે. બ્રેઇનને નુકસાન પહોંચ્યું છે. એટલે તેમને માટે હવે માત્ર વર્તમાનકાળ જ રહ્યો છે.

વિષ્ણુભાઇને સંતાનોમાં એક જ દીકરી ચિ. વસંતિકા. મુંબઇના જાણીતા શિક્ષક અને હાસ્યરસના લેખક શ્રી ભગવત ભટ્ટના પુત્ર નિકુંજભાઇ સાથે તેનાં લગ્ન કરવામાં આવ્યાં હતાં. વસંતિકા મુંબઇ રહે પરંતુ વિષ્ણુભાઇની વૃદ્ધાવસ્થાના કારણે વારંવાર તેને સુરત દોડવું પડે. વિષ્ણુભાઇના પત્ની શાંતાબહેનને લકવાની અસર થયા પછી વસંતિકા અને એના પતિ નિકુંજભાઇ સંતાનો સાથે સુરત જઇને વિષ્ણુભાઇની સાથે જ રહ્યાં. બહેન વસંતિકાએ પોતાની માતાની અને પિતાની ખૂબ પ્રેમભાવપૂર્વક સતત સેવા ચાકરી કરી છે. વસંતિકાના કારણે વિષ્ણુભાઇના પશ્ચાદ્ જીવનમાં એકલતા રહી નહોતી. વસંતિકાના પતિનું અકાળ અવસાન થયું. એ દુઃખ વિષ્ણુભાઇને જોવાનું આવ્યુ, પરંતુ એ આપત્તિના પ્રસંગે પણ બહેન વસંતિકાએ અમદાવાદના સ્મશાનમાં જઇ પોતાના પતિની ચિતાને પોતાના હસ્તે દાહ આપીને જે સ્વસ્થતા અને ધૈર્ય બતાવ્યા તે વિષ્ણુભાઇ પાસેથી વારસામાં મળેલા સત્ત્વ જેવાં હતાં.

વિષ્ણુભાઇએ અમદાવાદનો બીજીવારનો પ્રવાસ પોતાના જમાઇની માંદગી નિમિત્તે કર્યો હતો.નિકુંજભાઇને ગંભીર માંદગીને કારણે અમદાવાદની હૉસ્પિટલમાં દાખલ કરવાનું નકકી થયું. એ વખતે પુત્રી વસંતિકાને નૈતિક સહારો રહે એટલા માટે વિષ્ણુભાઇ પણ તેમની સાથે અમદાવાદ ગયા હતા. ત્યાં નિકુંજભાઇની તબિયત સુધરતી ગઇ હતી. પરંતુ પાછળથી અચાનક તબિયત વધુ બગડી અને તેમનું અવસાન થયું. વિષ્ણુભાઇના જીવનનો આ એક મોટો આઘાત હતો.

અમદાવાદના દસેક દિવસના રોકાણ દરમિયાન ઉમાશંકર જોશી રોજ જ વિષ્ણુભાઇ પાસે આવતા. યશવંત શુક્લ તો પાડોશમાં જ રહેતા. અને તેઓ પણ વિષ્ણુભાઇની સંભાળ લેતા.

ગૃહવાસ સ્વીકાર્યા પછી વિષ્ણુભાઇ બહારગામની કેટલીક સંસ્થાઓ કે યુનિવર્સિટીઓના નિમંત્રણો સ્વીકારતા, પણ તે એ શરતે કે એની મિટિંગ પોતાના ઘરે યોજવામાં આવે. પીએચ. ડી. થિસિસ માટે પરીક્ષક તરીકે પણ તેઓ નિમંત્રણ એ શરતે જ સ્વીકારતા અને યુનિવર્સિટીઓ પણ સામાન્ય રીતે એમની એ વિનંતી માન્ય રાખતી.

૧૯૬૮ ના અરસામાં મારા માર્ગદર્શન હેઠળ મારા એક વિદ્યાર્થિની બહેને તૈયાર કરેલી થિસિસ માટે પરીક્ષક તરીકે વિષ્ણુભાઇની નિમણૂક થઇ હતી. એમનો અહેવાલ આવી ગયો હતો. પરંતુ મૌખિક પરીક્ષા એમના ઘરે લેવાની હતી. એ માટે તારીખ અને સમય યુનિવર્સિટી સાથે પત્રવ્યવહાર દ્વારા નક્કી થઇ ગયાં હતાં. મારા વિદ્યાર્થિની અમદાવાદ થઇને સુરત પહોંચવાનાં હતાં. હું મુંબઇથી વહેલી સવારની ગાડીમાં નીકળી સુરત પહોંચવાનો હતો. સીધા વિષ્ણુભાઇના ઘરે મળવાનું અમે નક્કી કર્યું હતું. હું સુરતના સ્ટેશનને ઊતર્યો ત્યારે મારી પાસે હજુ બે કલાકનો સમય હતો. મને થયું કે હું વિષ્ણુભાઇના ઘરે વહેલો જાઉં તો એમની સાથે થોડી વાત કરવાની તક મળશે. એટલે બપોરે ત્રણને બદલે હું તો બે વાગે એમના ઘરે પહોંચી ગયો. તેઓ ભોજન પછી સૂતા હતા. એટલે હું પાછો જતો હતો. પરંતુ હું આવ્યો છું એમ શાંતાબહેને એમને જગાડીને કહ્યું. એટલે તેઓ એકદમ વિચારમાં પડી ગયા. તેમણે કહ્યું, ' ભાઇ, પરીક્ષા તો ત્રણ વાગે છે. મારી કાગળ વાંચવામાં કઇ ભૂલતો નથી થતીને ? ' મેં કહ્યું 'ના. પરીક્ષા તો ત્રણ વાગે જ છે. પરંતુ આપને મળવાના આશયથી હું જરા વહેલો આવ્યો છું. પણ આપને ડિસ્ટર્બ કર્યા. માફ કરજો હું ત્રણ વાગે આવું ? ' એમણે કહ્યું, 'ના, ના. તડકામાં તમે ક્યાં જશો ? મેં આરામ કરી લીધો છે.' એમની સાથે ત્યારે સાહિત્ય જગતની અને એમના લેખન – સ્વાધ્યાયની ઘણી વાતો નીકળી. રાધાકૃષ્ણ, શ્રી અરવિંદ, વિવેકાનંદ, આનંદશંકર પંડિત સુખલાલજી વગેરેના ગ્રંથો તથા વેદો–ઉપનિષદો વગેરેનો તેમનો સ્વૈર સ્વાધ્યાય સતત ચાલ્યા કરતો હોય. એ વખતે એમણે કહ્યું હતું કે ' તમારા જૈન સાધુઓ માટે 'ગોચરી' શબ્દ વપરાય છે. ગાય આમતેમ ચરે તેમ હું હવે ગોચરીની પદ્ધતિથી ગ્રંથો વાંચુ છું. હવે કોઇ પણ એક ગ્રંથ સળંગ વાંચવા કરતાં અહીં ટેબલ પર અને પલંગપર રાખેલા ગ્રંથોમાંથી જે વખતે જે ઇચ્છા થાય તે વખતે તે ગ્રંથનું પાનું ગમે ત્યાંથી ખોલું છું અને રસ પડે ત્યાં સુધી વાંચુ છું. પછી વાંચતા વાંચતા તેના પર મનન કરું છું અને ક્યારેક લખવા જેવું લાગે તો ડાયરીમાં ટપકાવી પણ લઉં છું.'

ઇ. સ. ૧૯૭૮ માં 'નળ દમયંતીની કથાનો વિકાસ' નામનો મારો શોધ નિબંધ છાપવાનો મેં વિચાર કર્યો હતો. સંશોધનના પ્રકારનો આવો ગ્રંથ કોને અર્પણ કરવો એ હું વિચાર કરતો હતો ત્યાં તરત જ મને સ્ફુર્યું કે આવા ગંભીર સંશોધન ગ્રંથને યોગ્ય તો વિષ્ણુભાઇને જ ગણાય. એટલે તે એમને અર્પણ કરવાનો મેં નિર્ણય કર્યો. પરંતુ મેં એમને અગાઉથી મારા આ નિર્ણય વિષે જણાવ્યું ન હતું. વળી એ ગ્રંથ ફક્ત વિષ્ણુભાઇને અર્પણ ન કરતાં, સાથે એમનાં પત્ની શાંતાબહેનને પણ અર્પણ કર્યો. આ ગ્રંથની નકલ જયારે મેં વિષ્ણુભાઇને મોકલાવી ત્યારે તરત જ એમનો ઉમળકાભર્યો પત્ર આવી પહોંચ્યો. એમણે લખ્યું હતું કે 'ગ્રંથ ખોલતાં જ ખબર પડી કે તમે આ ગ્રંથ મને અને મારાં પત્નીને પણ અર્પણ કર્યો છે. એ વાંચીને અમે બંનેએ આશ્ચર્ય સહિત અત્યંત આનંદ અનુભવ્યો છે. નળ દમયંતી જેવા પ્રીતિ પાત્રોનાં દામ્પત્ય જીવન સાથે અમારા દામ્પત્ય જીવનનું અનુસંધાન થયું એ જોઇને આખો દિવસ અમારો ઉત્સવની જેમ પસાર થયો છે. ઘરે જે કોઇ મળવા આવ્યું તે સૌને તમારો ગ્રંથ મારાં પત્નીએ બતાવ્યો છે અને બધાં બહુ જ રાજી થયાં છીએ.' વિષ્ણુભાઇના જીવનમાં આનંદના નિમિત્ત બની શકાયું એ વાતે મને પણ ધન્યતાનો અનુભવ કરાવ્યો.

વિષ્ણુભાઇ વતની ઉમરેઠના હતાં. ડાકોર પાસેનું એ ગામ. એમણે અભ્યાસ અમદાવાદની કોલેજમાં કર્યો અને યુવાનવયે સુરતની એમ.ટી.બી. કોલેજમાં અધ્યાપક તરીકે સ્થાન મળ્યું એટલે તેઓ સુરતમાં કાયમ રહ્યા. કેટલીક વ્યક્તિઓ વ્યાવસાયિક નિવૃત્તિ પછી પોતાના વતનમાં પાછી ફરતી હોય છે. પરંતુ વિષ્ણુભાઇએ તો ઉમરેઠ ન જતાં સુરતને જ પોતાનું વતન બનાવ્યું અને જીવનના અંત સુધી સુરતમાં રહ્યા. નિવૃત્તિ પછીના ત્રણ દાયકાના ગાળામાં વિષ્ણુભાઇ ઉમરેઠ ક્યારેય ગયા નહોતા. જવાનું કોઇ ખાસ પ્રયોજન પણ રહ્યું નહોતું. કોલેજના અધ્યાપન કાળ દરમિયાન પણ તેઓ ઉમરેઠ જવલ્લે જ ગયા હતા. મારું મોસાળ તે ઉમરેઠ પાસેનું ઓડ ગામ છે. એટલે કોઇક વખત વિષ્ણુભાઇને હું મળતો ત્યારે ઉમરેઠની વાત નીકળતી. ચરોતરની બોલી અને ચરોતરના લોકોના સંસ્કારની લાક્ષણિકતાની વાતો થતી. 'ઓડ ઉમરેઠના ઊંડા કૂવા, દીકરી દે તેનાં માબાપ મૂઆં ' એવી લોકક્તિ પાણીના નળ આવ્યા. ત્યાં સુધી એ વિસ્તારમાં પ્રચલિત હતી. વિષ્ણુભાઇની કિશોરાવસ્થા ચરોતરમાં વીતી હતી. પરંતુ ચરોતર છોડયા પછી એમની ભાષાબોલીમાં ક્યારેય ચરોતરની છાંટ જોવા મળી નથી. તેઓ ઉમરેઠના ચરોતરી વતની છે એવું જો કોઇને કહેવામાં આવે તો કદાચ તે માને પણ નહિ. ભાષા, રહેણીકરણી ઉપરાંત સ્વભાવે પણ તેઓ સુરતી જેવા આનંદી અને લહેરી થઇ ગયા હતા.

વિષ્ણુભાઇ 'પ્રબુદ્ધ જીવન' માં છપાતા મારા લેખો નિયમિત વાંચી જતા અને વખતોવખત પોતાના પ્રતિભાવ જણાવતા. કેટલાંક વર્ષ પહેલાં 'નવનીત' સામયિકમાં 'પાસપોર્ટની પાંખે' ના નામથી મેં મારા વિદેશ યાત્રાના અનુભવો લખવા ચાલુ કર્યા હતા. વિષ્ણુભાઇ તે પણ રસપૂર્વક નિયમિત વાંચી જતા. એક વખત એમના ઘરે હું મળવા ગયો હતો ત્યારે 'પાસપોર્ટની પાંખે' ના અનુભવોની વાત નીકળી. મેં કહ્યું કે 'આમ તો હું મારા કોઇ પુસ્તકની પ્રસ્તાવના કોઇની પાસે લખાવતો નથી, પરંતુ આપ 'નવનીત' માં મારું લખાણ નિયમિત વાંચી જાવ છો અને આપનો પ્રતિભાવ પત્રમાં કોઇ કોઇ વાર જણાવતા રહો છો તો મારી આપને નમ્ર વિનંતી છે કે આ પુસ્તકને માટે આશીર્વચન રૂપે, આપની તબિયતને અનુકૂળ રહે તે રીતે થોડુંક લખી આપો.' એમણે મારો પ્રસ્તાવ સ્વીકાર્યો અને ઉલ્લાસથી કહ્યું કે 'તમારા પુસ્તક માટે તો હું જરૂર લખી આપીશ, પણ ચંદ્રવદન મહેતાએ વિદેશનો ઘણો પ્રવાસ કરેલો છે. એમની પાસે પણ પ્રસ્તાવના લખાવો.' એમનું સૂચન યોગ્ય હતું. ચંદ્રવદન મહેતાએ તો મારી વિનંતી સ્વીકારીને તરત પ્રસ્તાવના લખી આપી. વિષ્ણુભાઇએ પણ તબિયતની પ્રતિકૂળતા ઘણી હતી છતાં 'પાસપોર્ટની પાંખે' માટે આશીર્વચનરૂપ ટૂંકી પ્રસ્તાવના લખી આપી. મારા એ પુસ્તક માટે એમની પ્રસ્તાવના મળી અને હું મારું મોટું સદ્ભાગ્ય સમજું છું.

વિષ્ણુભાઇ પત્ર લખવામાં બહુ જ નિયમિત. તેમને પત્ર લખ્યો હોય અને થોડા દિવસમાં જવાબ ન આવ્યો હોય એવું ભાગ્યે જ બને. તેઓ ઘણું ખરું પોસ્ટકાર્ડ લખે. ક્યારેક વિગતવાર અથવા અંગત પત્ર લખવો હોય તો બીડીને લખે. એમની પાસે પોસ્ટકાર્ડની થપ્પી પડેલી જ હોય. એક પોસ્ટકાર્ડમાં સમાય એટલું તો એમણે લખ્યું જ હોય; પરંતુ ટપાલમાં નાખતાં સુધી બીજું જે કંઇ સૂઝયું હોય તે આડી અવળી કોરી જગ્યામાં પણ લખ્યું હોય. એવા આડાઅવળા લખાણ વગરનો પત્ર તો કોઇક જ વાર મળે. કોઇક વાર તો કોરી જગ્યા વપરાય ગયા પછી પણ કંઇક લખવાનું સૂઝે તો એનું અનુસંધાન બીજા પોસ્ટકાર્ડમાં ચાલે, કોઇકવાર મને એમનું બીજું પોસ્ટકાર્ડ ટપાલમાં પહેલા મળતું અને પહેલું પોસ્ટકાર્ડ પછી મળતું પણ દરેક પત્રમાં ઔપચારિક વાત ઉપરાંત એમણે કોઇકને કોઇક મુદ્દા ઉપર સરસ સુવિચાર વ્યક્ત કર્યો જ હોય. એમની ભાષામાં પણ મૃદુતા અને સૌજન્યશીલતા ટપકતાં હોય. એમના વિચારોમાં ઉદારતા, ઉદાત્તતા, વિશદતા, હંમેશાં અનુભવવા મળતી.

વિષ્ણુભાઇએ યુવાન વયે પોતાની લેખન પ્રવૃત્તિ આરંભી લીધી હતી. તેઓ કવિતા, વાર્તા વગેરે પણ લખતા. તેમણે પોતાનું ઉપનામ 'પ્રેરિત' રાખ્યું હતું. એમણે યુવાનવયે આનંદશંકરના 'વસંત' સામયિકમાં 'પ્રેરિત' ના ઉપનામથી ચિંતનાત્મક નિબંધો લખવા ચાલુ કર્યા હતા. એ નિબંધો 'ભાવના સૃષ્ટિ' ના નામથી ગ્રંથ રૂપે પ્રગટ થયા હતા. ત્યાર પછી વિષ્ણુભાઇએ ગુજરાતી વિવચન ક્ષેત્રે સઘન કાર્ય કર્યું હતું. તેમના 'વિવેચના' નામના પ્રથમ ગ્રંથે પ્રગટ થતાં જ ગુજરાતી સાહિત્યમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું. ત્યાર પછી તેમણે 'અર્વાચીન ચિંતનાત્મક ગદ્ય, ' પરિશીલન', 'ઉપાયન' , 'ગોવર્ધનરામ – ચિંતક અને સર્જક ', 'સાહિત્ય સંસ્પર્શ ' વગેરે એક પછી એક ઉત્તમ લેખસંગ્રહો આપ્યા હતા. સાહિત્ય ઉપરાંત શિક્ષણ અને સંસ્કાર વિશેના તેમના લેખો 'દ્રુમપર્ણ'ના નામથી પ્રગટ થયા હતા. છેલ્લે છેલ્લે એમણે ધર્મતત્ત્વ વિષયક ચિંતનાત્મક લેખો જે લખ્યા તે 'આશ્ચર્યવત' અને 'ઉત્પ્રેક્ષા', નામથી પ્રગટ થયા હતા. આમ, વિષ્ણુભાઇએ જે લખ્યું તે સઘન અને ગૌરવયુક્ત છે. એટલે જ તે સમજવા માટે ભાષાકીય સજજતાની

અપેક્ષા રહે.

સાહિત્યના વિવેચક તરીકે વિષ્ણુભાઇનું સ્થાન ગુજરાતી સાહિત્યમાં હંમેશાં આદરપૂર્વકનું રહ્યું છે. તેઓ જે કંઇ લખે તે સંનિષ્ઠ, સઘન, સત્વશીલ અને મનનીય હોય. એટલે જ કેટલીક વાર તેમના વિવેચન લેખોમાં કવિતા જેવો આનંદ અનુભવાય.

વિષ્ણુભાઈનું વિવેચન મૌલિક, માર્મિક, સૌંદર્યદર્શી, અભિજાત અને તત્વગ્રાહી રહ્યું છે. કવિતા કરતાં ગદ્યવિવેચન તેમણે વધુ કર્યું છે. અને તેમની વિવેચકપ્રતિભાને એ જ વિશેષ અનુકૂળ રહ્યું છે. તેઓ રમણીયતાના ઉપાસક હતા, માટે 'રમણીય' એમનો પ્રિય શબ્દ હતો. ઋજુતા, ચારુતા, શીલ, આર્જવ, મુદા, અનુભાવન, પરમ અભીષ્ટ વગેરે પણ એમના પ્રિય શબ્દો હતા. સંસ્કૃત ભાષાસાહિત્યના અધ્યયન-અધ્યાપનને કારણે એમનું શબ્દૌચિત્ય આશ્ચર્ય પમાડે એવું હતું. એમણે લખેલો પત્રો અને લખેલી ડાયરીમાંથી સંકલિત કરીને એમનું પ્રકીર્ણ લેખન પણ પ્રગટ કરવા જેવું છે.

વિષ્ણુભાઇએ ૧૯૭૦ ના ગાળામાં નવી અછંદાસ્થ કવિતા પ્રત્યે પોતાનો નીડર પ્રતિભાવ વ્યક્ત કર્યો હતો. એમાં તેમણે ઉમાશંકરની પણ ટીકા કરી હતી. એ વખતે ઉમાશંકરે વિષ્ણુભાઇના લેખના જવાબરૂપે આક્રોશભર્યો લેખ 'સંસ્કૃતિ'માં લખ્યો હતો. ઉમાશંકરની એમાં અસહિષ્ણુતા સ્પષ્ટ જતાણી હતી. એ વખતે એ ચર્ચાને પોતાની પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવીને ઉમાશંકરને જવાબ આપવાને બદલે વિષ્ણુભાઇએ ઉદારતાપૂર્વક મૌન ધારણ કર્યું હતું. એમને કોઇ વિવાદ જગવવો નહોતો. પરંતુ પછી ઉમાશંકરને જ એમ લાગ્યું કે પોતે વિષ્ણુભાઇ પ્રત્યે કંઇક વધુ પડતો રોષ વ્યક્ત કર્યો છે. એટલે એક વખત પોતે સુરત ગાય હતા ત્યારે તેમણે વિષ્ણુભાઇ પાસે જઇને પોતાના રોષ માટે ક્ષમા માંગી હતી. વસ્તુત: વિષ્ણુભાઇની ગુજરાતી કવિતા માટેની ચેતવણી વધુ સાચી ઠરી હતી. ત્યાર પછી વિષ્ણુભાઇ માટે ઉમાશંકરનો આદર વધતો રહ્યો હતો. ઉમાશંકરે એમને સુરુચિના ચોકીદાર તરીકે ઓળખાવ્યા હતા અને પોતાના વિવેચનસંગ્રહ 'નિરીક્ષા' વિષ્ણુભાઇને ભાવપૂર્વક અર્પણ કર્યો હતો.

ગુજરાતી સાહિત્યના ક્ષેત્રમાં ભૌતિક દૃષ્ટિએ મેળવવા જેવી સિદ્ધિ પ્રસિદ્ધિઓ પણ વિષ્ણુભાઇએ અનાયાસ પ્રાપ્ત કરી હતી. રણજિતરામ સુવર્ણ ચંદ્રક, નર્મદચંદ્રક, પ્રેમાનંદ સુવર્ણચંદ્રક, ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રમુખપદ, કેન્દ્રની સાહિત્ય અકાદમીની ફેલોશીપ, ગુજરાત સાહિત્ય અકાદમીનો પુરસ્કાર, રાજાજી લિટરરી એવોર્ડ વગેરે ચંદ્રકો, પારિતોષિકો, પુરસ્કારો, ડિ. લિટ. ની ડિગ્રી વગેરે એમણે પ્રાપ્ત કર્યા હતા. એ ઉપરથી એમની સાહિત્યિક સિદ્ધિનો, ગુજરાતી સાહિત્યમાં એમણે મેળવેલ માનભર્યા સ્થાનનો ખ્યાલ આવે છે.

વિષ્ણુભાઇને તબિયતની પ્રતિકૂળતા પછી જે સન્માનો મળ્યાં તેમાંના કેટલાંક તો એમણે પોતાના ઘરમાં જ બેસીને સ્વીકાર્યાં હતાં, કેટલાંક માટે એમના મકાનના કંપાઉન્ડમાં જ સમારંભ ગોઠવાયા હતા અને વિષ્ણુભાઇને ખુરશીમાં બેસાડી, ઊંચકીને બહાર લાવવામાં આવ્યા હતા અને કેટલાંક સન્માનો માટે એમના ઘરની નજીક સભામંડપમાં કરવામાં આવ્યા હતા અને વિષ્ણુભાઇને ઊંચકીને મોટરમાં બેસાડીને લઇ જવામાં આવ્યા હતા. વિષ્ણુભાઇ માટે સાહિત્યકારોને, સાહિત્યિક સંસ્થાઓને, યુનિવર્સિટીઓને અને સરકારી ખાતાંઓને કેટલો બધો આદર હતો તે આવી ઘટનાઓ ઉપરથી પ્રતીત થાય છે.

વિષ્ણુભાઇને દુનિયાના તમામ ધર્મ પ્રત્યેનો પ્રેમાદરભાવ ઘણો હતો. દરેક ધર્મમાંથી ઉત્તમ તત્વને તેઓ સ્વીકારતા અને પોતાના જીવનમાં ચરિતાર્થ કરવા પ્રયત્ન કરતા. તેમની એક ખાસિયત એ હતી કે હિન્દુધર્મ ઉપરાંત જૈનોના પર્યુષણ કે મહાવીર જયંતી, ખ્રિસ્તીઓના નાતાલના દિવસો, મુસલમાનોના ઇદ કે રમજાનના દિવસો કે શીખોના વૈશાખી વગેરે ધાર્મિક ઉત્સવો આવે ત્યારે તે તે દિવસે તેઓ તે તે ધર્મના ગ્રંથોનું સવિશેષ અધ્યયન કરતા. દુનિયાના કોઇ પણ ધર્મ પ્રત્યે અભાવ, દ્વેષ, તિરસ્કાર વગેરે પોતાનામાં ન આવે તે માટે તેઓ હંમેશાં સજાગ રહેતા. તેઓ મને જયારે પત્ર લખે ત્યારે ઘણીવાર 'નમો અરિહંતાણં' પહેલાં લખીને પછી પત્ર શરૂ કરતા.

સુરતમાં જયારે પણ વિષ્ણુભાઇને મળવા જઇએ ત્યારે તેઓ અવશ્ય ઘરે હોય જ. તેઓ છાપાંઓ, સામાયિકો, નવા પ્રકાશિત ગ્રંથો વગેરે ઉપર બરાબર નજર ફેરવી જતા. એટલે જે કોઇ મળવા આવે તેની સાથે દરેક વિષયમાં સારી વાતચીત કરી શકતા. સમયનું તેમને કોઇ બંધન રહેતું નહિ. તેમણે ઉતાવળ બતાવી હોય એવું ક્યારેય લાગતું નહિ. જઇએ એટલે પ્રસન્નતા સહિત નિરાંત જ અનુભવાય. કોફી પીવા માટે તેઓ આગ્રહ અવશ્ય કરે. તેઓ પોતે ચા નહિ પણ કોફી નિયમિત પીતા અને આવનાર મહેમાન ચા કોફી પીને જાય તો તેમને વધારે ગમતું. પોતાની ટિપોય ઉપર તેઓ પોતે જે કંપનીના શેર લીધા હોય તેના જાડા કાગળ ઉપર છપાયેલા રિપોર્ટની નકલ સાચવી રાખતા. ચા કોફીના કપ આવે એટલે રિપોર્ટમાંથી કાગળ ફાડી કપ નીચે તેઓ જાતે મૂકે. રિપોર્ટના રદ્દી કાગળનો આ રીતે તેઓ ઉપયોગ કરતા કે જેથી કપ મૂકવાથી ટિપોય બગડે નહિ.

વિષ્ણુભાઇને રોજે રોજ કોઇક ને કોઇક ઘરમાં મળવા આવ્યું જ હોય. એમણે પોતાના મકાનનું નામ 'મૈત્રી' રાખ્યું હતું, સંસ્કૃત ભાષાના અધ્યાપક અને ચાહક હોવાથી મૈત્રી શબ્દ પણ તેમણે દેવનાગરીલિપિમાં રાખ્યો હતો. પોતાના પત્રવ્યવહારમાં પણ એ રીતે જ લખતા. પોતાના નિવાસસ્થાનના નામને આ રીતે એમણે સાર્થક કર્યું હતું.

નિવૃત્ત થયા પછી વિષ્ણુભાઇ પોતે ઘરની બહાર જતા નહિ. પરંતુ કોલેજના અધ્યાપકો, સાહિત્યકારો અને બીજાઓ સાથે એમનો ગાઢ મૈત્રીસંબંધ હતો. એમના વિદ્યાર્થીઓ પણ એમને બહુ જ આદરપૂર્વક ચાહતા. એટલે નિવૃત્ત થયા છતાં કોઇ દિવસ એવો પસાર થતો નહિ કે જયારે સવારથી સાંજ સુધી કોઇ એમને મળવા આવ્યું ન હોય. એ માટે એપાઇન્ટમેન્ટની જરૂર નહોતી.

નિવૃત્તિકાળમાં વિષ્ણુભાઇને ત્યાં આવનારા એમના વખતના અધ્યાપકોમાં વ્રજરાય દેસાઇ, કે. એલ. દેસાઇ, એન. એમ. શાહ વગેરે મુખ્ય હતા. એમના વિદ્યાર્થીઓમાં કુંજવિહારી મહેતા, જયંત પાઠક, કૃષ્ણવીર દીક્ષિત, ઉશનસ, રતન માર્શલ વગેરે એમને ત્યાં વારંવાર આવતા. જયોતીન્દ્ર દવે અને ચંદ્રવદન મહેતા જયારે પણ સુરત જાય ત્યારે વિષ્ણુભાઇના ઘરે અચૂક જતા. જયોતીન્દ્ર દવેએ એમ. ટી. બી. કોલેજમાં સંસ્કૃત વિષયના અધ્યાપક તરીકે પોતાની કારકીર્દિ ચાલુ કરેલી. એટલે યુવાન વયે વિષ્ણુભાઇ અને જયોતીન્દ્ર દવે એ બે એમ. ટી. બી. કોલેજના સંસ્કૃતના અધ્યાપકો વચ્ચે ગાઢ મૈત્રી બંધાઇ હતી. વિષ્ણુભાઇના ઘરે જયોતીન્દ્ર દવે અને ચંદ્રવદન મહેતા બંને સાથે ભેગા થયા હોય ત્યારે હાસ્યની તો મહેફિલ જામતી.

સુરત હું જયારે જયારે જતો ત્યારે ત્યારે સમય કાઢીને વિષ્ણુભાઇને ત્યાં અચૂક હું જતો. ઘણીવાર મારી સાથે મારાં પત્ની પણ આવતાં. અમેરિકા જતાં પૂર્વે મારા પુત્ર ચિ. અમિતાભને પણ વિષ્ણુભાઇનાં દર્શન કરવાની ભાવના હતી અને એ વખતે એણે વિષ્ણુભાઇ સાથેની વાતચીત પણ રેકર્ડ કરી લીધી હતી. વિષ્ણુભાઇની એક દોહિત્રીનું નામ ગાર્ગી અને મારી દોહિત્રીનું નામ પણ ગાર્ગી એટલે છેલ્લાં થોડાં વર્ષોમાં જયારે અમે એમને ઘરે જઇએ ત્યારે બંને ગાર્ગીની વાત અવશ્ય નીકળે જ. વિષ્ણુભાઇની સ્મરણશક્તિ જીવનના અંત સુધી ઘણી જ સારી રહી હતી.

વિષ્ણુભાઇનું આતિથ્ય અને સૌજન્ય પ્રેરણા લેવા જેવું હતું. એમના ઘરમાં વાતચીતનું વાતાવરણ પ્રસન્ન અને નિરામય રહેતું. કોઇ પણ વ્યક્તિની નબળાઇઓની વાત નીકળે તો તેઓ સમભાવ અને ઉદાસીનતા દર્શાવતા. તેઓ તેમાં રાચતા નહિ કે તિરસ્કાર દાખવતા નહિ. એકંદરે તેઓ પૂર્વગ્રહ કે પક્ષપાત વગર વાત કરતા અને તેમાંથી ગ્રહણ કરવા જેવા બોધ તરફ લક્ષ દોરતા. વિષ્ણુભાઇને પ્રણામ કરી અમે વિદાય લઇએ ત્યારે અમે આગ્રહભરી ના પાડીએ છતાં ઘરની બહાર પગથિયાં સુધી મૂકવા આવતા. પછીનાં વર્ષોમાં પોતાના રૂમના દરવાજા સુધી આવતા, ત્યાર પછીનાં વર્ષોમાં તેઓ પલંગમાંથી ઊભા થઇ જતા અને છેલ્લે તો તેઓ પલંગમાં બેઠાં બેઠાં વિદાય આપતા અને બહાર નથી આવી શકાતું તે માટે ક્ષમા માગતા. એમના ઘરેથી વિદાય થઇએ ત્યારે કોઇક આંતરિક ચેતનામાં મંગલ સ્પંદનો અનુભવતાં હોઇએ એવી ધન્યતા લાગતી.

અમારી જેમ બીજા ઘણા સાહિત્યકારો , કેળવણીકારો વગેરેને પણ વિષ્ણુભાઇને ત્યાં અચૂક જવાનું મન થતું. વિષ્ણુભાઇનું ઘર એટલે જાણે એક તીર્થસ્થળ. ત્યાં જઇને એટલે પ્રસન્ન અને પવિત્ર વાતાવરણનો અનુભવ થાય. મારા વડીલ મિત્ર શ્રી કૃષ્ણવીર દીક્ષિત પણ કહેતા કે " વિષ્ણુભાઇના ઘરે જઇએ એટલે ચિત્તમાં કોઇ અશુભ વિચાર આવે નહિ અને આવ્યો

( અનુસંધાન પૃષ્ઠ - ૧૫)

# સંજ્ઞા

□ પંડિત પનાલાલ જગજીવનદાસ ગાંધી

ભોળી રે ભરવાડણ હરિને વેચવા ચાલી;
સોળ સહસ્ર ગોપીનો વ્હાલો મટુકીમાં ઘાલી.

આ પંક્તિઓ સાંભળીને વિચાર કરતાં પ્રશ્ન ઉદ્‌ભવે છે કે " હરિને વેચવા ચાલી " એટલે શું ? સ્વયંને જે પ્રાપ્ત હોય તે જ બીજાને આપી શકેને ? આ પંક્તિઓનું વિશ્લેષણ કરતાં શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે ' જયાંથી અમૃત પ્રવહે છે ત્યાં સહસ્રદલ કમળ છે. એ મહીની મટુકી છે અને આદિપુરુષ તેમાં બિરાજમાન છે, તેની પ્રાપ્તિ સતપુરુષની ચિત્તવૃત્તિરૂપ ગોપીઓને થતાં તે ઉલ્લાસમાં આવી જઇ બીજાં કોઇ મુમુક્ષુ આત્મા પ્રત્યે 'કોઇ માધવ લ્યો, અરે કોઇ માધવ લ્યો' એમ કહે છે અર્થાત તે વૃત્તિ કહે છે કે આદિપુરુષની અમને પ્રાપ્તિ થઇ અને એ એક જ પ્રાપ્ત કરવા યોગ્ય છે. બીજું કશુંયે પ્રાપ્ત કરવાં યોગ્ય નથી. માટે તમે પ્રાપ્ત કરો અને જો તે પ્રાપ્તિને અચળ પ્રેમથી ઇચ્છો, તેનાં ગ્રાહક થાઓ તો તે પ્રાપ્ત થશે. આ પ્રાપ્તિ ક્યારે થાય ? આપણી દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા પૂર્ણપણે વિકસે ત્યારે જ આ અવસ્થાએ પહોંચાય.

સ્વાભાવિક જ પ્રશ્ન થાય કે આ સંજ્ઞા એટલે શું ? સંજ્ઞા એટલે આગળપાછળનો વિચાર કરવાની શક્તિ અથવા સ્મૃતિ. આવી સંજ્ઞા એટલે ભૂત, વર્તમાન, ભાવિકાળની વિચારણાની શક્તિ, સત્ય-અસત્યનો વિવેક, ધર્મ અધર્મની સમજ તેમજ દેહ અને આત્માની વિચારણા.

સામાન્ય રીતે આપણે આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ એ ચારને સંજ્ઞા સમજીએ છીએ. જે દરેક જીવમાં હોય છે, પરંતુ આ ચારે ભેદ તો ઓઘ સંજ્ઞાનાં છે. તે ઉપરાંત બીજી ત્રણ સંજ્ઞા – હેતુવાદોપદેશિકી, દીર્ઘકાલિકી અને દૃષ્ટિવાદોપદેશિકીનું પણ શાસ્ત્રોમાં વિવેચન કરવામાં આવ્યું છે.

આહાર, ભય, મૈથુન અને પરિગ્રહને ઓઘ સંજ્ઞા કહેવામાં આવે છે. અનાદિકાળથી જીવને દેહમાં "હું" પણાની બુદ્ધિ છે. એટલે એ ઓઘ સંજ્ઞા છે. આહાર વિના શરીર બને નહિ. ઇંદ્રિયો શરીર વિના ન રહે, તેથી જીવનો મુખ્ય ઉપયોગ આહાર, શરીર ને બહારની વસ્તુઓમાં છે. એટલે કે પુદ્‌ગલમાં છે. આપણું મન પણ સતત વિનાશી પદાર્થમાં જ છે. તેથી જ ચંચળ છે, કારણ કે પુદ્‌ગલ પ્રદેશથી અસ્થિર અને કાળથી વિનાશી છે. ચિત્તની ચંચળતા એ અસ્થિરતા છે, જેનું નામ 'ભય' છે. તેથી ક્રમમાં તેને બીજો મૂક્યો.

ભયને એકબાજુથી આહાર જોડે સંબંધ છે, બીજી બાજુ મૈથુન જોડે સંબંધ છે ને ત્રીજો સંબંધ પરિગ્રહ જોડે પણ છે. જેટલો પરિગ્રહ વધુ તેટલો ભય વધુ, જેટલી ભોગવૃત્તિ વધુ તેટલો ભય વધારે.

બધા સંસારી જીવોમાં વિનાશી તત્ત્વની જ રમણતા છે. કાળ જેવું કંઇ છે જ નહિ. પ્રદેશની અસ્થિરતા ને ઉપયોગની વિનાશીતા છે એટલે કે ચંચળતા વધુ છે. પાંચે ઇંદ્રિયોને શરીરનું સુખ ભોગવવાની ઇચ્છા થાય તેનું નામ મૈથુન છે. ભય કરતાં મૈથુનમાં ચંચળતા વધુ છે.

જે પુદ્‌ગલને વારંવાર ભોગવી શકો તેને પરિગ્રહ કહ્યો. છે. પરિગ્રહમાં ચંચળતા સૌથી વધુ છે, કારણ કે પુદ્‌ગલને પ્રાપ્ત કરવું પડે, ફોડવું પડે, તોડવું પડે, જોડવું પડે. આ કારણે જ તેનો ક્રમ ચોથો રાખ્યો છે. પરિગ્રહ એ છેલ્લું સાધન છે.

આત્માનું વાસ્તવિક સ્વરૂપ પ્રશાંત છે, સ્થિર છે. મૈથુન અને પરિગ્રહ સંજ્ઞા આવી તેથી ભય સંજ્ઞા આવી અને આત્માનું મૂળ સ્વરૂપ બદલાઇ ગયું. મૈથુન અને પરિગ્રહ સંજ્ઞા બધા જીવોને છે, પણ મનુષ્ય યોનિમાં તેનો સૌથી વધુ વિકાસ થાય છે. બીજી યોનિમાં તે ક્રિયાત્મક નથી તેથી વિકાસ નથી થતો. તેથી જ ભય સંજ્ઞા આપણી જેમ વિકસતી નથી.

**□ આહાર સંજ્ઞા :** સંજ્ઞાનો મૂળ અર્થ છે વાસના. જીવને અનાદિકાળથી દેહાધ્યાસના સંસ્કાર છે. તેથી જ બાળકને જન્મતાં જ માતાનું દૂધ કેમ પીવું તે શીખવાડવું નથી પડતું, તેથી જ સમજાય છે કે આહાર સંજ્ઞા કેટલી દૃઢ થયેલી છે, માત્ર મનુષ્ય જ નહિ, દરેક યોનિમાં જીવને આહાર પ્રાપ્ત કરવા માટે શીખવાડવું નથી પડતું.

આ દૃઢ થયેલી આહારસંજ્ઞાથી રસગારવ (સ્વાદલોલુપતા)ની વૃત્તિ ઉત્પન્ન થાય છે આપણાં ચિત્તમાં સૂર્યનાં કિરણોની પેઠે અનેક વૃત્તિઓ હોય છે. તે વૃત્તિ જે જે વસ્તુ કે વિષયમાં જાય કે પ્રવેશ કરે તે તે વસ્તુ કે વિષય સાથે ચિત્ત કામચલાઉ એકરૂપ બની જાય છે. જેમ કે વૃત્તિ ભોજનમાં જાય તો ચિત્ત પણ ત્યાં જઇ પહોંચે છે, ને તદરૂપ બની જાય છે. ને તેનાં રસનો અનુભવ કરે છે. ચિત્ત અને તેની વૃત્તિને એવો નજકદીકનો સંબંધ છે કે આપણે આપણી વૃત્તિને સુધારવાની અને ઉત્તમ બનાવવાની જરૂર છે. તેથી જ જૈન ધર્મમાં બાહ્યાંતર તપમાં ઉણોદરી, વૃત્તિસંક્ષેપ અને રસત્યાગનું મહત્વ સમજાવ્યું છે.

**□ ભય સંજ્ઞા :** આનંદઘનજી મહારાજ સંભવનાથ ભગવાનના સ્તવનમાં કહે છે. કે 'સેવન કારણ પહેલી ભૂમિકા રે, અભય, અદ્વેષ, અખેદ.' એ અભય ક્યારે પ્રાપ્ત થાય ? જ્યારે આપણે પ્રથમ ભયને સમજીએ. શાસ્ત્રોમાં સાત પ્રકારનાં ભય બતાવ્યાં છે.

(૧) ઇહલોક ભય :– દુર્જન કે બળવાન મનુષ્ય તરફથી થનાર ત્રાસની કલ્પના કે ચિંતા કરવી તેનું નામ ઇહલોક ભય. (૨) પરલોક ભય :– મૃત્યુ પછી આપણું શું થશે ? કઇ ગતિમાં આપણને જન્મ મળશે ? આપણાં શું હાલ થશે તે માટે લાગતો ભય. (૩) આદાન ભય :– ચોર – લૂંટારુથી ઉદ્‌ભવતી બીક અથવા ધંધામાં નુકશાન થશે તેની બીક રહે તેનું નામ આદાન ભય. (૪) અકસ્માત ભય :– મોટર, એરોપ્લેન કે રેલ્વે અકસ્માતની બીક લાગ્યા કરે. અત્યારના વૈજ્ઞાનિક યુગમાં આ ભય વધતો જાય છે. (૫) આજીવિકા ભય :– ભાવવધારા સામે જીવનનિર્વાહ કેવી રીતે કરવો તેની બીક. આજના સ્પર્ધાના જમાનામાં વેપારધંધા તૂટી પડવાની બીક, નોકરી ચાલી જવાની બીક. (૬) મૃત્યુ ભય :– મૃત્યુ અનિવાર્ય છે એ જાણવા છતાં મોટા ભાગનાં લોકો તેનો વિચાર ઉદ્‌ભવતાં જ ભયથી ધ્રૂજી ઊઠે છે, કારણ કે આપણા અંતરમાં ભવોભવથી મૃત્યુનો ભય ઘર કરી બેઠો છે. (૭) અપયશ ભય :– પોતાની પસંદગીનું કામ કરવા છતાં પણ માનહાનિનો ભય રહે છે, અપયશનો ભય રહે છે.

ભય કે બીક એ માનસિક વ્યાધિ છે. ભય એક પ્રકારની મોહજાળ છે.

**□ મૈથુન સંજ્ઞા :** આપણું સતચિદાનંદ રૂપ સુખ જે પોતાનાં સ્વગુણપર્યાયમાં તદ્‌રૂપ બનીને ભોગવવાનું છે તે છે, પરંતુ મોહ અને અજ્ઞાનને લીધે સ્પર્શેન્દ્રિયથી જીવ પૌદ્‌ગલિક સુખ ભોગવે છે. અનાદિકાળની આ વિકૃતિ સંસારી જીવનું સ્વરૂપ બની ગયું છે. આગળ વધતાં મૈથુન એટલે કે શરીર તથા પાંચે ઇંદ્રિયોનું સુખ ભોગવવું તે છે. આ ભોગવવા માટે બહારનાં સાધનોની જરૂર પડે છે. મૈથુન એ વેદન તત્ત્વ છે. મન, વચન ને કાયા એ ત્રણે યોગ છે, ત્રણે ભોગ છે, ને ત્રણે રોગ પણ છે. ભોગ છોડો તો યોગની ક્રિયા બદલાઇ જાય અને રોગ ઓછા થાય. આહાર તો લેવો પડે પણ જો તેમાં ભોગવૃત્તિ નથી, સંજ્ઞા નથી તો આસક્તિ નથી. મૈથુનમાં જેટલો રસ રેડીએ તેટલું કર્મબંધન વધુ થાય છે. કારણ કે મૈથુનનું આરાધન રાગ–દ્વેષ વિના થઇ શકે નહિ.

એકેન્દ્રિય જીવને પણ અનુકૂળ સ્પર્શાદિની પ્રિયતા અવ્યક્તપણે છે. તે 'મૈથુનસંજ્ઞા' છે. મૈથુનસંજ્ઞાથી શરીરની સમૃદ્ધિ તથા પુષ્ટિ ઓછી થતી જાય છે. બ્રહ્મચર્યનાં સમ્યક પાલનથી વીર્યશક્તિનો સંચય થાય છે. તેનું ઓજસ થાય છે, એથી તન, મન અને અંતરમાં અપૂર્વ બળ, ઉત્સાહ અને શાંતિનો સંચાર થઇ જાય. પાંચે ઇંદ્રિયનાં ભોગવટાને બદલે સંયમનું જો સંપૂર્ણપણે પાલન થાય તો ઊંડી શાંતિ અને અનંત શક્તિની પ્રાપ્તિ થાય છે.

**□ પરિગ્રહ સંજ્ઞા :** એકેન્દ્રિય જીવને પણ દેહ અને દેહનાં નિર્વાહાદિ સાધનમાં અવ્યક્ત મૂર્છારૂપ 'પરિગ્રહ–સંજ્ઞા' છે. કીડી આદિમાં તો પરિગ્રહ–સંજ્ઞા વ્યક્ત જ છે. – પંચેન્દ્રિય જીવ, ભોગસુખને વિવેકથી ઓપ આપે છે. 'હું દેહ છું' એ ભાવને જીવે ઓપ આપ્યો, પરંતુ મૂળ તો એ દેહનો ભોક્તાભાવ છે, વિષય–લોલુપતા છે. તેથી તે ભોગવવા માટે બહારનાં પૌદ્‌ગોલિક સાધનોનું તેને મમત્વ વધારે રહે છે. તે જ પરિગ્રહ છે. આ પરિગ્રહ સંજ્ઞાથી એષણાવૃત્તિ

અંતરનું અસાધારણ કારણ તો મનુષ્યમાત્રને સરખું મળ્યું છે પરંતુ તેને પ્રગટ કરવા માટે મન, વચન અને કાયાનાં યોગથી સંશોધન કરવાનું છે. સત્યનું શોધન એ સંશય કે શંકા નથી, પરંતુ તેની પ્રાપ્તિ માટે મનન કરવું એ જ સંકલ્પનું શોધન છે. એ કરતાં કરતાં જ મન શુદ્ધ થતું જાય છે. આને ભગવાને દીર્ઘકાલિકી સંજ્ઞા કહી છે. હેતુવાદોપદેશિકી સંજ્ઞાથી એ ઊંચી સંજ્ઞા છે.

કાળ એટલે સમય. અનંત ભૂતકાળ છે અને અનંત ભવિષ્યકાળ છે. અનંતા જીવો ફક્ત આહારથી જ જીવે છે. તેને ભૂત તથા ભવિષ્યનો વિચાર નથી. જયારે સંજ્ઞી પંચેન્દ્રિય જીવો પાસે આહારથી ઊંચો એવો ભૂત તથા ભવિષ્યનો વિચાર છે. ચક્રવર્તી મહાન રાજા કહેવાય, કારણ કે રાજા ક્ષેત્ર પર વિજય મેળવે છે. જે વ્યક્તિ કાળ પર વિજય મેળવે છે, અનંતા ભૂત – ભવિષ્યનો વિકલ્પ કરે છે તેને મહાત્મા કહેવાય. એક કાળ શબ્દમાં બધાં દ્રવ્ય–ક્ષેત્ર–ભાવ આવી જાય છે. કાળ જ ક્રમબદ્ધ, ક્ષણિક, અસ્થિર છે, આકાશ સ્થિર છે એમ જયાં સુધી આપણે કાળમાં જીવીએ છીએ ત્યાં સુધી આપણું જ્ઞાન પણ ક્રમબદ્ધ, ક્ષણિક અને અસ્થિર છે. તેથી જ આ સંજ્ઞાને દીર્ઘકાલિકી સંજ્ઞા કહી છે. એને દીર્ઘક્ષેત્રી સંજ્ઞા નથી કહી. દીર્ઘકાલિકી સંજ્ઞામાં અનાદિ અનંત કાળ છે. એ કાળ આપણે વર્તમાનમાં ભાવવાનો છે.

કાળમાં જ સંસારી જીવને પુદ્ગલ આવે કારણ કે તેમાં ઉત્પાદ–વ્યય વિનાશી દશા છે. ધર્મ, અધર્મ ને આકાશમાં અવિનાશીપણું, અકાલ તત્ત્વ છે. સિદ્ધ પરમાત્મામાં તેથી ત્રિકાલિક – ઐક્ય ભાવ કહ્યો છે. આમ કાળનું સ્વરૂપ નાશવંત છે. તે દીર્ઘકાલિકી સંજ્ઞાથી સમજવાનું છે. કાળ એટલે અસત, અભાવરૂપ, મિથ્યા.

શરીર, ઈંદ્રિય અને પ્રાણ આપણાં આત્મા પરનાં આવરણો છે, મન અને બુદ્ધિ આપણાં આત્મામાંથી નીકળેલી વિકૃતિઓ છે. અત્યારે આપણી અંદર પડેલું કેવળજ્ઞાન અનંતી શક્તિવાળું હોવા છતાં અવરાયેલું છે. એ જાણવા છતાં પણ ઇચ્છારૂપી વિકૃતિઓને કારણે ઇચ્છાઓ આકાશરૂપ બનીને આપણાં અંતરાત્માને કબજે કરે છે. આજે આ વૈજ્ઞાનિક યુગમાં આપણી બુદ્ધિ પંચમહાભૂત તરફ વળી છે. તેથી ચિત્તની ચંચળતા વધી, ઇંદ્રિયોનાં ભોગની સામગ્રી વધી, તેથી ચિત્ત તેમાં વળ્યું. આમ દીર્ઘકાલિકી સંજ્ઞા મનુષ્ય યોનિમાં ઊંચામાં ઊંચી મળી હોવા છતાં ધર્મ દૂરને દૂર જતો જાય છે તેમ છતાં આ જ સંજ્ઞા દ્વારા મૂળમાંથી સંશોધન કરવાનું સંભવિત છે. વિકૃતિનાં મૂળમાં રહેલી પ્રકૃતિને સ્મરણમાં રાખીને વિકૃતિને કાઢવા માટે સતત પ્રયત્ન કરીએ તેનું નામ સાધના.

ઘાતિકર્મો બધાં વિકૃતિને આભારી છે. શરીર, ઈંદ્રિય અને પ્રાણ એ અઘાતિકર્મો છે, તેથી જ વિકૃતિઓને દૂર કરીએ તો મોહનીય કર્મનો નાશ થાય. મોહનીય કર્મના નાશથી બધાં ઘાતિકર્મો જાય અને કેવળજ્ઞાન થાય. દીર્ઘકાલિકી સંજ્ઞામાં અનંત ભૂત અને અનંત ભવિષ્યનો વિચાર ફક્ત માનવી જ કરી શકે છે. શરીર કરતાં ઇન્દ્રિયોની સુક્ષ્મતા વધારે, ઇંદ્રિયોથી મનની સૂક્ષ્મતા વધારે, મનથી બુદ્ધિની સૂક્ષ્મતા વધારે, તેથી જ મનુષ્યયોનિમાં બુદ્ધિની સૂક્ષ્મતા જો અંતરાત્મા તરફ વળે તો સિદ્ધ થવાય, પરમાત્મા બનાય. સ્વાધ્યાય અને સાધના દ્વારા જ પરમાત્મપદ પ્રાપ્ત થઇ શકે; આ માટે દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા ઘણી ઉપયોગી છે.

**□ દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા :** દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા એટલે દૃષ્ટિ+ વાદ + સંજ્ઞા. આપણી દૃષ્ટિ પાછળ શ્રોત્રેન્દ્રિય ને સંજ્ઞીપણાનું બળ છે.

ધર્મની આરાધના આપણે ભાવથી કરીને, સાધના કરીને કરવાની છે. સાધનાનું જેવું સ્વરૂપ હોય તેવું જ જો સાધનામાં ઊતરે તો સાધ્યથી અભેદ થવાય. સાધનામાં અવિકારી ગુણ જ ઊતરવો જોઇએ.

અવિકારી ગુણ ઊતરવાથી મોહનીય કર્મનો નાશ થાય. પછી જ્ઞાનાવરણીય કર્મનો નાશ થાય. આપણું જ્ઞાન અવિનાશી, સ્વાધીન અને પૂર્ણ બની જાય. તેથી જ આપણામાં વીતરાગતા ઉપર ખૂબ ભાર મૂકયો છે. તેથી જ જૈનદર્શનમાં કર્મ તથા ઉપાસનાને મહત્ત્વ આપ્યું છે. મન, વચન, અને કાયાનાં યોગથી કોઇનું બુરુ ન કરવું અને પોતાનો અહમ છોડીને અદૃષ્ટ તત્ત્વનો સ્વીકાર કરીને તેનો આશરો લેવો જોઇએ. કર્મયોગથી જીવન વિવેકી બને છે; ઉપાસનાથી અહમ મંદ થઇ જાય છે. આ બન્ને આપણી ઉન્નતિનો પાયો છે.

અહમની પરાકાષ્ઠા પણ મનુષ્ય યોનિમાં જ છે. તે કાઢવા માટે પણ મનુષ્ય યોનિ જ સમર્થ છે. આપણાં શરીરને મૃતવત સમજીને પ્રતિક્ષણે જીવીએ તો અહમનો નાશ થાય છે. આપણે દેહને ચેતનરૂપ સમજીને જીવીએ છીએ તેથી મોહભાવો સરજાય છે. મમત્વ ટાળવા માટે સમતા એ સાધન છે. સમતા એ સ્વરૂપ નથી, ભાવ છે. જયારે સમત્વ એ સ્થિતિ છે, શુદ્ધ સ્વરૂપ છે.

ધર્મ કરવા માટે સૌ પ્રથમ દેહથી જ રાગ છોડવાનો છે. ત્યાંથી જ વૈરાગ્ય શરૂ કરવાનો છે. આ સંસારમાં દેહ છે ત્યાં સુધી ઈંદ્રિયને મન સાથે જીવવું જ પડશે, પરંતુ સાધના કરીને, જ્ઞાન મેળવીને કુશળતાથી અંતરાત્મા–પરમાત્માને શોધવાનાં છે, બહારનો સંસાર અને અહમભાવ સમેટવાનાં છે.

બધાં રાગ ખરાબ નથી, બધાં વિકલ્પો ખરાબ નથી. દયા, દાન એ રાગનો વિકલ્પ જ છે. પરંતુ એ ખરાબ નથી. પહેલાં સુખ – દુ:ખથી ઉપર ઊઠવાનું છે. શરૂઆતથી ગુણ–દોષથી પર નથી થઇ શકાતું. શરૂઆતમાં તો ગુણો કેળવીને દોષોને કાઢતાં જવાના છે. ગુણનો ઉપયોગ તો દોષરૂપી મેલ કાઢવાનાં સાબુ તરીકે કરવાનો છે. દયા–દાન એ ગુણ છે તો આ વિકલ્પમાં નિર્વિકલ્પતા કયાં કરવી એ વિચારવાનું છે. દાન આપનારે દાન લેનારમાં હીનતાનો ભાવ ન આવે તેનો ખ્યાલ રાખવાનો છે. દાન આપીને દાનનું અભિમાન નથી કરવાનું કીર્તિની અપેક્ષા નથી કરવાની. આપણે બીજાના ઉપકારથી જીવીએ છીએ એ ભૂલવું ન જોઇએ. માટે પરોપકાર જો આપણા માટે બ્રહ્મવાક્ય બની જાય તો દાનનો ગુણ કેળવ્યો ગણાય.

કૃતઘ્ની માણસો બીજા પ્રત્યે હજારો દોષ સેવશે. કૃતજ્ઞ હશે તો પોતાનાં દોષ જોશે. આ બધાં વિકલ્પો કરવાથી આપણી દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા ખીલશે. આ સંજ્ઞા આપણને જન્મની સાથે જ નથી મળતી. મતિજ્ઞાનનો વિકાસ કરતાં કરતાં જ આ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે જ્ઞાનનો વિકાસ એ જ મનુષ્યભવની સાર્થકતા છે. ભગવાનની વાણીનાં વિકલ્પો એટલે જ દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા. દ્વાદશાંગીનું શ્રવણ કરીને તેના પર ચિંતન કરી શકાય.

દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા એટલે ચૌદ પૂર્વનું જ્ઞાન. આ લૌકિક ક્ષેત્રનું અંતિમ જ્ઞાન છે. સ્હેજે પ્રશ્ન થાય કે ચૌદ પૂર્વનાં જ્ઞાનીને પણ અજ્ઞાન ક્યું ? ત્યાં પણ મોહનીયનાં બધાં ભેદોનો વિવેક નથી. સ્થુલિભદ્રનું દૃષ્ટાંત બહુ જાણીતું છે. પોતાનાં દશ પૂર્વનાં જ્ઞાનનું અહમ કરવા ગયા તો આગળ ન વધી શક્યા. જ્ઞેય પદાર્થનો સુંદરમાં સુંદર રહસ્યપૂર્વક વિવેક કરી શકો તો જ મોહનીયનો ભાવ ફરી જાય.

આજે આપણને ભગવાનની વાણી મળી એટલા માત્રથી આપણે પોતાની જાતને જો સમકિતી તરીકે ઓળખાવીએ તો તે સાચું નથી. મોહનીયનો વિવેક કરીએ તો જ સમ્યક જ્ઞાન થાય. મોહનીયનાં વિવેકથી જ સત્યાસત્યની સાચી સમજ પ્રાપ્ત થાય છે. સંધ્યા સમયે જેમ પ્રકૃતિની વૃત્તિ શાંત થાય છે તેમ આપણી રસવૃત્તિ શાંત થાય છે. મન વાસનારહિત બની જાય છે ત્યારે જ સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે. ત્યારે જ્ઞાનના આવરણનો સર્વથા નાશ થાય છે. તે જ્ઞાનને ક્ષાયિક જ્ઞાન કહેવાય છે. એવાં ક્ષાયિકજ્ઞાનવાળા તે કેવળી ભગવંત છે. તેમને સંજ્ઞી ન કહેવાય કારણ કે તેમને તો સર્વપદાર્થનું સર્વદા જ્ઞાન છે, એટલે કે તેમને સ્મરણ ચિંતન નથી હોતાં.

સંજ્ઞા એટલે અતીત અર્થનું સ્મરણ અને અનાગત અર્થનું ચિંતન. એ તેમને નથી હોતાં માટે જ કેવલી ભગવંત સંજ્ઞારહિત હોય છે.

**□ સંકલન : ઉષાબહેન મહેતા**

## સહયોગ કુષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ (રાજેન્દ્રનગર) ની મુલાકાત

સંઘના ઉપક્રમે સંઘના સભ્યો તથા દાતાઓ માટે સહયોગ કુષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ (રાજેન્દ્રનગર, જિ. સાબરકાંઠા) ના આશ્રમની મુલાકાતનો કાર્યક્રમ શનિવાર, રવિવાર, તા. ૭, ૮, માર્ચ, ૧૯૯૨ ના રોજ યોજવામાં આવ્યો છે.

મુંબઇથી શુક્રવાર, તા. ૬ઠ્ઠી માર્ચે રાત્રે વડોદરા એકસ્પ્રેસ ટ્રેન દ્વારા વડોદરા જવાનું રહેશે અને વડોદરાથી રવિવાર, તા. ૮ મી માર્ચે રાત્રે વડોદરા એકસ્પ્રેસમાં નીકળી મુંબઇ પાછા ફરવાનું રહેશે. વડોદરાથી રાજેન્દ્રનગર જવા–આવવા માટે બસની વ્યવસ્થા કરવામાં આવશે. તથા ભોજન અને ઉતારાની વ્યવસ્થા પણ કરવામાં આવશે.

સંઘના જે સભ્યો અને દાતાઓ આ મુલાકાતમાં જોડાવા ઇચ્છતા હોય તેમણે પોતાનાં નામ (ઉંમર વર્ષ સાથે) તા. ૩૦ મી ડિસેમ્બર, ૧૯૯૧ સુધીમાં વ્યક્તિદીઠ રૂા. ૧૦૦/– ભરીને સંઘના કાર્યાલયમાં નોંધાવી દેવા વિનંતી છે. જે વ્યક્તિ તરફથી રૂા. ૧૦૦/– ની રકમ આવી હશે તેઓનાં નામ જ છેવટનાં ગણાશે અને ફક્ત તેમની જ જવાબદારી કાર્યાલયના માથે રહેશે.

ટ્રેનનાં જવા આવવાના રિઝર્વેશનની અનુકૂળતા રહે તે માટે વેળાસર નામ નોંધાવવા વિનંતી છે.

**– મંત્રીઓ**

# ગુજરાતી વિષયનાં અધ્યયન-અધ્યાપનનો કોયડો

□ ડૉ. સુમન શાહ

ગુજરાતી સાહિત્ય અને તેના વિવેચનના તો આજે કેટલાક પ્રાણપ્રશ્નો છે જ, પરંતુ કોલેજ કક્ષાનું આપણું ગુજરાતી ભાષા-સાહિત્યનું અધ્યયન-અધ્યાપન પણ એક મોટો ગમ્ભીર કોયડો છે. એવું કહી શકાય કે ગુજરાતી સાહિત્યનું પ્રવર્તમાન અધ્યાપન પાણીપાતળું અને ભ્રાન્ત થઇ ગયું છે. એમાં શિક્ષણનો અધ્યાપનલક્ષી પાયો જ દોદળો રહી ગયો છે. ખાસ તો એ અભાવગ્રસ્ત છે. એમાં આવશ્યક પર્યાપ્ત વૈવિધ્યપૂર્ણ અને ઉચિત અધ્યાપનસામગ્રીની જ ગેરહાજરી છે, અછત છે. એ જાણે અધ્યાપનસામગ્રી વિનાનું જ અધ્યાપન ન હોય !

છેલ્લાં ત્રીસ વર્ષમાં સંખ્યાબંધ કોલેજો અને યુનિવર્સિટીઓ સ્થાપીને આપણે શિક્ષણ-વ્યાપ તો સિદ્ધ કર્યો છે પણ શિક્ષણનું ઊંડાણ સિદ્ધ કરવાનું બાકીનું બાકી છે. બધી વિદ્યાશાખાઓમાં બન્યું છે તેમ માનવવિદ્યાઓમાં ય અધ્યાપનનું સ્તર સામાન્યપણે નિઃસામાન્ય જ રહ્યું છે. તેમાંય સાહિત્યનું શિક્ષણ તો ખાસ્સું નીચું, કામચલાઉ અને પ્રાથમિક દશામાં રહ્યું છે. વાત ગુજરાતી પૂરતી સીમિત રાખીએ તો જોઇ શકાય છે કે ગુજરાતીના વિષયમાં એમ. એ. કે પીએચડી થયેલા પાસે પણ સાહિત્યકલાની સુવાંગ સમજ, ઐતિહાસિક દૃષ્ટિમતિની સૂઝબૂઝ, અરે સરખી માહિતી પણ નથી. એ ભણ્યો તેથી એની સાહિત્યરુચિ કેળવાઇ, એનું કલાસામર્થ્ય વિકસ્યું અને સાથે જ એણે લેખન અને વ્યાખ્યાન કાજેનું સુંદર ભાષાપ્રભુત્વ હાંસલ કર્યું એમ નથી કહી શકાતું. પરીક્ષાનાં ઉત્તરપત્રો જોવાથી અથવા તો અધ્યાપક થવાને ઇન્ટરવ્યૂ આપવા આવેલા કોઇપણ યુનિવર્સિટીના પ્રથમ વર્ગ કે સુવર્ણચન્દ્રક પામેલા ઊંચામાં ઊંચા વિદ્યાર્થીને ચાર સવાલો પૂછવાથી આ હકીકતની તરત ખાતરી થઇ જશે.

છતાં પેલા વ્યાપને કારણે છેલ્લા ત્રણ ચાર દાયકામાં વિશેષત: ગુજરાતમાં ગુજરાતી વિષય લેનારાંઓની સંખ્યામાં અને તેથી તેમને ભણાવનારાં અધ્યાપકોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો જ થયા કર્યો છે. ગુજરાતીનું અધ્યાપનકાર્ય એટલે જ આજે આછીપાછી સજ્જતાથી ય નભી જાય છે. થોડી હૈયાસૂઝ થોડી બોલવાની ફાવટ, થોડો સાહિત્યશોખ, થોડી માહિતી અને થોડી આજના વિદ્યાર્થીને વશ વર્તવાની તૈયારી--આટલાં વાનાંથી ગુજરાતીના સરેરાશ અધ્યાપકની કારકિર્દી આરામથી ચાલ્યા કરતી હોય છે. વર્ગને સ્વર્ગ લેખવાની કવિઝંખના આપણી કોલેજોમાં આજે આમ એના દીનહીન સ્વરૂપમાં જાણે પૂરેપૂરી ફળી છે !

એ સ્વર્ગીય વર્ગમાં તદુપરાંતનું શું ચાલતું હશે એવો સહેજે ય પ્રશ્ન થાય. ગુજરાતમાં એવી ભાગ્યેજ કોઇ કોલેજ હશે જ્યાં મુખ્ય વિષય તરીકે ગુજરાતી ન હોય. લગભગ દરેક કોલેજમાં ગુજરાતીના વિદ્યાર્થીઓની સંખ્યા પણ ઘણી મોટી હોય છે. છતાં અન્ય વિષયના વિદ્યાર્થીઓની તુલનાએ મોટા ભાગના તો સામાન્ય સ્તરના હોય છે. ઘણા તો પોતે બીજે કશે નહી ચાલી શકે એવી આપસમજથી આવેલા હોય છે. સમાજના કેટલાક શિક્ષિતો માને છે તેમ તેમણે પણ માની લીધું હોય છે કે ગુજરાતીમાં તે વળી શીખવાનું શું છે ? વળી આજના કોઇપણ વિદ્યાર્થીની જેમ ગુજરાતીનો વિદ્યાર્થી પણ પરીક્ષાર્થી છે, અને નિયત પાઠ્યપુસ્તકો નહી લાવનારો છે એ પણ એટલું જ સાચું છે. સાહિત્યકલા જેવા ગહન અને સંકુલ વિષયમાં વિદ્યાર્થીની ખરી જિજ્ઞાસા અને નિજી લગન મહત્ત્વનો ભાગ ભજવે છે. તેને સ્થાને સાહિત્યનો આજનો વિદ્યાર્થી આમ આપણે ત્યાં આગન્તુક છે, આવી પડેલો છે. એવા લોટ સાથે વર્ગ ચાલે તો પણ કેવો ચાલે ?

આપણા ઉચ્ચ શિક્ષણમાં હજી વ્યાખ્યાનપદ્ધતિ જ મુખ્ય છે અને તેની જ બોલબાલા રહી છે. પાછું સાહિત્યના અધ્યાપનમાં તો વ્યાખ્યાનને જ સર્વથા આવકાર્ય લેખવાનું વલણ પહેલેથી જામેલું છે. એટલે આપણો વર્ગ ભાગ્યે જ ઇન્ટરએક્ટિવ હોય છે; એમાં વિદ્યાર્થી બોલે, પૂછે, રોકે-ટોકે, અસમ્મત થાય, ચર્ચે એ બીજી ઘરી કદી ફરતી જ નથી; ગુજરાતી સાહિત્યનાં મોટા ભાગના અધ્યાપકો વ્યાખ્યાનપદ્ધતિની ફાવટવાળા છે એમ જરૂર કહી શકાય. છતાં વિદ્યાર્થીની નોટબુકમાં વ્યાખ્યાનનોંધ રૂપે શું અને કેટલું ટપકે છે તે સવાલ છે. ઘણા તો નોટબુક પણ નથી લાવતા અને જેઓ લાવે છે એમની નોટબૂકો મોટે ભાગે કોરીને કોરી જ રહી જાય છે. વર્ગમાંથી વિદ્યાર્થીને અધ્યયનસામગ્રી જેવું કશું ચોકકસ નથી મળતું એનું એક કારણ આપણી જરીપુરાણી વ્યાખ્યાનપદ્ધતિમાં પડેલું છે.

વ્યાખ્યાનનોંધ રૂપે કશું પામ્યા પછી લાઇબ્રેરીમાં જઇ-કરી નિરાંતે સ્વાધ્યાયનો શુભારમ્ભ કરી શકાય. પૂરક વાચન માટે વિવેચનગ્રન્થો, સિદ્ધાન્ત - ગ્રન્થો કે સંદર્ભગ્રન્થો જોઇ શકાય અને છેલ્લે બધું વિચારીકરીને લખી નાખીને અધ્યયનસામગ્રી તૈયાર કરી શકાય. એવું ઉચ્ચ સ્તરનું અધ્યયન આજે આપણે ત્યાં પ્રશ્નાર્થ હેઠળ આવી ગયું છે. એવું લાગે છે જાણે વિદ્યાર્થીની એવી પાત્રતા કયારેય કેળવાઇ નથી, એ જાણે જાતે અધ્યયન કરવાની સજ્જતા વિનાનો જ રહી ગયો છે. ગુજરાતીનો વિદ્યાર્થી એટલે એવો કોરો, અબુધ, બિચારો અને જાણે કશી વશેકાઇ વિનાનો. સ્વાભાવિક છે કે એવો ખાલી વિદ્યાર્થી 'પુલ નીચે મળતી' ગાઇડો પર બધો મદાર બાંધે અને માત્ર એને સહારે જ પરીક્ષા પાર કરવાનું કરે. આજનો અધ્યાપક આ માટે કેટલો જવાબદાર છે તે આમ તો દરેકે જાતે નકકી કરી લેવાની બાબત છે, છતાં એટલું ચોકકસ કહી શકાય કે ગુજરાતીના અધ્યાપકો વિદ્યાર્થીને એની આ સમ્મૂઢ પરીક્ષાર્થીવૃત્તિમાંથી છોડાવી નથી શકયા. આના ઇલાજ રૂપે કેટલાક અધ્યાપકો ન - શરમા થઇને વિદ્યાર્થીઓને વર્ગમાં બેધડક 'નોટો' ઉતરાવે છે. પરંતુ એવા જીવદયાળુ, ખરેખર તો આત્મદયાળુ, અધ્યાપકો પ્રવર્તમાન કરુણતામાં અદૃશ્ય સ્વરૂપનો વધારો કરી રહ્યા છે. કેમકે વિદ્યાર્થી એથી નિતાન્ત પરોપજીવી બની જાય છે અને એવો પછી વિષયને જાતે કેટલો ન્યાય આપી શકવાના ? નોટો ઉતરાવી દેવાથી હકીકતને લાચારીને લાચારીથી ગુણાકાર જ થાય છે. તો આના સામે છેડે, કેટલાક તેજસ્વી અધ્યાપકો પોતાના અમુક ઉચ્ચગ્રાહને કારણે નોટો નથી ઉતરાવી શકતા. તેઓ ઇચ્છે છે કે વિદ્યાર્થી એમને નિયમિત સાંભળે, વ્યાખ્યાનનોંધો કરે, એમના જીવંત સત્ત્વનું સાન્નિધ્ય રચે ને તે માટે જરૂરી એવો નિરંતરનો સંપર્ક કરે. આટલી એમના દુ:સાધ્ય પણ ગૌરવપૂર્ણ એવા માર્ગદર્શનની પૂર્વશરત છે. પરંતુ સામ્પ્રત દેશકાળમાં ગુરુની એવી પ્રેરક છત્રછાયા હેઠળના ખરા સ્વાધ્યાયનો માર્ગ સૌને કઠિન અને અવાસ્તવિક લાગે છે. એવો સાચો ગુરુ-શિષ્ય સંબંધ આજે તો વિરલ અને ભંગુર છે. વળી એટલો જ વલ્નરેબલ, આક્રમણભોગ્ય, બની શકે છે.

આ સંજોગોમાં વિદ્યાર્થીને ઉપકારક અધ્યયનસામગ્રીનો મુદ્દો તો અદ્ધર જ રહી જાય છે. તપાસ કરીએ તો એવું જોવા મળે કે ખુદ અધ્યાપક પાસે જ સ્વાધ્યાયની કશી પોતીકી પરિપાટી નથી, અધ્યયનસામગ્રી નથી, અધ્યાપન સામગ્રી નથી. એવું લાગે જાણે કૂવો જ ખાલી હોય, પછી હવાડામાં શું આવે.....

ગુજરાતીના મોટા ભાગના અધ્યાપકો વર્ગખંડમાં જતાં પહેલાંની પૂર્વતૈયારી અન્ય અધ્યાપકોની જેમ કરતા જ હોય છે. પોતાની સઘળી સામગ્રી માટે તેઓ સિદ્ધપ્રસિદ્ધ સાહિત્યવિવેચન પર મદાર બાંધીને બેઠા હોય છે. ગુજરાતી ઉપરાન્ત, તેઓ સંસ્કૃત અને અંગ્રેજીમાંથી પણ યત્કિંચિત વાચન સામગ્રી મેળવી લેતા હોય છે. સાહિત્યનો અધ્યાપક એ રીતે સાહિત્યના વિવેચનને પોતાનો સ્વાધ્યાયવિષય બનાવે તે બરાબર છે, બિલકુલ બરાબર છે. છતાં આપણે યાદ રાખવું જોઇએ કે બધું વિવેચન એના એ રૂપે વર્ગવ્યાખ્યાનો માટે ઉપકારક નથી હોતું. એને સીધેસીધું વિદ્યાર્થીઓને પીરસી ન દેવાય. એ સંજોગોમાં સાહિત્યવિવેચનને સાહિત્યઅધ્યાપનથી જુદું તારવવા સારવવાની ખાસ જરૂર છે. હકીકત તો એ છે કે સાહિત્યના અધ્યાપકે વિવેચનનો મૂળાધાર સ્વીકાર્યા પછી પણ અધ્યાયન માટેની સામગ્રી તો જાતે જ તૈયાર કરી લેવાની હોય છે.

વિવેચન અને અધ્યાપન બંનેમાં સાહિત્ય સમાન વિષય જરૂર છે, પરંતુ પ્રવૃત્તિ તરીકે બંને ઠીક ઠીક જુદાં છે, કેમ કે બંનેનાં ધ્યેય ખાસ અર્થમાં

જુદાં છે. આપણે ત્યાં સાહિત્યઅધ્યાપનને સાહિત્યવિવેચનથી જુદી, શૈક્ષણિક દૃષ્ટિએ જોવાનું બન્યું નથી. સાહિત્યકલાની ઉચ્ચ કક્ષાની કેળવણી એક જુદી જ વસ્તુ છે એ વાત પર આજે તો જેટલો ભાર મૂકીએ એટલો ઓછો છે. વિવેચનસામગ્રીમાંથી અધ્યાપનસામગ્રી રચીને વર્ગમાં તેનું વિદ્યાર્થી જોગું વિતરણ કરવા માટે અધ્યાપકે આખી વાતનું નિશ્ચિત પદ્ધતિનું પ્રાયોજન કરવું રહે છે.

નહીં તો આજની અવસ્થામાં છે તેવાં નડતરો કદી નષ્ટ થાય જ નહીં. ખાસ તો, વિદ્યાર્થી લગભગ કશી જ અધ્યયનસામગ્રી વગરનો એટલે કે અધ્યાપકનાં વ્યાખ્યાનોનો માત્ર રજીસ્ટર્ડ શ્રોતા બની રહે. સ્વીકારી લઇએ કે ગુજરાતીનો આજનો સરેરાશ અધ્યાપક પોતાની સજ્જતાને સારુ તમામ ઉપલબ્ધ વિવેચનો જોતો હશે. કદાચ પોતાને ઉપલબ્ધ જોતો હશે. પરંતુ જે કૃતિ કે જે મુદ્રા વિશે કશું ઉપલબ્ધ જ ન હોય ત્યાં શું કરતો હશે ? ધારો કે ઉપલબ્ધ સામગ્રી એને અપર્યાપ્ત અને અસ્વીકાર્ય લાગે તો શું કરે ? શું તે તેને વિદ્યાર્થીની જેમ ઓપ્શનમાં કાઢી નાખી શકે ? વિષયનો 'માસ્ટર' અને વળી 'અધ્યાપક' એવી પરોપજીવી દશામાં કેટલું ટકે ? વળી ગુજરાતી ભાષાના સાહિત્યનો શિક્ષક વિવેચનનો શું માત્ર એવો 'વિતરક' છે ? પર ભાષાની કૃતિઓ હોય અને અનુવાદો ય ન થયા હોય, અથવા અનુવાદો થયા હોય પણ વિવેચનો અંગ્રેજીમાં જ ઉપલબ્ધ હોય ત્યારે શું હાથ જોડીને બેસી રહેવું ? સાહિત્યવિવેચન, ભાષાવિજ્ઞાન, આધુનિકતા કે તુલનાત્મક સાહિત્યના પ્રસંગોમાં આ પ્રશ્નો આપણે ત્યાં તીવ્ર બની જાય છે. ઉપરાન્ત, સામે પેલો પરીક્ષાર્થીવૃત્તિનો વિદ્યાર્થી તો બેઠેલો જ છે – એવો જ અક્રિય, એવો જ આદાતૃ. આ સંજોગોમાં અધ્યાપકે અધ્યયન-અધ્યાપનની આગવી પરિપાટીએ સામગ્રી સરજી લેવી રહે. નહીં તો અધ્યાપનને આજની લાચાર અને દિલચોરીભરી, ખાસ તો નાસીપાસી પ્રેરનારી વન્ધ્ય અવસ્થામાંથી મુક્ત કરવાનું અશક્યનું અશક્ય રહે.

આ દયાજનક અવસ્થાનું સીધું પ્રતિબિમ્બ આપણી યુનિવર્સિટીઓના અભ્યાસક્રમોમાં તેમજ વિવિધ પરીક્ષાઓનાં પ્રશ્નપત્રોમાં તરત પડે છે. આપણી અભ્યાસસમિતિઓ પોતાના સીમિત જ્ઞાનને આધારે જ બધા નિર્ણયો કરે છે અને તેમાં સ્વ-અર્થી વ્યવહારવાદ મોટું સાધન રહ્યું છે. અમુક કૃતિઓને સામગ્રીના અભાવને કારણે 'અઘરી' ગણીને બાજુએ મૂકી દેવાય છે, તો 'સરસ્વતીચંદ્ર' જેવી કૃતિઓને સામગ્રીની સુ-ઉપલબ્ધિને લીધે વારંવાર રખાય છે. કેટલાંક પાઠ્યપુસ્તકો તો અભ્યાસક્રમમાં નિયત થાય તે પહેલાં જ લખાઇ ગયાં હોય છે ! આ જ ધોરણ કર્તાઓને પણ લાગુ પડાય છે. સમિતિઓની બુદ્ધિમતિએ કરીને જ સાહિત્યકારોની કક્ષાઓ નક્કી કરાય છે, તેમની સમજે કરીને જ બધું શિષ્ટ, પ્રશિષ્ટ કે અશિષ્ટ બની જાય છે. પ્રશ્નપત્રની રચના જ એવી કરવામાં આવે છે કે પેલી અઘરી કૃતિને આરામથી ઓપ્શનમાં કાઢી નાખી શકાય. સાહિત્યવિવેચન વગેરે શાસ્ત્ર કે સિદ્ધાંતના મામલાઓમાં તો વળી સાવ જ વ્યવહારું વલણો અપનાવાય છે. કાળ જૂના મુદ્દાઓમાં એ વાનાં આપણે ત્યાં વરસોથી શીખવાયા કરે છે. વળી જેટલાં ઓછાં શીખવાય છે તેથી અનેકગણાં ઓછાં પૂછાય છે. વિવેચન, ભાષાવિજ્ઞાન, આધુનિકતા કે તુલનાત્મક સાહિત્યનો વિકાસ વધારે તો પશ્ચિમમાં છે. એટલે એને આંબવા – પામવા માટે ગુજરાતીના અધ્યાપક પાસે અંગ્રેજીનું સંગીન જ્ઞાન હોવું અનિવાર્ય બની રહે છે. એ માટે તો ગુજરાતીનાં અધ્યાપકે વિશ્વસાહિત્યના અધ્યાપકને છાજે તેવો વિદ્યાવ્યાસંગ કેળવવો પડે એમ છે. આ મુશ્કેલી ટાળવાને આજના અમુક સાહિત્યવિવેચકોની જેમ આજના કેટલાક અધ્યાપકો પણ પશ્ચિમ-વિરોધી માનસિકતાનો આશરો લેવા મંડયા છે. ઘર દીવડા શા ખોટાવાળું માનસ અભ્યાસક્રમોમાંય ચાલુ થઇ ગયું છે. સાહિત્ય કલાવિચારને અનિવાર્યપણે ઉપકારક સંકેતવિજ્ઞાન, ભાષાવિજ્ઞાન, તત્વજ્ઞાન કે મનોવિજ્ઞાન આજના કોઇપણ ભાષાના સાહિત્યઅધ્યયનનો તેમજ અધ્યાપનનો પાયો છે. જયારે આપણી પાસે એવો પાયો જ નથી ! અથવા કહો કે જેટલો કંઇ છે તેને આપણે આપણી પ્રકાર પ્રકારની મર્યાદાઓ વડે નષ્ટભ્રષ્ટ કરી વેર-વિખેર કરવા બેઠા છીએ. પરિણામે આપણું આવાં આવાં દુરિતો અને અભાવોથી ગ્રસાયેલું, વળી સુયોગ્ય અધ્યાપનસામગ્રીના સહયોગ વિનાનું સાહિત્યઅધ્યાપન એક કોયડો બની ગયું છે. અધ્યાપન કરતાં તો એ અધ્યાપનનો આભાસ વધુ છે.

આપણા વિદ્યાર્થીને તો આ કોયડાની કશી માહિતી જ નથી. પરંતુ આપણી યુનિવર્સિટીઓનાં સત્તા મંડળોને, ખાસ તો ગુજરાતીના વિષયની અભ્યાસસમિતિઓને આની કેટલી જાણ છે તે એક સવાલ છે. અને જો જાણ છે, તો તે અંગે તેમની શી દાનત છે તે બીજો સવાલ છે. એટલે કશાપણ સુધારાની આશા રાખવી આમ તો વ્યર્થ છે.

છતાં કશા સહજ અનૌપચારિક છત્ર હેઠળ સાહિત્ય અને શિક્ષણના ચિન્તાળુ સૌનું સન્નિધાન રચી શકાય, તો સંભવ છે કે રસ્તો જડી આવે. એવો વિધાયક અને ચોક્કસ રસ્તો અધ્યાપનસામગ્રીના સર્જન વડે કોરી શકાય. નીવડેલા અને સાકાંક્ષ સૌ ભેગા મળીને ગુજરાતી સાહિત્યના અધ્યયન-અધ્યાપનને માટેની વિદ્યાર્થીજોગી સામગ્રીના કશાક અરૂઢ શૈલીના સર્જનનું અને પ્રસરણનું પ્રાયોજન-આયોજન કરવા ચાહે, તો અશક્ય નથી.

એવી સામગ્રી વડે ગાઇડો એક તરફ અને બીજી તરફ વિવેચન-જેવા બંને અંતિમોમાંથી છૂટીને સાહિત્યના અધ્યાપનકેન્દ્રી મર્મમાં જાતને નવેસરથી જોડી શકાય. કંઇ નહીં તો એ વડે આભાસી અધ્યાપનના અંતિમેથી કેન્દ્ર તરફ પાછા તો વળી જ શકાય. એ સામગ્રી શિક્ષણદૃષ્ટિએ પૂરી સુચિન્તિત હોય, વિમર્શપરામર્શ પામી હોય. અભ્યાસક્રમોને જ લક્ષમાં લે અને પરીક્ષા સહિતનાં તમામ અભિપ્રેત ધ્યેયોને ધ્યાનમાં રાખે. સાહિત્યકલાના ગુજરાતી અને વૈશ્વિક બંને પરિમાણોનું સાયુજય રચતો પરિપ્રેક્ષ્ય રાખે. સાહિત્યની જીવનલક્ષી ભૂમિકાનો અને તેના જ્ઞાનલક્ષી સ્વ-રૂપનો પાકો ખ્યાલ રાખે તો સંભવ છે કે વર્ગમાં નવા જ અજવાળાં પથરાય.

જ્ઞાન-સંજ્ઞાનની સુંદર સુંદર ચીજો અધ્યાપક અને વિદ્યાર્થી બંને વડે જયાં ભોગવાતી હોય, કશીક સહિયારી ભૂમિકાએ ભોગવાતી હોય, અને ભોગવાયા પછી નવી સરજાતી રહેતી હોય તેવા વર્ગને સ્વર્ગ કહી શકાય. બાકી તો શું...... ?

□ □ □

## મહાવીર વંદનાનો કાર્યક્રમ અને સંઘના સભ્યોનું વાર્ષિક સ્નેહમિલન

### આર્થિક સહયોગ

### શ્રીમતી વિદ્યાબહેન મહાસુખભાઇ ખંભાતવાલા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો માટે મહાવીર વંદનાના કાર્યક્રમ સાથે વાર્ષિક સ્નેહમિલન રવિવાર, તા. ૫ મી જાન્યુઆરી, ૧૯૯૨ ના રોજ નીચે પ્રમાણે યોજવામાં આવ્યું છે.

□ **મહાવીર વંદના** – ભક્તિ સંગીત : સવારના ૧૦-૩૦ થી ૧૨-૦૦ રજૂઆત : **શ્રીમતી મીરાંબહેન શાહ**

□ **બુફે ભોજન** : બપોરના ૧૨-૧૫ કલાકે

□ **સ્થળ** : બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઇ – ૪૦૦ ૦૦૭.

**નિરુબહેન એસ. શાહ**
સંયોજક

**નિરુબહેન એસ. શાહ**
**પ્રવીણચંદ્ર કે. શાહ**
માનાર્હ મંત્રીઓ

□ **અગત્યની નોંધ :**

(૧) આ વાર્ષિક સ્નેહ મિલનનો કાર્યક્રમ ફક્ત સંઘના સભ્યો માટે જ છે.

(૨) પ્રત્યેક સભ્યને ફક્ત એક જ પ્રવેશ કાર્ડ આપવામાં આવશે.

(૩) મોડામાં મોડું તા. ૩૦-૧૨-૯૧ સુધીમાં સ્નેહમિલન અંગેનું પ્રવેશકાર્ડ સંઘના કાર્યાલયમાંથી મેળવી લેવું.

(૪) બિરલા ક્રીડા કેન્દ્રના સભાગૃહમાં બેઠકોની સંખ્યાની મર્યાદા હોવાથી વહેલો તે પહેલોના ધોરણે પ્રવેશ કાર્ડ આપવામાં આવશે

(૫) પ્રવેશકાર્ડનો ઉપયોગ ફક્ત સંઘના સભ્ય જ કરી શકશે.

# પરંપરાનો દૃષ્ટિપૂત વિનિયોગ : ' જંબુસ્વામી રાસ '

□ ડૉ. બળવંત જાની

કેટલીક વિલક્ષણ રાસકૃતિઓથી જૈનકથા સાહિત્ય સમૃદ્ધ છે. એમાં મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત 'જંબુસ્વામી રાસ'નું પણ સ્થાન છે. જૈનકથા સાહિત્ય બહુધા ચરિત્રાશ્રીત છે. સ્વાભાવિક છે કે આ ચરિત્રો ધાર્મિક, ઐતિહાસિક કે લૌકિક પરંપરાનાં હોય. એમાં ઐતિહાસિક કે લૌકિક પરંપરાના ચરિત્રોને તો કલ્પનાના બળે, વર્ણનની વિવિધ છટાના બળે કે પ્રચલિત લોકમાન્યતાઓ અથવા દંતકથાઓના બળે ચિત્તાકર્ષક રીતે કથામાં પ્રયોજી શકાય પરંતુ ધર્મચરિત્રને ચિતાકર્ષક રીતે રાસકૃતિમાં પ્રયોજવું અઘરું છે. ધર્મચરિત્રમૂલક રાસકૃતિઓમાંથી આ કારણે જ બહુ ઓછી રાસકૃતિઓ હૃદયસ્પર્શી બની છે. ધર્મચરિત્રમૂલક રાસમાં હકીકતોને વફાદાર રહીને કથાનું નિર્માણ કરવાનું હોય છે, એમાં જો એના રચયિતા પાસે કથનકળાની આગવી હથોટી હોય તો જ એમાંથી કથારસ નિષ્પન્ન કરાવી શકે.

યશોવિજયજી એવા એક દૃષ્ટિપૂત સર્જક છે. હકીકત નિષ્ઠ – પરંપરા સ્થિત કથાને પોતાની રીતે પ્રયોજીને એમણે 'જંબુસ્વામી રાસ' કૃતિનું નિર્માણ કર્યું છે. યશોવિજયને જ્ઞાનની અનેક વિદ્યાશાખાઓનો અભ્યાસ હતો. જ્ઞાનની લગભગ બધી જ શાખાઓથી તેઓ અભિજ્ઞ હતા. એમની એ અભિજ્ઞતાનો લાભ 'જંબુસ્વામી રાસ'ને મળ્યો જણાય છે. આમ સર્જકનું બહુપરિણામી વ્યકિતત્વ કૃતિને આગવું પરિમાણ અર્પતું હોય છે, એનો પરિચય પણ અહીંથી મળી રહે છે.

જૈનરાસસાહિત્યની પરંપરામાં 'જંબસ્વામી રાસ' બે – ત્રણ બાબતે મહત્વ ધારણ કરે છે.

(૧) જૈન સાહિત્યમાં જંબુસ્વામી કથાનકની ઘણી પરંપરા પ્રચલિત છે, પણ એમાંથી બે પરંપરા વિશેષપણે પ્રચલિત છે. એક સંઘદાસ ગણિની 'વસુદેવહિંડી' અને બીજી, હેમચંદ્રાચાર્યની ' ત્રિષષ્ઠિશલાક પુરુષચરિત્રની. આ બન્ને પરંપરામાંથી યશોવિજયજી હેમચંદ્રચાર્યની પરંપરાને અનુસર્યા છે. માત્ર અનુસર્યા નથી, એમણે પોતાની રીતે કથાનું નિર્માણ કર્યું છે. એમની પદ્યમાં, મૂળ કથાને ઢાળવાની કથનકળાશક્તિને કારણે ધર્મચરિત્રમૂલક કથાનકવાળી કૃતિ રસપ્રદ રાસકૃતિ બની શકી છે.

(૨) બીજા દૃષ્ટિબિંદુથી જોઇએ તો જંબુસ્વામીનું ચરિત્ર રાસકૃતિને પોષક નથી. એમાં કથાનો ક્રમિક વિકાસ નથી, જંબુસ્વામીનો ઉછેર, લગ્ન, દીક્ષા લેવાની ઇચ્છા, કુટુંબીજનોની અનિચ્છા, જંબુસ્વામીની દલીલો, અંતે સંમતિ મળે. અન્ય ચરિત્રો પણ દીક્ષા લેવા તત્પર થાય. આ સિવાય કશા કારણોપ્રત્યાઘાતો કે સંઘર્ષ નથી, પરંતુ યશોવિજયજી અહીં કથાના તત્વોનું ઉમેરણ કરી શકયા છે. સામસામા બે પક્ષો ઊભા કર્યા છે. એક પક્ષે ઘણાં બધાં છે. જેઓ ભોગવિલાસ જેવી સ્થુળ બાબતોની તરફેણ કરે છે, અને બીજા પક્ષે માત્ર જંબુકુમાર એકલા જ છે, તેઓ સંયમ–વૈરાગ્યનો મહિમા ગાય છે. આ સામસામા મુકાબલાને કારણે ભાવકને કથામાં રસ પડે છે. બન્ને ભાવને પોષક એવી તર્કપૂર્ણ દૃષ્ટાંતકથાઓ ક્રમશ: ચરિત્રો દ્વારા પ્રસ્તુત થાય છે. ભાવક એમાં ખૂંપતો જાય છે. એ રીતે 'જંબુસ્વામી રાસ' એ દૃષ્ટાંતકથાઓનું અટવી છે, પણ એ અટવીમાં જંબુકુમાર કેન્દ્રસ્થાને રહ્યા છે. આથી અનેકાનેક દૃષ્ટાંતકથાઓને એકસૂત્રતા પ્રાપ્ત થાય છે. આમ જંબુકુમાર એ કથાને એકતા અર્પનાર ચરિત્ર તરીકેની મહત્તા ધારણ કરે છે અને એમાંથી રાસકૃતિ નિર્માણ પામી છે.

(૩) સમગ્ર કથાને યશોવિજયજીએ પાંચ અધિકારમાં વિભાજિત કરી છે. એમાં કથાઓ પ્રસ્તુત કરવા માટે યશોવિજયજી કથનકેન્દ્રો બદલતા રહે છે. આ બધી કથાઓને વિવિધ ઢાળ, દેશી, દુહા અને ચોપાઇ બંધમાં ઢાળી છે, આ રીતે કથાનું નિર્માણ અને એની અભિવ્યકિતનું સ્વરૂપ કેન્દ્રમાં રહેલ તર્કપૂર્ણ દલીલો તથા સંઘર્ષનું તત્ત્વ રાસકૃતિને રસપ્રદ બનાવે છે.

આમ, કથાનું સ્વતંત્ર રીતે નિર્માણ, દૃષ્ટાંતકથાઓનો દૃષ્ટિપૂત વિનિયોગ અને કથનકળાની ઊંડી સૂઝ એમ બે – ત્રણ બાબતે 'જંબુસ્વામી રાસ' મને મધ્યકાલીન રાસકૃતિઓના ઇતિહાસમાં મહત્વ ધારણ કરતી કૃતિ જણાઇ છે. આ ત્રણેય મુદ્દાઓ વિગતે જોઇએ.

## (૧)

ભારતીય કથાસાહિત્યમાં તેમજ જૈન કથાસાહિત્યમાં અવાંતરકથાની એક સુદીર્ઘ પરંપરા છે. પરંતુ મુખ્ય ચરિત્રના જીવનનો માત્ર એક જ પ્રસંગ અને એની આસપાસ ત્રેવીશ જેટલી કથાઓ ગુંથાયેલી હોય, એમ છતાં એકસૂત્રતા પણ જળવાઇ હોય એ વિરલ છે. અહીં યશોવિજયજીએ આવું વિરલકથાનક રાસકૃતિ માટે પસંદ કર્યું છે.

શ્રેણિક રાજાના પ્રશ્નના ઉત્તર રૂપે મહાવીર પ્રભુ પોતે સ્વમુખે વિદ્યુન્માલીની કથા કહે છે. ગુપ્તમતિના બે પુત્રો, ઋષભદત્ત, જીનદાસની સેવા ઋષભદત્ત કરે. એમાં પાછી મગધદેશના સુગ્રામમાંરાષ્ટ્રકૂટ–રેવતીની અવાંતર કથા આરંભાય, આ કથામાં ભવદેવ અને ભવદત્ત એ બે ચરિત્રો કેન્દ્રસ્થાને છે. ભવદત્તે દીક્ષા લઇને આગમનો અભ્યાસ કર્યો. કોઇ મૂળ પોતાના અનુજબંધુને દીક્ષા અપાવવામાં અસફળ રહ્યા એટલે ભવદત્તમુનિએ ટકોર કરી. ભવદત્તમુનિએ પોતાના અનુજબંધુને દીક્ષા લેવરાવવાનું કબુલ્યું, જયારે ભવદત્તમુનિ વિહાર કરતા કરતા ભવદેવ પાસે પહોંચે છે. ત્યારે ભવદેવના નાગિલા સાથે લગ્ન થતા હોય છે. ભવદત્ત આ પ્રસંગે યુક્તિપૂર્વક પાછા ફરે છે. ભવદેવ અને નાગિલા આથી ભવદત્તમુનિની પાછળ–પાછળ નીકળી પડે છે. ભવદેવને ભવદત્તે પોતાનું એક પાત્ર ઉચકવા આપ્યું. છેવટે બધા પાછા ફર્યા, પણ શિષ્ટાચારના ભાગરૂપે ભવદેવ તો ભવદત્તની પાછળ– પાછળ પાત્ર ઉચકીને ચાલતા જ રહ્યા. રસ્તામાં ભવદત્તમુનિએ પૂર્વાશ્રમની બધી વાતો ઉખેળી, એ રીતે રસ્તો પસાર થઇ ગયો. ગુરુ પાસે પહોંચીને ભવદત્ત મુનિએ કહ્યું : કે ' મારો અનુજબંધુ દીક્ષા લેવા ઉત્સુક છે. ' ભવદેવને પૂછ્યું. ભવદેવને આશ્ચર્ય તો થયું કે મારા વિશે ખોટું બોલીને કેમ મને દીક્ષાર્થી તરીકે ઓળખાવ્યો હશે ? પણ પોતાના મોટાભાઇને કંઇ ખોટા પડાય ?એવું વિચારીને હા કહી દીધી. અને દીક્ષા પણ લીધી. પછી થોડા વર્ષો બાદ ભવદત્ત મુનિ તો ઉગ્ર તપશ્ચર્યા કરીને અનશન આચરીને દેવલોકના દેવ થયા. આ બાજુ ભવદેવના મનમાંથી નાગિલા દૂર થઇ ન હતી. એટલે હવે ભાઇના કાળધર્મ પામ્યા પછી દીક્ષાનો વેશ ત્યજીને નાગિલાને મેળવવાના હેતુથી ભવદેવ નાગિલાના નગરમાં આવે છે. નાગિલાને પોતાના મનની વાત જણાવે છે: નાગિલાના ઉપદેશથી ભવદેવ દીક્ષાનો સાધુવેશ છોડતા નથી અને વ્રતનાં આચરણ તરફ વળે છે. પછી તો નાગિલાએ પણ દીક્ષા લીધી.

બીજી બાજુ ભવદત્તના જીવે દેવલોકમાંથી ચ્યવીને પૂંડરીકિણી નગરીમાં વજ્રદત્ત રાજાની યશોધરા રાણીને ત્યાં પુત્ર રૂપે જન્મે લીધો. એનું નામ સાગરદત્ત રાખ્યું. અનેક રાણીઓને પરણીને વાદળાના દર્શનથી વૈરાગ્ય પામીને દીક્ષા લઇને તે અવધિજ્ઞાનને પામ્યો.

ભવદેવનો જીવ વીતશોક નગરીના પદમરથ રાજાની રાણી વનમાલાને ત્યાં પુત્ર રૂપે અવતર્યો. એનું નામ શિવકુમાર રખાયું.

શિવકુમારે સાગરદત્ત મુનિ પાસે દીક્ષ લેવાની ઇચ્છા વ્યકત કરી, માતા–પિતાની અનુજ્ઞા ન મળવાથી દીક્ષા ન લીધી. પૂર્વભવનું જ્ઞાન થયું અને અંતે વ્રતાચરણ કરીને મનથી સાગરદત્તમુનિનો શિષ્ય બનીને સમય પસાર કરીને અંતે દેવલોકને પામ્યો. તે પછી વિદ્યુન્માલી રૂપે જન્મ્યો.

વળી પાછી અવાન્તર કથા. જેમાં ખોડીનપુર નગરના સોમચંદ્ર રાજા અને ધરિણી રાણી, એના પ્રસન્નચંદ્ર, વલ્કલચિરિ. એ ચરિત્રોની કથા ચાલે. આમ શ્રેણિકરાજાના પ્રશ્નના ઉતર રૂપે જંબુકુમારના પૂર્વભવના ચરિત્રને સ્પર્શતી ચાર કથાઓ મહાવીર ભગવાન પોતે કહે છે. ઋષભદત જીનદાસની કથા છે, એમાં અવાંતરકથારૂપે ભવદત્ત–ભવદેવની કથા અને એમાંથી સાગરદત–શિવકુમારની તથા બીજી એક પ્રસન્નચંદ્ર અને રાજર્ષિની કથા ફૂટી નીકળે છે. એ રીતે પ્રથમ અધિકારમાં ચાર કથાઓ એક મુખ્યકથામાંથી અવાંતર કથારૂપે પ્રગટીને વિકસતી જોવા મળે છે.

બીજા અધિકારમાં જંબુકુમારના જન્મ, ઉછેર અને લગ્ન સુધીના કથાનક પછી પ્રથમ રાત્રીએ શયનકક્ષમાં પ્રભવ નામનો ચોર પ્રવેશે છે અને અમુક વિદ્યા શીખવીને એના બદલામાં બીજી વિદ્યા શીખવાની સ્પૃહા વ્યકત કરે છે. પણ એને ખ્યાલ આવે છે કે જંબુકુમાર તો દીક્ષા લેવાની ઇચ્છા ધરાવે

છે એટલે એને અટકાવવા માટે સંસારના સુખને ભોગવવાનું કહે છે. જેના પ્રત્યુત્તર રૂપે જંબુકુમાર એક પછી એક એમ ત્રણ ચોટદાર કથાઓ કહે છે. મધુબિંદુની, કુબેરદત્તની, અને મહેશ્વરદત્તની એમ ત્રણ દૃષ્ટાંતકથાઓ દ્વારા જંબુકુમાર તર્કબદ્ધ રીતે વૈરાગ્યની મહત્તા રજૂ કરે છે. એ રીતે બીજા અધિકારમાં જંબુકુમારના મુખે ત્રણ કથાઓ નિરુપાઇ છે.

ત્રીજા અધિકારમાં જંબુકુમારની આઠ પત્નીઓમાંથી ત્રણ પત્નીઓ દીક્ષા ન લેવા માટે સમજાવે છે અને એ માટે પોષકરૂપ દૃષ્ટાંતકથાઓ કહે છે. આ ત્રણેયને જંબુકુમાર એક પછી એક પ્રત્યુત્તર રૂપે વૈરાગ્યભાવને દૃઢાવતી કથાઓ કહે છે. આમ કુલ છ દૃષ્ટાંતકથાઓ આ ત્રીજા અધિકારમાં જંબુકુમારની ત્રણ પત્નીઓને મુખે તથા જંબુકુમાર મુખે નિરુપાઇ છે.

ચોથા અધિકારમાં બાકીની બીજી ચાર પત્નીઓ જંબુકુમારને દીક્ષા ન લેવા સમજાવવાના ભાગ રૂપે દૃષ્ટાંતકથાઓ કહે છે, જેની સામે પ્રત્યુત્તર રૂપે જંબુકુમાર પણ ચારેયને એક પછી એક કથાઓ કહે છે. આમ અહીં આઠ કથાઓ નિરુપાયેલ છે.

પાંચમાં અંતિમ અધિકારમાં આઠમી પત્ની જયશ્રી જંબુકુમારને દીક્ષા ન લેવાનું સમજાવતા નાગશ્રીની કથા કહે છે જેના પ્રત્યુત્તર રૂપે જંબુકુમાર લલિતાંગકુમારની કથા કહે છે.

સમગ્ર રાસમાં વૈરાગ્યનો મહિમા રજૂ કરતી અગિયાર દૃષ્ટાંતકથાઓ જંબુકુમારના મુખે રજુ થઇ છે. ત્રણ પ્રભવચોરની સમક્ષ અને આઠેય પત્નીઓ સમક્ષ એક-એક મળીને કુલ આઠ. ઉપરાંત ચાર મહાવીર ભગવાન મુખે, અને આઠેય પત્નીઓ દ્વારા એક-એક મળીને આઠ. એમ બધી મળીને કુલ ત્રેવીશ દૃષ્ટાંતકથાઓ અહીં છે. આ બધી કથાઓ ભાવશબલતા અને સંઘર્ષથી પૂર્ણ હોઇ સ્વતંત્ર કથા તરીકે પણ રસપ્રદ છે. પરંતુ એનું સ્વતંત્ર કથા તરીકેનું મૂલ્ય ભાવકચિત્રમાં અંકાતું નથી. કારણ કે કેન્દ્રસ્થાને જંબુકુમાર છે. બીજી કથા માટે કુતુહલ રહે છે. અને એમ 'જંબુકુમાર રાસ' એક કથાકૃતિ તરીકે વિકસે છે. આમ યશોવિજયે પરંપરાને અનુષંગે પોતાની રીતે રાસકૃતિ માટે આવું કથાનક પસંદ કરીને અંતે એમાંથી કથાનું નિર્માણ કરી શક્યા, એ મધ્યકાલીન ગુજરાતી રાસસાહિત્યની પરંપરામાં વિષયસામગ્રીની દૃષ્ટિએ મહત્વનું ઉદાહરણ છે.

**(૨)**

'જંબુસ્વામી રાસ'નું કથાનક આમ દૃષ્ટાંતકથાઓથી સભર છે. પરંપરામાંથી પ્રાપ્ત આ બધી કથાઓને એમણે પોતાની રીતે પદ્યમાં ઢાળી છે. એ રીતે યશોવિજયજી દ્વારા પુન:અભિવ્યક્તિ પામેલી આ કથાઓ એમની દૃષ્ટિપૂત વિનિયોગશક્તિની પરિચાયક છે. દૃષ્ટાંતકથાઓના ચરિત્રોના વર્ણનોમાં કે પ્રસંગાલેખમાં અનેકસ્થાને પોતાની સર્ગશક્તિનો પરિચય તેમણે કરાવ્યો છે. લલિતાંગકુમારનું આલેખન, જંબુકુમારના દીક્ષા પ્રસંગનું આલેખન, તથા એ માટે સંઘનું રૂપક પ્રયોજ્યું છે એ બધાને આના ઉદાહરણ રૂપે નિર્દેશી શકાય.

આ બધી દૃષ્ટાંતકથાઓનો વિનિયોગ પદ્યવાર્તામાંના ભાવકની ઉત્સુકતાને કુતુહલને વધારવા કે પોષવાના પરિબળ રૂપે જ માત્ર નથી. કથાઓ ચોટદાર, રસપ્રદ હોવા છતાં હકીકતે એની સામે બીજી શી કથા હશે ? એ મુદ્દો – વિચાર – ભાવકના ચિત્તમાં સતત ઉદ્‌ભવતો રહે છે. એટલે આ બધી કથાઓ મૂળકથાને વિકસાવનાર પરિબળરૂપ – પ્રસંગરૂપ-કથાઓ તરીકે અહીં વિનિયોગ પામી છે. આવો ભાવ જાળવી રાખવામાં યશોવિજયજીની મૂળ કથાનાયક કેન્દ્રમાં રહે તેવું વાતાવરણ નિર્માણ કરી શકવાની દૃષ્ટિ સૂઝ કારણભૂત છે.

જંબુકુમારની દીક્ષા લેવાની ઇચ્છાથી તે એની પરિપૂર્ણતા સુધીની ઘટના અહીં કેન્દ્રમાં છે. આ માટે અવાંતરકથાઓની હાથવગી પરંપરાને પોતાની રીતે પ્રયોજી, એમાંથી યશોવિજયજીની સર્જકદૃષ્ટિનો પરિચય મળી રહે છે. અવાંતરકથાઓ માત્ર કથારસ તરીકે નહીં પણ અભિવ્યક્તિના એક ભાગ રૂપે અર્થપૂર્ણ બની રહે અને સાથોસાથ મૂળ કથાને વિકસાવનાર પરિબળ બની રહે એ રીતે અહીં ખપમાં લેવાઇ હોઇ એનું વિશેષ મહત્વ છે.

**(૩)**

યશોવિજયજીએ દૃષ્ટાંતકથાઓને આધારે કથાનું નિર્માણ કર્યું. એ ખરું પરંતુ એ કથાની અભિવ્યક્તિનું સ્વરૂપ પણ અભ્યાસનો વિષય બની રહે એ કક્ષાનું છે. એમાંથી યશોવિજયજીની કથનકળાની સૂઝનું દર્શન થાય છે.

સમગ્ર કથા પાંચ અધિકારમાં વહેંચાયેલી છે. આ પ્રત્યેક અધિકાર ઢાલમાં વહેંચાયેલા છે. પ્રથમ અધિકારમાં પાંચ ઢાલ છે. બીજામાં આઠ, ત્રીજામાં નવ, ચોથા અને પાંચમા અધિકારમાં સાત-સાત એમ કુલ છત્રીસ ઢાલમાં કથા રજૂ થયેલી છે. વચ્ચે – વચ્ચે દુહા અને ચોપાઇઓ છે. બહુધા ધર્મ-ઉપદેશ કે સર્જકને અભિપ્રેત અન્ય મુદ્દાઓ આ ચોપાઇ કે દુહાબંધમાં અભિવ્યક્ત થયેલ છે. કથાપ્રસંગ પૂર્ણ થાય ત્યાં ઢાલ પૂર્ણ થાય છે. કેટલીક લાંબી કથાઓ બે-ત્રણ કે ચાર ઢાલ સુધી પણ વિતસ્તરેલ છે.

પદ્યમાં-ઢાલમાં-માત્ર કથાનક જ રજૂ થયું છે એવું નથી. વચ્ચે વચ્ચે કથાંતર્ગત પાત્રના સુખ, દુ:ખ, વિરહ આદિ ભાવોને ઉપસાવતા વર્ણનો પણ સર્જકે પ્રયોજેલ છે, એવું નથી. વચ્ચે વચ્ચે કથાંતર્ગત પાત્રના સુખ-દુ:ખ, વિરહ આદિ ભાવોને ઉપસાવતા વર્ણનો પણ સર્જકે પ્રયોજેલ છે. પાત્રના વિવિધ પ્રકારના વર્તણૂક – વ્યવહારના વર્ણનો પણ સર્જકે કર્યા છે. પ્રભવ ચોર, કુબેરદત્ત, વિદ્યુન્માલી, નાગિલ, દુર્ગિલા ઇત્યાદિ ચરિત્રોને આના ઉદાહરણ તરીકે દર્શાવી શકાય. આ વર્ણનો ચરિત્રોના ચિત્તના ભાવને તાદૃશ કરે છે, એ કારણે કથાકૃતિ ભાવપૂર્ણ અને હૃદયસ્પર્શી બની છે. આમ પદ્યમાં પોતીકી રીતે અર્થપૂર્ણ વર્ણનો યશોવિજયે પ્રયોજયા છે.

બોધ – ઉપદેશ માટે બહુધાં દુહાબંધ ખપમાં લીધેલ છે. ધર્મનો મહિમા, જે આગલી ઢાળમાંથી કથામાં નિહિત હોય છે, એ અહીં તારસ્વરે પ્રગટ થાય છે.

ઢાલને દેશીમાં ઢાળેલ છે. ક્યાંય દેશીનું પુનરાવર્તન નથી, તે સમયની પ્રચલિત દેશીઓની પસંદગી અને એમાં પણ અમુક પ્રકારની ભાવપૂર્ણ કથા માટે એને અનુકૂળ દેશીની પસંદગી યશોવિજયે કરેલી જણાય છે. દેશીવૈવિધ્ય આમ સૂઝપૂર્વકનું છે. આ કૃતિની ગેયતાનું એ સૂચક છે.

ત્રીજા અધિકારની પાંચમી ઢાલમાની 'શાંતિ સદા મનમાંહે વસઇ' એ દેશીમાં પદ્મસેનાએ કહેલી નુપૂરપંડિતા અને શિયાળની કથાનો પ્રારંભનો ભાગ સમુચિત રીતે નિરુપાયેલ છે. એ જ રીતે ચોથો અધિકારની ત્રીજી ઢાલની બુદ્ધિસિદ્ધિની કથા માટે પસંદ કરેલી દેશી 'બેડલઇ ભાર ઘણો છઇ એજ, વાર્તા કેમ કરો છો ? ' પણ અર્થપૂર્ણ જણાય છે. આ દેશી વૈવિધ્યમાંથી યશોવિજયજીની તત્કાલીન પ્રચલિત ગીતો તરફની પ્રીતિ – સૂચિનો પણ પરિચય મળી રહે છે.

આમ યશોવિજયજીની કથનકળાની સૂઝનો પણ 'જંબુસ્વામી રાસ' માંથી ખ્યાલ આવે છે.

આ રીતે 'જંબુસ્વામી રાસ' કથાનું નિર્માણ, એ માટે દૃષ્ટાંતકથાઓનો સૂઝપૂર્વકનો વિનિયોગ અને અર્થપૂર્ણ એવી કથનકળા એમ ત્રણ બાબતે મધ્યકાલીન ગુજરાતી રાસ પરંપરામાં મહત્વની કૃતિ લાગે છે. પરંપરાથી પરિચિત એવા સર્જક એનો દૃષ્ટિપૂત રીતે વિનિયોગ કરે અને એમાંથી એક પોતીકી રચનાનું સર્જન કઇ રીતે શક્ય બને છે, એ દૃષ્ટિબિંદુથી પણ આ રાસકૃતિનું મૂલ્ય છે. આમ યશોવિજયજીએ 'ત્રિષષ્ઠિસલાકાપુરુષ ચરિત્ર' માંની કથાને પોતીકી પ્રતિભાનો પાસ આપીને 'જંબુસ્વામી રાસ' કૃતિનું નિર્માણ કર્યું જણાયું છે.

**સંદર્ભ સામગ્રી :-**

'જંબુસ્વામી રાસ'- સંપાદક : ડૉ. રમણલાલ ચી. શાહ
'મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્ય' – ડૉ. હસુ યાજ્ઞિક
'આરામશોભા રાસમાળા' – પ્રો જયંત કોઠારી □□

**શ્રી મુંબઇ જૈન યુવક સંઘનાં નવાં પ્રકાશનો**
**શ્રી દીપચંદ ત્રિભોવનદાસ ગ્રંથ શ્રેણી ૭-૮**
**જિનતત્ત્વ ભાગ – ૪**
મૂલ્ય રૂ. ૨૦/-
**પ્રભાવક સ્થવિરો ભાગ – ૨**
મૂલ્ય રૂ. ૨૦/-
**★ બંને ગ્રંથના લેખક ★**
**ડૉ. રમણલાલ ચી. શાહ**
• પ્રકાશક •
**શ્રી મુંબઇ જૈન યુવક સંઘ**
૩૮૫, સરદાર વલ્લભભાઇ પટેલ માર્ગ,
મુંબઇ-૪૦૦ ૦૦૪ ફોન : ૩૫૦૨૯૬

# બે તત્વધારા - નિશ્ચય અને વ્યવહાર

□ ચન્દ્રહાસ ત્રિવેદી

આપણને ભારતવાસીઓને ગૌરવ છે કે જયારે જગત પત્થરયુગમાં જીવતું હતું અને મનુષ્ય આહાર કેવી રીતે મેળવવો, કેમ પકવો, ઘર કેમ બાંધવું, પાણી કેમ કાઢવું – એવા પ્રાથમિક પ્રશ્નોમાં પડયો હતો. ત્યારે ભારતના ઋષિમુનિઓ આત્મા, પરમાત્મા, બ્રહ્મ, જગત અને નભોમંડળની ઉત્પત્તિના પ્રશ્નોની ચર્ચા કરતા હતા. પણ આપણે એ ગૌરવ ગાથા ગાઇને ક્યાં સુધી બેસી રહીશું ? જે ફક્ત ભૂતકાળને વાગોળીને બેસી રહે છે તેનો વર્તમાન વણસતો જાય છે અને ભવિષ્ય હાથમાંથી સરી જાય છે. આજનો વર્તમાન કાલનું ભાવિ છે. તેની અવગણના કરનાર સમાજ કે દેશ સમૃદ્ધ થઇ શકતો નથી કે આગળ વધી શક્તો નથી.

આપણે જરા વિચાર કરીએ કે તત્વજ્ઞાનની ખોજ કેમ શરૂ થઇ ? જીવ માત્ર સુખનો ઇચ્છુક છે અને સુખની શોધ માટે તે નિરંતર પ્રવાસ કર્યા કરે છે. સુખ પ્રાપ્તિમાં સાધનોનું ઘણું મહત્વ રહેલું છે. એક તો એવાં સાધનો મેળવવાં મૂશ્કેલ અને જો મળી જાય તો વળી ભોગવવાનો સમય ન મળે. વળી સમય મળી જાય તો પણ એ સુખ-સંપત્તિ લાંબો સમય ન રહે. આમ સુખની આડે ઘણા અંતરાયો પડેલા છે. તો સુખ મેળવવું ક્યાંથી અને એ પણ અંતરાય વિનાનું સુખ હોય અને શાશ્વત ટકી રહેનાર હોય. આમ સુખના ચિંતનમાંથીજ દૃષ્ટાઓને ધર્મનો માર્ગ મળ્યો. મહાન આચાર્ય હરિભદ્રસૂરિએ કહ્યું છે કે જે સુખમાં દુઃખ ભળેલું હોય તેને સુખ કેમ કહેવાય ? દૂધના કટોરામાં વિષનું એક બિંદુ પડેલું હોય તે દૂધને અમૃત કેવી રીતે કહેવાય ? તે કેમ પીવાય ? આમ એક રીતે જોઇએ તો સંપૂર્ણ સુખની – શાશ્વત સુખની શોધ કરતાં કરતાં તત્વચિંતકો ધર્મને ઓવારે આવી પહોંચ્યા.

જગતમાં ધર્મને નામે અનેક ચોકા પડયા છે અને સૌ પોત-પોતાના ધર્મને પ્રાચીન તેમજ સત્યનો દ્યોતક ગણે છે. આપણે એ બધાની ચર્ચા ન કરતાં ધર્મની બે મહાન ધારાઓની જ વાત કરીએ. આ બે ધારાઓમાં ઘણા સંપ્રદાયો એક કે બીજી રીતે સમાઇ જાય છે. પૂર્વની ધર્મધારા અને પશ્ચિમની ધર્મધારા. આ બન્નેમાં પાપ કર્મ અને પૂણ્ય કર્મ ઉપર ઘણો વિચાર થયો છે. પાશ્ચાત્ય ધારાને એવું લાધ્યું કે પાપ એજ દુઃખનું કારણ છે માટે પાપથી દૂર રહો અને પાપને વિફલ કરવા પૂણ્યનો સહારો શોધો. પૂણ્ય જ સુખ લાવી આપશે. તો પછી પૂણ્યની પ્રવૃત્તિઓ શરૂ કરો. પૂણ્યની પ્રવૃત્તિ એટલે સેવાની પ્રવૃત્તિ – સહાયની પ્રવૃત્તિ. તેથી પાશ્ચાત્ય ધર્મધારાએ વિવિધ મિશનો હેઠળ સેવા અને સહાયની પ્રવૃત્તિઓ શરૂ કરી અને દુનિયાભરમાં ઇસાઇ અને અન્ય ધર્મોનાં મીશનરી કેન્દ્રો ખૂલી ગયાં. આ મીશનરી પ્રવૃત્તિએ લોકકલ્યાણનો માર્ગ મોકળો કર્યો. ભૂખ્યાંને અન્ન, નાગાંને વસ્ત્ર, માંદાને દવા અને સારવાર, બે-ઘરને ઘર અને નોંધારાને આધાર આપતી આ મીશનરી પ્રવૃત્તિઓ દુનિયાભરમાં છવાઇ ગઇ.

પોતાનો દેશ-વેશ-આબોહવા-સગાં-વ્હાલાં છોડીને પરદેશનાં અજાણ્યા અને ઘણીવાર ભય ભરેલાં સ્થાનોમાં સેવા માટે પથરાઇ જતા અને જીવન સમર્પીત કરતા કાર્યકરોને જોઇને કોઇપણ માનવપ્રેમી તેમની સેવાને બીરદાવ્યા સિવાય રહી શકે નહિ. સ્વાભાવિક રીતે જ સાથો સાથ ધર્મના પ્રસારનું કાર્ય પણ ચાલ્યું. જે સ્રોતમાંથી આ પ્રવૃત્તિનો પ્રવાહ નીકળ્યો હોય અને જે ભાવનાથી કાર્યકરો રંગાયેલા હોય તેની તેઓ અવગણના કેવી રીતે કરે ? આમ દીન-દુખીયાઓ સુધી પ્રભુનો સંદેશ પહોંચાડવા મીશનરીઓ ગામડે ગામડે, જંગલે – જંગલે અને દૂર દૂરના પહાડો સુધી ફરી વળ્યા. શાળાઓ – કોલેજો, ઇસ્પિતાલો, ચર્ચ, હોસ્ટેલો આ બધાં તેમની સેવા પ્રવૃત્તિના દ્યોતક કેન્દ્રો બની રહ્યાં. આમ પાશ્ચાત્ય ધર્મધારા – તત્વધારા સેવા – પ્રવૃત્તિ તરફ ઝૂકી – જેને કેટલાકે એક્શન ઓરિયેન્ટેડ ગણી. આ સેવા – પ્રવૃત્તિ જાણતાં – અજાણતાં વ્યવહારની ભૂમિકાને પ્રાધાન્ય આપીને આગળ વધી.

બીજી બાજુ પૂર્વની તત્વધારાએ પૂણ્ય અને પાપની વાત સ્વીકારી તો ખરી પણ તેઓ સુખની શોધમાં તેના અંતિમ ચરણ ઉપર આવી પહોંચ્યા. જયાં તેમને લાગ્યું કે સુખ, સાધનોમાં નથી – સંપત્તિમાં નથી, પણ એ બધાથી મુક્ત થવામાં છે. છેવટે સુખનાં સાધનો જ દુઃખનાં સાધનોમાં પરિણમે છે. અને સરવાળે દુઃખનીજ નિષ્પત્તિ થાય છે સંપૂર્ણ સુખની પ્રાપ્તિ માટે આ ધર્મ-ધારાએ મુક્તિનો આદર્શ સ્થાપ્યો અને તેની સિદ્ધિ માટે તેમણે જ્ઞાન અને ધ્યાનની મહત્તા આંકી. આ માર્ગને અધ્યાત્મ માર્ગ – જ્ઞાન માર્ગ કહેવામાં આવ્યો. જે મહદ્ અંશે " નોલેજ ઓરિયેન્ટેડ " ગણાયો. આમ પૂર્વના જગતને જ્ઞાન માર્ગે રંગવામાં ભારતીય સંસ્કૃતિ કે વૈદિક ધર્મનો ફાળો નાનો સૂનો નથી. ભારતના મહાન અને અમર ગ્રંથોનું નામ જ – વેદ – છે. વેદ એટલે જાણવું. તેનો અર્થ જ જ્ઞાન. કોનું જ્ઞાન ? આત્માનું જ્ઞાન. પોતાના સ્વરૂપનું જ્ઞાન. આવું જ્ઞાન ફક્ત માહિતી મેળવવાથી ન મળે. આ જ્ઞાન અનુભવગમ્ય છે અને કેટલેક અંશે ઇન્દ્રિયાતીત છે તેથી તેમાં ધ્યાનની અનિવાર્યતા રહી. આમ ભારતીય – પૂર્વના તત્વજ્ઞાનનો પાયો જ્ઞાન અને ધ્યાન ઉપર મંડાયો. આ ધારાએ પાપ અને પૂણ્યની વાત સ્વીકારી પણ પૂણ્ય પ્રવૃત્તિથી પાપ વિફલ થઇ જવાની વાત ઘણે અંશે માન્ય ન રાખી. વેદાંત તો ત્યાં સુધી વાત કરી કે અજ્ઞાન જ સર્વ ધ્યાનોનું મૂળ છે. અવિદ્યાજ દુઃખનું કારણ છે, અને વિદ્યાથી જ દુઃખનો નાશ થાય. અવિદ્યા જતાં સુખનો સૂર્ય આપોઆપ પ્રકાશી ઉઠે – પછી તેને સુખની શોધ કરવાની જ ન રહે. વેદોની અને શ્રુતિની વૈચારિક ક્રાન્તિ સંકેત આપે છે કે અજ્ઞાનીની પૂણ્યકર્મની કિંમત ઘણી અલ્પ છે, જ્ઞાનવિનાનું પૂણ્યકર્મ નિરર્થક છે. પૂણ્યથી દુઃખ દૂર થાય તે ભ્રાન્તિ છે. પૂણ્યકર્મથી સુખનું આશ્વાસન મળે પણ સુખ નહિ. સાચું – શાશ્વત સુખ માત્ર આત્મજ્ઞાનમાંજ છે. આ વાત નિશ્ચિત છે, સત્ય છે તેથી તેને નિશ્ચયની ભૂમિકા કહેવામાં આવે છે. એનો અર્થ એ નથી કે પૂર્વની તત્વધારાએ સેવા-પ્રવૃત્તિની સદંતર અવગણના કરી. સ્વામી વિવેકાનંદ આ બાબત વધુ સજાગ હતા. તેથી તેમણે રામકૃષ્ણ મીશનની સ્થાપના કરી સેવા પ્રવૃત્તિઓ હાથ ધરી.

બન્ને તત્વધારાઓના ગુણદોષની ચર્ચામાં કે યથાર્થતાની વાતમાં આપણે વધારે ઊંડા નથી ઉતરવું કારણ કે બન્ને ધારાઓને પોત પોતાની પાર્શ્વ ભૂમિકા છે અને પોત પોતાની રીતે તથા તે ખરી પણ ઠરે. પણ બન્ને વાતો એકાંતિક લાગે છે. આત્માની – પરમાત્માની વાતો કરનાર કે ચિંતન કરનાર દેહધારી જ હોય છે. જ્ઞાન અને ધ્યાનમાં રત રહેનારને પણ દેહના ધર્મો આહાર – વિહાર – નિહાર સાચવવા જ પડે છે. દેહને ઢાંકવા વસ્ત્ર અને માથુ ઢાંકવા છાપરું પણ જોઇએ છે. જયાં સુધી દેહ છે ત્યાં સુધી તેના ધર્મો રહેવાના અને તેની અવગણના કેમ થઇ શકે ? જ્ઞાન અને ધ્યાનની વાત, આત્માના સ્વરૂપની વાત એક સત્ય છે. નિશ્ચય છે. જયારે દેહની વાત શરીરની જરૂરીઆતોની વાત એ પણ સત્ય છે. આપણે જે દેશમાં રહીએ છીએ, જે સમાજમાં જીવીએ છીએ તે વાસ્તવિકતા છે અને તેમાં અવસ્થિત રહીનેજ, આપણને મળેલા મનુષ્ય દેહ દ્વારા જ આત્માની ઉન્નતિની છલાંગ મારવાની છે તેથી તેને અવગણીને આપણે કેટલા આગળ વધી શકવાના ? આ વ્યવહારની ભૂમિકા છે. સત્યની બીજી બાજુ છે. આમ નિશ્ચય શિખર છે તો વ્યવહાર તેના ઉપર લઇ જનાર કેડી છે. નિશ્ચય આદર્શ છે પણ જયાં સુધી દેહ છે ત્યાં સુધી વ્યવહાર પણ રહેવાનો. એકની અવગણના કરીને બીજાને સાધી શકાય તેમ નથી. વ્યવહાર વિનાનો નિશ્ચય હવામાં લટકી જાય તો નિશ્ચય વિનાનો વ્યવહાર સુકાન વિનાના વહાણ જેવો છે, જેને કોઇ કિનારો જ મળતો નથી, જેથી ભટકી જાય છે. □ □ □

## સાભાર સ્વીકાર

□ **ઋષિમંડલ સ્તોત્ર એક સ્વાધ્યાય** * લેખક : આચાર્ય શ્રી યશોદેવસૂરિજી * પૃષ્ઠ – ૯૬ * મૂલ્ય રૂા. ૧૨/– * પ્રકાશક : શ્રી મુક્તિકમલ જૈન મોહન જ્ઞાન મંદિર, રાવપુરા, વડોદરા – ૩૯૦૦૦૧

□ **કવિની છવિ** (કાવ્ય સંગ્રહ) * લે. રતુભાઇ દેસાઇ *પૃષ્ઠ – ૯૬ * મૂલ્ય રૂા. ૫૦/– * પ્રકાશક : પરિમલ પ્રકાશન, 'પાર્વતી', હનુમાન રોડ,, વિલેપાર્લે , મુંબઇ – ૪૦૦ ૦૫૭.

□ **ભારત દર્શન – ૪** (જ્ઞાન ગંગોત્રી ગ્રંથ શ્રેણી) સંપાદકો : શ્રી ભોગીલાલ ગાંધી / મુકુંદરાય મુનિ/ દિનેશ શુકલ * પૃષ્ઠ – ૨૧૬ * મૂલ્ય રૂા. ૪૦/– * પ્રકાશક : સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર–૩૮૮૧૨૦.

# વાંસની વંશાવળી

□ પ્રવીણચન્દ્ર જી. રૂપારેલ

પ્રાચીનકાળથી વાંસ તો આપણા જીવન (તથા મૃત્યુ જોડે પણ) સંકળાયેલો રહ્યો છે. ને હજુયે આપણા રોજિંદા જીવનના ઉપયોગથી માંડીને સાંસ્કૃતિક ક્ષેત્રે – કલાકારોને કવિઓની રચનાઓમાં પણ એ સારું સ્થાન પામ્યા કરે છે.

**□ વાંસળી-બંસી :** ભારતના સંસ્કારજીવનમાં બંસી–વાસળી અનોખું સ્થાન ધરાવે છે. કનૈયાની કલ્પના 'વાંસળી' વગર કદી થઇ જ ન શકે ! સમગ્ર કૃષ્ણલીલા, જાણે 'વાંસળી' ને જ કેન્દ્રમાં રાખીને રચાઇ છે. સંગીતક્ષેત્રે પણ વાંસળીના મૃદુ–મધુર ધ્વનિનું અનેરું સ્થાન છે.

ગોપીઓને પોતાના સૂરથી ઘેલી કરી મૂકતી આ વાંસળી, મૂળ તો 'વાંસ' માંથી જ બનતી; એટલેસ્તો એથી લાચારીપૂર્વક પરેશાન થઇ દોડતી ગોપીઓ, ઘણીવાર 'વાંસ' નો જ નાશ કરવાનું વિચારતી. આ પરથી જ હિન્દીમાં આ પ્રયોગ પ્રચલિત છે – ન રહેગા બાંસ ન બજેગી બાંસરી.

**□ વાંસ :** આ 'વાંસ' શબ્દના મૂળમાં છે સંસ્કૃત શબ્દ 'વંશ'; પ્રાકૃત ભાષામાં 'વંસ' બન્યા પછી, આપણે ત્યાં એ 'વાંસ', હિન્દી–પંજાબીમાં 'બાંસ', બંગાળીમાં 'બાંશ', અસામીમાં 'બાંહ' ને મરાઠીમાં 'બાંસા' ને 'વાસા' બન્યો છે.

વાંસળી આવા (સંસ્કૃત) 'વંશ'માંથી બનતી હોવાથી સંસ્કૃતમાં પણ એ વંશી કહેવાઇ છે જેણે પ્રાકૃતમાં 'વંસી' રૂપ ધારણ કર્યું. એ 'વાંસ' ની બનતી એટલે આપણે ત્યાં એ 'વાંસળી' કહેવાઇ; લાડ–વહાલમાં કવિઓએ એને વાંસલડી પણ કહી છે. હિન્દીમાં એ 'બંસી' તથા 'બાંસુરી' કહેવાઇ ને બંગાળીમાં 'બાંશુરી' કહેવાઇ. મરાઠીમાં એણે બાંસરી નામ ધારણ કર્યું.

**□ વેણુ :** 'વાંસળી' માટે આપણે ત્યાં (સવિશેષ તો સાહિત્યમાં) 'વેણું' નામ પણ વપરાય છે. આ નામના મૂળમાં પણ વાંસનો જ અર્થ છે. સંસ્કૃતમાં વાંસ માટે 'વેણુ' શબ્દ પણ છે. 'વેણવન' એટલે વાંસનું વન ! સંસ્કૃતમાં પણ 'વેણુ' શબ્દ વાંસળી માટે પણ વપરાયો છે. આપણે ત્યાં એ માત્ર વાંસળીના અર્થમાં વપરાય છે ! અલબત્ત, હજુયે 'વેણુવન' જેવા પ્રયોગોમાં 'વેણુ' શબ્દ વાંસના અર્થમાં વપરાયો છે બસ !

આમ મૂળ તો વાંસળી કે વેણુ, વાંસની જ બનતી (એટલેસ્તો વાંસળીને વેણુ કહેવાઇ); પણ પછી આ વાંસળી કે વેણુ એટલે એક વિશેષ પ્રકારનું વાદ્ય, એવો અર્થ થતાં, પરિણામ એ આવ્યું કે તે પછી ધાતુનું બનેલું આ પ્રકારનું વાદ્ય પણ બાંસળી કહેવાયું ! ને હવે તો 'પ્લાસ્ટિક' ની પણ 'વાંસળી' (?) બનવા માંડી છે.

હવે કોઇ પણ વસ્તુ કે પદાર્થનું બનેલું આવું વાદ્ય 'વાંસળી' કહેવાય છે એટલે ખરેખર 'વાસ' ની બનેલી વાંસળીને આપણે 'વાંસની વાંસળી ' કહેવી પડે છે. – આમ કરવામાં પુનરુક્તિ થાય છે, છતાં !

**□ રોજિંદા જીવનમાં :** આપણા રોજિંદા જીવનમાં આ 'વાસ' જોડે સંકળાયેલી કેટલીક બાબતો નોંધી લઇએ.

વાંસને કાપી–છોલીને, એની ટોપલીઓ વગેરે બનાવનારને આપણે 'વાંસફોડો' કહીએ છીએ. વાંસનું વન, વાસ વેચવાની દુકાન કે વાંસનું બજાર 'વાંસોડ' કહેવાય છે. લંબાઇના માપ માટે, વાંસની અમુક ચોક્કસ લંબાઇ ધોરણ તરીકે સ્વીકારી લગભગ દસ (ક્યાંક આઠ કે સાત પણ) હાથની લંબાઇનું એકમ એક જમાનામાં 'વાસિયું' નામે ઓળખાતું હતું.

**□ વાંસકપૂર :** પરિપક્વ વાંસના પોલાણમાં એક પ્રકારના કુદરતી સફેદ પદાર્થના થર જામેલો મળે છે. આ પદાર્થ આપણા દેશી ઔષધોમાં વપરાય છે. સંસ્કૃતમાં એ વંશલોચન, વંશકપૂર, વંશમોચના વગેરે નામ ઓળખાય છે. આપણે ત્યાં એ વાંસકપૂર ને વંશલોચન નામે ઓળખાય છે. હિન્દીમાં એને બંસલોચન કહે છે.

**□ વાંસો-વાંસે :** આ 'વાંસ' શબ્દના લક્ષણોથી થયેલા ઉપયોગ પણ નોંધવા જેવા છે. આપણી પીઠને અક્કડ ઊભી રાખનાર કરોડરજ્જૂ ભલે નાની પણ વાંસની જેમ સોટા જેવી જ છે ને ! એટલે વાંસના સોટાની સરખામણીમાં – સાદૃશ્યથી–એ પણ સંસ્કૃતમાં 'વંશ' નામે ઓળખાઇ છે. એટલેસ્તો, આપણે ત્યાં પ્રાણીવિજ્ઞાનમાં (પીઠમાંનો) કરોડસ્તંભ તે 'પૃષ્ઠવંશ' અને પીઠમાં કરોડસ્તંભ ધરાવનાર પ્રાણી 'પૃષ્ઠવંશી' (VERTIBRATE) કહેવાયાં છે.

કરોડ, આપણા શરીરની પાછળ, પીઠના ભાગમાં જ હોય છે ને ! એટલે પછી ધીમે ધીમે, શરીરનો પાછળનો ભાગ એટલે કે પીઠ, તે પણ (કરોડ માટેના સંસ્કૃત વંશ શબ્દના સંદર્ભમાં) વાંસો કહેવાયો. એટલું જ નહીં આ અર્થપ્રવાસ આગળ વધતાં 'વાંસાની તરફ' એવા અર્થમાં – 'વાંસો' પરથી – 'વાંસ', એટલે કે પાછળ એવું પણ થયું 'વાંસે વાંસે' એટલે પાછળ – પાછળ !

**□ વંઝી-વંજી :** શહેરના લોકોમાં અલ્પ પરિચિત એવો શબ્દ 'વંઝી', ગામડાના – કસ્બાના લોકોમાં સારો એવો પરિચિત છે. ઘરના છાપરામાં, નળિયા મૂકવા માટે, વળીની આડે લગાડાતાં વાંસના ખપાટિયાને 'વંઝી' કહે છે.

સંસ્કૃત 'વંશ' નું પ્રાકૃતમાં 'વંસ' થયું; તે પરથી આપણે ત્યાં, એક તરફ 'વાંસ' રૂપ બન્યું તો બીજી તરફ 'વંઝ' રૂપ પણ બન્યું. (પંજાબીમાં પણ આ 'વઝ' રૂપ છે. આ 'વંઝ' રૂપે આપણને 'વંઝી' શબ્દ આપ્યો જે વ્યવહારમાં 'વંજી' પણ બન્યો છે.

પણ ખાસ નોંધવા જેવી એક વાત એ છે કે આપણે આ મૂળ સંસ્કૃત 'વંશ' શબ્દ, એના રૂપમાં જરાયે ફેરફાર કર્યા વિના 'વાંસ' સિવાયના અર્થમાં પણ વાપરીએ છીએ.

**□ વંશવૃક્ષ-વંશવેલો :** એક જમાનામાં રાજાઓના કે મોટા માણસોના જાણીતા પરિવારો માટે આપણે 'વંશ' શબ્દ વાપરતા – જેમ કે સોલંકી વંશ, ગુપ્ત વંશ વગેરે; પણ હવે તો કોઇપણ પરિવારના પુત્ર પૌત્ર આદિની પરંપરાને પણ આપણે 'વંશ' કહીએ છીએ. અમુકનો 'વંશજ' એટલે એના પરિવારનો એના વંશનો ! આવું શી રીતે બન્યું હશે ?

વાત એમ છે કે વાંસના લાંબા સોટામાં અમુક અમુક અંતરે સતત ગાંઠ આવતી રહે છે. આવી એ ગાંઠોની પરંપરાના સાદૃશ્યથી, સંસ્કૃતમાં ઋષિઓ અને આચાર્યોની પરંપરાના અર્થમાં આ વંશ શબ્દ વપરાયો, એવું મનાય છે. 'વંશ બ્રાહ્મણ' ગ્રંથમાં પ્રાચીન આચાર્યોની આવી સમયાનુક્રમે અપાયેલી પરંપરા છે.

આ અર્થવિકાસ આગળ વધ્યો ને રાજપરિવારો ને મહત્વ ધરાવતા અન્ય પરિવારોના પુત્ર પૌત્ર આદિની પરંપરા માટે પણ 'વંશ' શબ્દ વપરાતો; ને પછી તો કોઇ પણ કુટુંબ – પરિવાર – કુળની પરંપરાના વિસ્તાર માટે વંશવેલો, વંશવૃક્ષ વગેરે પ્રયોગોમાં આ વંશ શબ્દ વપરાયો. વંશની ક્રમાનુંસાર યાદી આમ 'વંશાવલી' કહેવાઇ.

આ છે 'વંશ' શબ્દની અર્થપરંપરાની 'વંશાવળી' ! આમાં, આપણે નોંધેલા શબ્દો ઉપરાંત અન્ય કેટલાક નાના પ્રયોગો પણ ઉમેરી શકાય ખરા !'

□ □ □

---

## સ્વ. પૂ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી ( પૃષ્ઠ ૬ ઉપરથી)

હોય તો ટકે નહિ. વિષ્ણુભાઇના ઘરે નિંદા કુથલીનું વાતાવારણ ન હોય. એમને ત્યાં હંમેશા શુભ અને સાત્વિક વાતો ચાલતી હોય." આમ વિષ્ણુભાઇ એટલે એક જંગમ તીર્થ. મંદિર, મસ્જીદ, ગુરુદ્વારા વગેરે સ્થાવર તીર્થો ગણાય છે અને હરતા ફરતા સાધુઓ, સંન્યાસીઓ, મહાત્માઓ જંગમ તીર્થ ગણાય છે. વિષ્ણુભાઇ જંગમ તીર્થ હતા. પરંતુ તેઓ સ્થાવર જેવા હતા, કારણ કે બારેમાસ અને ચોવીસે કલાક જયારે જઇએ ત્યારે વિષ્ણુભાઇ એમના ઘરે અવશ્ય હોય જ.

પૂ. વિષ્ણુભાઇના સ્વર્ગવાસથી જાણે આપણું સુરતનું એક તીર્થક્ષેત્ર લુપ્ત ન થઇ ગયું હોય એવું લાગે છે. !

એમના પવિત્ર આત્માને વિનમ્ર ભાવે, નત મસ્તકે શ્રદ્ધાંજલિ અર્પું છું.

□ રમણલાલ ચી. શાહ

